AN

ENGLISH-GUJARATI DICTIONARY,

WITH

PRONUNCIATIONS, OTHER WORDS, ROOTS, PHRASES, &c.

COMPILED FROM VARIOUS SOURCES


BY

Messrs. H. M. C. & Co.

PUBLISHED BY

Mangaldas Parbhoodas.

(First Edition, 2000 Copies)



AHMEDABAD

Printed at the "GUJARAT GAZETTE" PRESS.

BY

C. G. PANDYA.

1887

Price Rs. 3. *Postage 5 annas.*

REGISTERED UNDER ACT XXV OF 1867

PREFACE.

Facility is felicity is the great motto which appears to be the moving power —the main spring of action—of the present age. Moved by similar conception,the present work was undertaken by the compilers with no pretensions to knowledge—with no expectation of unusual fame—with no sordid aim to make a way to wealth or to amass a large fortune and with no disparagement to the existing works. The compilers are not strangers to an opinion which seems to be growing up that there have been many works like this and that there is no necissity of a new one. They fully know that they have no new truth to offer in this book, that in this book, like the year rolling round on itself, the past labours return in a circle but this idea and the existence of other works do not in any way exclude or forestall a new attempt so long as there is room for greater *facility* and therefore greater *felicity*. The present work is not a new Dictionary but it is a new arrangement. It has a new feature and speciality of its own. With the present generation of students,—particularly Gujarati students—to find a Dicitonary is not the difficulty but the difficulty lies in finding it cheap and the difficulty goes on increasing as the desire and zeal for learning English is permeating the lower and the pressed strata of society. A cheap work—cheaper than those that are already before the public is, the compilers beleive, a great desideratum and the public will find its desire gratified in this work, of which, they can concientiously say, in the words of Pope that they are

Content, if here, the unlearn'd their wants may view
The learned reflect on what before they knew.

A work of this kind has not hitherto been published- Not only that this work is very cheap but that it is made to serve two ends. It embodies the usefulness of two separate Dictionaries. Thus it effects economy in money and time—the two important factors in the necessities of students. By a useful combination of two books and cheapness, the Compilers have tried their best to enable the work to make its way even to humble cottages and thus to place learning within easy reach of all classes of students.

The arrangement of words and the matter within will speak further for the book. It contains a large stock of words with their parts of speech, pronunciations, Gnjerati meanings, English equivalent words, etymology and other useful information. The Compilers take special pleasure in prsenting this book to the public believing that it will supply a great want, that it will merit a general approbation and that the benefits under its guidance will be many and manifold. The large number of 1200 copies subscribed in advance foreshadows the popularity of the work, which the Compilers trust, the Public will still more liberally patronize.

In conclusion they tender their best thanks to those existing lexicographers by whose assistance through their works, they have been able to place the new arrangement of a Dictionary before the Public and they humbly expect a generous and noble treatment for errors and oversights that may have crept in as the work, through press of business and repeated calls, had to be hurried through the press.

Ahmedabad.
20th. April 1887

H. M. C. & Co.

EXPLANATIONS OF THE CONTRACTIONS USED IN THE WORK

(of pronunciations)

(‿) (મેટ્) (met)
(⌣) (ફૅટ્) (fat)
(⌣) ડૉગ્) (dog)

(—)is used to avoid repetition of a word.

(of parts of speech)

a. adjective.
ad. adverb.
conj. conjunction.
inter. interjection.
n. noun.
pl. plural.
prep. preposition.
v. verb.
v.t. verb transitive.
v.i. verb itnransitive.

L. Latin.
G. Greek.
F. French.

(of prefixes of derivation)

a, ab, abs, from or away.
ad, to.
ambi, about or round.
ante, before.
bis, bi, two.
circum, around.
co, con, with or together.
contra, against.
de, down.
di, dis, apart.
e, ex, out of.
extra, beyond.
in, not. (when prefixed to nouns, adjectives or adverbs).
in, in or into, on, upon, against.
inter, between.
intro, within.
juxta, near.
ob, in the way of.
per, through.
post, after.
pre, before.
pro, forth.
re, back, again.
retro, backward.
se, aside or apart.
sine, without.
sub, under.
super, above,
trans, beyond.
ultra, beyond.

DEDICATED

WITH DEEP RESPECT

TO

HIS EXCELLENCY THE RIGHT HONORABLE

LORD REAY, L. L. D. C. I. E.

GOVERNOR OF BOMBAY

AS AN HUMBLE AND SINCERE ACKNOWLEDGEMENT OF HIS SUBLIME MERITS AND VALUABLE SERVICES RENDERED TO TECHNICAL EDUCATION IN INDIA

BY

His Lordship's Most Humble Servant

Ahmedabad }
3rd. May 1887 }

The Publisher

ENGLISH-GUJARATI DICTIONARY

WITH PRONUNCIATIONS, OTHER WORDS, ROOTS, &c.

A

A, ઇંગ્રેજી મૂળાક્ષરનો પહેલો અક્ષર.

A, (એ, આ) એકાદ, દર, દરેક. The indefinite article.

Aback, *ad.* (ઍબૅક) પછવાડે. Backwards.

Abacus, *n.* (ઍબેકસ) દાણાથી હિસાબ ગણવાનું પાટીયું, લખોટા. An instrument for calculating.

Abaft, *ad.* (ઍબૅફ્ટ્) વહાણના પાછલા ભાગ તરફ. Towards the stern.

Abalienate, *v. t.* (ઍબેલિએનેટ) એકનો ઇલકાબ બીજાને આપવો. To transfer the title of from one to another. (L. *ab, alienus* Foreign).

Abandon, *v.t.* (ઍબૅન્ડન્) તજવું, મૂકીદેવું, ત્યાગ કરવો. To forsake, to give up.

Abandoned, *p.a.* (ઍબૅન્ડન્ડ્) મુકી દીધેલું, Forsaken.

Abandonment, *n.* (ઍબૅન્ડન્મેન્ટ્) ત્યાગ. Desertion, relinquishment.

Abase, *v.t.* (ઍબેસ) હલકું પાડવું, માનભંગ કરવું. To humiliate. (L. *ad, basis* base).

Abash, *v.t.* (ઍબૅશ્) શરમાવવું To make ashamed (L. *ad, basis* base).

Abate, *v.t.* (અબેટ) ઓછું કરવું, *v.i.* ઓછું થવું. To lessen, to diminish (L. *a, batuo* to strike). [Decrease.

Abatement, *n.* (અબેટમેન્ટ) ઘટાડો, કમતી;

Abb, *n.* (ઍબ્) તાણો. Yarn for the warp. [a religious superior.

Abba, *n.* (ઍબા) પીતા, ધર્મધ્યક્ષ. A father,

Abbacy, *n.* (ઍબૅસી) ધર્માધ્યક્ષપણું. The dignity of an abbot.

Abbess, *n.* (ઍબેસ્) મઠાધિકારિણી, જોગણી. A female superior, or governess of a nunery.

Abbey, *n.* (ઍબી) મઠ, આશ્રમ, તકિયો. A monastery (L. *abba*).

Abbot, *n.* (ઍબટ્) મઠાધિકારી, મહંત. A superior of an abbey.

Abbreviate, *v.t.* (ઍબ્રીવિએટ) ટુંકું-સંક્ષિપ્ત કરવું. To shorten, to make briefer (L. *ab, brevis* short).

Abbreviation, *n.* (ઍબ્રીવિએશન્) સંક્ષેપ, સંક્ષેપ ચિન્હ; સાર. The act of abbreviating (L. *ab, brevis* short).

Abdicate, *v.t.* or *v.i.* (ઍબ્ડિકેટ) તજવું, મુકી-છોડી દેવું; રાજીનામું આપવું; હાથ ઉઠાવવો. To give up or relinquish right or claim (L. *ab, dico* I say).

Abdication, *n.* (ઍબ્ડિકેશન્) તજવું-છોડવું તે; પરિત્યાગ. Abandonment of a public office.

Abdicative, *a.* (ઍબ્ડિકેટીવ) પરિત્યાગ કરાવે એવું. Causing abdication.

Abditory, *n.* (ઍબ્ડિટરી) વખાર. A store-house.

Abdomen, *n.* (ઍબ્ડોમન્) પેટ અને પેઢું, ઉદર. The lower part of the belly (L. *abdo* to hide).

Abdominal, *a.* (ઍબડોમિનલ્) પેટ સંબંધી. Pertaining to the abdomen. *n.* એક જાતની માછલી.

Abduce, *v.t.* (ઍબ્ડયુસ) જુદું-છુટું પાડવું. To draw away (L. *ab, duco* I lead).

Abduct, *v.t.* (ઍબ્ડક્ટ્) કપટથી-જોર જુલમથી લઇ જવું; હરણ કરી જવું. To take away by force (L. *ab, duco* I lead).

Abduction, *n.* (ઍબ્ડક્શન્) મનુષ્યહરણ. Act of carrying away by force, especially a person.

Abed, *ad.* (અબેડ) પથારીમાં, બીછાનામાં. In bed, on the bed.

Aberrant, *a.* (ઍબેરન્ટ્) ભમતું, ભૂલું પડેલું; રખડતું. Wandering or straying from the right path (L. *ab*, *erro* I wander).

Aberration, *n.* (ઍબેરેશન્) આડે માર્ગે જવું તે. Deviation especially from truth, wandering from (L. *erro*).

Abet, *v.t.* (અબેટ્) નઠારા કામમાં ઉત્તેજન–મદદ આપવી. To encourage.

Abetment, *n.* (અબેટમેન્ટ્) ખરાબ-નઠારા કામમાં મદદ કરવી તે. In law. મદદગારી કરવી તે. Support.

Abettor, *n.* (અબેટર) મદદ કરનાર, ઉત્તેજન આપનાર. An instigator, a supporter, one who abets.

Abeyance, *n.* (અબેયન્સ) મુલતવી–બંધ રાખવું તે. Temporary extinction.

Abhor, *v.t.* (ઍબ્હૉર્) તિરસ્કાર-ધિક્કાર કરવો. To detest, to loathe, to hate. (L. *ab*, *horreo* I shudder).

Abhorrence, *n.* (ઍબ્હૉરેન્સ) ધિક્કાર, તિરસ્કાર. Extreme detestation, great hatred. (L. *ab*, *horreo*).

Abhorrent, *a.* (ઍબ્હૉરેન્ટ્) ધિક્કારપાત્ર, છેક ઉલટું-વિરૂદ્ધ. Contrary to, inconsistent with.

Abib, *n.* (ઍબિબ્) યાહુદી વર્ષનો પ્રથમ માસ. First month of the Jewish year.

Abide, *v.t.* or *v.i.* (ઍબાઇડ) સહન કરવું, સેહેવું; ખમવું. To bear. રેહેવું; વસવું. To dwell, to continue.

Abiding, *a.* (ઍબાઇડિંગ્) ટકી રહે એવું, જાથુનું. Permanent.

Abigail, *n.* (ઍબિગેલ્) ચાકરડી, દાસી. A lady's waiting maid.

Ability, *n.* (ઍબિલિટિ) શક્તિ, સામર્થ્ય, બળ, ગજુ, બુદ્ધિ. Talent, skill, power (L. *habilis* fit, from *habio* I have).

Abject, *a.* (ઍબ્જેક્ટ્) નીચ, હલકું, અધમ. Mean, worthless, despicable. *n.* નિચ સ્થિતિનો માણસ. A person in the lowest condition. (L. *ab*, *jacio* I throw).

Abjectness, *n.* (ઍબ્જેક્ટ્નેસ્) નીચપણું, હલકાઈ. Meanness, baseness.

Abjudicate, *v. t* (ઍબ્જ્યુડીકેટ) છોડી દેવું. To give away in judgment.

Abjuration, *n.* (ઍબ્જ્યુરેશન્) કસમપુર્વકસમ સોગનપર ત્યાગ. Renouncement under oath (L. *ab*, *juro* I swear).

Abjure, *v.t.* (ઍબ્જ્યુઅર) સોગન પૂર્વક ત્યાગ કરવો–છોડી દેવું. To renounce upon oath.

Ablactation, *n.* (ઍબ્લૅક્ટેશન્) દુધ-ધાવણ મુકાવવું. A weaning of a child from the breast. (L. *ab*, *lac* milk).

Ablaqueate, *v.t.* (ઍબ્લૅકવીએટ) ખુલ્લું મુકવું To expose.

Ablative, *n.* (ઍબ્લેટિવ) તૃતીયા, પંચમી કે સપ્તમી વિભક્તિ A case of nouns in Latin, corresponding to the third, fifth and seventh case in the Sanskrit language (L. *ab*, *fero* or *latum*, to bear, or carry).

Ablaze, *ad.* (ઍબ્લેઝ) બળતું-સળગતું; ભડકે બળતું. On fire, in a blaze.

Able, *a.* (એબલ) શક્તિવાન, સમર્થ, બુદ્ધિવાન. Having power, competent, skilful (L. *habit* fit).

Able-bodied, *a.* (એબલબૉડીડ્) શરીરે મજબુત, જોરાવર. Robust, strong.

Ablepsy, *n.* (ઍબ્લેપ્સિ) અંધાપો. Blindness.

Abluent, *a.* (ઍબ્લ્યુઅન્ટ્) પાણીથી સ્વચ્છ કરનારૂં-ધોનારૂં. Cleansing by liquids (L. *ab*, *luo* I wash.)

Ablution, *n.* (ઍબ્લ્યુશન્) સ્નાન, નાવણ. A purification of water, bathing.

Ably, *ad.* (એબ્લી) શક્તિથી. With ability or skill.

Abonigate, *v. t.* (ઍબ્નિગેટ) ના પાડવી. To deny, to reject (L. *ab, nego* I deny).
Abnigation, *n.* (ઍબ્નિગેશન્) ના પાડવી તે, નકાર. Denial, renunciation.
Abnormal, *a.* (ઍબ્નૉર્મલ્) અનિયમિત, ધારાથી વિરૂદ્ધ. Not conformed to rule or system (L. *ab, norma* rule).
Aboard, *ad.* (ઍબોર્ડ) વહાણ ઉપર. On board, in a ship.
Abode, *n.* (ઍબોડ) વાસ, રહેઠાણ, ઠેકાણું. Habitation, residence.
Abolish, *v.t.* (ઍબૉલિશ્) રદ-નાશ કરવું. કહાડી નાખવું. To destroy, to abrogate, to annul (L. *aboleses* I decay.
Abolition, *n.* (ઍબૉલિશન્) ભંગ, ખંડન નાશ. Destruction, act of abolishing.
Abolinist, *n.* (ઍબૉલિનિસ્ટ) રદ કરનાર, બંધ પાડનાર.
Abominable, *a.* (ઍબૉમિનેબલ્) તિરસ્કાર જોગ, ત્રાસ પાત્ર, નાપસંદ. Detestable, loathsome (L. *ab, omen* a sign.
Abominably, *ad.* ધિક્કારવા જેવી રીતે. Very odiously.
Abominate, *v. t.* (ઍબૉમિનેટ) ધિક્કારવું, કંટાળો આપવો. To hate utterly (L. *ab, omen* a sign).
Abomination, *n.* (ઍબૉમિનેશન્) તિરસ્કાર, ધિક્કાર. Extreme hatred.
Aboriginal, *a.* (ઍબૉરિજીનલ્) અસલ, મૂળનું, પ્રથમનું. First, original (L. *ab, origo* origin).
Aborigenes, *n.* ઍબૉરિજીનીસ્) કોઇ દેશના અસલી રહેવાશી. The first inhabitants of a country.
Abortion, *n.* (ઍબૉર્શન્) ગર્ભ પડવો તે, અધુરે જવું તે. The act of miscarrying (L. *ab, orior* I rise).
Abortive, *a.* (ઍબૉર્ટિવ) વ્યર્થ, ફોગટ, ગર્ભ પાડે એવું; Immature, trifling of success.
Abound, *v.i.* (ઍબાઉન્ડ્) પુષ્કળ-ઘણું હોવું. To be in great plenty (L. *ab, unda* a wave).
About, *prep.* (ઍબાઉટ્) આશપાસ. around, near to. *ad.* આશરે સુમારે. Nearly, approximately.
Above, *prep. ad.* (ઍબવ) ઉપર, ઉંચે; In a higher place, superior to; more.
Above-all, *ad.* (ઍબવ્ઑલ્) મુખ્યત્વે કરીને, વિશેષે કરીને. Specially, chiefly.
Above-board, *ad.* ખુલ્લી રીતે, ઉઘાડેછોગે. Without concealment.
Above-ground, *a.* જીવતું, હયાત. Existing, in a living state.
Abrade, *v.t.* (ઍબ્રેડ) ઘસવું, ચોળવું; મસળવું. To rub, to wear, to scrape off (L. *ab, rado* I scrape).
Abrasion, *n.* (ઍબ્રેઝન્) ઘસારો, ઘર્ષણ. A rubbing or scraping off.
Abreast, *ad.* (ઍબ્રેસ્ટ્) છાતી સરસું, અંગેઅંગ, સાથે સાથે. Side by side.
Abridge, *v.t.* (ઍબ્રિજ્જ) સંક્ષિપ્ત-ટુંકું-ઓછું કરવું. To shorten, to curtail, to contract (L. *ad, brevis* short).
Abridgement, *n.* (ઍબ્રિજ્મેન્ટ્) સંક્ષેપ, સાર. A summary, epitome.
Abroach, *ad.* સુધ જાય તેમ ગોઠવેલું.
Abroad, *ad.* (ઍબ્રૉડ્) બહાર-દેશાવર, મોકળું. Out of doors, out.
Abrogate, *v.t.* (ઍબ્રોગેટ) બાતલ-રદ કરવું, કહાડી નાંખવું. To repeal, to annul (L. *ab, rogo* I ask).
Abrogation, *n.* (ઍબ્રોગેશન્) રદ કરવું તે. Annulment, cancellation.
Abrupt, *a.* (ઍબ્રપ્ટ્) ભાગેલું, તુટેલું, એકાએક. Broken off, severred, sudden (L. *ab, rumpo* I break).
Abruptly, *ad.* એકાએક, અધવચ. Suddenly, unceremoniously.

Abscess, *n.* (ઍબ્સેસ્) ગુમડું, ફોલ્લો. A collection of pus (L. *ab*, *cedo* I go). [To cut off.

Abscind, *v.t.*. કાપી નાંખવું, છુટું પાડવું.

Abscond, *v.t.* (ઍબ્સ્કૉન્ડ્) નાસી જવું, છટકી જવું. To run away secretly (L. *abs*, *condo* I hide).

Absence, *n.* (ઍબ્સેન્સ) ગેરહાજરી, બેભાન. State of being absent (L. *ab*, *esse* to be).

Absent, *a.* (ઍબ્સેન્ટ્) ગેરહાજર, બેભાન. Inattentive, not present. *v.* જતું રહેવું. To keep away.

Absentee, *n.* (ઍબ્સેન્ટી) ગેર હાજર રહેનાર, પોતાના દેશથી જુદો રહેનાર. One who absents from his country.

Absolute, *a.* (ઍબ્સૉલ્યુટ્) સંપૂર્ણ, સ્વતંત્ર, મોકળું. Complete in itself, unlimited (L. *ab*, *solvo* I loose).

Absolutely, *ad.* પુરતી રીતે, સ્વતંત્રપણે. Peremptorily.

Absolution, *n.* (ઍબ્સૉલ્યુશન્) છુટકો કરવો તે, ક્ષમા, નિર્દોષ ઠરવું. Forgiveness, a loosing from guilt.

Absolve, *v. t.* (ઍબ્સૉલ્વ) માફ કરવું, નીરપરાધી ઠેરવવું. To pardon, to free from (L. *ab*, *solvo* I loose).

Absorb, *v.t.* (ઍબ્સૉર્બ) શોષવું, ચુસી લેવું. To suck up, to drink in (L. *ab*, *sorbeo* I drink in.

Absorbent, *n.* (ઍબ્સૉર્બન્ટ્) શોષનાર, ચુસી લેનાર. That which absorbs.

Absorption, *n.* (ઍબ્સૉર્પ્શન્) શોષણ, નિમગ્નતા. Act of imbibing or swallowing up.

Abstain, *v.i.* (ઍબ્સ્ટેન્) દુર રહેવું, ત્યાગ કરવો. To refrain from, to forbear (L. *ab*, *teneo* I hold).

Abstemious, *a.* (ઍબ્સ્ટીમિઅસ્) અલ્પાહારિ, મિતાહારિ. Temperate, sober (L. *ab*, *temetum* wine).

Abstemiousness, *n.* (ઍબ્સ્ટીમિઅસનેસ્) અલ્પાહાર, મિતાહાર. Quality of being temperate.

Absterse, *v.t.* (ઍબ્સ્ટર્સ) લુછી નાંખવું. To cleanse, to purify.

Abstinence, *n.* (ઍબ્સ્ટિનન્સ) દુર રહેવું તે, કરી પાળવી તે, તજવીજથી રહેવું. Forbearance of or refraining from necessary food (L. *ab*, *tenco* I hold).

Abstract, *n.* (ઍબ્સ્ટ્રૅક્ટ્) સાર, સારાંસ, સંક્ષેપ. A summary. *a.* જુદું પડેલું, છુટું પડેલું, પૃથક વિચારેલું. That is drawn away from. *v.t.* જુદું પાડવું, છુટું કરવું, અર્ક કહાડવો. To draw from, to seperate (L. *ab*, *traho* I draw).

Abstraction, *n.* (ઍબ્સ્ટ્રૅકશન્) છુટું પાડવું તે, વૈરાગ્ય, સમાધિ. A state of being seperated; absence of mind.

Abstruse, *a.* (ઍબ્સ્ટ્રુઝ) કઠણ, અઘરૂં, સમજ નહી પડે તેવું. Difficult of comprehension; obscure (L. *ab*, *trudo* I thrust).

Abstrusenees, *n.* (ઍબ્સ્ટ્રુઝનેસ્) સમજણ નહીં પડે તેવું. Quality of being abstruse.

Absurd, *a.* (ઍબ્સર્ડ) વિવેક-બુદ્ધિથી ઉલટું, અયોગ્ય. Contrary or opposed to reason (L. *ab*, *surdus* deaf).

Absurdity, *n.* (ઍબ્સર્ડિટિ) બેવકુફી, અવિવેક. The quality of being absurd, folly; unreasonableness.

Absurdly, *a.* બેવકૂફી ભરેલી રીતે. Inconsistently.

Abundance, *n.* (ઍબન્ડન્સ્) પૂષ્કળ હોવું તે. Plentiousness, copiousness (L. *ab*, *unda* a wave). [Plentiful.

Abundant, *a.* (ઍબન્ડન્ટ) ઘણું, પૂષ્કળ.

Abundantly, *ad.* પૂષ્કળ રીતે. Plentifully, fully.

Abuse, *n.* (ઍબ્યુઝ્) કુઉપયોગ, ગાળ, બદજ-

બાન,નિંદા,ઉંધો અર્થ.Misuse, perversion of meaning. *v.t.* કુઉપયોગ કરવો, ગાળ ભાંડવી. To make an ill use of, to misapply. (L. *ab*, *utor* I use.

Abusive, *a.* (ઍબ્યુસિવ) Practising or containing abuse.

Abut, *v.i.* (ઍબટ્) છેડા ઉપર આવવું, હદ બાંધવી, મળવું. To border upon, to approach to (Fr. *bont* end).

Abutment, *n.* (ઍબટ્મેન્ટ) હદ, સીમા, સંયોગ. That which borders upon.

Abysmal, *a.* (ઍબિસ્મલ્) પાતાળ ગાર સંબંધી.

Abyss, *n.* (ઍબિસ્) અથાગ ખાડો. A bottomless or deep pit (Gr.*bussos* bottom).

Abyssinian, *n.* (અબિસિનિયન્) હબસી, આબીસી નીયાનો. A negro.

Acacia, *n.* (ઍકેસિઆ) બાવળ, ખેર. An Egyptian thorn,a kind of thorny plant (Gr. *akakia* from *ak* sharp).

Academy, *n*, (ઍકેડમિ) વિદ્યાલય, મદ્રેસા, પાઠશાળા; વિદ્યા હુન્નરનો ફેલાવો કરનારી મંડળી. A seminary of arts or sciences (Gr. *akademos* the owner of a grove near Athens, where Plato taught.

Academical, *a.* વિદ્યાલય-પાઠશાળાસંબંધી.

Academic, *a.* પાઠશાળાનો વિદ્યાર્થિ. A student of a Seminary.

Accede, *v.i.* (ઍક્સીડ) રાજી થવું, માન્ય કરવું. To agree to, to comply with (L. *ad*, *cedo* I go).

Accelerate, *v.t.* (ઍક્સીલરેટ) ગતી વધારવી, વેગ આપવો. To quicken the speed (L. *ad*, *celer* swift).

Accendible, *a.* (ઍક્સેન્ડિબ્લ) સળગી ઉઠે એવું. Combustible.

Accent, *n.* (ઍક્સેન્ટ) સ્વર ચિન્હ, ભાર મૂકવાની નિશાની. A stress, or tone, modulation of the voice on a syllable or word (L. *ad*, *canto* I sing).

Accent, *v.t.* ભાર મુકીને વાંચવું. To note or express the accent of.

Accented, *p.p.* સ્વર ચિન્હવાળું. Marked with accent.

Accentuate, *v.t.* (ઍક્સેન્ચ્યુએટ્) ભાર મુકીને વાંચવું. To mark with proper accent.

Accept, *v.t.* (ઍક્સેપ્ટ્) સ્વિકારવું, માન્ય રાખવું, અંગિકાર કરવો, હુંડી સ્વિકારવી. To receive or admit with approbation (L. *ad*, *capio* I take).

Acceptable, *a.* (ઍક્સેપ્ટેબ્લ) સ્વિકારવ –માન્ય કરવા–કબુલ કરવા જોગ–પ્રિય. That is likely to be accepted, agreeable, pleasing; gratifying.

Acceptably, *ad.* સ્વિકારાય એવી રીતે. In an acceptable manner.

Acceptance, *n.* (ઍક્સેપ્ટન્સ) અંગીકાર, સ્વિકાર, સ્વિકારેલી હુંડી. Reception with approbation.

Acceptation, *n.* (ઍક્સૅપ્ટેશન્) પસંદ પડવું તે, અર્થ, માયનો. A kind reception.

Acceptor, *n.* હુંડી સ્વિકારનાર, લેનાર.

Access, *n.* (ઍક્સેસ) આગમન, પ્રવેશ, રસ્તો, આવવા જવાનો રસ્તો, વધારો. A going to, approach, addition (L. *ad*, *cedo* I go or move).

Accessary, *n.* (ઍક્સેસરિ) ગુન્હામાં મદદગાર. An accomplice.

Accession, *n.* (ઍક્સેશન્) વધારો, રાજ્ય ગાદીએ બેસવું. Act of coming to the throne (L. *ad*, *cedo* I go).

Accessible, *a.* (ઍક્સેસિબલ્) પહોંચાય–જવાય તેવું, ગમ્ય. Approachable.

Accidence, *n.* (ઍક્સિડન્સ) વ્યાકરણના મૂળ તત્વનું પુસ્તક, શબ્દભેદ.

Accident, *n.* (ઍક્સિડન્ટ્) અકસ્માત–દૈવ યોગ્ય. An event that takes place

without expectation (L. *ad*, *cado* I fall).

Accidental, *a.* (ઍક્સિડેન્ટલ્) અણચિંત્યું, અચાનક, નહિં ધારેલું, આકસ્મિક. Happening by chance, contingent.

Accidentally, *ad.* ઓચીંતું, દૈવયોગેકરીને, ભોગજોગે.

Acclaim, Acclamation, *n.* ખુશીનો પોકાર, સાબાશીનો અવાજ. A shout of applause (L. *ad*, *clamo* I cry).

Acclimatize, *v.t.* (ઍક્લિમેટાઇઝ) દેશી ઝાડોને પરદેશની હવા માફક આવે તેમ કરવું To become habituated to a new climate.

Acclivity, *n.* (ઍક્લિવિટિ) ચઢાવ, ઘાટ, ચઢતો ઢાળ. A bending upwards, ascent (L. *ad*, *clivus* ascent).

Accommodate, *v.t.* (ઍકોમોડેટ) સગવડ કરવી, બંધ બેસારવું, લાયક-યોગ્ય કરવું, પૂરું પાડવું. To adjust, to furnish with, to make suitable (L. *ad*, *commodum* a convenience).

Accommodating, *a.* (ઍકોમોડેટિંગ્) બીજાની મરજી, મન રાખે એવું. Obliging, complying.

Accommodation, *n.* (ઍકોમોડેશન્) સગવડ, સોઇ, સમજુતી, અનુકુળતા. Provision of conveniences, reconcilation.

Accompaniment, *n.* (ઍકમ્પનિમેન્ટ) સાથે-જોડે આવવું તે. That which accompanies (L. *ad*, *con*, *panis* bread).

Accompany, *v.t.* (ઍકમ્પનિ) સાથે જવું-આવવું-રહેવું. To go or be with, to associate with (L. *ad*, *con*, *panis*).

Accomplice, *n.* (ઍકોમ્પ્લિસ) ગુનાહમાં-દુષ્ટ કર્મમાં મળતિયો. An associate in a crime (L. *ad*, *con*, *plico* I fold).

Accomplish, *v.t.* (ઍકોમ્પ્લિશ્) પૂરું-સમાપ્ત-સંપાદન કરવું, મેળવવું. To fulfil or finish entirely (L. *ad*, *con*, *plco* I fill).

Accomplished, *a.* પ્રવીણ, કાબેલ, ગુણી, સકળ ગુણવાળું. Possessed of acquirements, having a finished education, refined.

Accomplishment, *n.* (ઍકોમ્પ્લિશ્મેન્ટ) સમાપ્તિ, પ્રવીણતા, પૂર્ણતા, કાબેલિયત, ખુબી. Fulfilment, acquirements.

Accord, *n.* (ઍકોર્ડ) મરજી, એકમત, મન મેળાપ, સમ્મતી. Harmony, will, consent. *v.t.* મળતું કરવું, સમજુતીપર લાવવું-પતાવવું, નિવેડો કરવો. To settle, to harmonise. *v.i.* મળતું થવું-આવવું. To agree with. (L. *ad*, *cor cordis* heart).

Accordance, *n.* (ઍકોર્ડન્સ) મળતા આવવું, અનુસરતાપણું, એકમત. Cordial agreement with, conformity to.

Accordant, *a.* (ઍકોર્ડન્ટ) મળતું, અનુકૂળ, માફક. Agreeable.

According to, *prep.* (ઍકોર્ડિંગટુ) પ્રમાણે, મુજબ, અનુસરતું. Agreeably to, in proportion to.

Accordingly, *ad.* પ્રમાણે, મુજબ. Agreeably.

Accordion, *n.* ઍકોર્ડિઅન્) હાથે વગાડવાના વાજાની ચામડાની પેટી.

Accost, *v.t.* (ઍકોસ્ટ) સલામ કરવી, પ્રથમ બોલવું, જોગોપાળ કરવા. To address, to speak first to (L. *ad*, *costa* a rib).

Accouchment, *n.* (ઍકુશ્મેન્ટ) વિહાવું-જન્મ આપવો તે. Delivery in child bed (Fr. *coache* a bed).

Accoucheur, *n.* (ઍકુશર્) જણાવનારો, પ્રસવકારી વૈદ્ય. One who assists women in child birth.

Account, *n.* (ઍકાઉન્ટ) હીસાબ, જમા, ખરચ, હેવાલ, હકીકત, કથા, ગણત્રી, ધ્યાન,

નફો. Reconning up, estimation, profit, computation. *v.t* ગણવું, વિચારવું, મત બાંધવો. To recon, to value. *v.i.* કારણ બતાલવવાં, હિસાબ આપવો. To render or give reasons. (L. *ad, con, puto* I think).

Accountable, *a.* (ઍકાઉન્ટેબલ્) જવાબદાર, જવાબ આપનાર. Liable to account.

Accountability, *n.* જવાબદારી. Liability.

Accountant, *n.* મુતસદી, મહેતો, હિસાબ રાખનાર. One skilled or employed in accounts.

Account-book, *n.* (ઍકાઉન્ટ બુક્) હિસાબનો ચોપડો, દફતર, ખાતાવહી. A ledger.

Accoutre, *v.t.* (ઍકૂટર) સજાવવું, હથિયારબંધ કરવું, સજ કરવું. To furnish with a military dress and arms, to equip (L. *ad, cultura* cure-*colo* I tend).

Accoutrements, *n.* (ઍકૂટરમેન્ટસ્) સરસરંજામ, લડાઇની સામગ્રી. Military dress and arms.

Accredit, *v.t.* (ઍક્રિડિટ્) અખત્યાર–માન–આબરૂ આપવી. To give authority to (L. *ad, credo* I believe).

Accredited, *p. p.* માન્ય કરેલું. (agent) મુનીમ.

Accretion, *n.* (ઍક્રિશન્) ઉગવાથી થતી વૃદ્ધિ. Increase by natural growth (L. *ad, cresco* I grow).

Accrue, *v.i.* (ઍક્રુ) નીપજવું, ઉપજવું, થવું. To arise or come. (L. *ad, cresco* I grow).

Accubation, *n.* (ઍક્યુબેશન્) અઢેલીને ખાટલા ઉપર પડવું. A lying or reclining on a couch. (L. *ad, cubo* I lie down).

Accumulate, *v. t.* (ઍક્યુમ્યુલેટ્) ઢગલો કરવો, એકઠું કરવું. To heap up, to pile. *v.i.* ઘણું વધી જવું–વધી પડવું. To increase greatly. (L. *ad, cumulo* I heap).

Accumulation, *n*, સંગ્રહ, વધારો, સંચય. A heap, a collection.

Accuracy, *n.* (ઍક્યુરસિ) ખરાપણું, ચોકસાઇ, બારીકી. Correctness, exactness (L. *ad, cura* care).

Accurate, *a.* (ઍક્યુરેટ્) બરાબર, ચોકસ, Exact, without defect.

Accurately, *ad.* ચોકસાઇથી, બરાબર. Exactly.

Accursed, *a.* (ઍકર્સ્ડ) બદદુવા–શ્રાપ દેવાને લાયક. Doomed to destruction, worthy of curse (S. *cursian* to curse (L. *cursa* curse).

Accusation, *n.*(ઍક્યુઝેશન્) દોષ મુકવો તે, તોહોમત. Impeachment (L. *ad, causa* cause).

Accusative case, *n.* દ્વિતિયા વિભક્તિ, કર્મણી દ્વિતિયા. The objective case.

Accuse, *v.t.* (ઍક્યુઝ) તહોમત મુકવું, આળ ચડાવવું. To charge with a crime, to impeach.

Accuser, *n.* (ઍક્યુઝર) ફરિયાદી. One who accuses.

Accustom, *v.t.* (ઍકસ્ટમ્) ટેવ-અભ્યાસ-મહાવરો પાડવો. To habituate (F. *coutume* custom).

Accustomed, *a.* ટેવ પડી હોય તેવું, હમેશનું, Usual, often practised.

Ace, *n.* (ઍસ) એક્કો, રેજુ, રતી, દમડી. A unit on cards or dice (L. *as* simple). [sour, bitter.

Acerb, *a.* (ઍસર્બ) ખાટું, ખાટું ને તુરૂ,

Acerbate, *v.i.* ખાટું, તુરૂ કરવું.

Acerbity, *n.* (ઍસર્બિટિ) ખટાસ, તુરાશ. કડવાશ. Sourness.

Acetic, *a.* (ઍસિટિક્) } સરકામાંનાતે-
Acetous, „ (ઍસિટસ) } જાબનું, ખાટું.
Having the quality of Vinegar. (L. *aceo* I am sour).

Acetic-acid, *n.* સરકામાં જે ખટાસવાળો તેજાબ છે તે.

Ache, *n.* (એક્) દુ:ખ, દરદ. Pain *v.i.* દરદ થવું, દુખવું. To suffer pain (G. *achos* pain.

Achievable, *a.* (ઍચીવેબલ્) થઈ શકે બની શકે તેવું. That may be accomplished (F. *achever* to finish).

Achieve, *v.t.* (ઍચીવ્) મેળવવું, સંપાદન-પુરૂં કરવું. To accomplish, to obtain.

Achievement, *n.* (ઍચીવમેન્ટ) પરાક્રમનું કામ, મહાભારત કામ. Exploit, performance.

Achromatic, *a.* (ઍક્રોમૅટિક્) રંગ વગરનું. [Destitute of colour.

Acid, *a.* (ઍસિડ્) ખાટું, અમ્બટ. Sour. (L. *acidus* sour).

Acidity, *n.* (ઍસિડિટિ) ખટાસ. Sourness.

Acidulate, *v.t.* (ઍસિડ્યુલેટ્) ખટાસપર લાવવું. To make acid.

Acknowledge, *v.t.* (ઍક્નૉલેજ્) કબુલ-માન્ય કરવું; સ્વિકારવું; જાણવું; ઓળખવું. To own, to confess.

Acknowledgement, *n.* (ઍક્નૉલેજમેન્ટ) કબુલ કરવું તે, કબુલાત. પહોંચ. Recognition, return for a benefit received.

Acme, *n.* (ઍક્મી) શિખર, ટોચ. The top or highest point.

Aconite, *n.* (ઍકોનાઇટ્) વચ્છનાગ. A poisonous plant.

Acorn, *n.* (એકોર્ન) એક નામના ઝાડનું ફળ. The fruit of the oak.

Acoustics, *n.* (ઍકાઉસ્ટિક્સ્) શ્રવણ વિદ્યા. The science of sounds.

Acquaint, *v.i.* (ઍક્વેઈન્ટ) જાણીતું-વાકેફ કરવું. To make familiar with. (L. *ad, cognitus* known).

Acquaintance, *n.* (ઍક્વેઇન્ટન્સ) ઓળખાણ, પીછાણ, માહેતગારી. Familiarity.

Acquainted, *p.a.* ઓળખાણ હોય એવું-માહિતગાર, વાકેફ.

Acquiesce, *v.t.* (ઍક્વિઍસ) રાજી થવું, સંતોષ માનવો. To rest satisfied, to employ, to admit (L. *ad, quies* rest).

Acquiescence, *n.* (ઍક્વિઍસન્સ) કબુલાયત, સમ્મતિ. Quiet assent.

Acquirable, *a.* (ઍક્વાયરબલ્) મેળવવા-સંપાદન કરવા લાયક. That may be acquired (L. *ad, quæro* I seek).

Acquire, *v.t.* (ઍક્વાયર) મેળવવું, કમાવવું, હાંસલ કરવું. To obtain, to procure.

Acquirement, *n.* } મેળવવું તે, સંપાદન
Acquisition, „ } કરવું તે, પ્રાપ્તિ.
That which is acquired, attainment, gain.

Acquit, *v.t.* (ઍક્વિટ્) છોડી દેવું, અપરાધમાંથી મોકળું કરવું. To set free, to clear from guilt (L. *ad, quiesco* I am quite).

Acquittal, *n.* (ઍક્વિટલ્) છુટકારો, છુટકો. A judicial discharge.

Acquittance, *n.* (ઍક્વિટન્સ) કરજમાંથી છુટું થવું તે, ફારગતી. Discharge from debt.

Acre, *n.* (એકર) ૪૮૪૦ ચોરસ વારનું માપ, આશરે પોણાબે વિઘાનું માપ (L. *ager* a field.

Acrid, *a.* (ઍક્રિડ્) તીખું, તમતમું, ઝણઝણાટ કરતું. Sharp, pungent (L. *acer* a point).

Acridity, *n.* (ઍક્રિડિટિ) તિખાશ, કડવાશ. Sharpness, bitter quality.

Acrimonious, *a.* (ઍક્રિમોનિઅસ્) તિખુ, કડવું કડુ. Severe, bitter.

Acrimony, *n.* (ઍક્રિમનિ) તિખાશ, આકરાપણું; કરડાપણું. Harshness, severity.

Acropolis, *n.* (ઍક્રૅપોલિસ્) કિલ્લો, કોટ. A citadel (Gr. *acros* highest, *polis* a city.

Across, *prep. ad.* (ઍક્રૉસ્) આડું, પાર,

પેલે પાર, ઓળંગીને, ઉપર થઈને. From side to side, crosswise.
Acrostic, *n.* (ઍક્રૉસ્ટિક્) આદ્યાક્ષર બંધ કવિતા. A composition in verse, in which the first or last letters of the lines form the name of a person, &c.
Act, *v.i.* (ઍક્ટ) ચાલવું, આચરવું, વર્તવું. To be in action, to exert power. *v.t.* કરવું, બજાવવું, વેષ ભજવવા. To perform. *n.* નાટકનો અંક, કામ, કર્મ. Performance, a deed (L. *ago* I do.
Acting, *a.* કામ ચલાઉ, કોઇની બદલીએ કામ કરનાર. Officiating.
Action, *n.* (ઍક્શન્) કામ, કર્મ, ગતિ, મુકદ્દમો, સંગ્રામ. A deed, operation, a suit, a process.
Actionable, *a.* ક્રિયાદી માંડી શકાય એવું. Liable to an action at law.
Active, *a.* (ઍક્ટિવ) ચાલાક, ચંચળ, ચપળ-(વ્યાકરણમાં)સકર્મક. Nimble, brisk. quick.
Actively, *ad.* ચપળતાથી, ધમધોકારે.
Activity, *n.* ચપળતા, ચાલાકી. Nimbleness, agitity.
Actor, *n.* (ઍક્ટર્) કરનાર, કર્તા, નાટક કરનાર. A stage player.
Actress, *n.* (ઍક્ટ્રૅસ) નાટક કરનારી સ્ત્રી. A female stage player.
Actual, *a.* (ઍક્ચુઅલ્) ખરૂં, વાસ્તવિક. Real, certain (L. *ago* I do).
Actuary, *n.* (ઍક્ટ્યુઅરિ) મેહેતો, મુનીમ. A·clerk, registrar.
Actuate, *v.t.* (ઍક્ચ્યુએટ) સુજ પડવું, ઉશકેરવું. To animate.
Acumen, *n.* (ઍક્યુમેન્) તિક્ષણ બુદ્ધિ. Sharpness, keenness.
Acute, *a.* (ઍક્યુટ) અણીઆળુ, જલદ, તિક્ષણ-તિવ્ર. Sharp, penetrating. (L. *acuo* I sharpen).
Acuteness, *n.* (ઍક્યુટનેસ્) બારીક નજર. Sharpness.
Adage, *n.* (ઍડેજ્) કહેવત, કહાણી. Proverb, maxim (L. *ad, ago* I do).
Adagio, *n.* હળવું હળવું વગાડવાનો રાગ.
Adamant, *n.* (ઍડૅમન્ટ) ઘણોજ કઠણ પથર, હીરો. A diamond, a very hard stone (G. *a,* not and *damao* I break).
Adamantine, *a.* (ઍડૅમૅન્ટિન) વજ્ર સરખુ, કઠણ. Very hard.
Adapt, *v.t.* (ઍડૅપ્ટ) યોગ્ય-લાયક કરવું. To make suitable to (L. *ad. apto* I fit). [યકપણું. Suitablenss.
Adaptation, *n.* (ઍડૅપ્ટેશન્) યોગ્યતા, લા-
Add, *v.t.* (ઍડ્) મેળવવું, ઉમેરવું, વધારવું. To increase, to sum up (L. *ad. do* I put). [The thing added.
Addendum, *a.* (ઍડૅન્ડમ્) વધારો, ઉમેરો;
Adder, *n.* (ઍડર્) એક જાતનો ઝેરી સાપ. A venomous serpent.
Addict, *v.t.* (ઍડિક્ટ) છંદ-લતમાં પડવું, વળગી રહેવું. To give up or to attach to (L. *ad, dico* I say).
Addictedness, *a.* (ઍડિક્ટેડ્નેસ્) છંદ, લત, વ્યસન.
Addition, *n.* સરવાળો, વધારો, બેરીજ. A thing added.
Additional, *a.* વધારેલું, અધિક.
Addle, *a.* (ઍડલ્) સડેલું, કોહેલું. Corrupted, putrid.
Addle-headed, *a.* બુદ્ધિહિન, મૂર્ખ.
Address, *n.* (ઍડ્રૅસ) ભાષણ, માનપત્ર, સરનામું, ચપળતા. Tact, adroitness, direction of a letter. *v.t.* કહેવું, ભાષણ કરવું, બોલવું. To discourse, to speak to (L. *ad, dirigo* I make straight.
Adduce, *v.t.* (ઍડયુસ) જાહેર કરવું, બતાવવું. To lead to, to bring forward (L. *ad, duco* I lead).

Adept, *n.* (ઍડેપ્ટ) નિપુણ-કાબેલ માણસ. One skilled in any art (L. *apiscor* to reach after).

Adequate, *a.* (ઍડીક્વેટ) બરાબર, લાયક, સરખુ. Equal to, proportionate (L. *ad, æquus* equal).

Adhere, *v.i.* (ઍડ્હીઅર) વળગી-લાગી રહેવું. To stick to (L. *ad, hæreo* I stick to).

Adherence, *n.* વળગી રહે તેવું. Sticking, attachment. [tenacious.

Adhesive, *a.* (ઍડ્હીસિવ્)ચિકણું. Sticky,

Adieu, *ad.* (ઍડયુ) છેલ્લી સલામ. Farewell (F. *a, dieu* to God).

Adipose, *a.* (ઍડિપોસ) ચરબીદાર, પુષ્ટ. Fatty (L. *adeps* fat).

Adjacency, *n.* (ઍડ્જેસેન્સિ) નજદીક. State of being contiguous to (L. *ad, jacio* I throw).

Adjacent, *a.* પાસેનું; પડોસનું. Lying near, close. [*ad, jacio* I throw).

Adjective, *n.* (ઍડ્જેક્ટિવ્) વિશેષણ (L.

Adjoin, *v.i.* (ઍડ્જૉઈન્) પાસે-નજીક હોવું. To lie next to (L. *ad, jungo* I join).

Adjoining. *a.* પાસેનું. Adjacent.

Adjunct, *n.* જે જોડેલું તે.

Adjourn, *v.t.* (ઍડ્જર્ન) મુલતવી,-મોકુફ રાખવું. To put off (L. *ad, jour* a day).

Adjournment, *n.* (ઍડજર્નમેન્ટ) મોકુફી, તહકુબી. Putting of till another day, postponement.

Adjudge, *v.t.* (ઍડ્જજ) ચુકાદો-નિવેડો લાવવો. To decide (L. *ad. judico* I judge.

Adjudicate, *v.t.* નીવેડો કરવો.

Adjunct, *n.* (ઍડ્જન્કટ) સાથે રહેનાર વસ્તું. Some thing joined (L. *ad, jungo* I join).

Adjure, *v.t.* (ઍડ્જુઅર્) સોગન આપવા. To charge on oath (L. *ad, juro* I swear).

Adjuration, *n.* શપથ, સોગન.

Adjust, *v.t.* (ઍડ્જસ્ટ) બંધ બેસે-બેસતું આવે તેમ કરવું. To make exact (L. *ad, justus* just). [rangement.

Adjustment, *n.* બંદોબસ્ત, વ્યવસ્થા. Ar-

Adjutant, *n.* (ઍડ્જુટન્ટ) લશ્કરી અમલદાર. A military officer (L. *ad, juvo* I help).

Admeasurement, *n.* માપવું તે, માપ.

Administer, *v.t.* (ઍડમિનિસ્ટર્) પ્રધાનગીરી કરવી; આપવું. To dispense, To manage. *v.i.* સાહ્ય-મદદ થઇ પડવું; વીલ કર્યા શિવાય મરનારનો વહીવટ કરવો. (L. *ad, ministro* I serve).

Administration, *n.* રાજકારભાર, વહીવટ.

Administrator, *n.* કારભારી, વહીવટદાર.

Administratrix, *n.* કારભાર ચલાવનારી સ્ત્રી

Admirable, *a.* (ઍડ્મિરેબલ્) અજબ-અચરત થવા લાયક. Wonderful (L. *ad, miror* I wonder).

Admiral, *n.* (ઍડ્મિરલ્) દરિયાઇ સેનાપતિ. The Commander-in-chfef of a fleet (*amir* a lord).

Admiralty, *n.* (ઍડ્મિરલ્ટિ) દરિયાઈ મુખ્ય સેનાપતિનો હોદ્દો.

Admiration, *n.* (ઍડ્મિરેશન્) અચરતી, સાનંદાશ્ચર્ય. Surprise, amuzement.

Admire, *v.t.* (ઍડમાયર) અચરત-તાજુબ થવું. વખાણવું. To wonder at (L. *ad, miror* I wonder).

Admirer, *n.* ચાહનાર.

Admissible, *a.* (ઍડમિસિબલ્) દાખલ કરવા જોગ. That may be admitted (L. *ad, mitto* I send).

Admission, *n.* દાખલ કરવું તે, પ્રવેશ.

Admit, *v.t.* (ઍડ્મિટ્) આવવા-દાખલ થવા દેવું. કબુલ-માન્ય કરવું. To allow, to grant, to concede (L. *ad, mitto* I send).

Admix, *v.t.* (ઍડમિક્સ) ભેળવવું, મેળવણી કરવી.
Admonish, *v.t.* (ઍડ્મૉનિશ્) બોધ કરવો; ઠપકો દેવો. To caution, to reprove (L. *ad, moneo* I advise).
Admonition, *n.* (ઍડ્મૉનિશન્) શીખામણ, નસિયત. Instruction, direction.
Admonitory, *a.* શિખામણદાયક: ચેતવનાર.
Ado, *n.* (અડો) મુસીબત, મેહેનત, માથાફોડ, Stir, labour (S. *a, don* to do).
Adolescence, *n.* (ઍડોલેસન્સ) ચડતી વય, જુવાની. The age of youth (L. *ad, olesco* I grow).
Adopt, *v.t.* (ઍડૉપ્ટ) દત્તક કરી લેવું, કબુલ રાખવું, આદરવું. To take as one's own (L. *ad. opto* I desire).
Adopted-son, *n.* દત્તપૂત્ર, પાલક.
Adoption, *n.* (ઍડૉપ્શન્) દત્તક કરી લેવું તે, સ્વિકાર.
Adoration. *n.* (ઍડૉરેશન્) પૂજા, બંદગી, માન, આબરૂ. Divine worship (L. *ad, oro* I pray).
Adore, *v.t.* (ઍડૉર) પૂજવું, ભજવું, બંદગી કરવી. To worship solemnly.
Adorn, *v.t.* (ઍડૉર્ન) સણગારવું, સુશોભિત કરવું. To beautify (L. *ad, orno* I deck).
Adornment, *n.* ભૂષણ, શોભા.
Adown, *ad, prep.* નીચલી તરફ, તળીએ.
Adrift, *a. ad.* (ઍડ્રિફ્ટ્) ઘસડાતું, વહેતું. Floating at random.
Adroit, *a.* (ઍડ્રૉઈટ્) ચાલાક, કુશળ, કળાવંત. Dexterous, ready.
Adroitness, *n.* ચાલાકી. Dexterity.
Adulation, *n.* (ઍડ્યુલેશન્) ખુશામત, તારીફ. Flattery (L. *adulor* to fawn). [ing.
Adulatory, *a.* ખુશામત ભરેલું. Flatter-
Adult, *a.* (ઍડલ્ટ) ઉમ્મરે આવેલું. તરૂણ. Grown up to maturity (L. *ad, oleo* I nourish).

Adulterate, *v.t.* (ઍડલ્ટરેટ) ભેળ કરી બગાડવું. To contaminate (L. *ad, alter* other). [વ્યભિચારી.
Adulterer, *n.* (ઍડલ્ટરર્) છિનાળવો,
Adulteress, *n.* છિનાળ, અપતિવ્રતા.
Adulterine, *n.* (ઍડલ્ટરાઈન) છિનાળનું જણેલું છોકરૂં.
Adultery, *n.* (ઍડલ્ટરિ) છિનાળું, જારકર્મ.
Adust, *a.* (ઍડસ્ટ) બળી ગયેલું. Burnt (L. *uro* I burn).
Advance, *v.t.* (ઍડવૅન્સ) અગાડી આવવું, વધારવું. To promote. *v.i.* સુધારો કરવો, વધવું. To go forward, to improve (L. *ab, ante* before).
Advance, Advancement, } *n.* વધવું, ચઢતી, સુધારો; અંગ ઉપર આપેલા પૈસા. Improvement.
Advantage, *n.* (ઍડવૅન્ટેજ) લાભ, ફાયદો, હિત,ફળ;મોટાઇ, ચઢતી. Gain, superiority, increase (L. *ad, avant* before). [ઉપયોગી. Profitable.
Advantageous, *a.* લાભકારી, ગુણકારી,
Advent, *n.* (ઍડ્વેન્ટ) આવવું તે, આગમન. A coming (L. *ad, veneo* I come).
Adventitious, *a.* (ઍડ્વેન્ટિશિયસ્) આવશ્યક નહિ એવું. Casual.
Adventure, *n.* (ઍડ્વેન્ચર) જોખમ ભરેલું-સાહસ કામ. Hazardous enterprise.
Adventurer, *n.* (ઍડવૅન્ચ્યુરર્) સાહસિક. One who hazards.
Adventurous, *a.* હિંમતવાન. Daring.
Adverb, *n.* (ઍડ્વર્બ) ક્રિયા વિશેષણ અવ્યય, A word which modifies a verb (L. *ad, verbum* a word).
Adversary, *n.* (ઍડ્વર્સરિ) દુશ્મન, વેરી. શત્રુ. An enemy (L. *ad, verto* I turn).
Adverse, *a.* (ઍડવર્સ) સામુ, પ્રતિકૂળ Opposite, hostile (L. *ad, verto* I turn).
Adversity, *n.* (ઍડવર્સિટિ) કમબખ્તી-

સંકટ, પડતી. Calamity, distress.
Advert, *v.i.* (ઍડવર્ટ)ધ્યાન-લક્ષ આપવું. To attend, to refer (L. *ad, verto* I turn).
Advertence, *n.* ધ્યાન, લક્ષ, મન.
Advertise, *v.t* (ઍડ્વર્ટાઇઝ) જાહેર-પ્રસિદ્ધ કરવું.To inform,to announce
Advertisement, *n.* ખબર, જાહેરખબર.
Advice, *n.* (ઍડવાઈસ) સલાહ, ઉપદેશ, શિખામણ. Counsel (L. *ad, video* I see).
Advisable, *a.* (ઍડવાઇસેબલ્) ડહાપણનું, ઘટતું, લાયક. Prudent, fit.
Advise, *v.t.* (ઍડવાઇઝ્) ખબર કરવી, સલાહ આપવી, જણાવવું. To inform. *v.i.* વિચારવું. To deliberate.
Advocacy, *n.* (ઍડ્વોકસિ) પક્ષ ધરી બોલવું. Act of pleading for (L. *ad, voco* I call).
Advocate, *n.* (ઍડ્વોકેટ્)વકીલ, પક્ષ ધરીને બોલનાર. One who pleads, an intercessor. *v.t.* પક્ષ ધરીને બોલવું. To plead the cause of a person.
Adze, *n.* (ઍડ્ઝ) વાંસલો. A carpenter's tool.
Aegis, *n.* (ઇજિસ્) ઢાલ. A shield.
Aerial, *v.* (ઍઇરિયલ્) વાયુ-હવા સંબંધી, વાયુ રૂપી. Produced by air (L. *aer* air)
Aeriform, *a.* (એઇરિફૉર્મ) વાયુ રૂપી, હવા જેવું. Having the form of air (L. *aer, forma* form).
Aerolite, *n.* આકાશમાંથી પડતો પત્થર.
Aerology, *n.* વાયુશાસ્ત્ર, હવાનું વર્ણન.
Aerometre, *n.* વાયુમાપક યંત્ર. An air measure (Gr. *metron* a measure),
Aeronant, *n.* (એઅ્રૉનૉટ્) વિમાનગામી. One who sails in the air (Gr. *nautes* a sailor). [distance.
Afar, *ad.* (ઍફાર્) દુર, લાંબે, આઘે. At a
Affability. *n.* (ઍફૅબિલિટિ) ભલમનસાઇ, મીલનસારી. Civility (L. *ad, faro* I speak).
Affable, *a.* (ઍફેબ્લ્) મીલનસાર, ભલું. Courteous.
Affableness, *n.* ભલમનસાઇ, સભ્યતા.
Affair, *n.* (ઍફેર્) કાર્ય, કામ. Business (*ad, facio* I do).
Affect, *v.t.* (ઍફેક્ટ્) અસર કરવી-થવી ઢોંગ કરવો. To act upon (L. *ad, facio* I do). [False pretence.
Affectation, *n.* (ઍફેક્ટેશન્) ઢોંગ, ડોળ.
Affection, *n.* (ઍફેક્શન્) પ્યાર, પ્રિત, મમતા, હેત. Love, fondness (L. *ad, facio* I do).
Affectionate, *a.* (ઍફેક્શનેટ) હેતાળુ, પ્યારૂં, મમતાળુ. Loving, fond.
Affectionately, *ad.* મમતાથી, માયાથી.
Affiance, *n.* (ઍફાયન્સ) વેવિશાળ, વિવાહ, સગાઇ. A marriage contract. *v.t.* સગાઈ કરવી. (L. *ad, fides* faith).
Affidavit, *n.* (ઍફિડેવિટ્) કસમપર જુબાની, ઇકરાર. A written declaration upon oath (L. *ad, fido* I trust).
Affiliate, *v.t.* (ઍફિલિએટ) દત્તક કરવુ, મંડળીમાં દાખલ કરવું. To adopt, to receive into society (L. *ad, filius* a son). [ળીમાં દાખલ કરવું તે.
Affiliation, *n.* છોકરો કરી લેવો તે, મંડ-
Affinity, *n.* (ઍફિનિટિ) સંબંધ (L. *ad, finis* a boundary).
Affirm, *v.t.* (ઍફર્મ) ખાત્રીથી-ખચીત કહેવું. To assert positively. *v.i.* પ્રતિજ્ઞા પૂર્વક કહેવું. To declare solemnly (L. *ad, firmus* firm).
Affirmation, *n.* ખાત્રીથી કહેવું તે, હા પાડવી. [હા કહેવી તે.
Affirmative, *a.* હાનું છે એવી ખાત્રીનું-
Affix, *v.t.* (ઍફિક્સ) છેડે જોડવું-લગાડવું. To attach to. *n.* પ્રત્યય. (*ad, figo* I fix).
Afflatus, *n.* (ઍફ્લેટસ્) પવનનું વાવું તે,

ઇશ્વર સુચના. A breath of; inspiration (L. *afflo* I breathe).
Afflict, *v.t.* (ઍફ્લિક્ટ્) દુ:ખ દેવું, રીબાવવું. To give pain (L. *ad, fligo* I strike).
Affliction, *n.* દુ:ખ, પીડા, ક્લેસ. Pain.
Afflictive, *a.* દુ:ખ, દાયક, ખેદયુક્ત.
Affluence, *n.* (ઍફ્લુઅન્સ) આબાદી, છત, સમ્પતિ, લક્ષ્મિ. Abundance, opulence (L. *ad, fluo* I flow).
Affluent, *a.* શ્રીમંત. Rich.
Afflux, *n.* (ઍફ્લક્સ) પ્રવાહ.
Afford, *v.t.* (ઍફૉર્ડ) ઉપજવું. આપવું, દેવું, પરવડવું. To yield, to produce, to supply (L. *ad, forum* a market-place). [કરવું. To make free.
Affronchise, *v.t.* છુટ આપવી, સ્વતંત્ર
Affray, *n.* (ઍફ્રે) બખેડો, મારામારી, તોફાન. A quarrel, tumult.
Affraid, *a.* બીધેલું, ભયભિત.
Affright, *v.t.* (ઍફ્રાઇટ્) બીવડાવવુ, ડરાવવુ. To frighten; to terrify.
Affront, *v.t. n.* (ઍફ્રન્ટ) અપમાન કરવું. To insult, to offend (L. *ad, frontis* front).
Affuse, *v.t.* (ઍફ્યુઝ્) ઉપર રેડવું. To pour upon (L. *ad, fundo* I pour).
Afield, *ad,* ખેતર ભણી, ખેતરમાં. To or in the field.
Afloat, *a. ad.* તરતું. Floating.
Afoot, *ad.* પગે ચાલીને. On foot.
Afore, *prep. ad.* આગળ, પૂર્વે. In front.
Aforehand, *a.* આગળથી તઇયાર કરી રાખેલું. Previously provided.
Aforesaid, *a.* અગાઉ કહેલું; પૂર્વોક્ત. Beforesaid.
Afresh, *ad.* ફરીથી, પાછું. Anew.
Afront, *ad.* (ઍફ્રન્ટ) સામે. [Astern
Aft, *ad.* (ઍફ્ટ્) વહાણના પાછલા ભાગ તરફ..
After, *a.* હવે પછીનું, પાછળનું. *ad.* પછીથી પાછળ. *prep.* પછવાડે મુજબ, પ્રમાણે.
After-ages, *n.* આવતો કાળ (all) છેવટે અંતે (birth) ઓર.
After-lifes, *n.* ઉત્તરકાળ.
After-noon, *n.* પાછલો પહોર.
After-pains, *n.* છોકરૂં જન્મ્યા પછી સ્ત્રીને દુ:ખ થાય છે તે.
Afterwards, *ad.* પછી, પછવાડેથી. Subsequently.
Again, *ad.* (ઍગેન્) ફરી, ફરીથી, વળી, બીજું, વારેવારે.
Against, *prep.* (ઍગેન્સ્ટ) ઉલટુ, વિરૂદ્ધ, સામે. In opposition to.
Agape, *ad. a.* (ઍગેપ) મ્હોડુ વિકાસીને Having the mouth wide open.
Agate, *n.* (ઍગેટ) અકીક, ગોમેદ. A precious stone.
Age, *n.* (એજ) વય, ઉમ્મર, બુઢાપો, જીંદગી, પેઢી, સૈકો. Maturity, oldness.
Aged, *a.* (એજેડ્) ધરડું, જઇફ. Old. *n.* ધરડાં માણસ.
Agency, *n.* (એજન્સિ) આડત, મારફત, વકિલાત. Instrumentality (L. *ago* I do).
Agent, *n.* (એજન્ટ) કારભારી, આડતીઓ, વકીલ, મુનીમ. One who acts, a deputy.
Agglomerate, *v.t.* (ઍગ્લૉમરેટ્) ત્રીગોળાકૃતિ કરવી; ઢગલો કરવો. To roll up into a ball (L. *ad, glomus* a ball of yarn).
Agglutinate, *v.t.* (ઍગ્લ્યુટિનેટ્) ચોંટાડવું, વળગાવવું. To cause to adhere (L. *ad, glutino* I glue).
Aggrandize, *v.t.* (ઍગ્રૅન્ડાઇઝ્) મ્હોટું કરવું, વધારવું. To make great (L. *ad, grandis* great).
Aggravate, *v.t.* (ઍગ્રવેટ) વધારવું, કઠણ કરવું. To heighten, to exasperate (L. *ad, gravis* heavy).
Aggravation, *n.* વધારે ભારે–વત્તું કરવું તે.
Aggregate, *v.t.* (ઍગ્રિગેટ) એકઠું–એકંદર

કરવું. To heap up. *n.* સમુહ, જથ્થો. A mass (L. *ad, gregis* a flock).

Aggress, *v. i.* (ઍગ્રેસ) પેહેલી ચઢાઈ, હુમલો કરવો. To attack first (L.*ad, gradior* I go).

Aggression, *n.* (ઍગ્રેશન્) પહેલો હુમલો, ચઢાઇ.The first attack, or hosility.

Aggrieve, *v.t.* (ઍગ્રીવ) દુઃખ દેવું, પીડા કરવી. To pain, to injure (L. *ad-gravis* heavy). [Frightened,

Aghast, *a. ad.*(ઍઘૅસ્ટ) બાવરૂં, ધભરાએલું

Agile, *a.* (એજિલ્) ચાલાક, ચપળ. ચંચળ Nimble (L. *ago* I do).

Agility, *n.* ચાલાકી. Activity.

Agitate, *v.t.* (ઍજીટેટ) હલાવવું, ડહોળી નાખવું, ગભરાવવું. To shake briskly, to disturb (L. *ago* I do).

Agitation, *n.* (ઍજીટેશન્) મનનો ગભરાટ, વ્યાકુળતા. Excitement.

Agitator, *n.* ગભરાટ ઉઠાવનાર.

Agnate, *a.* (ઍગ્નેટ) બાપની તરફનું સગું. ગોત્રજ. Related by the father's side (*ad, natus* born).

Agnation, *n.* ગોત્ર સંબંધ.

Ago, *a. ad.* (અગો) ઉપર, અગાઉ, થોડીક વાર થયાં. Passed by.

Agog, *ad.* (ઍગૅાગ્) આતુરતામાં, ઉત્કંઠિત. In a state of desire.

Agonise' *v.t.* (ઍગૅાનાઇઝ) દુઃખ–પીડા–બેજાર કરવું. To torture. *v.i.* દુઃખથી ટળવળવું. To struggle (G. *agon* a struggle). [Extreme pain.

Agony, *n.* (ઍગનિ), વ્યથા, વેદના, અતિકષ્ટ

Agrarian, *a.* (ઍગ્રેરિયન્) ખેતી–જમીનને લગતું. Relating to the field. (L. *ager* a field).

Agree, *v.i.* (ઍગ્રી) એકમત થવું–બનવું, કબુલ રાખવું–સમજુતીપર આવવું, માફક આવવું. To correspond, to suit (L. *ad, gratia* favour).

Agreeable, *a.* (ઍગ્રીએબલ્)લાયક, માફક. યોગ્ય. Suitable to, pleasing.

Agreement, *n.* (ઍગ્રીમેન્ટ) બનાવ, મેળ, અનુકુળતા, કબુલાત. Harmony, conformity.

Agriculture, *n.* (ઍગ્રિકલ્ચર્) ખેતીવાડી. ખેતી. Husbandry (L. *ager* a field, *colo* I till). [man.

Agriculturist, *n.* ખેડુત. A husband-

Aground, *ad.* (ઍગ્રાઉન્ડ) ભોંયને લાગીને, તળીએ લાગીને. On the ground.

Ague, *n.* (ઍગ્યુ) ટહાડિયો તાવ, અકાંતરીયો તાવ. ધ્રુજારી. An intermittent fever (G. *ake* a point). [હાયહાય!

Ah, Aha, *interj.* હિ! છી! હં! અરેરે!

Ahead, *ad,*(ઍહેડ્) સામે, મોખરે, આગળ. Further on, onward.

Aid, *v.t.* (એડ્) મદદ–સહાય કરવી. To help, to releive. *n.* મદદ, કુમક. Help, assistance.

Aid-de-camp, *n.* (એડિકૅમ્પ) નકીબ, મુસાહિબ. An officer who conveys a General's orders. [trouble.

Ail, *v.t.* (એલ્) ઇજા કરવી. To pain, to

Ailment, *n.* દુઃખ, દરદ, રોગ. Pain, disease.

Aim, *v.t. v.i.* (એમ્) નેમ-નિશાન તાકવી-ધારવી. *n.* તાક, ચોટ, ધ્યાન લગાડવું. To determine, to intend (L. *æstimo* I estimate.

Air, *n.* (એર્) હવા, પવન. વાતાવરણ, રાગ, ચહેરો. *v.t.* સુકાવવા મુકવું, હવામાં મુકવું. Atmosphere, tune, to expose to the air.

Air-gun, *n.* હવા ભરીને ફોડવાની બંદુક.

(hole) હવા જા આવ કરે એવું કાણું.

Air-pump, *n.* (એરપમ્પ) વાતાકર્ષક યંત્ર.

(tight) વાયુ પ્રતિબંધક.

Airy, *a.* (એરિ) હવાદાર, પવનવાળું. Consisting of air.

Aisle, *n.* (આઇલ્) દેવળ અથવા મંડપની બાજુના ભાગ. A side of a church (L. *ala* a wing).

Ajar, *ad.* (ઍજાર્) થોડુંક ઉઘાડું. Partly open.
Akin, *a.* (ઍકિન્) સગુ, સંબંધ. Related by blood.
Alabaster, *n.* (ઍલૅબસ્ટર્) એક જાતનો પથ્થર. A kind of stone (G. *a*, *labe* a handle).
Alack, *interj.* હાય હાય ! અફસોસ !
Alacrity, *n.* (ઍલૅક્રિટિ) હર્ષ, આનંદ. Liveliness, promptitude (L. *alacer* lively).
Alamode, *ad.* રીત-રીવાજ પ્રમાણે.
Alarm, *n.* (ઍલાર્મ) ભયની બુમ-સૂચના, ચેતવણી, હુલ્લડ. A call to arms; sudden surprise. *v.t.* ભયની ખબર-સૂચના કરવી. To call to arms (L.*ad*,*arma* arms).
Alarm-bell, *n.* ભયની ચેતવણી-સૂચના [કરનાર ઘંટ.
Alarming, *a.* (ઍલાર્મિંગ્) ભયંકર, ભયાનક. Terrifying.
Alas, *interj.* (ઍલૅસ્) હાય હાય ! અફસોસ
Alb, *n.* (ઍલ્બ) ધર્મોપદેશકનો ધોળો જામો.
Albatross, *n.* હંસ જાતનું દરિયાઈ પક્ષી.
Albeit, *ad.* (ઍલ્બીઈટ્) તોપણ, જોકે. Although, be it so.
Albino, *n.* (ઍલ્બાઇનો) અતિશય ધોળી ચામડીવાળું. (L. *albus* white).
Album, *n.* (ઍલ્બમ્) ચિત્ર સંગ્રહ કરવાનું પુસ્તક. A blank book (L. *albus* white).
Albumen, *n.* (ઍલ્બ્યુમેન્) ઈંડાની સફેદી. The white of an egg (L. *albus* white).
Alchemy, *n.* ઍલકેમિ) કીમીયો, રસાયણ. An occult art(L.*al*, *kama* to hide).
Alchemist, *n.* કિમિયાગર-કિમિયો કરનાર.
Alcohol, *n.* (ઍલ્કોહૉલ્) દારૂનો અર્ક.
Alcove, *n.* (ઍલકોવ) દિવાનખાનાની એકાંત બેઠક. A recess.
Alderman, *n.* (ઍલ્ડરમેન્) કોટવાળ, શેહેરનો માજીસ્ટ્રેટ. A city magistrate.
Ale, *n.* (એલ્) એક જાતનો દારૂ. (house) પીઠું, કલાલની દુકાન.
Alert, *a.* (ઍલર્ટ્) હોંશીયાર, સાવધ. Quick, prompt.
Algebra, *n.* (ઍલજીબ્રા) અક્ષર ગણિત. Universal arithmetic.
Alias, *ad*, (એલિઍસ્) ઉર્ફે, બીજે નામે. otherwise (L. *alius* another).
Alibi, *n.* (ઍલિબિ) બીજે ઠેકાણે. Elsewhere.
Alien, *a.* (ઍલિયન્) પારકું, પરદેશી. Foreign (L. *alius* another).
Alienable, *a.* બીજાને હવાલે થાય તેવું.
Alienate, *v.t.* (ઍલિઍનેટ્) બીજાને હવાલે કરવું. To transfer.
Alienation, *n.* (ઍલિયનેશન્) બીજાને સોંપવું તે. જુદાઇ, મનઉતારો. Estrangement.
Alight, *v.i.* (ઍલાઇટ્) નીચે ઉતરવું-ઉતરી [પડવું. To descend.
Alike, *a. ad.* (ઍલાઇક) એક સરખુ, બરાબર, તુલ્ય. Similar.
Aliment, *n.* (એલિમેન્ટ) ખોરાક, અન્ન. Food (L. *alo* I nourish).
Alimony, *n.* ધાનલૂગડાં, પોશાકી.
Aliquot, *a.* (ઍલિક્વૉટ્) નિશેષ ભાજક. That measures exactly (L.*alius*, *quot* how many).
Alive, *a.* (ઍલાઇવ) જીવતું, સજીવ, ચપળ. Living, lively.
Alkali, *n.* (ઍલકેલી-લાઇ) ખાર, ક્ષાર.
All, *a.* (ઑલ્) સર્વ, સઘળું, સમસ્ત. Whole every part. *ad.* તદ્દન, મુળગુ. *n.* બધાં, સર્વે.
Allay, *v.t.* (ઍલે) થંડુ-નરમ પાડવું. To pacify (L. *ad*, *levis* light).
Allegation, *n.* (ઍલેગેશન્) ખાત્રીથી કહેવું. Affirmation, a plea (L. *ad*, *lego* I send).
Allege, *v.t.* (ઍલીજ) ખાત્રીથી કહેવું. To affirm, to plead.
Allegiance, *n.* (ઍલીજીઅન્સ) પ્રજા ધર્મ,

વફાદારી. Loyalty (L. *ad, ligo* I bind).

Allegory, *n.* (ઍલીગોરિ) દ્રષ્ટાંતરૂપી કથા. Figurative speeeh (G. *alos* other *agora* oration).

Alleviate, *v.t.* (અલીવિએટ) હલકું-નરમ પાડવું. To lessen, to mitigate (L. *ad, levis* light).

Alleviation, *n.* શાંતિ, શમન. Relief.

Alley, *n.* (ઍલી) બાગ માંહેલો રસ્તો. ગલી. A walk in a garden.

Alliance, *n.* (ઍલાયન્સ) સગાઈ, સલાહ સંપ. Affinity, league (L. *ad, ligo* I bind).

Alligation, *n.* (ઍલિગેશન્) મીશ્ર ગણિત. A rule of arithmetic.

Alligator, *n.* (ઍલિગેટર્) મગર, સોસવાટ. A crocodile.

Alliteration, *n.* (ઍલિટરેશન્) અક્ષર સગાઇ. The repitition of the same letter at the beginning of two or more words, in close succession (L. *ad, litera* letter).

Allocate, *v.t.* વેંચી આપવું. To distribute (L. *ad, locus* a place).

Allot, *v.t.* (ઍલૉટ્) વહેંચવું, ભાગ પાડવા. To distribute.

Allotment, *n.* (ઍલૉટમેન્ટ) વેહેંચણ, હિસ્સો. Share allotted.

Allow, *v.t.* (ઍલાઉ) દેવું; માન્ય-કબુલ રાખવું, રજા-પરવાનગી આપવી. To give, to approve (L. *ad, loco* I place).

Allowance, *n.* અલાઉઅન્સ) રજા, પરવાનગી, પગાર. Permission.

Alloy, *v.t.* (ઍલૉય્) મિશ્ર કરવું, ઉંચી ધાતુ સાથે હલકી ભેળવવી તે. To reduce by mixture.

All-spice, *n.* (ઑલ્-સ્પાઇસ્) ચીનીકબાલા. The berry of the pimento.

Allude, *v.i.* (ઍલ્યુડ્) ઇસારો કરવો, લાગુ પડવું. To refer, to hint (L. *ad, ludo* I play).

Allure, *v.t.* (ઍલ્યુર્) લલચાવવું, ફસાવવું. To entice.

Allurement, *n.* લાલચ, લોભ. Enticement. [L. *ludo* I play.

Allusion, *n.* સુચના, ઇસારો. Reference.

Alluvion, *n.* (ઍલ્યુવિયન્) કાદવનું, કાંપનું. Formed by water (L. *ad, luo* I wash).

Ally, *v.t.* (ઍલાઇ) જોડાવું, સગાઇ કરવી, સંપી થવું. To unite by marriage or treaty. *n.* મદદગાર. Friend (L. *ad, ligo* I bind).

Allies, *n.* એક સંપી રાજા.

Almanac, *n.* (ઑલમૅનૅક્) પંચાંગ, ટીપણું. A calendar of months, days, &c.

Almighty, *n.* ઑલમાઇટિ) સર્વ શક્તિમાન. Omnipotent. *n.* ઇશ્વર. God.

Almond, *n.* (આમન્ડ) બદામ. The nut of the almond tree.

Almoner, *n.* (ઍલ્મનર્) દાન આપવાને ઠેરવેલો અધિકારી. An officer who distributes alms.

Almost, *ad.* (ઑલમોસ્ટ) ઘણું કરીને, લગભગ, નજદીક. Nearly.

Alms, *n.* (આમ્સ) ભિખ, ભિક્ષા, ખેરાતી. A charitable gift.

Alms-house, *n.* ખેરાતી મકાન.

Aloe, *n.* (ઍલો) કુંઆરનું ઝાડ. (*pl.*) એળીયો. A bitter plant.

Aloft, *ad.* (ઍલૉફ્ટ) ઉપર, ઉંચે. On high.

Alone, *a.* (ઍલોન્) એકલું. Solitary. *ad.* માત્ર, ફક્ત. Singly.

Along, *ad.* (ઍલૉંગ્) ઉભું, સીધું, એક છેડેથી બીજા છેડા સુધી. Lengthwise.

Aloof, *ad.* (ઍલુફ્) દુર, વેગળે. Apart.

Aloud, *ad.* (ઍલાઉડ્) મ્હોટે સાદે, તાણીને Loudly.

Alpaca, *n.* (ઍલપાકા) એક જાતનું લુધડું, [ઘેટાની જાત.

Alphabet, *n.* (ઍલફૅબેટ્) મૂળાક્ષર, અક્ષરમાળા. The letters of a language (G. *alpha, beta* the first.

Already, *ad.* (ઑલ્રેડી) પહેલેથી, કયારનું. At some time past.

Also, *ad.* (ઑલ્સો) વળી, પણ. Likewise.

Altar, *n.* (ઑલ્ટર્) કુંડ, ભોગ આપવાની ઉંચી જગા. Place for giving sacrifices (L. *altus* high).

Alter, *v.t.* (ઑલ્ટર્) ફેરવવું, બદલવું. To change, to vary (L. *alter* other).

Alteration, *n.* (ઑલ્ટરેશન્) ફેર બદલી. Interchange.

Altercate, *v.t.* (ઑલ્ટર્કેટ) વાદવિવાદ કરવો. To dispute (L. *altercor* I debate).

Altercation, *n.* તકરાર, વાદ, હોંસાતોંસી.

Alternate, *a.* (ઑલ્ટરનેટ્) એક પછી એક, આંતરે. Being by turns (L.*alterno* I do by turns). [ફરા.

Alternation, *n.* વારાફરતી આવવું તે, ફેર-

Alternative, *n.* બે વસ્તુમાંથી કોઈ પસંદ કરવી તે-ઈલાજ, ઉપાય.Choice,remedy

Although, *conj.* (ઑલધો) જોકે, અગરજો, તોપણ. Albeit. [L. *altus* high).

Altitude,*n.*(ઑલ્ટિટ્યુડ) ઉંચાઈ.Height.

Altogether, *ad.* (ઑલટુગેધર્) તમામ, બીલકુલ, બધું મળીને. Wholly.

Alum, *n.* (અલમ્) ફટકડી. A mineral salt (G. *halos* salt).

Alumnus, *n.* (અલમ્નસ્) વિદ્યાર્થિ, નિશાળીયો. A pupil (L. *alo* I nourish).

Always, *ad.* હમેશાં, નિરંતર, સદૈવ.

Am, *v.i.* (ઍમ્) છું. The first person singular of *to be*.

Amain, *ad.* (ઍમેન્) ઝડપથી, એકદમ. Vigorously. [પણ ધાતુનો ભેગ.

Amalgam, *n.* (ઍમૅલગૅમ્) પારા સાથે કોઈ

Amalgamate, *v.i.* (ઍમૅલ્ગૅમેટ્) એકઠું કરવું, જોડવવું To mix (G.*malasso* I soften). [મિશ્રણ.

Amalgamation, *n.* મેળવવું-જોડવું તે.

Amanuensis, *n.* (ઍમૅન્યુઍન્સિસ્) લેખક, લૈયો. A copyist (L.*manus* hand).

Amass, *v.i.* (ઍમૅસ્) એકઠું-સંગ્રહ કરવો. To accumulate (L. *massa* mass).

Amateur, *n.* (ઍમૅટ્યુઅર્) કાંઇ કામ શોખ સારૂ કરનાર. A lover of any art. (L. *amo* I love).

Amatory, *a.* (ઍમેટોરી) મોહક.Causing love (L. *amo* I love).

Amaze, *v.t.* (ઍમેઝ) આશ્ચર્ય પમાડવું, તાજુબ કરવું. To astonish, to bewilder.

Amazing, *a.* આશ્ચર્યકારક. Wonderful.

Amazon, *n.* (ઍમઝૉન્) બહાદુર સ્ત્રી. A warlike woman (G.*mazos* breast)-એ નામની સૌથી મોટી નદી દક્ષિણ અમેરિકામાં છે.

Ambassador, *n.* (ઍમબૅસડર્)એલચી,વકીલ. A minister representing one state at the court of another state.

Amber, *n.* (ઍમ્બર્) કેરબો, તૃણમણિ. A yellow substance.

Ambi-dexter, *n.* બન્ને પક્ષ ધરનાર.

Ambient, *n.* આસપાસનું, ફરતું. Surrounding (L. *ambi* about *eo* I go).

Ambiguity, *n.* (ઍમ્બિગ્યુઇટિ) શક ભરેલો અર્થ. Uncertainty of signification (L. *ambi* about, *ago* I drive).

Ambiguous, *a.* (ઍમ્બિગ્યુઅસ્) શક ભરેલું. Doubtful.

Ambition, *n.* (ઍમ્બિશન્) કિરતી-રાજ્ય લોભ, મોટી ઇચ્છા. A desire of eminence (L. *ambi*, round, *eo* I go)

Ambitious, *a.* (ઍમ્બિશિયશ્) રાજ્ય લોભી. Desirous of eminence.

Amble, *n.* (ઍમ્બલ્) રવાલ ચાલ. A peculiar pace of a horse (L.*ambulo* I walk).

Ambrosia, *n.* (ઍમબ્રોઝીયા) દેવનું અન્ન, અમૃત. The food of the God.

Ambulance, *n.* લડાઈમાં ઘાયલ થએલાને માટે દવાખાનું. A hospital of the wounded in battle.

Ambush, n. } સંતાઇ રહેવાની જગા
Ambushcade, „ } Concealed place where troops lie in wait.

Ameliorate, *v.t.* (ઍમીલિયરેટ) સુધારવું, સારૂં કરવુ. To make better (L.*melior* better).

Amelioration, *n.* સુધારવું તે, સુધારો.

Amen, *ad.* (એમેન્) તથાસ્તુ, આમીન. So let it be.

Contagion, *n.* (કૉન્ટૅજન્) સ્પર્શ, ચેપ, ચેપીરોગ, મરકી. Communication of a disease by contact; infection, pestilence. (L. *con*, *tango* I touch)

Contain, *v.t.* (કન્ટેન્) હોવું, સમાવું, મવડાવવું, ધરીરાખવું; *v.i.* મન કબજ રાખવું. To hold together; to comprise; to live in chastity. (L. *con*, *teneo* I hold).

Contaminate, *v.t.* (કૉન્ટૅમિનેટ) મેલું,-ગલીચ કરવું, અભડાવવું. To soil, to pollute. (L. *con*, *tamino* I violate).

Contemn, *v.t.* (કનટેમ્) ધિકાર કરવો, તુચ્છ -હલકું માનવું. To treat lightly, to scorn, to overlook. (L. *con, temno* I slight).

Contemplate, *v.t.* (કોન્ટેમ્પ્લેટ) વિચારવું, ધ્યાન લગાડીને જોવું. *v.i.* ધ્યાનમાં-વિચાર માં હોવું. To view carefully, to survey ; to muse on ; to meditate. (L. *contemplor* I look at carefully).

Contemplation, *n.* ધ્યાન, ચિંતન, વિચાર. Meditation.

Contemplative, *a.* (કોન્ટેમ્પ્લેટિવ) વિચારશિળ. Thoughtful.

Contemporaneous, } *a.* એકજ વખતે
Contemporary, } થયતે. Happening at the same time. (L. *con, tempus* time).

Contempt, *n.* (કન્ટેમ્પ્ટ) ધિક્કાર, તુચ્છકાર, અપમાન. Scorn, disgrace. (L. *con, temno* I denspise).

Contemptible, *a.* ધિક્કારવા જોગ. Despicable. [solent.

Contemptuous, *a.* તીરસ્કાર ભરેલું. Insolent.

Contend, *v.t.* (કન્ટેન્ડ) લડવું, તકરાર ઉઠાવવી, કજીયો કરવો. To strive in opposition, to dispute, to argue.. (L. *con, tendo* I stretch).

Content, *n.* (કન્ટેન્ટ) સમાધાન, સંતોષ, તૃપ્તિ. *pl.* અનુક્રમણીકા; અંદરનું તત્વ. *a.* સંતોષી, રાજી, *v.t.* સમાધાન -રાજી-ખુશકરવું. Acquiescence, moderate happiness ; *a.* easy, satisfied ;*v.* to satisfy the mind of ; to make quiet, to gratify. (L. *con, teneo* I hold).

Contention, *n.* (કન્ટેન્શન્) કજીયો, ટંટો, તકરાર. Strife, struggle.

Contentment, *n.* સમાધાન, સંતોષ. Satisfaction.

Conterminous, *a.* એકસીમાવાળું. Having the same bounds. (L. *conterminus* boundary).

Contest, *n.* (કોન્ટેસ્ટ) તકરાર, કજીયો, વીવાદ. *v.t.* કજીયો કરવો, તકરાર ઉઠાવવી. *v.i.* હોંશા તુંશી કરવી. Controversy, debate ; *v.* to dispute ; to controvert ; to emulate (L. *con, testis* a witness).

Context, (કોન્ટેક્સ્ટ) આગળ પાછળનો સંબંધ. Connection (L. *con, texo* I weave). [ture.

Contexture, *n.* કુમાશ, બંધારણ. Texture.

Contiguity, *n.* (કોન્ટિગ્યુઇટિ) સમીપપણું, લગત. Nearness (L. *con tango* I touch).

Contiguous, *a.* સરસુ, જોડેલું. Adjacent

Continence, *n.* (કોન્ટીનેન્સ) એક પત્નિવ્રત Self-command, chastity (L. *con, teneo* I hold).

Continent, *n.* (કોન્ટિનન્ટ) મહાદ્વિપ, ખંડ. *a.* જીવને વશ રાખનાર. A great extent of land, keeping within due bounds ; chaste.

Contingence-cy, *n.* (કન્ટિનજેન્સ-સિ) દૈવયોગ ; જે બીના બનવા જોગ ન હોય તે. Accident, chance ; an event which may occur (L. *con, tango* I touch).

Contingent, *n.* (કન્ટિન્જેન્ટ) એકાએક આવી પડેલું, ભાગે પડતો હિસાબ, પરચુરણ. Uncertain, incidental.

Continue, *v.i.* (કન્ટિન્યુ) રહેવું. *v.t.* ચલાવવું, નભાવવું, જારી રાખવું. To remain in a place ; to prolong ; to persevere (L. *con, teneo* I hold).

Continual, *a.* નીરંતર, નીત્ય. Unceasing.

Continuation, *n.* રહેવું, ટક્યા કરવું, સ્થિતિ, વધારો. Prolongation.

Continuity, *n.* (કન્ટિન્યુઇટિ) અખંડપણુ Cohesion.

Contort, *v.t.* (કન્ટૉર્ટ) આમળવું, મરડવું.

To writhe (L. *con, torquo* I twist).

Contour, *n.* (કન્ટૂર્) ઘાટ, આકૃતિ, રૂપ, રેખા. The line that marks an outline (G. *tornos* lathe.)

Contra pre. સામું, સામે, વિરુદ્ધ, ઉલટું.

Contraband, *n.* (કૉન્ટ્રૅબેન્ડ) સરકારથી મનાઈ કરેલો ધંધો. (*a.*) મનાઈ ભરેલું. Illegal traffic ; *a.* prohibited, forbidden. (L. *contra, banum* public edict.)

Contract, *n.* (કૉન્ટ્રૅક્ટ) કરાર, ઠરાવ, બોલી, કરારનામું. (*v.t.*) સંકોચવું, ટુંકું કરવું, પકડી લેવું. *v.i.* સંકોચાવું, ટુંકું થવું, ઇજારો લેવો. Agreement, covenant, compact ; to draw together, to shorten, to reduce ; to become short and narrow ; to bargain. *con, traho* I draw.)

Contractor, *n.* કરાર-ઇજારો લેનાર. One who contracts.

Contradict, *v,t,* (કૉન્ટ્રાડિક્ટ) વિરુદ્ધ બોલવું, ના પાડવી. To oppose by words, to gainsay. (L. *contra dico* I say.)

Contradiction, *n.* ઉલટું બોલવું તે, વિરુદ્ધપણું. Contrary assertion.

Contradictory *a.* પરસ્પર વિરુદ્ધ-આડું. Inconsistent.

Contradistinguish, *v.i.* (કૉન્ટ્રૅડિસ્ટિન્ગ્વિશ) ઉલટા ગુણ દેખાડી વિવેચન કરવું. To distinguish by contrast.

Contradistinction, *n,* વિરુદ્ધ હોવું તે.

Contrariety, *n.* (કૉન્ટ્રૅરાયટિ) ઉલટાપણું, વિરુદ્ધપણું. Opposition, inconsistency. (L. *contra* against.)

Contrariwise, *ad.* ઉલટું, સામું. on the other hand.

Contrary, *a.* (કૅન્ટ્રૅરિ) ઉલટુ, વિરુદ્ધ ; *n.* ઉલટા ઉલટા ગુણની વસ્તુઓ. opposite ; repugnant ; discordant.

Contrast, *v.t.* (કૉન્ટ્રૅસ્ટ) મુકાબલો કરવો ; સરખાવવું. *n.* મુકાબલો, ભેદ, ઉલટાપણું. To compare by difference ; opposition (L. *contra, sto* I stand.)

Contravene, *v.t.* (કૉન્ટ્રૅવીન) હરકત-અડચણ કરવી. To come in opposition (L. *contra, veueo* I come.)

Contravention, *n.* ભંગ, વિરુદ્ધતા. Opposition.

Contribute, *v.t.* (કૉન્ટ્રિબ્યુટ) આપવું, ટિપમાં પઈશા ભરવા ; *v.i.* મદદ-સહાય થવું. To give or grant in common with others ; to conduce ; to have a share ; to give a part. L, *con, tribuo* I give.)

Contribution, *n.* સામાન્ય ભંડોળમાં ભાગ-હિસ્સો-વર્ગણી ; ઉઘરાણું. That with is contributed ; share.

Contrite, *n.* (કૉન્ટ્રાઇટ) પશ્ચાતાપ, પાપને લીધે અતિ શોકાતુર. Deeply affected with grief ; penetent. (L. *con, tero* I rub.)

Contrition, *n.* (કૉન્ટ્રિશન્) પશ્ચાતાપ. Repentance.

Contrivance, *n.* (કન્ટ્રાઇવન્સ) તદબીર, યુક્તિ, ખેલ, હીકમત. an artifice, scheme ; shift. (L. *con, trover* to find.)

Contrive, *v.t. v.i.* (કન્ટ્રાઇવ) યોજવું-યુક્તિ-કરામત કરવી, રચવું, મનમાં ગોઠવવું. To invent, to devise, to plot, (L. *con,* trover)

Control, *n.* (કન્ટ્રોલ્) દાબ, મર્યાદા, તાબો, અંકુશ, લગામ ; *v.i.* હુકમ-દાબમાં-તાબામાં રાખવું. Check ; restraint ; command ; to keep under check ; to restrain (L. *con rotula* a little wheel.)

Controller, *n.* બીજાનો હિસાબ તપાસનાર અધિકારી. An officer who checks the accounts.

Controversy, *n.* (કન્ટ્રોવર્સી) તકરાર, જવાબ સવાલ, વાદવિદ, રકજક. Turning aginst; a strife; litigation (L. *contra verto* I turn.)

Controvert, *v.t.* (કન્ટ્રોવર્ટ) તકરાર-વિદવાદ કરવો, રદીયો આપવો. To deny and attempt to disprove or confute.

Contumacy, *n.* (કૉન્ટયુમસિ) ઘણી ભારે જક-હઠ; જાણી બુજીને કોરટના હુકમનો તિરસ્કાર. Persistent obstinacy (L. *con, tumeo* I swell up,)

Contumely, *n.* તીરસ્કાર, તડછોડો, અપમાન. Insolence.

Contusion, *n.* (કન્ટયુઝન્) છુંદવું, ખાંડવું, કચરવું-તે. The act of bruising(L. *con, tundo* I beat.)

Contundrum, *n.* (કન્ટન્ડ્રમ્) ઉખાણું, અર્થ, કહેવત. Riddle.

Convalescence, *n,* (કનવૅલેન્સ) મંદવાડ માંથી સમરતી હાલત. Becoming sound after disease. (L. *con, velesco* I grow strong.)

Convene, *v.t.* (કન્વીન) મેળવવું, બોલાવવું, ભરવું. To cause to assemble (L. *con, veneo* I come.)

Convener, *n.* પ્રમુખ. A chairman.

Convenience, *n.* (કન્વીનિયન્સ) સગવડ, લાગ, સોઇ, અનુકુળતા. Suitableness fitness. (L.*con, veneo.*)

Convenient, *n.* લાગ પડતું, ફાવતું, અનુકુળ. Suitable.

Convent, *n.* (કૉન્વેન્ટ) મઠ, અખાડો, આશ્રમ. A monastery, an abbey

Converge, *v.i.* (કૉન્વર્જ) એક બીંદુ તરફ વળવું, પાસે પાસે આવતા જવું. To turn to one and the same point. (L. *con, vergo* I incline.)

Convergence, *n.* એક બીંદુમાં એકઠાં થવાનો ગુણ.

Conversant, *a.* (કૉન્વર્સન્ટ) વાકેફ, પ્રવિણ; સંઘાતે-જોડે રહેલું. Versed in, familiarly associated (L. *con, verto* I turn).

Conversation, *n.* (કૉન્વર્સેશન્) વાતચિત, સંભાષણ. Familiar intercourse, easy talk.

Converse, *v.i.* (કૉન્વર્સ) વાતચીત કરવી -સંભાષણ કરવુ; સંગ સોબત કરવી. *n.* સમાગમ, પરિચય (logic) ઉલટુ પદ. To talk familiarly; frequent discourse.

Conversion, *n.* (કન્વર્શન્) રૂપાંતર, બદલી, રૂપભેદ. Change from one state to another (L. *con, verto* I turn).

Convert, *v.t.* (કનવર્ટ) બદલવું, ફેરવવું, એક રૂપમાંથી બીજા રૂપમાં લઇ જવું; નવા ધર્મમાં લાવવું; ખરા ઉપયોગથી જુદા ઉપયોગમાં આણવું. *v.i.* બદલાઇને થવું. *n.* સ્વધર્મ ત્યાગી, પોતાનો ધર્મ છોડી બીજામાં જનાર. To turn into another form; to change from one religion to another; to turn from a bad life to good; *n.* one who is turned from sin to holiness; a person who renounces one creed for another.

Convertible, *a.* (કન્વર્ટિબલ્) ફેરવી શકાય એવું. That may be changed; transformable.

Convex, *a.* (કૉન્વેક્સ) ઢાળ જેવું, ઉપસી આવેલું, બહારથી ગોળ, બિંબાકાર. Vaulted, rounded (L. *con, veho* I carry).

Convexity, *n.* બહારની બાજુએથી ઢાળના જેવી ઉપસી આવેલી ગોળાકૃતિ. Protuberance in a circular form, roundness.

Convey, *v.t.* (કન્વે) લઇ જવું, પહોંચાડવું, જણાવવું. To carry from one place to another; to remove secretly; to impart (L. *con, veho* I carry).

Conveyance, *n.* (કન્વેયન્સ) કોઇપણ જાતની ગાડી, વાહન, વેચાણ ખત. (deed of) મી-

લકત પારકે નામે ચઢાવવાનો દસ્તાવેજ. A means of carrying any thing from place to place ; carriage ; a deed by which property is transferred.

Conveyancer, *n.* મીલકત પારકેનામે ચઢા. વવાનો દસ્તાવેજ-ખત લખનાર.

Convict, *v.t.* (કનવિક્ટ) અપરાધી-ગુન્હેગાર ઠરાવવું. *n.* ગુન્હેગાર ઠરેલો માણસ. To prove or decide to be guilty; to show by evidence; a felon ; one proved guilty (L. *con vinco* I conquer).

Conviction, *n.* (કન્વિક્શન્) ગુન્હેગાર ઠરાવવું, અપરાધ લાગુ પાડવો તે; ખાતરી, પતીજ. Act of convicting, belief.

Convince, *v.t.* (કનવિન્શ) ખાતરજમા-સમજુત કરવી; ખાતરી કરી આપવી. To satisfy by evidence or proof (L. *con, vinco* I conquer).

Convivial, *a.* (કનવિવિયલ્) મોજ મઝાવાળું-ઊચ્ચારત ભરેલું. Festive, jovial; social (L. *cou, vivo* I live).

Convocate, (See Assemble).

Convocation, *n.* (કોન્વોકેશન્) માજીલસ, સભા જમાત, મેળાવડો. An assembly, a meeting ; a congress; council (L. *con, voco* I call).

Convoke, *v.t.* (કન્વોક) બોલાવવું, ભેગું કરવું, ભરવું. To call together, to assemble by summons.

Convolution, *n.* (કોનવૉલ્યુશન્) વિટો, પેચ, વિંટાળવું તે. Act of rolling any thing upon itself; a twisting; winding (L. *con, volvo* I roll).

Convoy, *v.t.* (કન્વૉય) સંભાળથી-વળાવું કરી-લઈ જવું. *n.* વહાણનો કાફલો જે રખવાળું કરેછે. To attend on the way for protection ; to escort ; an escort ; a guide (L. *con via* way).

Convulse, *v.t.* (કનવલ્સ) તણાઇ જવું, થરથરવું, ધ્રુજવું. To contract violently as the muscles; to shake (L. *con vello* I pull).

Convulsion, *n.* તાણ, આંકડી; ધક્કો. Any violent motion.

Cony, *n.* (કોનિ) એક જાતનું સસલું. A rabbit.

Coo, *v.i.* (કૂ) કબુતરનું બોલવું, ઘુંઘું કરવું. To cry like a dove.

Cook, *n.* (કૂક) રસોઇઓ, રંધવારો, બબરચી. *v.t.* રાંધવું, પકાવવું. One who prepares victuals for the table ; to prepare as food (L. *coquo* I cook).

Cook-room, *n.* રસોઇખાનું-રસોડું. (ery), રાંધવાની રીત.

Cool, *a.* (કૂલ્) શીતલ, ઠંડુ, શરદ, મંદ, બેપરવા. *n.* શીતળતા, ઠંડી, શરદી. *v.t.* ઠંડુ કરવું, ટાઢું, પાડવું ; શાંત પાડવું. *v.i.* ઠંડુ-ટહાડું પડવા દેવું-થવું. Moderately cold, calm ; self-possessed ; frigid; moderate state of cold ; to allay the heat of; to calm ; to assuage.

Cooler, *n.* (કૂલર્) ઠંડુ કરનાર–કરવાનું વાસણ. That which cools or a vessel to cool.

Coolly, *ad.* ધીમે રહીને. Calmly.

Coolie, *n.* (કૂલિ) હેલકારી, મજુર, કોળી. A porter, carrier.

Coop, *n.* (કૂપ) મરઘાં વિગેરે રાખવાનું પીંજરૂં-ઝાંપો *v.t.* પાંજરામાં પુરવું-ગોંધવું. A box for confining poultry, to confine in a box (L. *cubu tub*).

Cooper, *n.* પીપ બનાવનાર.

Co-operate, *v.i.* (કોઑપરેટ) સામેલ થવું -સહાય હોવું. To act jointly with others, to use mutual efforts to promote the same object (L. *con, opus* work).

Cooperation, *n.* કોઑપરેશન્) સામેલીઅત, સાહાય. Joint operation.

Coordinate, *a.* (કોઑડિનેટ) બરોબરીયું,

સરખુ. Being of the same rank (L. con, ordo I order).

Copal, *n.* ચંદ્રુસ. Rasin.

Coparcenary, *n.* (કોપાર્સેનરિ) સમભાગ, મજીયારો; વારસામાં સરખો ભાગ. Joint heirship. (L. *con, partior* I partake).

Copartner, *u,* (કોપાર્ટનર્)ભાગિયો, સહિયારી; A joint partner (L. *co, pars* a part).

Copartnership, } *n.* સહીયારૂં, પંત્યાળું.
Copartnery } „ Joint concern in business.

Cope. *n.* (કોપ) માથાનું ઢાંકણુ, છત; ઘુમટ *v.i.* લઢવું, બાથ ભીડવી. A cover for the head; *v.*to contend; to strive; to struggle.

Coping, *n.* પરછતી, દીવાલની પાળ ઉપરથી પાણી ઉતરવા કરેલો ઢળાવ; વરંડી.

Copious, *a.* (કોપિઅસ્) પુષ્કળ, બહુ. Abundant. (L. *copia* plenty).

Copper, *u.* (કૉપર્) તાંબુ (*a.*) તાંબાનું, તાંબાનું નાણું. (*v.t.*) તાંબાનાં પતરાં ચઢાવવાં-મઢવાં. A metal; coin made of copper; to cover with sheets of copper.

Coppersmith, *n.* કંસારો. One who works in copper.

Copperas, *n.* (કૉપરૅસ્) હીરાકશી. Green [vitriol.

Copse } *n.* ઝાડી. Thicket.
Coppice }

Copula, *n.* (કૉપ્યુલા) વાક્યને જોડનાર શબ્દ. The word which unites the subject aud predicate of a proposition. (L. *copula*).

Copulate, *v.i.* (કૉપ્યુલેટ) સંભોગ–મૈથુન કરવું. To cohabit; to have sexual intercourse.

Copulation, *n.* (કૉપ્યુલેશન્) સ્ત્રી પુરૂષ [સંભોગ, મૈથુન.

Copy, *v.t.* (કૉપિ) નકલ કરવી, ઉતારવું. *n.* નકલ; પ્રત; નમુનો. To write or print after an original; a transcript; one of the series of immitations. (L. *copia* abundance).

Copyist, *n.* (કૉપિઇસ્ટ) લેખક, લહીયો,ઉતારનાર. Transcriber.

Copyright, *n.* પોતાના કરેલા ગ્રંથને છપાવવા-વેચવાનો આગવો હક.

Coquet, *v.i.* (કોકૅટ્) લટકો કરવો. To trifle in love.

Coquette, *n.* લટકાવાળી સ્ત્રી. A woman who endeavours to win a man's heart.

Coral, *n.* (કૉરૅલ્) પરવાળુ, છોકરાંને રમવાનું રમકડું. A hard calcarious substance, red or black; a child's playing thing.

Cord, *n.* (કૉર્ડ) દોરડું, રાશ; દોરી; ફંદ; જાળ. *v.t.* દોરડાવતે બાંધવું. A string or small rope; a sinew; *v.* to fasten with a cord.

Cordage, *n.* દોરડાં.

Cordial,*a.* (કૉર્ડિઅલ્) ખરા દીલનું, અંતરનું. *n.* પુષ્ટી કારક ઔષધ. Heartly; invigorating; a medicine which increases the acion of the heart. (L. *cor* the heart).

Cordiality, *n.* ખરોભાવ-મન. Heartiness.

Cordon, *n.* (કૉર્ડન્) આબરૂ દાખલ મળેલી ફીત. A cord worn as a badge of honour.

Cordovan, (કૉરડૉવૅન્) એક પ્રકારનું તૈયાર કરેલું બકરાનું સ્પેન દેશનું ચામડું. Spanish leather.

Core, *n.* (કોર) ગાભો, ગર્ભ. The inner part of any thing. (L. *cor* heart).

Coriander, *n.* ધાણા, કોથમીર.

Cork, *n.* (કૉર્ક) બુચ, ડટ્ટો; બંધ. *v.t.* બુચ મારી બંધ કરવું. A stopper for a bottle; *v.* to stop with a cork (L. *cortex* bark).

Corkscrew, *n.* બુચ ઉઘાડવાનો સ્ક્રૂ.

Cormorant, *n.* એક જાતનું દરીઆઇ પક્ષી. A sea bird.

Corn *n.* (કોર્ન) દાણો, અનાજ, *pl.* આંટણ. *v.t.* મીઠામાં આથવું. A single seed of certain plants; grain of all kinds; a small hard induration on the toes; *v.* to cure by salting.

Corn-dealer, *n.* ફડીયો, કણિયો.

Cornea, *n.* (કૉર્નિયા) આંખની કીકી. The strong transparent membrane in the forepart of the eye.

Corner, *n.* (કૉર્નર્) ખૂણો, ભાગ. An angle, an enclosed space. (L. *cornu* horn).

Cornerstone, *n.* બે દીવાલ વચ્ચેનો ખુણા નો પથર.

Cornet, *n.* (કૉરનેટ્) એક જાતનું મ્હોડે વગાડવાનું વાજું. A wind instrument blown with the mouth. (L. *cornu* horn.)

Corollary, *n.* (કૉરૉલૅરિ) એક વાત ઉપર થી સિદ્ધ થયેલી બીજી વાત. Something added to a proposition demonstrated; a deduction (L. *corona* crown.)

Coronation, *n*, (કૉરોનેશન્) રાજ્યા ભિષેક. Solemnity of crowning a sovereign (L. *corona* crown.)

Coroner, *n.* (કારોનર્) અકસ્માત બનાવથી મુએલાં માણસની ચોકસી કરનાર અમલદાર. An officer who ascertains the cause of accidental deaths. L. *corona.*)

Coronet, *n.* (કૉરોનેટ્) મુગટ, તાજ A crown worn by noblemen.

Corporal, *n.* (કૉર્પોરલ્) લશ્કરી ટુકડીમાં નીચા દરજાનો બીન સનંદી અમલદાર; *a.* શરીર સંબંધી. A naval officer under the master-at-arms; (L. *caput* the the head;) *a.* relating to a body (L. *corpus* body.)

Corporate, *a.* (કૉરપોરેટ) જોડાયેલું, એ કરું થયેલું. Formed into a legal body.

Corporation, *n.* (કૉર્પોરેશન્) સનંદી સભા-મંડળી. A society empowered to transact business.

Corporeal, see Corporal.

Corps, *n.* (કૉર્) લશ્કરની ટુકડી. The body of troops.

Corpse, *n.* (કૉર્પ્સ) મુડદું, લાશ, લોથ. The dead body of a human being; carcass.

Corpulence *n.* } અતીશય જાડાપણું, દોં-
Corpulency „ } ગાઈ. Excessive fatness.

Correct, *a.* (કરેક્ટ) દુરસ્ત, ઠીક, વ્યાજબી, ખરૂં. *vt.* સુધારવું, દુરસ્ત કરવું; શિક્ષા કરવી. Accurate; precise; exact; punctual; *a.* to punish; to reform; to chastise (L. *corrigo* I correct).

Correction, *n.* (કરેકશન્) સુધારો, શિક્ષા; Act of correcting; amendation of faults; chastisement.

Correlation, *n.* (કોરીલેશન્) પરસ્પર સબંધ. Mutual relation (*con, re, latus* carried.)

Correlative *n.* પરસ્પર સંબંધનું. Having a mutual relation.

Correspond, *vi.* (કૉરેસ્પૉન્ડ) બેસતું-મળતું આવવું; કાગળ પત્રથી વ્યવહાર રાખવો. To answer one to another; to hold intercourse by sending & receiving letter.-ing *a.* મળતું, સરખું (*cou, respondeo* I answer.)

Correspondence, *n.* (કૉરેસ્પૉન્ડન્સ) પરસ્પર યોગ્યતા; પત્ર વ્યવહાર. Mutual adaptation of one thing to another; intercourse by letters.

Correspondent, *n.* (કૉરેસ્પૉન્ડન્ટ) આડતિયો, કાગળ-પત્રથી વ્યવહાર ચલાવનારો, ચરચા પત્રી. *a.* યોગ્ય, લાયક. Suitable: congruous.

Corridor, *n.* (કૉરિડૉર) છુટ, પરસાળ, ચાલી. A gallery running round a building. (L. *curro* I run.)

Corrigible, *u.* (કૉરિજીબલ્) સુધારવા જોગ; સજાનેપાત્ર. Liable to correction.

Corroborate, *v.t.* (કૉરૉબોરેટ) પુષ્ટિ-જોર-બળ આપવું, ટેકો આપવો; To strengthen greatly; to confirm; (L. *con, robur* strength.)

Corroboration, *n.* (કૉરૉબોરેશન્) પુષ્ટિ, મજબુતિ, ટેકો. Confirmation.

Corroborative, *a.* પુષ્ટિ-ટેકો આપે એવું. Tending to confirm.

Corrode, *vi.* (કૉરોડ) ઘસાઇ જવું, ધીમે ધીમે ખાઇ જવું. To eat away by degrees; to waste away; (L. *con, rodo* I gnaw.)

Corrosion, *n.* સડો, ખાત. Action of eating away by slow degrees.

Corrosive *a.* ઘસાઇ જાય તેવું, સડો કરે તેવું.

Corrugate, *vt.* (કૉર્યુગેટ) કરચલી પાડવી, ચાટા પાડવા. To wrinkle; to make full of wrinkles (L. *con, rugo* I wrinkle.)

Corrupt *a.* (કરપ્ટ) નઠારૂં, દુષિત, સડેલું, દુષ્ટ; *vi.* અપવિત્ર-નાપાક કરવું; ધાનત તોડાવવી; રૂશવત આપવી; નીચ-તુચ્છ-હલકુ કરવું. *vi.* કહોવું, સડવું, આચાર ભ્રષ્ટ થવું. Tainted; impure; *v* to break to pieces; to vitiate; to defile; to bribe; to falsify; (*con rumpo* I break.)

Corruptible, *a.* (કરપ્ટિબલ્) નાશવંત, બગડી જાય તેવું. Subject to decay or destruction.

Corruption, *n.* (કરપ્શન્) શળો, કહોલે પદાર્થ; પરૂ, પાચ; ભ્રષ્ટતા; લાંચ. Putrifaction; putrid matter; puss; pollution; bribery.

Corsair, *n.* (કૉર્સેર્) ચાંચીયો; ચોર વહાણ. A pirate, a cruiser; a rover (L. *curro* I run).

Corse, See Corpse.

Corselet, *n.* (કાર્સલેટ્) બખતર, શરીરના આગલા ભાગ ઉપર પહેરવાનું કવચ. A kind of armour worn on the front part of the body (L. *corpus* the body).

Cortege, *n.* (કૉર્ટેઝ) હાજર રહેનારાઓની ટોળી, મંડળ, પરિવાર. A train of attendants (L. *corte* court).

Cortical, *a.* ઉપરનું, છાલ છોલને લગતું. External, belonging to the bark (L. *cortex* bark).

Coruscate, *v.i.* (કૉરસ્કેટ) ઝળકવું, ઝબુક ઝબુક થવું. To throw off flashes of light; to gleam; to glitter (L. *corusco* I flash).

Coruscation, *n.* ઝબુકો, ઝળકાટ. Flash.

Corypheus, *n.* કૉરિફિયસ્) મુખી, આગેવાન. The chief or leader of a company.

Cosmetic, *a.* (કૉસ્મેટિક્) શરીરની ખુબસુરતી વધારે તેવું. *n.* અંગ રાગ. Adorning, improving beauty (G. *kosmos* order).

Cosmic, *a.* } બ્રહ્માંડ રચના સંબંધીનું
Cosmical, „ } Pertaining to the universe (L. *cosmos* the world).

Cosmogony, } આસૃષ્ટિનિ ઉત્પત્તિ વીગેરેની વિદ્યા. The
Cosmography, } science of the origin or creation of the world.

Cosmopolitan, *n.* } સર્વ લોકમિત્ર; અહલ
Cosmopolite, „ } ઇ જાહાન. A citizen of the world.

Cost, *n.* (કૉસ્ટ) મુળ, કિંમત, ભાવ, ખરચ; શ્રમ, તસ્દિ, નુકશાન. *v.t.* કીંમત લાગવી-પડવી-બેસવી. (law, *pl.*) કજીઆ મુકરદમાનો ખરચ. The amount paid for any thing bought, charge; expenditure; loss; expense of a

law suit. *v.* to be had at the price of (L. *con, sto* I stand).

Costal, *a.* (કૉસ્ટલ) શરીરના પાસા સંબંધી. (L. *costa* ribe).

Costermonger, *n.* (કૉસ્ટરમૉન્ગર્) મેવો વેચનાર, ફેરીયો. A hawker who sells any kind of fruit.

Costive, *a.* (કૉસ્ટિવ) બંધ-કબજ કોઠાનું. Constipated, bound in the body (L. *con, stipo* I cram).

Costly, *a.* (કૉસ્ટલિ) ઘણું મોંઘું-કિમતી. Of a high price; valuable; dear.

Costume, *n.* (કૉસ્ટયુમ) પહેરવેશ, પોશાક. Style of dress. (L. *consuetudo* habit).

Cot, *n.* } કૉટ્ { ઝુંપડું, ઝુંપડી, ખાટલો,
Cote, „ } કૉટ { A small house or hut, cottage; small bed.

Cottage, *n.* (કૉટેજ) ઝુંપડી. A hut, small habitation.

Cottager, *n.* ઝુંપડીમાં રહેનાર.

Cotemporaneous, } See Contem-
Cotemporary, } porary.

Coteric, *n* મીત્રોનું મંડળ, મેળાવડો. Familiar friends.

Cotton, *n,* (કૉટન્) રૂ; સુતરાઉ લુગડું-કાપડ; કાલું; કપાશીયો. Cloth made of cotton.–gin, કપાસ લોઢવાનો સંચો. –cleaner, પીંજારો.–wool, પીંજેલું રૂ. –press, રૂની ગાંસડી દાબવાનો સંચો.– mill, રૂ કાતવા વિગેરેનો સંચો.

Couch, *v.t.* (કાઉચ્) આરામ આપવો; કહી બતલાવવું ((આંખમાંથી મોતીઓ કહાડવો) *v.i.* બેસવું, સંતાઇ રહેવું; છુપાઇ રહેવું. વાંકુ વળવું, નમવું. *n.* કોચ, પલંગ; પથારી; પશુની બોડ. To lay down, to give rest to; to bend as under a burden. *n.* A place for rest or sleep; the lair of a beast (L. *con, loco* I place).

Cough, *n,* (કૉફ્) ઉધરશ, ખાંશી, ઉટાંટીયો. *v.i.* ઉધરશ ખાવી-ખેંખેં કરવું–ગલફો કહાડવો-પાડવો.(G.*kuchen* to breathe)

Coulter, See Colter.

Council, *n.* (કાઉન્સીલ્) મસલત કરનારાઓની સભા, મંડળી, પંચાયત, કચેરી. An assembly of men summoned for advice (L. *con, cis* I put in motion) Executive C, રાજ કારભાર ચલાવનારી મંડળી-સભા; Legislative C· કાયદા બાંધનારી મંડળી. Privy C, રાજાને રાજ કારભારમાં મદદ આપનાર ખાસ મંડળી.

Council-board, *n.* જે મેજ ફરતી મંત્ર સભા ભરાય તે. A table round which a council holds consultation.

Councillor, *n.* (કાઉન્સિલર્) સલાહકારી, સભાસદ. A member of the council.

Counsel, *n.* (કાઉન્સેલ્)સલાહ, મસલહત, વકિલ, પ્રતિનિધિ. *v.t.* સલાહ-મસલત આપવી. Advice, direction; an advocate; to advise; (L. *consulo* I consult).

Counsellor, *n.* સલાહકારી, મસલત આપનાર; મંત્રી. A member of a council; a legal adviser.

Count, *n.* (કાઉન્ટ) ઉમરાવનો ખેતાબ; અમીરની પદવી. *v.t.* ગણવું, સુમાર કહાડવો; માનવું. A title of nobility; *v.* to compute; to consider; (L. *con, puto* think).

Countenance, *n.* (કાઉન્ટીનેન્સ) ચેહેરો, સુરત, રૂપ, દેખાવ, મદદ; પુષ્ટી. *v.t.* મેહેરબાની-કૃપા-પુષ્ટિ કરવી. Look; aspect; visage; aid, favour; *v.* to favour; to encourage. (L. *con, teneo* I hold).

Counter, *n.* (કાઉન્ટર્) દુકાનમાં આગળથી મુકેલી ટેબલ; હીશાબ ગણવાનો ધાતુ કે લાકડાનો કકડો. *a.* ઉલટું, ઉંધુ A table on which goods are laid for examination; a piece of metal or wood used in reckoning; *a.* contrary.

Counteract, *v.t.* (કાઉન્ટરઍક્ટ) ઉલટુ ચાલવું, અટકાવવું; પ્રતિકાર કરવો. To act in opposition to; to prevent; to defeat. (L. *coutra, ago* I do).

Counteraction, *n.* અટકાવ, પ્રતિકાર. Hindrance.

Counter-balance, *u.* સમતોલ, સરખું વજન. *v.t.* બરાબર તોલવું, અવેજ વાળવો. Equal weight; to weigh against with an equal weight.

Counter-evidence, *n.* ઉલટી સાક્ષી.

Counterfeit, *v.*t. (કાઉન્ટરફીટ્) ખોટું-બનાવટથી કરવું, કૃત્રીમ-બનાવટનું કરવું. *v.i.* ઠગાઈ–ઢોંગ કરવો *a.* બનાવટનું કૃત્રિમ; *n.* ઠગારો,બનાવટ. To forge; to imitate; for deceiving; to feign. *n.* Fabricated; an imposter; im–mitation for deceit. (L *contra, facio* I do).

Countermand, *vi.* (કાઉન્ટરમૅન્ડ) ઉલટો હૂકમ કરવો, એક હુકમ રદ કરી બીજો કરવો, ઉલટો હુકમ. To revoke a former order; a revocation of a previous order (L. *contra mando* I order.)

Counter mark, *n.* એક ગાંસડી ઉપર એકથી વધારે કીધેલાં નીશાન.

Counter-pane, *n.* પલંગપોશ, ચાદર. Coverlet.

Counterpart, *n.* સામું અડધીયું, જોડ. Duplicate; copy.

Counterplea, *n.* રદ જવાબ. [lance.

Counterpoise, *n.* see Counter ba-

Countersign; *vi.* સાક્ષી કરવી, રજુઆત કરી સહી કરવી.

Counter-vail, *vt* ખંગ વાળવો. To equal; to compensate; (L. *contra, valeo* I am strong.)

Countess, *n.* (કાઉન્ટેસ્) કાઉન્ટનો ખેતાબ હોય તેની સ્ત્રી, The wife of a count or earl. [numerable.

Countless, *a.* અગણીત, બેસુમાર. In-

Country, *n.* (કન્ટ્રિ) દેશ મુલક, રાન. (Native) સ્વદેશ, વતન. (Foreign) પ્રદેશ *a* ગામડાનું, અસભ્ય; અજ્ઞાની. Region; territory; kingdom; the land of one's birth;rural; ignorant, (L. *con, terra* the earth.)

Country-man *n.* સ્વદેશી, દેશબંધુ. A fellow inhabitant of country.

County, *n.* (કાઉન્ટિ) પ્રાંત, દેશવિભાગ, પ્રગણું, માહાલ Shire; a district (L. *comes* compainion.)

Couple, *n.* (કપલ્) જોડ, જોડી, જોડું; સાંકળ. *vi.* જોડવું, મેળવવું પરણાવવું. A pair; a chain; a brace; to link together; to marry (L. *copula* a band.)

Cuplet; *n.* દોહરો, દુપાઈ. Two verses.

Courage, *n.* (કરેજ) મરદાનગી, બહાદુરી, હિંમત, ધૈર્ય. Intrepidity; strength of heart; dauntlessness (L. *cor* heart *ago* I do.)

Courageous, *n.* (કરેજ્યસ્) બહાદુર, શૂરો. Brave, heroic.

Courier. *u.* (કુરિઅર) જાસુસ, હલકારો; કાસદ. A running messenger; a travelling attendant (L. *curro* I run.)

Course, *n.* (કોર્સ) દોડધામ, અનુંક્રમ; જવું તે, ગમન, ગતિ; રસ્તો, માર્ગ; રાહ, ધારો. સરત, ફેરો. *vt* શીકાર કરવો પાછળ દોડવું. જલદી દોડવું. *of c.* અલબત, બેશક; મુકરર; A running; a flight; passage, journey, voyage; root; track; *v.*to hunt, to run after, to cause to run; L. *curro* I run.)

Courser, *n.* શીકાર કરનાર, લડાઈનો ઘોડો, શરતનો ઘોડો. A hunter, a runner; a swift horse; a war horse.

Court, *n.* (કોર્ટ) રાજમંદીર, દરબાર, કચેરી, ન્યાયાધીશ; ચોક; ખુશામત. *v.t.* પરણ-

વાની માગણી કરવી, ખુશામત કરવી. The residence of a king; the place where judges assemble; a seat of justice; an inclosed space; flattery; to woo (L. *cohors* an inclosure).

Courteous, *a.* (કોર્ટિયસ્) સભ્ય, લાયક. Polite, complaisant.

Courtesan, *n.* (કોર્ટિઝેન્) વેશ્યા, રાંડ. Prostitute.

Courtesy, *n.* (કોર્ટસિ) ભલમનસાઇ; રહેમીયત, સભ્યતા. Politeness, indulgence.

Courtier, *n.* દરબારી માણસ.

Court-martial, *n.* (કોર્ટ-માર્શલ્) લશ્કરી અદાલત. A court for trying offences committed by military men.

Courtship, *n.* પરણવા સારૂ સ્ત્રીને કરેલાં કાલાંવાલાં. Wooing.

Courtyard, *n.* કોર્ટયાર્ડ ઘરને ફરતો વાડો-ચોક. Inclosure round a house.

Cousin, *n.* (કઝિન્) પિત્રાઇ, મામા માશીનાં કે કાકા ફોઇનાં છોકરાં. A kinsman or blood relation. (L. *con, sanguis* blood).

Cousin-German, *n.* મામા ફોઇનો-કાકાકાકીનો ભાઇ કે બેહેન.

Cove, *n.* (કોવ) એકાંત ખૂણો, ખાડી. A retired nook; an inlet.

Covenant, *n.* (કવેનન્ટ) કરાર, કોલ, બોલી. *v.t.* કોલ કરાર કરવો. A contract, compact; bargain; to agree; to stipulate (L. *con, veneo* I come).

Covenanter, *n.* કરાર-બોલી કરનાર. One who contracts.

Cover, *n.* (કવર્) ઢાંકણુ, ચાદર, પડદો, પરબીડું. *v.t.* ઢાંકી દેવું, પાથરવું, કપડાં પહેરવાં; આશ્રય આપવો, પાણીમાં ડુબાવવું; નરમાદાને સોબત કરાવવી. Envelope; lid; disguise; to secret; to defend; to clothe; to wrap up (L. *con, operio* I cover).

Covering, *n.* વસ્ત્ર, કપડાં; આચ્છાદન. Clothing, dress.

Coverlet, *n.* (કવરલેટ્) ચાદર, પલંગપોશ. Cover for a bed. (L. *lectus* bed).

Covert, *a.* (કવર્ટ) છુપુ, ગુપ્ત; *n.* ઓઠું, ઝાડી; જંગલમાં ભરાઇ બેસવાની જગા. *feme c.* ધણીને આધીન પરણુત સ્ત્રી. Covered, secret; sheltered; a thicket; a shady place.

Coverture, ભરથાર ઉપર સ્ત્રીનું આશ્રીતપણું. Legal state of a married woman.

Covet, *v.t.* (કવેટ્) લાલચ-લોભ કરવો. To wish or long for, to hanker after; to have an earnest desire (L. *con, voveo* I wish for).

Covetous, *a.* (કવેટસ્) લાલચું-લોભી. Eager to obtain, avaricious.

Covey, *n.* (કવિ) પક્ષીઓનું ટોળુ. A hatch of birds (L. *cubo* I lie down).

Cow, *n.* (કાઉ) ગાય. *v.t.* દબાવવું, ધમકાવવું. The female of a bull; *v.* to depress with fear.

Coward, *n.* (કાવર્ડ) બાયલો, નામરદો, બિહિકણુ. A person who wants courage.

Cowardice, *n.* (કાવર્ડિસ) બાયલાપણું, બીહીકણપણું. Want of courage.

Cower, *v.i.* (કાઉઅર્) ઢુંટીઆંવાળીને-બીકથી-દબાઇને બેસવું. To crouch, to sink by bending the knees.

Cowherd, *n.* ગોવાળીયો, રબારી.

Cowhide, *n.* ગાય કે બળદનું ચામડું.

Cowhouse, } Cowpen, } Cowshed, } ગોશાળા, ગાયો પૂરવાનો વાડો.

Cowpox, *n.* (કાઉપૉક્સ) ગોશીતળા, સહીયડ. The vaccine disease.

Cowl, *n.* જોગીનો પહેરવેશ. A monk's hood.

Coxcomb, *n.* (કૉક્સકોમ) અક્કડબાજ, છસકી, ફાંકડો. A fop, a vain showy fellow.

Coy, *a.* (કૉય) શરમાળ, એકદમ હળે નહીં તેવું. Modest, bashful.

Cozen, *v.t.* (કઝેન્) ફોસલાવવું, ઠગવું. To cheat, to defraud.

Crab, *n.* (ક્રૅબ્) કાચબો, કર્ક, કરચલો; રીસાળ માણસ. A crustacious fish with strong claws; a pewish man.

Crabbed, *n.* કરડા મીજાજનું, કઠોર; અઘરૂં, કઠણ. Rough; pewish; difficult.

Crack, *vi.* (ક્રૅક્) ફાટવું, તરાડવું, *vi.* See brag, *n.* ફાટ, સાંધ, કડાકો. *a* ઉંચું, હોંશીયાર. To rend, to snap; to split; a crevice; a sharp vehement sound, *a.* of superior excellence.

Crrckbrained, *a.* માથાનો ફાટેલો-મગજનો ખશેલો. Crazy.

Cracker, *n.* ફટાકો, ટેટો, *n* સુડી. A small firework.

Crackle, *vi.* (ક્રૅકલ) તડતડ થવું. To make small abrupt noises.

Crackling *a.* } તડતડતું; તડતડાટ. The
Cracking „ } making of small abrupt noises.

Cradle *n.* (ક્રેડલ) પારણું, ઘોડીયું, પાલક, ઝોળી. *vi* બચ્ચાને પારણામાં હીંચકા નાંખવા. A small car; a moveable bed for rocking children; to quiet.

Cradle-clothes, *n.* બાળોતિયાં.

Craft, *n.* (ક્રૅફ્ટ) કળા, ચતુરાઇ, હુન્નર, ધંધો; કાવો દાવો; કપટ; છળ; વહાણ, હોડી, મછવો. Ability; act. skill; artifice guile; a vessel or a boat.

Craftiness, *n.* ખંદાઇ, પક્કાઈ. Artfulness.

Craftsman, *n.* (ક્રૅફ્ટસ્મૅન) કારીગર, શિલ્પી. Artificer.

Crafty, *a.* કપટી, ખંદુ. Cunning artful.

Crag, *n.* (ક્રૅગ્) ખડક, કરાડ, ભેખડ. A steep rugged rock

Craggy, *a.* (ક્રૅગિ) કરાડા,-ખડકવાળું. Full of crags.

Cram, *vi.* (ક્રૅમ્) ઠસાવી ભરવું; ચાંપીચાંપીને મવડાવવું. *vi* અકરાંતીયાપણે ખાવું. To thrust in by force; to stuff, to crowd; to eat greedily.

Cramming, *n.* મ્હોડે ગોખી રાખવું તે.

Cramp, *n.* (ક્રૅમ્પ) ઇસ્ક્રૂવાળી ચાંપ; પ્રતિબંધ; તાણ; આંકડી. *vi* આંકડી આવવી, ગોટલા ચડવા; સંકોચવું. Restriction; a spasmodic contraction of a limb or muscles; to restrain; to pain and affect with spasm.

Crane, *n.* (ક્રેન) બગલો, સારસ; ડક્કા ઉપરથી માલ ઉચકી લેવાનો સાંચો. A migratory bird; a machine used for raising and removing great weights.

Cranium, *n.* (ક્રેનિયમ) માથાની ખોપરી, કપાળ. The skull of an animal (G. *kranion* skull.)

Crank, *n.* (ક્રૅન્ગ) વલણ; આંટ. વાંક; દ્વિઅર્થી બોલી; *v* વાંકુ વળવું, મરડાવું. Any thing bent or turned.

Cranny *n.* (ક્રૅનિ) તરાડ, ચીર, ફાટ; બાકું. A chink; a hole (L. *crenà* a notch.)

Crape, *n.* (ક્રેપ) કાચા રેશમનું કપડું. A thin transparent stuff of raw silk. (L. *crispus* curled.)

Crash, *n.* (ક્રૅશ) ધડાકો. *vi* ધડાકો થવો; ભાગી તડુડભુસ થવું. The sound produced by the act of crushing; to make the loud sound.

Crate, (ક્રેટ) ચીનાઇખાનુ ભરવાનો કંડીયો. A wicker work.

Crater, *n.* (ક્રેટર્) જ્વાળા મુખી પર્વતનું મ્હોડું. The mouth of a volcano. (L. *krater*, a bowl.)

Craunch, *vi.* બચડબચડ ચાવવું. To crush with the teeth.

Cravat, *n*, ગળેબંધ, ગળપટ્ટો. A kind of neck cloth.

Crave, *vt.* (ક્રેવ) કાલાવાલા કરીને માગવું; વખવખ કરવું. To ask with earnestness; to beseech,

Craven, *a.* (ક્રેવન્) નામરદ, નાહિંમત, બાયલો. A coward; weak-hearted.

Craving, *n.* અતિઉત્કંઠા; તૃષ્ણા. Urgent desire.

Craw, *n.* મરઘીની હોજરી, સાતપડો. The first stomach of fowls.

Crawl, *vi.* (ક્રૉલ્) પેટે ઘુંટણીયે ચાલવું; ચોરની પેઠે ભરાતાં ચાલવું. To creep; to advance slowly; to move about steathily.

Crayon, *n.* (ક્રેયૉન્) ચિત્ર શલાકા; A peice of drawing pencil (L. *creta* chalk.)

Craze, *vt.* (ક્રેઝ) નબળું-કમજોર કરવું; ગાંડુ ઘેલું કરવું. *n* વહેમ; ગાંડાઇ; To crush; to impair; to render insane;

Crazy, crazed, *a.* દુબળ, ચસ્કેલું ગાંડુ; ઘેલું; Crushed; broken; deranged; insane.

Creak, *vi.* (ક્રીક) કરકર વાગવું, અવાજ થવો. To make a sharp grating sound.

Cream, *n.* (ક્રીમ્) મલાઈ; સારાંશ; તત્વ; The oily part which forms a scum on the surface of milk; the best part of any thing.

Crease; *n.* (ક્રીઝ) કોઇ વસ્તુને વાળવાથી પડેલી સળ-લીટી. A line made by folding any thing.

Create, *vi.* (ક્રીએટ) ઉત્પન્ન-પેદા કરવું; સમજવું; નીરમાણ કરવું; બનાવવું. To beget; to produce (L. *creo*, I form.)

Creation, *n.* (ક્રીએશન્) સૃષ્ટિ, જગત, ઉત્પત્તિ. The world; universe; act of creating.

Creative, *a.* (ક્રીએટિવ) ઉત્પન્ન કરવાની શક્તી વાળું. Having the power to create

Creator, *n.* (ક્રીએટર્) સરજનાર, ઉત્પન્ન કરનાર, સ્રષ્ટા. A producer, that which creates.

Creature, *n.* (ક્રીચર્) ઉત્પન્ન કરેલી વસ્તુ; પ્રાણી; જીવ; આશ્રિત. That which is created; a living being; a dependant.

Credence, *n.* (ક્રીડેન્સ) વિશ્વાસ, ભરોંસો; પ્રતીજ. Trust, confidence; reliance (L. *credo* I believe).

Credenda, *n. pl.* વિશ્વાસ, વિષય.

Credentials, *n.* (ક્રીડેન્શલ્ઝ) મુખત્યારનામું; દસ્તાવેજ. Letters of power given.

Credibility, *n.* (ક્રેડિબિલિટિ) વિશ્વાસ, ઈતબાર. State or quality of being credible (L. *credo*, I trust.)

Credible, *a.* (ક્રેડિબ્લ્) ભરોંસો રાખવા લાયક. Worthy of credit or belief.

Credit, *n.* (ક્રેડિટ્) આબરૂ, ભરોંસો, પત, શાખ; વજન; ભારબોજ. *v.t.* ખરૂં માનવું -જમે માંડવું; ઉધાર વેચવું. Trust, reliance; confidence; honour; to trust; to believe; to procure credit to; to enter upon the credit side (L. *credo*).

Creditable, *a.* આબરૂદાર, ભરોંસેદાર. Reputable.

Creditor, *n.* (ક્રેડિટર્) લેહેણદાર, માગનાર; One who gives credit or to whom a sum of money is due.

Credulity, *n.* (ક્રેડ્યુલિટિ) ભોળાપણું, સાદુદીલ. Disposition to believe on slight evidence. [deceived.

Credulous, *n.* ભોળું, કાચા કાનનું. Easily

Creed, *n.* (ક્રીડ્) માર્ગ, પંથ; કાયદો, કાનુન; Any system of principles.

Creek, *n.* (ક્રીક્) ખાડી; વાંક, વલણ. A small inlet of the sea; a winding

Creep, See Crawl.

Creeper, *n.* (ક્રીપર્) વેલ, વેલો. Tha. which creeps; a plant; a reptile.

Cremation, *n.* (ક્રીમેશન્) દહન, મડદાં બાળવાં તે. (place of) સ્મશાન. The burrying of the dead (L. *cremo* I burn.)

Creole, *n.* (ક્રીઅલ) યુરોપીઅન ઓલાદનો દક્ષિણ અમેરિકાનો વતની. A native of the West Indies and Spanish America descended from European parents.

Crepitation, *n.* (ક્રિપિટેશન્) તડતડ થઈને કડાક ફાટવું તે. A small crackling noise (L. *crepo* I crack.)

Cresent, *n.* (ક્રેસેન્ટ) બીજનો ચંદ્ર; નવ ચંદ્ર કળા. The moon in her state of increase, (L. *cresco* I grow.)

Cress, *n.* (ક્રેસ્) તીખી ભાજી A plant.

Cresset, *n.* દીવાદાંડી ઉપર મુકેલી રોશની. An open lamp in a lighthouse.

Crest, *n.* (ક્રેસ્ટ) માજર, કલગી; ફેણ; તાજ; ટોચ; અભીમાન. *vt.* છોગું-કલગી મુકવી. A tuff on the head of certain birds; the helmet; the top; pride (L. *crista* a cock's comb.)

Crested, *a.* તાજદાર, કલગીવાળું. Wearing a crest. [Dejected.

Crest-fallen, *a.* નાઉમેદ, આશાભંગ.

Crevice,*n.*(ક્રેવિસ) ચીર, ફાટ,તરડ. Crack, cleft; cranny. (L. *crepo* I crack).

Crew, *n.* (ક્રુ) ખલાસી, જમાત, મંડળી. Sailors; a throng; a gang;

Crib, *n.* (ક્રિબ્) ઢોરની ગમાણ; તબેલાનો કચરો *vi.* પીંજરામાં પુરવું; ચોરવું. The manger of a stable; to shut up in a cage; to pilfer.

Crick, *n.* (ક્રિક્) ચસક; રહી ગયેલી ગરદન. A local spasm; the stiffness of the neck.

Cricket, *n.* (ક્રિકેટ્) તમરૂ; દડાની રમત. A play in which balls are struck with a bat.

Crier, *n.* (ક્રાયર) રડનાર; ઢંડેરો પીટનાર; કોરટમાં પોકારનાર. One who makes proclamation.

Crim-con, પરસ્ત્રી સાથે કીધેલો વ્યભિચાર.

Crime, *n.* (ક્રાઇમ) પાપ, ગુન્હો, તકશીર. (capital,) દેહાંત. દંડનો ગુન્હો. An offence, (L. *crimen.*)

Criminal, *n.* (ક્રિમિનલ્) ગુન્હેગાર, અપરાધ, *a* તકસીરવાન, સાપરાધી; ફોજદારી. An offender; culprit; guilty; wicked; atrocious; abandoned;

Criminality, *n.* સાપરાધતા; અપરાધ, દોષ. Guiltiness.

Criminate, *vt.* (ક્રિમિનેટ) ગુન્હેગાર ઠરાવવું. To allege to be guilty.

Crimson, *n.* (ક્રિમ્ઝન્) કરમજી રંગ; કરમજ *vt.* કરમજી રંગ કરવો. A very deep red colour; to tinge with red.

Cringe, *vi.* (ક્રિન્જ) ખુશામત કરવી. To flatter

Cripple, *n.* (ક્રિપ્લ્) લંગડું; પાંગળું; *vi.* લંગડુ-લૂલું કરવું. A lame person; to make lame.

Crisis, *n.* (ક્રાઇસિસ્) અણીનો વખત; બારીક સમય. A critical time or turn. (G. *krisis.*)

Criterion, *n.* (ક્રાઇટીરિયન્)પરિક્ષા; કસોટી; ગુણદોષ-લક્ષણ. A measure; a test; a standard of judging. (L. *krino* I judge.)

Critic, *n.* (ક્રિટિક્) ગુણદોષ જોનારૂં, પરિક્ષક; One skilled in judging of the merits of the literary works.

Critical, *a.* (ક્રિટિકલ) બારીક, ચોકસ; અણીના વખતે આવેલું. Capable of judging; nicely judicious; decisive.

Criticise, *v.t.* (ક્રિટિસાઇઝ) ગુણ દોષ કાઢવા, ટીકા કરવી. To animadvert.

Criticism, *n.* (ક્રિટિસિઝમ્) વિવેચન; ગુણ દોષ કહાડવા તે. Act of criticising, critical examination.

Critique, *n.* (ક્રિટિક્) વિવેચન, ટીકા. Critical examination, a review.

Croak, *v.i.* (ક્રોક્) કાગડા, દેડકાંના જેવો અવાજ કરવો. *n.* ગણગણાટ; બડબડ. To make a low hoarse noise in the throat; to grumble.

Croaker, *n.* બડબડનાર. A grumbler.

Crocas, Crocus, *n.* કેસર.

Crock, *n.* (ક્રૉક્) માટીનું વાસણ. An earthen vessel.

Crockery, *n.* (ક્રૉકરિ) માટીનાં હલકી જાતનાં વાસણ. Earthenware.

Crockodile, *n.* (ક્રૉકોડાઇલ) મગર, સોસવટ. A large reptile.

Croft, *n.* (ક્રૉફ્ટ) નાનું વાડબંધ ખેતર. A little inclosed farm. [woman.

Crone, *n.* (ક્રોન) ડોશી, વૃદ્ધ સ્ત્રી. An old

Crony, *n.* (ક્રોનિ) જીવજાન મીત્ર An inmtiate companion.

Crook, *n.* (ક્રુક્) વાંક, વલણ, વાંકી લાકડી, ડાંગ; *vi.* વાંકુ વાળવું, મરડવું. A hook; a bend or turn; a staff; *v.* To bend; to curve. [wry.

Crooked, *n.* વાંકુંચુંકુ, વળેલું. Bent, a-

Crop, *n.* (ક્રૉપ) ઉપજ, પાક; મ્હોશમ; *vi.* છાંટી નાંખવું, કાતરી લેવું. *vi.* નીપજવું; પાક ઉતારવો. A cluster; ears of corn; harvest; to cut off the ends of; to reap;

Cross, *a.* (ક્રૉસ્) આડું, પ્રતિકુલ; ચીડીયું, *n.* ખલેલ, વિઘ્ન; ક્રૂસ(†) વધસ્તંભ; *vt.* આડો છેકો મારવો; હરકત કરવી; વાંધો નાંખવો, પાર જવું, ઓળંગી જવું. Opposite; perverse; a gibbet; an ensign of Christian religion; to put athwart; to cancel; to pass from one side toward the other, (L. *crux*, a cross.)

Cross-bite; ઠગાઈ; (C. bow) ગલેલ.

Cross-examin, *v.t.* (ક્રૉસ-ઍકઝામિન) ઉલટ પાલટ તપાસ કરવી.(Examination) ઉલટ પાલટ તપાસ.

Cross-grained, *a.* આડાઅવળા રેશાવાળું Having irregular fibres. (road) આડો રસ્તો. (wise) આડું, ત્રાંસુ.

Crotchet, *n.* (ક્રૉચેટ્) તુરંગ, લેહેર. A crooked perverse fancy.

Crotchetty, *a.* તુરંગી, આપમતીયું. Whimsical.

Croton-oil, *n.* જમાલગોટાનું તેલ.

Crouch, *v.i.* (ક્રાઉચ્) દબાઇ જવું, પગેપડવું, નમવું; ખુશામત કરવી. To cringe; to stoop meanly; to fawn.

Croup, *n.* (ક્રૂપ્) જીનની પાછળનો ઘોડાની પીઠનો ભાગ. The buttock of a horse

Crow; *n.* (ક્રો) કાગડો, કાગ રૂપિ (મશ્કરીમાં) *v.i.* કૂકડી કૂક કરવું; બડાઇ હાંકવી. A black carnivorous bird; to utter sound of a cock; to brag;

Crowd, *n.* (ક્રાઉડ્) ગરદી, ભીડ, ટોળું. *vi* ગરદી કરવી, ભીડ થવી; ચંપાઇ જવું. *vt* ખીચોખીચ ભરવું. Throng; multitude, swarm; to press together in numbers; to encumber by multitude; to fill by pressing together.

Crowded, *n.* ખીચોખીચ ભરેલું, ભચડાતું.

Crown. *n.* (ક્રાઉન્) મુગટ, તાજ, સરકાર, રાજા, શીખર; મથાળું; તાળવું, અઢી રૂપીયાનું નાણું. *vt.* તાજ પહેરાવવો, આબરૂ, દરજ્જો આપવો; A garland; wreath; the sovereign; diadem worn by kings; to invest with a crown; (L. *corona* crown.)

Crucial *a.* (ક્રુશિઅલ્) છેદીને જવું. Passing across; transverse. (L. *crux* a cross.)

Crucible, *n.* (ક્રુસિબ્લ) ધાતુઓ વીગરે ગાળવાની કુલ્લી. An earthen pot for melting metals.

Crucifix, *n.* (ક્રુસિફિક્સ) ઇસુખ્રિસ્તીને સુસુળીએ ચઢાવ્યો હતો તે. A cross with figure of christ crucified upon it (L. *crux*, *figo* I fix.)

Crucify, *v.t.* (ક્રુસિફાઇ) ક્રસ ઉપર ચઢાવી ફાંસી દેવું; વશ કરવું-મારવું. To put to death; to subdue; to mortify.

Crude, *n.* (ક્રુડ) કાચું, નહી પાકેલું, અધુરૂં. Raw; immature; unformed (L. *crudus* bloody.

Crudity, *n.* જે કાચું હોય તે.

Cruel, *a.* (ક્રુઅલ્) નીર્દય, ઘાતકી; ક્રુર, જુલમી, દુ:ખદાયક. Merciless, brutal, severe, ferocious. (L. *crudus* bloody.)

Cruelty, *n.* (ક્રુઅલ્ટિ) ક્રુરતા, કઠોરપણું, નિર્દયતા. Inhumanity, brutality.

Cruet,, *n.* (ક્રુએટ) સરકો તેલ વીગેરે ભરવાની સીસી. A vial; glass bottle for holding vinegar, oil &c.

Cruise, *v.i.* (ક્રુઝ) દુશ્મનનાં વહાણ પકડવા દરીયામાં ફરવું To sail hither and thither; to rove for plunder.

Cruriser,; સમુદ્રમાં ફરનાર વહાણ. A ship that cruises.

Crumb, *n.* (ક્રમ્) રોટીનો ટુકડો-ભૂકો. A small fragment of bread or food.

Crumble, *v.t.* (ક્રમ્બલ) ભુકો ચુરો કરવો *vi.* ભુકો-ચુરો થવો. To divide into minute parts; to fall into small pieces.

Crumple, *vi.* (ક્રમ્પલ્) સળ પાડવા, કરચોળી વળવી; સંકોચાવું. To press into wrinkles; to contract.

Crupper, *n.* (ક્રપર) દુમચી. A strap to keep a saddle right.

Crusade, *n.* (ક્રુઝેડ)જુડીયા દેશ છીનવી લેવા યુરોપના ખ્રીસ્તીઓએ કરેલી ચઢાઈ. A military expedition against the Infidels of the holy land. (L. *crux* cross.)

Crusader, *n.* પાલેસ્ટાઇનની લડાઈમાં જનાર. One employed in a crusade.

Crush, *v.t.* (ક્રશ્) કચરી નાખવું, જમીન દોસ્ત કરવું, જુલમ ગુજારવો, *n.* જોર ભર ધડાકો. To press and bruise; to prostrate; to oppress; a violent collision.-ing. *a.* ચગદી નાખે-જુલમ કરે એવું

Crust, *n.* (ક્રસ્ટ) પોપડો, કોટલું; *v.t.* કઠણ પડ કરવું; કપોટી બાઝવી. A shelly covering; to cover with a hard case (L. *crusta.*)

Crustana, *n.* કાચબા, કરચલાં.

Crusty, *a.* પોપડાવાળું, કઠણ. Having a crust; hard.

Crutch, *n.* (ક્રચ્) લંગડા માણસની લાકડાની ઘોડી. A staff with a cross piece to support the lame.

Cry, *v.i.* (ક્રાઇ) બુમ પાડવી, પોકાર મારવો; રડવું *v.t.* જાહેરખબર આપવી; ઢંઢેરો પીટવો, *n.* બુમ પોકાર; બરાડો; શોર; રૂદન; ઢંઢેરો To utter a loud voice as of weeping; to name loudly and publicly; to proclaim; *n.* loud utterance; scream; yell; public advertisement;-er, *n,* પોકારનાર.

Crypt, *n.* (ક્રિપ્ટ) જમીન નીચે ભોંયરૂં-ગુફા. A subterranean cell or cave.

Crystal, *n.* (ક્રિસ્ટલ્) પાસાદાર સપાટી અને ખુણાવાળો કોઈ પણ પદાર્થ; સવેથી સરસ કાચ, બીલોરી; સ્ફટિક. A regularly shaped transparent mass of quartz; a superior kind of glass.

Crystalise, *v.i.* *v.i.* પાસાદાર આકૃતી આપવી-વાળું થવું. To make or form into crystals.

Cub, *n.* (કબ) ચોપગા જનાવરનું બચ્ચું. A young of certain quadrupeds.

Cube, *n.* (ક્યુબ) ઘન, ઘનાકૃતિ (root) ઘનમૂળ *v.t.* ઘન કરવું. A solid square; to raise to the third power; (G. *kubos,* a cube).

Cub, *a.* } ઘન, ઘનાકાર.
Cube „ }

Cubeb, *n.* (ક્યુબેબ્) ચીનીકબાલા. A small spicy berry.

Cubit, *n.* (ક્યુબિટ્) (ભરતનો) હાથ. A fore arm. (L. *cubitum* elbow.)

Cuckold, *n.* (કકોલ્ડ) છીનાળનો ધણી, ભડવો; ભડવો કરવો. The husband of an adulteress.

Cuckoo, *n.* (કકૂ) કોયલ, કોકિલા. A well-known bird deriving its name fromits note.

Cucumber, *n.* (ક્યુકમ્બર્) કાકડી ખીરૂં. A plant.

Cud, *n.* (કડ્) વાગોળ, વાગોળવું તે. That which ruminating animals chew at leisure.

Cuddle, *v.i.* (કડલ્) સંતાઈ-ભરાઈ રહેવું. *v.t.* ભેટવું, લાડ કરવા. To hide; to hug; to fondle.

Cudgel, *n.* (કજેલ્) સોટો, લાકડી, ધુંધું. *v.t.* સોટાથી મારવું-ઝુડવું. A short thick stick to beat with; a club to beat.

Cue, *n.* (ક્યુ) પુંછડું, છેડો, લાંબો અંબોડો; ઈશારો, સુચના. A long roll of hair; a catchword; a hint.

Cuff, *n.* (કફ) ધોલ, લપડાક, તમાચો. *v.t.* લપડાક મારવી. A blow with the hand; a stroke; a box; to beat; to scuffle.

Cuirass, *n.* ગળાથી કેડ લગીનું બખતર. Breast plate.

Culinary, *a.*(ક્યુલિનરિ) રસોડા વિશેનું Relating to the kitchen (L. *culina* kitchen.)

Cull, *v.t.* (કલ્) વીણવું, ચુંટી કહાડવું. To pick out; to select from many. (L *con, lego* I gather.)

Culminate, *v.i.* (કલમિનેટ્) ટોચે પહોચવું, માથા ઉપર આવવું. To reach the summit; to be vertical. (L. *culmen* top.)

Culminating, *a.* સઉથી ઉંચું આવેલું.

Culpable, *a.* (કલપેબલ્) તકશીરવાન, ગુનેગાર; દોષવાન. Faulty, blameworthy, censurable, criminal (L. *culpa* fault).

Culprit, *n.* (કલ્પ્રિટ્) તહોમતવાળો,-કેદી; ગુનેગાર ઠરેલો પુરૂષ. An accused person; a criminal.

Cultivate, *v.t.* (કલટિવેટ) ખેડવું, ખેતીવાડી કરવી, પાક ઉત્પન્ન કરવો; સુધારવું. To till; to raise by tillage; to improve; to refine by correction; to study. (L. *colo* I till).

Cultivation, Culture, *n.* ખેતી, કેળવણી, સુધારો, ,, વૃદ્ધિ. Tillage; improvement; advancement.

Cultivator, *n.* (કલટિવેટર્) ખેડુત, કણબી. A farmer; one who cultivates.

Culvert, *n.* ((કલવર્ટ) ધડનાળું. A passage under a road. (L. *con, aperio* I open).

Cumber, *v. v.t.* (કમ્બર્) ભાર ભરવો, ભારે મારવું. To trouble; to embarrass, to load; to obstruct. (L. *cumulus* a heap).

Cumbersome, Cumbrous, *a.* ભારે મારે એવું-અડચણ ભરેલું. Burdensome, troublesome.

Cumin-seed. *n.* જીરૂ.

Cumulative, *n.* ઉત્તરોત્તર વધે તેવું. Augmenting (L. *cu* curl *mulus* a heap)

Cunning, *a.* (કનિંગ) ખંધું, પક્કુ, લુચ્ચુ, કાવતરાંખોર, પેચવાળું. *n.* હીકમત, ચતુરાઈ, ખંધાઈ. લુચ્ચાઈ. Artful, astute, deceitful, subtle. *n.* stratagem; craft; deceit.

Cup, *n.* (કપ્) પ્યાલો, વાડકી, જામ; પંચપાત્ર. *v.t.* રૂમડી મુકવી, વહેતુર મુકવાં. A small vessel; a draught; to draw blood by a cupping glass.

Cup-bearer, *n.* દારૂ રેડનાર. An attendant at a feast.

Cup-board, *n.* (કપ્બોર્ડ) કબાટ, હાટડું. A case with shelves for plates, cups &c.

Cupel, *n.* સોનું રૂપું ગાળવાની મુસ. A small cup used for refining metals.

Cupid, *n.* (ક્યુપિડ્) કામદેવ, મદન. God of Love. (L. *cupido* desire).

Cupidity, *n.* અતિ કામનાલોભ. Covetousness, eager desire.

Cupola, *n,* (ક્યુપોલા) ઘુમટ, કળસ. A dome. (L. *cupa* a tub).

Cur, *n.* (કર્) હલકી જાતનું કુતરૂં. A common dog.

Curable, *a.* (ક્યુરેબલ્) ઈલાજ થઇ શકે તેવુ That may be cured.

Curate, *n.* (ક્યુરેટ) ધર્મ, ગુરૂ, પાદરી. A clergyman. (L. *cura* care).

Curative, *a.* મટાડે તેવું.

Curator, *n.* (ક્યુરેટર્) જાળવનાર, રખવાળ. One who has the care of any thing (L. *cura* care).

Curb, *n.* (કર્બ) કડી, લગામ, અંકુશ ; દાબ. *v.t.* કબજામાં રાખવું. Restraint; *v.* to control; to check. (L. *curvo* I bend).

Curd, *n.* (કર્ડ) ઝામેલું દુધ ; *pl.* દહી. The thickened part of milk formed into cheese.

Curd, } *v.* ઝામી જવું, બંધાઇ જવું. To
Curdle, } congeal; to coagulate.

Cure, *n.* (ક્યુઅર) ઇલાજ ; ઉપાય ; પાદરીનું કામ ; દવાદારૂ. *v.t.* સારૂં કરવું ; મીઠું પાઇ રાખી મુકવું. A remedy ; care of souls ; spiritual charge ; to heal; to remove as a disease; to pickle. (L. *cura* care).

Curfew, *n.* (કરફ્યુ) દેવતા હોલવવાની સુચના આપનારો વિલાયતમાં પ્રથમ ઘંટ હતો.

Curiocity, *n.* (ક્યુરિઑસિટિ) જીજ્ઞાસા, નવાઈની વસ્તુ, કૌતુક. Inquisiteveness; an object of curiosity. (L. *cura* care).

Curious, *a.* (ક્યુરિઅસ્) ચમત્કારી, નવાઇ જેવું, બારીક. જાણવાને આતુર. Strongly desirous to see what is novel; accurate; careful; awakening surprise.

Curl, *v.t.* (કર્લ) ગુચ્છા વાળવા, વાળવું ; બીંદડી કરવી. *v.i.* ગુચ્છા વાળવા. *n.* ગુચ્છો, ગુછળું, વાંકડી. To form into ringlets; to ripple; to curl itself; a ringlet of hair; winding, twist.

Currant, *n.* (કરૅન્ટ) કાળી સુકી દ્રાક્ષ-મેવો. A small kind of dried grape.

Currency, *n.* (કરૅન્સિ) ચલણ ; ચલણી પઈસો-સિક્કો ; ખ્યાતી. Circulating medium; the aggregate of coins, notes &c. in circulation. (L. *curro*)

Current, *a.* (કરેન્ટ) ચાલતું, સાધારણ. *n.* રેલો, પ્રવાહ, ઓઘ. Now passing; running; general; popular; *n.* a stream; a progressive motion of the water in the sea, lake &c. (L. *curro* I run).

Currently, *ad.* સાધારણરીતે. Generally

Curricle, *n.* (ક્યુરિકલ્) બે પૈડાંવાળી ગાડી. A carriage with two wheels drawn by two horses.

Curriculum,, *n.* (ક્યુરિકયુલમ્) અભ્યાસનો ક્રમ-માળા. A course of study.

Currier, *n.* (કરિઅર્) ચામડીયો, ચમાર ; ખાલપો. A man who dress & colours leather after it is tanned.

Curry, *v.t.* (કરિ) ખરેરો કરવો ;માલેસ કરવું, *n.* કાલાવાલાં કરવાં. કઢી ; કારી. To rub and cleanse the skin; to seek favour by flattery ; a kind of sauce.

Curry-comb *n.* ખરેરો. A comb for rubbing and cleaning horses.

Curse, *v.t.* (કર્સ) શ્રાપ દેવો, બદદુવા દેવી; સંકટ નાંખવું; દુઃખ દેવું. *n.* શ્રાપ, બદદુવા. To imprecate evil upon; to injure; malediction; execration

Cursory, *a.* (કર્સરિ) ઉપર ચોટીયું, ઉપર ઉપરનું. Careless; desultory; superficial (L. *curro* I run.)

Curt, *a.* (કર્ટ) ટુંકું ને તોછડું. Short; concise; abrupt.

Curtail, *v.t.* (કર્ટેલ્) ઘટાડવું-કમી કરવું. To shorten; to diminish; to abridge. (L. *curtus* short; *tailler* to cut.

Curtain *n.* (કર્ટન્) પડદો; અચ્છરદાની. *vt.* પડદો નાંખવો. (lecture) બાયડીએ ધણી ને પોતાના ઓરડામાં દીધેલી શીખામણ. A cloth having round a bed, at a window or in a theatre which may be contracted; expended; advice given in bed by a wife to her husband.

Curvature, *n.* વાંક, વલણ. Bending; L. *curvo* I curve.)

Curve *v.t.* (કર્વ) વાંકુ વાળવું. *n.* વાંકી લીટી, વક્રરેષા *a.* વાંકુ, વક્ર. To bend; curved figure; a curved line; curved.

Curvet, *n.* (કર્વેટ્) છલંગ, ઉડાણ; બે પગે ઉચકીને મારેલો ઘોડાનો કુદકો. A particular jump of a horse raising his forelegs together; a prank.

Curvilinear *a.* વાંકી લીટીવાળું. Having curved lines.

Cushion, *n.* (કુશન્) ગાદી, તકીયો, ગદેલું. *v.i.* ગાદી ઉપર બેસાડવું. A pillow for a seat; to furnish with cushions (L. *culcata* cushion.)

Custard, *n.* (કસ્ટર્ડ) ફાલુદો, દુધ ઇંડાં સાકર ભેળવી બનાવેલી રાબડી.

Custard-apple, *n.* સીતાફળ, સીતાફળી. A tree and its fruit.

Custodian, *n.* (કસ્ટોડિયન્) રખવાળ, સંભાળનાર, જાળવનાર. One who has care or custody; a creeper (L. *custos* a keeper.)

Custody, *n.* (કસ્ટડિ) સંભાળ, હવાલો; કેદ, કબજા. Keeping; imprisonment; care, watch.

Custom, *n.* (કસ્ટમ્) ચાલ, રીવાજ, રૂઢી, સીરસ્તો. ઘરાકી, જકાત, દાણ. Usage; habit; practice; fashion; a buying of goods; tax imposed on goods (L. *costuma.*)

Customary, *a.* રીવાજ,-દસ્તુર પ્રમાણે. According to custom.

Customer, *n.* (કસ્ટમર્) ઘરાક, ખરીદદાર, આશામી. One who is in the habit of purchasing; one who buys goods.

Custom-house, *n.* જકાત લેવાની જગા. A house where export and import duties are collected.

Cut, *vt.* (કટ્) કાપવું, વેતરવું, જુદુ પાડવું; બંધ પાડવું. *n.* ઘા, ચીરો, કાપ; ફટકો; કોતરેલી તસબીર; ચીત્ર; વેતરણી; ટુંકો રસ્તો. To divide or sepreate into pieces; to hue; to lop off; to carve; to engrave. *n.* a wound; a stroke with a whip; a severe remark; a small piece; a near passage.

Cutaneous, *a.* (કટેનિઅસ્) ચામડી-ત્વચા ને લગતું. Relating to the skin. (L. *cutis* the skin.)

Cuticle, *n.* ઉપલી ખાલ-ચામડી. The thin exterior coat of the skin.

Cutlass, *n.* (કટલૅસ્) પહોળી વાંકદાર તલવાર. A broad curving sword. (L. *culter* a knife.)

Cutler, *n.* (કટલર્) છરી, કાંટા વીગેરે બનાનાર. One who makes or sells knives and other cutting instruments. (L. *culter* a knife.

Cutlery, *n.* છરી, ચાકુ, કાંટા વિગેરે બનાવવાનો ધંધો-હથીયાર. Hardware made and sold by cutlers.

Cut-purse, *n.* (કટ્પર્સ) ગજવા કાતરૂ. A pick-pocket; thief.

Cutter, *n.* (કટર્) કાપનાર; એક જાતની હોડી. That which cuts; a small boat used by ships-of-war.

Cut-throat, *n.* ગળા કાપું, ફાંશીયો. A murderer; an assassin.

Cycle, *n.* (સાઇકલ્) કાળચક્ર; જુગ; સંવત્સર ચક્ર; વર્તુલ. A circle; a periodical space of time. (G. *kuklos* a circle).

Cyclical, *n.* કાળચક્ર સંબંધી.

Cyclone, *n.* (સાઈક્લોન) ઘણા ગાઉ સુધીનો વંટો ળીયો પવન. A rotatory storm; whirlwind.

Cyclopædia, *n.* (સાઇક્લોપિડિયા) સર્વ વિદ્યામાળા-સંગ્રહ. A circle of arts and sciences; a book that contains treatises on every branch of arts and sciences alphabetically arranged. (G. *kuklos* circle, *paideia* education.)

Cylinder, *n.* (સિલિન્ડર્) ભુંગળું, નળાકાર. A long circular body of uniform diameter; a roll.

Cymbal, *n.* (સિમ્બૅલ્) ઝાંઝર, કાંશી. A musical instrument of brass (G. *kumbos* any thing hollow.)

Cynic, Cynical, *a.* કુતરા જેવા સ્વભાવનુ માણસ; તોરી. Having the quality of a surly dog.

Cypress, *n.* (સાઈપ્રેસ્) સરૂનું ઝાડ; શોકનુ ચિન્હ. A tree; an emblem of mourning.

Cost, *n.* શરીરમાં પાચપરૂથી ભરેલી કોથળી. A bag containing morbid matter.

Czar, *n.* (ઝાર્) રાજા; રૂશીયાના રાજાનો ઇલકાબ. King; a title of the emperor of Russia.

D.

D. ઇંગ્રેજી મૂળાક્ષરનો ચોથો અક્ષર; ડ્.

Dab, *v.t.* (ડેબ્) તમાચો મારવો. To slap; to cuff.

Dabble, *v.t.* (ડૅબ્લ્) ડબોવવું, પલાળવું. *v.i.* કાદવ પાણીમાં કુદવું. To wet; to moisten; to play in mud & water.

Dabbler, *n.* ઉપર ટપકેનું કરનારો. A superficial meddler.

Dacoit, *n.* (ડેકાઇટ્) ધાડચોરી કરનાર. A gang-robber.

Dacoity, *n.* (ડેકાઈટિ) ધાડ ચોરી.

Dactyl, *n.* (ડૅક્ટિલ્) પહેલો ગુરૂ અને પછી બે લઘુ અક્ષરવાળો ભગણ. A poetical foot of three syllables, one long followed by two short. (L. *dactylus* a finger).

Dagger, *n.* (ડૅગર્) ખંજર, કટાર, ઝંબીઓ A short sword; a mark of reference. (†)

Daggle *v.* (ડૅગલ્) ખરડી નાંખવું; લપટાઇ જવું. To befoul.

Daily, *a. ad.* (ડેલી) રોજનું, નીત્ય, હમેશ. Happening day by day; day by day.

Dainty, *n.* (ડેન્ટિ) મિષ્ટાન્ન; જમણ. (*a.*) સ્વાદિષ્ટ; લેહજતદાર. Something nice; delicacy; that which is pleasing to the palate (L. *dentis* tooth).

Dairy, *n.* (ડેરિ) દુધ, પનીર, મલાઇ વીગેરે બનાવવાની જગા; ગોરસશાળા. The

place where milk is set for cream, managed and converted into butter or cheese ; the occupation of making butter, &c.

Dairy-maid, *n.* દુધવાળી ; ગોરસશાળા ઉપર રાખેલી સ્ત્રી. A female who manages a dairy.

Dais, *n.* (ડેઇઝ્) ભોજનશાળામાં ખાણું ખાવાની મેજને મુકવાની ઉંચી જગા. Raised floor of a dining hall.

Daisy, *n.* (ડેઝિ) મોગરાનુ ફુલ-ઝાડ. A wellknown plant. (double) બટ મોગરો.

Dale, *n.* (ડેલ) ખીણુ, બે પહાડ વચેની જગા. A valley; a low place between hills.

Dalliance, *n.* (ડલિઅન્સ) અશકબાજી, સ્ત્રી પુરૂષનું રમવું ; વિષય ક્રિડા. Act of fondness, procrastination.

Dallier, *n.* ચેષ્ટા કરનાર. Trifler.

Dally, *v.i.* (ડલિ) વિષય ક્રિડા કરવી ; રસળવું ; રમવું. To loiter ; to wanton; to linger.

Dam, *n.* (ડૅમ્) જનાવરનાં બચ્ચાંની માદા ; પાણીનો પ્રવાહ અટકાવવાને બાધેલી પાળ ; *v.t.* પાળ બાંધી પાણી બંધ કરવું. A female parent of beasts ; a mole of earth to prevent water-course; to obstruct by a bank of earth.

Damage, *v.t.* (ડૅમેજ) નુકશાન કરવું. *n.* નુકશાન, નાશ, હાની *pl.* નુકશાની ભરી આપવા પૈશા. To hurt, to injure; loss or injury ; compensation for injury (L. *damnum* loss). [લાયક.

Damageable, *a.* બીગડવા જોગ; નાશ થવા

Damask, *n.* (ડૅમૅસ્ક) ડુમાસનું કપડું. Cloth woven with flowers and fingers.

Dame, *n.* (ડેમ) ઘરનો ખટલો ચલાવનારી સ્ત્રી; બાઈ. Mistress of a family; a woman (L. *domus* house).

Damn, *v.i.* (ડૅમ્) દોષ મુકવો, ઠપકો દેવો ; નરકવાસનો દંડ ઠરાવવો ; છીટકારી કહાડવું. To condemn ; to sentence ; to doom to punishment in hell ; to censure (L. *damnum* loss).

Damnable, *a.* (ડૅમનેબલ્) નરકને પાત્ર. Deserving damnation.

Damnation, *n.* નર્કવાસ-દુર્ગતિ. Condemnation.

Damp, *v.t.* (ડૅમ્પ) હવાયલું કરવું,-દીલગીર -આશાભંગ કરવું. *n.* શરદી, ભીની હવાં ; ઉદાસી, દીલગીરી. *a.* હવાયેલું, ભેજવાળું. To moisten; to chill; to depress; moisture ; fog ; depression of spirit ; moist ; humid.

Damper, *n.* (ડૅમ્પર્) ભઠ્ઠીનું બારણું. That which checks.

Damsel, *n.* (ડેમ્સલ) જુવાન છોકરી, તરૂણ સ્ત્રી. A young unmarried woman; a girl.

Dance, *n.* (ડૅન્સ) નાચ, રંગરાગ. *v.t.* નચાવવું, કુદાવવું. *v.i.* નાચવું, કુદવું. Leaping and frisking about ; to move up and down ; to move with measured steps ; to leap.

Dancer, *n.* નાચનારો. (dancing) નાચ. (woman) નાયકે઼ા.

Dandle, *v.t.* (ડૅન્ડલ્) ઉછાળવું, રમાડવું. To shake on the knee as an infant ; to fondle.

Dandy, *n.* (ડૅન્ડિ) એશકી, અક્કડબાજ; છેલ. A fop ; coxcomb.

Dandriff, *n.* માથામાં થતો ખોડો. A scurf which forms on the head.

Danger, *n.* (ડેન્જર્) જોખમ, ભો, ભય. Jeopardy ; fear of evil ; to put in hazard (L. *damnum* loss).

Dangerous, *a.* (ડેનજરસ્) ભયંકર, ધાસ્તી ભરેલું. Perilous, hazardous.

Dangle, *v.i.* (ડૅન્ગલ્) ઝુલવું, લટકવું, લબડવું, ટીંગાવવું, પાછળ ફરવું. To hang loose, to hang and swing; to follow officiously.

Dangler, *n.* પુંઠે પુંઠે ફરનાર. One who hangs especially after women.

Dank, See Damp.

Dapper, *a.* (ડૅપર્) નાનુ, ઠીંગણું ; ચાલાક. Small, nimble ; brisk.

Dapple, *a.* (ડૅપલ) કાબરચીતરૂં, પંચરંગી. *v.t.* કાબરચીત્રું કરવું. Spotted, variegated.

Dare, *v.i.* (ડેર) હીંમત ચલાવવી, હામ ભીડ વી; *v.t.* હીંમતદેખાડવી. To have boldness or courage; to venture ; to challenge ; to defy.

Daring, *a.* (ડેરિંગ) બહાદુર, હીંમતવાન ; છાતીવાળું *n.* હીંમત, બહાદુરી, છાતી, હા મ. Bold, intrepid, fearless; *n.* bold act ; hazardous attempt.

Dark, *n.* (ડાર્ક) અંધારૂં, અંધકાર ; અજ્ઞાન. *a.* અજ્ઞાની, અંધારૂ, કાળુ, સામળુ, છુપું, અપવિત્ર. Darkness ; obscurity ; ignorance; secrecy; *a.* destitute of light; clouded; black; secret.

Dark- browed, *a.* ગુસ્સા ભરેલું.

Darken, *v.t.* (ડાર્કન્) અંધારૂ કરવું ; કાળા રંગનું-ઉદાસી કરવું ; આંધળું કરવું ; કાઢી નાંખવું. To render dark; to deprive of light ; to make black or obscure; to perplex; to render less intelligible. [without light.

Darking, *a.* અંધારામાં રહેલું. Being

Darkly, *ad.* ઝાંખુ ઝાંખુ. Deemly.

Darkness, *n.* (ડાર્કનેસ્) અંધકાર ; સ્યામ તા ; ભુલ ; અજ્ઞાન ; દોજક Absence of light ; blackness ; gloom ; ignorance ; Hell ; perplexity.

Darksome, *a.* અંધાધુધ. Gloomy.

Darling, *a.* (ડાર્લિન્ગ) પ્યારૂં, વહાલું. *n.* લા ડકુ,જીવપ્રાણ. Dearly; beloved ; one much beloved.

Darn, *v t.* (ડાર્ન) તુંણવું-રફુકરવું. To patch; to mend a rent by imitating the texture of the stuff.

Dart, *n.* (ડાર્ટ) ભાલો, બરછી, નેજો. *v.t.* ફેં કવું, મારવું, નાંખવું. *v.i.* ચમકીનેબહાર નીકળી આવવું-ઉછળીઆવવું. A javelin; a short-lance; *v.* To throw; to hurl; to shoot; to fly rapidly ; to start suddenly and run.

Dash, *v.t.* (ડૅશ) પટકવું, અફાળવું, પછાડ વું, ઠોકવું, ચુરેચુરા કરવા, ભંગ કરવું. *v.i.* અફડાઇ ફરી વળવું ; ઉછળીને-ઝપાટો કરીને જવું. *n.* અથડાઅથડી ; ટક્કર ; ઘસારો, ઝ ડપ. (—) આવું નિશાન. To strike suddenly or violently; to break, to shatter by collision ; to besprinkle ; to frustrate ; to destroy; to break and fly off. *n.* A sudden stroke ; collision ; crash; blow ; admixture ; a mark in punctuation.

Dash–board, *n.* ગાડીની સુપડી. A board on the fore part of a carriage to intercept water, mud &c.

Dashing, *a.* ધુસનાર. Rushing.

Dastard, See Coward.

Data, *n.* (ડેટા) મુદ્દાની વાતો, પાયો, આધાર. Things given ; principles or facts admitted. (L. *do* I give).

Date, *n.* (ડેટ) ખજુર, ખારેક ; સમય, વખ ત, તારીખ, તિથી. *v.t.* તારીખ માંડવી, વ ખત નોંધવો. The fruit of the date palm ; any given time ; period; age ; duration; *v.* to fix the date of ; to reckon. (L. *do* I give).

Dative, *n.* (ડેટિવ) ચોથી વિભક્તિ ; સંપ્રદા ન. A case of noun in grammer. (L. *do* I give).

Daub, *v.t.* (ડૉબ્) ખરડવું, લપડવું,રંગ લગા ડવો ; ખુશામત કરવી. *n.* ડબકા, જેમાં રંગ ના ડપકા હોય છે તેવી છબી. To smear or cover with any soft substance; to paint coarsely ; to flatter grossly ; *n.* a coarse painting.

Dauber, *n.* ખરડનાર, લપડનાર. A coarse-painter.

Daughter, *n.* (ડૉટર) દીકરી, કન્યા, છોકરી, દુહિતા. A female descendant of a man; (in law) છોકરાની વહુ.

Daughterly, *a.* પુત્રીનેયોગ્ય-ઘટતું.

Daunt, *v.t.* (ડૉન્ટ) ડર લગાડવો, અકળાવવું, હીંમત તોડાવવી. To subdue the courage of; to intimidate; to depress. (L. *domo* I subdue).

Dauntless, *a.* (ડૉન્ટલેસ) હીંમતવાન, બહાદુર. Bald; intrepid.

Daw, *n.* (ડૉ) કાગડાની જાતનું પક્ષી. A bird of a crow kind.

Dawdle, *v.i.* (ડૉડલ્) વખત ખોવો, રસળવું To waste time in trifling employment.

Dawk, *n.* ટપાલ, ડાક.

Dawn, *v.i.* (ડૉન્) પહોર ફાટવો, દીવસ ઉગવો, અજવાળું થવું; *n.* પરોઢીયું, પ્રભાત, પ્રાતઃકાળ; ઉદય, શરૂઆત; To become day; to begin to grow light; to begin to open; *n.* Break-fast; break of day; first appearance of light in morning; opening, beginning.

Day, *n.* (ડે) દિવસ, દહાડો, વખત, ઉમ્મર, જીંદગાની; વાર. The time of light or light itself; the time between the rising and setting of the sun; the time of 24 hours; age.

Day-book, *n.* રોજમેળ, રોજનામું. A book for marking entries of daily transactions.

Day-break, See dawn.

Day by day, દરરોજ.

Day-labourer, રોજીંદાર, બેલદાર. One who works by the day.

Day-light, *n.* સૂર્ય પ્રકાશ-ઉજેસ. (star) શુક્રનો તારો. The planet venus.

Dazzle, *v.t.* (ડૅઝલ્) દીપાવવું, ઝંખવવું, આંધળું કરવું,-આશ્ચર્ય પમાડવો. To overpower with intense light; to surprise; to blind by glare of light.

Deacon, *n,* (ડીકન્) સર્વથી ઉતરી પદવી ધરાવનાર પાદરી. One of the lowest order of the clergy.

Dead, (ડેડ્) મુએલું, નિર્જીવ; જડ, ખાલી, સુસ્ત, ઉજડ; મંદ, ઝાંખું. (sleep) ભરઉંઘ. (level) તદન સપાટ (shot) આબાદ ગોળી મારનાર; (language) પુરાતન જમાનાની ભાષા. (drunk) પીધેલો સડક. (of night) મધ્ય રાતનો વખત. Destitute of life; inanimate; deceased; dull; still; tasteless; breathless; spiritless.

Deaden, *v.t.* (ડેડન્) હલકું-મંદ-દુર્બળ કરવું; ટાઢું પાડવું; ઝાંખુ કરવું. To deprive of vigour; to blunt; to retard; to make vapid; to dim.

Dead-letter, કાંઇ મુદત સુધી પોસ્ટ ઓફીસમાં પડી રહેલો ધણી વગરનો કાગળ. A letter unclaimed.

Deadly, *a.* (ડેડ્લિ) પ્રાણઘાત; મારી નાંખે એવું. Bitter; mortal.

Dead-march, *n.* મૂડદાને દાટતી વેળાનો ગંભીર રાગ. A piece of solemn music for the funeral.

Dead-stock, *n.* અપ્રાપ્તિકારક ભંડોળ; જુનો નિરૂપયોગી સામાન.

Deaf, *a.* (ડેફ્) બેહેરૂં; સુનકાર; ફુટેલા કાનનું; બે દરકાર. Deprived of or wanting the sense of hearing; not listening; stifled.

Deafen, *v.t.* (ડેફન્) બેહેરૂં કરવું. To deprive of the power of hearing.

Deaf-mute, *n.* બેહેરૂં તથા મુંગું. A deaf and dumb person.

Deafness, *n.* બેહેરાપણું.

Deal (ડીલ્) દેવદારનું લાકડું; ઘણું, વેહેંચણુ; *v.t.* વહેંચી આપવું, ભાગ કાઢી અપ

વો; *v.i.* પાનાં વહેંચવાં, ભાંજગડ કરવી, વેપાર કરવો-લેવડદેવડ ચલાવવી. Firwood; an indefinite quantity, degree, or extent; the practice of dealing cards; to part, to mediate; to portion out; te distribute; to trade.

Dealer, *n.* વેપારી. Trader.

Dealing, *n.* (ડીલિંગ) ધંધો, વેપાર; ચાલ; વર્તણુંક. Traffic; behaviour.

Dean, *n.* (ડીન્) એક ચોકસ પદવી ધરાવનાર પાદરી. An ecclesiastical dignitary, (L. *decem* ten.)

Dear *a.* (ડીયર્) મોંઘું, વહાલું, પ્યારૂં. *n.* પ્રિય, પ્યારૂ. Scarce, costly; beloved; rare; a darling.

Dearly, *a.d.* મોંઘેભાવે. At a high price.

Dearth, *n.* (ડર્થ) અછત, તંગી, દુષ્કાળ. Scarcity; famine.

Death, *n.* (ડેથ્) મોત, મરણ; નાશ, લોપ. Extinction of light; entire loss of vitality; decease; departure.

Deathbed, *n.* મરણ શૈયા. A bed on which a person dies.

Deathless, *a.* અમર, મરે નહી એવું. Not subject to death.

Death's-head, *n.* માણુસના હાડ પીંજરના માથાનું ચિત્ર.

Debar, *a.t.* (ડીબાર્) વચ્ચે નડવું, મના કરવી, અટકાવવું, ના કહેવી. To shut-out; to prevent to refuse.'

Debark, see Disembark.

Debase, *v.t* (ડીબેઝ) હલકું પાડવું, કમીઓછું કરવું, બગાડવું. To lower; to degrade; to vitiate.

Debasement, *n.* અપકર્ષ, માનહાની, હલકું પાડવું તે. State of being debased.

Debate, *n.* (ડીબેટ) તકરાર, વિવાદ, સંવાદ. *v.t.* તકરાર-વાદ વિવાદ કરવો; *v.i.* તકરાર ચલાવવી, મનમાં તોલ કરવું. Discussion; dispute; controversy; quarrel; *v.* to argue, to contest; to dispute. (L. *butuo* I beat).

Debater, *n.* વાદ કરવામાં પ્રવીણ A controversialist.

Debauch, *v.t.* (ડીબૉચ્) વ્યભિચાર કરવો, બદ કામ કરવું; ભમાવવું, ભંભેરવું. *n.* બદ કામ. To seduce; to corrupt; to pollute; to pervert; *n.* lewdness.

Debauchee, *n.* (ડીબોચી) છીનાળવો, વ્યભિચારી. One addicted to debauchery; a rake; a libertine

Debauchery, *n.*(ડીબૉચરિ) બદફેલી, બદ કામ, રંડીબાજી. Gluttony; lewdness.

Debenture, *n.* ડીબેન્ચર) કબુલાતનામું-લેહેણાની ચીઠી. A written acknowledgment of a debt. (L. *debeo,* I owe).

Debilitate, *v.t.* (ડીબિલિટેટ) કમજોર-નબળું કરવું; શક્તિ ઘટાડવી. To weaken, to enfeeble; to impair the strength. (L. *debilis* weak.)

Debility; *n.* (ડીબિલિટિ) કમજોરીઅત; શરીરની નબળાઇ. Weakness; feebleness; imbecility.

Debit, *n.* (ડેબિટ્) જમે રકમ, લેહેણું; *n.* ખરચ ઉધારવું-લખવું, લેહેણું કાહાડવું. A recorded item of debt; a debitor side of a ledger to charge with debt (L. *debeo* I owe.)

Debris, *n.* (ડેબ્રિસ્) ભાગેલા કકડા; છાર, કચરો; Ruins; wreck; fragments of a rock &c.; rubbish; remains.

Debt, *n.* (ડેટ્) કરજ, દેવું, રૂણ. Money due; what one person owes to another; what one person is obliged to do or suffer (L. *debeo* I owe).

Debtor, *n.* (ડેટર્) દેવાદાર, કરજદાર, રૂણવાન. One who owes; one who is

under obligation to do something.

Debonair. *a.* સભ્ય, લાયકીવાળું. Polite.

Debut, *n.* શરૂઆત, આરંભ, પ્રથમ કાંઇ કરવા માંડવું તે. First appearance before the public.

Decade, *n.* (ડીકેડ) દસકો, દશક. An aggregate of ten (L. *decem* ten).

Decagon, *n.* (ડીકેગૉન્) દસ કોણુ-ખુણાની આકૃતિ. A figure having ten angles and ten sides (G. *deka* ten *gonia* angle).

Decalogue, *n.* (ડેકેલોગ) મુસા પેગંબરને ઇશ્વરે કહેલી દસ ફરમાનો. The ten commandments given by God to Moses (G. *deka, logos* speech).

Decamp, *v.i.* (ડીકેમ્પ) છાવણી ઉઠાવવી, કુચ કરવી; નહાસી જવું. To break up a camp; to march off; to depart suddenly.

Decant, *v.t.* (ડીકેન્ટ) નીતારવું, નીતરતું રેડવું. To pour off gently (G. *kantharos* a drinking vessel.

Decanter, *n.* (ડીકેન્ટર્) દારૂ ભરી રાખવાની મોટી શીશી. A glass bottle for holding wine, &c.

Decapitate, *v.t.* (ડીકેપિટેટ) ગરદન મારવું, શિરચ્છેદ કરવો. To behead (L. *de, caput* the head).

Decapitation, *n.* શિરછેદ, ગર્દન મારવું તે. Act of beheading.

Decay, *v.i.* (ડીકે) ના કૌઅત થવું, કરમાવું, કહોવું, નાશ થવો. *n.* ક્ષીણતા, કહોવાટ, બગાડ થવો તે. To decline; to wither; to fade; to fail; to waste; to impair; *n.* a gradual failure; corruption; putrefaction (L. *de, cado* I fall).

Decease, *n.* (ડીસીઝ) દેહત્યાગ, મરણ, પરલોક ગમન. *v.i.* મરી જવું. Death; departure from this life; *v.* to die. (L. *de, cedo* I go).

Deceit, *n.* (ડીસીટ્) કપટ, દગલબાજી, છળ, લુચ્ચાઈ. Fraud; stratagem; guile; art (L. *de, capio* I take).

Deceitful, *a.* કપટી, ઠગ, દગલબાજ. Fraudulent; artful; (ness) કપટીપણું, ઠગવિદ્યા.

Deceive, *v.t.* (ડીસીવ) ઠગવું, ફસાવવું, છેતરવું, ભુલથાપ દેવી. To lead into error; to defraud; to delude; to circumvent (L. *de, capio* I take).

Deceiver, *n.* ઠગ, ધુધારો, ફસાવનાર. One who deceives.

Deception, *n.* (ડીસેપ્શન્) ઠગવિદ્યા, છેતરપંડી; ભુલાવો. Fraud, stratagem; guile.

Deceptive, *a.* ભુલાવામાં નાંખે એવું. Having the power to deceive.

December, *n.* (ડીસેમ્બર્) અંગ્રેજી બારમો મહીનો. (L. *decem* ten).

Decency, *n.* (ડીસેન્સિ) યોગ્યતા, લાયકી; મર્યાદા, લજ્જા. Decorum; suitableness; propriety in speech; modesty (L. *decet* it becomes).

Decennial, *a.* (ડીસેનિયલ્) દશ વર્ષનું. Consisting of or happening every ten years (L. *decem* ten, *annus* year).

Decent, *a.* (ડીસેન્ટ) સારૂ દેખાય એવું, લાયક, આબરૂદાર, ઘટારત. Becoming; seemly; proper; graceful; respectable.

Decently, *ad.* યોગ્ય રીતે; લાજ-મર્યાદાથી. In a becoming manner.

Deception, Deceptive (See under Deceive).

Decide; *v,t.* (ડીસાઇડ) ચુકાદો-નિવેડો-ફેંસલો કરવો; (*v.i.*) ઠરાવવું, નિશ્ચય કરવો. To settle; to end; to resolve; to determine (L. *de, cædo* I cut).

Decided, *a.* સ્થીર, સાફ, ખુલ્લુ, ચુકાદો-નિવેડો થયેલું, દ્રઢ. Clear; unequivocal;

resolute; that implies decision.

Deciduous, *a.* પડી જાય એવું, પડનારૂ; Liable to fall (L. *de, cado* I fall).

Decimal, *a.* (ડેસિમલ્) દશાંસ, દસ ગુણિત. *n.* દશાંસ અપૂર્ણાંક. Tenth; increasing or diminishing by tens (L. *decem* ten).

Decimitate, *v.t.* (ડેસિમિટેટ) દસમો ભાગ લેવો; દશાંશ લેવો. To take every tenth; to tithe (L. *decem* ten).

Decipher, *v.t.* (ડીસાઈફર્) છાની ભાષામાં લખેલામાંનો અર્થ કરવો; વંચાય એવું ન હોય તે બંધ બેસાડવું. To unravel; to interpret.

Decision, *n.* (ડીસિઝન્) ઠરાવ, નિશ્ચય, નિવેડો, ફૈંસલો; દ્રઢતા. An adjudication; final judgment; firmness (L. *de, cædo* I cut).

Decisive, *a.* નિકાલ આવે એવું. Conclusive; absolute.

Deck, *v.t.* (ડેક્) પેહેરાવવું, શણગારવું, સુશોભીત કરવું; તુતક જડવું. *n.* તુતક. To adorn; to decorate; to cover with a deck. *n.* the covering of a ship.

Decker, *n.* શુશોભીત કરનાર; તુતકવાળું. One who adorns.

Declaim, *v.i.* ડીક્લેમ્) જાહેર ભાષણ કરવું, બરાડવું. To harrangue in public (L. *de, clamo* I cry out.)

Declamation, *n.* (ડીક્લેમેશન્) સભામાં કરેલું ભાષણ; A speech made in public.

Declamatory, *a.* (ડીક્લેમેટરિ) ભાષણ સંબંધી. Appealing to the persons; noisy.

Declare, *vt* (ડીક્લેર) જાહેર કરી કહેવું, જણાવવું, ઇકરાર કરવો. To make known; to tell explicitly; to publish; to reveal; to protest. (L. *de, clarus* clear.)

Declaration, *n.* (ડીક્લેરેશન્) જાહેર ખબર; જાહેરનામું. A document in which some thing is declared. (solemn) પ્રતિજ્ઞા.

Declension, *n.* (ડીક્લૅન્શન્) ઉતરતો ઢાળ; ઢોલાવ; વિભક્તિ રૂપ. Slope; (L. *declino* I bend).

Declinable, *a.* (ડીક્લાઇનેબ્લ્) જેને વિભક્તિનાં રૂપો લાગે એવું.

Declination, *n.* (ડીક્લિનેશન્) નીચું નમવું તે; વાંકા ચાલવું તે. Inclination; a bending aside; descent.

Decline *v.t.* (ડીક્લાઇન) ના પાડવી, નકારવું; વિભક્તિ લગાડવી *v.i.* વાંકુ વળવું, નમવું, ક્ષીણ થતું જવું. *n.* ઉતરતી અવસ્થા; પડતી; ઘટારો. To bend downward; to refuse; to inflect; to deviate from straightness; to swerve; gradual decay; consumption. (L. *de, clino* I bend).

Declivity, *n.* (ડીક્લિવિટિ) ઉતરણ, ઢળાવ. Descent of surface; a downward slope (L. *de, clivus* a slope).

Decoct, *v.t.* (ડીકૉક્ટ) કાવો બનાવવો. To boil down; (L. *de, coquo* I boil.)

Decoction, *n.* (ડીકૉક્શન્) કાવો; ઉકાળો, ક્વાથ. The act of boiling a substance in water for extracting its virtues. (L. *de, coquo* I boil.)

Decompose, *v.t.* (ડીકમ્પોઝ) મૂળ તત્વ છુટાં પાડવાં; પૃથક્કરણ કરવું-થવું. To resolve into original elements (L. *de, con, pono* I place).

Decomposition, *n.* પૃથક્કરણ. Result of a compound body into its original elements.

Decorate, *v.t.* (ડેકોરેટ) શણગારવું, શુશોભિત કરવું. To deck; to adorn. (L. *decus* grace.)

Decoration, *n.* (ડેકોરેશન) શણગાર, શો-

ભા, ભૂષણ. Act of adorning; embellishment.

Decorous, *a.* (ડીકોરસ્) સોભે એવું, સારૂં દેખાય એવું. Seemly; becoming; befitting.

Decorum, *n.* (ડીકોરમ્) યોગ્ય વર્તણુક, સભ્ય રીત, અદબ. Propriety of manner or behaviour; seemliness.

Decoy, *n.* (ડીકૅાય) લલચાવનાર; ફાંદામાં નાંખનાર; *v.t.* ફાંસામાં સપડાવવું, લલચાવવું. Any thing that is intended to allure into a snare or danger; to catch; to lure into a net; to entice.

Decrease, *v.i.* (ડીક્રીઝ) ઓછું કરવું, કમી થવું, ઘટવું. *v.t.* ઓછું-કમી કરવું. *n.* ઓછું થવું તે; ઘટાડો-ન્યુનતા. To lessen; to diminish; to decay. *n.* diminution, decay (L. *de, cresco* I grow).

Decree, *n.* (ડીક્રી) હુકમનામું, ચુકાદો, ફેંસલો; હુકમ, ઠરાવ; આજ્ઞા; નીમાણુ. *v.t.* હુકમનામું કરવું, આજ્ઞા કરવી. A judicial order; decision; an edict; established rule; to enact; to award; to fix; to appoint; to edict. (L. *de, cerno* I decide).

Decrepit, *a.* (ડીક્રેપિટ્) ઘડપણથી ખખળી ગયેલું, ભોંય સુંઘતું. Broken with age. (L. *de, crepo* I crack).

Decrepitude, *n.* ઘડપણથી થયેલું અશક્તપણું. Crazy state of the body.

Decry, *v.t.* (ડીક્રાઇ) વખોડીનાંખવું, બદનામ કરવું. To cry down; to clamour against; to disparage.

Dedicate *vt.* (ડેડિકેટ) અર્પણ કરવું; ચડાવવું; ગ્રંથાર્પણ કરવું. To consecrate; to allot. (L. *de, dico* I proclaim).

Dedication, *n.* (ડેડિકેશન્) ચડાવવું તે; અર્પણ, સમર્પણ. Consecration; act of devoting to some person, use or thing; inscription or address to a patron or friend.

Dedicatory, *a.* જેમાં ગ્રંથ અર્પણ કીધાનું લખ્યું છે એવું. Composing a dedication.

Deduce, *v.t.* (ડીડ્યુસ) અનુમાન-તર્ક કરવો; અનુમાનથી સિદ્ધાંત કહાડવો. To infer; to draw or bring from; to collect. (L. *de, duco* I lead).

Deducible, *a.* (ડીડ્યુસિબ્લ્) અનુમાન થઇ શકે તેવું. Derivable as a result.

Deduct, *v.t.* (ડીડક્ટ) બાદ કરવું, કમી કરવું, કાપવું. To subtract; to take from; to remove in numbering. (L. *duco*).

Deduction, *n.* (ડીડકશન) બાદ કરવું તે; અનુમાન; અનુમિતિ. Act of taking from; abatement; discount; amount deducted.

Deductive, *a.* (ડીડક્ટિવ) અનુમાનથી સાર કહાડી શકાય એવું. Deducible.

Deed, *n.* (ડીડ્) કામ, કૃત્ય; મહત્કૃત્ય; પરાક્રમ; ખત; દસ્તાવેજ. An act; feat; performance; a written instrument.

Deed of acquittance, *n.* ફારગતી. (of agreement) કરારનામું, સમ્મતિ પત્ર. (of gift) દાનપત્ર. (of lease or tenure) પટ્ટો. (of divorce) તલાકનામું.

Deem, *v.t.* (ડીમ્) ગણવું, માનવું, વિચારવું. To judge; to think; to estimate.

Deep, *n.* (ડીપ્) દરીયો, સમુદ્ર; *a.* ઉંડું, લાંબુ, નીચું; મુશ્કેલ, કઠણ; કાવેદાર; ગંભીર, ઘેરૂં; ભર, ઘોર, *ad.* બહુ, પુષ્કળ. The sea; abyss of water; ocean; being far below the surface; profound; not superficial; sagacious; grave in sound; strongly coloured.

Deepen, *v.t.* (ડીપન્) વધારે ઉંડું કરવું; ઘે

રૂં કરવું. To make deep; to darken; to increase; to make more profound; to make sad.

Deeplaid, *a.* એકાએક પકડાય નહીં એવું; સજ્જડ. Formed with artifice.

Deeply, *a.d.* (ડીપ્લિ) ઘણું ઉંડું, બહુ, પુષ્કળ. Profoundly.

Deepness, *n.* (ડીપનેસ) ઉંડાઈ, ઉંડાણુ, લંબાઈ. Depth; profundity.

Deer, *n.* (ડીઅર્) હરણુ, મૃગ; (eyed) મૃગનેણી.

Deface, *v.t.* (ડીફેસ) બગાડવું, એડોળ કરવું; ડાઘા પાડી છેકવું. To disfigure; to destroy; to obliterate. (L. *de, facio* I do).

Defalcation, *n.* (ડીફૅલ્કેશન્) ભરોંસાપર આપેલા પઇશામાં પડેલી ઘટ; નુકશાન. A deficit in money entrusted (L. *de, falx* a sickle).

Defamation, *n.* (ડીફિમેશન્) ડાઘ, કલંક, બદનામી; આબરૂ લેવી તે. Slander; calumny; injury to reputation (L. *de, fama* fame.)

Defamatory, *a.* (ડીફિમેટરિ) આબરૂને નુકશાનપહોંચે એવું. Calumnious.

Defame, *v.t.* (ડિફિમ) અપજશ આપવો, આબરૂ લેવી, બદનામ કરવું. To calumniate; to injure the reputation of (L. *de, fama* fame).

Default, *n.* (ડીફૉલ્ટ) જે કરવું જોઇએ તેમાં ચુક, ભુલ, કસુર; ગફલત. Omission, neglect, or failure in what requires to be done by law or duty. (L. *de, fallo* I deceive).

Defaulter, *n.* (ડીફૉલ્ટર્) કસુર કરનાર; સોંપેલાં નાણાંનો હિસાબ નહી બતાવનાર. One who fails to account for public money entrusted.

Defeat, *n.* (ડીફીટ્) હાર, પરાજ્ય *v.t.* હરાવવું, પરાજ્ય કરવો; રદ પાડવું, ડુબાવવું. Frustration; undoing; overthrow; to frustrate; to foil; to conquer. (L. *de, facio* I do).

Defect. *n.* (ડીફેક્ટ) ખામી, ખોડ; એબ; દોષ; ભૂલ. Imperfection; blemish; fault; flaw. (L. *de, facio* I do).

Defection, see Default. ફીતુર, તોફાન.

Defective, *a.* (ડીફેક્ટિવ) ખામી ભરેલું, દોષવાળું. Deficient; faulty; blamable.

Defence, *n.* (ડીફેન્સ) બચાવ--રક્ષણ; આશ્રય; પ્રતિવાદીની તરફથી દીધેલો જવાબ. Protectiou; guard; fortification; security; prisoner's plea. (L. *de, fendo* I strike).

Defenceless, *a.* ઉઘાડું; નિરાશ્રય, નીરાધાર. Unarmed; unsheltered; weak.

Defend, *v.t.* (ડીફેન્ડ) બચાવ-રક્ષણ કરવું; પક્ષ લેવો; તહોમતનો જવાબ આપવો. To protect; to justify; to support; to resist; to secure aganist attacks or injury. (L. *de fendo* I strike.

Defendant, } *n.* પ્રતિવાદી, સંરક્ષક, બચાવ-રક્ષણ કરનાર. He who defends or opposes a complaint.
Defender, }

Defensible, *a.* બચાવ થઇ શકે એવું. Justifiable.

Defensive, *a.* બચાવ કરવાના કામમાં આવે એવું. Proper for defence.

Defer, *v.t.* (ડીફર્) થોડો વખત બંધરાખવું, વીલંબ કરવો; મુલતવી રાખવું. To postpone; to adjourn; to put to a distance; to put off to a future time. (L. *de, fero* I carry).

Deference, *n.* (ડેફરન્સ) માન, અદબ, ઇજ્જત. Regard, respect, submission.

Deferential, *a.* (ડેફરેન્શ્યલ્) અદબવાળું, મર્યાદ શીળ. Respectful.

Defiance, *n.* (ડીફાયન્સ) યુદ્ધ કરવા બોલાવવુ તે; બે દરકાર. A challenge to fight; resistance. (L. *de, fides* faith).

Defiant, *a.* (ડીફાયન્ટ) લડવાને તત્પર; બે-દરકાર. Bold; insolent.

Deficiency, *n.* (ડીફિસિઅન્સિ) ખુટ, કસુર, કમતી; અપૂર્ણતા. Defect, want, failing (L. *de, facio* I do).

Deficient, *a.* (ડીફિશ્યન્ટ) અધુરૂં, અપૂર્ણ. Imperfect. [lack.

Deficit, *n.* (ડીફિસિટ્) ખોટ, કસુર. Want;

Defile, *v.t.* (ડીફાઇલ) બગાડવું, મેલું-ગલીચ કરવું; અભડાવવું; ભ્રષ્ટ કરવું; સંભોગ-વ્યભિચાર કરવો. *v.i.* લશકરે ટુકડીબંધ કૂચ કરવી. *n.* સાંકડો રસ્તો, નાળ. To polute; to corrupt; to make foul; to dirty; to march off in a line; to file off; *n.* a narrow way (L. *de, filum* a thread).

Defilement, *n.* અપવિત્રતા, ભ્રષ્ટતા.

Definable, *a.* (ડીફાઇનેબલ્) હદકરી શકાય એવું; બ્યાન-વર્ણન કરાય એવું. That may be described.

Define, *v.t.* (ડીફાઇન્) મર્યાદા-હદ કહેવી; બ્યાન-વર્ણન કરવું; ચોકસાઇથી કહેવું; હદ બાંધવી. To bound off; to limit; to ascertain and explain clearly (L. *de, finis* boundary).

Definite, *a.* (ડેફિનિટ) મુકરર, ચોકસ, નક્કી Limited; determinate; precise; exact.(article) વિશેષાર્થ દર્શક ઉપ શબ્દ.

Definition, (ડેફિનિશન) લક્ષણ; બરાબર અર્થ કહેવો તે; વ્યાખ્યા. The description of the essence of a thing by its kind and difference.

Definitive, *a.* હદ બાંધેલું; ખચિત છેલ્લું; *n.* વિશેષાર્થ દર્શક. Limiting the extent; positive; express.

Definitively, *ad.* પાછળથી તકરાર ન લેવાય એવી રીતે. Positively.

Deflagrate, *v.t.* (ડીફ્લેગ્રેટ) જોરથી સળગી ઉઠવું. To burn down with a sudden combustion (L. *flagro* I burn).

Deflect, *v.t.* (ડીફ્લેક્ટ) બાજુએ ખસેડવું-ખસી જવુ. To swerve (L. *de, flecto* I bend).

Deflour, *v.t.* (ડીફ્લોર) કૌમાર ભંગ કરવું. To ravish; to deprive of virginity (L. *flos* a flower).

Deform, *v.t.* (ડીફૉર્મ) બેડોળ-કદરૂપું કરવું. લાંછન લાગવું. To disfigure; to dishonour (L. *de, forma* form).

Deformed, *a.* બેડોળ, કદરૂપું. Disfigured, misshapen; base.

Deformity, *n.* (ડી ફૉર્મિટિ) બેડોળી, કુબડાપણું. Irregularity; defect.

Defraud, *a.* (ડીફ્રૉડ્) છેતરવું, ઠગવું, કપટ કરવું. To cheat; to beguile (L. *de, fraus* fraud).

Defray, *v.t.* ડીફ્રે) આપવું, અદા કરવું. To discharge or pay, as an expense.

Defunct, *a.* (ડીફન્કટ) મરી ગએલું. Dead (L. *de, functus* done).

Defy, *v.i.* (ડીફાઇ) તુચ્છકાર કરવો; લડાઇ માગવી. To challenge; to provoke to combat; to despise (L. *de, fides* faith).

Degeneracy, *n.* (ડીજેનેરસિ) ઉતરતી દશા; બુદ્ધિક્ષિણતા. Growing worse or inferior.

Degenerate, *v.i.* (ડીજેનરેટ) બગડતાં જવું. નબળુ પડવું. *a.* બગડેલું, નબળુ પડી ગયેલું. To grow worse; corrnpt; mean (L. *de, genus* race).

Deglutition, *n.* ગળી જવું તે, નિગરણ. The act of swallowing. (L. *de, glutio* I swallow.

Degradation, *n.* (ડીગ્રેડેશન્) પદવી હલકી કરવી તે; માનભંગ; પદભ્રષ્ટતા. Debasement; disgrace; dishonour; act of degrading. (L. *de, gradus* a step.

Degrade, *v.t.* (ડીગ્રેડ) પદભ્રષ્ટ કરવુ; પાયરી ઉતારવી; માન હલકું કરવું. To reduce

from a higher to a lower rank; to lessen; to lower; to debase; to depose; to dishonour (L. *de*, *gradus* step).

Degraded, *a.* નીચું, હલકું.Low; base.

Degree, *n.* (ડીગ્રી) પદવી, દરજ્જો; પ્રકાર, વર્ગ; પહેડી, ઓલાદ; ભાગ, અંશ; રેખાંશ. Grade, stage; position, rank; step. (L. *de*, *gradus* step).

Deify, *v.t.* (ડીઈફાઇ) ઇશ્વર માનવો; દેવ ગણવો. To make into a God; to exalt to the rank of a heathen deity (L. *deus* God, *facio* I do).

Deification, *n.* દેવ ગણવો- કરવો તે.

Deign, *v.i.* (ડેન્) મેહેર આની-કૃપા કરવી; યોગ્ય જાણવું. To deem worthy, to condescend. (L. *dignus* worthy.

Deism, *n.* (ડીઇઝમ્) કેવલ ઈશ્વર મત. The doctrine of a deist (L. *deus* God.

Deist *n.* ફકત એક ઇશ્વરનેજ માનનાર. One who believes in one God.

Deity, *n.* (ડીઇટિ) પરમેશ્વરપણું; દેવ Divinity; supreme being (L. *deus* God.)

Deject, *v.t.* (ડીજેક્ટ) દીલગીર-ઉદાસ કરવું. To dispirit; to dishearten (L. *de*, *jacio* I throw.

Dejected, *a.* ઉદાસ, દીલગીર. Depressed

Dejection, *n.* (ડીજેક્શન્) ઉદાશી, અફ્સોસ. Lowness of spirit.

Delay, *vt. vi.* (ડીલે) વીલંબ-ઢીલ કરવી; વાર લગાડવી; રોકવું; ખોટી કરવું, રસળવું. *n.* વીલંબ, ઢીલ, રોકાણ. To defer, to put off; to retard, to stop, to linger. *n.* stay; procrastination. (L. *dis*, *fero* I carry.)

Delectable, see Delightful.

Delegate, *v.t.* (ડેલીગેટ) વકિલ કરીને મોકલવું, નીમવું; હવાલે કરવું. *n.* વકીલ, પ્રતિનિધ, મુખતાર. To send with power to transact businesss; to commit; a representative. (L. *de*, *lego* I send.)

Delegation, *n.* પ્રતિનિધિયો; કામ કરવા સારૂમોકલેલાવકીલો. Representatives.

Deleterious, (ડેલીટિરિયસ્) ઝેરી, પ્રાણનાશક. Poisonous; injurious. (L. *deleo* I destroy.)

Delf, (ડેલ્ફ) રોગાન ચડાવેલાં માટીનાં વાસણ. Earthenware.

Deliberate, *vt. vi.* (ડીલિબરેટ) વીચારવું, તોલ કરવો; વિચારી જોવું. *a.* વિચારવંત; વિચાર કરીને કરેલું. To consider; to weigh well in mind; *a.* discreet; well-advised (L. *de*, *libro* I weigh.)

Deliberately, *ad.* જાણી જોઈને; વિચારીને. Cautiously.

Deliberation, *n.* (ડીલિબરેશન્) વીચાર, મનસુબો, મસલત. Consideration; prudence.

Deliberative, *a.* (ડીલિબરેટિવ) વિચાર કરવા જોગ. Proceeding by deliberation.

Delicacy, *n.* (ડેલિકસિ) નાજુકી, કોમળતા; નરમાસ; ખુબસુરતી; કુમળાશપણું; બારીક સમજ. Slenderness, fineness of texture; feminine beauty; minute accuracy; elegance; tenderness (L. *de*, *lacio* I entice).

Delicate, *a.* (ડેલિકેટ) સોહામણું, સુદર; નાજુક; કોમળ; નરમ. Pleasing to the taste or sense; choice; fine; soft; clear; fair; critical.

Delicious, *a.* (ડીલિશિયસ્) મજેદાર, સ્વાદિષ્ટ; ખુશબોદાર. Highly pleasing to the taste, delightful; charming. [Delight.

Deliciousness, *n.* સ્વાદ, મજેદારી; રૂચી;

Delight, *n.* (ડીલાઇટ્) ખુશી, હર્ષ; સંતોષ; આનંદ. *v.t.* ખુશી કરવું, સંતોષ આપવો. *v.i.* ખુશી-મગ્ન થવું. A high degree of pleasure; rapture; charm; joy; *v.* to entice; to afford joy; to be pleased (L. *de*, *lacio* I entice).

Delighted, *a*. ખુશ, મગ્ન.

Delightful, *a*. (ડીલાઈટ્ફુલ્) રમણીક, હર્ષ પમાડનાર. Gratifying, affording pleasure.

Delineate, *v.t.* (ડીલિનિયેટ) ધ્યાન કરવું, નકશો બનાવવો. To draw lines indicating the form, to paint; to portray; to describe (L. *de, linea* line).

Delineation, *n*. વર્ણન, આકાર; નકશો. Description, sketch.

Delinquency, *n*. (ડીલિન્ક્વેન્સિ) તકસીર, ગુન્હો. Fault, offence; crime. (L. *de, linquo* I leave).

Delinquent, *a*. ગુન્હેગાર, તકસીરવાન. Neglecting duty.

Deliquate, Deliquesce, *v.i.* પસરવું-ઓગળવું. To melt down gradually. (L. *de, liqueo* to be fluid).

Deliquescent, *a*. પીગળે તેવું, પાણી થઈ જનારૂં.

Delirious, *a*. (ડીલિરિયસ્) બેશુદ્ધ, બેહોસ; લવારા ઉપર ચઢેલું. Raving, frenzied; insane (L. *de, lira* furrow).

Delirium, *n*. (ડીલિરિયમ્) સનેપાત; ચાળો. Disorder of the intellect.

Deliver, *v.t.* (ડીલિવર્) હવાલે કરવું, સોંપવું; આપવું; પહોંચાડવું, છોડાવવું; બચાવવું. To free, to save; to transfer; to communicate. (L. *de, libero* I free).

Deliverance, *n*. (ડીલિવરન્સ) છુટકારો, બચાવ; તારણ. Redemption, freedom. [who delivers.

Deliverer, *n*. બચાવનાર, તારનાર. One

Delivery, *n*. (ડીલિવરિ) છુટકો, પ્રસવ; જન્મ આપવો તે; ભાષણ કરવાની પદ્ધત. Act of delivering, child birth; style of utterance. [ley.

Dell, *n*. (ડેલ) ખીણ, ખો. A small val-

Delta, *n*. (ડેલ્ટા) ગ્રીક ભાષાનો ત્રીકોણાકારનો અક્ષર, નદીના મુખ આગળ તરતની થયેલી જમીન. Space between two mouths of a river.

Delude, *v.t.* (ડીલ્યુડ) ફસાવવું, ભોળવવું. To mislead, to play upon; to cheat (L. *de, ludo* I play).

Deluge, *n*. (ડેલ્યુજ) જળપ્રલય, મોટી રેલ. *v.t.* ડુબાવવું, ફરી વળવું. A great flood or inundation; overwhelming calamity; to cover with water; to inundate. (L. *de, luo* I wash).

Delusion, *n*. (ડીલ્યુઝન્) ભુલાવો, મનની ઠગાઇ; ખ્યાલ; ફરેબ. State of being deluded, false belief; error (L. *de, ludo* I play).

Delusive, *a*. } ફસાવનારૂ, ભુલ ભરેલુ;
Delusory, „ } મોહક. Apt to deceive.

Delve, *v.t.* (ડેલ્વ) ખોદવું, ખણવું. To dig, to fathom.

Demagogue *n*. (ડીમેગૉગ) ફીતુરી લોકનો આગેવાન. A seditious leader of the people. (G. *demos* people, *ago* I lead).

Demand, *v.t.* (ડીમૅન્ડ) માગવું, પુછવું, માગણી કરવી. *n*. હક, વ્યાજબી માગણી; ઉઘરાણી, લેહેણું, ખપ, જરૂર. To ask for as due by right, to require; to interrogate; *n*. an asking by right; desire to possess; claim; debt (L. *de, mdndo* I order).

Demarkation, *n*. નક્કી કરેલી મર્યાદા. A limit fixed.

Demean, *v.t.* (ડીમીન્) ચાલવું, વર્તવું. To behave (L. *de, manus* hand).

Demeanour, *n*. (ડીમીનર્) વર્તણુંક, ચાલ, ઢંગ. Behaviour; conduct.

Demerit. *n*. (ડીમેરિટ્) દોષ, અપજશ. Vice; crime. (L, *de, mereo* I deserve). [ગને માટે રાખેલી જમીન.

Demesne, *n*. વિલાયતમાં અમીરે ખાસ ઉપયો-

Demi-God, *n*. અર્ધદેવ, ઉપદેવ. Half a God.

Demise, *n.* (ડીમાઇઝ) મરણ, મૃત્યું. *v.t.* વારસામાં આપવું. Death. decease; to bequeath. (L. *de, mitto* I send).

Democracy, *n.* (ડીમૉક્રસિ) પ્રજા સત્તાક રાજ્ય. Government of people (G. *demos* people, *kratos* rule).

Democrat, *n.* પ્રજાસત્તાક રાજ્ય થાય એવી ઇચ્છા રાખનાર. One who adheres to democracy.

Democratic, } પ્રજાસત્તાક રાજ સં-
Democratical, } બંધી.

Demolish, *v.t.* (ડીમૉલિશ્) જમીનદોસ્ત કરવું. To pull down. (L. *de, moles* mass). [નાશ. Ruin.

Demolition, *n.* (ડીમૉલિશન્) પાયમાલ,

Demon, *n.* (ડીમૉન્) દૈત્ય, ભૂત; અસુર. Evil spirit; devil. (G. *daimon* God).

Demoniac, *a.* } ભુત; દૈત્ય સંબંધી, ભયા-
Demoniacal ,, } નક; અસુરી. Resembling an evil spirit.

Demonstrate, *v.t.* (ડીમૉન્સ્ટ્રેટ) બતાવવું, દેખાડવું; દર્શાવવું; ખાત્રી કરી આપવી. To prove to be certain, to exhibit; to evince; to manifest. (L. *de, monstro* I show).

Demonstration, *n.* (ડીમૉન્સ્ટ્રેશન્) સિદ્ધાંત, સિદ્ધકરણ; દલીલ; સાબેતી. Act of demonstrating; show; exhibition.

Demonstrative, *a.* સ્પષ્ટ બતાવી આપે એવું. Invincibly conclusive.

Demoralisation, *n.* (ડીમૉરલિઝેશન્) નિતિ ગુણ ખંડન, બગાડવું તે. Act of depraving.

Demoralise, *v.t.* (ડીમૉરલાઇઝ) બગાડવું, અનિતીમાં આણવું. To deprave, to corrupt the manners of. (L. *de, mos* manner).

Demur, *v.i.* (ડીમર્) અટકવું, આનાકાની કરવી. *n.* મુકરદમો આગળ ચલાવતાં કરેલો અટકાવ, આનાકાની. To hesitate, to object; stop; hesitation (L. *de, mora* delay).

Demure, *a.* (ડીમ્યુઅર) શરમાળ, ગંભીર; રાંકડું. Of good manners, sober; grave.

Demurrage, *n.* વધારે વખત સુધી માલ પડી રહે તેને માટે દંડ-ડામરેજ.

Demy, *n.* (ડીમિ) સાડી બાહવીસ તસુ લાંબો અને સાડા સતર તસુ પહોળો કાગળ. A particular size of paper. (F. *demi* half).

Den, *n.* (ડેન્) કોતર, ગુફા. A cave.

Deniable, *a.* (ડીનાએબલ્) ઈનકાર કરાય એવું. That may be denied.

Denial, *n.* (ડીનાયલ્) ઇનકાર, અસ્વીકાર; ના પાડવી તે. (self). મન મારવું. Act of denying, negation. (L. *de, nego* I say no).

Denizen *n.* (ડેનિઝન્) પરદેશી, રહેવાશી. A dweller, a citizen; a freeman.

Denominate, *n.* (ડીનૉમિનેટ) નામ પાડવું, સંજ્ઞા આપવી. To name, to style; to designate. (L. *de, nomen* name);

Denomination, *n.* નામ કરણ, સંજ્ઞા. વર્ગ. The act of naming, a class; a sect.

Denominator, *n.* (ડીનૉમિનેટર્) અંશની નીચે લીટી દોરીને લખેલો આંકડો, છેદ.

Denote, *v.t.* (ડીનોટ) દેખાડવું, બતાવવું; સુચના કરવી. To signify; to indicate. (L. *de, nota* mark).

Denounce, *n.* } (ડીનાઉન્સ) } ધમકી
Denunciate, ,, } (ડીનન્સીએટ) } દઈ ને કહેવું, ખબર આપવી; ફરીયાદ કરવી. To threaten, to stigmatise (L. *de, nuncio* I declare).

Denouncement, *n.* ધમકી, તહોમત; આરોપ. Public menace or accusation.

Dense, *a.* (ડેન્સ) ઘટ, જાડું; ઘાડું. Close, thick. (L. *densus.* thick).

Density, *n.* } જાડાઇ; ઘટપણું. Thick-
Denseness ,, } ness, closeness.

Dent, *n.* (ડેન્ટ) કાપેલો દાંતો. A tooth, indentation.

Dental, *a.* (ડેન્ટલ્)દાંત સંબંધી.(Letter). દંત્યાક્ષર. Pertaining to the teeth. (L. *dens.* tooth).

Dentifrice, *n.* (ડેન્ટિફ્રિસ) દાંત ઘસવાનું મંજન. A powder for cleaning teeth. (L. *dens,frico* I rub).

Dentist, *n*· (ડેન્ટિસ્ટ) દાંત નોવૈદ. A. tooth surgeon.

Dentistry, *n.* દંત વિદ્યા. Profession of a dentist.

Dentition, *n.* (ડેન્ટિશન્) દાંત ફુટવા તે. Breeding of teeth.

Denude, *v.t.* (ડીન્યુડ) ઉઘાડું-ખુલ્લુ કરવું. To make naked, to divest covering. (L. *de,nudo.* I make pare).

Denunciation, See Denouncement.

Deny, *v.t.* (ડીનાઈ) ના કહેવી-પાડવી, નામંજુર રાખવું ; ના કબુલ કરવું ; મન મારવું. To say no to, to contradict; to disavow ; to renounce ; to withhold. (L. *de, nego* I deny).

Deodorise, *v.t.* ગંધ વિનાનું કરવું. To deprive of odour. (L. *de, odor* smell).

Depart, *v.i.* (ડીપાર્ટ) જવું, જતા રહેવું ; ગત થવું ; મરી જવું. To go away, to disappear ; to desist (L. *dis, pars* part).

Department, *n.* (ડીપાર્ટમેન્ટ) ખાતું, પ્રકરણ ; મહાલ. A division of territory ; a seperate allotment of business.

Departure, *n.* (ડીપાર્ચર) નીકળવું, કુચ ; મરણ. A going away, withdrawl; death.

Depasture, *v.* (ડીપાસ્ચર) ચરાવવું. To graze, to feed.

Depend, *v.t.* (ડીપેન્ડ) લટકવું, ઝુલવું; આધાર રાખવો ; ભરોંસે રહેવું. To hang from, to support ; to adhere ; to rely on.(L. *de, pendeo* I hang).

Dependence, *n.* (ડીપેન્ડન્સ) ઝુલણું, લટકણું ; આધાર ; ભરોંસો. Suspension from, confidence ; reliance.

Dependency, See Dependence.

Dependant, *a.* (ડીપેન્ડન્ટ) લટકતું, ઝુલતું ; તાબેદાર ; આધારે રહેલું. *n.* તાબેદાર ; આશ્રીત. Hanging down; relying solely on for support ; one who depends.

Depict, *v.t.* (ડીપિક્ટ) બ્યાન-વર્ણન કરવું. To describe, to paint. (L. *de, pingo* I paint).

Deplorable, *a.* (ડીપ્લોરેબલ્) શોકાતુર, રડવું આવે એવું. Lamentable, sad ; dismal. (L. *de, ploro* I cry out).

Deplore, *v.t.* (ડીપ્લોર) ખેદ-શોક કરવો, રડવું. To bewail ; to lament.

Deploy, *v.t.* (ડીપ્લૉઈ) લશકરની ટુકડીઓ આગળ હારબંધ ઉભી રાખવી. To extend. (L. *de, plico* I fold).

Depone, *v.i.* (ડીપોન) સોગન ઉપર સાક્ષી આપવી. To bear testimony. (L. *de, pono* I place).

Deponent, *a.* (ડીપોનન્ટ) સોગન ઉપર સાક્ષી આપનાર. A witness ; an evidence.

Depopulate, *v.t.* (ડીપોપ્યુલેટ) ઉજડ કરવું. To dispeople (L. *de, populus* people).

Depopulation, *n.* વસ્તીની વેરાની. Waste of people.

Deport, *v.t.* (ડીપૉર્ટ) દેશપાર મોકલવું, વર્તવું ; ચાલવું. To transport, to demean ; to behave. (L. *de, porto* I carry).

Deportment, See Demeanour.

Deportation, *n.* (ડીપૉર્ટેશન) દેશ નિકાલ. Banishment, exile.

Depose, *v.t.* (ડીપોઝ) પદભ્રષ્ટ કરવું. (*v.i.*) સાક્ષી આપવી. To degrade; to dethrone ; to bear witness. (L. *de, pono* I place).

Deposit, *v.t.* (ડીપૉઝિટ્) અનામત મુકવું, સોંપવું. *n.* અનામત મુકેલાં નાણાં; થાપણ. To lay, to entrust; to lay in a place for preservation; *n.* any thing lodged; a pawn.

Depository (ડીપૉઝિટરિ) અનામત રાખનાર. One to whom a thing is committed, a trustee.

Deposition, *n.* (ડીપૉઝિશન્) સોગન ઉપર આપેલી સાક્ષી, રાજ પદભ્રષ્ટતા; કાઢી મુકવું તે. Act of giving testimony upon oath; act of dethroning.

Depository, Depot, } કાંઇ રાખવા-મુકવાની જગા, વખાર; કોઠાર. A place where any thing is lodged.

Depravation, *n.* (ડીપ્રેવેશન્) બગડવું તે, ભ્રષ્ટતા. Degeneracy, contamination.

Deprave, *v.t.* (ડીપ્રેવ) બગાડવું, ભ્રષ્ટ કરવું. To corrupt, to distort. (L. *de*, *pravus* crooked).

Depravity, *n.* (ડિપ્રૅવિટિ) બિગાડ, દુષ્ટપણું. Corrupion, wickedness.

Deprecate, *v.t.* (ડેપ્રીકેટ) કાંઇ માઠું થવાનું હોય તે માટે દીલગીરી બતલાવવી; અફસોસ કરવો. To pray against. (L. *de*, *precari* to pray).

Depreciate, *v.t.* (ડીપ્રીસિએટ) કીંમત ઘટાડવી, હલકું પાડવું. *v.i.* કિંમત ઘટાડવી. To lower the worth; to undervalue (L. *de*, *pretium* price).

Depreciatory, *a.* કિંમત ઘટે એવું. Lowering the value.

Depredation, *n.* (ડીપ્રીડેશન્) લુટફાટ, બગાડ; ઘસારો. Act of plundering, waste (L. *de*, *prœda* plunder).

Depredator, *n.* લુટારો, પીંડારો. One who pillages.

Deprade, *v.t.* (ડીપ્રેડ) લુટી લેવું, ઉજ્જડ કરવું. To plunder.

Depress, *v.t.* (ડીપ્રેસ) દાબવું, નીચું કરવું; નમાવવું; ઉદાસ કરવું; નબળું પાડવું. To lower; to let fall; to humble; to sadden; to deject (L. *de*, *premo* I press).

Depression, *n.* (ડીપ્રેશન્) નીચું પાડવું, દાબવું; ઘટાડો; ઉદાસી. The act of depressing; a low state; sinking of the surface.

Deprivation, *n.* (ડીપ્રિવેશન્) લઈ જવું, હાની; નુકશાન; પદભ્રષ્ટ થવું તે. Loss, want; bereavement; deposition.

Deprive, *v.t.* (ડીપ્રાઇવ) છીનવી લેવું, લેઈ લેવું. To bereave; to dispossess. (L. *de*, *privus* one's own).

Depth, *n.* See Deepness.

Deputation, *n.* (ડેપ્યુટેશન્) વકીલ દાખલ ગયેલા માણસો, પ્રતિનિધિઓ. Persons authorized and sent to transact business for another.

Depute, *v.t.* (ડીપ્યુટ) વકીલ ઠરાવી મોકલવું, કામ કરવા નીમવું To send as a representative, to appoint to an office. (L. *de*, *puto* I clear up).

Deputy, *n.* (ડેપ્યુટિ) નાયબ, પ્રતિનિધિ; મુખતાર. A representative, a person appointed to act for another; a delegate; agent.

Derange, *v.t.* (ડીરેન્જ) ગરબડ સરબડ કરવી; બગાડવું. To confuse, to disturb in operation. (L. *de*, *rang* a rank).

Derangement, *n.* ગરબડ સરબડ, અવ્યવસ્થા. Dis-order; irregularity.

Dereliction, *n.* (ડીરીલીશન્) છોડી દેવું તે, ત્યાગ. Abandonment. (L. *de*, *re*, *linquo* I leave).

Deride, *v.t.* (ડીરાઇડ) મશ્કરી-હાંસી કરવી To ridicule, to mock. (L. *de*, *rideo* I laugh).

Derision, *n.* (ડીરિઝન્) મશ્કરી, હાંસી. Ridicule.

Derivation, *n.* (ડિરિવેશન્) મુળ.ઉપરથી કાઢવું તે; વ્યુત્પત્તિ. Deduction, that which is derived.

Derivative, *a.* (ડિરિવેટિવ) બીજા ઉપરથી નીકળેલું. *n.* સાધિત શબ્દ. Secondary.

Derive, *v.t.* (ડીરાઈવ) કાઢવું, મેળવવું, ઉત્પત્તિ કાઢવી. To receive, to trace; to infer. (L. *de, rivus* a stream).

Derogate, *v.i.* (ડેરોગેટ) ઘટાડવું, હલકું પાડવું. To detract from, to lessen. (L. *de, rogo* I ask).

Derogatory, *a.* (ડીરોગેટરિ) ઘટાડે એવું, હલકુ પાડે તેવું. Tending to lessen.

Descant, *n.* (ડીસ્કેન્ટ) રાગની ઢપમાં ગાવું તે. A variation of an air; animadversion (L. *dis, cantus* a varied song).

Descend, *v.i.* (ડીસેન્ડ) ઉતરવું, નિચે જવું; અવતરવું. To go or come down, to proceed by generation. (L. *de, scando* I climb).

Descendant, *n.* (ડીસેન્ડન્ટ) વંશજ. Issue, a person descending from an ancestor.

Descent, *n.* (ડીસેન્ટ) ઢોળાવ; ઉતરવું તે; હુમલો; કુળ, વંશ. Slope; progress downward; lineage; birth.

Describe, *v.t.* (ડીસ્કાઇબ) વર્ણન-બ્યાન કરવું, દોરવું; પાડવું. To trace out, to relate.(L. *de, scribo* I write).

Description, (ડીક્રિપ્શન્) વર્ણન-બ્યાન, જાત; પ્રકાર. An acconnt, sort; stamp; act of representing a thing by words; recital.

Descriptive, *a.* વર્ણનરૂપ, દર્શાવી આપે એવું. Tending to describe.

Descry, *v.t.* (ડીસ્કાઇ) શોધી કહાડવું, દેખવું. To espy, to discover.

Desecrate, *v.t.* (ડેસીક્રેટ) વટલાવવું, ભ્રષ્ટ કરવું. To divest of a sacred character. (L. *de, sacer* sacred).

Desert, *v.t.* (ડીઝર્ટ) છોડી દેવું, ત્યાગ કરવો. *v.i.* નોકરીમાંથી નાશી જવું. *n.* (ડેઝર્ટ) જંગલ, વેરાન; વગડો; લાયકી, ગુણ. *a.* ઉજડ, સુનુ. To abandon, to forsake; to relinquish; to quit; to run away without permission; an uninhabited place; merit; uninhabited. (L. *de, sero* I join).

Deserter, *n.* (ડીઝર્ટર્) રજા વિના નાશી જનાર. One who quits service without permission.

Desertion, *n.* (ડીઝર્શન્) પરિત્યાગ; Act of quitting.

Deserve, *v.t.* (ડીઝર્વ) યોગ્ય-લાયક થવું. To be worthy; to merit. (L. *de, servio* I serve).

Deservedly, *ad.* ઘટતી રીતે. Justly.

Deserving, *a.* (ડીઝર્વિંગ) યોગ્ય, ઘટિત. Meritorious.

Desiderate, *v.t.* (ડેસિડરેટ) ખોટ-જરૂર લાગવી. To desire; to want; to miss. (L. *desidero* I long for).

Desideratum, *n.* (ડેસિડરેટમ્) જેની ખોટ છે એવી વસ્તુ. Any perfection which is wanted.

Design, *v.t.* (ડીઝાઈન્) યોજના-તજવીજ કરવી, ઈરાદો-મનસુબો કરવો; આકાર કાઢવો; નિર્માણ કરવું. *n.* નકશો; ઘાટ; મનસુબો; કારીગરી. To draw, to mark or trace out; to delineate; *n.* something traced; a plan; purpose; aim; project. (L. *de, signo* I mark).

Designate, *v.t.* (ડેસિગ્નેટ) નામ પાડી આપવું; ઓળખાવવું, નીમવું; સુચવવું. *a.* બતાવી આપેલું; ઓળખાવેલું. To indicate; to point out; to distinguish.

Designation, *n.* (ડેસિગ્નેશન્) યોજના, નામ, સંજ્ઞા. Appointment; import.

Designedly, *ad.* ઈરાદાથી, જાણી જોઈને. Purposely.

Designer, *n.* (ડીઝાઇનર્) યોજના કરનાર, દગાખોર. One who frames a scheme; contriver; plotter.

Designing, *a.* દગાખોર, દગલબાજ. Artful, treacherous.

Desire, *v.t.* (ડીઝાયર) ઇચ્છવું, ખાએસ કરવી; દરશાવવું; અરજ કરવી. *n.* ઈચ્છા, અભિલાષા; ખાએસ; અરજ; દરખાસ્ત. To long for, to wish; to ask; to covet; *n.* wish; eagerness to obtain; aspiration. (L. *desidero* I long for).

Desirable, *a.* (ડીઝાયરેબલ્) ચાહવા લાયક; ઉત્કંઠા ઉત્પન્ન કરે એવું. Pleasing.

Desirous, *a.* (ડીઝાઅરસ્) આતુરતા વાળું, અભિલાષી. Full of desire; eager.

Desist, *v.i.* (ડીસિસ્ટ) પાછાં હઠવું, બંધ પડવું. To forbear; to cease from; to stop (L. *de, sisto* I stop).

Desistance, *n.* અટકાવ, થોભવું તે. Cessation.

Desk, *n.* (ડેસ્ક) મેજ, ઢળતું ટેબલ; ઉપદેશકનું આસન. Table for writing or reading; inclining table.

Desolate, *v.t.* (ડેસોલેટ) ઉજડ-વેરાન કરવું. *a.* ઉજડ, વેરાન. To lay waste; to destroy; to deprive of inhabitants;*a.* forsaken; waste;solitary. (L. *de, solus* alone).

Desolation, *n.* (ડેસોલેશન્) પાયમાલી, ખરાબી; ઉજડ જગા. Waste; destruction; a place wasted.

Despair, *v.i.* (ડીસ્પેર્) આશા છોડવી; નિરાશ થવું. *n.* નીરાશા; નાઉમેદી. To be hopeless; to give up hopes; to despond; despondency (L. *de, spero* I hope).

Despatch, *n.* (ડીસ્પૅચ) મોકલવું; દોડાવવું; સ્વધામ પહોંચાડવું. *n.* ઉતાવળ, ઝપાટો, મુદામ લખાણ. To send away in haste; to accelerate; to finish; *a.* message sent in haste; due deligence (L. *de, spatior* I go).

Desperado, *n.* (ડેસ્પરેડો) મરણીઓ; જહનુની. One regardless of safety (L. *de, spero* I hope).

Desperate, *a.* (ડેસ્પરેટ) મરણીયા જેવું, નિરૂપાય; અસાધ્ય; Abandoned to despair; fearless of danger.

Desperation, *n.* નીરાશપણું; મરણીયાપણું. Giving up of hope; disregard of safety.

Despicable, *a.* (ડેસ્પિકેબલ્) અધમ, તિરસ્કાર્ય, નીચ. Contemptible; worthless.

Despise, *v.t.* (ડીસ્પાઈઝ) ધીક્કારવું, અવગણના કરવી. To scorn; to disdain (L. *de, specio* I look).

Despite, *n.* (ડીસ્પાઈટ) અદાવત; કીનો; ડઉંશ; ડંશ. *prep.* છતાં. Malice; defiance; *prep.* inspite of (L. *de, specio* I see).

Despiteful, *a.* (ડીસ્પાઈટફુલ) ખુની, દ્વેસી. Malicious; malignant.

Despoil, *v.t.* (ડીસ્પૉઈલ્) લુટવું, ચોરી લેવું. To rob; to bereave; to rifle (L. *de, spolium* spoil).

Despond, *v.t.* (ડીસ્પૉન્ડ) નાઉમેદ થવું, હિંમત છોડવી. To lose hope or courage (L. *de, spondeo* I promise).

Despondence, *n.* } નીરાશા; આશા ભંગ.
Despondency, ,, } Hopelessness; despair.

Despondent, *a.* (ડીસ્પૉન્ડન્ટ) નાહિંમત; નારાશ. Depressed in despair.

Despot, *n.* (ડેસ્પૉટ્) સ્વતંત્ર રાજા; મુખત્યાર હાકેમ; જુલમી રાજા. Absolute rueer; a tyrant (G. *despotes*).

Despotic, *a.* સ્વતંત્ર; કુલ અખ્તિઆરી, નિરંકુશ. Absolute in power.

Despotism, *n.* (ડેસ્પૉટિઝમ્) જુલમગાર રાજ્ય; Absolute power; arbitrary Government.

Dessert, *n.* (ડીઝર્ટ) મુખવાસ; મહોડુ સમારવાનો મેવો. What is served after meal as fruits &c (L. *servio* I serve).

Destination, *n.* (ડેસ્ટિનેશન્) પૂર્વ યોજના; ઠેરવેલી જગ્યા .Ultimate design; appointment; purpose. (L. *de,stano* I set fast).

Destine, *v.t.* (ડેસ્ટિન) પુર્વ યોજના કરવી, ઠેરવવું; ભવિષ્ય બાંધવું. To doom; to ordain.

Destined, *a.* નક્કી કરેલું, ઠેરવેલું; નિર્મેલું. Ordained; fixed.

Destiny, *n.* (ડેસ્ટિનિ) નિર્માણ; તગદીર; નશીબ. Thing destined; ultimate fate.

Destitute, *a.* (ડેસ્ટિટયુટ) નીરાશ્રય; નિરાધાર; વિનાનું. Needy; comfortless, forlorn , in want (L. *de, statuo* I set).

Destitution, *n.* (ડેસ્ટિટયુશન્) રહિતપણું; અનાથપણું; અભાવ. Want; poverty;

Destroy, *v.t.*(ડીસ્ટ્રૉય) નાશ-સંહાર કરવો; ફના કરવું;મારીનાંખવું. To overthrow; to devastate; to kill. (L. *de,struo* I build).

Destructible, *a.* (ડીસ્ટ્રક્ટિબ્લ્) નાશ પામે એવું; નાશવંત. Liable to destruction.

Destruction, *n.* (ડીસ્ટ્રક્શન્) નાશ, પાયમાલી; ખરાબી. Demolition; overthrow. [deadly.

Destructive, *a.* નાશકારક; ભંજક. Fatal;

Desuetude, (ડીસ્વીટયુડ) વહીવટ નીકળી જવો તે. Disuse.

Desultory, *a.* (ડેસલટરિ) બેતાલ; જેમ તેમ કીધેલું; ધોરણવગરનું. Immethodical; cursory; (L. *de, saleo* I leap).

Detach, *v.t.* (ડીટૅચ્) છુટુ પાડીને મોકલવું. જુદૂ કરવું. To seperate; to disjoin;

Detached. *a.* જુદૂં; છુટું છુટું. Seperate.

Detachment, *n.* (ડીટૅચ્મેન્ટ) ફોજની ટુકડી; રસાલો. A body of troops; a party detached.

Detail, *v.t.* (ડીટેલ્) તપસીલવાર-વિગતવાર કહેવું. *n.* તપસીલ; વિગત. To relate particularly; a particular narration. (L. *de, talea* cutting).

Detailed, *a.* (ડીટેલ્ડ) વીગતવાર; સવિસ્તર. Minutely recited.

Detain, *v.t.* (ડીટેન્) ખોટી કરવું; રોકવું; ખાળવું. To with-hold; to check; to restrain from going. (L. *de, teneo* I hold).

Detect, *v.t.* (ડીટૅક્ટ) શોધી કહાડવું, પત્તો લગાડવો. To discover; to find out as a crime. (L. *de, tego* I cover).

Detection, *n.* (ડીટૅક્શન્) પકડાઈ જવું તે; શોધ; ભાળ; Act of detecting; discovery.

Detention, *n.* (ડીટેન્શન્) અટકાવ; રોકાણ. કેદ. Delay; restrain; confinement. (L. *de, teneo* I hold).

Deter, *v.t.* (ડીટર્) અટકાવવું; ભયથી નાહિંમત કરવું. To frighten; to prevent by fear. (L. *de, terreo* I frighten).

Detergent, *a. n.* (ડીટર્જન્ટ) મેલ કાઢે-સાફ કરે એવુ-એવી વસ્તુ. Cleansing; that which cleanses. (L. *de, tergeo* I wipe).

Deteriorate, *v.t.* (ડીટીરિયોરેટ) બગાડવું; ખરાબ કરવું. *v.i.* બગડવું, હલકુ થવું. To make or grow worse; to degenerate. (L. *deterior* worse).

Deterioration, *n.* (ડીટીરિયોરેશન્) બગડવું તે; અપકર્ષ. A growing or making worse.

Determinate, *a.* (ડીટર્મિનેટ) મુચિત ; નક્કી. Definite; conclusive ; decisive ; positive. (L. *de, terminus* end).

Determination, *n.* (ડીટર્મિનેશન્) ઠરાવ -નિર્ણય-નિશ્ચય કરવો. ફેંસલો કરવો ; હદબાં ધવી. To bound; to limit; to conclude ; to decide; to resolve on• (L. *de, terminus*).

Determined, *a.* દ્દઢ નિશ્ચયવાળું; મજબુત. Resolute.

Detest, *v.t.* (ડીટેસ્ટ) ધિક્કારવું. To abhor, to hate. (L. *de, testor* I call to witness).

Detestable, *a.* (ડીટેસ્ટેબલ્) ધિક્કારવા લાયક. Abominable.

Detestation, *n.* (ડીટેસ્ટેશન્) ધિક્કાર,-કંટાળો. Abhorrence ; loathing.

Dethrone, *v.t.* (ડીથ્રોન) રાજ્ય ભ્રષ્ટ કરવું. To depose. (L. *de, thronus* a throne).

Dethronement, *n.* રાજ્ય ભ્રષ્ટતા. Deposition.

Detonate, *v.t.* (ડીટોનેટ) ભડાકો થવો. To explode. (L. *de, tono* I thunder).

Detort, *n.* (ડીટોર્ટ) વળ દેવો. To twist; to pervert.

Detour, *n.* (ડેટુર્) ચકરાવો ; ચકર ; ફેરો. A turning.

Detract, *v.t.* (ડીટ્રેક્ટ) હલકું પાડવું ; ઓછું કરવું ; ઘટાડવું. To disparage ; to depreciate ; to take away from (L. *de, traho* I draw).

Detraction, *n.* (ડીટ્રેક્શન્) માન હાની ; નિંદા. Depreciation; disparagement.

Detriment, *n.* (ડેટ્રિમેન્ટ) નુકશાન ; હાની; અપકાર. Damage; loss. (*de, tero* I rub).

Detrimental, *a.* (ડેટ્રિમેન્ટલ્) હાની–નુકશાન કારક. Injurious ; hurtful.

Detritus, *n.* ઘસવાથી પડેલો કચરો. A mass of substances worn of.

Deuce, *n.* (ડયુસ) દુરી ; સેતાન. Two ; a devil.

Devastate, *v.t.* (ડીવૅસ્ટેટ) ધુળધાણી કરવું, ખરાબ કરવું. To lay waste; to demolish. (L. *de, vasto* I waste).

Devastation, *n.* ખરાબી ; ધુળધાણી ; પાયમાલી. Waste ; havoc.

Develop, *v.t.* (ડિવેલપ્) પ્રગટ-પ્રસિદ્ધ કરવું, ઉકેલવું ; To unroll; to open ; to unravel. (L. *de volvo* I roll).

Development, *n.* પ્રકાશ, સ્પષ્ટતા. Unfolding ; disclosure.

Deviate, *v.t.* (ડીવિએટ) આડું ફાટવું ; આડે માર્ગે જવું. To wander from the right way; to err. (L. *de, via* way)

Deviation, *n.* (ડીવિએશન્) ભુલ ; ચુક. Error ; variation.

Device, *n.* (ડીવાઇસ) યુક્તિ, તદબીર ; કલ્પના. Contrivance; scheme ; invention.

Devil, *n.* (ડેવિલ્) ભુત, પિશાચ ; દુષ્ટ મનુષ્ય. Angel; an evil-spirit.

Devilish, *a.* (ડેવિલિશ્) શેતાન જેવું ; અતિ દુષ્ટ. Diabolical ; hellish.

Devious, *a.* (ડીવિઅસ્) આડે માર્ગે જવું. Winding out of the common track.

Devisable, *v.* (ડીવાઇઝેબલ્) યોજના-બનાવટ કરવા જોગ. વારસામાં અપાય એવું. That may be bequeathed.

Devise, *v.t.* (ડીવાઇઝ) યોજવું, શોધી કહાડવું ; વારસામાં આપવું. *n.* વારસનામું. To contrive ; to invent ; to grant by will; *n.* will. (L. *divido* I divide).

Devoid, *a.* (ડીવૉઇડ્) ખાલી ; રહિત. Destitute.

Devolve, *v.t.* (ડીવૉલ્વ) નાંખવું ; સોંપવું. *v.i.* મળવું, હાથમાં આવવું. To transfer to another (L. *de, volvo* I roll)

Devote, *v.t.* (ડીવોટ) અર્પણ કરવું ; સોંપી દેવું. To dedicate; to doom; to consecrate. (L. *de voveo* I vow).

Devoted, *a.* (ડીવોટેડ્) કાંઈ પવિત્ર કામ સારૂ અર્પણ કરેલું, સોંપી દીધેલું. Strongly attached.

Devotee, *n.* (ડીવોટી) ભગત ; વેરાગી ; જોગી. One given wholly to religion; an ascetic.

Devotion, *n.* (ડીવોશન્) એક નિષ્ઠા ; ભક્તિ; ભજન; પુજા. Devoutness; worship; prayer.

Devotional, *a.* ઇશ્વર ભજન સંબંધીનું. Pertaining to devotion.

Devour, *n.* (ડીવોઅર્) ખાઈ જવું, ગટ કરી જવું. To swallow or eat greedily. (L. *de, voro* I eat).

Devout, *a.* (ડીવાઉટ્) ભાવિક ; અંતઃકરણનું. Pious; sincere; earnest.

Dew, *n.* (ડયુ) દવ, ઝાકળ. Moisture; wetness.

Dew-Drop, ઝાકળનું ટપકું. (Lap) ગાય ગોધાના ગળા નીચે જે લબડતું માંસ હોયછે તે.

Dewy, *a.* ઝાકળવાળું. Partaking of dew.

Dexterity, *n.* (ડેક્સટેરિટિ) ચાલાકી, હોંશીઆરી. Adroitness; cleverness; tact. (L. *dexter* right hand).

Dexterous, *a.* (ડેક્સ્ટરસ્) ચાલાક, ચપળ. Adroit; expert.

Diabolic }
Diabolical } *a.* શેતાની ; મહાદુષ્ટ. Devilish. (G. *diabolos* the devil).

Diadem, *n.* (ડાયાડેમ્) મુગટ; તાજ. A king's head dress. (G. *deo* I bind)

Diagonal, *a.* (ડાયાગનલ્) કર્ણ રેખાકૃતિનું; *n.* કર્ણ રેખા. Reaching from angle to angle. (G. *gonia* corner).

Diagram, *n.* (ડાયેગ્રૅમ્) સિદ્ધાંત આકૃતિ. A figure. (G. *dia. grapho* I write).

Dial, *n.* (ડાયલ) શંકુયંત્ર. An instrument showing the time of the day by the sun's shadow.

Dialect *n.* (ડાયેલેક્ટ) ભાષા ; બોલી. Speech; language. (G. *dia, lego* I speak).

Dialectics, *n.* ન્યાયશાસ્ત્ર, તર્કવિદ્યા. A branch of logic which teaches the modes of reasoning.

Dialectician, *n.* તર્ક-ન્યાય જાણનાર. Logicain.

Dialogue, *n.* (ડાયેલોગ) સંવાદ ; પ્રશ્નોત્તર Conversation between two or more persons. (G. *dia, logos*)

Dial-plate, *n.* ઘડીયાળની તકતી.

Diameter, *n.* (ડાયામિટર્) વ્યાસ ; વ્યાસ રેખા. . A line which passes the centre of a circle- (G. *dia metron* measure).

Diametrical, *a.* વ્યાસરૂપી ; બરોબર ; Direct ; straight.

Diamond, *n.* (ડાયૅમોન્ડ) હીરો ; ગંજીફાનાં ચોકડીના પાનાં. A gem; one of a suit of cards. (G. *a, damao* I subdue).

Diaphanous, *a.* જેમાં થઇને અજવાળું પડે એવું. Transparent.

Diaphorectic, *a.* પરસેવો પેદા કરે એવું. Promoting perspiration.

Diaphragm, *n.* (ડાયૅફ્રૅમ્) પેટ માંહેનો પડદો. A thin partition.

Diarrhœa, *n.* (ડાયૅરિઆ) અતિસાર ; હગામણુ. A lax (G. *dia, rheo* I flow).

Diary, *n.* (ડાયૅરિ) રોજનામું ; રોજની યાદી લખવાની ચોપડી. Account of daily events. (L. *dies* day).

Diatribe, *n.* (ડાયેટ્રાઇબ) ટાહાયલું, કુથળી. Continued discourse. (G. *dia, tribo* I rub).

Dice, *n.* (ડાઈસ) રમવાના પાસા-રમત. A game; a small cube used in gaming.

Dictate, *v.t.* (ડિકટેટ) લખાવવું ; હુકમકરવો.

n. હુકમ, ફરમાન. To speak so that another may write ; an order dilivered; communication with authority. (L. *dico* I say).

Dictation, *n.* (ડિકટેશન્) હુકમ કરવો તે ; લખાવવું તે. Act of dictating or prescribing.

Dictator, *n.* ઉપરી ; હુકમ આપનાર. One invested with absolute authority

Dictatorial, *a.* (ડિકટેટોરિયલ્) કુલ અખ ત્યારી. Absolute ; overbearing.

Diction, *n.* (ડિકશન્) ભાષાનીઢબ ,વાપરેલા શબ્દ. Language; phraseology (L. *dico* I say).

Dictionary, *n.* (ડિક્ષનરી) શબ્દ કોષ, મૂળ-તત્વનો સાર ; સંગ્રહ. A lexicon, a book of words' (L. *dico* I say),

Dictum, *n.* (ડિકટમ્) વચન, વાક્ય. Authoritative saying. (L. *dico* I say).

Didactic, } *a.* (ડિડૅકિટક્-લ્) ઉપદેશ-
Didactical, } શિખામણ રૂપ. Preceptive. (G. *didasko* I teach).

Die, *v.i.* (ડાઈ) મરવું, ગુજરવું ; ધીમુંથવું ; નાશ પામવો. *n.* પાસો, છાપો. To become dead ; to expire ; to fail ; to dissolve ; a small cube used in gaming.

Diet, *n.* (ડાયેટ્) ખોરાક ; ભોજન ; *v.t.* જ માડવું. Habitual food ; to feed; to board ; [diet.

Dietectic, *a.* પથ્ય સંબંધી. Relating to

Differ, *v.i.* (ડિફર્) ફેર—તફાવત પડવો ; વાં ધો પડવો. To be unlike ; to disagree; to quarrel. (L. *dis*, *fero* I bear)

Difference, *n.* (ડિફરન્સ) ભેદ, તફાવત ; જુદાપણું ; ફેર ; તકરાર.(*v.t.*) જુદાં પાડવું. Dissimilarity ; to cause a difference.

Different, *a.* (ડિફરેન્ટ) જુદુ. નિરાળું ; જુદું પડતું. Distinct ; seperate ;unlike; dissimilar.

Differently *a.d.* જુદી રીતે. In a different manner.

Differentia. *n.* વિશેષ. Increasement.

Difficult, *a.* (ડિફિકલ્ટ) કઠણ, મુશકેલ, વિકટ, મેહેનતનું. Arduous; not easy; laborious. (L. *dis. facio* I do)

Difficulty, *n.* (ડિફિકલ્ટિ) મુશ્કેલી, અઘરા-પણું ; કઠણાઇ ; સંકટ ; હરકત. Hardness to be done ; perplexity ; trouble ;cavil.

Diffidence, *n.* (ડિફિડન્સ) અવિશ્વાસ ; સંકા; વહેમ, શરમાળપણું. Want of confidence; mistrust; modest reserve; bashfulness. (L. *dis, fido* I trust).

Diffident, *a.* (ડિફિડન્ટ) વિશ્વાસ ન કરે એવું ; વહેમી ; બે ઇતબારી ; લજ્યાશિળ. Distrustful ; bashful ; reserved.

Diffuse, (ડિફ્યુઝ) ફેલાવવું ; પ્રસારવું. *a.* વિસ્તારેલું. To circulate ; to expand; widely spread. (L. *dis*, *fundo* I pour).

Diffuseness, *n.* લંબાણ, લાંબુ લાંબુ હોવું તે. A spreading.

Diffusion, *a.* (ડિફ્યુઝન્) ફેલાવો ; પ્રસાર. Dispersion ; spread.

Diffusive, *a.* (ડિફ્યુઝિવ) વ્યાપક, પસરે એવું. Having the quality of dispersing.

Dig, *v.t.* *v.i*(ડિગ્) ખોદવું, ખોદી કહાડવું. To excavate ; to turn up the earth.

Digest, *v.t.* (ડાઈજેસ્ટ) પચાવવું ; હજમ કરવું, ગોઠવવું ; વ્યવસ્થા કરવી. *n.* વ્યવસ્થિત રચનામાં આણીને કીધેલો ગ્રંથ. To dissolve and concoct in the stomach; a collection of laws. (L. *dis*, *gero* I bear).

Digestible, *a.* (ડિજેસ્ટિબલ્) પચે-હજમ થાય એવું. Capable of being digested.

Digestion, *n.* (ડિજેસ્શન્) પાચન, હજમિઅત. Act of digesting.

Digestive, *a.* (ડિજેસ્ટિવ) પચાવે એવું ;પાચક. Causing digestion. (powers) જઠરાગ્નિ. [digs.

Digger, *n.* (ડિગર્) ખોદનાર. One who

Digging, *n.* ખોદવું તે. ખોદવાની જગા.

Digit, *n.* (ડિજિટ્) પોણા તસુનું માપ ; સૂર્ય ચંદ્રના વ્યાસનો બારમો ભાગ. Three fourths of an inch.

Dignify, *v.t.* (ડિગ્નિફાઇ) મ્હોટાઇ-શોભાઆપવી. To invest with dignity ; to adorn. (L. *dignus* worthy).

Dignitary, *n.* (ડિગ્નિટરિ) મોટી પદવી ધરાવનાર પાદરી. An ecclesiastic who holds a dignity.

Dignity, *n.* (ડિગ્નિટિ) મનની મોટાઇ ; પ્રતિષ્ટા ; દરજ્જો; પદવી. Elevation of mind ; degree of excellence ; (L. *dignus* worthy).

Digress, *v.i.* (ડિગ્રેસ્) આડું જવું-આડું ફાટવું To depart from the main subject. (L. *dis, gradior* to step).

Digression, *n.* (ડિગ્રેશન્) આડ કથન ; આડ કથા A deviation from the main subject.

Dike, *n.* (ડાઇક) મોરી, નીક ; બાંધ, પૂસ્તો. A ditch ; a mound ; a bank.

Dilapidate, *v.t.* (ડિલેપિડેટ) ભાંગી-તુટી પડવું. To pull down ; to suffer to go to ruin. (L. *dis lapis* a stone).

Dilapidated, *a.* (ડિલૅપિડેટેડ) ભાગી પડેલું, પડતી હાલતનું. ; Wasted ; ruined.

Dilapidation, *n.* (ડિલૅપિડેશન્) પાયમાલી; પડતી દશા. Ruin, destruction.

Dilate, *v.t.* (ડાઇલેટ) ફૂલાવવું, ફેલાવવું. *v.i.* ફુલવું, ફૂલી જવું, વિસ્તારથી બોલવું. To expand; to swell ; to widen ; to speak copiously. (L. *dis, latus* carried.) [pansion.

Dilation, *n.* ફૂલીને મોટું થવું તે. Ex-

Dilatoriness, *n.* (ડિલૅટરિનેસ) ઢીલ, સુસ્તી મોડું. Slowness ; sluggishness. (L. *dis, latus* carried).

Dilatory, *a.* (ડિલૅટરિ) ઢીલું, સુસ્ત, ધિમું. Slow ; tardy.

Dilemma, *n.* (ડિલેમા) જેમાં સર્વ તરફથી અડચણ થઈપડે એવી મુશકેલી. A doubtful choice. (G. *dis, lambano* I take.).

Diligence, *n.* (ડિલિજન્સ) ઉદ્યોગીપણું ; મેહેનત; કાળજી. Industry; assiduity. (L *dis, lego* I choose).

Diligent, *a.* (ડિલિજેન્ટ) ઉદ્યોગી, મેહેનતું. Industrious ; persevering.

Dilute, *v.t.* (ડાઇલ્યુટ) પાતળું-નરમ-કમજોર કરવું. *a.* નરમ, પાતળું. To make thin or weak ; *a.* thin. (L. *dis, luo* I wash).

Dilution, *n.* (ડાઈલ્યુશન્) પાતળું-નરમ કરવું તે. Act of making thin or weak.

Diluvian, *a.* (ડાઈલ્યુવિયન) રેલથી ઘસડાઇ એકઠા થતા કાંકરા, રેતીનો જમાવ. Pertaining to the deluge.

Dim, *a.* (ડિમ્) ઝાંખું, અંધક ; મંદ. *v.t.* ઝાંખું કરવું. Fading ; obscure ; *v.* to dull, to cloud.

Dimension, *n.* (ડિમેન્શન્) ક્ષેત્રફળ, વિસ્તાર. Space ; extent ; capacity. (L. *dis, meteor* I measure).

Diminish, *v.t.* (ડિમિનિશ્) ઓછું-કમી કરવું, ઘટાડવું. To cause to be less ; to abate; to decrease ; to degrade. (L. *dis, minus* less).

Diminution, *n.* (ડિમિન્યુશન્) ઘટાડો ; ઘટવું તે. Act of making less.

Diminutive, *a.* (ડિમિન્યુટિવ) નાનું, લઘુ ; હ્રસ્વ. Small, little ; contracted.

Dimissory, *a.* (ડિમિસરિ) જવાની રજા આપનારૂં. Granting leave to depart. (L. *dis, mitto* I send). [curely.

Dimly, *ad.* ડિમલિ) ઝાંખુ ઝાંખું. Obs-

Dimness, *n.* (ડિમનેસ) ઝાંખાપણું ; નબળાપણું. **Dullness of sight.**

Dimple, *n.* (ડિમ્પલ્) ગાલમાં કે હડાડીમાં જે ખાડો પડે તે; ખંજન. A hollow in the chink or cheek. [dimples.

Dimpled, *a.* ખંજનવાળું. Set with

Din, *n.* (ડિન્) ઘોંઘાટ ;શોર. *v.t.* કાન ફોડવા. A loud sound; to stun with noise.

Dine, *v.i.* (ડાઈન) જમવું, ભોજન કરવું. *v.t.* જમાડવું. To eat the chief meal of the day; to feed.

Ding-dong, *n.* ઘંટાના અવાજને એ શબ્દ લગાડવામાં આવે છે. [ed.

Dingy, *a.* (ડિંજી) કાળું. મેલું. Dark; soil-

Dinner, *n.* (ડિનર્) જમણ, ભોજન. (party)જમણવાર, ન્યાત. Principal meal of the day, a feast.

Dint, *n.* (ડિન્ટ) ફટકો, જરબ. *v.t.* ચોબો પાડવો.Blow; mark; to mark by a blow.

Diocese, *n.* (ડાયોસીસ) બીશપપાદરીની હુકમતની સરહદ. The jurisdiction of a bishop.

Dip, *v.t.* (ડિપ્) બોળવું, ડબોવવું.*v.i.* બોળાવું, ડબોવાવું, ઉતરતાં જવું. *n.* ડુબકી, બુડકી ; ગોથું. To plunge for short time in water or other liquid substance; to sink below the horizon; te immerse; to enter slightly; inclination downward

Dipthong, *n.* (ડિપ્થૉંગ) સંધિસ્વર. An union of two vowels in one sound. (L. *dis, phthongos* sound).

Diploma, *n.* (ડિપ્લોમૅ) સનદ ; મદ્રેસાની સનદ. A writing conferring some privilege. (G. *diplo-o* I double).

Diplomacy, *n.* (ડિપ્લોમસિ) બે રાજ્ય અથવા પ્રજા વચ્ચે તહનામું કરાવવાનુંકામ ; એલચીનું કામ ; કાર્ય સિદ્ધ કરવામાં કુશળતા. Science of conducting negotiations between states or nations; dexterity in securing advantages.

Diplomatic-cal, *a.* (ડિપ્લોમૅટિક્-કલ્) સનંદી, સનંદ મળેલું. Furnished with a diploma.

Diplomatist *n.* (ડિપ્લોમૅટિસ્ટ) કોલકરાર કરવામાં ઝડપ ધરાવનાર એલચી. One skilled in diplomacy.

Dire, *a.* } (ડાયર-ફુલ્) ભયંકર, નાશકારક ; ઘોર. Dreadful;
Direful, ,, } gloomy; destructive. (L. *dirus*).

Direct. *v.t.* (ડિરેક્ટ) નિશાન માંડવી ; નજર ફેરવવી ; ફરમાવવું ; માર્ગ દેખાડવો. *a.* સીધું, પાધરૂ ; પરભારૂ ; બારોબર. To set straight; to point or aim in a straight line; to conduct; to lead; to instruct; *a.* not circuitous or crooked; open; plain; express. (L. *dis, rego* I rule).

Direction, *n.* (ડિરેક્શન્) નેમ, મતલબ; વહિવટ ચલાવવો તે ; દિશા ; આજ્ઞા ; હુકમ; સરનામું ; ઉપરીપણું. Act of directing; aim; order; superscription; address of a letter; promptness.

Directly, *ad.* (ડિરેક્ટલિ) સીધું ને સીધું ; પાધરૂં, ખુલ્લી રીતે, તુરત ; જાતેજ. In a straight line or course; rectilineally; expressly.

Directness, *n.* સીધા-પાધરા પણું. Straightness.

Director, *n.* (ડિરેક્ટર્) કામ-કારભાર ચલાવનાર ; હુકમ કરનાર ; મુખ્ય ઉપરી. One appointed to transact business; a manager.

Directorate, *n.* (ડિરેક્ટરેટ) મુખ્ય ઉપરીની જગા- હોદ્દો. Office or body of a director.

Directory, *n.* (ડિરેક્ટરિ)માર્ગોપદેશકગ્રંથ; જેમાં કોઈ શેહેરના રેહેવાશીઓનાં નામ, ઠેકાણાં, તથા કોઈ ખાતાના નોકરોનાં નામ હોય તેવો કક્કાવારગ્રંથ. A book containing an alphabetical list of

the inhabitants of a city, their residences&c.

Dirge, *n.* (ડર્જ) શોક ગીત; પરજીયા. A funeral song.(L. *rego* I rule).

Dirk, *n.* (ડર્ક) ખંજર, કટારી. A kind of dagger.

Dirt, *n.* (ડર્ટ) કચરો, મેલ, ધૂળ, ગિરદ. Excrement ;mire ; any filthy thing.

Dirtiness, *n.* (ડર્ટિનેસ) ગંદકી, મલિનતા, ગલીસ. Filthness ; foulness ; nastiness.

Dirty, *a.* (ડર્ટી) મલીન, ગંદુ, મેલું. *v.t.* મેલું કરવું. Foul ; dark ; filthy ; to soil ; to tarnish.

Disability, *n.* (ડિસેબિલિટિ) અશક્તપણું; નાલાયકી ; અયોગ્યતા. Incapacity ; want of qualification or ability. (L. *dis, habilis* fit).

Disable, *v.t.* (ડિસેબ્લ્) અશક્ત-નિર્બળ કરવું. To render unable ; to disqualify ; to incapacitate.

Disabuse, *v.t.* (ડિસ્‌એબ્યુઝ) શક કહાડી નાંખવો. To undeceive. (*dis, ab, utor* I use).

Disadvantage, *n.* (ડિસઍડવન્ટેજ)નુકશાન ; હાની ; અકલ્યાણ ; ગેરફાયદો ; ખોટ. Loss; injury; detriment; damage

Dis-advantageous, *a.* (ડિસ્‌ઍડવૅનટેજીયસ) નુકશાન-હાની-ગેરફાયદો કરે એવું. Unfavourable.

Disaffect, *v.t.* (ડિસ્‌ઍફૅક્ટ) નાપસંદ કરવું, નારાજ કરવું. To dislike; to fill with discontent.(L. *dis, ad, facio* I do).

Disaffected, *a.* (ડિસઍફૅકટેડ) બેદીલ ; નારાજ; નાખુશ. Alienated ; unfriendly.

Disaffection, *n.* (ડિસઍફૅક્શન) અપ્રિતિ ; બેદિલી; અસંતોષ. Dislike; disloyalty.

Disagree, *v.i.* (ડિસ્‌ઍગ્રી) જુદાં પડવું ; ન મળતા આવવું ; ફેર પાડવો ; મત ભેદ હોવો. To differ ; to be unsuitable ; to dissent ; to be of a different opinion.

Disagreeable, *a.* (ડિસ્‌ઍગ્રીએબ્લ્)અણગમતું, નાપસંદ, અપ્રિય. Displeasing; unsuitable.

Disagreement, *n.* (ડિસ્‌ઍગ્રીમૅન્ટ) જુદાપણું;ભિન્નતા, તફાવત; ફેર. Difference; contrariety ; discord.

Dis-allow, *v.t.* (ડિસ્‌ઍલાઉ) નામંજુર-નાકબુલ રાખવું. To refuse to sanction; to reject.

Disappear, *v.i.* (ડિસ્‌ઍપિયર) જતાં રહેવું, ગેરક થવું; બંધ પડવું. To vanish from the sight ; to cease to be.

Disappearance, *n.* (ડિસઍપિયરન્સ) અદર્શન, અંતર્ધ્યાન, જતાં રહેવું તે. Removal from sight

Disappoint, *v.t.* (ડિસ્‌ઍપૉઇન્ટ) નાઉમેદ, નિરાશકરવું. To defeat expectation; to balk. (L. *dis, ad, punctum* point).

Disappointed. *a.* નાઉમેદ, નીરાશ, આશાભંગ. Frustrated.

Disappointment, *n.* નાઉમેદી, આશાભંગપણું તે. Failure of expectation, hope &c.

Disapprobation, *n.* (ડિસ્‌ઍપ્રોબેશન) નાપસંદી. Dislike (L. *dis, ad, probo* I prove).

Disapproval, *n.* (ડિસઍપ્રૂવલ્) ગેર ખુશી. Dislike. Disapprobation.

Disapprove, *v.t.* (ડિસઍપ્રૂવ) નાપસંદ-નામંજુર કરવું. To condemn in opinion or judgment; to dislike. (L. *dis, ad, probo* I prove).

Disarm, *v.t.* (ડિસ્‌આર્મ) હથીયાર છોડાવવાં, લેઇ લેવાં To deprive of arms ; to divest.

Disarrange, *v.t.* (ડિસઍરેન્જ) વિખેરી નાંખવું; અવ્યવસ્થ કરવું. To put out of order; to unsettle.

Disarray, *v.t.* (ડિસઍરે) ગેરવ્યવસ્થા-ગડબડ કરવી. *n.* ગેરવ્યવસ્થા. To undress; to overthrow; *n.* disorder, confusion.

Disaster, *n.* (ડિઝૅસ્ટર) આફ્ત, વિપતિ, સંકટ. Misfortune, calamity. (L. *dis*, *aster* star).

Disastrous, *a.* (ડિઝૅસ્ટ્રસ) આફ્ત ભરેલું. Calamitous.

Disavow, *v.t.* (ડિસઍવાઉ) નાકબુલ કરવું; ના કહેવી. To refuse to own; to deny. (L. *dis*, *voveo* I vow).

Disavowal, *n.* (ડિસ્ઍવાઉઅલ) ઈનકાર; ના કહેવી તે. Disowning; denial.

Disband, *v.t.* (ડિસ્બૅન્ડ) લશ્કરના શીપાઇઓને રજા આપવી; તોડી નાંખવું. *v.i.* પડી ભાંગવું. To dismiss from military service; to disperse.

Disbar, *v.t.* (ડિસ્બાર્) સનદ લેઈ લેવી. To expel as a barrister from the bar.

Disbelief, *n.* (ડિસ્બીલીફ) અવિશ્વાસ;બેઇતબારી. Refusal of faith; distrust.

Disbelieve, *v.t.* (ડિસ્બીલીવ) ન માનવુ વિશ્વાસ-ભરોંસો નહીં રાખવો. To refuse to credit.

Disbeliever, *n.* નાસ્તીક, બે ઈમાન. One who refuses belief.

Disburden, *v.t.* (ડિસ્બર્ડન્) હલકુ કરવું,-બોજો ઉતારવો. To unload; to ease of burden.

Disburse, *v.t.* (ડિસ્બર્સ) ખરચવું, ખર્ચ કરવો. To expend, or lay out money. (L. *dis*, *bursa* purse).

Disbursement, *n.* ખરચ. Sum spent.

Discard, *v.t.* (ડિસ્કાર્ડ) કહાડી મુકવું, દુર કરવું, નગણવું. To discharge; to thrust; to reject; to cast off; to dismiss.

Discern, *v.t.* (ડિસર્ન) દેખવું, સમજવું, ઓળખવું; અક્કલથી પીછાનવું. *v.i.* ભેદસમજવો. To see; to perceive; to distinguish; to discover; to judge. (L. *dis*, *cerno*. I sift).

Discerner, *n.* વાકેફગાર; નજરબાજ.

Discernible, *a.* (ડિસર્નિબલ) ખુલ્લી રીતે દેખાઈ આવે એવું;જોવાજોગ. That may be discovered.

Discerning, *a.* જ્ઞાની, હોંશીયાર. Judicious.

Discernment, *n.* ભેદ સમજી જવાની શક્તિ, તિવ્ર બુદ્ધિ. Discrimination; a judgment.

Discharge, *v.t.* (ડિસ્ચાર્જ)ખાલી કરવું, કાઢી નાંખવું, ફોડવું; બાર કરવો; કરવું, બજાવવું; છોડી મુકવું. (*n.*) છુટકો, છુટકારો; બંદુકનું ફુટવું તે; બરતરફી. To unload; to free from; to release, to fire off; to pay; to execute; to dismiss; to expel; *n.* release; explosion; execution.

Disciple, *n.* (ડિસાઇપલ્)શિષ્ય, ચેલો' સાગ્રીત; (*v-t.*) શીખવવું, પોતાના મતમાં લેવું. A pupil; a follower; to train. (L. *disco* I learn).

Discipline, *n.* (ડિસિપ્લિન) કેળવણી, સુધારવું તે, શિક્ષા, કવાયત;વ્યવસ્થા. (*v.t.*). શિખવવું, કેળવવું, સુધારવું. Education; training; culture; punishment; correction; military regulation; to direct; to chastise.

Disciplinarian, *n.* શીખવનાર. One strict in discipline.

Disciplinary, *a.* શિક્ષા-બંદોબસ્ત સંબંધીનું. Pertaining to discipline.

Disclaim, *v.t.* (ડિસ્કલેમ) ઇનકાર કરવો; હક-દાવો નથી એમ કહેવું. To disown; to renounce; to deny. (L. *dis*, *clamo* I cry out).

Disclaimer, *n.* (ડિસ્કલેમર) જાહેર ઇનકાર કરનાર. One that disclaims.

Disclose, *v.t.* (ડિસ્કલોઝ) ખુલ્લું-પ્રગટ કરવું; કહી દેવું, દેખાડી આપવું; ફોડી દેવું. To open; to uncover; to reveal; to divulge. (L. *dis claudo* I shut).

Disclosure, *n.* (ડિસ્કલોઝર) જાહેર પાડવું તે-કહી દીધેલીવાત. Act of disclosing; that which is revealed.

Discolour, *v.t.* (ડિસ્કલર) રંગ-રૂપ બદલવું; મેલું કરવું. To alter the natural colour of; to stain.

Discoloration, *n.* (ડિસ્કલરેશન્) રંગ બદલી; વર્ણ વિકાર; ડાઘો. Alteration of colour, stain.

Discomfit, *v.t.* (ડિસ્કૅામફિટ્) હરાવવું, હઠાડવું; (*n.*) હાર, પરાજ્ય; ઉદાસી. To root; to defeat. (L. *dis, con, figo* I fix.)

Discomfiture, See Discomfit (*n.*).

Discomfort, *n.* (ડિસ્કમફર્ટ) અસુખ; બેચેની.(*v.*) દીલગીર થવું. Uneasiness; sorrow; to grieve. (L. *dis, con, fortis* strong)

Discommend, *v.t.* (ડિસ્કમેન્ડ) ઠપકો-દોષ દેવો. To blame; to censure. (L. *dis, con, mando* I order).

Discompose, *v.t.* (ડિસ્કમ્પોઝ) ધાલમેલ કરવી. અવ્યવસ્થા કરવી; આકળું કરવું. To put out of place; to agitate; to disorder. (L. *dis, con, pono* I put).

Discomposure, *n.* અકળામણ, અસ્વસ્થ-પણું. Disorder; disturbance.

Disconcert, *v.t.* (ડિસ્કૅાન્સર્ટ) ધુળધાણી કરવું, ગભરાવવું. To frustrate; to confuse; to ruffle; to abash.

Disconnect, *v.t.* (ડિસ્કનેક્ટ) જુદું-છુંડું પાડવું; સંબંધતોડીનાંખવો. To seperate, to disunite; to dissolve. (L. *dis, necto* I tie).

Disconnection, *n.* છુટાં પડવું તે, પૃથકતા. Seperation.

Disconsolate, *a.* (ડિસકૅાન્સોલેટ) દુખમાં ડુબેલું, ખિન્ન, ઉદાસ. Hopelessly sad; comfortless; gloomy. (*dis, con, solor* I comfort).

Discontent--ment, *n.* (ડિસકન્ટેન્ટ-મેન્ટ) અસંતોષ, બેદિલી, નારાજી. *a.* નારાજ, નાખુશ *v.t.* નાખુશ કરવું. Disatisfaction; *a.* uneasy; *v.* to dissatisfy.

Discontented, *a.* (See, Discontent).

Discontinue, *v.t.* (ડિસ્કન્ટિન્યુ) અટકાવી દેવું, બંધ પાડવું, કાઢી નાંખવું, તોડવું. To put an end to; to leave off; to cause to cease; to break off; (L. *dis, con, teneo* I hold).

Discontinuance, *n.* બંધ પડવું-નીકળી જવું તે; તહકુબી; તૂટ. Cessation.

Discord, *n.* (ડિસ્કૅાર્ડ) વિરોધ, ઉંચું મન; અણબનાબ; કુસંપ. Disagreement; strife; variance. (L. *dis, cor* heart).

Discordance } *n.* વિરોધ, વિરૂદ્ધતા. In-
Discordancy } constistency.

Discordant, *a.* (ડિસ્કૅારડન્ટ) ઉલટું, વિરૂદ્ધ. Disagreeing; contrary.

Discount, *n.* (ડિસ્કાઉંટ) વટાવ; છુટ; મૂદત કાપી આપેલું નાણું. *v.t.* છુટમુકવી-મૂદત કાપી આપવી, સીકારવું. *v.i.* હુંડી સિકારવી. An allowance made upon an account; to pay back; to deduct. (L. *dis, con, puto* I think).

Discountable, *a.* વટાવી શકાય-મુદત કાપી શકાય એવું. That may be discounted.

Discountinance, *v.t.* (ડિસકાઉન્ટીનન્સ) ટેકો-મદદ નહીં આપવી. To discourage; to abash.

Discourage, *v.t.* (ડિસકરેજ) નાહિંમત કરવું, ભાંજતી કરવી, મન ફેરવવું. To

dishearten; to dissuade; to attempt to repress. (L. *dis, cor* heart).

Discouragement, *n.* નાહિંમતથવું તે; હરકત-અટકાવ થવો તે; હરકત; અડચણ. State of being discouraged; act of disheartening.

Discourse, *n.* (ડિસ્કોર્સ) સંભાષણ, સંવાદ; વાત ચીત; ઉપદેશ. *v.i.* વાત-ભાષણ કરવું. Conversation; speech; treatise; sermon; *v.*to reason; to treat of; to converse. (L. *dis-curro* I run).

Discourteous, (ડિસ્કોર્ટિયસ્)અસભ્ય, અસલુક, નાલાયક; બેઅદબી. Void of courtesy; rude; uncivil; unpolite.

Discourtesy, *n.* (ડિસ્કોર્ટિસિ) અસભ્યતા બેઅદબી. Incivility; rudeness

Discover, *v.t.* (ડિસ્કવર્) શોધી કહાડવું. ખુલ્લુ-પ્રગટ કરવું; પત્તો લગાડવો; બતાવી-જણાવી-આપવું. To make manifest, to uncover; to disclose; to reveal; to tell; to espy; to find out. (L. *dis, con, operio* I work)

Discoverable, *a.* શોધીકઢાય એવું, દેખીતું That may be discovered.

Discovery *n.* (ડિસ્કવરિ) પત્તો, શોધ, થાગ; શોધી કહાડેલી વસ્તુ. Act of discovering; a making; thing discovered.

Discredit, *n.*(ડિસ્ક્રેડિટ્) નામોસી, બદનામી, એબ, અપજશ (*v.t.*) બદનામી આપવી, એબ લગાડવી, ખોટું-અશક્તમાનવું. Ill repute; disgrace; ignomy; distrust; to deprive of credit; to disbelieve; to make less reputable. (L. *dis credo* I trust.)

Discreditable, *a* (ડિસ્ક્રેડિટેબલ્) નામોશી ભરેલું. Disgraceful.

Discreet, *a* (ડિસ્ક્રીટ્) વિચારવંત, ડહાપણવાળું, દાનું,ઠરેલ; Prudent, cautious; modest. (L. *dis, cerno* I seperate).

Discreetly *ad* તદબીરથી. Prudently.

Discrepance, Discrepancy *a.* તફાવત, ફરક; જુદાપણું. Difference Disagreement. (L. *dis, crepo* I rattle.

Discretion, *n.* (ડિસ્ક્રેશન્) ડહાપણ, બુદ્ધિ, વિચાર. વિવેક; સ્વતંત્રા. Judgment; prudence; true discernment; capacity for wise management

Discretional-ary *a.* વિચારાધિન, આપ અખત્યાર ઉપર રાખેલું. Left to discretion or choice.

Discriminate, (ડિસ્ક્રિમિનેટ) છુટું-જુદુ પાડવું, પરખી કાઢવું, પરિક્ષા કરવી. (*v.i.*). ફેર-તફાવત ગણવો, જુદું ગણવું. To seperate; to distinguish; to observe difference between. (L. *dis, cerno* I seperate).

Discrimination,*n* (ડિસ્ક્રિમિનેશન્) વિચાર, પિછાન; બરોબર પરિક્ષા; વિવેક શક્તિ. Acute discernment; distinction; mark.

Discrown, *v.t.* (ડિસ્ક્રાઉન્)મુગટરૂપી શોભા વિનાનું કરવું. To deprive of a crown.

Discursive, *a.* (ડિસ્કર્સિવ) દોડાદોડ કરી મુકનારૂં; ગમે તેમ આડું અવળું ઉતરી પડનારૂ. Roving; rambling. (L. *dis, curro* I run.)

Discuss, *v.t.* (ડિસ્કસ) વાદ વિવાદ કરવો; ચર્ચા કરવી. To examine; to debate; to disperse. (L. *dis, quatio* I shake).

Discussion, *n.* (ડિસ્કશન્) વાદ વિવાદ,તકરાર, ચરચા.Disquisition; debate, argument.

Disdain, *v.t.* (ડિસ્ડેન્) ધિક્કારવું, તિરસ્કાર કરવો, હલકું માનવું.(*n.*) તિરસ્કાર; અવગણના. To deem worthless or unbecoming; to scorn; to contemn; haughtiness; contempt. (L. *dis, dignus* worthy).

Disdainful, *a.* તીરસ્કાર ભરેલું, મ્હોટાઇ વાળું, મગરૂર. Scornful; contemptuous.

Disease, *n.* (ડિઝીઝ) રોગ, દરદ; આજાર Malady, distemper; illness.

Diseased, *a.* રોગી, બીમાર; આજારી; વિકાર પામેલું. Disordered; distempered; sick-

Disembark, *v.t.v.i.* (ડિસ્એમ્બાર્ક) વહાણ ઉપરથી જમીન ઉપર ઉતારવું-ઉતરવું. T land; to put on shore.

Disembarkation, *n.* વહાણ ઉપરથી ઉતારવું-ઉતરવું તે. Act of disembarking.

Disembodied, *a.* (ડિસ્એમ્બૉડિડ્) વિદેહ-દેહ વગરનું, છુટું કરેલું-પાડેલું. Divested of the body; seperated.

Disembody, *v.t.* (ડિસ્એમ્બોડિ) લશ્કરી કામમાંથી છુટું કરવું. To discharge from military service.

Disembogue, *v.t.* (ડિસ્એમ્બોગ) ખાલી થવું, મળવું. To flow into the sea; to pour out at the mouth of.

Disenchant, *v.i.* (ડિસ્ઍન્ચૅન્ટ) મારેલો મંત્ર ઉતારવો-વાળવો. To free from enchantment; to deliver from the power of charms.

Disencumber, *v.t.* (ડિસ્એન્કમ્બર્) અડચણ-પીડામાંથી મોકળું કરવું. To free from any thing that obstructs.

Disendowment, *n.* (ડિસ્એન્ડાઉમેન્ટ) કાંઇ નીમણુંક કરી આપી હોય તે લેઈ લેવી તે. The act of depriving of an endowment.

Disengage, *v.t.* (ડિસ્એનગેજ) છુટું-જુદુ પડવું, છોડવવું, મોકળું કરવું. To set free; to release; to extricate; to disentangle.

Disengaged, *a.* નવરૂં, છુટું, કામ ફુરસદ. Vacant; not occupied.

Disengagement, *n.* (ડિસ્એન્ગેજમેન્ટ) ફુરસદ, નવરાશ, અવકાશ. Leisure; release.

Disentangle, *v.t.* (ડિસ્એન્ટેન્ગલ્) છોડવવું, ગુંચવણ કાઢી નાંખવી. To extricate; to unravel; to disengage.

Disenthral, *v.t.* (ડિસેન્થ્રોલ) ગુલામગીરીમાંથી છોડવવું. To set free.

Disentitle, *v.t.* (ડિસ્એનટાઇટલ્) ખેતાબ છીનવી લેવો. To deprive ot a title.

Disesteem, *v.t.* (ડિસ્એસ્ટીમ્) અપમાન-અનાદાર કરવો. (*n.*) અવગણના, અનાદર. To regard slightly; *n.*slight dislike; disregard.

Disfavour (*n.*) (ડિસ્ફેવર્) અરૂચી, નાપસદી, અવકૃપા; ઇતરાજી. (*v.t.*) ગેરમેહેરબાની હોવી. Disregard, dislike; displeasure; *v.* to displease.

Disfigure, *v.t.* (ડિસ્ફિગર્) બેડોળ-વિરૂપ-બેસુરત કરવું. To mar the figure; to impair the beauty.

Disfiguration, *n.* વરવાપણું, બદસુરત. Act of disfiguring.

Disfigurement, *n.*(ડિસ્ફિગરમેન્ટ) બેડોળપણું હોવું તે; બગાડનાર, બગાડવાનું મૂળ. State of being disfigured; that which disfigures.

Disgorge, *v.t.* (ડિસ્ગાર્જ) ઓકવું, ઉલટી કરવી. To vomit; to eject; to discharge.

Disgrace, *n.* (ડિસ્ગ્રેસ) અપ્રતિષ્ટા, માનહાની; શરમ; ફજેતી; નામોશી; (*v.t.*) ફજેતી-બે આબરૂ કરવી, શરમ લગાડવી. Dishonour; shame; state of being out of favour; *v.* to bring to shame. (L. *dis, gratia* favour.)

Disgraceful, *a.* (ડિસ્ગ્રેસફૂલ્) શરમ-નામોશી ભરેલું; ઇજ્જત લેઉ. Shameful; ignominious.

Disguise, *v.t.* (ડિસ્ગાઇઝ) વેષ લેવો-ધારણ કરવો-બદલવો; છુપાવવું, ઢાંકવું (*n.*)

વેષ, ખોટો લેબાશ; છળ. To conceal by an unusual dress; to disfigure; false or assumed appearance intended to deceive.

Disgust, *n.* (ડિસ્ગસ્ટ) સૂગ, કંટાળો, તીરસ્કાર. (*v.t.*) કંટાળો આપવો, કંટાળવું, સૂગ લગાડવી. Distaste; loathing; aversion; *v.* to excite aversion. (L. *dis, gustus* taste.)

Disgusted } *a.* સૂગ ભરેલું, કંટાળા ભરેલું, નાખુશ. Nauseous; offensive.
Disgusting }

Dish, *n.* (ડિશ્) થાળી, રકેબી, થાળ, તબક; ભાણું, તાસક; ખાવાનું. (*v.t.*) પિરસવું. A vessel for serving up meal at table; food; *v.* to serve or put in a dish.

Dishearten, *v.t.* ડિસ્હાર્ટન્) ના ઉમેદ-મેદીલ કરવું. To discourage; to deject.

Dishevelled, *a.* (ડિશેવેલ્ડ) વીખરાએલું, છુટું. Loose, unconfined.

Dishonest, *a.* (ડિસ્ઑનેસ્ટ) બેઇમાન, અપ્રમાણિક; લુચ્ચુ દગો કરે એવું. Faithless; void or destitute of honesty; knavish. (L. *dis, honor.*)

Dishonesty, *n.* (ડિસ્ઑનેસ્ટિ) અપ્રમાણીકપણું; બેઇમાની; લુચ્ચાઇ; દગલબાજી. Faithlessness; disgrace; unchastity.

Dishonour, *v.t.* (ડિસ્ઑનર્)આબરૂ લેવી, બટ્ટો લગાડવો; નહી સિકારવું. (*n.*) અપકિર્તિ; અપ્રતિષ્ઠા, બે આબરૂ. To deprive of honour; to disgrace; to decline to accept; *v.* disgrace; ignominy.

Dishonorable, *a.* અપમાન કરે એવું, પાજી, શરમ ભરેલું. Destitue of honour; shameful; base; vile.

Disinclination, *n.* (ડિસ્ઇન્ક્લિનેશન્) કમન, અપ્રિતી; નામરજી, અનુત્સાહ. Dislike; aversion; (L. *dis, in, clino* I bend).

Disincline, *v.t.* (ડિસ્ઇન્ક્લાઇન) અપ્રીતી કરાવવી, મન પાછું હઠાડવું. To excite dislike; to make disaffected (L. *dis, clino* I bend. [Averse.

Disinclined, *a.* ના મરજી ભરેલું, બેખાયસ.

Disinfect, *v.t.* (ડિસ્ઇનફેક્ટ) દુર્ગંધ કાઢવી, લાગેલો ચેપ કાઢવો. To cleanse from infection.

Disinfectant, *a.* લાગેલો ચેપ ટાળવાનું ઓસડ-ઇલાજ. That which cleanses from infection.

Disingenuous, *a.* (ડિસ્ઇન્જેન્યુઅસ્)મનમાં પાપ રાખીને કીધેલું; પાપ બુદ્ધિનું; મેલું. Unfair, not candid or frank, crafty; artful.

Disingenuousness, *n.* મનમાં પાપ રાખીને આચરવાની ટેવ; પાપબુદ્ધિ. Mean subtlety.

Disinherit, *v.t.* (ડિસ્ઇન્હેરિટ્) વારસામાંથી બાતલ કરવું. To deprive of an inheritance.

Disintegrate, *v.t.* (ડિસ્ઇન્ટીગ્રેટ) ધીમે ધીમે ભુકો થઈ જવો-ભાગ છુટાછુટા થવા. To seperate into integrant parts. (L. *dis, integer* whole).

Disinter, *v.t.* (ડિસ્ઇન્ટર્) કબરમાંથી બહાર કહાડવું; દાટેલું ખોદી કાઢવું, બહાર-મેદાન પાડવું. To take out of grave; to unbury; to bring from obscurity in view. (L. *dis, in terra* earth).

Disinterested, *a.* (ડિસ્ઇન્ટરેસ્ટેડ) નિષ્કામ, બેગરજ, બેતમા, નિર્લોભ. Free from self-interest; impartial. (L. *dis, inter, esse* to be).

Disinterment, *n.* જમીનમાં-કબરમાંથી બહાર કહાડવું તે. Act of unburying.

Disjoin, *v.t.* (ડિસ્જૉઇન્) સંબંધ તોડવો; જુદું પાડવું. To part asunder; to

disunite; to seperate; (L. *dis*, *jungo* I join).

Disjoint, *v.t.* (ડિસ્જૉઈન્ટ) સાંધામાંથી જુદું-છુટું પાડવું; લચકાવવું, ઉતારી નાંખવું. To put out of joint; to break in pieces; to seperate the junctures. (L. *jungo* I join).

Disjointed, *a.* સાંધામાંથી જુદું પડેલું. Disconnected.

Disjunctive, *a.* (ડિસ્જન્કટિવ) જુદું-છુટું પાડનારૂં; (વ્યાકરણમાં) ભિન્નાર્થ વાક્ય યોગી. Seperating; a word that disjoins.

Disjuction, *n.* (ડિસ્જંકશન્) વિયોગ, છુટું પડવું તે. Disunion; seperation.

Disk, *n.* (ડિસ્ક) ચકતું; બિંબ; ચક્ર. A circular piece of any thing flat; the face of a celestial body.

Dislike, *v.t.* (ડિસ્લાઇક) નાપસંદ-અણગમતું કરવું; અપ્રિતિ, અરૂચિ. To disapprove; aversion; disinclination.

Dislocate, *v.t.* (ડિસ્લોકેટ) ઉતરી જવું; જુદું પાડવું; લચકાવવું. To displace; to put out of joint; (L. *dis*, *locus* a place).

Dislocation, *n.* (ડિસ્લોકેશન્) લચક; ઉતરી-ખસી જવું તે. A joint displaced.

Dislodge, *v.t.* (ડિસ્લૉજ) રહેઠાણ ઉપરથી ઉઠાડવું-કાઢવું-ખસેડવું; નસાડવું. To remove or drive from a place of rest.

Dislodgement, *n.* રહેઠાણથી ખસેડવું તે. Displacement; state of being displaced.

Disloyal, *a.* (ડિસ્લૉયલ) બેઈમાન; અવિશ્વાસુ; રાજા સાથે બેવફાઈ કરનાર. Faithless; untrue, treacherous. (L. *dis*, *lex* law).

Disloyalty, *n.* (ડિસ્લૉયલ્ટિ) નિમકહરામી; રાજદ્રોહ Violation of allegiance to a prince.

Dismal, *a.* (ડિસ્મલ) ઝાંખું, ઉદાસ, ભયાનક. Gloomy; sorrowful; dire; melancholy.

Dismantle, *v.t.* (ડિસ્મૅન્ટલ્) કાઢી લેવું; રક્ષણનાં સાધન કાઢી લેવાં. To deprive; to strip; to break down; to deprive of rigging, furniture&.

Dismast, *v.t.* (ડિસ્મૅસ્ટ) વહાણનાં ડોળ ભાગી નાંખવા. To break and carry away masts from a ship.

Dismay, *v.t.* (ડિસ્મે) હબકાવી નાંખવું, દેહેસત દેવી. (*n.*) હબક, બીક, ભય. To appal; to frighten; to depress; fright; terror. (L. *dis*, *maga* witch.)

Dismember, *v.t.* (ડિસ્મેમ્બર) અવયવ જુદા પાડવા; તોડી નાંખવું. To seperate; to divide; to mutilate. (L. *dis*, *membrum*).

Dismemberment, *n.* અંગ-અવયવ જુદાં પાડવાં તે. Division; seperation.

Dismiss, *v.t.* (ડિસ્મિસ્) રજા આપવી; બરખાસ કરવું, બરતરફ કરવું. To send away; to discard; to despatch. (L. *dis*, *mitto* I send.)

Dismissal } રૂકશતિ; વિદાઈ; બરતરફી;
Dismission } વિસર્જન. Act of sending away; removal from office; discharge.

Dismount, *v.t.* (ડિસ્માઉન્ટ) ઉતારી નાંખવું; પાડી નાંખવુ; પાડી દેવું; ગભડાવી નાંખવું. *v.i.* ઉતરવું, પડી જવું. To descend from a horse or an alleva-tion; to unhorse; to throw or remove as a cannon. (L. *dis*, *mons* a hill).

Disobedience, *n.* (ડિસ્ઓબીડિયન્સ) હુકમ- કહ્યું ન માનવું તે; આજ્ઞા ઉલંઘન. Neglect or refusal to obey; breach of duty.

Disobedient, *a.* હુકમ ન માને એવું ; આડું ચાલનાર. Refusing to obey.

Disobey, *v.t. v.i.* (ડિસ્ઓબે) હુકમ-આજ્ઞા તોડવી ; કહ્યું ન માનવું. To omit or refuse to do what is commanded. (L. *dis, obedio* I obey).

Disoblige, *v.t.* (ડિસ્ઑબ્લાઇજ) નાખુશ કરવું ; માઠું લગાડવું ; દુભવવું. To offend ; to displease ; to release from obligation. (L. *dis, ob, ligo* I bind).

Disobliging, *n.* મરજી-ઇચ્છાથી ઉલટું કરનાર ; અનુપકારી. Unkind ; uncivil ; offensive ; unaccomodating.

Disorder, *n.* (ડિસ્ઑર્ડર્) અવ્યવસ્થા ; ધાલમેલ ; ગરબડ ; વિકાર ; કસર ; બિગાડ ; બખેડો. *v.t.* બગાડવું ; નુકશાન પહોંચાડવું. Want of order ; confusion ; irregularity ; sickness ; tumult *v.* to disturb ; to discompose ; to make sick.

Disorderly, *a.* અવ્યવસ્થિત ; બંદોબસ્તવિનાનું ; બખેડાખોર; અનાચારી. Confused; tumultuous ; loose ; vicious ; lawless.

Disorganise, *v.t.* (ડિસ્ઑર્ગેનાઇઝ) અ-વ્યવસ્થામાં લાવી મૂકવું. To dissolve the regular system.

Disorganisation, *n.* ભાગી-તૂટી જવું તે; અવ્યવસ્થા. Subversion of order.

Disown, *v.t.* (ડિસ્ઓન્) પોતાનું નથી એમ કહેવું ; ઇનકાર કરવો. To refuse to acknowledge ; to disavow ; to deny ; to renounce.

Disparage, *v.t.* (ડિસ્પૅરેજ) વખોડવું, નિંદવું, હલકું ગણવું. To undervalue ; to nullify; to depreciate.(L. *dis, par* equal).

Disparagement, *n.* હલકા પાડવું, નિંદા; નામોસી. Disgrace ; indignity ; reproach.

Disparity, *n.* (ડિસ્પૅરિટિ) તફાવત, ફેર ; ફરક. Inequality ; unlikeness. (L. *dis, par* equal).

Dispassionate, *a.* (ડિસ્પૅશનેટ) ઠંડા મીજાજનું ; શાંત ; નરમ. Cool ; free from passion ; calm. (L. *dis, patior* I suffer).

Dispatch, See Despatch.

Dispel, *v.t.* (ડિસ્પેલ્) કાઢી નાંખવું, ઉડાવી દેવું ; મટાડવું. To drive away ; to banish ; to dissipate-(L. *dis, pello* I drive).

Dispensary, *n.* (ડિસ્પેન્સરિ) દવાખાનું, ઔષધશાળા. A place where medicines are dispensed to the poor. (L. *dis, pendo* I weigh).

Dispensation, *n.* (ડિસ્પેન્સેશન્) વેંહેંચણ ; ભાગ ; વાંટો ; ઇશ્વર કરે તે મારી; છુટ. Distribution ; method of providence ; exemption from some land. (L. *dis, pendo* I weigh).

Dispense, *v.t.* (ડિસ્પેન્સ) વહેંચી આપવું, જવા દેવું ; માફી કરવી ; ગરજ લાવ્યા વિનાકામ ચલાવવું ; બજાવવું. To weigh out; to distribute; to administrate; to execute; to excuse.(L. *dis, pendo* I weigh).

Dispenser, *n.* દવાખાનામાં દવા આપનાર.

Dispeople, *v.t.* See Dispopulate.

Disperse, *v.t.* (ડિસ્પર્સ) વિખેરી નાંખવું, છુટું પાડવું. ફેલાવવું. To scatter here and there; to diffuse. (L. *dis, spargo* I scatter).

Dispersion, (ડિસ્પર્શન્) વેરાઇ જવું તે ; ફુંકા ફાક. State of being dispersed; dissipation.

Dispirit, *v.t.* (ડિસ્પિરિટ્) નાહિંમત કરવું, To dishearten ; to discourage.

Displace, *v.t.* (. (ડિસ્પ્લેસ) ખસેડવું ; કોઇ ચીજને આડે ઠેકાણે મૂકવી ; બરતરફ કરવું. To remove from the place, to dismiss; to derange.

Displacement, *n.* ખસેડાવું તે ; રજા મળવી ; બરતરફી. Act of removing from the usual place.

Display, *v.t.* (ડિસ્પ્લે) ખૂલ્લુ કરવું ; દેખાડવું ; બતાવવું. *n.* ભપકો, ઠાઠ, દબદબો. To unfold ; to expand ; to show ; *n.* an exhibition ; a show ; pomp. (L. *dis*, *plico* I fold).

Displease, *v.t.* (ડિસ્પ્લીઝ) નાખુશ-ક્ફા કરવું, માઠું લગાડવું. To offend ; to be disagreeable to ; to disgust. (L. *dis*, *placeo* I please.)

Displeasure, *n.* (ડિસ્પ્લેઝર) ગુસ્સો, ઈતરાજી, અવકૃપા. Disgust ; anger ; dissatisfaction.

Disposal, *n.* (ડિસ્પોઝલ) ગોઠવણી, વ્યવસ્થા, યોજના ; આપવાની સત્તા ; અધિકાર. Regulation ; management ; power of bestowing ; ordering. (L. *dis*, *ponh* I put.)

Dispose, *v.t.* (ડિસ્પોઝ) માંડવું ; ગોઠવવું ; વ્યવસ્થા-યોજના કરવી ; ઈચ્છા કરવી, મન લગાડવું ; વહેંચી નાંખવું. To arrange ; to adjust ; to set right ; to deal out ; to bestow ; to sell.

Disposer, *n.* બખસનાર ; Bestower.

Disposition, *n.* ડિસ્પોઝિશન્) ગોઠવણુ ; રચના ; વ્યવસ્થા ; સ્વભાવ, મિજાસ ; મનનું વલણ. Disposal ; arrangement ; order ; temper ; inclination ; distribution.

Dispossess, *v.t.* (ડિસ્પઝેસ્) કબજામાંથી લઇ જવું-લૂટી લેવું ; દબાવી પડવું. To deprive of possession.

Dispossession, *n.* વીનાનું થવું તે ; ઘરબાર લૂટી લેવાં તે. Act of putting out of possession.

Dispraise, *n.* (ડિસ્પ્રેઝ) વખોડવું તે, નિંદા. Blame ; censure. (L. *dis*, *pretium* price.)

Disproof, *n*, (ડિસ્પ્રૂફ) રદ કરવું તે ; ખંડન. Confutation. (L. *dis*, *probo* I prove.)

Disproportion, *n.* (ડિસ્પ્રોપોર્શન્) અસમાનતા ; પ્રમાણુસર નહીં હોવું તે, તફાવત. Want of suitableness ; inequality ; disparity. (L. *dis*, *pro*, *portio* a part.)

Disproportional } **Disproportionate** } *a.* પ્રમાણુ વગરનું ; અસમાન ; અયોગ્ય. Unsuitable ; inadequate.

Disprove, *v.t.* (ડિસ્પ્રુવ) રદ-બાતલ કરવું ; ખોટું સાબીત કરી આપવું. To refute ; to prove to be false. (L. *dis*, *probo* I prove.)

Disputable, *a.* (ડિસ્પ્યુટેબલ્) તકરાર-વાંધો લેવા જેવું. Contentious ; liable to be contested. (L. *dis*, *puto* I think.)

Disputant, *n.* (ડિસ્પ્યુટન્ટ) વાદ તકરાર કરનાર. An arguer.

Disputation. *n.* (ડિસ્પ્યુટેશન્) વાદવિવાદ ; તકરાર. Controversy in words ; exercise in which parties reason.

Disputatious, *a.* તકરારી, લડાઈખોર. Inclined to dispute.

Dispute, *a.* (ડિસ્પ્યુટ) તકરાર લેવી, વાદ ચલાવવો ; સામા ભીડવું. *n.* તકરાર, વાદ ; વાંધો. (Beyond D.) નિઃસંશય. To argue ; to discuss ; to debate ; to altercate ; *n.* disputation ; controversy. (L. *dis*, *puto* I think).

Disqualification, *n.* (ડિસ્ક્વૉલિફિકેશન્) અયોગ્યતા ; નાલાયકપણું. Disability : that which disqualifies.

Disqualify, *v.t.* (ડિસ્ક્વૉલિફાઈ) નાલાયક કરવું-થવું. To make unfit ; to disable. (L. *dis*, *qualis*, of what kind).

Disquiet, *v.t.* (ડિસ્ક્વાયેટ્) બેચેની-ઉદ્વેગ કરાવવો. *n.* ચિંતા ; ઉચ્ચાટ. To make

uneasy or restless; to deprive of tranquility; uneasiness; anxiety. (L. *dis*, *quies* rest).

Disquietude, *n.* મનની બેચેની. Uneasiness.

Disquisition, *n.* (ડિસ્ક્વિઝિશન્) યથાસ્થિત શોધ. A discussion; an elaborate examination. (L. *dis*, *quœro* I seek).

Disregard, *v.t.* (ડિસ્રિગાર્ડ) બે પરવાઈએ દરકારી ગણવી; અનાદાર કરવો. *n.* બે પરવા;અનાદાર; બે દરકારી. To neglect; to contemn; to omit; to take notice of; slight notice, neglect.

Disrelish, *v.t.* (ડિસ્રૅલિશ) ન ભાવવું-નહીં ગમવું. *n.* અભાવ, અરૂચી; અપ્રિતિ. To dislike; distaste; nauceousness.

Disreputable. *a.* (ડિસ્રૅપ્યુટેબ્લ્) હલકું, બે આબરૂ; લુચ્ચું; શરમ લાગે એવું. Dishonourable; shameful; low, (L. *dis*, *re*, *puto* I think).

Disrepute, *n.* (ડિસ્રૅપ્યુટ) અપકિર્તી; ગેર આબરૂ; અપમાન. Discredit; dishonour.

Disrespect, *n.* (ડિસ્રીસ્પૅક્ટ) અપમાન, અમર્યાદા, બે અદબી; *v.t.* અપમાન કરવું. Want of respect; rudeness; disesteem; to show disrespect to. (L. *dis*, *re*, *specio* I look).

Disrespectful, *a.* બે અદબ, અમર્યાદ. Uncivil; unpolite; rude.

Disrobe, *v.t.* (ડિસ્રોબ) લુગડાં ઉતારવાંલઇ લેવાં. To divest of garments.

Disruption, *n.* (ડિસ્રપ્શન્) ફાટવું તે; ચીરો; ભાગ. Breach; rent; act of bursting. (L. *dis*, *rumpo* I break).

Dissatisfaction, *n.* (ડિસ્સૅટિસ્ફૅક્શન્) નાખુશી; અસંતોષ. Discontent; dislike.

Dissatisfy, *v.t.* (ડિસ્સૅટિસ્ફાઈ) નાખુશ-અસંતુષ્ટ કરવું. To displease; to make discontented. (L. *dis*, *satis* enough, *facio* I do).

Dissect, *v.t.* (ડિસૅક્ટ) કાપવું; વાઢકાપકરવી. To cut up; to anatomise (L. *dis*, *seco* I cut).

Dissection, *n.* અવયવ છેદન, વિવેચન. Act of seperating into constituent parts.

Dissemble, *v.t.* (ડિસૅમ્બલ્) ઢાંકવું, મનની વાત છુપાવવી; ઢોંગ કરવો. To disguise, to conceal; to play the hypocrite. (L. *dis*, *similis* like).

Dissembler, *n.* ઢોંગી; ઢોંગ-કપટ કરનાર.

Disseminate, *v.t.* (ડિસૅમિનેટ) વેરવું, ફેલાવવું; પ્રસારો કરવો. To propagate; to circulate; to diffuse. (L. *dis* *semen* seed).

Dissemination, *n.* ફેલાવો, વ્યાપકપણું. Act of propagating.

Dissension, *n.* (ડિસૅન્શન્)કજીયો, બખેડો, કલહ. Discord; quarrel; strife. (L. *dis*, *sentio* I feel).

Dissent, *v.i.* (ડિસૅન્ટ) જુદા મનનું-અસમ્મત થવું. *u.* વિરૂદ્ધ મત; ઈનકાર. To *n.* differ to disagree in opinion; difference, of opinion.

Dissenter, *n.* જુદો મત ધરાવનાર; ભિન્ન પંથી. One who does not conform to the established church.

Dissertation, *n.* (ડિસર્ટેશન્) વાદ યુક્ત ભાષણ-ગ્રંથપ્રબંધ; નિબંધ. A discourse; a treatise (L. *dis*, *sero* I set).

Disservice, *n.* નુકશાન, હાની. Injury; mischief.

Dissever, *v.t.* (ડિસ્સેવર્) જુદું-છુટું પાડવું -કરવું. To seperate; to disunite.

Dissimilar, *a.* (ડિસ્સિમિલર્) એક બીજાથી જુદું; અસમાન. Unlike; not similar. (L. *dis*, *similis* like).

Dissimilarity } *n.* અંતર, તફાવત, ભેદ,
Dissimilitude } અસમાનતા ; જુદાપણું. Unlikeness; want of resemblance.

Dissimulation, *n.* (ડિસ્‌સિમ્યુલેશન્)ઢોંગ, છળભેદ. A feigning; a false pretence.(L. *similis* like).

Dissipate, *v.t.* (ડિસ્સિપેટ) વેરી નાંખવું; ફાડી નાંખવું ; બરબાદ-પાયમાલ કરવું. To disperse; to waste. (L. *dis, supo* I throw).

Dissipated, *a.* ઉડાઉ, વ્યસની, બદફેલ. Loose ; dissolute ; devoted to pleasure.

Dissipation, *n.* બદફેલી, દુરાચરણ, કુછંદ. Dispersion; dissolute living.

Dissoluble, *a.* (ડિસૉલ્યુબલ્) છૂટું પડે એવું, ભંજન. That may be disunited. (L. *dis, solvo* I loose-)

Dissolubleness } *n.* ભંજનતા. Li-
Dissolubility } ableness to be dissolved.

Dissolute, *a.* (ડિસોલ્યુટ) બદફેલ, ઉડાઉ, દુર્વ્યસનની; લંપટ. Loose; licentious; vicious.

Dissolution, *n.* (ડિસોલ્યુશન) ભંગ, નાશ; ગળાવું તે ; કહોવું ; પૃથક્કરણ ; મોત ; બરખાસ્ત-વિસર્જન થવું તે. Destruction; death ; dissipation.

Dissolvable, *a.* See Dissoluble.

Dissolve, *v,t., v.i.* (ડિઝૉલ્વ) પીગળવું ; અવયવો જુદા કરવા ; છુટું પાડવું ; કાઢી નાંખવું, ભાગી જવું ; નાશ થવો. To seperate ; to melt ; to break up; to disunite; torescind ; to perish; to die. (L. *dis, solvo* I loose.).

Dissolvent, *a.* (ડિઝૉલ્વન્ટ) પીગળાવે એવું; રસ કરે એવું. Having power to dissolve.

Dissonance, *n.* (ડિસોનન્સ) અણબનાવ, વિરોધ ; બેસુરપણું, કઠોરતા. Discord ; disagreement. (L. *dis, sono* I sound).

Dissonant, *a.*(ડિસોનન્ટ) ઉલટું,વિરોધવાળું; કઠોર. Harsh, uuharmonious, discordant.

Dissuade, *v.t.* (ડિસ્વેડ) મસલત આપી મન ફેરવવું-ખસેડવું. To advice against. (L. *dis, suadeo* I advise).

Dissuasive, *a.* (ડિસ્વેસિવ) મન ફેરવે એવું. (*n.*) જેથી મન ફરે તે. Tending to dissuade; that which tends to dissuade.

Dissyllable, *n.* (ડિસ્સિલેબલ્) દ્વિસ્વર શબ્દ. A word of two syllables.

Distaff, *n.* (ડિસ્ટાફ્) રહેંટીયાની ત્રાક. A staff from which flax is drawn in spinning.

Distance, *n.* (ડિસ્ટન્સ) ટપ્પો ; પલ્લો ; છેટું, અંતર; આબરૂ, અદબ. (*v.t.*).આગળ વધી જવું ; પછવાડે પાડવું ; છેટે મુકવું. Space between two objects; remoteness of place ; space of time ; reserve ; respect. to stand apart from ; to leave behind ; to place remote. (L. *dis, sto* I stand)-

Distant, *a.* (ડિસ્ટન્ટ) વેગળું ; આઘું ; છેટું ; દૂર ; અતડું. Remote in view ;far; not obvious ; slight ; reserved.

Distaste, *n.* (ડિસ્ટેસ્ટ) અરૂચિ ; અપ્રિતિ ; બે સ્વાદ ; Dislike ; aversion.

Distasteful, *a.* ન ભાવે એવું, બેસ્વાદ ; અણગમતું. Loathsome ; displeasing to the taste or feelings.

Distemper, *n.* (ડિસ્ટેમ્પર્) આજાર, બિમારી, વિકાર. (*v.t.*) વિકાર થવો. Malady ; disease ; disorder ; to derange. (L. *dis, tempero* I mix).

Distend, *v.t.* (ડિસ્ટેન્ડ) ફુલાવવું ; ઉપસાવવું. *v.i.* ફુલવું, ઉપસવું. To swell; to dilate ; to stretch out. (T. *dis, tendo* I stretch).

Distention, *u.* ફુલાવો, ઉપસાવો. Act of distending.

Distich, *n.* (ડિસ્ટિચ્) દોહરો, શ્લોક, બેત. Two poetic lines. (G. *dis, stichos* a row).

Distil, *v.t. v.i.* (ડિસ્ટિલ) ટપકવું, ટપકાવવું; ગાળવું, ખેંચવું. શોધન કરવું. To extract spirit; to drop down; to flow gently. (L. *de, stillo* I drop).

Distillation, *n.* ગાળવું તે; શોધનક્રિયા; અરક. Extracting spirit from the substance; act of distilling.

Distillery, *n.* (ડિસ્ટિલરિ) અરક કાઢવાની જગા-ભઠ્ઠિ. A place for distilling.

Distinct, *a.* (ડિસ્ટિન્કટ) જુદું જુદું,નિરાળું, પૃથક; ભિન્ન, ખુલ્લું, સ્પષ્ટ. Different; clear; specified.(L. *dis, tinctus* marked).

Distiction, *n.* (ડિસ્ટિન્કશન્)જુદાપણું,ફેર, તફાવત; પ્રખ્યાતિ, કિર્તિ, પ્રતિષ્ઠા. Difference; seperation; eminence; discernment.

Distinctive, *a.* ઓળખાય આવે એવું, ભેદદર્શક. That marks distinction.

Distinctly, *ad.* સાફ, ખુલ્લું, સ્પષ્ટ. Clearly.

Distinctness, *n.* સ્પષ્ટતા; વેગળાપણું. Clearness; precision.

Distinguish. *v.t.* (ડિસ્ટિંગ્વિશ) જુદુ પાડવું;પીછાનવું; પારખવું, ફરક જાણવો. To seperate by visible marks; to discern. (L. *dis, tinctus* marked).

Distinguished, *a.* નામીચું, પ્રખ્યાત; નામાંકિત. Eminent; celebrated.

Distinguishing, *a.* ખાસ, વિશેષ. Peculiar.

Distort, *v.t.* (ડિસ્ટૉર્ટ) મરડવું, આકૃતિ બગાડવી; વાંકુ કરી નાંખવું. To twist, to deform; to wrest. (L. *dis, torqueo* I twist).

Distortion, *n.* (ડિસ્ટૉર્શન) વાંકાપણું, વળ; પેચ. Croockedness; perversion.

Distract, *v.t.* (ડિસ્ટ્રૅક્ટ) ગુંચવવું, ગભરાવવું, આવરૂં કરવું;ખેંચી લેવું. To draw apart; to seperate; to perplex; to confound. (L. *dis, traho* I draw).

Distracted, *a.* ગભરાયેલું, ગાંડું, દીવાનું, હેરાન. Mad; insense; furious.

Distraction, *n.* ગરબડાટ, તોફાન, ઢોંઢળ; દિવાનાપણું, ગાંડાઇ. Derangement; perplexity; madness; disorder.

Distrain, *v.t.* (ડિસ્ટ્રેન્) કરજના બદલામાં કબજ કરવું. To seize for debt. (L. *dis, stringo* I bind).

Distress, *v.t.* (ડિસ્ટ્રેસ) દુ:ખ-પીડા આપવી, હેરાન કરવું; કરજને બદલ કબજે કરવું. *n.* દુ:ખ, પીડા, આફત,વેદના; કરજના બદલામાં સામાન લેઈ લેવો તે. To afflict; to harass; to perplex; to distrain; misery; misfortune; affliction. (L. *dis, stringo* I draw tight).

Distressed, *a.* હેરાન, દુ:ખનું મારેલું. Severely afflicted.

Distressing, *n.* દુ:ખકારી-દાયક. Afflicting; painful.

Distribute, *v.t.* (ડિસ્ટ્રિબ્યુટ) વહેંચવું; વાંટવું; વર્ગ પાડવા; આપવું; ચુકવવું. To allot, to apportion; to deal out; to classify. (L. *dis, tribuo* I give).

Digtribution, *n.* વેહેંચણ, વિભાગ, વર્ગિકરણ. Apportionment; division; classification.

Distributive, (ડિસ્ટ્રિબ્યુટિવ) ભાગ પ્રમાણેનું. Dealing to each his proper share seperately.

Distributively, *ad.* અકેક અકેક; છુટું છુટું. Singly.

District, *n.* (ડિસ્ટ્રિક્ટ) પ્રગણું; પ્રાંત; તાલુકો, જીલ્લો, મહાલ. A province;

a county; a territory. (L. *dis, stringo* I draw tight).

Distrust, *v.t.* (ડિસ્ટ્રસ્ટ) અવિશ્વાસ રાખવો, સંશય રાખવો. *n.* અવિશ્વાસ, અણભરોસો: Not to confide; to discredit; to doubt; suspicion; doubt.

Distrustful, *a.* ભરોસો ન કરે એવું; વહેમી. Suspicious; diffident.

Disturb, *v.t.* ડિસ્ટર્બ) છેડવું, હલાવવું; તોફાન મચાવવું; હેરાન કરવું; અટકાવ–અડચણ કરવી. અસ્વસ્થ કરવું. To throw into confusion; to disquiet ;to interrupt. (L. *dis, turba* tumult).

Disturbance, *n.* (ડિસ્ટર્બન્સ) ગોધાટ; તોફાન; ઝગડો; ગરબડ, ઉથલ પાથલ; અકળામણ, ફિતુર. Tumult; commotion; derangement; confusion.

Disunion, *n.* (ડિસ્યુનિયન) તૂટ; જુદાઇ, જુદાપણું; બગાડ; કજીયો, અણબનાવ. Disjunction; seperation; breach of concord.

Disunite, *v.t.* (ડિસ્યુનાઈટ) છૂટું પાડવું, સંબંધ તોડવો. (*v.i.*) છૂટાં-જુદાં પડવું. To seperate; to divide; to part; to disjoin. (L. *dis, unus* one).

Disuse, *v.t.* (ડિસ્યુઝ) ઉપયોગમાંથી કહાડી નાંખવું; (*n.*) બીનવહિવટ; નહી વાપરવું તે; અનભ્યાસ. To cease to use; cessation of practice or exercise. (L. *dis, utor* I use).

Ditch, *n.* (ડિચ) ખાડી; ખાઇ; નીક; મોરી. A moat; a trench for draining wet land; any long hollow receptacle of water.

Ditto, *n, a.d,* (ડિટો) ઉપર પ્રમાણે; સદરહુ; એજન; ઉપર કહેલી વાત. As said; the same. (L. *dictum* said).

Ditty, *n.* (ડિટી) ગીત; કવિતા. Song; poem. (L. *dico,* I say).

Diuretic, *n.* (ડિયુરીટિક્) પિશાબ થાય એવું ઓસડ; ઈંદ્રિય જુલાબ. (*a.*) પિશાબ થાય એવું. A. medicine that provokes urine. (G. *dia, ouron* urine).

Diurnal, *a.* ડાઈયર્નલ્) દરરોજનું, નિત્યનું; દિવસનું. Pertaining to the day time; daily. (L. *dies* a day).

Divan, *n.* (ડિવૅન્) તુર્કસ્થાનમાં મંત્રીઓની મંડળી; દિવાનખાનું; અદાલત. The grand council of Turkey; a council; a hall.

Dive, *v.i.* (ડાઇવ) ડુબકી મારવી; ઉતરવું; ઉંડાં પેસવું. To descend into water; to go deep; to penetrate.

Diver, *n.* (ડાઈવર) બુડકી મારનારૂં એક બતકના જાતનું પક્ષી. A kind of bird.

Diverge, *v.i.* (ડિવર્જ મધ્ય બિંદુમાંથી નીકળીને આડાં જવું. To tend various ways from one point. (L. *dis, vergo* I incline).

Divergence, } મધ્ય બિંદુમાંથી આડાં
Divergency, } જવું તે. Tending to various parts from one point.

Divergent, *a.* આડું ફાટનારૂં. Receding from each other.

Diverse, *a*- (ડાઈવર્સ) અનેક; તરેહવાર; કેટલાએક; વિવિધ. Several; different; various. (L. *dis, verto* I turn).

Diversified, *a.* (ડાઈવર્સીફાઇડ્) જુદું જુદું; નાના પ્રકારનું; વિચિત્ર. Distinguished by various forms or variety of objects.

Diversify, *v.t.* (ડાઇવર્સીફાઇ) જુદી જુદી જાતનું કરવું; વિચિત્ર કરવું. To make different; to vary. (L. *dis, verto* I turn).

Diversity, *n.* (ડાઈવર્સીટિ) ફરક; તફાવત; જુદાપણું; ભેદ. વિચિત્ર. Unlikeness; variety, variagation.

Diversion, *n.* (ડાઈવર્શન્) ગમત; ખેલ Sport ; amusement ; play. (L. *de, verto* I turn).

Divert, *v.t.* (ડાઈવર્ટ) ફેરવવું; વાળવું; આડું લઈ જવું; રમાડવું; રીઝવવું; ગમત કરા-

વવી. To amuse; to gratify; to entertain; to exhilarate. (L. *dis, verto* I turn).

Divest, *v.t.* (ડિવેસ્ટ) ઉતારી લેવું, નાગું કરવું; છીનવી લેવું. To strip of clothes; to deprive;(L. *dis, vestio* I clothe)

Divide,, *v.t,* (ડિવાઇડ) ભાગ પાડવા–કરવા; કાપવું; અલાયદું-વેગળું કરવું; વેહેંચવું; *v.i.* કકડા-ભાગ પાડવા; લડીને જુદાં પડવું. To seperate; to part asunder; to distribute; to deal out; (L. *divido* I divide).

Dividend, *n.* (ડિવીડેન્ડ) હિસ્સો, ભાગ, ફાળો; ભાજ્ય. A share; a part allotted; a number to be divided.

Divination, *n.* (ડિવીનેશન્) ભવિષ્ય સુચના; Prediction; omen; augury. (L. *divus* a God).

Divine, *a.* (ડીવાઇન) ઇશ્વરી; ઈશ્વરનું. (*v.t., v.i.*) ભાવી કહેવું; પ્રશ્ન જોઈને કહેવું; પકડીકાઢવું. Pertaining to God; holy; Godlike; *v.* To foretell; to conjecture; to guess; to detect.

Divine Knowledge, *n.* ઈશ્વરી જ્ઞાન; (favour) ભગવત કૃપા; (power) ખોદાની સત્તા. (will) ખોદાની મરજી; (bell) ઉંડા પાણીમાં કામ કરવાને બનાવેલો યંત્ર.

Divinity, *u.* (ડિવીનીટી) ઇશ્વરપણું; ઐશ્વર્ય; Essence of God; a deity; theology.

Divisibility, *n.* (ડિવીઝિબીલીટી) વિભાજ્યત્વ. Quality of being divisible. (L. *divido* I divide.

Divisible, *a.* વિભાજ્ય; ભાગ પાડવા જોગ. Capable of division.

Division, *n.* ડિવિઝન્) ભાગવું તે; વિભાગ; પડદો; આંતરો; ટુકડી-ટોળી; અણબનાવ; ફૂટ; ભાગાકાર. Act of dividing, seperation; disunion; a portion; difference; discord.

Divisor, *n.* (ગણિતમાં) ભાજક. A number that divides.

Divorce, (ડાઇવોર્સ) છેડો-છુટકો-તલાક આપવી; વિયોગ કરાવવો. *n.* છેડો, છુટકો; તલ્લાક. (bill of) તલાકનામું A legal dissolution of bonds of matrimony. (L. *dis, verto* I turn).

Divorcement, see (Divorce (*n.*)

Divulge, *v.t.* (ડિવલ્જ) કહી દેવું; પ્રગટ-જાહેર કરવું; ફોડવું. To reveal; to disclose; to spread; (L. *dis, vulgus* the common people).

Dizziness, *n.* (ડિઝિનેસ્) ફેર, ચક્કર, ચકરી, તમ્મર. Giddiness; vertigo.

Dizzy, *a.* (ડિઝિ) ફેર-તમ્મર આવેલું-આવતું; ભમેલું. *v.t.* ફેર આવવા. Giddy; confused; whirling; to make giddy.

Do, *v.t-* (ડુ) કરવું; બજાવવું, કારભાર-વહીવટ ચલાવવો, પુરું કરવું; લાગુ પડવું; ચાલવું; પહોંચાડવું; વર્તવું. To practise; to perform; to make; to transact; to exert; to finish; to achieve; to confer; to bestow; to behave.

Docile, *a.* (ડોસાઇલ) જલદી પાળી શકાય એવું; ગરીબ, અશીલ, સાલસ. Teachable; tractable; yielding. (L. *doceo* I teach).

Docility, *n.* (ડોસિલિટિ) સાલસપણું, ગરીબાઈ; અસીલાઇ. Teachableness; readiness or aptness to learn.

Dock, *n.* (ડૉક્) વહાણની ગોદી; કેદીને ઉભા રાખવાનું પાંજરું, પુછડીનું ઠૂંઠું. *v.t.* બાંડું કરવું-કાપી નાંખવું; વહાણને ગોદીમાં લેવું. A place for laying up ships; a place where a criminal stands in court; the stump of a tail; to cut or lop off; to place the ship in a dock.

Docket, *n.* (ડૉકેટ્) અંગપટી ; નામ નીશાન; ટાંચણ. A label or direction on goods; a summary.

Dock-yard, *n.* ગોદી ; ગોદીનો ચોક. A place where ships are built or naval stores deposited.

Doctor, *n.* (ડૉક્ટર્) પંડીત ; શાસ્ત્રી , મોલવી ; હકીમ, વૈદ, દાક્તર. A learned man; a physician; one who has received the highest degree in a faculty. (L. *doceo* I teach).

Doctrinal, *a.* ઉપદેશ વિશેનું. મત સંબંધી. Pertaining to the act of teaching.

Doctrine, *n.* (ડૉક્ટ્રિન) ઉપદેશ, શિક્ષા ; મત. Instruction; a tenet. (L. *doceo* I teach).

Document, *n.* (ડૉક્યુમેન્ટ) દાખલો, દસ્તાવેજ, કાગળ. લખેલો આધાર. A written evidence or proof; precept; instruction. (L. *doceo* I teach).

Documental } *a.* દસ્તાવેજને લગતું ;
Documentary } દસ્તાવેજી. Pertaining to written evidence.

Dodge, *v.i.* (ડૉજ) હાથ તાળી આપી છટકી જવું ; દાવપેચ કરવો. *n.* તાલમેલ ; દાવપેચ; છળભેદ. To use craft; to play fast and loose; *n.* a trick, artifice.

Doe, *n.* (ડો) હરણી, મૃગણી. The female of the fallow-deer.

Doer, *n.* (ડુઅર્) કરનાર, કર્તા One who does; an actor.

Doff, *v.t.* (ડૉફ્) કાઢવું, ઉતારવું, દૂર કરવું. વાયદા કરવા. To put of ; to strip; to shift off with a view to delay.

Dog, *n.* (ડૉગ્) કુતરો, શ્વાન ; *v.t.* પછવાડે લાગવું-મંડવું ; કેડો લેવો. A domestic animal; to follow insidiously or close. [ઘોડો જોડવાની ગાડી.

Dog-cart, *n.* બે અથવા ચાર પૈડાંની એક

Dog-cheap, *a.* અતીશય સસતું ; પાણીના મુલનું (eared) જેના ખુણા વાળીને મેલા થઈ ગએલા છે એવું. (star) લુબ્ધકનો તારો.

Dogged, *a.* હઠીલું, બળતું, ધુંધવાતું. Obstinate; sullen. [-જાગૃત ઉંઘ.

Doglouse, *n.* ચિમોડી. (sleep) કુતરાની

Dogma, *n.* (ડૉગ્મ) કાયદો-ધર્મ સંબંધી મત. A tenet; a doctrine. (G. *dokeo* I think).

Dogmatic-cal *a.* મતવાદી ; સ્વમતાગ્રહી ; સ્વમતાભિમાની. Authoritative; arrogant; positive.

Dogmatism, *n.* (ડૉગ્મેટિઝમ્) સ્વમતાભિમાન ; મતવાદ. Positiveness in opinion.

Dogmatist, *n.* પોતાનો મત બહાર પાડનાર.

Dogmatise, *v.t.* (ડૉગ્મૅટાઇઝ) બહુજ ખાત્રીથી પોતાનો મત જાહેર કરવો. To assert positively.

Doing, Doings, *n.* કરણી, કૃતિ.

Dole, *n.* (ડોલ) ભાગ, વાંટો, ફાળો ; દાન, ખેરાત ; *v.t.* વેહેચવું, આપવું. A share; a portion; alms; *v.* to deal; to distribute.

Doleful, *a.* (ડોલફુલ્) દીલગીર ; રડતું, શોકાતુર. Exciting sorrow or grief; sad; gloomy. (L. *doleo* I grieve).

Dolesome, Dolorous, see Doleful.

Doll, *n.* (ડૉલ્) ઢીંગલી, પુતળી. A baby image or idol; a puppet for a child.

Dollar, *n.* (ડૉલર્) આશરે અઢી રૂપીયાની કીંમતનો રૂપાનો સ્પેનીશ સિક્કો. A silver coin. [ing grief or pain.

Dolorific, *a.* દુઃખ-દરદ ઉપજાવતું Caus-

Dolour, *n.* (ડોલર્) દુઃખ, શોક, દીલગીરી Pain, grief. [A fish.

Dolphin, *n.* (ડૉલ્ફિન્) એક જાતનું માછલું.

Dolt, *n.* (ડોલ્ટ) મૂર્ખ, ઢાંડો ; પથ્થર. ; હ.A blockhead; dull; a stupid.

Doltish, *a.* મૂર્ખ, પથ્થર જેવું. Stupid.

Domain, *n.* (ડોમેન્) રાજ્ય, મુલક, વિષય. Territory; dominion. (L. *dominus* a lord).

Dome, *n.* (ડોમ) ઘુમટ ; કળશ. A cupola; arched roof. (L. *domus* house).

Domestic, *a*.(ડુમેસ્ટિક્) ઘરનું, ઘર કામનું; ખાનગી ; પળાયેલું, પાળેલું, દેશી, ગામઠી ; ઘરનું માણસ, ઘરનો ચાકર. Belonging to the house or family ; tame ; not foreign ; private. (L. *domus* a house).

Domesticate, *v.t.* (ડુમેસ્ટિકેટ) પાળવું ; ઘરમાં રહેવાની ટેવ પાડવી ; હેળવવું. To tame ; to make familiar.

Domestication, *n.* પાળવું-પળાવું તે. Act of taming.

Domicile, *n.* (ડોમિસાઇલ્) સ્થાઈ ઘર ; ઘર બાર ; (*v.t.*) વસાવવું. A place of permanent residence ; to cause to dwell.

Gangrene, *n.* (ગૅન્ગ્રીન) જીવતા પ્રાણીના માંસમાં સડો; An eating away of the flesh; *v.* કહોવું, સળવું. To mortify.

Gant-let, } *n.* મ્હોટા ગુન્હા કરનાર અ-
Gant-lope, } પરાધીને શિક્ષા કરવાની લશકરી એક રીત.

Gaol, *n.* (જેલ્) બંધીખાનું, તુરંગ. A prison. (G. *cavus* hollow).

Gaoler, *n.* બંધીખાનાનો ઉપરી; દરોગો. The keeper of a jail. [opening.

Gap, *n.* (ગૅપ્) બાકું, છીંડું, માગ. An

Gape, *vi.* (ગેપ) બગાસું ખાવું; ડાચું વકાસવું. To open the mouth wide; to yawn. [ing; dress.

Garb, *n.* (ગાર્બ) પોશાક, પેહેરવેશ. Cloth-

Garbage, *n.* (ગાર્બેજ) એઠવાડો; પશુ પ્રાણીનાં આંતરડાં. Waste or refuse matter; the bowels of an animal.

Garble, *vt.*(ગાર્બલ્) વીણવું, ચુંટવું; કોઈ બાબતનો મતલબસર ભાગ લેઈ લેવો. To select such parts as may serve the purpose; to pick.

Garden, *n.*(ગાર્ડન્) બાગ, બગીચો, ફુલવાડી. A piece of ground for herbs, plants &c.—ing, *n.* વાડી વાવવાની વિદ્યા. [a garden.

Gardener, *n.* માળી. One who keeps

Gargle, *vt.*(ગાર્ગલ્)કોગળો કરવો. *n.* કોગળો.

Garland, *n.* (ગાર્લૅન્ડ) ફુલનો હાર; તોરણ; રત્નાવળી. A chaplet made of flowers; anthology.

Garlic, *n.* (ગાર્લીક્) લસણ.

Garment, *n.* (ગાર્મેન્ટ) પોશાક, લુગડાં. Clothing; dress.

Garner, *n.* (ગાર્નર્) કોઠાર; દાણા ભરવાની જગ્યા. A granary. *vt.* ભરી-રાખી મુકવું. To store. (L. *granum* grain).

Garnish, *vt.* (ગાર્નીશ્) શણગારવું. To decorate. *n.* શણગાર, શોભા. Ornament.

Garret, *n.* (ગૅરેટ્) ઘરનું કાતરિયું. A part of the house immediately under the roof.

Garrison, *n.* (ગૅરિસન્) કિલ્લાના રક્ષણ સારૂ રાખેલી ફોજ. A body of troops to defend a fort.

Garrulous, *a,* (ગૅરયુલસ્) વાચાળ, બકબકીઉ. Babbling; talkative.

Garter, *n.* (ગાર્ટર્) મોજાબંધ. A band used to tie a stocking.

Gas, *n.* (ગૅસ્) વાયુરૂપી પદાર્થ; ગ્યાસ. A kind of air.—eous, *a.* વાયુરૂપી;—fitter, *n.* ગ્યાસની નળીયો બેસાડનાર.—light, *n.* ગ્યાસનો દીવો.

Gasconade, *n.* (ગૅસ્કોનેડ) ફુલ, બડાઈ.

Gash, *vt.* (ગૅશ્) માંસમાં લાગેલો ઘા. A deep and long cut.

Gasometer, *n.* (ગૅસોમીટર્) ગ્યાસવાયુ માપવાનું યંત્ર. An instrument for measuring gases.

Gasp, *n.* (ગૅસ્પ) મ્હો ફાડીને મહા મેહેનતે શ્વાસ લેવા પ્રયત્ન કરવો. To labour for breath.

Gastric, *a.* (ગેસ્ટ્રિક્) પેટ સંબંધી. Belonging to the belly or stomach.

Gate, *n.* (ગેટ) દરવાજો, દ્વાર; ઝાંપો. A large door.—keeper, *n.* દરવાન ;—way, *n.* દરવાજો.

Gather, *v.t.* (ગૅધર્) એકઠું કરવું; ચુંટવું, વીણવું ; વીંટાળવું ; અનુમાન કહાડવું. To collect ; to pick ; to muster ; to infer.—ing, *n.* એકઠી કરેલી વસ્તુ; મેળાવો, ટોળું ; ફોલ્લો. That which is gathered ; a crowd ; a tumour.

Gaudy, *a.* (ગૉડિ) ભભકાદાર, Splendid ; showy.

Gauge, *v.t.* (ગેજ) માપ કાઢવું. To estimate ; to measure. *n.* માપ ; અડસટ્ટો ; રેલવેની સડકનું બેપાટા વચેનું અંતર. A measure; estimation; distance between the rails of a railway.

Gaunt, *a.* (ગૅાન્ટ) દુબળું થઇ–સુકાઈ ગયેલું. Attenuated ; lean ; thin.

Gauntlet, *n.* લ્હોડાનુ મોટું હાથનું મોજું. A large iron glove.

Gauze, *n.* ગૅાઝનું લુગડું.

Gawky, *a.* (ગૅાકિ) બેઢંગુ, અન્યાડી. Awkward.

Gay, *a.* (ગે) આનંદી, ખુશ મોજી;ભભકાદાર. Merry ; showy.

Gaiety / Gayety } *n.* મોજી-આનંદીપણું;આનંદ વૃત્તિ Finery ;airiness.

Gaze, *v.i.* (ગેઝ) ટકટક જોઈ રહેવું ; નજર કરવી. To fix the eyes & look steadily. *n.* એકની એક નજર.

Gazette, *n.* (ગેઝિટ) વર્તમાન પત્ર;અખબાર. A newspaper. *v.t.* વર્તમાન પત્રમાં છપાવવું. To publish as a newspaper

Gazetteer, *n.* (ગેઝિટીયર્) વર્તમાન પત્ર લખનાર ; દેશો, શેહેરો, પહાડ, નદીયો વીગેરેના ટુંક વર્ણનનું એક પૂસ્તક.

Gear, *n.* (ઝીઅર્) સરસામાન, રાચ રચીલું. Furniture ; clothing.—ing, *n.* હાર્નીસ ; દાંતાવાળાં પઇડાં.

Gelatinous, *a.* ચીકણું. Stiff.

Geld, *v.t.* (ગૅલ્ડ) ખસી–નામરદ કરવું. To castrate.

Gem, *n.* (જેમ્) જવાહીર, રત્ન. A precious stone ;a jewel. *v.t.* જવાહીરથી શણગારવું.

Gemini, *n.* (જેમિનાઇ) મીથુનરાશી.

Gender, *n.* (જેન્ડર્)જાતી;લીંગ. A kind; a sex. (L. *genus* kind.

Genealogical, *a.* (જીનીયલૅાજીકલ્) વંશાવળી સંબંધી. Pertaining to the genealogy. (G. *genea* birth, *logos* discourse).

Genealogist, *n.* વહીવંચો ; ભાટ.

Genealogy, *n.* વંશાવળી ; પેઢી નામું. A pedigree ; leniage.

General, *a.* (જેનરલ્) સામાન્ય ; જાત જાતનું ; વ્યવહારીક ; મોહોઝમ ; લૌકિક. Pertaining to a whole class ; common to many ; public; *n.* સેનાપતી The chief commander of a division of an army.—ly, *ad.*. સામાન્ય રીતે, ઘણું કરીને.

Generalissimo, *n.* મૂખ્ય સેનાપતિ.

Generality, *n.* (જેનરૅલિટિ) સામાન્યપણું; સાધારણપણું. State of being general

Generalise, *n.* (જેનરલાઇઝ) સામાન્ય રૂપ આપવું; ઘણાને લાગુ પાડવું. To make general.

Generate, *v.t.* (જેનરેટ) ઉત્પન્ન-પેદા કરવું, જન્મ આપવો. To beget; to produce ; to procreate. (L. *genero* I beget).

Generation, *n.* (જેનરેશન્) ઉત્પત્તિ, પેદાશ; પેઢી, ઓલાદ; વંશ. Procreation ; production ; progeny.

Generative, *a.* ઉત્પાદક ; ઉત્પન્ન કરે એવું.

Generic, *a.* જાતીનું, સામાન્ય. Comprehending the genus.

Generocity, *n.* (જેનરોસિટિ) ઉદારપણું ; સખાવતપણું. Liberality ; munificence. (L. *genero* I beget).

Generous, *a* (જેનરસ્) ઉદાર ; દાતાર ; સખી ; પુષ્કળ. Noble ; bountiful ; abundant.

Genesis, *n.* (જેનીસિસ્) ઉત્પત્તિ ; પેદાશ. Creation. જુનો કરાર એ નામનું ખ્રિસ્તી શાસ્ત્રનું પહેલું પુસ્તક.

Genial, *a.* (જીનિયલ્) અનુકૂળ ; આનંદી ; પુષ્ટિકારક. Joyous ; enlivening. —ity, *n.* આનંદીપણું. Gaiety.

Genii, *n.* (જીનિઆઈ) ભૂત, પલિત.

Genital, *a.* (જેનિટલ્)ઉત્પત્તિ-પેદાશસંબંધી. Pertaining to the generation.

Genitive, *n.* (જેનિટિવ) છટ્ઠિ વિભક્તિ; The possessive case. (L. *gigno* I beget)

Genius, *a.* (જીનિયસ્) સ્વાભાવિક–વિલક્ષણ બુદ્ધિ. Uncommon intellectual power.

Genteel, *a.*(જેન્ટીલ્) સભ્ય, ખાનદાન ; વિવેકી. Polite; refined.(L. *gens* race)

Gentile, *n.* (જેન્ટાઇલ્) મૂર્તિપુજક લોક, યાહુદી વીનાના બીજા લોક. Pagons.

Gentility, *n.* (જેન્ટિલિટિ) કુલીનતા ; સભ્યતા. Politeness ; refinement.

Gentle, *a.* (જેન્ટલ) નરમ ; ગરીબ ; આબરૂદાર ; કોમળ. Wellborn ; affable ; soothing. (L. *gens* race).

Gentleman, *n.*(જેન્ટ્લ્મૅન્) સારા ઘરનો ; સારા કુળનો ; ગ્રહસ્થ ; આબરૂદાર માણુસ. A well-bred man.

Gentleman-like } *a.* ખાનદાનનેછાજેતેવું;
Gentlemanly } સભ્ય; વિવેકી.

Gentlewoman, *n.* સારા ઘરની-સારી રીતભાતવાળી સ્ત્રી.

Gently, *ad.* ધીમેથી; નરમાશથી. Softly.

Gentoo, *n.* હિંદુસ્થાનનો વતની ; હિંદુ.

Gentry, *n.* (જેન્ટ્રિ) કૂળવંત માણુસો ; મધ્યમ સ્થિતિના લોક. People of a middle position.

Genuine, *a.* (જેન્યુઇન) ખરૂં ; અસલ ; ચોખું. Natural ; real ; pure—ness, *n.* અસલપણું, ચોખાપણું. purity; reality. (L. *gigno* I beget).

Genus, *n.* (જીનસ્) પંક્તી, વર્ગ A race ; kind. (L. *gigno* I beget).

Geographer, *n.* (જીઑગ્રૅફર્) ભૂગોળ શાસ્ત્રી. One versed in geography. (G. *ge*, earth *grupho* I write).

Geographical, *a.* ભૂગોળ સંબંધી.

Geography, *n.* (જીઑગ્રફિ) ભૂગોળ વિદ્યા; ભૂવર્ણન. Description of the earth.

Geological, *a.* (જીયૉલૉજીકલ્) ભૂસ્તર વિદ્યા સંબંધી. Pertaining to the geology. (L. *ge*, earth, *logos* speech).

Geologist, *n.* ભૂસ્તર વિદ્યા જાણુનાર.

Geology, *n.* (જીયૉલૉજી) ભૂસ્તર વિદ્યા શાસ્ત્ર. The science of the formation and structure of the earth.

Geomancer, *n.* રમલ જોનાર.

Geometer, Geometrician, *n.* ભૂમિતિ શાસ્ત્રી. One skilled in geometry.

Geometry, *n.* (જીયૉમેટ્રિ) ભૂમિતિ, ભૂમિતિ શાસ્ત્ર. The science which treats of the properties of figured space. (G. *ge*, *metron* measure).

Germ, *n.* (જર્મ) મૂળ, અંકુર, કળી ; મૂળતત્વ. A bud; a tug; origin; first principle. (F. *germen* a bud).

German-ane, *a.* પાસેની સગાઇવાળું. Nearly related.Cousins. g, મામા ફોઇનાં–મસીયાઇ કે પીત્રાઇ ભાઇ બેહેન.

Germinate, *vi.* (જર્મિનેટ) ફણગો ફુટવો-નિકળવો. To sprout ; (L. *germen* a bud).

Gerund, *n.* (જીરંડ) કૃદંત નામ ; ધાતુ સાધીત નામ. A verbal noun. (L. *gero* I bear).

Gestation, *n.* (જેસ્ટેશન્) ગર્ભ ધારણ ; ગાભણુાપણું. Pregnancy. (L. *gest* I bear). [કરવા.To make jestures.

Gesticulate, *vt.* (જેસ્ટિક્યુલેટ) ચાળા ચેષ્ટા

Gesture, *n.* (જેસ્ટ્યુર) અંગ ચેષ્ટા ; ચાળો. General action or motion of the body.

Get, *vt.* (ગેટ્) મેળવવું, સંપાદન કરવું. To procure; to obtain. To g. in અંદર જવું. To g. out. બહાર કાઢવું. To g. off, ઉતારવું, ખસેડવું. To g. loose. છુટી જવુ. To g. on, આગળ ચાલવું. To g. quit of, બલાથી-લપથી મોકળા થવું. To g. rid of દૂર કરવું.

Getting, *n.* કમાઇ, આમદાની.

Gew-gaw, *n.* ફુલ ફટાકીયું-રમકડું. A showy trifle.

Ghastly *a.* (ઘૅસ્ટલિ) મુડદા જેવું; ફીકૂં; ભયંકર. Like a ghost in appearance; hidious. [spirit; an apparition.

Ghost, *n.* (ઘોસ્ટ) ભૂત, ખવિસ, પ્રેત, A

Giant, *n.* (જાયન્ટ) રાક્ષસ, દૈત્ય. An earth born monster. *x.* રાક્ષસી, કદાવર. Like a giant.—ess, *n.* રાક્ષસણ; રાક્ષસિ. A female giant.(L. *gigas* a giant).

Gibberish, *n.* (જીબરિશ્) નહીં સમજ પડે એવી ભાષા અથવા બોલી; લવારો; Unintelligible language.

Gibbet, *n.* (જીબેટ્) વધ સ્તંભ; ફાંશી દેવાનું ચોકડું. A kind of gallows; *v.* ફાંશી દેવી; સૂળીયે ચઢાવવું.(L.*gibetum*).

Gibe, *vt.* મશ્કરી કરવી, મેહેણું મારવું. To scoff; to fleer. લાડ હાંસી, મશ્કરી, મેહેણું. A taunt.

Giddiness, *n.* (ગિડિનેસ્) ચક્કર આવે તે; ફેર-ચક્કર. Dizziness.

Giddy, *a.* (ગિડિ) ચક્કર-ફેર આવે એવું; ફરી જાય તેવું. Reeling; dizzy; unstable.

Gift, *n.* (ગિફ્ટ) બક્ષીસ, દાન; વિશેષ બુદ્ધિ નજર, ઇનામ; નજરાણો. An offering; a gratuity; some special talent. —ed, *a.* સૂલક્ષણ; ગુણી.

Gig, *n.* (ગિગ્) હલકી ગાડી; બગી. A light carriage. [Like a giant; huge.

Gigantic,*n.* રાક્ષસી;દૈત્ય જેવું;અતિશયમોટું.

Giggle, *vi.* (ગિગ્લ્) ખીખી હસવું. To titter.

Gild,, *vt.* (ગિલ્ડ) રસવું, ઢોળ ચઢાવવો; રમુજ કરવું. To overlay with a thin covering of gold; to make pleasant.—er, *n.* રસણીગો, રસનાર.

Gilding, *n.* સોનાનો ઢોળ; ઓપ.

Gilt, *a.* સોનાનું ચઢાવેલું પાણી.

Gill, *n.* (જીલ્) માછલી વીગેરે કેટલાંક પ્રાણીઓની ચુઇ; The organ of respiration in fishes. એક જાતનું માપ.

Gimcrack, *n.* સેહેજ જુક્તિવાળું રમકડું.

Gimlet, *n.* (ગિમ્લેટ) શાહારડી; શાહારવાનું એક હથીયાર. An instrument for piercing.

Gin, *n.* (જિન્) એક જાતનો દારૂ; રૂ તથા કપાશીયા જુદા પાડવાનો સંચો. *v.* લોઢવું.

Ginger, *n.* (જીંજર્)આદુ; સૂંઠ. A kind of plant.

Gingerly, *ad.* ફિકરથી, સંભાળીને.

Gipsy, *n.* એક જાતનાં રખડાઉ લોક.

Giraffe, *n.* જીરાફ, એક જાતનું જનાવર. The camelopard.

Gird, *vt.* (ગર્ડ) વીંટવું, લપેટવું, બાંધવું. To encircle; to encompass.—er, *n.* તુલઈ, ધરણ.

Girdle, *n.* (ગર્ડલ્) કમ્મરબંધ; પટ્ટો. A band. *v.* પેટવતી કમ્મર બાંધવી; વીંટી લેવું. [male child.

Girl, *n.* (ગર્લ) છોકરી, કન્યા. A fe-

Girlish *a.* છોકરીના જેવું; છોકરીને ધટે તેવું. Like or befitting a girl.

Girth, *n.* (ગર્થ) ઘોડાનો તંગ; ઘેર; પટ્ટો. A strap for a saddle; circumference.

Gist, *n.* (જીસ્ટ) મુદ્દાની-સારની વાત. The main point of a question.

Give, *vt.* (ગિવ) આપવું, દેવું. To bestow; to deliver; to yield. To give away. આપી છુટવું. To give ear, કાન ધરવો; કહ્યું સાંભળવું. To give over, મેલી દેવું; આશા છોડવી. To give out, ઝાહેર બોલવું. To give

up, મુકી દેવું, શરણુ થવું; તાબે થવું. To give into, હા પાડવી, કબુલ થવું,—r, *n.* દાતા, આપનાર. A donor.

Gizzard, *n.* પક્ષીની છાતીમાં ચાવવાનો કોઠો. Strong muscular stomach of a bird.

Glacial, *a.* (ગ્લેશિયલ્) બરફ જેવું. Icy; frozen. (L. *glacies* ice).

Glacier, *n.* હીમક્ષેત્ર ; બરફનો મોટો પાટ.

Glad, *a.* (ગ્લૅડ્) આનંદકારક ; રાજી, ખુશી. Joyous ; pleased ; rejoicing.

Gladden, *vt.* (ગ્લૅડન્) ખુશી-પ્રસન્ન કરવું. To make glad ; to gratify.

Gladiator, *n.* (ગ્લૅડિએટર્) તલવારથી ખેલનાર; ઇનામ વાસ્તે લઢનાર. A sword player. (L. *gladius* sword).

Gladiatorial, *a.* તલવારથી જીવ સટ્ટાના ખેલનાર સંબંધી.

Glair, *n.* (ગ્લેર્) ઇંડાનો ધોળો ભાગ ; કોઈપણ ચીકણો પદાર્થ. The white of an egg; any vicious substance.

Glance, *n.*(ગ્લૅન્સ) તેજનો ઝબ લઈને આવતો. કિરણ; આંખની ઇશારત ; નજરનો પલકારો આંખ, કટાક્ષ. A sudden shoot of light ; a sudden darting of the sight. (*v.t.*) નજર ફેરવવી-કરવી.

Gland, *n.* (ગ્લૅન્ડ) રસની શરીરમાં નાની કોથળી ; ઝાડ ઉપર થતી ગાંઠ.

Glanders, *n.* ઘોડાનોએક રોગ. A contagious disease in horses.

Glare, *n.* (ગ્લેર) ઘણુંજ ઝળઝળતું અજવાળું-તેજ. ઉગ્રદ્રષ્ટિ. A bright dazzling light ; a fierce look. *v.i.* ઝળઝળવું. To shine with a dazzling light.

Glass, *n.* (ગ્લાસ્) કાચ ; તકતો ; રેતીનું ઘડીઆળ; કાચનો પ્યાલો. A looking-glass; an hourg-lass ; a drinking glass.

Glassy, *a.* કાચ જેવું ; ચોખ્ખું, નિર્મળ.

Glaze, *v.t.* (ગ્લેઝ) કાચ જડવો-બેસાડવો; ઓપ દેવો. To furnish with glass ; to polish.

Glazier, *n.* કાચ બેસાડનાર-જડનાર.

Gleam, *n.* (ગ્લીમ્) કીરણ; ચળકાટ, તેજ. A ray ; brightness. (*v.i.*) નીકળવું, પ્રસરવું; પ્રકાશવું. To shoot ; to shine.

Glean, *v.t.* (ગ્લીન્) વીણવું ; દાણે દાણે ભેગુ કરવુ. To gather ; to collect.

Gleaner, *n.* કાપણી કરી ગયા પછી પડેલા· દાણા વીણી લેનાર. [turf.

Glebe, *n.* (ગ્લીબ) જમીન, ભોંય; Soil;sod,

Glee, *n.* (ગ્લી) હર્ષ, આનંદ. Joy, mirth.

Gleet, *n.* (ગ્લીટ્) પરમીઓ ; પ્રમેહ. A disease ; gonorrhea

Glen, *n.* (ગ્લેન્) ખીણ ; બો. A valley.

Glide, *v,i.* (ગ્લાઇડ) સરી જવું; સરકીજવું. To flow gently.

Glimmer, *v.i.* (ગ્લિમર્) ઝાંખુ બળવું ; ધીમું ધીમું ચળકવું. To gleam or shine faintly *n.* ઝાંખુ તેજ. A faint light.

Glimpse, *n.* (ગ્લિમ્પ્સ) ઝાંખો પ્રકાશ. A faint light. [To sparkle.

Glister, *v.i.* (ગ્લિસ્ટર્) ચળકવું, ચકચકવું.

Glitter, *v.i.* (ગ્લિટર્) ઝગઝગવું, ચકળવું; આંજી નાંખે તેવું હોવું. To sparkle with light ; to be showy. *n.* ચળકાટ, પ્રકાશ. Lustre. [gaze earnestly.

Gloat, *v.i.* (ગ્લોટ્) ટકટક જોઇ રહેવું. To

Globe, *n.* (ગ્લોબ) ગોળો, ઘનવર્તુળ; પૃથ્વીનો ગોળો; પૃથ્વી; દુનીયાં. A ball; a sphere; the earth. (L. *globus* a globe).

Globose } *a.* ગોળ, ગોળાકાર. Spheri-
Globular } cal.

Globule, *n.* (ગ્લોબ્યુલ) કોઇપણ ચીજનો નાનો ગોળ. A little globe.

Gloom, *n.* (ગ્લુમ્) થોડું કે પૂર્ણ અંધારૂં ; અંધારૂં ; અંધકાર ; ઉદાશી; શોક. Partial or total darkness ; melancholy aspect ; sadness.—y, *a.* અંધારાવાળું ; શોકાતુર. Obscure; sad.

Glorification, (ગ્લોરિફિકેશન્) પ્રતિષ્ઠા-આબરૂ પામવી તે. Elevation to glory.

Glorify, *v.t.* (ગ્લોરિફાઇ) પ્રતિષ્ઠા આપવી,

કિર્તિમાન કરવું; ઉંચું ચઢાવવું. To make glorious; to extol.(L. *gloria* glory *facio* I do).

Glorious, *a.* (ગ્લોરિયસ્) કિર્તિવાળું ; સ્તૂત્ય; પ્રતાપી. Renowned; celebrated.

Glory, *n.* (ગ્લોરિ) તેજ, પ્રકાશ ; કિર્તિ, આબરૂ ; વખાણ. Splendour ; brightness ; fame ; praise ; honour.(*v.*) હરખાવું, રાજી થવું. To rejoice; to exult with joy.

Gloss, *n.* (ગ્લૉસ્) ઓપ, ઓપણી ; સફાઈ, ચળકાટ ; વ્યાખ્યા, સમજુતી. Polish ; superficial lustre; interpretation --y, *a.* ચળકતું, ઓપેલું. (L. *glossa*).

Glossary, *n.* (ગ્લૉસૅરિ) ગ્રંથના શબ્દનો કોશ. A dictionary ; a vocabulary.

Glottis, *n.* (ગ્લૉટિસ્) સ્વાસ માર્ગ; દમ લેવાની નળી. The opening of the larynx.

Glove, *n.* (ગ્લવ) હાથનું મોજું. A cover for the hand.--r,*n.*હાથનાં મોજાં કરનારો

Glow, *v.i.* (ગ્લો) ધગધગવું ;લાલ થવું; તપવું; ખીલવું, દીપવું. To shine with an intense heat ; to blust (*n.*) લાલાસ; ઉગ્રતા; જુસ્સો. Redness; excitement --worm, *n.* આગીયો ; આગીયો કીડો.

Gloze, *v.i.* (ગ્લોઝ) ફોસલાવવું,પટાવવું. To flatter ; to wheedle.

Glue, *n.* (ગ્લુ) સરસ. *v.* ચોટાડવું,વળગાડવું. A viscous substance; to unite --y, *a.* ચીકણું. (L. *gluo* I draw).

Glut, *v.t.*(ગ્લટ્) એકદમ ઓહીયાં કરી જવું; ધરાવી નાંખવું. To swallow greedily; to fill to satiety. *n.* રેલછેલ ; ભરચક. (L. *glutiac*).

Gluten, *n.* (ગ્લટેન્) ધાન્યાદીકનો ચીકણો પદાર્થ. A tough substance found in grain.

Glutinate, *v.t.*(ગ્લટિનેટ) સરેસથી ચીટકાવું.

Glutinous, *a..* (ગ્લટિનસ્) ચીકણું, ચોટી જાય તેવું. Glucy; viscous.

Glutton, *n* (ગ્લટન્) ઘણુંજ ખાનાર; અકરાંતીયો. One who swallows food to excess.—ous, *a.*અકરાંતીયું;અતિહારી.

Glycerine, *n.* (ગ્લિસરાઈન) ચરબીનો એક જાતનો ચીકણો મીઠો પદાર્થ.

Gnash, *v.t.* (નૅશ્) દાંત પીસવા-કકડાવવા. To grind the teeth.

Gnat, *n.*(નૅટ્)મછર,ડાંસ. A small winged insect.

Gnaw, *vt.* (નૉ) થોડે થોડે કરડી ખાવું. To bite off little by little.

Go, *vi.* (ગો) જવું, ચાલવું ; સીધારવું. To pass ; to move step by step ; to depart.—To go about, પાછળ મંડવું. To go between, ભાંજગડ કરવી. To go hard with મુશીબત પાડવી. To go on, ચાલવું, આગળ વધવું. To go over, લક્ષ દઈને વાંચવું, મનમાં ઉતારવું. To go without, ચલાવવું, નભાવવું.—ing, *n.* જવું, ગમન, ગતિ.

Go-between, *n.* બેના વચલો પૂરૂષ ; દલાલ.

Go-by, *n.* કોઈ વાત ઉડાવી દેવાની કળા.

Go-cart, *n.* નાંનાં છોકરાંને ચાલતાં શીખવવાની ગાડી ; પાંગળા ગાડી.

Goad, *n.*(ગોડ્) આર, પરોણી, અંકુશ. A prick. *v.* ઉશકેરવું ; આર ભોકવી. To instigate ; to prick.

Goal, *u.* (ગોલ્) સરત દોડવાની હદ, મુકામ, ઉદ્દેશ.The pole set to bound a race and to which racers run ; a mark ; the end.

Goat, *n.* (ગોટ્) બકરો. A quadruped. —herd, *n.* ભરવાડ, રબારી. One who tends goats.

Gobble, *vt.* (ગૉબ્લ્) ઉતાવળું ખાઈ-ગળી જવું. To swallow hastily.

Goblet, *n.* (ગૉબ્લેટ્) પ્યાલો, પંચતત્ર. A cup.

Goblin,*n.* (ગૉબ્લિન્)ભૂત, પ્રેત.A demon; an evil spirit.

God, *n.* (ગૉડ્) ઇશ્વર, પરમેશ્વર, ખોદા,દેવ. The Supreme Being.– dess,*n.* દેવી.

God-child, *n.* ધર્મપૂત્ર;—father, *n.*ધર્મ પિતા;—head, *n.* ઐશ્વર્ય, દૈવત્વ;—less, *a.* નાસ્તિક, પાપી; અધર્મ;—like, *a.* ઇશ્વરી, ઉત્કૃષ્ટ—ly, *a.* ધર્મિષ્ટ, પવિત્ર.—send, *n.* અણધાર્યો લાભ.—send, *n.* ફતેહમંદી, જય.

Godown, *n.* (ગોડાઉન્) વખાર ; ભોંયરૂં.

Goggles, *n.* એક જાતના ચસમા. A kind of spectacles.

Gogglet, *n.* વાસણ, ચંબુ.

Goitre, *n.* વરસોળી, પાડું.

Gold, *n.* (ગોલ્ડ) સોનું, સુવર્ણ. A precious metal of yellow colour. *a.* સોના જેવું.—en, *a.* સોનેરી; સોનાનું બનાવેલું.

Gold-beater, *n.* સોનાનો વરખ બનાવનાર.—dust, *n.* સોનાની રજ.—leaf, *n.* સોનાનો વરખ.—smith, *n.* સોની.

Gold-finct, *n.* એક જાતનું સુંદર પક્ષી.

Gondola, *n.* (ગૅાન્ડોલા) મોજ મારવાની ચપટા તળીઆવાળી હોડી. A long narrow pleasure boat.

Gong, *n.* (ગૅાગ્) ઝાલર ; મોગરી ઠોકીને વગાડવાની ઘડીઆળ. A metallic drum. [A disease.

Gonorrhœa, *n.* (ગૅાનરીય) પરમીઓ; પ્રમેહ.

Good, *a.* (ગૂડ્) સારૂં, બેશ, મજેનું ; ભલું, રૂડું. Worthy; virtuous; fine; fit. *n.* ફાયદો, લાભ. Benefit. *n. pl.* માલ, સામાન.

Good-breeding, *n.* સારી કેળવણીથી શીખવેલી—વિવેક ભરેલી રીત ભાત ;—bye, *n.* સાહેબ મેહેરબાન;—day, *n.*એક પ્રકારની સલામ—Friday, *n.* ખ્રીસ્તિ તહેવારનો એક શુકરવારનો દીવસ.—morning, *n.* સહવારની સલામ—ly, *a.* આનંદકારક, ખુશકારક, Pleasant.—will, *n.* પરોપકાર બુદ્ધિ ; મરજી, કૃપા.

Goose, *n.* (ગૂઝ) હંસ ; મૂર્ખો, બેવકુફ. A water-fowl; a silly person-

Goose-berry, *n.* એક પ્રકારનું ફળ.

Gore, *n.* (ગોર) બંધાયેલું લોહી; અંગરખાની કળી ; Clotted blood flowing from a wound ; a slip of cloth for widening a garment; *v.* ભોંકવું, ઘોચવું. To pierce.

Gorge, *n.* (ગૅાર્જ) ગળું; ગળાની નળી; કંઠ. The throat. *v.* ડબડબ ખાઈ જવું. To swallow; to glut.

Gorgeous, *a.* (ગૅાર્જીઅસ્) ભભકાદાર ; ભપકાવાળું. Splendid; fine.

Gormand, *n.* (ગૅારમૅન્ડ) પુષ્કળ ખાનારો ; અકરાંતિયો. A glutton.

Gosling, *n.* (ગૅાસ્લિંગ્) નાનું હંસનું બચ્ચું. A young goose.

Gospel, *n.* (ગૅાસ્પેલ્) સુવાર્તા-શુભવર્તમાન ; બાઈબલનો એક ભાગ Good-news.

Gossip, *n.* (ગૅાસિપ્) ગપ્પીદાસ ; ગપ્પો. Idle talk. *v.* ગપ્પાં સપ્પાં મારવાં. To prate.

Gouge, *u.* (ગાઉજ) ભુંગળાના જેવી ફરશી વીંધણું. A chisel with a round edge.

Gourd, *n.* (ગોર્ડ) તૂમડી ; તુમડાનો વેલો. A plant.

Gout, *n.* (ગાઉટ્) સંધી વાયુ. A painful desease—y, *a.* સંધી વાયુ થયો હોય તેવું. diseased with gout.

Govern, *v.t.* (ગવર્ન) સત્તા-રાજ ચલાવવું; હુકમ ચલાવવો. To rule; to exercise authority. (L. *guberno* I govern).

Governess, *n.* (ગવરનસ્)જુવાન સ્ત્રીઓને કેળવનારી સ્ત્રી. An instructress.

Government, *n.* (ગવર્મેન્ટ) રાજ્ય-અમલ-વહિવટ ચલાવવો તે; બંદોબસ્ત, વ્યવસ્થા; સરકાર ; સત્તા, રાજ્ય Administration of public affairs; rule; authority; governing power.

Governor, *n.* (ગવર્નર) હાકેમ, સુબો; શિક્ષક. One who governs; a tutor.

Gown, *n.* (ગાઉન્) જબ્બો ; ઉપર પહેરવાનો જામો. A loose upper garment.

Grace, *n.* (ગ્રેસ) કૃપા, મેહેરબાની; ખુબસુરતી; મારી. Favour, kindness; beauty, excellence. *v.* સુશોભીત કરવું, શણગારવું. To favour, to decorate. L. *gratia* favour).

Graceful, *a.*શોભીતું,દેખાડવું. Beautiful.

Gracious, *a.* (ગ્રેશિયસ્) કૃપાળુ; દયાવંત. Favourable; benignant.

Gradation, *n.* (ગ્રૅડેશન્) દરજ્જો, પાયરી; ઉત્તરોત્તર ક્રમ. Regular progress; order. (L. *gradus* a step).

Grade, *n.* (ગ્રેડ) પાયરી, પગથીયું. Rank; degree. [by steps

Gradient, *a.* ડગલે ડગલે વધતું. Moving

Gradual, *a.* (ગ્રૅડ્યુઅલ્) ધીમે ધીમે થતું Procceding by degrees.—ly, *ad* ધીમેધીમે.

Graduate, *n.* (ગ્રૅજ્યુએટ) કોઈ વિદ્યા કે કળામાં ખેતાબ મેળવનાર. One who has received a degree in a college. *v.* પદવી મેળવવી; ક્રમ પ્રમાણે ચઢતું ઉતરતુંગોઠવવું.

Graft, *n.* (ગ્રૅફ્ટ) ઝાડની કલમ. Shoot inserted into another tree. *v.*કલમ કરવી.

Grain, *n.* (ગ્રેન્) દાણો; ધાન્ય, અનાજ, કણ; બીજ; એક પ્રકારનું તોલ. Corn in general; a seed; a measure. (L. *granum*).

Grain-dealer '*n.* ભુંસારી; મોદી; કણીગો —parcher, *n.*ભાડભુંજો.

Gram, } *n.* એક પ્રકારનું માપ; ચણા.
Gramme }

Gramineous, (ગ્રૅમિનિયસ્) ઘાસના જેવું, સાંઠાવાળું, Grassy.(L.*gramen* grass)

Graminivorous, *a.* ઘાસ ખાનાર; ઘાસ ખાઈને જીવનાર. Living upon grass.

Grammar, *n.*(ગ્રૅમર્)વ્યાકરણ; ભાષા શાસ્ત્ર. Science of language. (G. *grapho* I write).

Grammarian, *n.* (ગ્રૅમેરિયન્) વ્યાકરણ શાસ્ત્રી. One versed in grammar.

Grammatic } *a.* વ્યાકરણસંબંધી. Per-
Grammatical } taining to grammar.

Granary, *n.* (ગ્રૅનરિ) કોઠાર; અનાજની વખાર. A store house of grain. (L. *granum*).

Grand, *a.* (ગ્રૅન્ડ) મોટું, મહાન, વિશાળ; ઠાઠમાઠવાળું. Great, extensive; majestic. (L. *grandis* great).

Grand-child, *n.* પૌત્ર; છોકરા-છોકરીનું છોકરૂં;—Daughter, *n,* પૌત્રી,દોહીત્રી;—father, *n.* દાદો, વડાવો;—nephew, *n.* ભાઈ અથવા બેહેનના છોકરાનું છોકરૂં.—mother, *n.* વડીયાઇ, બપ્પાઈ, મમ્માઇ. —son, *n.* પૌત્ર. [man of rank.

Grandee, *n.*(ગ્રૅન્ડી) ઉમરાવ, અમીર. A

Grandeur, *n.* (ગ્રૅન્ડ્યર્) પૌઢતા; વિશાળપણું Greatness; splendour.

Granite, *n.* (ગ્રેનીટ) એક જાતનો પથ્થર. A hard rock. (L. *granum* grain).

Grant, *v.t.* (ગ્રૅન્ટ) કબુલ રાખવું; માન્ય કરવું; બક્ષીસ આપવી. To give; to bestow; to concede. *n.* બક્ષીસ, ઇનામ. A gift. (L. *gratus* pleasing).

Grantee, *n.* જે માણસને જમીન વીગેરે મળ્યું હોય તે. [grants.

Grantor, *n.* આપનાર, દાતા. One who

Granulate, *v.t.* (ગ્રૅન્યુલેટ) દાણાપર આવવું; અંગુરપરઆવવું. To form into grains to make rough on the surface.

Grape, *n.* (ગ્રેપ) દ્રાક્ષ; The fruit from which wine is made.—shot, *n,* ગરબ છાંટ—wine, *n,* દ્રાક્ષનો વેલો.

Graphic } *a.* (ગ્રૅફિક–લ્) સ્વરૂપ દર્શક;
Graphical } ચોકસાઇથી બ્યાન કરેલું. Well delineated. (G. *grapho* I write).

Grapple, *v.* (ગ્રૅપ્લ્) પકડવું, ઝાલવું; બાથ ભીડવી. To seize, to gripe.

Grasp, *v.t.* (ગ્રૅસ્પ) પકડવું, પકડી લેવું, ઝડપી લેવું. To gripe; to seize. *n.* પકડ; ચપટ; સમજ શક્તિ. Gripe of the hand

Grass, *n.* (ગ્રાસ) ઘાસ, ચારો. Herbage·—hopper, *n.* તીડ—plot, *n.* ઘાસની ક્યારી.—y, *a,* ઘાસવાળું-થી ભરેલું.

Grate, *n.* (ગ્રેટ) ગજની-સળીયાની જાળી. A work or frame of parellel or cross bars. *v.* ઘસવું, ખખડાવવું. To rub harshly.

Grateful, *a.* (ગ્રેટફુલ્) કૃતજ્ઞ, વફાદાર, ની મકહલાલ; સ્વાદિષ્ટ. Pleasing; acceptable; delicious. (L. *gratus* agreeable).

Gratification, *n.* (ગ્રૅટિફિકેશન્) ખુશી, સંતોષ; બદલો. Delight; reward.(L· *gratus, facio* I make).

Gratify, *v.t.* (ગ્રૅટિફાઇ) ખુશી-સંતોષ-તૃપ્ત કરવું. To please; to satisfy.

Gratis, *ad.* (ગ્રૅટિસ્) મફત, ફોકટ. Out of favour; freely (L. *gratia* favour)

Gratitude, *n.* (ગ્રૅટિટ્યુડ) વફાદારી, કૃતજ્ઞતા. Thankfulness. [ર પઇસે. Free·

Gratuitous, *a.* (ગ્રૅટિટ્યુઇટસ્) મફત; વગ

Gratuity, *n.* (ગ્રૅટ્યુઇટિ) બક્ષિસ; ઇનામ. A free gift; a present.

Grave, *n.* (ગ્રેવ) ઘોર; કબર. A tomb; a sepulchre. *a.* ગંભીર; અગત્યનું. Serious; important. *v.* ખોદવું, કોતરવું. To carve; to dig. (L. *gravis* heavy).

Grave-clothes, *n.* કફન; મુડદાને વીંટાળવાનાં કપડાં.—digger, *v.* ઘોર ખોદનાર.—stone, *n.* મૃત્યુસ્થંભ;—yard, *n.* કબરસ્તાન.

Gravel, *n.* (ગ્રૅવલ્)કાંકરો; મરડીયા. Small pebbles. *v.* કાંકરા પાથરવા; ગભરાવવું. To puzzle.

Gravitation, *n.* (ગ્રૅવિટેશન્) ગુરૂત્વાકર્ષણ. The force by which bodies are drawn. (L. *gravis* heavy).

Gravity, *n.* (ગ્રૅવિટિ)વજન,ગુરૂત્વ. Weight; force of attraction.

Gray, *a.* (ગ્રે) કાબરચીત્રુ; સફેત; પરિપક્વ. White with a mixture of black.

Graze, *vt.* (ગ્રેઝ) ઘસડાઇને જવું; ચરાવવું. To touch lightly; to feed.

Grazier; *n.* (ગ્રેઝિયર્) ઢોર ચરાવનાર; ગોવાળ. One who pastures cattle.

Grease, *n.* (ગ્રીઝ) ચીકણો પદાર્થ; ચરબી; ઘોડાને થતું એક દરદ. Animal fat.

Greasy, *a.* ચીકણું; સુંવાળું, ખરડેલું.

Great, *a.* (ગ્રેટ્) મોટું, મહાન, વિસ્તિર્ણ, ઘણું ભારી. Large; extensive; eminent.—ness, *n.* મોટાપણું; મોટાઇ. (L. *grandis* large.

Greed, *n.* (ગ્રીડ્) લોભ; અતિ તૃષ્ણા.—y, *a.* અતિ લાલચું. Eager to obtain.

Greek, *n.* (ગ્રીક્) યુનાની; યુનાન દેશના લોક. Inhabitants of Greece.

Green, *a.* (ગ્રીન્) લીલું, તાજું, નવું; ખીલી રહેલું. Verdant; flourishing; fresh. *n.* લીલો રંગ; લીલોત્રી. A grassy plain.

Green-crops, *n.*લીલાં શાક તરકારી વીગેરેનો ફાલ.—aged, *a.*માંજરૂં;—grocer, *n.* કાછીયો.—hand, *n.* નવું માણસ.—horn, *n.* કાચી બુદ્ધિવાળો જુવાનીયો.—room, *n.*નાટકવાળાઓને વેશ લેવાની ઓરડી.—stall, *n.* કાછીયાની દુકાન.—vitriol, *u.* હીરાકશી.

Greet, *v-* (ગ્રીટ્) સલામ કહેવી, ભેટવું. To salute; to hail.—ing, *n.* સલામ.

Gregarious, *a.* (ગ્રીગેરિયસ્) સંઘચર; સાથમાં રહેવાની ટેવવાળું. Going in flocks. (L. *grex* a flock).

Grenadier, *n.* (ગ્રેનૅડિયર્) લશકરમાં ઉંચા જબરા સિપાઈની પલટણનો શિપાઈ.

Grey-hound, *n.* શીકારી કુતરો. A tall fleet dog kept for the chase.

Griddle, *n.* રોટલી શેકવાની છાછરી.

Grief, *n.* (ગ્રીફ્) શોક, ખરખરો, પસ્તાવો. Sorrow; pain.

Grievance, *n.* (ગ્રિવન્સ) દુઃખ, ઇજા; સંકટ. Burden ; affliction.

Grieve, *vt.* (ગ્રીવ) દીલગીર-દુખી કરવું-થવું, શોક કરવો. To afflict; to lament.

Grievous, *a.* (ગ્રીવસ્) ત્રાસદાયક, જડ, કઠણ, ખેદકારક. Heinous ; painful.

Grill, *vt.* (ગ્રિલ્)શેકવું, ભુંજવું. To broil.

Grim, *a.* (ગ્રિમ્) ભયંકર. Hidious.

Grimace, *n.* (ગ્રિમેસ) વાંકાંચુકાં કરેલાં મ્હોઆળા ચરકા. Distortion of face.

Grime, *n.* મેલ, કચરો. Dirt.

Grin, *vi.* (ગ્રિન્) દાંતીઆં કરવાં. To set the teeth and open the lips.

Grind, *vt.* (ગ્રાઇન્ડ) દળવું, વાટવું ; હેરાન કરવું. To reduce to powder ; to oppress.—er, *n.* દાઢ.—stone, *n.* સરેણ. A stone on which edged tools are ground.

Gripe, *vt.* (ગ્રાઇપ) જોરથી પકડવું. To crutch. *n.* મૂઠ; પંજો; જુલમ. Grasp; oppreession.

Grisly, *a.* (ગ્રિસ્લિ)બીહામણું. Frightful.

Grist, *n.* (ગ્રિસ્ટ) ઓરણું; દળણું. Corn for grinding. [lage.

Gristle, *n.* (ગ્રિસલ્) કુમળુ હાડકું. Carti-

Grit, *n.* (ગ્રિટ્) લોટમાંનું થુલુ. Coarse part of meal.

Groan, *vi.* (ગ્રોન્) દુઃખનો અવાજ કરવો ; રડવું. To utter a mournful voice; to moan. *n.* દુઃખનો અવાજ. [શિક્કો.

Groat, *n.* ચાર પેન્સની કીંમતનો એક ઇંગ્રેજી

Grocer, *n.* (ગ્રોસર્) ગાંધી ; કરીયાણું વેચનાર. A dealer in tea, sugar &c. —y, *n.* કરીઆણું.

Grog, *n.* (ગ્રૉગ્) પાણી ભળેલો જલદ દારૂ. A mixture of spirits and water.

Groin, *n.* (ગ્રૉઇન્) જાંગનો સાંધો. The part next above the thigh.

Groom, *n.* (ગ્રુમ્) હજુરીયો ; ચાકર. A servant ; a writer.

Grove, *n.* (ગ્રુવ) ખોભણ ; ખાંચ ; કોરણી. A hollow; a channel cut with a tool. [To search in the dark.

Grope, *vi.* (ગ્રોપ) અંધારામાં ફાંફાં મારવાં.

Gross, *a.* (ગ્રોસ્) ઘણું મોટું ; જાડું ; ભારી ; નીચ ; એકંદર. Large ; coarse ; obscene ; whole. *n.* મુખ્ય ભાગ. The main body. (L. *crassus* thick).

Grotesque, *a.* (ગ્રોટેસ્ક) તરેહવાર,વિલક્ષણ. Ludicrous ; fantastic.

Grotto, *n.* (ગ્રૉટો) ભોંયરૂં, ગુફા. A cave.

Ground, *n.* (ગ્રાઉન્ડ) ધરતી, જમીન, ભોંય; જાગીર ; પાયો; કારણ, આધાર ; દેશ. Upper part of the earth ; land; estate ; foundation ; region. *v.* જમીન ઉપર મુકવું; બેસાડવું; આધાર ઉપર રાખવું. To fix; to found; to settle.

Ground-floor, *n.*ભોંયતળીયું.—less, *a.* સબબ વિનાનું, નિરાધાર ;—rent, *n.* જમીન ભાડું.—work, *n.* મંડાણ ; પાયો.

Group, *n.* (ગ્રુપ્) સમુદાય ; જમાવ. A crowd; an assemblage ; *v.* એકઠું-એકત્ર કરવું. To form into a group.

Grove, *n.* (ગ્રોવ) ઝાડની ઘટા. A small wood. [on the earth.

Grovel, *vi.* (ગ્રોવેલ્)પેટે ચાલવું. To creep

Grow, *vi.* (ગ્રો)ઉગવું, વધવું, નીપજવું. *vt.* પકવવું, ઉત્પન્ન કરવું. To increase ; to make progress ; to proceed. *vi.* to raise. [To snarl; to murmur.

Growl, *vt.* (ગ્રાઉલ્)ઘુરકવું,ચીડાઈને બડબડવું.

Growth, *n.* (ગ્રોથ્) વૃદ્ધિ ; વધારો ; ઉપજ. Increase ; product.

Grub, *v.* (ગ્રબ્) ઉખેડવું ; ખોદી કાઢવું. To dig up ; to root out. *n.* એક પ્રકારનો જીવડો.

Grudge, *vt.* (ગ્રજ્જ) તકાવવું, નજરમાં ઘાલવું ; આનાકાની--અદેખાઇ કરવી. To grumble ; to envy. *n.* અદેખાઈ ; દ્વેશ. Envy ; ill-will [lingly.

Grudgingly, *ad.* નાખુશીથી. Unwil-

Gruel, *n.* (ગ્રુઅલ્) રાબડી, કાંજી. Food made by boiling out meal in water. [stern.

Gruff, *a.* (ગ્રફ્) કરડું ; સખત. Hard ;

Grumble, *vi.* (ગ્રમ્બલ્) બડબડવું ; ગુરગુરવું. To growl; to murmur.—r, *n.* બડબડનાર, અસંતોષી માણસ. A disconted man.

Grunt, *vi.* (ગ્રન્ટ) ડુક્કરની પેઠે બોલવું. To murmur as a hog.

Guarantee, *n.* (ગૅરન્ટી) જામીન ; બાંહેધારી. Surety for performance. *vt.* જામીન થવું. To warrant.

Guard, *v.t.* (ગાર્ડ) સંભાળવું, ચોકી કરવી, બચાવવું, સાવધ રહેવું. To protect; to defend ; to watch. *n.* રખેવાળ, પેહેરેગીર ; ગાડદી. That which defends.

Guardian, *n.* (ગાર્ડિયન) વાલી; રક્ષક. One who has the care of an infant; a protector—ship, *n.* રખેવાળી.

Guava, *n.* (ગ્વાવા) જામફળ, જમરૂખ. A kind of tree and its fruit.

Guerdon, *n.* ઇનામ, બદલો. Reward.

Guess, *v.t.* (ગૅસ્) અટકળ-કલ્પના-તર્ક-અનુમાન કરવું. To conjecture *n.* અટકળ, કલ્પના, ઉટ્ટાંગ. a conjecture.

Guest, *n.* (ગૅસ્ટ) પરોણો; મેમાન. A stranger ; a visitor.

Guidance, *n.* (ગાઇડન્સ) રસ્તો દેખાડવો ; માર્ગ, પ્રદર્શન. Direction.

Guide, *v.t.* (ગાઇડ) માર્ગ-રસ્તો દેખાડવો ; ચલાવવું To direct ; to govern *n.* ભોમીયો, વળાવો. (Spiritual guide, આચાર્ય, ગુરૂ)

Guile, *n.* (ગાઇલ) કપટ, ફરેબ, કાવો દાવો. Craft ; fraud.—ful, *a*, કપટી, દગાખોર.—less, *a*, નિષ્કપટ.

Guilt, *n.* (ગીલ્ટ) દોષ, અપરાધ, તકસીર, ગુન્હો. Sin ; criminality ; crime.—less, *a.* નિર્દોષ, નિરપરાધી ;—y, *a*, અપરાધી, તકશીરવાન.

Guinea, *n.* (ગીની) આશરે સાડા દસ રૂપીયાની કીંમતનો સોનાનો સીક્કો ; ગીની. A gold coin.

Guise, *n.* (ગાઇઝ) પહેરવેશ; સુરત, સિક્કલ; ડોળ ; રીત. Dress ; habit ; customary practice.

Guitar, *n.* સીતાર, વીણો. A kind of harp.

Gulf, *n.* (ગલ્ફ) અખાત ; મોટી ખાડી. A bay ; an abyss.

Gull, *v.t.* (ગલ્) ભાળવવું; છેતરવું. To beguile ; to deceive. *n.* ભોળીયો ; છેતરાય એવો માણસ. One easily cheated ; એક જાતનું દરીયાઇ પક્ષી.

Gullet, *n.* (ગલેટ્) ગળું, અન્નમાર્ગ. The throat. (L. *gula* gullet).

Gulp, *v.t.* (ગલ્પ) ઓહીયાં કરી જવું. To swallow eagerly.

Gum, *n.* (ગમ્) ગુંદર *v.t.* ગુંદ ચોપડવે. To smear with gum. *n. pl.* દાંતના અવાળું;—my *a.* ગુંદરવાળું.

Gun, *n.* (ગન) બંદુક, તોપ. A fire-arm. (L. *canna* a reed). [*n.* ગોલંદાજી.

Gunner, *n.* ગોલંદાજ, તોપ મારનાર.—y,

Gun-powder, *n.* બંદુકનો દારૂ.—Shot —Reach, *n.* ગોળાનો ટપ્પો.

Gurgle, *v.i.* (ગર્ગલ્)ગળગળ નીકળવું. To flow as water from a bottle.

Gush, *v.i.* (ગશ્) જોરસાથી નીકળવું. To flow with violence *n.* એકદમ વહેવું તે. A sudden flow.

Gust, *n.* (ગસ્ટ) સ્વાદ, લેહેજત ; પવનનો સપાટો. Taste; relish ; a violent blast of wind.

Gut, *n.* (ગટ્) આંતરડા ; The internal passage for food. *v.* આંતરડાં કાઢવાં; લુટવું. [nel for water (L.*gutta* a drop)

Gutter, *n.* (ગટર્) નીક, મોરી. A chan-

Guttural, *a*, (ગટરલ્) કંઠસ્થાની. Pronounced in the throat.

Gymnasium, *n.* (જીમ્નેશિયમ્) કસરતશાળા. A place for athletic exercises. G. *gymnos* naked).

Gymnastic. *a.* કસરત સંબંધી ; Gymnast, *n.* કસરત. શીખવનાર. [stone.

Gypsum, *n.* એક જાતનો ખાર. Plaster-

Gyve, *n.* (જીવ) પગની બેડી. A fetter ; *v.* બેડી પહેરાવવી. To fetter.

H.

H, ઈંગ્રેજી મૂળાક્ષરનો આઠમો અક્ષર ; હ.

Ha, *int.* આશ્ચર્ય-આનંદ-શોકબતાવવાનો શબ્દ.

Haberdasher, *n.* (હબરડૅશર) ફીત, દોરી, સોય વીગેરે વેચનારો ; ફેરીયો. A dealer in small wares.—y, *n.* ફીત, દોરી, સોય, ટાંકણી વીગેરે જીનસો.

Habiliment, *n.* (હબિલિમેન્ટ) લુગડાં, વસ્ત્ર, પોશાક. Clothing ; garment.

Habit, *n.* (હબિટ્) તબિયત, પ્રકૃતિ ; ટેવ, આદત ; લુગડાં, પોશાક. Physical temperament ; practice ; dress. *vt.* લુગડાં પહેરાવવાં. To dress. (L. *habeo* I have).

Habitation, *n.* (હબિટેશન્) વસવાની જગા ; ઘર ; રહેઠાણ. A dwelling ; a residence.

Habitual,, *a.* (હબિટ્યુઅલ્) ધારા પ્રમાણેનું ; હમેશનું. Customary ; usual.

Habituate, *vt.* (હબિચ્યુએટ) ટેવ-મહાવરો પડવો. To inure ; to familiarise. (L. *habeo* I have). [manner.

Habitude, *n.* ટેવ, અભ્યાસ. Usual

Hack, *vt.* (હૅક્) આડું અવળું કાપી નાંખવું. To cut irregularly. *n.* ઘા, કાપો ; ભાડુતી ગાડી. [ટવું. To comb as flax.

Hackle, *vi.* (હૅકલ્) હોળીને સાફ કરવું, પંજે-

Hacking-machine, *n.* સણ સાફ કરવાનું દાંતાવાળું ઓજાર ; પંઝેટી.

Hackney, *a.* (હૅક્ની) ભાડુતી; ભાડાનું. Let out for hire.

Haft, *n.* (હૅફ્ટ) પકડ, હાથો. A handle.

Hag, *n.* (હૅગ્) ડાકણ ; વંતરી. A witch ; a sorceress. [Lean ; lank.

Haggard, *a.* (હૅગાર્ડ) દુબળું; ગળી ગયેલું.

Haggle, *vt.* See Hack.

Hail, *n.* (હેલ્) કરાં. Frozen drops of rain or moisture. *v.* કરા પડવાં-વરસવાં.—stone, *n.* કરાંનો ગાંગડો-કકડો.

Hail, *int.* નમસ્કાર ; બંદગી. *v.* આવકાર આપવો ; હાંક મારવી.

Hair, *n.* (હેર્) નીમાળા, વાળ, રૂઆં. A small filament issuing from the skin.—y, *a.* વાળવાળું; નીમાળા જેવું.

Halcyon, *n.* (હૅલ્સિયન્) માછલી ખાનારૂં એક પક્ષી. A bird. *a.* સુખનું, શાંતીનું. Calm ; happy. [thy ; robust.

Hale, *a.* (હેલ) નીરોગી, તંદુરસ્ત. Heal-

Half, *n.* (હાફ્) અર્ધ ભાગ, અડધીયું. One of two equal parts. *n.pl.* halves. To cry halves, સરખો ભાગ માગવો.

Half-blood, *n.* સાવકું સગપણ ;—brother, *n.* ઓરમાણ ભાઈ ;—caste, *n.* મા અને બાપમાંથી એક યુરોપીયન અને એક હીંદુ એ રીતે જેનો જન્મ છે એવું છોકરૂં.—cock, *n.* અડધી ચાંપ ચઢાવેલી બંદુક.—dead, *a.* અડધું મરેલું.—moon, *n.* અર્ધચંદ્ર.—witted, *a.* કમ અક્કલ.

Hall, *n.* (હૉલ્) મોટો ઓરડો-પરસાળ ; કચેરી, દરબાર ; દિવાનખાનું. A large room at the entrance of a house ; a royal court ; a manor house.

Hallelujah, *n.* & *int.* (હલીલ્યુયા) ઈશ્વરની સ્તુતી કરો, એ અર્થનો સ્તૂતી કરતી વેળા બોલવાનો શબ્દ. Give praise to God.

Halloo, *vi.* (હલૂ) લલકારવું ; બુમ પાડવી. To call loudly after. *int.* કોઈનું લક્ષ પોતાની તરફ ખેંચવાને બોલવાનો શબ્દ, એ ! અલ્યા !

Hallow, *v.t.* (હૅલો) પવિત્ર કરવું, પુજ્ય ગણવું. To consecrate ; to make holy.

Hallucination, *n.* (હલ્યુસિનેશન્) ભૂલ, ચુક, ભ્રાંતિ. Error ; mistake ; delusion. (G. *haluo* I wander in mind).

Halo, *n.* (હેલો) જળકૂંડું ; પરિવેશ. A coloured circle round the sun or moon. [દોરડું.

Halser, *n.* વહાણ અથવા હોડીને ખસેડવાનું

Halt, *v.i.* (હૉલ્ટ) ઉભાં રહેવું ; મુકામ કરવો ; To stop in walking or marching *n.* મુકામ, છાવણી. A stopping. *a.* લગડું, ખોડું. Lame.

Holter, *n.* (હોલ્ટર્) ખાગદોર ; ફાંશીની દોરડી. A rope to hang malefactors.

Halve, *v.t.* (હાવ) બે સરખા ભાગ કરવા. To divide into two equal parts.

Ham, *n.* (હૅમ્) ઘુંટણનો પાછલો ભાગ;જાંગ. The hind part of the knee ; the thigh of an animal.

Hamlet, *n.* (હૅમ્લેટ્) નાનું ગામડું. A small village.

Hammer, *n.* (હૅમર્) હથોડો ; ઘાણ. An instrument for beating. *v.t.* ટીપવું, હથોડાથી ઘડવું. To forge with a hammer.

Hammock, *n.* (હૅમૉક્) ઝોળી. A swinging bed.

Hamper, *n.* (હૅમ્પર્) ટોપલો, છાબડી ; બેડી ; A large basket ; a fetter or chain. *v.* હાથ પગ બાંધીલેવા,ગુંચવણમાં નાંખવું. To shackle ; to entangle.

Hamstring, *n.* ઘૂંટણના તળીયાની નસ.

Hand, *n.* (હૅન્ડ) હાથ, કર, દસ્ત ; અક્ષર, મરોડ, વલણ, લઢણ ; કબજો ; મૂઠ ; ખબરદારી, હોંશીયારી. The palm and fingers; style of handwriting ; control ; a measure of the hand's breadth; skill ; dexterity. *v.* હાથે કરીને આપવું ; હવાલે આપવું.

Hand-bill, *n.* જાહેર પત્ર ;-Barrow, હાથે ખેંચવાની ગાડી.—Book, *n.* હાથમાં લઇને ફરાય એવી ચોપડી ;—Breadth, *n.* (ઉંચાઈ માપવામાં) મૂઠ ;—Cuff, *n.* હાથકડી ; હાથમાં બેડી ઘાલવી. A fetter for the wrist.—Ful, *a.* મુઠ્ઠીભર ; ગણ્યાં ગાંઠાં As much as the hand can contain.

Handicraft, *n.* (હૅન્ડિક્રૅફ્ટ) હસ્તક્રિયા હાથનું કામ. Manual occupation.

Handiwork, હાથનું કામ.

Handkerchief, *n.* (હૅન્ડકર્ચીફ્) હાથમાં રાખવાનો રૂમાલ. A piece of cloth used to wipe the face &.

Handle, *v.t.* (હૅન્ડ્લ્) હાથ અડકાડવો ; હાથે પકડવું ; વાપરવું. To touch ; to wield ; to use. *n.* હાથો, દાંડો, મુઠ. That part of any thing which is held in the hand.

Handloom, *n.* હાથે કપડાં વણવાની શાળ.

Handmaid } *n.* દાસી, ચાકરડી. A
Handmaiden } female servant ; an attendant.

Handmill, *n.* હાથે દળવાની ઘંટી.

Handsel, *n.* બોહોણી, વકરો. First sale regarded as an omen for the rest.

Handsome, *a.* (હૅન્ડસમ) ફુટડું, દેખાવડું, ખુબસુરત. Well formed ; graceful; elegant.

Handwriting, *n.* હરફ, અક્ષર, દસ્કત. The form of writing peculiar to each hand.

Handy, *a.* આવડતવાળું. Dexterous.

Hang, *v.t.* (હૅન્ગ) ટાંગવું, લટકાવવું, ફાંશી દેવું. To suspend; to put to death by suspending.—man, *n.* ફાંશી દેનાર. An executioner.

Hank, *n.* સુતરની કે રેશમની દડી. A skein of thread.

Hanker, *v.i.* (હૅન્કર્) તૃષ્ણા રાખવી ; મેળવવાને મનમાં બળવું. To desire eagerly to get hold of some thing.

Hap, *n.* (હૅપ્) એકાએક આવી પડે અથવા બને એવીબાબત. Casual event; --hazard, *n*, યોગ, કાળ યોગ. chance, accident —less, *a*, અભાગીયું, અકર્મી. Unhappy.—ly, *ad*, કદાચ ; વખતપર ; perhaps, by chance.

Happen, *v.i.* (હૅપન્) બનવું, થવું, વીતવું, ગુજરવું. To take place; to chance; to befall.

Happily, *ad.* નશીબે જોર કરવાથી; સુખે.

Happiness, *a.* (હૅપિનેસ) સુખ, કલ્યાણ. Good fortune ; felicity ; bliss.

Happy, *a.* (હૅપિ) ખુશ ; સુખી ; આનંદી ; ભાગ્યશાળી; ખબરદાર. Fortunate; successful ; lucky ; dexterous.

Harangue, *n.* (હૅરૅન્ગ) અલંકારિક ભાષણ. A popular oration *v.* ભાષણ કરવું. To address.

Harass, *v.t.* (હૅરૅસ્) દુઃખ દેવું ;સતાવવું.. To vex ; to distress ; to weary (G. *arusso* I strike hard).

Harbinger, *n.* (હાર્બિન્જર્) પાદશાહનીસ્વારીની આગળ જઇ સઘળી તૈયારી કરી રાખનાર. A fore runner ; a precursor.

Harbour, *n.* (હાર્બર્) વહાણ લંગર કરવાની જગા ; બંદર, બાહારૂં ; શરણ, આશ્રય. A refuge for ships; a port; shelter. (*v.*) આશ્રય આપવો ; ઘરમાં રાખવું. To shelter ; to entertain.

Hard, *a.* (હાર્ડ) કઠણ ; સખત ; મજબુત ; સંગીન ; જુલમી. Not soft; difficult ; arduous; severe ; harsh. (*ad*) જલદીથી, ઝપાટાથી. Rapidly , fast.

Harden, *v.t.* (હાર્ડન્) સખત કરવું; કસવું. To make hard ; to inure.

Hard-favoured / Hard-featured } *a.* કરડા દેખાવનું. Coarse of features

Hard-fisted, *a.* સખત મુઠ્ઠીવાળું; લોભીયું; કંપણ. Strong-hand ; covetous.

Hard-fought, *a.* કડાકડીનું ; કડાઝુડ. Vigourously contested.

Hard-hearted, *a.* કઠણ-સખત હૈયાનું. Cruel ; pitiless.

Hardi-hood, *n.* (હાર્ડીહુડ્) છાતી ; હીંમત; ધૃષ્ટપણું. Boldness ; stoutness.

Hardly, *ad.* (હાર્ડલિ) મુહા મુસીબતે ; મુશ્કેલીથી. With difficulty; scarcely.

Hardship, *n.* (હાર્ડશિપ્) દુઃખ, કષ્ટ, શ્રમ; ગેર ઇનસાફ. Grievance, injustice.

Hard-ware, *n.* (હાર્ડવેર) લોઢા વીગેરે ધાતુનો સામાન. Manufactures of metal.

Hardy, *a.* See Bold, Brave.

Hare, *n.* (હેર) સસલું. A small quadruped.-brained, *a.* જંગલી, બહાવરૂં. Wild.

Harem, *n.* (હૅરેમ્) જનાનખાનું ; સ્ત્રી ગૃહ. The appartments allotted to females.

Hark, *v.i.* (હાર્ક) સાંભળો. Listen.

Harlequin, *n.* જુઠણ;વિદૂષક. A buffoon.

Harlot, *n.* (હાર્લોટ્) વેશ્યા ; ગુણકા. A prostitute.—ry, *n.* કિસ્બણનો ધંધો.

Harm, *n.* (હાર્મ) દુઃખ, ઈજા ; હાની ;નુકશાન ; અન્યાય. Injury; hurt ; moral wrong ; *v.* બગાડવું, નુકશાન કરવું. To hurt ; to damage.—less, *a.* ગરીબડું ; બગાડ ન કરે એવું ; બેગુના ; નીરપરાધી. Innocent.

Harmonious, *a.* (હાર્મોનિયસ્) યોગ્ય રચનાનું ; સુસ્વર ; મીઠું ; મધુરઃ વિરોધ વિનાનું. Melodious ; concordant. (G. *harmonia*, from *aro* I fit).

Harmonise, *a.t.* (હાર્મોનાઇઝ) મળતું-બેસતું હોવું. To agree in sounds.

Harmony, *n.* (હાર્મનિ) મેળ ; સૂરમેળાપ ; અવયવાનુરાગ, મળતાપણું. Concord ; accordance in fact.

Harness, *n.* (હાર્નેસ્) કવચ, બખતર ; ગાડી-ઘોડાનો સાજ. Armour ; furniture for horses. *v.* કવચ-બખતર પહેરાવવું. To put on harness.

Harp, *n.* (હાર્પ) મોરચંગ ; તારનું એક વાજીંત્ર. A stringed musical instrument. *v.* સારંગી વગાડવી ; ટહાયલું કરવું. To dwell tediously.—er, *n.* સારંગી વગાડનાર.

Harpoon, *n.* (હાર્પૂન્) માછલી અથવા જળચર પ્રાણી મારવાનો ભાલો, બરછી. A spear used to strike whales for killing them. *v.* ભાલો-બરછી મારવી

Harpy, *n.* ખાઉધર ; પિંડારો. A rapacious person.

Harrier, *n.* એક જાતનો કુતરો. A kind of hound.

Harrow, *n.* (હૅરો) કળપી, દાંતાળો ; ખેડવાનું એક હથીયાર. A frame of timber set with teeth to break clods and cover seed. *v.* ફાડી નાંખવું.

Harsh, *a.* (હાર્શ) ખડબડચું ; કઠોર ; કરડુ કડવાબોલું. Rugged; severe; morose

Hart, *n.* (હાર્ટ) સાબરનો નર. A stag or a male deer.

Hart's-horn, *n.* સાબરનું સીંગડું.

Harvest, *n.* (હારવેસ્ટ) કાપણીનો વખત ; મોહસમ ; પાક. The season of reaping and gathering the crops ; product of labour (G. *karpus* fruit).

Hash, *v.t.* (હૅશ્) કાપીકુપી કકડેકકડા કરવા. To chop into small pieces.

Hasp, *n.* (હૅસ્પ) ચપડાસ, સાંકળ; આંકડી. A clasp for a door.

Haste, *n.* (હેસ્ટ) જલદી, ઉતાવળ, તાકીદ. Speed ; hurry.

Haste / Hasten } *v.* ઉતાવળ થાય એમ કરવું ; તાકીદ કરવી. To be quick; to expedite ; to hurry.

Hastily, *ad.* ઉતાવળથી. Speedily.

Hasty, *a.* (હેસ્ટિ) ઉતાવળું, જલદ, અધીરૂં. Quick ; speedy ; eager.

Hat, *n.* (હૅટ્) ઉભી ટોપી. A cover for the head.—ter, *n.* ટોપી બનાવનાર

Hatch, *v.t.* (હૅચ્ચ) સેવવું ; સેવણબેસાડવી બચ્ચાં કહાડવાં; ઘાટ રચવો; To produce youngs from eggs ; to plot. *n.* વહાણના ભંડારની જાળી.—way, *n.* વહાણનું ફાલકું.

Hatchet, *n.* (હેચેટ્) કુહાડો ; નાની ફરશી; પરશુ. A small axe.

Hate, *v.t.* (હેટ્) દ્વેશ કરવો ; ધીક્કારવું. To have a great aversion to; to detest

Hate / Hatred } *n.* વેર, અંટસ, કીનો. Great dislike or aversion; rancour.

Hateful, *a* (હેટફુલ્) દુશ્મન જેવું, અંટસવાળું. Odious ; malignant.

Haughtiness, *n.* (હૉટિનેસ્) ગર્વ, અભિમાન, મગરૂરી. Pride; arrogance.

Haughty, *a.* (હૉટિ) અભિમાની; મગરૂર. Proud and disdainfnl. (L. *altus* high).

Haul, *v.t.* (હૅાલ્) ખેંચવું ; ઘસડી લઈ જવું. To drag or pull with force.

Haunch, *n.* (હૅાંચ્) જાંગનો થાપો ; કેડ, કમર. The hip ; the thigh.

Haunt, *v.t.* (હૅાન્ટ) ભમવું, ભમ્યા કરવું. To frequent *n.* આવજાની જગો ; બેઠક. A place much frequented. [ment-

Haut-boy, *n.* પીપી; સરણાઇ. An instru.

Hauteur, *n.* (હૅાટર) મગરૂરી, ગર્વ. Haughtiness ; pride.

Have, *v.t.* (હૅવ) રાખવું ; હાથમાં હોવું ; લેવું ; રાખવું ; જોઇએ ; કબુલ કરવું. To possess ; to contain; to take ; or accept; to enjoy; to affect.

Haven, *n.* (હૅવન્) બંદર, બારૂં. A harbour

Haversack, *n.* (હૅવરસૅક્) લશ્કરી સીપાઇને કુચ કરતી વેળા ભાથુ રાખવાની તોબરી. A soldier's bag for rations.

Havock, *n.* (હૅવાક્) નસંતાન, ખરાબી, પાયમાલી. Waste . devastation.

Haw, *n.* (હૅા) વાડ. A hedge. *v.* અટકી અટકીને બોલવું. To speak with interruption and hesitation.

Hawk, *n.* (હૅાક્) બાજ, શકરો. A rapacious bird *v.t.* ઘેર ઘેર શેરીએ, શેરીએ ફરીને વેચવું. To sell by out cry in streets. [falconer; a pedlar.

Hawker, *n.* (હૅાકર) બાજગીર , ફેરીયો. A

Hawthorn, *n.* એક જાતનું કાંટાવાળું ઝાડ.

Hay, *n.* (હે) સુકું ઘાસ. Grass cut and dried for fodder.—cock, *n.* ઘાસની ગંજી—Loft, *n.* ખળીમાં ઘાસ ભરવાને. માળીયો.—Rick—stack ઘાસની ગંજી

Hazard, *n.* (હૅઝર્ડ) જોખમ, ભય, ધોકો. Risk ; danger ; chance. *v.* જોખમમાં-ભયમાં પડવું-આવવું. To put in danger.

Hazardous, *a.* (હૅઝર્ડસ્) જોખમ ભરેલું —વાળું. Perilous; dangerous.

Haze, *n.* (હેઝ) ધુંઅર; ધુમર. Fog; mist.

Haziness, *n.* (હેઝિનેસ્) ધુરકટ ; અંધારી. State of being hazy.

Hazy, *a.* (હેઝિ) ધુમસવાળું. Foggy; dark.

He, *pron.* (હી) તે, પેલો, એ, આ. The man ; the person.

Head, *n.* (હેડ્) માથું, શિર, મસ્તક ; જણ, દરેક માણસ ; મુખ્ય ; સરદાર; વડો ; બુદ્ધિ, અક્કલ ; મૂળ, મૂખ. The part of an animal which contains the brain; an individual ; a chief ; understanding; source ; face. *v.* આગેવાન હોવું ; ચલાવવું. To lead ; to go in front of. [head.

Head-ache, *u.* માથાનું દરદ. Pain in the

Head-band, *n.* શરબંદ. A fillet for the head.

Heading, *n.* (હેડિંગ્) મથાળું. Title.

Head-land, *n.* ભૂશિર; ભૂશલાકા. A cape.

Head-long, *ad.* ઉંધે માથે ; વગર વિચારે. With the head foremost , rashly

Head-quarters, *n.* મુખ્ય અધિકારીનું સ્થાનક. The residence of any chief.

Headsman, *n.* માથું કાપનાર ; શિરચ્છેદક. An executioner.

Headstrong, *n.* માથાનું ફરેલું. Obstinate

Heal, *v.t.* (હીલ્) સાજું-નીરોગી-તંદુરસ્ત કરવું. *v.i.* રૂઝાવું; રૂઝ આવવી. To cure; to grow well. (G. *holos* whole).

Health, *n.* (હેલ્થ) તંદુરસ્તી ; આરોગ્યતા ; તબિયત ; પ્રકૃતિ. Sound state of body; moral purity.

Healthful } *a.* નીરોગી, તંદુરસ્ત, ગુણકારી. Wholesome ;sound; hale.
Healthy }

Heap, *n.* (હીપ્) ઢગલો, ગંજ, અંબાર. A pile or mass ; an accumulation *v.* ઢગલો કરવો ; ખડકવું. To pile up ; to accumulate.

Hear, *v.t.v.i.* (હીયર્) સાંભળવું, શ્રવણ કરવું ; કાને પડવું. To perceive by the ear ; to listen. (L. *auris* the ear).

Hearing, *n.* (હીયરિંગ) સાંભળવું તે ; શ્રવણ ; શ્રવણેંદ્રિય ; રજુઆત. Perception of sound;audience;judicial trial

Hearken, *v.i.* (હાર્કન્) સાંભળવું, કાન ધરવા. To hear ; to listen.

Hearsay, *n.* (હીયર્સે) ઉડતી સાંભળેલી વાત. Report ; common talk.

Hearse, *n.* (હીયર્સ) મુડદાની ગાડી ; પ્રેતરથ. A carriage for the dead.

Heart. *n.* (હાર્ટ) અંતઃકરણ, હૃદય ; કાળજુ, છાતી, મન ; મનની વાત, ગુહ્યાર્થ. Primary organ of the blood's motion in an animal body ; the vital part ; courage ; secret thoughts. [row.

Heart–ache, *n.* દીલગીરી, બળાપો. Sor-

Heart-break, *n.* -હૃદય ફાટવા જેટલું દુઃખ. Over-powering sorrow.

Heart-burn, *n.* અમ્લપિત્ત ; છાતી ઉપર દાહે બળેછે તે રોગ. A disease of the stomach.

Heart–piercing, *a.* -હૃદય ભેદક.

Heart–sick, *a.* કંટાળી ગયેલું. Pained in mind or heart.

Hearth, *n.* (હાર્થ) તાપણીની જગો. A pavement on which a fire is made. [કરણથી. Sincerely.

Heartily *ad.* (હાર્ટિલિ) દીલો જાનથી; અંતઃ

Hearty, *a.* (હાર્ટિ) સાચો ; જાની ; ખરા મનનું. Cordial ; sincere.

Heat, *n.* (હીટ્) ગરમી ; ઉષ્ણતા ; તાપ ; ગરમી ; જુસ્સો ; જહાલત. Caloric ; hot weather ; high temperature ; rage ; vehemence. *v.* ગરમ કરવું ; તપવું-તપાવવું ; જુસ્સામાં આવવું. To make hot ; to inflame ; to excite, —ed, *a.* તાવેલું, તપાવેલું. Inflamed.

Heath, *n.* (હીથ્) લીલોતરીની જગા ; એક જાતનો રોપો. A wild tract; a shrub.

Heathen; *n.* (હીધન્) ખ્રિસ્તી અને મહંમદી ધર્મ સિવાયનો બીજો ધર્મ પાળનાર ; મુર્તિ પૂજક. A pagan ; an adolator.

Heathenism, *n.* મૂર્તિ પૂજા ; જંગલીપણું. Idolatory ; barbarism.

Heave, *v.t*, (હીવ) ઉઠાવવું, ઉપાડવું.; ફેંકવું. To raise ; to throw. *n.* ઉછાળો, કુદકો. A rising ; a swell.

Heaven, *n.* (હેવન્) આશમાન; આકાશ ; સ્વર્ગ ; ઈશ્વર ; પ્રભુ. The sky; the seat of the blessed; God.

Heavenly, *n.* (હેવન્લિ) આકાશ-સ્વર્ગ સંબંધી ; પવિત્ર. Calestial; divine.

Heavily, *ad.* ભારે, ઘણુંજ, પુશ્કળ. With great weight ; gloomily.

Heaviness, *n.* ભાર, બોજો ; સુસ્તી. Weight ; depression.

Heavy, *a.* (હેવિ) ભારે, જડ, લઠ ; બેદીલ, સુસ્ત. Ponderous ; weighty ; sad; dull. [Weekly.(G.*hepta* seven).

Hebdomadal, *a.* અઠવાડીયે બનતું.

Hebrew, *n.* (હીબ્રુ) યાહુદી ; યાહુદી ભાષા-લોકનું. A Jew ; the Hebrew language.

Hecatomb, *n.* (હેકેટુમ્) એક જાતનો સો જનાવરનો બળીદાન. A sacrifice of a hundred beasts. (G. *hekaton* a hundred, *bous* an ox). [fever.

Hectic, *n.* (હેક્ટિક્)ક્ષયજ્વર. A habitual

Hedge, *n.* (હેજ્) વાડ. A fence. *v.* વાડ કરવી ; સંતાઇ રહેવું ; અટકાવવું. To fortify ; to hide ; to obstruct.—hog,*n.* ઝાડીડુક્કર.—row. *n.* શેડાની વાડ.

Heed, *v.t.* (હીડ્) ધ્યાનમાં લેવું; ભાન રાખવું ; ગણકારવું. To mind; to regard with care. *n.* ધ્યાન, લક્ષ, દરકાર. Care; attention ; regard.—ful, *a.* સાવધ, હોશીયાર, સાવચેત. Watchful; cautious.—less, *a.* બે ભાન, ગાફેલ. Inattentive.

Heel, *n.* (હીલ્) એડી. The hind part of the foot; a spur. *v.* નમવું, વાંકુ થવું. To incline ; to lean.

Heifer, *n.* (હેફર્) વાછડી ; વાછરડી. A young cow.

Heigh-ho, *int.* બેચેનીનો પોકાર.

Height, *n.* (હાઇટ્) ઉંચાઈ ; ઉંચાણ; ટોંક; ડુંગર; ઉંચી જગા. Altitude ; elevation above the ground ; a hill or mountain; an eminence.

Heighten, *v.t.* (હાઇટન્) ઉંચુ કરવું, વધારવું. To raise high; to increase; to improve.

Heinous, *a.* (હિનસ્) ઘોર ; મહાભારત ; ઉગ્ર. Hateful ; aggravated ; enormous. (L. *odi* I hate).

Heir, *n.* (એર્) વારસ, દાયાદ. One who inherits from an ancestor. H. apparent to a throne. પાડવી કુંવર.

Heiress, *n.* (એરેસ્) સ્ત્રી વારસ ; દાયાદા. A female heir.

Heir-loom, *n.* વારસામાં મળેલી જંગમ મીલકત-રાચ રચીલું. Any furniture which descends by inheritance.

Hell, *n.* (હેલ્) યમલોક ; જહાનમ, દોજક, નરક. The place of the devil and wicked souls.—lish, *a.* દોજકનું ; નરક સંબંધી. Pertaining to hell.

Helm, *a.* (હેલ્મ્) સુકાન. The instrument by which a ship is steered. —sman, *n.* સુકાની.

Helmet, *n.* (હેલ્મેટ્) ટોપ, શિરસ્ત્રાણ. A defence for the head in war.

Help, *v.t.* (હેલ્પ) મદદ-કુમક આપવી-કરવી; ખાળવું, અટકાવવું. To aid ; to remedy ; to prevent. *v.i.* મદદગાર થવું To lend aid. *n.* મદદ, કુમક, બ્હાર, ઇલાજ. Aid ; succour ; remedy.

Help-ful, *a.* ઉપયોગી; કામનું.—less, *a.* પરવશ, પરાધીન, લાચાર, અશક્ત.—mate, *n.* મદદ કરનાર સાથી. A companion who helps.

Helter-skelter, *ad.* દોડા દોડ, નાહાસા નાહાસ. In hurry and confusion.

Hem, *n.* (હેમ્) ઓટેલી કોર ; મગજી, સંજાપ, ખંખારો. Border ; edge. *v.* ઓટવું ; મગજી મુકવી ; ઘેરવું; ખંખારવું.

To border; to environ; to utter a hem.

Hemisphere, *n.* (હેમિસ્ફીયર્) અર્ધગોળ; ગોળાર્ધ. A half sphere. (G. *hemi* half, *sphere*).

Hemistich, *n.* (હેમિસ્ટિક્) અર્ધચરણ; પાદાર્ધ. Half a poetic line or verse. (G. *hemi* half, *stichos* a row).

Hemlock, *n.* (હેમલૉક્) ઇંદ્રવારણી. A plant.

Hemorrhage, *n.* (હીમોરેજ) રક્તશ્રાવ; લોહીની રગ ફાટવાથી લોહી વહેવું. Any discharge of blood from vessels destined to contain it.(G. *haima* blood, *rhegnumi* to break).

Hemorrhoids, *n.* હરસનો રોગ. The pile; emerods. (G. *haima* blood, *rheo* I flow).

Hemp, *n.* (હેમ્પ) શણ; શણનો છોડ. A fibrous plant and its skin.—en, *a.* શણનું. [of the domestic fowl.

Hen, *n.* (હેન્) મરઘી, કુકડી. The female

Hen bane, *n.* ગાંજો; ખુરાસાની ભાંગ.

Hen-pecked, *a.* સ્ત્રી વશ. Governed by one's wife—roost, *n,* મરઘાં વગેરે પાળેલાં પક્ષીનો ખડો.—coop, *n,* મરઘાંનું પીંજરૂં.

Hence, *ad.* (હેન્સ) અહીંયાંથી; હવે પછી; આ વખતથી; એને લીધે. From this place or time or cause.

Henceforth } *ad.* હવે પછી; આઇંદે.
Henceforward } From this time forward.

Heptagon, *n.* (હેપ્ટેગૉન્) સપ્ત કોણ આકૃતિ. A plane figure having seven angles and seven sides.(G.*hepta gonia* angle).

Heptarchy, *n.* (હેપ્ટાર્કી) સાત જણનું રાજ્ય; સપ્તરાજ સત્તાક દેશ. A government by seven persons; country governed by seven persons.

Her, *pron.* (હર્) તેણીનું એણીનું, પેલીનું; તેણીને, એણીને, પેલીને. The objective and genitive case of She.

Herald, *n.* (હેરલ્ડ) ભાટ, ચારણ, નકીબ; ખબર આપનાર; અગ્રદૂત. A proclaimer; a fore runner. *v.t.* ચોબદારની પેઠે ખબર આપવી.

Heraldry, *n.* ઇંગ્લાંડના અમીરોની વંશાવળી રાખવી તથા તેઓના આયુદ્ધ ચિન્હોના અર્થ સમજાવવાની વિદ્યા.

Herb, *n.* (અર્બ) ઝાડવું; ઔષધી; જડીબુટ્ટી That which feeds cattle &c. (L. *herba* herb).

Herbacious, *a.* વનસ્પતિ સંબંધી. Belonging to herbs.

Herbage, *n.* (અર્બેજ) ઝાડવાં, ઝાડપાલો. Herbs collectively; grass.

Herbarium, વનસ્પતિ સંગ્રહ.

Herculean, *a.* (હર્ક્યુલીયન્) ભારે મેહેનતનું; મહા કઠીણ. Very great, difficult or dangerous.

Herd, *n.* (હર્ડ) ટોળું, ટાંડો, જુથ. A number of beasts to-gether; a drove; a company. *v.i.* ટોળાંબંધ ફરવું; ભળી જવું. To run in herds; to associate.

Herdsman, *n.* ગોવાળ, ગોવાળીયો. One employed in tending herds of cattle.

Here, *ad.* (હીયર) હયાં, અહીં, અહીયાં, આમ. In this place.—about—abouts, *ad.* આટલામાં, આટલાતેટલામાં; —After, *ad.* હવણાં, આ વખત, હવે પછી *n.* મુઆ પછીની ગતી, પરલોક.—by, *ad.* આથી, આ ઉપરથી—in, *ad.* આમાં, —of, *ad.*આથી, આમાંથી—to fore, *ad.*આજ દીન સુધી;આજ પર્યંત;—upon *ad* આ ઉપરથી

Hereditary, *a.* (હીરેડિટરિ) વંશપરંપરાથી મળેલું; બાપીકું વારસને મળે એવું; That has descended from an ancestor;

descendible to an heir. (L. *heres* an heir).

Hereditament, *n.* (હીરીડિટેમેન્ટ) વારસા ની સ્થાવર જંગમ મીલકત ; વારસો. Hereditary estate. [inheritance

Heritage, *n.* (હેરિટેજ) વારસો ; દાય. An

Heresy, *n.* (હેરીસિ) પાખંડ ; પાખંડમત. A fundamental error in religion (G. *hairio* I take).

Heretic, *n.* પાખંડમત માનનાર.

Hermaphrodite, *n.* (હર્મેફ્રૉડાઇટ) હીજડો ; ઉભયલીંગનું પ્રાણી.

Hermetic, } *a.* કોઇ વાસણમાંથી હવા
Hermetical } પાણી વીગેરે બહાર નીકળી શકે નહી તેમ બંધ કરેલું ; મજબુત;સજ્જડ. Perfectly close.

Hermit, *n.* (હર્મિટ્) વાન પ્રસ્થ. A recluse. (G. *eremos* solitary.

Hermitage, *n.* (હર્મિટેજ) મ્હડુલી ; આશ્રમ ; પર્ણ કુટી. The habitation of a hermit.

Hero, *n.* (હીરો) વીર; પેહેલવાન ;પરાક્રમી ; શૂરો. A great warrior (L. *heros*)

Heroic, } *a.* શુર, પરાક્રમી ; મ્હોટા મન-
Heroical, } થી કીધેલું. Brave ; magnanimous; noble. [female hero.

Heroine,*n.*(હીરૉઈન)બાહાદુર સ્ત્રી; નાયકા.A

Heroism, *n.* (હીરૉઈઝમ્)બહાદુરપણું, શૂરાતન. Gallantry ; intrepidity.(L. *heros*). [large bird.

Heron, *n.* (હેરન્) બગલાની એક જાત. A

Herring, *n.* (હેરિંગ્)એક જાતની માછલી.

Hesitate, *v.t.* (હેઝિટેટ) દગદગો આવવો ; અચકાવવું ; આનાકાની કરવી. To be doubtful ; to delay; to pause. (L. *hæsum* to stick).

Hesitation, *n* (હેઝિટેશન્) આનાકાની ; દગદગો. Doubt; a stammering.

Hesperian, *a.* (હેસ્પીરિયન્) પશ્ચિમ તરફનું. Western. (G. *hesperos* the evening).

Heterodox, *a.* (હેટેરોડૉક્સ)પાખંડી, શાસ્ત્ર વિરૂદ્ધ. Contrary to the doctrines of the Scriptures. (G.*heteros* another, *doxa* opinion).

Heterodoxy, See Heresy.

Heterogeneal, } *a.*(હેટેરોજીનીયસ્)જુ
Heterogeneous, } દી જાતનું; ભેળસેળ; પચરસ. Of a different kind. (G. *heteros* another, *genus* kind).

Hew, *v.t.* (હ્યુ) હથીયારથી કાપવું-વાઢવું. To cut with an axe.

Hexagon, *n.* (હેક્સેગૅાન્) ૭ ખુણા તથા ૭ બાજુની આકૃતિ. A plane figure of six angles and six sides. (G. *hex* six,*gonia* an angle).

Hexameter, *n.* (હેક્સૅમીટર્) ૭ ચરણનો શ્લોક-પદ. A verse of six feet. (G. *hex*, *metron* a measure).

Hey, *int.* (હે) સાબાશ.An expression of joy.

Hibernal, *a.* (હાઇબર્નલ્) સીયાળાનું. Belonging to winter (L. *hiems* winter).

Hiccough } *n.* (હિકપ્) હેડકી, વાધણી.
Hiccup } A spasmodic affection of the stomach.[seen ; abstruse.

Hid, hidden, *a.p.p.* સંતાડેલું, છાનુ. Un-

Hide, *v.t.* (હાઇડ) છુંપાવવું, સંતાડવું. ઢાંકવું To cover; to conceal; to screen *v.i.* સંતાઇ-ભરાઇ જવું. *n.* ચામડું, ખાલ, ચર્મ. The skin of an animal.

Hide and seek, *n.* ડાહીના ઘોડાની રમત ; સંતા કુકડી. A game.

Hideous, *a.* (હિડીયસ) બીહામણું, ભયંકર; કાળ જેવું. Frightful ; shocking to the eye. (L. *hispidus* rough).

Hie, *v.t.* (હાઇ) જલદી જવું ; દોડવું. To go in haste ; to speed.

Hieroglyphic, *n.* (હાયેરોગ્લિફિક્) એનો શબ્દાર્થ "પવિત્ર અક્ષરો" એવો થાયછે ; અસલ મિશર દેશના ધર્માધિકારીઓ જે લીપી

વાપરતા તે. A sacred sculptured symbol.

High, *a.* (હાય) ઊંચુ; મ્હોટું પ્રૌઢ; જોરાવર, બળવાન; ઉદારમનનું. Lofty, tall; socially, morally or intellectually great; noble; powerful; chief—ly, *ap.* ઊંચે, બહુ, ઘણુંજ.

High-born, *a.* કુલીન, ખાનદાની. Of noble extraction.

High-handed, *a.* જુલમગારીનું. Violent.

High-land, *n.* પહાડી મુલક.—er, *n.* પહાડી મુલકમાં રહેનાર. [Magnanimous.

High-minded, *a.* મ્હોટા-ઉદાર મનનું.

Highness, *n.* હીંદુસ્તાનમાં રાજાઓને, અને વિલાયતમાં શાહાજાદા તથા બીજા ઊંચા દરજાનાં માણસોને માટે વપરાતો ઈલકાબ.

High-road–way, *n.* ધોરી-બાદશાહી રસ્તો. Much frequented way. [વેલું.

High-seasoned, *a.* ખુબ મશાલાદાર બના

High-sounding, *a.* દેખાવ ભરેલું; ભારે ભારે. Pompous. [Bold; daring.

High-spirited, *a.* હીંમતવાન; જાગરૂત.

High-water, *n.* આવી રહેલી ભરતી, જુવાળ. The utmost flow of the tide.

Highwayman, *n.* ધોરી રસ્તે લુટનાર.

Hilarity, *n.* (હિલેરિટિ) ગમત, રમૂઝ. Exhilaration (G. *hilaros* cheerful).

Hill, *n.* (હિલ્) ડુંગર, પહાડ, ટેકરી. A height less than a mountain.—ock, *n,* નાહાની ટેકરી;—y, *a,* પહાડી, ડુંગરા ડુંગરા વાળું.

Hilt, *n.* (હિલ્ટ) તરવારની મૂઠ. A handle.

Him, *pro.* (હિમ્) તેને-એને (તે પુરૂષને)–self, તે ખુદ પોતેજ; તેણે પોતેજ.

Hind, *n.* (હાઇન્ડ) સાબરી, મૃગલી. The female of the stag.

Hind, Hinder, *a.* (હાઇન્ડ-ર્) પાછલું પાછળનું. Placed in the rear.

Hindermost, Hindmost, *a.* છેકપાછળનુ

Hinder, *v.t. v.i.* (હિન્ડર્) પકડી રાખવું, અટકાવવું રોકવું. To prevent; to interrupt; to delay.

Hinderance } *n.* (હિન્ડ્રન્સ) અડચણ; હરકત; પ્રતિબંધ. Obstruction.
Hindrance }

Hinduism, *n.* હિંદુનો ધર્મ.

Hinge. *n.* (હિંજ) નરમાદા; બહુવું; મીજાગરું; મૂળ પાયો. A joint on which a door turns; that on which any thing depends. *v.* આધાર રાખવો.

Hint, *v.* (હિન્ટ) સુચના-ઇશારો ક. To suggest; to allude to; to intimate. *n.* સુચના; ઈશારો. Suggestion.

Hip, *n.* (હિપ) કેડ, ઠાડું. The haunch.–bone, *a,* કેડનું હાડકું.

Hippopotamus. *n.* (હિપોપૉટેમસ્) દરીયાઇ ઘોડો; સૂસવાટ. The river horse. (G. *hipos* a horse, *potamos* river)

Hire, *v.t.* (હાયર) ભાડે કરવું-રાખવું; ગણ્યો તે રાખવું; નોકરીમાં રાખવું; લાંચ આપવી. To engage for pay; to let; to bribe. *n.* ભાડું; હેલ; રોજ; લાંચ. Reward, wages; bribe. [nary.

Hireling, *n.* રોજીંદાર, મજુર. A merce-

His, *pro.* (હિઝ્) તેનું, એનું, પેલાનું. The possessive case of *he.*

Hiss, *v.i.* (હિસ્) સુસવાટો કરવો; ફીટકારવું. To make a sound as a serpent. *n.* છિટકાર; સુસવાટો.

Historian, *n.* (હિસ્ટોરિયન્) ઇતિહાસ કર્તા; તવારિખ લખનાર. A compiler of history. (G. *historia*).

Historical, *a.* (હિસ્ટારિકલ્) ઇતિહાસનું—સંબંધી. Containing or contained in history.

History, *n.* (હિસ્ટરિ) ઇતિહાસ, તવારિખ, વૃત્તાંત; ચરિત્ર. Narrative of events; description. (G. *historia*).

Histrionic, *a.* નાટકના જેવું. Theatrical

Hit, *v.t.* (હિટ્) મારવું, અફાળવું; નેમ લગાડવી *v.i.* અથડાવું, અફળાવું. To touch; to strike; to reach; to thump. *n.* ટચકો, ટકોરો; જોગ, લાગ; stroke; a blow; a chance.

Hitch, *v.i.* (હિચ્) ગુંચવણમાં પડવું ; ફસી પડવું. To be caught or to become entangled. *n.* અટકાવ, આંચકો, ખલેલ. A catch; any thing that impedes.

Hither, *ad.* (હિધર્) અહીં, આમ, આ જગ્યાએ. To this place. *a.* આણીગમનું. Nearer.–to, *ad*, આટલે લગી–સુધી;–ward, *ad*, આણીગમ-તરફ.

Hive, *n.* (હાઇવ) મધપૂડો; મધમાખીનું ઝુંડ. An artificial habitation of honey bees; a swarm of bees.

Ho, *int.* અરે, હોહો !

Hoar, Hoary, *a.* ધોળું, સફેત. White.

Hoard, *n.* (હોર્ડ) કાંઈપણ ચીજનો સંગ્રહ. A treasure. *v.t.* ભરી મુકવું; સંચવું. To treasure or lay up.

Hoarse, *a.* (હોર્સ) બેહેલા અવાજનું; ખોખરૂં;ભારે. Having the voice rough. —ness, *n.* અવાજનું ખોખરાપણું. Roughness of voice.

Hoax, *n.* (હોક્સ) મજાક; મશ્કરી, ટોળ. A slight; mockery. *v.* મજાક કરવી,–રમતમાં છેતરવું. To play a trick for sport.

Hobble, *v.i.* (હૉબ્લ) લંગડાવું, ખોડાવું. To lump. *n.* લંગડાતી ચાલ; મુસીબત. A limping gait, difficulty.

Hobby, Hobby-horse, } *n.* લાકડીનો ઘોડો; વહાલી વાત. A stick on which boys ride; any favourite object.

Hob-goblin, *n.* ચ્હાઉ; ઘોઘર; બાબરો ભૂત. A fairy; a frightful apparition.

Hobnot *ad.* લ્યોછો કે નહી. A familiar call in drinking.

Hocus-pocus, *n.* બાજીગર. A juggler.

Hod, *n.* (હૉડ્) વિલાયતી તગારૂં. A kind of trough for carrying mortar.

Hoe, *n.* (હો)પાવડો; કોદાળી. An instrument for cutting up weeds and loosening the earth. *v.* પાવડાથી ખોદવું.

Hog, *n.* (હૉગ્) ડુક્કર, ભૂંડ. Swine.

Hogshead, *n.* (હૉગ્સ્હેડ્) ૬૩ ગ્યાલન દારૂ માય એવું પીપ. A large cask.

Hoist, *v.t.* (હૉઈસ્ટ) ચઢાવવું, ઉંચકી લેવું. To raise; to lift upwards.

Hold, *v.t.* (હોલ્ડ) ઝાલવું, પકડવું; લટકાઈ રહેવું, માનવું; માવું, સમાવું; થોભાવવું; ચાલ્યા કરવું. To keep in the grasp; th confine; to regard; to contain; to with hold; to continue. *n.* પકડ, કબજો, ટેકો, આધાર, અંકુશ, કિલ્લો, ગઢ; કેદ. A grasp with the hand; a fort; a prison; a custody.

Holder, *n.* પકડી રાખનાર; જમીનદાર One who holds; a tenant.

Hole, *n.* (હોલ) ખાડો; નાકું; બાકું; રાફડો, બો, અંધારી કોટડી. A pit; an opening; a perforation; a subterfuge.

Holiday, *n.* (હૉલિડે) તહેવાર, પર્વ. A sacred day.

Holiness, *n.* (હોલિનેસ્)પવિત્રતા.Purity.

Hollo, Holloa, *int.* ઓ! અરે! જુઓ? સાંભળો! *v.* હાંક મારવી. To call loudly.

Hollow, *a.* (હૉલો) પોકળ, ખાલી; ખોટું, મેલું. Open within concave; false; *n.* પોલાણ, બખોલ. A cavity. *v.* પોલુ કરવું-ખાડો પાડવો. To make a hole in.—ness, *n.* પોલાણ; પોગળ.

Holly, *n.* એક વિલાયતી ઝાડ જે હમેશાં લીલું રહેછે. An ever-green tree.

Halocaust, *n.* હોમ, આપેલો ભોગ. A burnt offering.

Holy, *a.* (હોલિ) પવિત્ર, ચોખ્ખું. Pure; sacred.

Homage, *n.* (હૉમેજ) ઉપાસના; શેવા; નમન, માન. Fealty; obeisance. (L. *homo* a man).

Home, *n.* (હોમ) પોતાનું રહેવાનું ઘર; સ્વદેશ વતન; સ્વગૃહ. One's own house; abode; dwelling. *a.* ઘરનું, દેશી, ગામઠી, સખત. Pertaining to one's

dwelling or country; severe. *ad.* ઘેર ; પોતાને દેશ ; સજ્જડ. Closely; to the point. [Destitute of a home.

Homeless, *a.* (હોમલેસ્) ઘરબાર વિનાનું.

Homely, *a.* સાદું. Plain.

Home-spun, *a.* દેશમાં બનેલું, દેશી. Spun or wrought at home. *n.* દેશી કાપડ.

Homestead, *n.* (હોમસ્ટેડ્) ઘરની જગા-વાડી ; મૂળ સ્થાનક. The place of a house.

Homeward, *ad.* ઘર તરફ, ઘર તરફનું.

Homeopathy, *n.* જે પ્રકારનો રોગ તેજ પ્રમાણે ઘણું થોડું ઔષધ આપી રોગ કહા-ડવાનું વૈદું.

Homicide, *n.* (હૉમિસાઈડ)મનુષ્યવધ-ખૂન; ખૂન કરનાર. Man slaughter; man-slayer. (L. *homo* man, *cœdo* I kill).

Homily, *n.* (હૉમિલિ) ધર્મબોધક ભાષણ. A sermon. (G. *homos* common *ile* a crowd).

Homogeneous, *a.* (હોમોજીનીયસ્) એક જાતીનું. Of the same kind or na. ture. (G. *homos* the same, *genos* kind).

Homologate, *v.t.* (હોમૉલૅગેટ) કબુલ રાખવું ; મંજુર કરવું. To agree to; to approve. (G. *homos* the same-*logeo* I speak).

Homologous, *a.* સમપ્રમાણ. Having the same ration or proportion.

Hone, *n.* (હોન) અસ્રો ઘસવાની પથરી. A whet stone. *v.* ઘસીને ધાર કહાડવી. To sharpen.

Honest, *a.* (ઑનેસ્ટ) પ્રમાણીક ; નિષ્કપટ ; ભલું; ઇમાનદાર. Upright; just; trusty; sincere. (L. *honor* honour).

Honestiy, *ad.* પ્રમાણીકપણે. Uprightly.

Honesty, *n.* (ઑનેસ્ટિ) પ્રમાણીકપણું ; ઇ-માનદારી ; આબરૂદારી. Uprightness; fairness.

Honey, *n.* (હની) મધ ; મિઠાશ. A sweet juice collected by bees; sweetness.

Honey-comb, *n.* મધપુડો;—moon, *n.* પરણ્યાનો પહેલો મહીનો.—suckle, *n.* એક ખુશબોદાર ફુલનો વેલો.—harvest, *n.* એકઠું કરેલું મધ.—flower, *n.* સદા લીલોતરીવાળા ફુલનું એક ઝાડ.

Honour, *n.* (ઑનર્) માન,આબરૂ, પ્રતિષ્ટા; મ્હોટાઇ ; ઈજ્જત;પત,ભાર ; પ્રમાણીકપણું. Respect, regard; fame; esteem; integrity; homage. *v.* માન-અદબ-મર્યાદા રાખવી ; આરાધવું, મ્હોટું કરવું. To reverence; to worship; to adore; to exalt. (L. *honor* honor).

Honourable, *a.* (ઑનરેબલ્)આબરૂવાળું; નામીચું ; પ્રમાણીક ; પ્રતિષ્ટિત ; નામદાર. Worthy of honour; conferring honour; fair.

Honourably, *ad.* આબરૂદારીથી.

Honorarium, *n.* મહેનતાણું.

Honorary, *a.* (ઑનરરિ) કેવળ માન ખાતર; આબરૂનું ; મુસારા વગર કામ કરનારૂં. Conferring honour.

Hood, *n.* (હૂડ્) લુગડાનો ટોપ ; શિરસ્ત્રાણ; (પણ-પણ—ત્વ-તા, જેમકે બચપણ). A covering for the head.

Hood-wink, *v.t.* આંખે પાટા બાંધવા. To blind by covering the eyes.

Hoof, *n.* (હૂફ્) ખરી ; ક્ષુર ; ઢોર. The horny part of a beast's foot; a beast.—ed, *a.* ખરીવાળું.—less, *a.* ખરી વગરનું.

Hook, *n.* (હૂક્) આંકડી, આંકડો, હૂક ; દાતરડું ; માછલી પકડવાનાં ગળ. Curved end; a sickle. *v.* આંકડી ભેરવવી ; વાળવું ; ફાંદામાં લેવું. To catch with a hook; to bend; to entrap.

Hooked, *a.* વાળેલું, વાંકું. Curved.

Hoop, *n.* (હૂપ્) પટો, પાટો ; હાંસડી, કડું,-પઇડાંની વાટ. A band of wood or

metal. *v.* ઘુમ પાડવી ; પટા ચઢાવવો. To shout ; to encircle.

Hooping-cough, *n.* સસણી ; હમુજણુ. A convulsive cough.

Hoot, *v.i.* (હૂટ્) હડેધુત કરવું, ધુત્કાર કરવો. To shout in contempt. *n.* હડહડ ; ધુત્કાર. A shout of contempt.

Hop, *v.i.* (હૉપ્) એક પગે ચાલવું ; ઘોડી કુદાવવી ; કુદાકુદ કરી મુકવું. To leap on one leg ; to skip.

Hopper, *n.* ખોડી ખાનાર; ઓરણી, ગરણી; સાત સમુદ્રની રમત. One who hops ; a frame into which corn is put to be ground ; a game.

Hope, *n.* (હોપ) આશા ; ઉમેદ ; ભરોસો, આસ્થા, આકીન. Desire joined with expectation ; confidence. *v.* આશા રાખવી ; ભરોંસો રાખવો. To expect ; to trust with expectation.

Hopeful, *a.* (હોપફુલ્) આશા ભર્યું ; ઉમેદવાન. Full of hope ; promising.

Hopeless, *a.* (હોપલેસ્) નાઉમેદ ; આશાભંગ ; લાચાર ; નિરાશ. Despairing ; wanting hope.

Horde, *n.* (હોર્ડ)ભમતાં માણુસોનું ટોળું-ઝુંડ. A wandering tribe or gang.

Horizon, *n.* (હોરાઈઝાન્)દ્રષ્ટિ મર્યાદા ; જમીન અને આશમાન એક બીજાને મળતું દેખાય છે તે જગ્યા. The apparent junction of the earth and sky. (G. *horos* a limit).

Horizontal, *a.* (હૉરિઝૉન્ટલ્) દ્રષ્ટિ મર્યાદા સંબંધી. Parallel to the horizon; level.

Horn, *n.* (હૉર્ન) સીંઘડું ; તુરાઈ, રણશીંગું; મૂછ. A hard pointed substance growing on the heads of certain animals ; a musical instrument ; antennæ.

Horn-book, *n.* પેહેલીચોપડી. A primer.

Hornet, *n.* (હૉર્નેટ્) ભમરો. A large strong wasp.

Horologe, *n.* કાલમાન યંત્ર. A timepiece of any kind. (G. *hora* any limited time, *logos* speech).

Horoscope, *n.*(હોરૅસ્કોપ) જન્મોત્રી; જન્માક્ષર. Aspect of the planets at the hour of birth. (G. *hora, skopeo* I see).

Horrible, Horrid, Horrific, *a.* ભયંકર, વિકરાળ; કમકમાટોઆવે એવું. Shocking; dreadful(G. *horreo* I shrink).

Horrify, *v.t.* (હૉરિફ્રાઇ) રૂઆં ઉભાં થાય એમ કરવું ; થથરાવી નાંખવું. To strike with horror.

Horror, *n.* (હૉરર્) ભય ; બીક ; થરથરી. A shuddering with terror.

Horse, *n.* (હૉર્સ) ઘોડો ; અશ્વ ; ઘોડાનું લશ્કર. The animal that neighs ; mounted soldiery. [ઢબ—આસન.

Horse-back, *n.* ઘોડા ઉપર સ્વારી કરવાની

Horsebreaker, *n.* ચાબુક સ્વાર ; ઘોડાને શીખવનાર. One who tames and teaches horses-

Horseman, *n.* પાકો ઘોડે બેસનાર. One skilled in riding.

Horse-race, *n.* ઘોડાની સરત. A match of horses in running. [ળબંધ.

Horse-shoe, *n.* ઘોડાની નાળ.—r, *n.*ના

Horsewhip, *n.*ચાબુક. A lash for driving horses.

Hortative, *a.* (હૉર્ટેટિવ) શીખામણનું. Encouraging (L. *hortor* I urge).

Horticulture, *n.* (હૉર્ટિકલ્ટચુર) બાગ કામ ; માળીનું કામ. The art of cultivating gardens. (L. *hortos* a garden, *colo* I till).

Hosanna, *n.* (હૉઝૅના) ઇશ્વર કૃપા માગવાનો શબ્દ. An explanation of praise to God.

Hose, *n.* (હોઝ) પગનાં મોજાં ; સુંઢ Stockings.

Hosier, *n.* (હોઝિયર્) મોજાં બનાવનાર, વેચનાર. One who deals in stockings -y, *n.* મોજાંવાળાનો ધંધો.

Hospitable, *a.* (હૉસ્પિટેબ્લ્) પરોણાની બરદાશ લેનારૂં. Relating to a guest. (L. *hospes* a guest).

Hnspital, *n.* (હૉસ્પિટલ્) ઔષધશાળા, ઈસ્પીતાલ. A building for the treatment of the sick.

Hospitality, *n.* (હૉસ્પિટૅલિટિ) પરોણા ચાકરી; આગતા સ્વાગતા. Act of entertaining guests.

Host, *n.* (હોસ્ટ) યજમાન; સૈન્ય દળ, ફોજ, ઝુંડ. A stranger; a landlord; an army; a multitude.

Hostage, *n.* કોલ કરાર પળાવવાની ખાત્રીને માટે સ્વાધીન કરેલું માણસ. One given as a pledge for the performance of conditions. (L. *hostis* an enemy)

Hostess, *n.* (હોસ્ટેસ્) સ્ત્રીયજમાન. A female host; a landlady.

Hostile, *a.* (હૉસ્ટાઇલ) વેરી, દ્વેશી, પ્રતિકૂળ. Belonging to an enemy; adverse. (L. *hostis* an enemy).

Hostility, *n.* (હૉસ્ટિલિટિ) વેર; દુશ્મની; શત્રુવટ. Enmity; repugnance. (*pl*) લડાઇનાં કામ.

Hot, *a.* (હૉટ્) ઉષ્ણ; ગરમ; તાતું; સડસડતું; આકળા સ્વભાવનું; જલદ; તીખું. Warm; burning; boiling; violent; biting —brained, *a*, ગરમ મીજાજનું.–headed, *a*, ઉદ્ધત; કડકું.

Hotch-Potch, *n.* (હોચ્ પૉચ્) એકઠું કરેલું; ખીચડી. A mingled mass.

Hotel, *n.* (હોટેલ્) મુસાફર ખાનું; વીશી. An inn. (L. *hospitalis* a guest).

Hough, Hock, *n.* પશુના પાછલા પગના ઘુંટણનો પાછલો ભાગ. Joint of the hinder leg of a beast.

Hound, *n.* (હાઉન્ડ) શીકારી કુતરો. A dog used in the chase.

Hour, *n.* (અવર્) કલાક વખત કાળ. Sixty minutes; a particular time.—glass, *n.* કલાકની સીસી.—hand, *n.* (ઘડીયાળમાં) કલાકનો કાંટો.—ly, *a.* કલાકે કલાકે થનારૂં. Happening every hour.

House, *u.* (હાઉસ) ઘર; મકાન; બંગલો; કુટુંબ; કુળ; વંશ. A dwelling place; a household or family; a tribe *v.* ઘરમાં રાખવું; કહેવું. To harbour; to shelter; to reside.

House-breaker, *n.* ખાતર પાડનાર.—House-breaking, *n.* ખાતર પાડવું તે.

House-hold, *n.* ઘરકુટુંબ; કબીલો. A family living together.—er, *n.* ઘરધણી; ઘરબારી.

House-keeper, *n.* ઘર ચલાવવાને રાખેલી દાસી. House-keeping, *n.* દુનીયાંદારી ચલાવવી તે.

House-maid, *n.* ઘર કામ કરનારી બૈરી. A female servant employed to keep a house clean.

House-wife, *n.* ઘર ચલાવનારી સ્ત્રી;-ધણીયાણી. A female economist.--ry, *n.* ઘર ખટલો.

Housing, *n.* ધાસીયો. A saddle cloth.

Hovel, *n.* (હૉવેલ્) ભીંતડાં વગરનું છાપરૂં. An open shed.

Hover, *v.i.* (હૉવર્) પાંખ ફફડાવવી; ટંગાઇ રેહેવું. To hang over as a bird.

How, *ad.* (હાઉ) કેમ; કેવી રીતે; કેટલું; કેવું; શા વાસ્તે; શાથી. In what manner; to what degree; for what reason.—but, *conj.* ગમે તેમ હોય પણ; તોપણ.

However, *ad.* (હાઉએવર્) ગમે તેમ; તોપણ. Nevertheless; at all events.

Howitzer, *n.* એક પ્રકારની ટુંકડી ગાડે જડેલી તોપ. A kind of cannon.

Howl, *v.i.* (હાઉલ્) રોવું, રડવું, આક્રંદ કરવું; ધુધવાટો; કરવો. To cry; to

wail; to roar;—ing, *a.* વાઘ વરૂ વી ગેરેના શબ્દથી ગાજી રહેલું; ઘોર.

Hubbub, *n.* (હબ્બબ્) કલકલાણુ; શોર; ઘોંઘાટ. Uproar; noise; tumult.

Huddle, *v.i.* (હડલ) ગડબડ ગોટા વાળવા. To perform hastily.

Hue, *n.*(હ્યુ) રંગ, વર્ણ; બુમ, પોકારો. Colour, tint; a shouting; an outcry.

Huff, *n.* (હફ્) ગુસ્સો, ક્રોધનો ઉભરો. A swell of sudden anger or arrogance.

Hug, *v.t.* (હગ્) ભેટવું, વળગી રહેવું. To embrace closely; to hold fast *n.* જોરથી ભેટવું તે-કોટી. A close embrace

Huge, *a.* (હ્યુજ) ઘણું મ્હોટું; અડાબીડ. Very great.

Hulk, *n.*(હલ્ક) વ્હાણનું ખોખું. The body [of a ship.

Hull, *v.i.* (હલ્) છોડું, છાલ, છોતરૂં; વહાણ નું પેડું. The husk; the frame of a ship.

Hum, *v.i.* (હમ્) મધ માંખીની પેઠે ઘુંઘું ક રવું; ગુંગણવું; મનમાં ગાવું. To buzz; to mumble; to sing inarticulately *n.* ગણગણાટ; ઘુંજાટ. A low dull noise.—drum, *n.*ઢોર-રોઝ જેવું.Dull

Human, *a.* (હ્યુમન્) માણસ જાતનું; મા ણસના જેવા ગુણનું. Belonging to man or mankind; having the qualities of a man(L. *homo* man).

Humane, *a* (હ્યુમેન)દયાળુ, કૃપાળુ.Kind; tender.

Humanity, *n.* (હ્યુમૅનિટિ) માણસાઈ;દયા, કરૂણા. Nature of man; mankind; kindness.

Humanise, *v.t.* (હ્યુમૅનાઇઝ)નરમ-કૂમળુ કરવું. To soften, to civilise.

Humble, *a.* (અમ્બલ્) હલકું, ગરીબ, સા દુ, નરમ, વિનયી. Low, poor; insignificant; submissive *v.* ઝાંખુપાડ વું, હલકું પાડવું. To lower; to mortify; to abase the pride of. (L. *humus* the earth).

Humbug, *n.* (હમ્બગ્) અષ્ટંગષ્ટં; ઉંધું ચતુ સમજાવવું તે.A piece of trickery. *v.* અષ્ટંગષ્ટં કરી સમજાવવું; છેતરવું. To impose upon.

Humid, *a.* (હ્યુમિડ્) હવાએલું, હવાવાળું, Moist. (L. *humeo* I am moist).

Humidity, *n.* (હ્યુમિડિટિ)ભીનાશ; સરદી; હવા. Moisture; wetness.

Humiliate, see Humble *v.*

Humiliation, *n.* (હ્યુમિલિએશન્)ફજેતી; નામોસી. Abasement; depression. (L. *humus* the earth).

Humility, *n.* (હ્યુમિલિટિ) નમ્રતા; દીનતા. Lowliness; modesty.

Humour } *n.* શરીરના રસો; ધાતુઓ; મર-
Humor } જી; મિજાજ; સ્વભાવ; તુરંગ;મ શ્કરી. Fluid of animal bodies; temper; whims *v*- અનુસરીને ચાલવું; મન રીઝાવવું. To favour; to indulge by compliance. (L. *humeo* I am wet).

Humorist, *n.* રમુજી માણસ. A jocular [person.

Humorous, *a.* (હ્યુમરસ્) રમુજી; હસમુખુ. Jocular, playful.

Humorsome, *a.*મનમોજી;મનસ્વી.Petulent; odd.

Hump, *n.* (હમ્પ) ખુંધ,ઢેકો. A portuberance.—backed, *a.* ખૂંધ નીકળેલું. (L. *umbo* the boss of a shield).

Hunch, see Hump.

Hundred, *n.* (હન્ડ્રેડ્) સો. Ten multi- [plied by ten.

Hunger, *n.* (હંગર્) ભૂખ; ક્ષુધા; લોભ; ઉલંઠા. A desire for food; any strong desire. *v.* ભૂખ લાગેલી હોવી; લોભ રાખવો. To desire with great eagerness.

Hungry, *a.* (હંગ્રિ) ભૂખ્યું; ક્ષુધાથી પીડિત; લોભી. Having an eager desire for food.

Hunt. *v.t.* (હન્ટ) શિકાર કરવો; ખોળવું; શોધવું. To chase; to go in search

of. *n.* શિકાર; મૃગયા; શોધ. A seeking of wild animals for game; pursuit, search. [hunts.

Hunter, *n.* શીકાર કરનાર. One who

Huntsman, *n.* શીકાર કરનાર; શીકારી કુતરાઓનો ઉપરી ચાકર. A hunter; the servant who manages the chase.

Hurdle, *n.* (હર્ડલ્)ટાટું, ત્રાપો. A crate.

Hurl, *v.t.* (હર્લ) ફેંકવું. To throw with violence. [Tumult.

Hurly-Burly, *n.* ગડબડાટ; ધમચકડ.

Hurra, Hurrah, *int.* (હુરા) વાહવા; અતી હર્ષની વખતે બોલવાનો શબ્દ.

Hurricane, *n.* (હરિકેન) વાવાઝડું, તોફાન. A violent storm. (L. *aura* a gentle breeze).

Hurry, *v.t.* (હરિ) ખેંચી લઈ જવું; દોડા દોડ કરાવવી. To urge onward; to slubber over. *n.* ઉતાવળ; દોડાદોડ. Haste; bustle; commotion.

Hurt, *v.t.* (હર્ટ) વગાડવું; દુઃખ-ઇજા કરવી-દેવી; નુકશાન કરવું. To bruise or wound; to harm; to injure. *n.* ફટકો; ઘા; નુકશાન; ખરાબી. Harm; wound; injury. *a.* નુકશાન કરે એવું; હાની કારક. Hurtful; injurious; mischievous.

Husband, *n.* (હસ્બંડ્) ધણી; વર; કંથ. A man joined to a woman by marrige. *v.* (હસ્બન્ડ) તપાશીને-કસરથી વાપરવું. To manage with frugality. (S. *hus* house, *banda*, tie).

Husbandman, *n.* (હસ્બંડમેન્) ખેડુત; ખેતી; કરનાર. One who tills the gronnd. [ખેતીવાડી. Tillage.

Husbandry, *n.* (હસ્બન્ડ્રિ) ખેતી;

Hush, *a.* (હશ્) ચુપા ચુપ; મૂગું. Silent. *v.* મુગું રાખવું; નરમ પાડવું. To still; to appease, *int.* ચુપ! છાનો રહે!—**money**, *n.* કાંઇ વાત બહાર ના પાડે તેને માટે આપેલી લાંચ.

Husk, *n.* (હસ્ક) છાલાં, ભૂસું. Chaff.

Husky, *n.* (હસ્કિ) છાલાંવાળું; ખોખરું; કઠોર. Abounding with husks; rough.

Hussar, *n.* (હુઝાર્) ઘોડેસ્વાર; લશ્કરનો સિપાઈ. A Horse soldier. [wife.

Hussy, *n.* કરકસરવાળી સ્ત્રી. A house-

Hustle, *v.t.* (હસલ્) ધકા ધકી કરવી; ભીડ કરવી. To crowd with violence.

Hut, *n.* (હટ્) ઝુંપડી; છાપરી; પર્ણકુટી. A hovel.

Hybride, *a.* (હાઇબ્રિડ્) વર્ણશંકર, ખચ્ચર. Produced from different species.

Hydraulics, *n.* (હાઇડ્રૉલિક્સ) ઉદકગતિ શાસ્ત્ર. The Science of fluids in motion. (G. *hudo* water, *aule* a pipe).

Hydrogen, *n.* (હાઇડ્રોજન્) ઉદકજનક વાયુ. A gas. (G. *hudor*, *gennao* I produce).

Hydromel, *n.* (હાઇડ્રોમેલ્) મધપાણી. Honey diluted in water.

Hydropathy, *n.* (હાઈડ્રૉપથિ) પાણીથી સારાં કરવાનું વૈદુ. A mode of treating diseases by using water. (G. *hudor* water, *pathos* feeling).

Hydrophobia, *n.* (હાઇડ્રોફોબિયા) હડકાયું. The disease caused by the bite of a rabid dog.

Hydrostatics, *n.* (હાઇડ્રોસ્ટૅટિક્સ) સ્થિર પ્રવાહી શાસ્ત્ર; સ્થિરોદક શાસ્ત્ર. The science which treats of the weight and equillibrium of fluids, (G. *hudor* water, *stao* I make to stand). [animal of the dog kind

Hyena, *n.* (હાઇના) તરસ, દીપડું. A fierce

Hygiene, *n.* (હાઇજીની) આરોગ્યતા **સંરક્ષણ શાસ્ત્ર. The science of health.** (G. *hygies* sound).

Hygrometer, *n.* (હાઇગ્રૉમિટર્) હવામાં રહેલી ભીનાસનું પ્રમાણ કાઢવાનો યંત્ર. An

instrument for measuring the moisture of the atmosphere.

Hymeneal } *n.* લગનનું ગીત ; વિવાહ ગા
Hymenean } ન. A marriage song. (G. *hymen* the God of marriage).

Hymn, *n.* (હિમ્) ભજન, કિર્તન, સ્તોત્ર. A religious ode *v.* ભજન-કિર્તન કરવું.

Hyperbole, *n.* (હાઇપર્ બોલી) અતિશયોક્તિ. Exaggeration.(G.*hyper* over, *bello* I throw).

Hypercritic-al, *a.* (હાઇપરક્રિટિક્-કલ્) અતીસે ટોક પાડનાર;-મારનાર. One who is critical beyond measure.

Hyphen, *n.* (હાઇફન્) સંબંધ ચિન્હ. A note of connection; thus(-). (G. *hupo* under, *hen* one).

Hypocrisy, *n.* (હિપોક્રિસિ) ઢોંગ, વેષધારીપણું; ફરેબ. Dissimulation. (G. *hypo, krites* a decider).

Hypocrite, *n.* (હિપોક્રિટ) ઢોંગી; ઢોંગ કરનાર A dissembler.

Hypogastrium,*n.* (હિપોગૅસ્ટ્રિયમ્) પેટની હેઠળનો ભાગ, પ્હેડું. The lower part of the belly.

Hypotenuse. *n.* (હાઇપૉટીન્યુઝ) કાટ ખુણાની સામેની બાજુ.The side opposite to the right angled-triangle.

Hypothesis, *n.* (હાઇપૉથીસિસ્) માની લીધેલી વાત; સિદ્ધાંતાશ્રય. A supposition; a theory formed upon some principle not proved. (G. *hypo, thesis* a placing).

Hypothetical, *a.* માની લીધેલું; અટકળનું; વગર સાબીતીએ કબુલ રાખેલું.

Hysop, *n.* ઝુફા. A plant.

Hysterical, *v.* (હિસ્ટેરિકલ્) ચિત ભ્રમ થયેલું. Troubled with fits. (G. *histiro* the womb).

Hysterics, } *n.* શરીરના અવયવનું ખેંચાણ;
Hysteria, } આંકડી; તાણ; ચિત્તભ્રમ. Nervous affections. [તે.

Hystertomy, *n.* ગર્ભ કાપી બહાર કાઢવો

I.

I, ઇંગ્રેજી મુળાક્ષરનો નવમો અક્ષર; ઈ; આઈ.

I, *pro.* હું. One's self.

Iambic, } *u.* આઇએંબિક્; } બે અક્ષરના
Iambus, } આઈઍમ્બસ્; } જે ગણમાં પેહેલો લઘુ અને બીજો ગુરૂહોય છે તે ગણ; લઘુ ગુરૂ.

Ice, *n.* (આઈસ) બરફ; ખાંડની ચાસણીનો ઢોળ. Water in a solid state; concreted sugar. *v.t.* બરફ વાળું કરવું. —berg, *n.* બરફનો તરતો ડુંગર.—bound, *a.* આગળ ચલાય નહીં એવી રીતે બરફથી ઘેરાઈ ગયેલું. [દુધની મલાઇ.

Ice-cream, *n.* (આઇસ-ક્રીમ્) બરફવાળી

Ice-house, *n.* બરફની વખાર. A place for keeping ice.

Ichneumon, *n.* (ઇક્નુમન્)નોળીયાની જાતનું એક જનાવર જે મગરનાં ઇંડાં ખાઇ જવું. A small animal.

Ichthyology, *n.* (ઈક્થિયૉલૉજી) માછલીઓની વિદ્યા. That branch of zoology which treats of fishes. (G. *ichthys* fish, *logos* discourse).

Icicle, *n.* (આઇસિક લ્) હીમકણ. An ice drop. [cold.

Icy, *a.* (આઇસિ)બરફવાળું; થંડું. Frosty;

Idea, *n.* (આઇડિય) વિચાર; તર્ક; કલ્પના; મત. Notion; thought; opinion. (G. *eido* I see).

Ideal, *a.* (આઈડિયલ્) મનનું; માનસિક. Mental; visionary.—ism, *n.* બધી સૃષ્ટી કેવળ મનોમય છે એવુ મત.—ist, *n.*વિષયાભાવ વાદી.-ity, *n.*કલ્પના શક્તિ.

Identical, *a.* (આઇડેન્ટિકલ્) તેજ; અનન્ય. Same. (L. *idem* the same).

Identify, *v.t.* (આઈડેન્ટિફાઇ) તે એજ એમ દેખાડવું-સાબીત કરવું; એક- સમાન કરવું. To make to be the same (L. *idem* same *facio* I make).

Identity, *n.* (આઈડેન્ટિટિ) ઐક્ય; અભેદતા; એકજ પણું, Sameness.

Idiocy, *n.* (ઇડિયસિ) મૂર્ખતા; જડબુદ્ધિ. Want of reason; imbecility (G. *idios* peculiar).

Idiom, *n.* (ઇડિયમ્) રૂઢી;ઢબ; લઢણ. A mode of expression peculiar to a language (G. *idios* one's own).

Idiomatic } રૂઢી સબંધી; ઢબ પ્રમાણે.
Idiomatical } Phraseological.

Ideosyncracy, *n.* (ઈડિયૉસિન્ક્રસિ) જાતી સ્વભાવ;વિશેષ પ્રકૃતિ.Peculiar temperament (G. *idios*, *syn*, *krasis* temperament).

Idiot, *n.* (ઈડિયટ્) જન્મનો મૂર્ખ; મુઢમાણસ, A natural fool.—ic—ical, *a.* મૂર્ખના જેવું.

Idle, *a.* (આઈડલ્) આળસુ; સુસ્ત; નવરૂં. Slothful; lazy; not employed. *v.t.* આળસમાં વખત ખોવો. To spend time in idleness.—er, *n.* આળસુ માણસ. [sloth.

Idleness, *n.* આળસ;નિરૂદ્યોગ.Inaction;

Idol, *n.* (આઇડૉલ્) મૂર્ત્તિ; પૂતળું. An image. (G. *eido* I see).

Idolater, *n.* (આઇડૉલૅટર્) મૂર્ત્તિ પૂજક; કલ્પિત દેવને ભજનાર. A pagan;an adorer.

Idolatrous, *a.* મૂર્ત્તિ પૂજા સંબંધી.

Idolatry, *u.*(આઇડૉલેટ્રિ) મૂર્ત્તિ પૂજા. The worship of idols. (G. *eido* I see).

Idolise, *v.t.* (આઈડૉલાઈઝ) દેવ જેવું માનવું;હેત રાખવું.To love or reverence to adoration.

Idyl, *n.* ટુંકી કવિતા. A short poem.

I. E. *i.e.* (L. *id. est* that is). એટલે.

If, *con.*(ઈફ્)જો;અગર; અથવા. Supposing that; whether.

Igneous, *a.* (ઈગ્નિયસ્) અગ્નિવાળું;- સરખું. Pertaining to or consisting of fire. (L. *ignis* fire).

Ignis-fatuus, *n.* લીલી ભોંય ઉપર રાતે થતા ભડકા.

Ignite, *v.t.* (ઈગ્નાઈટ) સળગાવવું; ચેતવવું. To kindle; *v.i.* સળગવું. To take fire (L. *ignis* fire).

Ignition, *n.* (ઇગ્નિશન્) બાળવું;-બળવું તે; બળવું. Act of setting on fire.

Ignoble, *a.* (ઈગ્નોબલ્) કમજાત; નીચ; હલકું. Of low birth; mean; base. (L. *in* not, *nobilis* noble).

Ignominious, *a.* (ઈગ્નોમિનિયસ્) ધિક્કાર પાત્ર; અપમાન ભરેલું. Despicable; shameful.

Ignominy, (ઇગ્નૉમિનિ) અપજસ; અપમાન; Disgrace; dishonour; infamy. (L. *in*, not, *nomen* name).

Ignorance, *n.* (ઈગ્નરન્સ) અજાણપણું; અજ્ઞાનતા. Want of knowledge. (L. *in*, *gnarus* knowing).

Ignorant, (ઇગ્નરન્ટ) અજ્ઞાન; અણસમજુ; વગર ભણેલું. Destitute of knowledge; untaught.-ly, *ad*, અજાણપણે.

Ignore, *v.t.* (ઈગ્નોર) ખોટું; રદ કરવું; ન ગણવું. To pass overlook.

Iguana, *n.* પાટલા ઘો જેવું એક જનાવર.

Ill, *a.* (ઈલ્) નઠારૂં; ખરાબ; બુરૂં; માંદુ; બેડોળ. Bad; evil; wicked; sick ugly. *n.* દુષ્ટતા; પાપ; સંકટ; આપ્દત; રોગ. wickedness; misfortune; evil; disease. *ad.* ખરાબ રીતે.

Ill-advised,-judged, *a.* ડહાપણ વગરનું; નઠારી સલાહ મળેલું.

Ill-behaved-conducted, *a.* કુચાલનું.

Ill-disposed, *a.* ખારીલું; માઠા વિચાર વાળું;–favoured, *a*, કદરૂપુ, બદસીકલ. Ugly, deformed.

Illegal, *a.* (ઇલ્લિગલ્) ગેર વ્યાજબી, કાયદા વિરૂધ. Contrary to law; contraband.–ly, *ad*, બેકાયદે, ગેરવ્યાજબીપણે. (L. *in* not, *lex* law).

Illegible, *a.*(ઈલ્લેજીબલ્) વંચાય નહી શકાય એવું. That cannot be read.

Illegitimacy, *n.* અનૌરસપણું. State of bastardy.

Illegitimate, *a.* (ઇલીજીટિમેટ) જાર કર્મથી પેદા થયેલું; હરામજાદું; અનૌરસ. Unlawfully begotten; unlawfuf.(L. *in* not, *lex* law).

Illiberal, *a.* (ઈલિબરલ્)અનુદાર; બખીલ; સાંકડા મનનું. Not liberal; ignoble.

Illiberality, *n.* (ઈલિબરૅલિટિ) બખીલી; અનુદારપણું. Parsimony. (L. *in*, *liber* free)).

Illicit, *a.* (ઇલિસિટ્) અઘટિત; ગેરવ્યાજબી. Not permitted; unlawful. (L. *tn*, *licet* it is allowable).

Illimitable, *a.* હદ વગરનું. Boundless.

Illiterate, *a.* (ઇલિટરેટ) અવિદ્વાન; અભણ. Unlettered; untaught. (L. *in*, *litera* letter).

Ill-nature, *n.* દુષ્ટ સ્વભાવ. Evil nature.

Illness, *n.* (ઇલ્નેસ્) રોગ, માંદગી. State of being sick; indisposition.

Illogical. *a.* (ઈલૅાજીકલ્) તર્કશાસ્ત્રના નિયમથી વિરૂદ્ધ. Contrary to the rules of logic.

Ill-omened, *a.* અપસુકનિયું, અમંગળ. Having unlucky omens.

Ill-starred, *a.* ભાગ્યહિન, કમનશિબ. Fated to be unfortunate.

Ill-timed, *a.* કવખતનું.—will, *n*, અદાવત, દુષ્ટભાવ. Enmity; malevolence.

Illude, *v.t.* (ઈલ્યુડ) ઠગવું; ભુલથાપ ખવરાવવી. To prevail upon by artifice. (L. *in*, *ludo* I play).

Illuminate, } *v.t.*[ઇલ્યુમિનેટ) રોશની કરવી; પ્રકાશ પાડવું. To
Illumine } enlighten.

Illumination, *u.* (ઇલ્યુમિનેશન્) પ્રકાશ; રોશની; ચળકાટ. Act of illuminating; brightness.

Illusion, *n.*(ઇલ્યુઝન્) ભૂલ; મોહ; માયા; પ્રપંચ. Error; fallacy; false show (L. *in*, *lupo* I play.

Illusive, Illusory, *a* મોહ કરનારૂં; કપટી

Illustrate *v.t.*(ઇલસ્ટ્રેટ) પ્રકાશિત-ચળકતું કરવું; દાખલો-દ્રષ્ટાંત આપી સમજાવવું. To make luminous or plain; to explain. (L. *in*, *luceo* I shine).

Illustration, *n.* (ઇલસટ્રેશન્) પ્રકાશવું તે; દ્રષ્ટાંત, દાખલો. Explanation; elucidation.

Illustrious, *a.* (પ્રસિદ્ધ, પંકાએલું. Eminent; renowned.

Image, *n.* (ઇમેજ) પૂતળું; મૂર્તિ; પ્રતિમા; તસ્બીર, છબિ. A statue; an idol; a likeness; a picture. *v.* પ્રતિબિંબ પડવું; કલ્પના-ખ્યાલ કરવો. To form a likeness of in the mind. (L. *imago* I imagine).

Imagery, *n.* મુર્તિઓ, પૂતળાં; આભાસ. Forms of the fancy.

Imaginable, *i.t.* (ઇમેજીનેબલ્) વિચારમાં આવી શકે એવું. That may be imagined.

Imaginary, *a.* (ઇમેજીનરિ) ખ્યાલી, કલ્પિત. Ideal; visionary.

Imagination, *n.* (ઇમેજીનેશન્) કલ્પના, વિચાર યુક્તિ. Idea; conception; contrivance; conceit.

Imagine, *v.t.* (ઇમેજીન) કલ્પના કરવી, ખ્યાલ કરવો; યોજવું, ધારવું. To form ideas; to conceive.

Imbecile, *a.*(ઇમ્બીસિલ) નબળું, અશક્ત; કમઅક્કલ. Weak; impotent; (L. *in*, *becillum* a small staff).

Imbecility, *n.* (ઇમ્બીસિલિટિ) નબળાઈ, અશક્તપણું. Feebleness of the body and mind.

Imbed, *v.t.* (ઇમ્બેડ્) દાટવું, ગાડવું. To lay as in a bed.

Imbibe, *v.t.* (ઇમ્બાઇબ) ચુસવું, પીવું, શોષવું. To drink in (L. *in*, *bibo* I drink).

Imbitter, *v.t.* (ઇમ્બિટર્) કડવું કરવું; દુખી કરવું; વધારવું. To make unhappy; to aggravate.

Imbosom, See Embosom.

Imbrue, *v.t.* (ઇમબ્રુ) ભીંજવવું, પલાળવું. To wet; to moisten.

Imbue, *v.t.* (ઇમ્બ્યુ) રંગવું; કેળવવું. To dye; to cause to imbibe (L. *in*, *bibo* I drink).

Imitable, *a.* (ઇમિટેબલ) નકલ કરવા લાયક, ઉતારો થઇ શકે એવું. Worthy of imitation. (G. *homos* the same).

Imitate. *v.t.* (ઇમિટેટ) નકલ કરવી; ઉતારો કરવો. To copy: to conterfeit.

Imitation, *n.* (ઇમિટેશન્) નકલ, ઉતારો; દેખા દેખી, અનુકરણ. Act of imitating; a copy.

Imitative, *a.* નકલ કરનારૂં. Tending to imitate.

Immaculate, *v.i.* (ઇમેક્યુલેટ) પવિત્ર, નિર્દોષ; ડાઘ વિનાનું. Spotless; undefiled. (L. *in*, *macula* spot).

Immanent, *a.* સ્વભાવિક. Inherent.

Immaterial, *a.* (ઇમેટીરિયલ્) હલકું, નજીવું, નીરૂપયોગી. Incorporeal; unimportant. (L. *in*, *materia*).

Immature, *a.* (ઇમેટયુઅર) કાચું, કુમળું, નાપૂખ્ત. Unripe; imperfect.

Immaturity, *u.* કાચાપણું, અપૂર્ણતા, અધુરિ હાલત.

Immeasurable, *a.*(ઇમ્મેઝરેબલ્) માપી નહી શકાય એવું. That cannot be measured.

Immediate, *a.* (ઇમીડિએટ) પાસેનું, નજદીકનું, રૂબરૂ, સન્મુખ. Proximate; instant—ly, *ad.* તરતજ, તાબડતોબ. Instantly (L. *in*, *medius* middle).

Immemorial, *a.* (ઇમ્મેમોરિયલ્) ઘણુંજ જુનું,-પુરાતન. Beyond memory.

Immense, *a.* (ઇમેન્સ) ઘણુંજ, બેહદ, અત્યંત. Unmeasured; infinite. (L. *in*, *metior* I measure).

Immensity, *n.*(ઈમેન્સિટિ) બેહદ વિસ્તાર. Infinity

Immerge }
Immerce } *v.t.* (ઇમર્જ, ઇમર્સ) ડબોવવું, બોળવું; ગરક થવું. To plunge into water; to overwhelm. (L. *in*, *mergo* I dip in).

30

Immersion, *n.* (ઇમર્શન્) ડબોવવું તે; લીનતા. The state of being immersed.

Immethodical, *a.* અવ્યવસ્થિત. Disorderly.

Immigrant, *n.* (ઇમિગ્રન્ટ) જાયુ રહેવા સારૂં પરદેશમાં આવી રહેલું માણસ. A person who removed into a country for the purpose of permanent residence. (L. *in, migro* I remove).

Immigrate, See Emigrate.

Imminent, *a.* (ઇમિનન્ટ) ઝઝુમી રહેલું. Impending. [in.

Immit, *v.t.* (ઈમિટ્) દાખલ કરવું. To send

Immoderate, *a.* (ઈમ્માડરેટ) અતિશય, બેહદ. Excessive.

Immodest, *a.* (ઈમ્માડેસ્ટ) લાજ, શરમ વગરનું; નિર્લજ; અમર્યાદ. Wanting modesty; unchaste.

Immodesty, *n.* નિર્લજ્જપણું; બે અદબી. Indecency.

Immolate, *v.t.* (ઇમોલેટ) ભોગ આપવો; મારી નાખવું. To sacrifice. (L. *in, mola* meal).

Immoral, *a.* (ઈમ્મારલ્) અનિતિનું; દુરાચારી. Wicked; depraved (L. *in, mos* manner).

Immorality, *n.* (ઇમ્મારલિટિ) અનિતિ; દુરાચાર. Wickedness.

Immortal, *a.* (ઈમ્માર્ટલ્) અમર, ચિરંજીવી. Everlasting; perpetual. (L. *in, not, mortis* death).

Immortality*n.* અમર રહેવું તે;અમરપણું.

Immortalize, *v.t.* (ઇમ્માર્ટલાઇઝ)હમેશ રહે તેમ કરવું. To make perpetual.

Immovable, *a.* (ઈમ્મુવબ્લ્) અચળ; સ્થાવર; નિશ્ચળ; દ્રઢ. Fixed; steadfast; unchangeable.(L. *in,moveo* I move).

Immunity, *n.* (ઇમ્મુનિટિ) છુટ; માફી. Freedom from obligation.(L. *in munus* duty).

Immure, *v.i.* (ઈમ્યુર) કેદ કરવું; ગોંધવું. To shut up. (L. *in, murus* wall).

Immutable, *a.* (ઈમ્મ્યુટેબલ્) જેમાં ફેરફાર થતો નથી એવું; નિર્વિકાર. Unchangeable. [puny devil.

Imp,*n.* (ઈમ્પ) નહાનો શેતાન;લુચ્ચું છોકરૂં.A

Impair, *v.t.* (ઇમ્પેર) ખરાબ કરવું; કમી કરવું;બગાડવું.To diminish in value; to weaken. (L. *in, pejor* worse).

Impale, see Empale.

Impalpable, *a.* (ઇમપૅલ્પબ્લ્) સ્પર્શથી માલમ પડે નહીં એવું.Not perceivable by the touch.

Impannel, *v.t.* (ઈમ્પૅનેલ્)પંચનાં જુરીનાં નામો યાદીમાં લખવાં. To enter the names of a jury in a list.

Impart, *v.t.* (ઇમ્પાર્ટ) આપવું, બક્ષીસ કરવું; જણાવવું. To bestow; to disclose. (L. *in, pars* a part).

Impartial, *a.* (ઇમ્પાર્શિયલ્) નિષ્પક્ષપાતિ; બીન તરફદાર. Not favouring one more than another; just.

Impartiality,*n.*નીષ્પક્ષપાત; ઇનસાફદારી. Equitableness; justice.

Impassable, *a.* (ઇમ્પૅસેબ્લ્) જવાય આવાય નહીં એવું; અગમ્ય. Impervious; pathless.

Impassible } *a.* સુખ દુઃખ લાગે નહીં એવું; અચેતન, જડ. That cannot be affected with pain.(L. *in. patior* I suffer).
Impassive }

Impatience, *a.* (ઈમ્પેશન્સ) અધિરાઇ; ઉતાવળ. Restlessness; eagerness. (L. *in, patior* I suffer).

Impatient, *a.* (ઇમ્પેશન્ટ) અધીરૂં;ધૈર્યહીન; અનુરાગી. Hasty; fretful.

Impeach, *v.t.*(ઈમ્પીચ્) તહોમત; આરોપ મુકવો. To accuse; to charge as answerable. (L. *in, pes* foot).

Impeachment, *n.* (ઇમ્પીચ્મેન્ટ)તહોમત; આરોપ; દોષ. Public accusation; imputation.

Impeccable, *a.* (ઇમ્પેકેબ્લ્) જેનાથી પાપ થાય નહીં એવું. Not liable to sin. (L. *in, pecco* I sin).

Impede, *v.t.* (ઇમ્પીડ)અડચણ;હરકત કરવી; અટકાવવું. To retard ; to hinder. (L. *in, pes* foot).

Impediment, *n.* (ઇમ્પેડિમેન્ટ) અટકાવ; અડચણ; વિઘ્ન. Hindrance ; obstruction.

Impel, *v.t.* (ઇમ્પેલ્) આગળ ચલાવવું; ઉશ્કેરવું. To urge forward ; to instigate. (L. *in, pello* I drive).

Impend, *v.t.* (ઇમ્પેન્ડ) માથા પર આવી પડવું; પાસે આવીપહોંચવું. To hang over —ing, *a.* આવી પડતું. (L. *in, pendeo* I hang).

Impenetrable, *a.* (ઇમ્પેનીટ્રેબ્લ્) જેમાં પ્રવેશ થઈ શકે નહીં એવું ; અસર નહીં થાય એવું. That cannot be penetrated ; unimpressible.

Impenitence, *n.* (ઇમ્પેનિટન્સ) અપશ્ચાતાપ. Want of repentance. (L. *in, pœna* punishment). [contrite.

Impenitent, *a.* પસ્તાવો ન કરે તેવું. Not

Imperative, *a.* (ઇમ્પેરેટિવ) હુકમ કરનાર. Commanding ; authoritative; I. mood, આજ્ઞાર્થ. [L. *impero* I command).

Imperceptible, *a.* (ઈમ્પરસેપ્ટિબ્લ્) અગોચર ; અપ્રત્યક્ષ ; બારીક. Not to be perceived.

Imperfect, *a.* (ઈમ્પર્ફેક્ટ)અપૂર્ણ; અધુરૂં; ઓછું. Not complete.—ion, *n.* અપૂર્ણતા ; કસુર. Defect.

Imperial, *a.* (ઈમ્પીરિયલ્) બાદશાહી ; રાજકીય. Denoting sovereignty.(L.

Imperil, *v.t.* જોખમમાં નાખવું. To hazard. (L. *impero* I govern).

Imperishable, *a.* (ઇમ્પેરિશેબ્લ્) નાશ પામે નહીં એવું. Everlasting. (L. *in, per, eo* I go). [વિનાનું.

Impersonal, *a.* (વ્યાકરણમાં)અકર્તૃક; કર્તા

Impersonation, *n.* જડ પદાર્થને ચૈતન્ય આપવું તે.

Impertinence, *n.* (ઇમ્પર્ટિનન્સ) બેઅદબી ; અસભ્યતા. Rudeness; intrusion. (L. *in, per, teneo* I hold).

Impertinent, *a.* (ઇમ્પર્ટિનન્ટ) અસભ્ય; બેઅદબ; ઉછાંછળું. Rude; meddling.

Imperturbable, *a.* અકળાય–ગભરાયનહીં. એવું. Permanently quiet. (L. *in per, turbo* I disturb).

Impervious, *a.* (ઇમ્પર્વિયસ્) જેમાં પ્રવેશ થાય નહીં એવું ; નિર્ભેદ. Impenetrable. (L. *in, per, via* way).

Impetuous, *a.* (ઇમ્પેટ્યુઅસ્) જોર-વેગવાળું; જબરૂં; આકરું. Forcible ; passionate.—ity, *n.* ઝપાટો ; જોરસો ; અકળામણ. Vehemence. (L. *in, peio* I fall upon).

Impetus, *n.* (ઇમ્પીટસ્)ગતીનું જોર–વેગ. Violent tendency to any point.

Impiety, } *n.* (ઇમ્પાયેટિ; ઇમ્પિયસ્નેસ્)અધર્મ,દેવનિંદા.
Impiousness, } Ungodliness ; profaneness.

Impious, *a.* (ઇમ્પિયસ્) દેવ ભક્તિહિન ; પાપી. Irreligious; profane. (L. *in, pius* pious).

Implacable, *a.* (ઇમ્પ્લેકેબ્લ્) કદી શાંત થાય નહીં એવું; કટ્ટું. Inexorable. (L. *in, placo* I appease).

Implacability, *n.* આશામ્યતા ; દિર્ઘ દ્વેષ.

Implant, *v.t.* (ઇમ્પ્લૅન્ટ) રોપવું, સ્થાપવું. To set; to plant. (T. *in, planta*).

Implead, *v.t.* (ઇમ્પ્લીડ્) ફરીયાદ કરવી ; કામ ચલાવવું. To accuse ; to institute a suit.

Implement, *n.* (ઇમ્પ્લીમેન્ટ) હથીયાર ; ઓજાર ; સામગ્રી. An instrument ; a tool. *v.* અમલમાં આણવું ; બજાવવું. To carry out ; to fulfil. (L. *in, pleo* I fill).

Implicate, *v.t.* (ઇમ્પ્લિકેટ) સામેલ છે એમ

ગણુવું; ગુંચવવું. To involve. (L. *in*, *plico* I fold).

Implication, *n.* (ઇમ્‌પ્લિકેશન્) ગુંચવાણ, અનુમાન; અટકળ. Involution; inference. [Implied.

Implicit, *a.* (ઇમ્‌પ્લિસિટ્)પુરૂં;પૂર્ણ;અનુમાન

Implore, *v.t.* (ઇમ્‌પ્લોર)કાલાવાલા-વિનંતી કરવી; માગવું. To beseech; to supplicate. (L. *in*, *ploro* I cry out).

Imply, *v.t.* (ઇમ્‌પ્લાઇ)અર્થ નીકળવો; સીદ્ધ થવું. To signify; to comprise. (L. *in*, *plico* I fold).

Impolitic, *a.* (ઇમ્‌પૉલિટિક) અવિવેકી; અવિચારી. Not wise; indiscreet.

Imponderable, } *a.* વજન વગરનું;હલકું.
Imponderous. } Not having sensible weight. (L. *in not*, *pondus* weight).

Import, *v.t.* (ઇમ્‌પોર્ટ) દેશાવરથી આણવું; અર્થ દેખાડવો. To bring from a foreign country; to imply. *n.* દેશાવરથી આવેલો માલ;અર્થ; વજન. Any thing imported; signification; weight. (L. *in*, *porto* I carry).

Importance, *n.* (ઇમ્‌પૉર્ટન્સ) અગત્ય; જરૂરીયાત; ભારબોજ; વજન. Necessity; consequence; weight.

Important, *a.* (ઇમ્‌પૉર્ટન્ટ) અગત્યનું; જરૂરનું; વજનદાર. Weightly; momentous.

Importunate, } *a.* (ઇમ્‌પૉર્ચ્યુનેટ) ઘણાં
Importune, } કાલાંવાલાં કરતું; જરૂરનું. Urgent in request. (L. *in*, *porto*, I carry).

Importunity, *n.* (ઇમ્‌પૉર્ચ્યુનિટિ) કાલાંવાલાં; અત્યાગ્રહ. Pressing solicitation.

Impose, *v.t.* (ઇમ્‌પોઝ) મુકવું; બેસાડવું; હુકમ કરવો; છેતરવું. To lay on; to enjoin; to deceive. (L. *in*, *pono* I place).

Imposition, *n.* (ઇમ્‌પોઝિશન્) મુકવું–બેસાડવું તે; કર; જકાત; ઠગાઇ. Act of laying on; a tax or toll; deceit.

Impossibility, *n.* (ઇમ્‌પૉસિબિલિટિ) અશક્યતા; અસંભવ. That which cannot be done. (L. *in not*, *posse* to be).

Impossible, *a.* (ઇમ્‌પૉસિબ્લ્) અશક્ય; અસંભવિત. Not feasible; impracticable. [toll; custom.

Impost, *n.* ઇમ્‌પોસ્ટ) જકાત;દાણ; કર. Tax;

Impostor, *u.* (ઇમ્‌પૉસ્ટર્) ઠગ; ધુતારો. A deceiver. [બાજી. Fraud.

Impotence-cy, *n.* (ઇમ્‌પોટન્સ-સિ) નબળાઇ; કમજોરી. Weakness; imbecility (L. *in*, *potens* able).

Impotent, *a.* નબળું; નપુશક; કમજોર. Feeble. [To confine.

Impound, *v.t.* (ઇમ્‌પાઉન્ડ) વાડામાં રાખવું.

Impoverish, *v.t.* (ઇમ્‌પૉવરિશ્) દરિદ્રીગરીબ કરવું. To make poor (L. *in*, *puuper* poor).

Impracticability, *n.* (ઇમ્‌પ્રૅક્ટિકેબિલિટિ) અશક્યતા. અસાધ્યતા. Impossibility.

Impracticable, *a.* ન બને તેવું, અસાધ્ય. Impossible.

Imprecate, *v.t.* (ઇમ્‌પ્રીકેટ શ્રાપ દેવો; બદદુવા માગવી. To invoke a curse (L. *in*, *precor* to pray).

Imprecation, *n.* (ઇમ્‌પ્રીકેશન્) શ્રાપ; બદદુવા. A malediction; a curse.

Impregnable, *a.* (ઇમ્‌પ્રેગ્નેબ્લ્) અજીત; લઇ શકાય નહીં એવું. That cannot be taken (L. *in*, *prehendo* I take).

Impregnate, *v.t.* (ઇમ્‌પ્રૅગ્નેટ) ગર્ભવંતી-કુળવંત કરવું; એકનો ગુણ બીજામાંઆણવો. To cause to conceive; to infuse (L. *in*, *pre*, *gigno* I beget).

Impress, *v.t.* (ઇમ્‌પ્રૅસ્) છાપ-નીશાન પાડવી; છાપવું; ઠસાવવું; ઉતારવું; ખાત્રી કરી આપવી. To press into; to stamp; to force into service (L. *in*, *premo* I press).

Impression, *n.* (ઇમ્પ્રેશન્) છાપ ; છાપો; ભાસ; અસર; સમજ. Stamp made by pressure; image in the mind; idea ; effect.

Impressive, *a.* મનમાં ઠસી જાય એવું; અસરકારક. Effective; solemn.

Imprint, See Impress.

Imprison, *v.t.* (ઇમપ્રીઝન્) તુરંગમાં બંધીખાનામાં નાખવું; પૂરી મુકવું. To confine.

Imprisonment, *n.* (ઇમ્પ્રિઝન્મેન્ટ) કેદ; બંધી ; અટકાવ. Confinement; custody.

Improbability, *n.* (ઇમ્પ્રૉબૅબિલિટિ) અસંભવ. Unlikelihood (L. *in, probo* I prove).

Improbable, *a.* (ઇમ્પ્રૉબેબ્લ્) અસંભવિત; નહી બને તેવું, Not likely to be true.

Impromptu, *ad.* (ઇમપ્રૉમ્પ્ટયુ) અગાઉથી વિચાર કર્યા વગરનું. Unpremeditated (L. *in, promo* I bring out).

Improper, *a.* (ઇમ્પ્રૉપર્) અઘટિત, નાલાયક, અયોગ્ય. Not decent; unsuitable (L. *in, proprius* own).

Impropriety, *n.*(ઇમ્પ્રોપ્રાઇટિ)અયોગ્યતા; ના લાયકી. Want of propriety.

Improve, *v.t* (ઇમપ્રુવ) સુધારવું; સફળ કરવું. *v.i.* સુધરવું. To better; to ameliorate (L.*in, probo* I prove).

Improvement, *n.* (ઇમ્પ્રુવમેન્ટ) સુધારો; ગુણ વૃદ્ધિ, શિખામણ કાઢીને આપીવી તે. Progress from good to better; instruction.

Improvident, *a.* (ઇમપ્રૉવિડન્ટ) ટુંકી નજરનું; ગાફેલ; અવિચારી. Inconsiderate; careless (*in, pro, video* I see).

[Rashness.

Imprudence, *n.* અવિચાર; અવિવેક.

Imprudent, *a.* (ઇમપ્રુડન્ટ) અવિવેકી, અવિચારી, ગાફેલ. Indiscreet; injudicious.

Impudence, *n.* (ઇમ્પ્યુડન્સ) નિર્લજપણું ; બેશરમ. Shamelessness; effrontery(L. *in,pudens* I am ashamed)

Impudent, *a.* (ઇમ્પ્યુડન્ટ) બેઅદબ; નિર્લજ. Shameless.

Impugn, *v.t.* (ઇમ્પન્)વીરૂધ-સામું બોલવું. To attack by argument. (L. *in, pugno* I fright).

Impulse, *n.* (ઇમ્પલ્સ) ધક્કો ; આંચકો ; હડસેલો ; જુસ્સો ; પ્રેરણા ; ઉત્તેજન. A striking against; motive; impression; influence acting on the mind. (L. *in, pello* I drive).

Impulsive, *a.* (ઇમ્પલ્સિવ) આંચકો મારનાર;ચલાવનારૂં; લેહેરી. Having power to impel; moving.

Impunity, *n.* (ઇમ્પ્યુનિટિ) દંડ–સજાની માફી. Freedom from punishment. (L. *in, pœna* punishment).

Impure, *v.t.* (ઇમ્પ્યુઅર) મેલું; ગંદુ; અનિર્મળ; અપવિત્ર. Not pure; foul; unholy. (L. *in, purus* pure).

Impurity. *n.* (ઇમ્પ્યુરિટિ) મલીનતા, અપવિત્રાઇ. Uncleanliness; foulness.

Imputation, *n.* (ઇમ્પ્યુટેશન્) આરોપ ; દોષ; તોહોમત મુંકવું તે. Censure; reproach; charge of evil. (L. *in, puto* I think).

Impute, *v.t.* (ઇમ્પ્યુટ) લગાડવું; આરોપ મુકવો. To ascribe; to charge upon.

In, *pre.* (ઈન્)અંદર; મધ્યે; માંહે. Noting the place where any thing is present. *ad.* માંહે. Within some place.

Inability, *n.* (ઇન્ઍબિલિટિ) અશક્તિ ; અસામર્થ્ય. Incompetence. (L. *in, habeo* I have).

Inaccessible, *a.*(ઇન્ઍકસેસિબ્લ્)જવાય-અવાય નહીં એવું ; અગમ્ય; અલભ્ય. Not to be reached or approached. (L. *in, ad, cedo* I go).

Inaccuracy, *n.* (ઇન્‌ઍક્યુરસિ) ભૂલ; ચુક; ખોડ. Defect; mistake. (L. *in, ad, cura* care).

Inaccurate, *a.* (ઇન્‌ઍક્યુરેટ) ભૂલ-ચુકવાળું; અશુદ્ધ. Not exact or correct.

Inaction, *n.* (ઇન્‌ઍકશન્) નીરૂદ્યોગ; આળસ. Idleness; rest. (L. *in, ago* I do).

Inactive, *a.* (ઇન્‌ઍક્ટિવ) સુસ્ત; નિરૂદ્યોગી. Idle; lazy.

Inadequacy, *n.* (ઇન્‌ઍડીક્વસિ) અપૂર્ણતા; અયોગ્યતા. Insufficiency. (L. *in, ad, æqus* equal).

Inadequate, *a.* (ઇન્‌ઍડીક્વેટ) અધુરૂં; અપૂર્ણ; અયોગ્ય. Defective; disproportionate.

Inadmissible, *a.* (ઇન્‌ઍડ્‌મિસિબ્લ્) કબુલ કરવા-માનવા જોગ નહીં એવું. Not proper to be received.

Inadvertence, *n.* (ઇન્‌અડવર્ટન્સ) ગલફત; ચુક. Negligence. [less.

Inadvertent, *a.* અસાવધ; ગાફેલ. Care.

Inalienable, *a.* (ઇન્‌ઍલિયનેબ્લ્) બીજાને અપાય નહીં એવું. That cannot be alienated. [(L. *in, amo* I love).

Inamorata, *n.* પ્રીયા; પ્યારીબઇરી. A lover.

Inane, *a.* (ઇનેન) ઠાલું, ખાલી. Empty.

Inanition, } *n.* ખાલીપણું; સુન્યતા; લાંઘણ.
Inanity, } Emptiness; variety.
(L. *inanis* empty).

Inanimate, *a.* (ઇન્‌ઍનિમેટ) નીર્જીવ, જડ; અચેતન. Soleless; spiritless.

Inapplicable, *a.* લાગુ પડે નહીં એવું. Unfit.

Inappropriate, *a.* (ઇન્‌ઍપ્રોપ્રિએટ) લાગુ પડે નહી એવું; અયોગ્ય. Unsuited,

Inarticulate, *a.* (ઇન્‌આર્ટિક્યુલેટ) અસ્પષ્ટ, સમજાય નહીં તેવું. Not distinct.

Inattention, *n.* (ઇન્‌ઍટેન્શન્) અલક્ષ, અસાવધપણું. Heedlessness; neglect.

Inattentive, *a.* (ઇન્‌ઍટેન્ટિવ) ધ્યાન ન લગાડતું; ગાફેલ. Careless; negligent.

Inaudible, *a.* (ઇનૉડિબ્લ્) સંભળાય નહી એવું. That cannot be heard. (L. *in, audeo* I hear).

Inaugurate, *v.t.* (ઇન્‌ઓગ્યુરેટ) અભિષેક કરવો; આરંભવું. To consecrate; to invest with office. (L. *in, auger* a Roman priest).

Inauguration, *n.* (ઇન્‌ઑગ્યુરેશન્) ક્રિયા પૂર્વક કરેલો અભિષેક. Investing with office. [અપશુકનિયું. Ill-omened).

Inauspicious, *a.* (ઇન્‌ઑસ્પિશ્યસ) અશુભ,

Inborn, } *a.* સ્વાભાવિક, કુદરતી. Natural;
Inbred, } inherent.

Incalculable, *a.* ગણાય નહીં એવું.

Incandescence, *n.* (ઇનકૅન્ડેસન્સ) અતી ગરમી. Intense heat. (L. *in, candeo* I flow).

Incantation, see Enchantment.

Incapable, *a.* (ઇનકેપેબ્લ્) જેમાં માય નહીં એવું. Incompetent; unable; unfit.

Incapacitate, *v.t.* (ઇન્‌કૅપસિટેટ) અશક્ત-નાલાયક કરવું. To disqualify.

Incapacity, *n.* (ઇન્‌કૅપસિટિ) અશક્તિ, નાલાયકી. Disqualification; inability.

Incarcerate, *v.t.* (ઇન્‌કાર્સરેટ) કેદ કરવું. To imprison. (L. *in, carcer* a prison). [prisonment.

Incarceration, *n.* કેદ કરવું તે. Im-

Incarnate, *a.* (ઇનકાર્નેટ) દેહધારી; મુર્તીમાન. Embodied in flesh. (L. *in, caro* flesh).

Incarnation, *u.* અવતાર લેવો તે; દેહધારણ.

Incase, *v.t.* (ઇન્‌કેસ) ઢાંકવું, ડબામાં ઘાલવું. To inclose.

Incautious, *a.* (ઇન્‌કૉશ્યસ્) અસાવધ, બેફીકર. Heedless; unwary.

Incendiary, *n.* (ઇન્‌સેન્ડિયરિ) દ્વેષ ભાવથી પારકાનું ઘર બાળી નાખનાર. One who sets on fire. [તે.

Incendiarism, *n.* પારકાનું ઘર દ્વેષથી બાળવું

Incense, *n.* (ઇન્‌સેન્સ) ધુપ, ધુંપ ગંધ. Perfume exaled by fire. *v.* ધુપ દેવો.

Incentive, *n.* (ઇન્‌સેન્ટિવ) ઉત્તેજન આપનાર. Encouraging.

Inception, *n.* આરંભ. Beginning.

Inceptive, *a.* (ઇન્‌સેપ્ટિવ) આરંભનું, શરૂઆતનું. Beginning. (L. *in, capio* I take). [શંકાપણું. Uncertainty.

Incertitude, *n.* (ઇન્‌સર્ટિટ્યુડ) અનિશ્ચય,

Incessant,*a.*(ઇન્‌સેસન્ટ) બંધ ન પડે એવું. Unceasing.—ly, *ad.* સદા, ઉપરાચાપરી. Continually. (L. *in, cesso* I cease).

Incest, *n.* (ઇન્‌સેસ્ટ) નીકટ સગાં સાથે સંભોગ; અગમ્યાગમન. Criminal intercourse between persons related within the degrees of marriage.—uous,*a.* નીકટ સગાં જોડે સંભોગ કરનાર (L. *in, castus* chaste).

Inch,*n.* (ઇંચ્)તસુ; એક ફુટનો બારમો ભાગ.

Inchoate,*a.* શરૂ થયેલું, અધુરૂં. Begun.

Incidence, *n.* (ઇન્સિડન્સ) અકસ્માત બનાવ; ઉપર પડવું-બેસતું તે. Casualty. (L. *in, cado* I fall).

Incident, *a.* (ઇન્‌સિડન્ટ)આવી પડેલું; થતું. Casual. *n.* બનાવ, બીના. An event.

Incidental, *a.* (ઇન્સિડેન્ટલ્) કોઈ વેળા બનતું; અનિયમિત. Happening by chance.

Incipient, *a.* (ઈન્‌સિપિયન્ટ)આરંભનું, શરૂ થતું. Beginning. (L. *in, capio* I take).

Incision, *n.* (ઇન્‌સિઝન્) કાપવું તે; કાપ, ચીરો. A cut. (L. *in, cœdo* I cut).

Incite, *n.* (ઇન્‌સાઇટ) ઉશ્કેરવું, ઉત્તેજન આપવું.To animate;to encourage. (L. *in, cito* I rouse).

Incitement, *n.* (ઈન્‌સાઇટમેન્ટ) ઉત્તેજન, ઉશ્કેરણી. Encouragement;motive.

Incivility, *n.* (ઇન્‌સિવિલિટિ) અસભ્યતા; અમર્યાદા. Rudeness; want of civility. [L. *in, civis* civil.

Inclemency, *n.* નીર્દયપણું, કઠોરપણું. Harshness.

Inclement, *a.* (ઇન્‌ક્લેમેન્ટ) નિર્દય, વજ્ર છાતીનું. Unmerciful; severe. (L. *in, clemens* mild). [tending.

Inclinable, *a.* વળે એવું. Leaning;

Inclination, *n.* (ઇન્‌ક્લિનેશન્) મનનું વલણ; ઇચ્છા. A leaning; tendency. (L. *in, clino* I bend).

Incline, *v i.* (ઇન્‌ક્લાઈન) વળવું, મરડાવું. *v.t.* વાળવું,મરડવું. To bend; to lean. *n.* ઉતરણ,ઢોળાવ. A inclined plane.

Inclose, see Enclose.

Inclosure, see Enclosure.

Include, *v.t.* (ઇન્‌ક્લ્યુડ)સમાવવું, સમાવેશ કરવો; અંદર-માંહે આવેલાં હોવું. To comprehend; to contain; to comprise. (L. *in, claudo* I shut).

Inclusion, *n.* અંદર લેવું તે. Act of including.

Inclusive,*a.*(ઈન્ક્લ્યુઝિવ)માં ગણીને, સાથે, સહીત. Inclosing; comprehended.

Incog, } *a. ad.* ઓળખાય નહી એવી
Incognito, } રીતે; વેષ ધારણ કરીને. In disguise; in private.(L. *in, con, nosco* I know).

Incognisable, *a.* (ઇન્‌કોગ્નિઝેબલ્) ઓળખાય-જણાય નહી એવું. That cannot be recognised).

Incoherence, } *n.* અસંબંધ, વિરોધ.
Incoherency, } Inconsistency. (L. *in, con, hœreo* I stick).

Incoherent,*a.* (ઇન્‌કોહીરન્ટ) અળગું, છુટું, સંયુક્ત, વિરૂદ્ધ. Loose; inconsistent.

Incombustible, *a.* (ઇન્‌કમ્બસ્ટિબલ્) સળગે નહીં એવું.That cannot be consumed by fire. [પેદાશ.Revenue.

Income,*n.* (ઇન્‌કમ) આવદાની,આવક,કમાઈ;

Incommensurable,*a.*(ઇન્‌કોમેન્સ્યુરેબલ્) સામાન્ય સંખ્યાથી શેષ રહયા વગર ભંગાય નહીં એવું. Having no common measure. [અધુરૂં. Insufficient.

Incommensurate, *a.* ઓછા પરીણામનું;

Incommode, *v.t.* (ઈન્કૉમોડ) અડચણ પાડવી; અગવડમાં નાંખવું. To annoy; to molest. (L. *in, con, modus* measure). [વગરનું.Inconvenient.

Incommodious, *a.* અડચણવાળું; સોઈ

Incommunicable, *a.* બીજાને કહેવાય નહીં એવું. That cannot be communicated.

Incomparable, *a.* (ઇન્કમ્પેરેબ્લ્) અતુલ્ય, સર્વોતમ, સર્વોત્કૃષ્ટ. Excellent beyond comparison.

Incompatibility, *n.* (ઇન્કૉમ્પૅટિબિલિટિ) વિરોદ્ધ; અયુક્તતા. Inconsistency.

Incompatible, *a.* વિરૂદ્ધ, વિપુરિત. Inconsistent.

Incompetence, *n.* } અશક્તિ, અસામર્થ્ય,નાલાયકી. Inadequacy; inability.
Incompetency,

Incompetent, *a.* (ઇન્કામ્પીટન્ટ) અશક્ત, અસમર્થ, અયોગ, નાલાયક. Unfit; inadequate; unequal. [L. *in, con, peto* I ask).

Incomplete, *a.* (ઇન્કમ્પ્લીટ) અપૂર્ણ; અધુરૂ; ગેરવ્યાજબી. Defective; imperfect.

Imcomprehensibility, *n.* } અચિંત્યતા, ગૂઢતા Inconceivableness.
Imcomprehensibleness ,,

Incomprehensible, *a.* (ઇન્કૉમ્પ્રીહેન્સિબ્લ્) સમજાય નહી એવું; ગુઢ. That cannot be understood.

Incompressible, *a.* (ઇન્કૉમ્પ્રેસિબ્લ્) દબાય નહી એવું. Not to be compressed.

Inconceivable, *a.* (ઇન્કન્સીવેબ્લ્) કલ્પાય નહીં એવું, ગૂઢ. That cannot be conceived by the mind.

Incompressible, *a.* નીર્ણય ન નીકળે એવું; અનિશ્ચાયક. Not producing a conclusion. [અયુક્ત. Unsuitable.

Incongruous, *a.* (ઇન્કૉન્ગ્રુઅસ્) અયોગ્ય.

Inconsiderable, *a.* (ઇનકન્સિડરેબ્લ્) ધ્યાનમાં ન લેવા જોગ; હલકુ: Unimportant.

Inconsiderate, *a.* (ઇન્કન્સિડરેટ) અવિચારી; અવિવેકી. Negligent; indiscreet.

Inconsistence, *n.* } વિરૂદ્ધતા; અસંબંધ Incongruity; contrariety.
Inconsistency, ,,

Inconsistent, *a.* (ઇન્કન્સિસ્ટંટ) એક બીજાથી ઉલટું; ચંચળ મનનું. Incompatible; fickle.

Inconsolable, *a.* શાંત થાય નહી એવું. Not to be comforted (L. *in, con, solor* I comfort.

Inconstancy, *n.* (ઈન્કૉન્સ્ટન્સિ) અસ્થિરતા; ચપળતા. Unsteadiness; fickleness.

Incontestable, *a.* (ઇન્કૉન્ટેસ્ટેબ્લ્) જે વીષે વાદ થાય નહીં એવું; નિર્વિવાદ. Unquestionable.

Incontinence, *n.* } વ્યભિચાર; લંપટતા; છીનાળું. Lewdness; unchastity.
Incontinency, ,,

Incontinent, *a.* (ઇન્કૉન્ટિનન્ટ) વ્યભિચારી; જારકર્મી. Unchaste.

Incontrovertible, *a.* (ઇન્કન્ટ્રોવર્ટિબ્લ્) તકરાર વગરનું, નિર્વાદ. That cannot be disputed.

Inconvenience, *n.* (ઇન્કન્વીનીયન્સ) અડચણ, અગવડ. Unfitness; difficulty *v.t.* અગવડમાં નાખવું. To put to trouble.

Inconvenient, *a.* (ઈન્કન્વી-નીયન્ટ) અડચણવાળું; અયોગ્ય. Unsuitable; uncommodious.

Inconvertible, *ad.* (ઇન્કન્વર્ટિબ્લ્) ફેરવાય નહીં એવું. That cannot be changed (L. *in, con, verto* I turn).

Incorporate, *v.t.* (ઇન્કૉર્પોરેટ) ભેળી દેવું,

એક સરખું કરવું. *v.i.* જોડાવું, જોડાઈ જવું. To unite; to associate; to form into a body. *a.* મળેલું. Mixed (L. *in, corpus* body).

Incorporation, *n.* (ઈન્કૉર્પોરેશન્) ભેળવી દેવું તે; સંયોગ; સનદી મંડળી કરવી. Association; formation of body political.

Incorporeal, *a.* (ઇન્કારપોરિયલ્) શરીર વીનાનું; નિરાકાર. Not consisting of body or matter.

Incorrect, *a.* (ઇન્કરેક્ટ) ખોટું, અશુદ્ધ, ચુક ભરેલું. Not exact; containing faults.

Incorrigible, *a.* (ઇન્કૉરિજીબ્લ્) સુધરે નહીં એવું; વંઠી ગએલું. Bad beyond correction(L.*in,corrigo* I correct)

Incorruptibility,*n.*અક્ષયતા;અવિકારપણું

Incorruptible, *a.* (ઈનકરપ્ટિબ્લ્) અક્ષય; અવિનાશી;બગડે નહીં-લાંચલે નહીં એવું. Inflexibly just; upright. (L.*in, con, rumpo* I break).

Incorruption, *n.* (ઇન્કરપ્શન્) અવિકાર; અવિનાશીપણું. Incapability of corruption.

Increase, *n.* (ઇન્ક્રીઝ) વધારો; વૃદ્ધિ; નફો; સંતતિ, સંતાન. Augmentation; growth;profit;progeny;offspring *v.* વધારવું-વધવું; લાંબુ કરવું, ફેલાવવું. To advance; to grow; to extend; to spread. (L. *in, cresco* I grow).

Incredibility, *h.* (ઇન્ક્રિડિબિલિટિ) અવિશ્વાસ; અપતીજ. The quality of surpassing belief.

Incredible, *a.* (ઇન્ક્રિડિબ્લ્) માનવા જોગ નહીં એવું; અવિશ્વાસ્ય. That cannot be believed; surpassing belief. (L. *in, credo* I trust).

Incredulity, *n.* મુશ્કેલીથી કોઇ વાતને ખરી માનવી તે; અવિશ્વાસ. Indisposition to believe.

Incredulous, *a.* (ઇન્ક્રેડ્યુલસ્) તરત ન માને એવું. Not disposed to believe.

Increment, *n.* (ઇન્ક્રીમેન્ટ વધારો; વૃદ્ધિ; ઉપજ. Augmentation; produce.

Incriminate, *v.t.* (ઇન્ક્રિમિનેટ) દોષ; તોહમત મુકવું. To accuse (L. *in, crimen* a crime).

Incrust, *v.t.* (ઇન્ક્રસ્ટ) થર-પડ ચઢાવવું. To cover with a hard coat. --ation, *n.* થર, પડ, પોપડો. A hard coat.

Incubate, *v.i.* (ઇન્ક્યુબેટ) સેવણું બેસવું; સેવવું. To sit, as on eggs (L. *in, cubo* I lie down).

Incubus, *n.* ઓથાર; અજીર્ણ થવાથી થયેલું સ્વપ્નું. The nightmare; a demon.

Inculcate, *v.t.* (ઇન્કલ્કેટ) મનમાં ઉતારવું; ઠસાવવું. To impress by frequent admonition (L. *in, calco* I tread upon).

Inculpate, *v.t.* (ઇન્કલ્પેટ) દોષ-ઠપકો મુકવો. To blame(L.*in,culpa* fault).

Inculpatory, *a.* દોષ-ઠપકો મુકનારૂં.

Incumbent,*a.*(ઇન્કમ્બંટ)ઉપરપડેલું-રહેલું; *n.* કોઈ જગા ઉપર હોનાર, આશ્રિત, અવલંબીત. Resting upon; leaning on. *n.* one who is in present possession of a benefice (L. *in, cumbo* I lie down).

Incumber, See Encumber.

Incur, *v.t.* (ઈન્કર્) પોતાપર ખેંચી લેવું; To become liable to; to bring on (L. *in, curro* I run).

Incurable, *a.* (ઇન્ક્યુરેબ્લ્) સારૂં થાય નહીં એવું; નિરૂપાય, બેઈલાજ. Irremediable; that cannot be cured *n.* સારૂં થાય નહીં એવું. માણસ.

Incurious, *a.* જાણવાની ઇચ્છા વિનાનું; જીજ્ઞાસા રહિત. Inattentive.

Incursion, *n.* (ઇન્કરશન્) પરમુલક પર હુમલો; ચઢાઇ. An invasion; an inroad (L. *in, curro* I run).

Indebted, *a.* (ઈન્‌ડેટેડ્) કરજદાર, દેણદાર; આભારી, ઓશીઆળું. Being in debt; Obliged (L. *in, debeo* I owe).

Indescency, *n.* ઇન્‌ડીસન્સિ) બિભત્સપણું; નિર્લજ્જપણું; અયોગ્યતા. Immodesty; Unseemliness (L. *in, deceo* to become.

Indecent, *a.* (ઇન્‌ડીસન્ટ) નાગું; ઉઘાડું; બિભત્સ. Unseemly; immodest; impure.

Indecision, *n.* (ઇન્‌ડીસિઝન્) અનિશ્ચય; અનિર્ણય; સંદેહ. A wavering of mind; hesitation.

Indecisive, *a.* (ઇન્‌ડીસાઇસિવ) નિકાલ; નિર્ણય થાય નહીં એવું; છેડો નહીં આવે એવું; અસ્થિર. Not bringing to a final close; wavering; irresolute.

Indeclinable, *a.* (ઈન્‌ડીક્લાઈનેબલ્) અવિકારી; જેને જાતી વચન નહીં લાગે એવું. Not varied by termination (L. *in, de, clino* I bend).

Indecorous, *a.* (ઇન્‌ડીકોરસ્) અસભ્ય શોભે નહીં એવું; વિનય વિરૂધ. Unbecoming; indescent; uncivil.

Indecorum, *n.* અયોગ્ય કામ; અવિનય; અસભ્યતા. Indescency; immodesty

Indeed, *ad.* (ઇન્‌ડીડ્) ખરેખર; ખરેખાત; ખચિત. Really; in fact; truly.

Indefatigable, *a.* (ઇન્‌ડીફેટિગેબલ્) થાકી નહીં જાય એવું. Unwearied; not yielding to fatigue (L. *in, de, fatigo* I tire).

Indefeasible, *a.* (ઇન્‌ડીફીઝિબલ્) ખંડન કરી ન શકાય એવું; અખંડનિય. Incapable of being defeated or void.

Indefinite, *a.* (ઈન્‌ડેફિનિટ) અનિયમિત; અનિશ્ચિય; બેસુમાર, બેહદ. Not precise; not limited (L. *in, de, finis* the end).

Indelible, *a.* (ઇન્‌ડેલિબલ્) ભુંસાય નહી એવું; ખૂબ ચોટી ગએલું. That cannot be effaced.

Indelicacy, *n.* (ઈન્‌ડેલિકસિ) નિર્લજ્જતા; બેશરમાપણું. Want of delicacy.

Indelicate, *a.* (ઇન્‌ડેલિકેટ) નિર્લજ્જ; બેશરમ; અસભ્યતા ભરેલું. Uubecoming; rude; indescent.

Indemnification *n.* (ઇન્‌ડેમ્નિફિકેશન્) નુકશાનથી બચાવવું તે; નુકશાન ભરી આપવું તે. Security against loss; reimbursement (L. *in, damnum* loss, *facio* I do).

Indemnify, *v.t.* (ઇન્‌ડેમ્નિફાઇ) નુકશાન ભરી આપવું–થી બચાવવું. To secure against loss or damage; to make good.

Indemnity, *n.* (ઇન્‌ડેમ્નિટિ) નુંકશાન-શિક્ષા ન થવાની જામીનગીરી. Security against loss or penalty.

Indent, *v.t.* (ઈન્‌ડેન્ટ) ખાંડ; ખાંચ પાડવી; To notch *v.i.* લખીને સામાન—માલ મંગાવવો. *n.* મંગાવેલા માલ-સામાનની યાદી. An official requisition for supplies (L. *in, dens* tooth).

Indentation, *n.* ખાંચ, ખૂચો. A recess in any border.

Indenture, *n.* (ઇન્‌ડેન્ટચુંર) કરારનામું. A contract; *v.* કરારથી બાંધી લેવું; શિખાઉ રાખવો.

Independence-cy, *n.* (ઇન્‌ડીપેન્ડન્સ-સિ) સ્વતંત્રતા; સ્વાધિનપણું; ધરતું સુખીપણું. Exemption from reliance or control.

Independent, *a.* (ઈન્‌ડીપેન્ડન્ટ) સ્વતંત્ર, આપ અખતિયાર; છૂટું, મોકળું. Not under the control of others; free. [That cannot be described.

Indescribable, *a.* વર્ણન કરાય નહીં એવું

Indeterminable, *a.* (ઈન્‌ડીટરમિનેબલ્) અનિશ્ચય; જેનો નિશ્ચય થાય નહીં એવું. That cannot be determined.

Indeterminate, *a.* (ઇનડિટરમિનેટ) અનિશ્ચિત; નકી નહીં થયેલું. Unfixed; indefinite. [An unfixed state.

Indetermination, *n.* અનિશ્ચય; આનાકાની.

Index, *n.* (ઇનડેક્સ) અનુક્રમણિકા; સાંકળીયું; પ્રસ્તાવના; દેખાડનાર. A table of reference in a book; that which points out (L. *in*, *dico* I say).

Indian, *a.* (ઇનડિયન) હિંદુસ્થાનનું.–corn, *n.* મકાઈડોડો;–fig tree, *n.* વડનું ઝાડ. –Rubber, *n.* રબર.

Indicate, *v.t.* (ઇનડિકેટ) દેખાડવું, દર્શાવવું, સુચવવું. To point out; to denote; to show (L. *in*, *dico* I say).

Indication, *n.* (ઇનડિકેશન) ચિન્હ, લક્ષણ, નિશાની; દેખાડવું તે. Mark; sign; act of pointing out.

Indicative, *a.* દેખાડનારૂં સુચક. Showing.—mood, *n.* નિશ્ચયાર્થ.

Indict, *v.t.* (ઇનડિક્ટ) તોહોમત મુકવું. To charge with a crime (L. *in*, *dico* I say). [Accusation; charge.

Indictment, *n.* તહોમત; તહોમત પત્ર.

Indifference, *n.* (ઇનડિફરન્સ) બેપરવાઈ, બેતમા; સમાનપણું. Impartiality; unconcernedness.

Indifferent, *a.* (ઇનડિફરન્ટ) બેપરવા; બેતમા; સમાન; સરખું. Neutral; unconcerned; impartial.

Indigenous, *a.* (ઇનડિજીનસ) ગામઠી; દેશી. Native (L. *in*, *gingo* I beget).

Indigence, *n.* (ઇનડિજન્સ) ગરિબાઇ; કંગાલિયત; દરિદ્રતા. Want; penury (L. *in*, *egeo* I need). [Poor; needy.

Indigent, *a.* (ઇનડિજન્ટ) ગરીબ; કંગાલ.

Indegestible, *a.* (ઇનડિજેસ્ટિબલ) ન પચે એવું; ભારે અજીર્ણકારક. Not digestible.

Indigestion, *n.* (ઇનડિજેસ્શન) અજીર્ણ, અપચો. Want of degestive power

Indignant, *a.* (ઇનડિગ્નન્ટ) ક્રોધાયમાન; ગુસ્સે થએલું. Angry; raging (L. *in*, *dignus* worthy).

Indignation, *n.* (ઇનડિગ્નેશન) ધિક્કાર યુક્ત ક્રોધ; ગુસ્સો. Anger mixed with disdain. [temptuous injury.

Indignity, *n.* અપમાન, તિરસ્કાર. Con-

Indigo, *n.* (ઈનડિગો) ગળી. A plant used in dyeing blue.

Indirect, *a.* (ઇનડિરેક્ટ) ફેરાવાળું; વાંકું; આડું. Not straight; improper; unfair.

Indescernible, *a.* (ઇનડીસરનિબલ) દેખાય નહીં એવું; અદ્રશ્ય. Imperceptible (L. *in*, *de*, *cerno* I sift).

Indiscreet, *a.* (ઇનડિસ્ક્રીટ) અવિચારી, અવિવેકી. Inconsiderate; imprudent.

Indiscretion, *n.* (ઇનડિસ્ક્રેશન) અવિચાર; અવિવેક. Imprudence; rashness.

Indiscriminate, *a.* (ઇનડિસ્ક્રિમિનેટ) ભેદ સમજ્યા વગર કરેલું, અવિચારી. Promiscuous.

Indispensable, *a.* જે વગર ચાલે નહીં એવું; આવશ્યક; ઘણું જરૂરનું. Absolutely; necessary.

Indispose, *v.t.* (ઇનડિસ્પોઝ) મન ફેરવવું; ઉપરથી મન ઉઠી જવું. To make averse; to disorder.–d, *a.* નારાજી; નાખુશી. Disinclined.

Iudisposition, *n.* (ઈનડિસ્પોઝિશન) અપ્રીતિ; કંટાળો; માંદગી. Disinclination; slight disease.

Indisputable, *a.* (ઇનડિસ્પ્યુટેબલ) તકરાર-વાંધા વગરનું. નિર્વિવાદ. Incontrovertible; evident.

Indissoluble, *a.* (ઇનડિસોલ્યુબલ) ઓગળે નહીં એવું; અભંગ. Firm; stable.

Indistinct, *a.* (ઇનડિસ્ટિંક્ટ) અસ્પષ્ટ; બરાબર સમજાય નહીં એવું; ઝાંખું. Obscure; faint.

Indistinguishable *a*(ઇન્ડિસ્ટિંગ્વિશેબલ) ઓળખાય નહીં એવું; અભિન્ન. That cannot be distinguished or seperated.

Indite, *v.t.* (ઇન્ડાઇટ) બનાવવું, રચવું; બોલીને લખાવવું. To compose; to write; to dictate what is to be written (L. *in, dico* I say).

Individual, *a.*(ઇન્ડિવિજ્યુ-ડ્યુઅલ્) એક; અમુક; એકનું; એકલાનું. One; pertaining to one. *n* જણ, આદમી, માણસ. A single person or thing -ly, *ad.* એક એક, આશામીવાર. Seperately (L. *in, divido* I divide).

Individuality, *n.* એકત્વ, પૃથક્ત્વ. Seperate existence.

Indivisible, *a.* (ઇન્ડિવિઝિબ્લ્) જેના ભાગ થાય નહીં એવું; અવિભાજ્ય. That cannot be divided.

Indivisibility, *n.* (ઇન્ડિવિઝિબિલિટિ) અવિભાજ્યતા. The quality of being indivisible.

Indocile, *a* ઇન્ડોસાઇલ) શિખે નહીં એવું. Untractable (L. *in, doceo* I teach).

Indoctrinate, *v.t.* (ઇન્ડૉક્ટ્રિનેટ) ઉપદેશ કરવો. To teach.

Indolence, *n.* (ઇન્ડોલેન્સ) આળસ; સુસ્તી Laziness (L.*in, doleo* I feel pain).

Indolent, *a.* (ઇન્ડોલન્ટ) આળસુ; સુસ્ત. Lazy.

Indomitable, *a.* (ઇન્ડૉમિટેબ્લ્) જીતાય નહીં એવું. અજીત. That cannot be subdued; untamable (L. *in, domare* to tame).

Indorse, See Endorse.

Indorsement,*n.*(ઇન્ડૉર્સમેન્ટ) શેરો;સહી; સ્વીકાર; કબુલાત. The act of endorsing (L *in, dorsum* the back).

Induce, *v.t.* (ઇન્ડ્યુસ) ઉશ્કેરવુ; સમજાવવુ; લલચાવવું મન ફેરવવું. To persuade; to lead; to incite (L. *in, duco* I lead).

Inducement, *n.* (ઇન્ડ્યુસમેન્ટ) લાલચ મતલબ; કારણ. Any thing that induces.

Induct, *v.t.* (ઇન્ડક્ટ) અધિકાર-પદવી પર બેસાડવું. To introduce as to an office (L. *in, duco* I lead).

Induction, *n.* અધિકાર પર બેસાડવું તે; વિધિપૂર્વક સ્થાપના. Admission to a benefice.

Inductive, *a,* (ઇન્ડક્ટિવ) અનુમાનીક; તારવી કાઢનારૂં. Proceeding by induction.

Indue, *v.t.* (ઇન્ડયુ) આપવું; દેવું. To invest; to endow.

Indulge, *v.t.* (ઇન્ડલ્જ) ચાલવા દેવું; પુરૂં પાડવું. મના ન કરવી; લાડ લડાવવાં. *v.t.* મનમાં આવે એવી રીતે ભોગ કરવો. To permit to continue; to gratify; to humour (L. *in, dulcis* Sweet).

Indulgence, *n.* (ઇન્ડલ્જેન્સ) છૂટ-રજા આપવી તે; બક્ષીસ, પ્રસાદ. Forbearance; compliance; gratification.

Indulgent,*a.* (ઇન્ડલ્જેન્ટ) લાડ લડાવનાર; માયાળુ. Compliant; mild.

Indurate, *a.* (ઇન્ડ્યુરેટ) કઠણ થવું-કરવું. To make or grow hard (L. *in, durus* hard).

Induration, *n.* કઠોરતા; નિર્દયતા.

Industrious, *a.* (ઇન્ડસ્ટ્રિયસ્) ઉદ્યોગી, મહેનતુ. Diligent; laborious (L. *in, struo* I heap up).

Industry, *n.* (ઇન્ડસ્ટ્રિ) ઉદ્યોગ, મેહેનત, પરિશ્રમ. Diligence in any employment.

Inebriate, *v.t.* (ઇનેબ્રિએટ) નીશો ચઢવો; બેશુદ્ધ થવું. To intoxicate; to stupify. *n.* છાકટું માણસ. (L. *in, ebrio* I make drink).

Inebriation, *n.* } કેફ, છાકટાપણું, ઉન્માદ.
Inebriety, ,, } Drunkenness; intoxication.

Ineffective, Inefficious, *a.* } વ્યર્થ,
Ineffectual, Inefficient „ } નિષ્ફળ, નિરૂપયોગી, નીર્થક, કામ કરી ન શકે એવું. Useless; not active.

Ineligible, *a.* (ઇન્એલિજીબ્લ્) પસંદ પડે નહીં એવું ; નાલાયક. That cannot be chosen (L. *in, lego* I choose).

Inept, *a.* (ઇનેપ્ટ) અયોગ્ય, નાલાયક. Not fit ; improper (L. *in, aptus* fit).

Inequality, *n.* (ઇન્ઇક્વૉલિટિ) અસમાનતા, ફેર, તફાવત. Unevenness ; diversity ; inadequacy. [inertia.

Inert, *a.* (ઇનર્ટ) જડ, અચેતન, સુસ્ત. Having

Inertia, *n.* (ઇનર્શિયા) જે સ્થિતિમાં હોય તેજ સ્થિતિમાં રહેવું એવો ગુણ, જડત્વ. Property of continuing in the same state (L. *in, ars* art).

Inevitable, *a.* (ઇન્એવિટેબ્લ્) જેથી બચી ન શકાય એવું ; અનિવાર્ય. That cannot be avoided; not to be escaped (L. *in, e, vito* I avoid).

Inexcusable, *a.* (ઇન્એક્સ્ક્યુઝેબ્લ્) માફ કરવાને અયોગ્ય, અક્ષમ્ય. Not to be excused or justified.

Inexhaustible, *a.* (ઇન્એક્ઝૉસ્ટિબ્લ્) ખૂટે નહીં એવું, અખૂટ. Not to be exhausted (L. *in, ex, haurio* I draw).

Inexorable, *a.* (ઇન્એક્સૉરેબ્લ્) કઠણ હૈયાનું ; નિર્દય. Not to be moved by entreaty ; unyielding (L. *in, exoro* I entreat).

Inexpedient, *a.* (ઇન્એક્સ્પીડિઅન્ટ) અયોગ્ય, અનુચિત. Improper ; unsuitable.

Inexperience, *n.* (ઇન્એક્સ્પીરિયન્સ) બીન વાકફગારી, અજાણપણું. Want of experimental knowledge (L. *in, experior* I try).

Inexpiable, *a.* (ઇન્એક્સ્પિએબ્લ્) પ્રાયશ્ચિત્ત કરવા લાયક નહીં એવું. Admitting no atonement.

Inexplicable, *a.* (ઇન્એક્સ્પ્લિકબ્લ્) સમજાય નહીં એવું, ગૂઢ. That cannot be explained.

Infallibility, *n.* (ઇન્ફૅલિબિલિટિ) ભૂલ થઇ ન શકવી તે ; અચુકપણું. Exemption from error (L. *in, fallo* I deceive).

Infallible, *a.* (ઇન્ફૅલિબ્લ્) ભૂલ ન કરી શકે એવું; અચુક. Not capable of erring.

Infamous, *a.* (ઇન્ફેમસ્) અપકિર્તિમાન; ફજેત થયેલું, બેઆબરૂનું. Notoriously bad ; odious (L. *in, fama* fame).

Infamy, *n.* (ઇન્ફમિ) અપકિર્તિ, અપજશ, બેઆબરૂ. Public disgrace ; disrepute.

Infancy, *n.* (ઇન્ફૅનસિ) બાલ્યાવસ્થા; બાળપણ, બચપણ ; આરંભ શરૂઆત. Early childhood ; the first part of life ; the beginning of existence (L. *in, fari* to speak).

Infant. *n.* (ઇન્ફન્ટ) બાળક; બચ્ચું ; છોકરૂં. *a.* કોમળ ; કાચું. A young child ; young ; tender.

Infantile, *a.* (ઇન્ફન્ટાઇલ) બાળપણનું ; બચપણનું. Pertaining to an infant.

Infanticide. *n.* (ઇન્ફૅન્ટિસાઇડ) બાળહત્યા; બાળહત્યા કરનાર. The intentional killing of an infant (L. *cœdo* I I cut).

Infantry, *n.* (ઇન્ફન્ટ્રિ) પગે ચાલનારૂં લશ્કર; પાયદળ. The soldiers that serve on foot.

Infatuate, *n.* (ઇનફ્ચ્યુએટ) ગાંડું-ઘેલું કરવું ; મોહ પામવું. To make fool ; to befool ; to inspire with an extravagant passion (L. *in, fatuus* foolish).

Infatuation, *n.* ગાંડાપણું ; મૂર્ખાઇ ; બુદ્ધિહીનતા. State of being **infatuated.**

Infect, *v.t.* (ઇનફેક્ટ) ચેપ લગાડવો; રોગી કરવું; *v.i.* બગાડવું. To taint with disease; to corrupt (L. *in, facio* I do).

Infection, *n.* (ઇનફેક્શન્) ઉડતો રોગ, ચેપ [State of being infected.

Infer, *v.t.* (ઇનફર્) અનુંમાન-તર્ક કરવો; અટકળ બાંધવી. To deduce; to draw or drive as a consequence (L. *in, fero* I bear).

Inference, *n.* (ઇનફરન્સ) અનુમાન; તર્ક. Deduction; conclusion.

Inferential, *a.* (ઇનફરેન્શ્યલ્) અનુમાન સિદ્ધ. Deducible by inference.

Inferior, *a.* (ઇનફીરિઅર્) નીચેની ઉતરતી પદવીનું-દરજાનું; નીચું; ઉતરતું. Lower in place, station or rank; less important. *n.* ઉતરતી પદવીનું-હોય નીચેનું માણસ. A person of a lower station or rank (L. *infra* beneath).

Inferiority, *n.* (ઇનફીરિઑરિટિ) ઉતરતી પદવી; ઉતરતો દરજ્જો; નીચપણું. A lower condition.

Infernal, *a.* (ઇનફર્નલ્) પાતાળ લોક સંબંધી; નરકવાસી; ઘાતકી નિર્દય. Hellish; satanic; malicious (L. *infra* beneath).

Infest, *v.t.* (ઇનફેસ્ટ) ઉપદ્રવ કરવો; દુઃખ દેવું; ઇજા કરવી. To trouble; to harass in large numbers (L. *in, fero* I bear).

Infidel, *a.* (ઇનફિડેલ્) ખ્રિસ્તી ધર્મનો અવિશ્વાસી; શાસ્ત્ર પર વિશ્વાસ રાખે નહીં એવું. Disbelieving the divine institution of christianity; faithless. *n.* અવિશ્વાસી માણસ. One who withholds belief (L. *in,* not *fides* faith).

Infidelity, *n.* (ઇન્ફિડેલિટિ) અવિશ્વાસ; બેઇમાન; જાર કર્મ. Faithlessness; unbelief.

Infinite, *a.* (ઇન્ફિનિટ) અપાર; અનંત; બેહદ. Without limits (L. *in, finis* end).

Infinitesimal, *a.* ઘણુંજ ન્હાનું, અતિ- [સુક્ષ્મ.

Infinitive Mood, *n.* સામાન્ય રૂપ.

Infinitude, *n.* } અનંતતા; બેહદપણું.
Infinity, „ } Unlimited extent of time space or quantity.

Infirm, *a.* (ઇન્ફર્મ) અશક્ત; દુર્બળ; કમજોર; અસ્થિર. Weak; feeble; irresolute (L. *in, firmus* firm).

Infirmary, *n.* (ઇન્ફર્મરિ) દરદીને રાખવાની જગા; બીમારખાનું; ઇસ્પીતાલ. An hospital for the sick).

Infirmity, *n.* (ઇન્ફર્મિટિ) અશક્તિ; નબળાઇ; દરદ; ખામી; ખોડ. Weakness; disease; fault; defect.

Infix, *v.t.* (ઇન્ફિક્સ) ખોસવું; ઘાલવું; જોડવું. To fix in; to fasten; to set in.

Inflame, *v.t.* (ઇન્ફ્લેમ) સળગાવવું; ચેતવવું; જાગૃત કરવું; વધારવું; તપાવવું. To set on fire; to kindle; to excite; to grow hot. (L. *in, flamma* flame).

Inflammable, *a.* (ઇન્ફ્લેમેબલ્) સેહેજ બળે એવું; જવાળાગ્રાહી. Easily set on fire.

Inflammation, *a.* (ઇન્ફ્લેમેશન્) આગ; આગ ઉઠવી તે; બળવું તે. The state of being on flame.

Inflammatory, *a.* (ઇન્ફ્લેમેટરિ) દાહક; ઝાળ ઉઠાડે એવું. Tending to inflame.

Inflate, *v.t.* (ઉન્ફ્લેટ) પવનથી ફુલાવવું; ગર્વથી ફુલાવવું. To swell by injecting air; to elate (L. *in, flo* I flow).

Inflation, *n.* (ઇન્ફ્લેશન્) ફુલાવું તે; પતરાજ. Act of inflating.

Inflect, *v.t.* (ઇન્ફ્લેક્ટ) વાળવું; વાંકું કરવું; વિભક્તિ લગાડવી; રૂપાખ્યાપન કરવાં. To bend; to modulate; to vary the terminations (L. *in, flecto* I bend).

Inflection, *n.* (ઇન્ફ્લેક્શન્) વાંકું વાળવું તે; રૂપ ; વિભક્તિ. The act of bending ; modulation.

Inflexibility, *n.* (ઇન્ફ્લેક્સિબિલિટિ) મરડાય નહીં એવો ગુણ; દઢપણું. Firmness. (L. *in, flecto* I bend).

Inflexible, *a.* (ઇન્ફ્લેક્સિબ્લ્) મરડાય-વળાય નહીં એવું; દઢ; આગ્રહી. Not to be bent; firm.

Inflict, *v.t.* (ઇન્ફ્લિક્ટ) દેવું, કરવું; ભોગવાવવું. To lay on; to apply (L. *in, fligo* I strike).

Infliction, *n.* (ઇન્ફ્લિક્શન્) દેવું તે ; ભોગવાવવું તે; દુઃખ; શિક્ષા. Act of inflicting ; punishment.

Influence, *n.* (ઇન્ફ્લ્યુએન્સ) અસર; સત્તા; વશીલો; વજન; વગ, ભારબોજ; ચલણ. Moral or spiritual power. *v.t.* અસર કરવી, ઉશ્કેરવું; મન વાળવું. To affect ; to act upon (L. *in, fluo* I flow).

Influential, *a* (ઇન્ફ્લ્યુએન્શિયલ્) વજનદાર, ભાર બોજવાળું. Exerting influence or power.

Influx, *n.* (ઇન્ફ્લક્સ) અંદર વહેવું તે; ભરતી. The act of flowing in ; infusion.

Infold, *v.i.* (ઇન્ફોલ્ડ) વીંટાળવું; લપેટવું ; ભેટવું; આલીંગન કરવું. To involve ; to embrace.

Inform, *v.t.* (ઇન્ફૉર્મ) સજીવન કરવું; ખબર આપવી; જણાવવું; કહેવું. To animate ; to make known.–er, *n.* અપરાધની ખબર આપનાર. (L. *in, forma* shape).

Informant, *n.* ખબર આપનાર-કરનાર. One who informs.

Information, *n.* (ઇન્ફૉર્મેશન્) ખબર; વરતમાન; સમાચાર; સુચના. Knowledge; intelligence ; instruction.

Informal, *a.* (ઇન્ફૉર્મલ્) નિયમ વિરૂદ્ધ ; અવ્યવસ્થિત. Not in the usual form. irregular (L. *in, forma*).

Informality, *n.* (ઇન્ફૉરમેલિટિ) અવિધિ ; સિરસ્તા મુજબ નહોવું તે. Want of regular form.

Infraction, *n.* (ઇન્ફ્રૅક્શન્) ભાંગવું તે ; ભંગ ; ઉલ્લંઘન. Violation ; the act of breaking (L. *in, frango* I break).

Infringe, *v.t.* (ઇન્ફ્રિંજ) ભાંગવું, તોડવું. To break.–ment, *n.* ભંગ; ઉલ્લંઘન. Breach, violation.

Infuriate, *a.* (ઇન્ફ્યુરિએટ) ગુસ્સાથી ગાંડું થયેલું ; ક્રોધાંધ. Enraged; mad. *v.t.* ક્રોધ ચઢાવવો. To render furious ; to enrage. (L. *in, furo* I rave).

Infuse, *v.t.* (ઇન્ફ્યુઝ) રેડવું, પલાળવું, ભીજવવું. To pour in ; to steep in water (L. *in, fundo* I pour).

Infusion, *n.* (ઇન્ફ્યુઝન્) રેડવું તે ; કાવો, ક્વાથ. Act of infusing ; liquor made of infusion.

Ingenious, *a.* (ઇન્જીનિયસ્) યુક્તિમાન, અક્કલમંદ; શોધક બુદ્ધિનું. Possessed of the faculty of invention ; skilful.

Ingenuity, *n.* (ઇન્જેન્યુઇટિ) શોધક બુદ્ધિ; કલ્પના શક્તિ ; ચતુરાઇ. Invention ; wit ; openness.

Ingenuous, *a.* (ઇન્જેન્યુઅસ્) કુલીન, ખાનદાન ; ભોળું, નિષ્કપટ. Of honourable extraction ; noble; frank.

Ingot, *n.* (ઇન્ગૉટ્) સોનું, રૂપું, ઇત્યાદિ ધાતુની લગડી. A mass of metal.

Ingraft, *v.t.* (ઇન્ગ્રેફ્ટ) ડાળી કાપવી; કલમ કરવી. To insert a shoot of one tree into another.

Ingrate, *a.* (ઇન્ગ્રેટ) કૃતઘ્ન, નિમકહરામ. Unthankful ; unpleasing.

Ingratitude, *n.* (ઇન્ગ્રૅટિટ્યુડ) કૃતઘ્નતા;

નિમકહરામી. Unthankfulness; retribution of evil for good.

Ingratiate, *v.t.* (ઇન્ગ્રેશિએટ) મેહેરબાની મેળવવી; વહાલા થવું. To get into favour.

Ingredient, *n.* (ઈન્ગ્રીડિયન્ટ) ભાગ; અંશ. A component part of any substance (L. *in*, *gradior* I enter).

Ingress, *n.* (ઈન્ગ્રેસ્) અંદર જવુંતે; પ્રવેશ. Entrance; a going into (L. *in*, *gradior* I go).

Inguinal, *a.* (ઈન્ગ્વિનલ્) જાંગના સાંધા સંબંધી. Pertaining to the groin (L. *inguen* the groin.

Ingulf, *v.t.* (ઈન્ગલ્ફ) ગરક કરવું, બુરાડી દેવું. To swallow up into a gulf.

Inhabit, *v.t.* or *v.i.* (ઇન્હેબિટ્) વાસ કરવો; રહેવું, વસવું. To dwell or live in; to abide (L.*in*,*habeo* I have).

Inhabitable,*a.*(ઈન્હેબિટેબલ્) રહેવા જોગ. That may be inhabited.

Inhabitant, *n.* (ઈન્હેબિટન્ટ) રહેવાશી; રહેનાર. A dweller; one who resides.

Inhale, *v.t.* (ઇન્હેલ) શ્વાસ-દમ લેવો. To draw into the lungs; to inspire, (L. *in*, *halo* I breathe).

Inharmonious, *a.* બેસુર, બેતાલ, અપસ્વર. Discordant; unmusical.

Inhere, *v.i.* (ઇન્હીયર) વળગી-ચોંટી રહેવું. To exist in something else. (L. *in*, *hæreo* I stick). [Innate.

Inherent, *a.* (ઇન્હીરન્ટ) ચોંટી રહે એવું.

Inherit, *v.t.* (ઇન્હેરિટ્) વારસ થવું; વારસો મળવો. To receive by descent from an ancester (L. *in*, *hæres* an heir).

Inheritable, *a.* (ઇન્હેરિટેબલ્) વારસામાં મળે એવું; વારસ થવાજોગ. That may be inherited.

Inheritance, *n.* (ઇન્હેરિટન્સ) વારસો, વતન; વારસામાં મળવું તે. Hereditary possession, patrimony.

Inhibit, *v.t.* (ઈન્હિબિટ્) અટકાવવું, અટકાવ કરવો. To restrain; to prohibit, to hinder. (L. *in*, *habeo* I hold). [Restraint; hindrance.

Inhibition, *n.* અટકાવ, મના, નિષેધ.

Inhospitable, *a.* (ઇન્હૅાસ્પિટેબલ્) પરોણા ચાકરી કરે નહીં એવું. Not kind to strangers.

Inhospitality, *n.* (ઇન્હૅાસ્પિટૅલિટિ) પરોણા ચાકરી ન કરવી તે. Want of kindness to strangers. [Cruel, savage.

Inhuman, *a.* (ઇન્હ્યુમન્) નિર્દય, ક્રૂર.

Inhumanity, *n.* (ઇન્હ્યુમૅનિટિ) નિર્દયતા, ક્રૂરતા. Cruelty; savageness.

Inhume, See Bury.

Inimical, *a.* (ઇનિમિકલ્) વેર રાખે એવું; દ્વેષી. Unfriendly; hostile (L. *in*, *amo* I love).

Iniquitous, *a.* (ઇનિક્વિટસ્) અધર્મનું, અન્યાયનું. Unjust; wicked (L. *in*, *œquitas* equity).

Iniquity, *n.* (ઇનિક્વિટિ) અન્યાય, અધર્મ, દુષ્ટતા. Wickedness; injustice.

Initial, *a.* (ઇનિશિયલ્) પહેલું, પ્રથમ, આરંભનું. Beginning. (*n.*) નામનો પહેલો અક્ષર. The first letter of a word or name (L. *in*, *eo* I go).

Initiate, *v.t.* (ઇનિશિએટ) મૂળતત્વ શિખવવાં; કોઇ મંડળીમાં દાખલ કરવું. To instruct in rudiments or principles; to introduce.

Initiation, *n.* (ઈનિશિએશન્) ઉપદેશ આપી મંડળીમાં દાખલ કરવું તે. Admission by application of ceremonies.

Initiative, *a.* આરંભનું; દીક્ષા સંબંધી. Beginning. *n.* આરંભ, પહેલ, શરૂઆત.

Inject, *v.t.* (ઈન્જેક્ટ)અંદર ઘાલવું; પિચકારી મારવી. To dart or throw in (L. *in*, *jacio* I throw).

Injection, *n.* (ઇન્જેક્શન્) પીંચકારી મારીને શરીરમાં ઘાલવાનું ઓસડ. Medioine to be injected.

Injudicious, *a.* (ઇન્જ્યુડિસ્યસ્)અવિચારી, અવિવેકી, બેસમજ. Imprudent; unwise.

Injunction, *n.* (ઇન્જંક્શન્) આજ્ઞા, હુકમ. A mandate; command; letter of I. તાકીદ પત્ર. (L. *in*, *jungo* I join).

Injure, *v.t.* (ઇન્જર) નુકશાન-બગાડ-ખરાબી કરવી; ઘાયલ કરવું; વગાડવું. To wrong; to hurt or wound; to damage or lessen the value of; to impair (L. *in*, *jus* right).

Injurious, *a.* (ઇન્જ્યુરિયસ્) નુકશાન-દુઃખ કારક. Wrongful; hurtful.

Injury, *n.* (ઇન્જરિ) નુકશાન, ખરાબી; વાગવું તે; બગાડ. Wrong; mischief; detriment.

Injustiee, *n.* (ઇન્જસ્ટિસ) અન્યાય, ગેરઇનસાફ, અધર્મ; અયોગ્ય દોષ મુકવો તે. Iniquity; wrong (L. *in jus* right).

Ink, *n.* (ઇન્ક) શાઇ; રૂશનાઇ. A liquid used in writing or printing (*v.*) શાઇ લગાડવી-ચોપડવી.

Inkle, *n.* ઇન્કલ્) પાટી. A tape.

Inkling, *n.* (ઇન્કિલંગ) ઇશારત; સુચના. A hint; a whisper.

Inkstand, *n.* (ઇન્કસ્ટૅન્ડ) ખડીયો. A case for holding ink.

Inland, *a.* (ઇન્લૅન્ડ) સમુદ્રથીદુરનું, અંદરના ભાગનું. Remote from the sea. દેશનું-દેશી. Carried on within a country.

Inlay, *v.t.* (ઇન્લે) જડવું; બેસાડવું. To set or place in.

Inlet, *n.* (ઇન્લેટ્) રસ્તો; માર્ગ, ખાડી. A passage; an entrance; an arm of the sea.

Inmate, *n.* (ઇન્મેટ) સાથે રહેનાર; સહવાશી. One who dwells in the same house.

Inmost, *a.* (ઇન્મોસ્ટ) અંદરનું; બાજુનું.

Inn, *n.* (ઈન્) ધર્મશાળા, વીસી, મુસાફરખાનું. A house of entertainment for travellers.

Innate, *a.* (ઇન્નેટ) જન્મનું; સ્વભાવિક. Inborn, natural (L. *in*, *natus* born).

Innavigable, *a.* વહાણથી જવાય અવાય નહીં એવું. Impassable by ships.

Inner, *a.* } સહુથી અંદરનું. Interior; further inward than something else.
Innermost, ,, }

Inn-keeper, *n.* (ઈન્કીપર્)વીસીવાળો. One who keeps an inn.

Innocence, *n.* } નીરપરાધીપણું,નિષ્કપટ Harmlessness; simplicity.
Innocency, ,, }

Innocent, *a.* (ઈનોસન્ટ) નિરપરાધિ; નિર્દોષ; નિષ્કપટી. Harmless; inoffensive; free from guilt (L. *in*, *noceo* I hurt).

Innocuous, *a.* (ઇનૉક્યુઅસ્) નિરપકારી; જેથી દુઃખ ન થાય એવું. Harmless; safe.

Innovate, *v.t.* (ઇનોવેટ) નવી રીત ચાલુ કરવી. To introduce novelties (L. *in*, *novo* I make new).

Innovation, *n.* (ઇનોવેશન્)નવી રીત-ચાલ; ધારામાં કીધેલો ફેરફાર. Introduction of novelties.

Innuendo, *n.* (ઇન્યુએન્ડો) આડી વાત કરીને કરેલી ઇસારત. An oblique hint (L. *in*, *nuo* I nod).

Innumerable, *a.* (ઇન્યુમરેબલ્) અગણિત, બેસુમાર; બેહદ. That cannot be numbered for multitude.

Inoculate, *v.t.* (ઈનૉક્યુલેટ) એક ઝાડની કળી બીજા ઝાડપર ઉગાવવી; કલમ કરવી; સીતળા કાડવા. To insert the bud

of a tree in another; to communicate a disease by inserting infectious matter (L. *in*, *oculus* an eye).

Inoculation, *n.* (ઇન્‌ઑાક્યુલેશન્) શીતળા કાઢવા તે. The act of inoculating.

Inoculator, *n.* શીતળા કાઢનાર. One who inoculates.

Inodorous, *a.* (ઇન્‌ઓાડરસ્) વાસ વિનાનું. Having no smell or scent.

Inoffensive, *a.* (ઇન્‌ઑાફેન્સિવ) ગરિબ, રાંક, નિરપકારી. Harmless; doing no injury.

Inoperative, *a.* (ઇન્‌ઑાપરેટિવ) અસર કરે નહીં એવું; નિરૂપયોગી. Producing no effect.

Inopportune, *a.* (ઇન્‌ઑાપૉર્ચ્યુન) અકાલિક; કવેળાનું. Unseasonable in time.

Inordinate, *a.* (ઇન્‌ઑાર્ડિનેટ) બેસુમાર, અપરિમિત. Irregular; disorderly (L. *in*, *ordo* I order).

Inorganic, *a.* (ઈન્‌ઑારગૅનિક્) જડ; નિર્જીવ. Destitute of organs.

Inquest, *n.* (ઈન્‌ક્વેસ્ટ) તપાસ; સરકારી ચોકશી. A judicial inquiry or search (L. *in*, *quœro* I seek.

Inquietude, *n.* (ઇન્‌ક્વાયટ્યુડ) બેચેન; અસમાધાન. Restlessness; uneasiness (L. *in*, *quies* rest).

Inquire, *v.t.* (ઇન્‌ક્વાયર) પુછવું; શોધતજવીજ કરવી. To ask about; to seek for truth or information by asking question (L. *quœro* I seek.

Inquiry, *n.* (ઇન્‌ક્વાયરિ) શોધ; તપાસ; ચોકશી. Examination; interrogation.

Inquisition, *n.* (ઇન્‌ક્વિઝિશન્) તપાસ; ચોકશી; સરકારી શોધ. Judicial inquiry; examination.

Inquisitive, *a.* (ઈન્‌ક્વિઝિટિવ) શોધક; ચોકશી કરે એવું. Addicted or given to inquiry.

Inroad, *n.* (ઇન્‌રોડ્) કોઇ દેશ પર શત્રુની ચઢાઇ. સ્વારી; હુમલો; હદ છોડીને પારકી મીલકતપર જવું તે. An invasion; a sudden erruption; encroachment.

Insalubrious, *a.* (ઇન્‌સૅલ્યુબ્રિયસ્) આરોગ્ય રાખે નહીં એવું; વ્યાધિકર. Unwholesome.

Insane, *a.* (ઇન્‌સેન) ગાંડો; ઘેલો; દીવાનો. Of unsound mind; mad; delirous (L. *in*, *sanus* sound).

Insanity, *n.* (ઇન્‌સૅનિટિ) ઘેલાપણું; ગાંડાપણું. Unsoundness of mind; madness; lunacy.

Insatiable, *a.* (ઇન્‌સૅશિએબલ્) અસંતોષી; ઘણોજ લોભી. Incapable of being satisfied or appeased; very greedy (L. *in*, *satis* enough).

Inscribe, *v.t.* (ઇન્‌સ્ક્રાઇબ) કોતરવું; ખોદવું; ઉપર લખવું; અર્પણ કરવું; ઠસાવવું. To engrave on; to write on; to address to; to impress on (L. *in*, *scribo* I write).

Inscription, *n.* (ઇન્સ્ક્રિપ્શન્) લેખ; શિલાલેખ; ખિતાબ. Something written; title; address.

Inscrutable, *a.* (ઇન્‌સ્ક્રૂટેબલ્) શોધાય નહીં એવું; ગુઢ. Unsearchable.

Insect, *n.* (ઇન્‌સેક્ટ) જીવડું; જીવજંતુ; કીડો. A small creeping or flying animal (L. *in*, *seco* I cut.)

Insectivorous, *a.* (ઇન્‌સિક્ટિવોરસ્) કીડા ખાનારૂં, કીડા ભક્ષક. Subsisting on insects.

Insecure, *a.* (ઇન્‌સીક્યુઅર) જોખમ ભરેલું સંશય યુક્ત. Unsafe; exposed to danger.

Insecurity, *n.* (ઇન્સિક્યુરિટિ) જોખમ; ભય. Danger; hazzard.

Insensibility, *n.* (ઇન્સેન્સિબિલિટિ) અસાવધપણું; બેભાની; અશુદ્ધિ; બેવકૂફાઇ. Inability to feel or perceive; want of emotion or affection (L. *in, sentio* I feel).

Insensible, *a.* (ઇન્સેન્સિબ્લ્) અદ્રશ્ય; અગોચર; બેભાન; બેશુદ્ધ; નિર્દય. Imperceptible to the senses; void of affection.

Inseperable, *a.* (ઇન્સેપેરેબ્લ્) જુદું પડાય નહીં એવું. That cannot be disjoined.

Insert, *v.t.* [ઇન્સર્ટ) દાખલ કરવું; અંદર ખોસવું. To thrust in; to set in (L. *in, sero* I join).

Insertion, *n.* (ઇન્સર્શન્) અંદર ઘાલવું તે; દાખલ કરવું તે. Act of inserting.

Inside, *n.* (ઇન્સાઇડ) અંદરની બાજુ; આંતરડાં. Internal parts; entrails. *a.* અંદરની બાજુનું. *ad.* અંદર, માંહે.

Insidious, *a* (ઇન્સિડિયસ્) કપટી દગલબાજ, દગાખોર, કાવતરાં ખોર. Deceitful; intended to entrap; cunning; artful (L. *in, sideo* I sit).

Insidiousness, *n.* (ઇન્સિડિયસ્નેસ્) કપટી પણું, દગલબાજી. Treachery; a watching for an opportunity to ensnare.

Insight, *n.* (ઇન્સાઇટ્) પૂર્ણ જ્ઞાન; માહિતી; જાણ, પીછાણ; પરિચય. Thorough knowledge or skill; deep inspection or view.

Insignia, *n.* (ઇન્સિગ્નિય) ચિન્હ, નિશાનિ; લક્ષણ. Badges or marks of office or honour; signs (L. *in, signum* mark).

Insignificance-cy, *n.* (ઇન્સિગ્નિફિકન્સ-સિ) હલકાપણું, નીચ પણું. Meanness.

Insignificant, *a.* (ઇન્સિગ્નિફિકન્ટ) અર્થ વગરનું; નજીવું, હલકું; ફોકટ, નિર્થક. Destitute of meaning; trivial; mean; contemptible.

Insincere, *a.* (ઇન્સિન્સીઅર) કપટી; દગલબાજ, લબાડ. Dissembling; false; unsound.

Insincerity, *n.* (ઇન્સિન્સેરિટિ) કપટ; દગો; ઢોંગ; બેવકૂફાઇ. Dissimulation; hollowness.

Insinuate, *v.t.* (ઇન્સિન્યુએટ) જુક્તિથી ઘુસવું; ધીમે રહીને અંદર પેસવું; ઇસારો કરવો; પ્યાર મેળવવો. To wind in; to ingratiate; to introduce gently.–ing, *a.* પેટમાં પેશી જનાર. (L. *in, sinus* the bosom).

Insinuation, *n.* (ઇન્સિન્યુએશન્) પેટમાં પેશી જવાનો–વશ કરવાનો ગુણ; વશીકરણ; ઉશ્કેરણી; ઈશારત. The art or power of pleasing and stealing on the affections; a hint.

Insipid, *a.* (ઇન્સિપિડ્) બેસ્વાદ; ફીકું; મોળું; અસર કરે નહીં એવું. Tasteless; vapid; wanting spirit; dull (L. *in, sapio* I taste).

Insipidity, *n.* (ઇન્સિપિડિટિ) સ્વાદ-રસ હિનતા; વિરસતા. Want of taste, life, or spirit.

Insist, *v.i.* (ઇન્સિસ્ટ) આગ્રહ-હઠ કરવી; બોહોળ કરવી. To dwell on; to urge; to press earnestly (L. *in, sto* I stand.

Insnare, *v.t.* (ઇન્સ્નેર) ફસાવવું; ફાંસામાં આણવું. To catch in a snare; to entangle; to inveigle.

Insobriety, *n.* (ઇન્સોબ્રાઇટિ) છાકટાપણું. Drunkenness.

Insociable, *a.* (ઇન્સોસિયબ્લ્) મળતાવડું નહીં એવું; કોહ્યું, અતડું. Taciturn; That cannot be united.

Insolent, *a.* (ઇન્સોલન્ટ) ઉદ્ધત, મગરૂર, ફાંડ, ગર્વિષ્ટ. Contemptuous; overbearing; haughty; impudent (L. *in, soleo* I am accustomed.)

Insoluble, *a.* (ઇન્સોલ્યુબ્લ્) ઓગળે નહીં એવું; છુટે નહીં એવું; કઠણ. That cannot be dissolved (L. *in, solvo* I dissolve).

Insolvable, *a.* (ઇન્સૉલ્વેબ્લ્)પીગળે-ગળી જાય નહીં તેવું. That cannot be loosened or unravelled.

Insolvency, *n.* (ઇન્સૉલ્વન્સિ) નાદારી; નાદારપણું; દેવાળું. Inability of a person to pay all his debts; insufficiency to discharge all debts of the owner (L. *in, solvo* I dissolve).

Insolvent, *a.* (ઇન્સૉલ્વન્ટ) નાદાર; દેવાળીઓ; દેવાળું કાઢનાર. A debtor unable to pay his debts.

Insomuch, *ad.* ઇન્સોમચ્) અહીં સુધીનો; એટલે લગી; So that; to that degree.

Inspect, *v.t.* (ઇન્સ્પેક્ટ) જોવું, તપાસવું, શોધન કરવું, પરિક્ષા કરવી. To look into; to view or examine officially for the purpose of examination (L. *in, specio* I look).

Inspection, *n.* (ઇન્સ્પેક્શન્)તપાસ, નજર, નીંઘા; પરિક્ષા. Watch.

Inspector, *n.* (ઇન્સ્પેક્ટર્) તપાસનાર; પરિક્ષા લેનાર; ઇન્સ્પેક્ટર.

Inspiration, *n.* (ઇન્સ્પિરેશન્) શ્વાસ-દમ લેવો તે; ઇશ્વરિ પ્રેરણા. Inhalation.

Inspire, *v.t.* (ઇન્સ્પાયર) શ્વાસ-દમ લેવો; ફુંકવું; આશા-હિમ્મત-ઉત્તેજન આપવું; પ્રેરણા કરવી. To draw in breath; to inhale; to animate or enliven; to communicate as divine instructions to the mind (L. *in, spiro* I breathe).

Inspired, *a.* (ઇન્સ્પાયર્ડ) ઇશ્વર પ્રેરિત; ઇલ્હામી. Informed by the Holy Spirit.

Instability, *n.* (ઈન્સ્ટૅબિલિટિ) અસ્થિરતા; ચલિતપણું. Inconstancy; fickleness; liability to change (L. *in, sto* I stand). [constant.

Instable, *a.* (ઈન્સ્ટેબ્લ્) અસ્થિર. Inconstant.

Install, *v.t.* (ઇન્સ્ટૉલ્) રાજ્યા ભિશેક કરવો; સંસ્કારપૂર્વક સ્થાપવું-બેસાડવું. To set or instate in an office, rank, or order.

Installation, *n.* (ઈન્સ્ટૉલેશન્) સ્થાપના; સંસ્કાર કરીને કીધેલી સ્થાપના; રાજ્યાભિશેક. Act of giving possession of an office, &c., with the customary ceremonies.

Installment, *n.* (ઇન્સ્ટૉલમેન્ટ) હફ્તો, કાંધું; સંસ્કારપૂર્વક સ્થાપના. Part of a sum of money paid at a particular time.

Instance, *n.* (ઇન્સ્ટન્સ) કાલાવાલા; આજીજી; આગ્રહ; દ્રષ્ટાંત; ઉદાહરણ; દાખલો; પ્રસંગ; કાળ. Importunity, solicitation; example; occasion; time. *v.t.* ઉદાહરણ આપવું. To mention as an example (L. *in, sto* I stand).

Instant, *a.* (ઈન્સ્ટન્ટ) આગ્રહી; તત્પર; ઉતાવળું; ચાલતું. *n.* ક્ષણ, પળ, વખત. Earnest, urgent; quick; current. *n.* a moment; a particular time. Every I. પળેપળે; ક્ષણેક્ષણે. In the first I. પ્રથમ; પહેલાં.

Instantaneous, *a.* (ઇન્સ્ટન્ટેનિયસ્)લાગલું જ થાય એવું. Done in an instant.

Instanter, *ad.* (law) તરતજ; તેજ ઘડીયે.

Instead, *ad.* (ઇન્સ્ટેડ્)બદલે,અવેજમાં,વતી. In the stead, place or room of.

Instep, *n.* (ઇન્સ્ટેપ્) પગની પાની; એડી. The fore part of the upper side of the foot near its junction with the leg.

Instigate, *v.t.* (ઈન્સ્ટિગેટ) ઉશ્કેરવું; ચઢાવવું; ઉશ્કેરણી કરવી. To stimulate;

to urge; to incite (L. *in, stigo* I incite).

Instigation, *n.* (ઇન્સ્ટિગેશન્) ઉશ્કેરણી; શીખવણી. Incitement to evil.

Instigator, *n.* (ઇન્સ્ટિગેટર્) ઉશ્કેરણી આપનાર; શળી કરનાર. A tempter; one who incites to evil.

Instil, *v.t.* (ઇન્સ્ટિલ્) થોડું થોડું કરી મનમાં ભરવું-ઠસાવવું. To iufuse by drops (L. *in, stillo* I drop).

Instinct, *n.* ઇન્સ્ટિંક્ટ) જ્ઞાન, પ્રેરણા બુદ્ધિ, સમજ. The natural faculty or disposition by which animals are led to do whatever is necessary for their preservation (L. *in, stinguo* I prick).

Institute, *n.* (ઇન્સ્ટિટયુટ) નીયમ, ધારો, કાયદો, વિધિ. *v.t.* સ્થાપવું, બાંધવું ઠરાવવું; શરૂ કરવું. An established law; settled order; precept; principle. *v.* to establish; to enact (L, *in, statuo* I set).

Institution, *n.* (ઇન્સ્ટિટયુશન્) સ્થાપના; કાયદો; ધારો સ્થાપેલી મંડળી; વિદ્યોત્તેજક મંડળી. Permanent form of law; an organised society.

Instruct, *v.t.* (ઇન્સ્ટ્રક્ટ) શિખવવું; કેળવણી આપવી; હુકમ આપવો; ખબર કરવી. To teach; to admonish; to command; to inform (L. *in, struo* I build).

Instruction, *n.* (ઇન્સ્ટ્રક્શન્) શિક્ષા; સલાહ; ઉપદેશ; શિખવવું-કેળવણી આપવી તે A precept; direction; mandate; education; advice.

Instructive, *a.* (ઇન્સ્ટ્રક્ટિવ) શિક્ષા આપે એવું; બોધકારક, Serving to instruct or inform.

Instructor, *n.* (ઇન્સ્ટ્રક્ટર્) શિખવનાર [શિક્ષક. A teacher.

Iustrument, *n.* (ઇન્સ્ટ્રુમેન્ટ) ઓજાર; હથિયાર; શસ્ત્ર; સાધન; લેખ; ખત; પત્ર; વાજીંત્ર. A tool; an implement; that which is made a means; a contract (L. *in, struo* I bind).

Instrumental, *a.* (ઇન્સ્ટ્રુમેન્ટલ્) કાર્ય સાધક. Serviceable.

Instrumentality, *n.* (ઇન્સ્ટ્રુમેન્ટૅલિટિ) સાધકપણું; મારફત; હસ્તક. Agency of any thing as means to an end.

Insubordinate, *a.* (ઇન્સબોર્ડિનેટ) ઉપરીના તાબે ન રહે એવું; બેઅદબ. Disobedient (L. *in, sub, ordo* I order).

Insubstantial, *a.* (ઇન્સબ્સ્ટૅન્શિયલ્) ખોટું; અવાસ્તવિક. Not real (L. *in, sub, sto* I stand).

Insufferable, *a.* (ઇન્સફરેબલ્) ન સંખાય એવું; અસહ્ય. Intolerable (L. *in, sub, fero* I bear).

Insufficient, *a.* (ઇન્સફિશિયન્ટ) ઓછું; જોઇએ તેટલું નહીં; અયોગ્ય; નાલાયક. Inadequate; incapable; unfit. (L. *in, sub, facio* I make).

Insular, *a.* (ઇન્સ્યુલર્) બેટનું; ટાપુનું; પાણીથી વીંટાળાયેલું. Belonging to an island. (L. *insula* an island).

Insulated, *a.* (ઇન્સ્યુલેટેડ્) અલગ; છૂટું પડેલું. Seperate; not contiguous.

Insult, *n.* (ઇન્સલ્ટ) અપમાન; બે અદબી; ગેરઆબરૂ. *v.* અપમાન-બેઅદબી કરવી. An indignity; gross abuse. *v.* to treat with insolence and contempt (L. *in, salco* I leap).

Insuperable, *a.* (ઇન્સ્યુપરેબલ્) મુશ્કેલ; ન જીતાય એવું; ઓળંગાય નહી એવું; અનિવાર્ય. That cannot be overcome; insurmountable (L. *in, supero* I pass over).

Insupportable, *a.* (ઇન્સપોર્ટેબલ્) ઉંચકાય નહીં એવું; અસહ્ય. That cannot be borne; intolerable (L. *in, sub, porto* I carry)

Insuppressible, *a.* (ઇન્સપ્રેસિબલ્) દાબી શકાય નહીં એવું. Not to be suppressed (L. *in, sub, premo* I press).

Insurance, *n.* (ઇન્સ્યુરન્સ) વીમો. Security against loss by the payment of a certain sum (L. *in, securus* certain).

Insure, *v.t.* (ઇન્સ્યુઅર) વીમો ઉતારવો; ખાત્રી કરવી To make sure or secure. [વીમાવાળો. An underwriter.

Insurer, *n.* (ઇન્સ્યુરર્) વીમો ઉતારનાર ;

Insurgent, *a.* (ઇન્સરજંટ) બંડ ઉઠાવનાર, બળવાખોર. A rebel (L. *in, surgo* I rise).

Insurmountable, See Insuperable.

Insurrection, *n.* (ઇન્સરેકશન્) બળવો, બંડ, ફીતુર, હુલ્લડ. A sedition; a rebellion (L. *in, surgo* I rise).

Insusceptible, *a.* (ઇન્સસેપ્ટિબલ્)અસર થાય નહીં એવું. Not capable of being affected.

Intangible, *a.* (ઇન્ટેન્જીબલ્) જેને સ્પર્શ થાય નહીં એવું; અસ્પર્શ. Not perceptible by touch (L. *in, tango* I touch). [A whole number.

Integer, *n.*(ઇન્ટીજર્) પૂર્ણાંક; પૂર્ણ સંખ્યા.

Integral, *a.* (ઇન્ટીગ્રલ્) આખું; અખંડ. Whole; complete; not fractional.

Integrity, *n.* (ઇન્ટેગ્રિટિ) પ્રમાણીકપણું; સરળતા; નેકી. Uprightness; honesty; rectitude (L. *in, tango* I touch).

Integument, *n.* (ઇન્ટેગ્યુમેન્ટ) ઢાંકણ ; આવરણ. Any thing that covers another (L. *in, tego* I cover).

Intellect, *n.* (ઇંટલેક્ટ) અક્કલ, બુદ્ધિ, વિચાર શક્તિ. The faculty of thinking; the understanding (L. *inter, lego* I choose)

Intellectual, *a.* (ઇંટલેક્ટ્યુઅલ્) બુદ્ધિનું; મનનું; માનસિક; અક્કલવાન. Mental; ideal; relating to the understanding.

Intelligence, *n.* (ઇંટેલિજન્સ) જ્ઞાન; સમજ; બુદ્ધિ, ચતુરાઈ; ખબર, સમાચાર. Understanding; skill; notice.

Intelligent, *a.* (ઇંટેલિજન્ટ) હોંશીયાર ; બુદ્ધિવાન. Skilful; instructed.

Intelligible, *a.* (ઇંટેલિજીબલ્) સમજાય એવું; બુદ્ધિગમ્ય. That may be understood.

Intemperance, *n.* (ઇંટેમ્પરન્સ) બેસુમાર પણું; અમિતાહાર; અત્યાહાર; હદની બાહાર વરતવું તે. Want of moderation; excess in indulgence (L. *in, tempero* to moderate.

Intemporate, *a.* (ઇંટેમ્પરેટ) અમીતાહારી; બદપરેજ; ઘણું ખાનાર; છાકટો. Immoderate in appetite; gluttonous; excessive.

Intend, *v.t.* (ઇંટેન્ડ) ધારવું; ઇરાદો-મનસુબો રાખવો. To design; to purpose (L. *in, tendo* I stretch).

Intense, *a.* (ઇંટેન્સ ઘણું; અતિશય. Vehement; extreme; strained. **Intensity**, *n.* (ઇન્ટેન્સિટિ) તંગપણું; સખ્તાઇ; અતિશયતા; જબરાપણું. Extreme degree; excess.

Intent, *n.* (ઇંટેન્ટ) અભિપ્રાય; મતલબ; ઇરાદો. *a.* એકાગ્રચિત્ત, એકચિત્ત.Design, purpose, meaning. *a.* anxiously diligent; eager.–ly, *ad.* એક ચિત્તે. eagerly (L. *in, tendo* I stretch).

Intention, *n.* (ઇંટેન્શન્) ઇરાદો; ધારણા; મનસુબો; હેતુ ; અર્થ. Design, purpose; end; aim.–al, *a.* જાણી જોઈને—સમજીને કરેલું. Done by design;–ally, *ad.* જાણી જોઇને ; જાણી બુજીને. By design.

Inter, *v.t.* (ઇંટર્) દાટવું; ગાડવું; જમીન-

માં પુરવું. To bury (L. *in, terra* the earth).

Intercalary, *a.* (ઇન્ટરકૅલેરિ) વચમાં ઘાલેલું; અધિક. Inserted in the midst of others (L. *inter, calo* I call).

Intercalate, *v.t.* અધિક માસ-દહાડો ગણવો. To insert days.

Intercede, *v.t.* (ઇંટરસીડ) વચ્ચે પડવું; વચ્ચે પડી સમજાવવું-સમાધાન કરવું; મધ્યસ્થ થવું. To interpose; to mediate (L. *inter, cedo* I go).

Intercept, *v.t.* (ઇંટરસેપ્ટ) અધવચ અટકાવવું-રોકવું; વેહેવાર બંધ કરવો. To take or seize on by the way; to stop on its passage or in progress (L. *inter, capio* I take).

Intercession, *v.i.* (ઈંટરસેશન્) મધ્યસ્થપણું; વચમાં પડી પતાવવું તે. Mediation (L. *inter, cedo* I go).

Intercessor, *n.* (ઇંટરસેસર્) મધ્યસ્થ; વચમાં પડી પતાવનાર. A mediator; one who pleads on behalf of another.–y, *a.* મધ્યસ્થપણાથી કરેલું.

Interchange, *v.t.* (ઇંટરચેન્જ) અદલાબદલી કરવું; અનુક્રમે આવવું. *n.* અદલાબદલી—અનુક્રમે આવવું તે. To exchange; to reciprocate; to succeed alternately. *n.* mutual change.—able, *a.* અદલબદલ કરાય એવું. That may be given and taken mutually.

Intercourse, *n.* (ઇંટરકોર્સ) આવવા જવા વગેરેનો વ્યવહાર; વહીવટ. Communication; commerce. Social I. મિલાવડો; ખાવાપીવા વગેરેનો વ્યવહાર. Familiar I. ઘરવટ, ઘરોબો. પરિચય.

Interdict, *v.t.* (ઇંટરડિક્ટ) મના કરવી; નિષેધ કરવો. *n.* મના, નિષેધ. To forbid; to prohibit. *n.* a forbiding; a prohibiting order (L. *intro, dico* I say.

Interdictory, *a.* (ઇંટરડિક્ટરિ) મનાઇ વાળું; નિષેધનું. Serving to prohibit.

Interest, *n.* (ઇંટરેસ્ટ) ફાયદો, હિત, લાભ, કલ્યાણ; વગ, વશીલો; ભાગ, હિસ્સો; સ્વાર્થ, કાળજી; વ્યાજ. *v.* કાળજી-અસર કરવી; ભાગીદાર-સામેલ હોવું. Advantage; influence; share; concern; regard to private profit. *v.* to concern; to affect; to have a share (L. *inter, esse* to be).

Interesting, *a.* (ઇન્ટરેસ્ટિંગ) મનોરંજક, ખુશકારક; દીલપસંદી. Engaging the attention or curiosity.

Interfere, *v.t.* (ઇંટરફીયર) વચ્ચે પડવું, હાથ ઘાલવો; નડવું, ખલેલ કરવી. To strike between; to interpose; to intermiddle (L. *inter, ferio* I strike).

Interference, *n.* વચે પડવું તે; મધ્યસ્થપણું. Interposition; a clashing.

Interim, *n.* (ઇન્ટરિમ્) વચમાંનો કાળ-સરસો. The meantime. (L. *inter* between).

Interior, *a.* (ઇંટીરિયર્) અંદરનું-માંહેનું. *n.* અંદરની બાજુ-ભાગ. Internal; inner. *n.* the inside.

Interjacent, *a.* (ઇંટરજેસન્ટ) વચે આવેલું Intervening (L. *in, jacio* I throw).

Interjection, *n.* (ઇન્ટરજેકશન્) વચે નાખવું તે. (વ્યાકરણમાં) કેવળ પ્રયોગી અવ્યય, ઉદ્‌ગાર..

Interleave, *v.t.* (ઇંટરલીવ) ચોપડીમાં બબે પાનાની વચે એકેક કોરૂં પાનું ઘાલવું. To insert blank leaves in a book between other leaves.

Interline, *v.t.* (ઇંટરલાઇન) બે લીટીઓની વચે લખવું. To write in alternate lines.

Interlineation, *n.* (ઇન્ટરલિનીએશન્) બે લીટીઓની વચે લખેલો શબ્દ. Correc-

tion by writing between the lines.

Interlink, *v.t.* (ઇંટરલિંક) કડીએકડી જોડવી To connect by uniting links.

Interlocution, *n.* (ઇંટરલોક્યુશન્) સંવાદ, સંભાષણ. Dialogue; an interchange of speech (L. *inter, loquor* I speak).

Interlocutory, *a.* સંવાદરૂપ. Intermediate.

Interlope, *v.i.* (ઇંટરલોપ) અધિકાર નહીં છતાં બીજાના કામમાં માથું ઘાલવું-વેપાર કરવો. To intrude; to traffic without a license.—er, *n.* વગર પરવાનગીએ માથું ઘાલનાર-વેપાર કરનાર.

Interlunar-y, *a.* (ઇંટરલ્યુનર્-રિ) અમાવાસ્યા-અમાસનું-સંબંધી. Belonging to the time when the moon, about to change, is invisible (L. *inter, luna* the moon).

Intermarriage, *n.* (ઇંટરમરિયેજ) માંહો માંહી લગ્ન ; એક બીજામાં લગ્ન કરવાનો વ્યવહાર. Marriage between two families where each takes one and gives another.

Intermarry, *v.t.* (ઇંટરમૅરિ) માંહો માંહી લગ્ન કરવું. To marry amongst each other.

Intermeddle, *v.t.* (ઇંટરમેડ્લ્) વચમાં પડવું ; હાથ ઘાલવો; ઘુસવું. To meddle officiously.

Intermedial, *a.* (ઇંટરમેડિયલ્)
Intermediate, „ (ઇંટરમીડિએટ)
વચ્ચેનું, મધ્યનું. Intervening; lying or being in the middle (L. *inter, medius* middle).

Interment, *n.* (ઇંટરમેન્ટ) દાટવું તે; ભૂમિદાહ. Burial; inhumation (L. *in, terra* earth).

Interminable, *a,* (ઇંટરમિનેબ્લ્)
Interminate, „ (ઇંટરમિનેટ)
છેડા વગરનું; અનંત, બેહદ. Boundless; endless; unlimited (L. *in, terminus* a boundary).

Intermingle, *v.t.* (ઇંટર્ મિંગલ્) ભેળસેળ કરવું ; ભેળી નાંખવું. *v.i.* મળી જવું. To mingle together; to be mixed.

Intermission, *n.* (ઈંટરમિશન્) તહકુબી, વીરામ, અટકાવ. Temporary discontinuance; interval; rest (L. *inter mitto* I send).

Intermit, *v.t.* (ઈંટરમિટ્) અટકાવવું ; તહકુબ કરવું. *v.i.* વચમાં વચમાં-આંતરે આવવું. To interrupt; to suspend; to go off at intervals.

Intermittent, *a.* (ઇંટરમિટંટ) આંતરે આંતરે આવતું. Ceasing at intervals. I. fever આંતરિયો તાવ.

Intermix, See Intermingle.

Intermural, *a.* (ઈંટરમ્યુરલ્) ભીંત-દીવાલ-કોટના વચમાંનું. Being between two walls (L. *inter, murus* a wall).

Internal, *a.* (ઈંટર્નલ્) અંદરનું ; માંહેનું ; વાસ્તવિક, ખરૂં. Inward; intrinsic; real.–ly, *ad.* અંદરની બાજુએ; મનમાં, પેટમાં. Inwardly.

International, *a.* (ઇંટરનૅશનલ્) દેશ દેશનું. Relating to the intercourse between different nations.

Internos, આપણે બેજ જણા જાણીએ હાં.

Interpolate, *v.t.* (ઇંટરપોલેટ) અસલ ગ્રંથમાં વધારવું. To insert a spurious word or passage in a book ; to foist in (L. *inter, polio* I polish).

Interpolation, *n.* અસલ લખાણમાં ઉમેરેલા શબ્દ-વાક્ય.

Interpose, *v.t.* (ઇંટરપોઝ) વચ્ચે-મધ્યે મુકવું; ઘુસવું. *v.i.* મધ્યસ્થ થવું. To place between ; to intrude; to mediate (L. *inter, pono* I put.

Interposition, *n.* (ઇંટરપોઝિશન્)મધ્યસ્થ

પણું ; વચ્ચે આવવું તે. Intermediation ; intercession.

Interpret, *v.t.* (ઇંટરપ્રેટ્)અર્થ સમજાવવો; ભાષાંતર કરવું. To unfold the meaning of ; to explain ; to translate.

Interpretation, *n.* (ઇંટરપ્રેટેશન્) ભાષાંતર; તરજુમો; ખુલાસો; સમજણ. Explanation ; exposition.

Interpreter, *n.* (ઇંટરપ્રિટર્)સમજાવનાર ; ભાષાંતર તરજુમો કરનાર. One who explains.

Interregnum, *n.* (ઇંટરરેગ્નમ્) એક રાજાના મરણ પછી બીજો ગાદીએ બેસે તે વચ્ચેનો વખત. The time during which a throne is vacant between the death of one prince and the accession of another (L. *inter, regnum* rule).

Interrogate, *v.t.* (ઇન્ટરોગેટ) પૂછવું; પ્રશ્ન-સ્વાલ કરવો. To question ; to ask (L. *inter, rogo* I ask).

Interrogation, *n.* (ઇન્ટરોગેશન્) પ્રશ્ન, સ્વાલ. A question. વ્યાકરણમાં (?) પ્રશ્ન ચિન્હ.

Interrogative, *n.* (ઇન્ટરોગેટિવ) પ્રશ્નાર્થ ; પ્રશ્નનું. Denoting a question. *n.* પ્રશ્નાર્થ શબ્દ.

Interrupt, *a.* (ઇન્ટરપ્ટ) અટકાવવું,રોકવું, બંધ પાડવું. To hinder ; to divide; to seperate (L. *inter, rumpo* I break).

Interruption, *n.* (ઇન્ટરપ્શન્) અડચણ, હરકત, ભંગ. Stop ; hindrance ; cessation

Intersect, *v.t.* (ઇન્ટરસેક્ટ)વચમાંથી છેદવું -કાપવું, દુભાગવું. To cut asunder ; to divide (L. *inter, seco* I cut).

Intersection, *n.* (ઇન્ટરસેક્સન્) છેદવું તે; છેદન. A point where lines cross.

Interspersе, *v.t.* (ઇન્ટરસ્પર્સ) વચ્ચે ફેંકવું-વેરવું. To scatter here and there among other things (L. *inter, spargo* I scatter).

Interstice, *n.* (ઇન્ટરસ્ટીસ) ફાટ, ચીરો, ચીર, તડ. A space between things (L. *inter, sisto* I stand).

Interwine, *v.t.* (ઇન્ટરવાઇન) ગુંચવી નાંખવું ; ગુંચાવવું. To unite by twining one with another.

Interval, *n.* (ઇન્ટરવલ્) વચમાંનો વખત —અરસો-દરમ્યાન, અવકાશ, ફુરસદ. Space between places ; time between acts or events (L. (*inter, vallum* a wall).

Intervene, *v.i.* (ઇન્ટરવીન) વચમાં આવવું-પડવું-બનવું-હોવું ; મધ્યસ્થ થવું. To come between points of time or events (L. *inter, veneo* I come)

Intervention, *n.* (ઇન્ટરવેન્શન્) વચમાં પડવું-મધ્યસ્થ થવું તે. Interposition; mediation.

Interview, *n.* (ઇન્ટરવ્યુ) ભેટ, મૂલાકાત, મેળાપ. A mutual view ; a formal meeting.

Interweave, *v.t.* (ઇન્ટરવીવ) એકઠું વણવું ; ભેળી દેવું. To weave or insert together.

Intestate, *n.* (ઇન્ટેસ્ટેટ) વારસનામું કર્યા શિવાય મરનાર માણસ A person who dies without making a will (L *in, testo* I make a will). [બંધીનું.

Intestinal, *a.* (ઇન્ટેસ્ટિનલ્) આંતરડાં સં-

Intestine, *a.* (ઇન્ટેસ્ટિન) શરીરનું ; અંદરનું ; સ્વદેશનું. Internal ; domestic *n. pl.* આંતરડાં. The bowels ; the entrails. [To enslave.

Inthral, *v.t.* (ઇન્થ્રાલ્) ગુલામીમાં રાખવું.

Inthrone, See Enthrone,

Intimacy, *n.* (ઇન્ટિમસિ) ઘણોજ ઘરોબો; જીવજાન દોસ્તી ; પરિચય. Close familiarity or fellowship (L. *intus* within).

Intimate, *v.t.* (ઇન્ટિમેટ) ખબર-સુચના કરવી, જણાવવું. To hint; to give slight notice of. *a.* જીવજાન, દીલોજાન; અંદરનું, પાસેનું; close; familiar; near. *n.* જીવજાન મીત્ર. a familiar friend.

Intimation, *n.* (ઇન્ટિમેશન્) ખબર, સુચના, બાતમી. Suggestion; notice.

Intimidate, *v.t.* (ઇન્ટિમિડેટ) બીહીવડાવવું; દેહેસત લગાડવી. To frighten; to terrify (L. *in*, *timeo* I fear).

Intimidation, *n.* ધમકી, બીહીવડાવવું તે.

Into, *pre*, (ઇન્ટુ) અંદર, માહે, માં.

Intolerable, *a.* (ઇનટૉલેરેબલ્) સહન થાય-ખમાય નહી એવું; અસહ્ય. That cannot be borne (L. *in*, *tolero* I bear). [enduring.

Intolerant, *n.* સહન કરે નહી એવું. Not

Intonation, *n.* ઇનટોનેશન્) સ્વરભેદ, ગંભીર સ્વર. The modulation of the voice in speaking.

Intoxicate, *v.t.* (ઇનટૉકિસકેટ) અમલ-કેફ નીસો ચઢાવવો; કેફ ચઢાવવી; મસ્ત-ગાંડું કરવું. To inebriate; to make drunk (L. *in*, *toxicum* poison).

Intoxicating, *n.* (ઇનટૉક્સિકેટિંગ) કેફી, નીશાદાર. Having qualities that produce inebriation.

Intoxication, *n.* (ઇનટૉક્સિકેશન્) કેફ, અમલ. નિશો, મસ્તિ. Drunkenness; inebriation.

Intractability, *n.* (ઇનટ્રેકટેબિલિટિ) હઠ, અડિએલપણું. Obstinacy (L. *in*, *traho* I draw).

Intractable, *a.* (ઇનટ્રેકટેબલ્) હઠીલું, અડિએલ. Refractory; stubborn; ungovernable.

Intransitive, *a.* (વ્યાકરણમાં) અકર્મ.

Intransmutable, *a.* (ઇનટ્રેનસ્મ્યુટેબલ્) જેનું જાત્યાંતર થાય નહીં એવું. Unchangeable in substance (L. *in*, *trans*, *muto* I change).

Intrench, *v.t.* (ઇનટ્રેન્ચ) આશપાસ ખાઇ ખોદવી; મોરચો બંધ કરવો; ચાસવું; ઘુસવું. To fortify with a ditch and parapet; to furrow; to encroach.

Intrenchment, *n.* (ઇનટ્રેન્ચમેન્ટ) ખાઈ અને મોરચો. A ditch and a parapet for defence.

Intrepid, *a.* (ઇનટ્રેપિડ્) નિર્ભય, બહાદુર, છાતીવાળું. Undaunted; brave (L. *in*, *tremo* I tremble).

Intrepidity, *n.* (ઈનટ્રેપિડિટિ) હીંમત, છાતી, બાહાદુરી. Fearlessness; undaunted courage.

Intricacy, *n.* (ઇન્ટ્રિકસિ) ગુંચવણ; ગુંચ, અસરળતા. Perplexity; complication (L. *intricor* I start difficulties. [Complicated; obscure.

Intricate, *a.* (ઇનટ્રિકેટ) ગુંચવણ ભરેલું.

Intrigue, *n.* (ઇનટ્રીગ) કારસ્તાન; કાવતરૂં; કામ ચરિત્ર. *v.t.* કારસ્તાન-કાવતરૂં કરવું. A plot; a stratagem; an amour. *v.* to form plots.–r, *n.* કારસ્તાન કરનાર.

Intrinsic, *a.* | ઇન્ટ્રિંસિક્ | ખરેખરૂં,
Intrinsical ,, | ઇન્ટ્રિસિકલ્) | મુળનું, સ્વભાવિક. True, real, genuine (L. *intra* within, & *secus* near).

Introduce, *v.t.* (ઇંટ્રોડ્યુસ) અંદર લાવવું-લઈ જવું; ચલાવવું; પીછાન-ઓળખાણ-મુલાકાત કરાવવી, દાખલ કરવું. To lead or bring in; to make in; to import (L. *in duco* I lead).

Introduction, *n.* (ઈંટ્રોડકશન્) અંદર લાવવું તે; પ્રવેશ. ઓળખાણ કરાવવી તે; મુલાકાત; પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; દીબાચો. Act of introducing; preface; preliminary part of a discourse.

Introductory, *v.* | દાખલ કરે એવું; પ્ર-
Introductive, ,, | સ્તાવના રૂપ સંબંધી. Serving to introduce.

Introspection, *n.* (ઈંટ્રોસ્પેકશન્) અંદરની

આન્તર્નું અવલોકન-તપાસ. A view of the inside (L. *intro, specio* I see).

Intrude, *v.t., v.i.* (ઈન્ટ્રુડ) વગર બોલાવે અંદર જવું ; ઘુસવું ; મર્યાદા છોડી જવું ; માથું મારવું. To thrust in; to force in rudely ; to come in unwelcome (L. *in, trudo*, I thrust).

Intruder, *n.* (ઈનટ્રુડર્) વગર બોલાવે આવનાર-જનાર, ઘોલ્લો. One who intrudes.

Intrusion, *n.* (ઈન્ટ્રુઝન્) ઘુસાડવું.તે. Encroachment; entrance without right.

Intrusive, *a.* વગર બોલાવે જાય એવું.

Intrust, *v.t.* (ઇનટ્રસ્ટ) સોંપવું, સ્વાધીન કરવું. To commit to the care of.

Intuition, *n.* (ઈંટયુઈશન્) કુદરતી જ્ઞાન ; અંતર્જ્ઞાન. Immediate knowledge (L. *in, tucor* to look).

Intwine, See Entwine.

Innundate, *v.t.* (ઇનનન્ડેટ) જળમય કરવું; રેલ આવવી ; રેલછેલ-ભરપૂર કરવું. To over flow ; to overwhelm ; to flood (L. *in, unda* wave).

Inundation, *n.* (ઈનન્ડેશન્) રેલ, પૂર. પ્રલય. A flood ; an overflowing.

Inure, *v.t.* (ઈન્યુઅર) ટેવ પાડવી ; મહાવરો કરાવવો To accustom ; to habituate (L. *in, utor* I use).

Inutility, *n.* (ઇન્યુટિલિટિ) નીરૂપયોગ. Uselessness (L. *in, utor* I use).

Invade, *v.t.* (ઈન્વેડ) હુમલો કરવો; સ્વારી-ચઢાઈ કરવી. To attack ; to assail ; to enter as an animal (L. *in, vado* I go).

Invader, *n.* (ઈન્વેડર્) ચઢાઈ-હુમલો કરનાર. one who invades.

Invain, *ad.* મીથ્યા, ફોકટ, વ્યર્થ.

Invalid, *a.* (ઇન્વૅલિડ્) નબળું, નકામું, બાતલ. Not strong ; void ; null ; of no weight. *n.* રોગી-દરદી માણસ. One who is weak (L. *in, validus* strong)

Invalidate, *v.t.* (ઇન્વૅલિડેટ) વ્યર્થ-રદકરવું; ભંગ કરવું. To overthrow.

Invalidity, *n.* નબળાપણું, વ્યર્થતા. Weakness.

Invaluable, *a.* (ઈન્વૅલ્યુએબ્લ્) અમુલ્ય, ઘણુંજ કિંમતી. Inestimable. (L. *in, valeo* I am strong).

Invariable, *a.* (ઈન્વેરિએબ્લ્) એક સરખું; સ્થિર ; બદલાય નહીં એવું. Unalterable ; unchangeable.

Invasion, *n.* (ઈન્વેઝન) ચઢાઇ, હુમલો. Inroad ; attack (L. *in, vado* I go).

Invective, *n,* (ઈન્વેક્ટિવ) નીંદા, બદગોઈ, ગાળ. Railing speech ; railing (L. *in, veho* I carry).

Inveigh, *v.t.* (ઇન્વે) નીંદા કરવી ; ભૂંડુ બોલવું. To upbraid.

Inveigle, *v.t.* (ઇન્વીગલ્) ફોસલાવવું ; ભૂલથાપ દેવી. To entice; to wheedle. (L. *in, oculus* the eye).

Invent, *v.t.* (ઇન્વેન્ટ) કાંઈ નવું સોધી કહાડવું ; બનાવવું. To find out or to devise some thing new; to fabricate (L. *in, venio* I come).

Invention, *n.* (ઇન્વેન્શન્) શોધ, નવી યુક્તિ, યોજના. A thing invented ; forgery.

Inventive, *a*- શોધક, નવું શોધી કહાડે એવું. Ingenious , apt to invent.

Inventor, *n.* (ઇન્વેન્ટર્) નવું શોધી કહાડનાર ; બનાવનાર. One who invents.

Inverse, *a.* (ઇન્વર્સ) ઉલટું, ઉંધુ, અવળું. Opposed to direct; inverted (L. *in, verto* I turn).

Inversion, *n.* ઉલટું કરવું તે ; વ્યતિક્રમ ; પરસ્પર જગ્યાની અદલા બદલી. Change of order.

Invert, *v.t.* (ઇન્વર્ટ) ઉલટાવવું, ઉંધું વાળવું

To turn upside down (L. *in, verto* I turn).

Invest, *v.t.* (ઇન્વેસ્ટ) પહેરાવવું; સત્તા-પદવી આપવી; ઘેરો ઘાલવો; પૈસા નાખવા. To clothe; to arry; to place in possession of office or rank; to surround(L.*in,vestis* a garment).

Investigate, *v.t.* (ઇન્વેસ્ટિગેટ) શોધવું, તપાસવું. To inquire into; to examine (L. *in, vestigo* I search).

Investigation, *n.* (ઇન્વેસ્ટિગેશન્) ચોકશી, શોધ, તપાસ, તજવીજ. A searching, a scrutiny.

Investiture, *n.* (ઇન્વેસ્ટિટયુર) આપવું તે; અભિષેક; જનોઇ દેવી તે; ઉપવિત. The act of investing.

Investment, *n.* See Investiture.

Inveterate, *a.* (ઇન્વેટરેટ) ઘણા દિવસનું, કઠું; સખત; જુનું. Become old; deep rooted; obstinate (L. *in, vetus* old).

Invidious, *a.* (ઇન્વિડિઅસ્) અદેખું; દ્વેષજનક; ધિક્કારવા જોગ. Hateful; likely to provoke envy (L. *in, video* I see). [અસાવધાની.

Invigilance, *n.* (ઇન્વિજીલન્સ) ગફલત,

Invigorate, *v.t.* (ઇન્વિગોરેટ) પુષ્ટ-મજબુત-જોરાવર કરવું. To give vigour to; to strengthen; to animate (L. *in, vigeo* I am strong).

Invigorating, *a.* પુષ્ટીકારક; ધાતુ પુષ્ટ. Strengthening.

Invincible, *a.* (ઇનવિંસિબ્લ્) જીતાય નહીં એવું; અજીત. Unconquerable; unsurmountable (L. *in, vinco* I conquer).

Inviolable, *a.* (ઇનવાયોલેબ્લ્) બગાડાય-નાપાક કરાય નહીં એવું; અભંગ. Not to be profaned or broken (L.*in, violo* I injure).

Inviolate, *a.* (ઇનવાયોલેટ) અખંડિત; અભંગ, નહીં બગડેલું. Unprofaned; unbroken.

Invisible, *a.* (ઇન્વિઝિબ્લ્) દેખાય નહીં એવું; અદ્રષ્ય. Not perceptible by the sight (L. *in, video* I see).

Invitation, *n.* (ઇન્વિટેશન્) તેડું, નોતરૂં, આમંત્રણ, ઇજન. Act of inviting; solicitation (L. *in, voco* I call).

Invite, *v.t.* (ઇનવાઇટ) બોલાવવું, તેડવું, ચીત્ત ખેંચી લેવું, લલચાવવું. To ask; to solicit; to draw to; to allure.

Invocate, See Invoke.

Invocation, *n.* (ઇન્વોકેશન્) આવાહન, વિનંતી. Act of calling upon in prayer.

Invoice, *n.* (ઇન્વૉઇસ) મોકલેલા માલની યાદી-ભરતીઉં,—સતમી. ભરતીયું કરવું. An account of goods sold or consigned with their prices.

Invoke, *v.t.* (ઇન્વોક) નામ લેવું; પ્રાર્થન કરવી; આજીજીથી માગવું. To call upon; to address in prayer (L. *in,voco* I call).

Involuntary, *a.* (ઇન્વૉલંટરિ) ઇચ્છા વગરનું; ખુશી ઉપરાંતનું; નાખુશીનું. Not done willingly (L. *in, volvo* I roll.

Involve, *v.t.* (ઇન્વોલ્વ) લપેટવું, વિંટાળવું, ઢાંકવું; ફસાવવું; To infold; to comprise; to contain; to complicate (L. *in, volvo* I roll).

Invulnerable, *a.* (ઈન્વલ્નરેબ્લ્) વજ્ર શરીરનું; જેને ઘા લાગે નહીં એવું. That cannot be wounded or injured (L. *in, vulnus* a wound).

Inward, *a.* (ઇન્વર્ડ) અંદરનું; માંહેનું; મનમાંનું. Inner; placed within.–ly, *ad.* અંદરથી, અંદરની બાજુએ.

Inwrought, *a.* (ઇનરૉટ્) શણગારથી ભરેલું–જડેલું. Addorned with figures.

Iodine, *n.* (આયોડાઇન) (રસાયણ શાસ્ત્રમાં) કાળાસ પડતા રંગની એક વસ્તુ.

Irascible, *a.* (ઇરૅસિબ્લ્) જરા જરામાં ગુસ્સો કરે એવું. Prone to anger; irritable (L. *ira* anger).

Ire, *n.* (આયર) ગુસ્સો, ક્રોધ. Anger; wrath, rage.–ful, *a.* તામસી-ક્રોધી. (L. *ira* anger).

Irksome, *a.* (અર્કસમ) કંટાળા ભરેલું, ત્રાસદાયક. Wearisome; tedious.

Iron, *n.* (આયર્ન) લોઢું, લોખંડ. *n. pl.* બેડી, ઝાંઝરિયાં. *a.* લોઢાનું; સખત. *v.t.* કપડાંને ઇસ્ત્રી કરવી; બેડી ઘાલવી. A metal; fetters; chains *a.* made of iron; severe. *v.* to sackle with irons; to fetter.

Iron-bound, *a.* લોઢાથી બાંધેલું; ખડબડચું.

Iron-clad, *a.* લોઢાંનાં પત્રાંથી મઢેલું.

Iron-founder, *n.* લોઢાનું ભરત કામ કરનાર.

Iron-foundry, *n.* લોઢાનું ભરત કામનું કારખાનું.

Iron-hearted, *a.* વજ્ર-કઠણ હૈયાનું.

Iron-monger, *n.* લોઢાનો સામાન વેચનાર. A dealer in hardware.

Iron-mold, *n.* લુગડાંપર પડેલો લોઢાનો ડાઘ.

Iron-smith, *n.* લુહાર.

Iron-works, *n.* લોઢાનું કારખાનું.

Ironical, *a.* (આઇરૉનિકલ્) હોય તેથી ઉલટું બોલવા સંબંધી; અન્યોક્તિવાળું. Expressing one thing and meaning the opposite.

Irony, *n.* (આઇરનિ) હોય તેથી ઉલટું બોલવું તે; અન્યોક્તિ. A mode of speech in which the meaning is contrary to the words; sarcasm (G. *eiron* a dissembler).

Irradiate, *v.t.* (ઇરૅડિએટ) પ્રકાશિત કરવું; રોશની આપવી. To brighten; to illuminate (L. *in, radio* I shine).

Irrational, *a.* (ઈરૅશનલ્) બુદ્ધિ વગરનું; અજ્ઞાન; મૂર્ખાઇ ભરેલું. Void of reason; absurd (L. *in, ratio* reason)

Irrationality, *n.* બુદ્ધિ હિનતા; અજ્ઞાનતા।

Irreclaimable, *a.* (ઇરીક્લેમેબ્લ્) ઠેકાણે ન આવ તેવું; વંઠેલ; વહી ગયેલું. Not to be reformed (L. *in, re, clamo* I cry out).

Irreconcilable, *a.* (ઇરેકન્સાઇલેબ્લ્)મળી જાય નહીં એવું; પરસ્પર વિરૂદ્ધ. That cannot be appeased).

Irrecoverable, *a.* (ઇરીકવરેબ્લ્) પાછું આવે નહીં એવું; ઉપાય વિનાનું. Not to be repaired (L. *in, re, capio* I take).

Irregular, *a.* (ઇરેગ્યુલર્) બેરીવાજ, નીયમ વગરનું, બેડોળ, વાંકું. Not uniform; unmethodical (L. *in, rego* I rule).

Irregularity, *n.* (ઇરેગ્યુલૅરિટિ) અનિયમ; નઠારી ચાલ. nordinate practice; vice.

Irrelevant, *a.* (ઇરેલિવન્ટ) લાગુ પડે નહી એવું; સંબંધ વગરનું. Not applicable.

Irreligion, *n.* (ઇરીલિજ્યન્) અધર્મ, દુરાચાર. Ungodliness; impiety.

Irremediable, *a.* (ઇરેમીડિયેબ્લ્) બેઇલાજ; નિરૂપાય. Incurable; irrepable.

Irreparable, *a.* (ઇરેપૅરબ્લ્) સુધરે-સમરે નહી એવું. Irrecoverable.

Irreprochable, *a.* } ઠપકો દેવાય નહીં
Irreprovable, „ } એવું; નિર્દોષ. Innocent; blameless.

Irresistible, *a.* (ઇરીઝિસ્ટિબ્લ્) અટકાવી શકાય નહીં એવું; અનિવાર્ય. Superior to opposition.

Irresolute, *a.* (ઇરેઝૉલ્યુટ) અસ્થિર મનનું; ઢચુપચુ કરતું. Not firm in purpose.

Irretrievable, See irrecoverable.

Irreverence, *n.* (ઇરેવરન્સ) અનાદાર; અપમાન. Disrespect (L. *in, re, verior* I fear).

Irrevocable, *a.* (ઇરીવોકેબ્લ્) ફેરવાય નહીં એવું. That cannot be annulled.

Irrigate, *v.t.* (ઇરિગેટ) નેહેર—તળાવ વગેરેની મારફતે ખેતરને પાણી પાવું. To water, as land by causing a stream to flow upon and over it (L. *in, rigo* I water).

Irrigation, *n.* (ઇરિગેશન્) નેહેર-તળાવ વીગેરેની મારફતે ખેતરને પાણી પાવું તે.

Irritable, *a.* (ઇરિટેબલ્)ચિડિયું; તામસી; ખીજવાય તેવું. Easily provoked (L. *irrio* I snarl).

Irritate, *v.t.* (ઇરિટેટ) ચીડવવું, ખીજવવું, છેડવું. To provoke; to exasperate.

Irritation, *n.* (ઇરિટેસન્) ચિઢ; ગુસ્સો, ખીજવવું તે. Provocation; exasperation.

Irruption, *n.* (ઇરપ્શન્) એકાએક ફાટીને આવવું તે; એકાએક કરેલી ચઢાઇ. A breaking in; a sudden inroad (L. *in, rumpo* I break).

Is, *v.* (ઇઝ્) છે.

Island, *n.* (આઇલૅન્ડ) બેટ, ટાપુ, દ્વીપ. Land surrounded by water.–er, *n.* બેટનો રહેવાશી.

Isle, *n.* (આઇલ) બેટ, ટાપુ. Small island.

Islet, *n* નાનો ટાપુ; ઉપદ્વીપ.

Isolate, *v.t.* (ઈસોલેટ) અળગું-વેગળું મુકવું. To place apart (L. *insula* island).

Isolation, *n.* અળગાપણું; વેગળાપણું.

Isosceles, *a.* (ભૂમિતિમાં) સમદ્વિ બાજું.

Issue, *n.* (ઇસ્યુ) બહાર નીકળવું તે; નિપજ; હાંસલ; છોકરૂં, સંતતિ; છેવટ પરિણામ; મુદ્દો. *v.* બાહાર કાઢવું; ચાલુ કરવું. *v.i.* બહાર નીકળવું, ઉત્પન્ન થવું, પેદા થવું. Act of coming out; egress; progeny; conclusion; point to be considered in a trial. *v.* to come out; to proceed; to send forth. (L. *ex, ire* to go).

Isthmus, *n.* (ઈસ્ટમસ્) સંયોગી ભૂમિ. A neck of land joining two continents (G. *isthmos*).

It, *pro.* (ઇટ્) તે, એ, પેલું.

Itch, *n.* (ઈચ્) ખસ, ખુજલી, ખરજ. *v.* ખજવાળ-ચેળ આવવી. A cutaneous disease.–y. *a.* ખસવાળું-ખુજલીવાળું.

Item, *n.* (આઈટેમ્) રકમ, કલમ, બાબત; *ad.* બીજું, વળી. An article; *ad.* also.

Iterate, *v.t.* (ઇટરેટ) ફરીથી કહેવું-બોલવું. To repeat (L. *inter* a going).

Iteration, *n.* ફરીથી કહેવું-બોલવું.

Itinerant, *a.* (ઇટિનરંટ) ફર્યા કરનાર; ભટકનાર. Journeying; wandering (L. *eo* I go).

Itinerate, *v.i.* (ઇટિનરેટ) ઉપદેશ કરવાને ગામો ગામ ફરવું, To travel from place to place for the purpose of preaching.

Itself, *pr.* પોતાની મેળે, ખુદ, જાતે.

Ivory, *n.* (આઇવિરિ) હાથીદાંત. *a.* હાથીદાંતનું. The teeth of the elephant (L. *ebur* Ivory).

Ivy, *n.* (આઇવિ) ઘર–ઝાડ ઉપર ચઢતો વેલો. A creeping plant.

J.

J, ઇંગ્રેજી મૂળાક્ષરનો દસમો અક્ષર ; જ.

Jabber, *v.t. v.i.* (જૅબર્) બકબક કરવું. *n.* બકબક. To gabble. *n.* chatter.

Jack, *n.* (જૅક્) કોઈ હલકું પતરાજીખોર માણસ ; ખલાસી ; બુટ ખેંચી કહાડવાનું ઓજાર ; કવચ, બખતર. [block-head.

Jack-ass, *n.* ગધેડો ; મૂર્ખ, બેવકુફ. A

Jackal, *n.* (જૅકલ્) શિયાળ. An animal.

Jack-daw, *n.* (જૅકડૉ) જંગલી કાગડો.

Jacket, *n.* (જૅકેટ્) બદન, કબજો, બેડી. A short coat.

Jaconet, *n.* જગંનાથીનું કપડું.

Jade, *n.* (જેડ) દમ વગરનું ઘોડું ; જુવાન સ્ત્રી. *v.* થકવી નાંખવું–થાકી જવું. A mean tired horse ; a young woman ; *v.* To tire; to weary.

Jag, *n.* (જૅગ્) ખાંડ, કાંગરો ; *v.* ખાંડ પાડવી. A notch; *v.* to cut into notches.

Jail, See Gaol.

Jakes, *n.* (જેકસ) સંડાસ; વાડો, જાજરૂ. A privy (L. *jacio* I throw).

Jam, *n.* (જૅમ્) મુરબ્બો. A conserve of fruits *v.* દાબવું, ચાંપવું. To press.

Jangle, *v.i.* (જૅન્ગલ) કચકચ કરવી. *n.* કચકચ, બકબક. To wrangle; to altercate ; *n.* prate.

Janitor, *n.* (જૅનિટર્) પોળીયો, દરવાન. A door-keeper (L. *janua* door).

Janty, See under Jaunt.

January, *n.* (જૅન્યુઆરિ) અંગ્રેજી વર્ષનો પેહેલો મહીનો.

Jar, *n.* (જાર્) બેસુર-કઠોર અવાજ ; અણબનાવ ; કજીયો, બરણી, ઘડો. *v.* બેસુર વાગવું; અનુસરતું ન હોવું; વઢવું. Harsh sound ; quarrel ; earthen pot ; *v.* to strike together; to quarrel.

Jargon, *n.* (જારગન્) ગડબડવાળી બોલીભાષા. Unintelligible talk.

Jasmin, *n.* } (જૅસ્મિન) જાઇ, જુઈ,
Jassamine, „ } ચંબેલી વીગેરે ફુલની જાત.

Jaundice, *n.* (જૉન્ડિસ) કમળો. A kind of disease.

Jaunt, *v.i.* (જૉન્ટ) સેહેલ કરવા-ફરવા જવું; *n.* સેહેલ. To ramble here and there; *n.* a trip.

Jaunty, Janty, *a.* ભભકાદાર, ફાંકડું, ઈશકી. Showy ; finical. [spear.

Javelin, *n.* (જૅવેલિન્) ભાલો, બરછી. A

Jaw, *n.* (જૉ) જડબું, ડાચું ; મૂર્ખ. The check bone.

Jay, *n.* (જે) ચાસ ; નિલકંઠ. A bird.

Jealous, *a.* (જેલસ્) અદેખું ; વહેમી, સંશયી. Envious ; suspicious (G. *zelos* emulation).

Jealousy, *n.* (જેલસિ) અદેખાઇ, ઇર્ષા. Suspicious fear. Indignation.

Jeer, *v.* (જીયર્) મશ્કરી કરવી; મેણું મારવું. *n.* મજાક, મશ્કરી. To mock ; to float. *n.* a scoff. [શ્વર.

Jehovah, *n.* (જીહોવૅ) સ્વયંભૂ ; ખુદા ; ઇ-

Jejune, *a.* (જીજ્યુન) ખાલી, ઠાલું ; ભુખ્યું; રસ વિનાનું. Empty ; hungry ; uninteresting.

Jelly, *n.* (જેલિ) મુરબ્બો. The juice of fruits boiled with sugar (L. *gelo* I congeal).

Jeopard, *v.t.* } જોખમમાં નાંખવું. To
Jeopardise „ } hazard.

Jeopardy, *n.* (જેપાર્ડી) જોખમ, ધોકો, નુકશાન. Hazard ; risk.

Jerk, *v.t.* (જર્ક) હડસેલો મારવો ; ફેંકવું. *n.* ધક્કો, આંચકો. To thrust out ; *n.* a sudden thrust.

Jest, *n.* (જૅસ્ટ) ઠઠ્ઠો, મશ્કરી, મજાક. *v.* મશ્કરી કરવી. A joke ; a raillery. *v.* to joke.

Jester, *n.* મશ્કરી કરનાર ; ઠઠ્ઠાબાજ.

Jesuit, *n.* છળભેદ રમે એવું. An intriguer. [black fossil.

Jet, *n.* (જૅટ્) એક જાતનો કાળો પથર. A

Jet-D'ean, *n.* ફુઆરો, કરંજો. [યાહુદીનું.
Jew, *n.* (જ્યુ) યહુદી ; ઇસરાયલ ;—ish, *a.*
Jewel, *n.* (જ્યુએલ્) રત્ન, જવાહેર, ઘરેણું. A precious stone ; a gem.–ry, *n.* જવાહીર, જરીયાન.–ler, *n.* ઝવેરી. One who deals in jewels.
Jingle, *v.i.* (જીંગલ્) ઝણઝણ રણકો થવો; ખણખણવું. *n.* ઝણકારો, રણકો. To make a sharp clinking sound ; *n.* a sharp clinking sound.
Job, *n.* (જૉબ્) પરચુરણ કામ ; ઉધડ કામ. A piece of work.
Jockey, *n.* (જૉકી) ચાબુક સ્વાર ; લુચ્ચો ; ઠગ. *v.t.* છેતરવું. A rider of horses in a race ; a cheat.
Jocose, *a.* } મશ્કરીખોર, વીનોદી, ટોળીયો.
Jocular „ } Given to jokes (L. *jocus* joke).
Jocund, *a.* (જૉકન્ડ) આનંદી, રમુજી. Pleasant ; cheerful.
Jog, *v.t.* (જૉગ્) જરાક હડસેલો મારવો; ટોકવું. To give notice by a slight push. *v.i.* ધીમે ધીમે ચાલવું ; *n.* થોડો ટાંસો—Trot, *n.* ધીમી ને એક સરખી ચાલ.
Join, *v.t.* (જૉઇન્) જોડવું, મેળવી દેવું, સાંધવું ; *v.i.* જોડાવું, સંધાવું, એક થવું. To bind or tie together ; to unite ; to combine ; to adhere ; to grow to (L. *jungo* I join).
Joiner, *n.* સુથાર. Joinery, *n.* સુથાર કામ. Work of a joiner.
Joint, *n.* (જૉઇન્ટ) ગાંઠ ; સાંધો. *a.* સામેલ, એકત્ર, સહ. Articulation of limits; a knot. *a.* united ; combined.
Jointly, *ad.* સાથે મળીને ; એકઠા થઇને. Together ; unitedly.
Jointure, *n.* (જૉઈન્ચર) બઇરીનો હિસ્સો ; સ્ત્રી ધન. An estate settled on a wife (L. *jungo* I join).
Joist, *n.* (જૉઇસ્ટ) મોભ. A beam which supports a roof.

Joke, *n.* (જોક) મશ્કરી ; મજાક. *v.* મશ્કરી કરવી. A jest (L. *jocus* joke).
Jollity, *n.* (જૉલિટિ) ખુશ મિજાજ, મજા. Merriment ; gayety.
Jolly, *a.* (જૉલિ) ખુશ મિજાજી, રંગીલું. jovial ; merry.–boat, *n.* વહાણની હોડી-મછવો.
Jolt, *v.i.* *v.t.* (જોલ્ટ) આંચકો આવવો-લાગવો. *n.* આંચકો, હીલ્લો. To shake as a carriage on rough ground.
Jostle, *v.t.* (જૉસલ્) હડસેલવું. To push.
Jot, *n.* (જૉટ્) તલમાત્ર. બદામભાર. The least quantity.
Jotting, *n.* ટિપ્પણ ; નોંધ; સ્મરણ લેખ. A memorandum.
Journal, *n.* (જર્નલ્) રોજનામું-મેળ ; વર્ત્તમાન પત્ર. A diary ; a periodical (L. *jour* a day).
Journalist, *n.* વર્ત્તમાન પત્રનો લખનાર.
Journey, *n.* (જર્ની) મુસાફરી, દેશાટન. *v.* મુસાફરી કરવી. The travel of a day; to travel from place to place.
Journey-man, *n.* રોજ કામે આવતો મજુર ; રોજીંદાર. A hired workman.
Jovial, *a.* (જોવિઅલ્) ખુશ, આનંદી, રંગીલું. Joyous ; merry ; cheerful (L. *jovis* Jupiter.
Joy, *n.* (જૉય્) આનંદ, હર્ષ, ખુશી, સુખ. Delight ; gayety ; happiness *v.* ખુશી થવું ; આનંદ પામવો. To rejoice ; to gladden.–ful, *a.* આનંદી, ખુશ. Full of joy ; blessful.–less, *a.* ઉદાશ, દીલગીર. Giving no pleasure.
Joyous, *a.* (જૉયસ્) આનંદી, હરખાએલું. Mirthful.
Jubilee, *n.* (જ્યુબિલી) આનંદ-ખુશીનો દીવસ-ઉત્સવ. A season of great joy and festivity.
Judge, *n.* (જજ્જ) ન્યાયાધિશ, જડજ, ઇનસાફદાર. One who has authority

to determine causes in a court of law or justice. *v.* તોલ કરવો; ન્યાય કરવો; સમજવું. To decide; to determine; to form an opinion.

Judgeship, *n.* ન્યાયાધિશનો હોદ્દો.

Judgment, *n.* (જજમેન્ટ) વિવેક, સમજ, બુદ્ધિ; ચુકાદો, ઠરાવ. Faculty of judging; sentence pronounced; decision. [વસ; કયામત.

Judgment-day, *n.* જગતના ન્યાયનો દિ-

Judgment-hall, *n.* ન્યાય મંદિર-શાળા.

Judgment-seat, *n.* ન્યાયાસન.

Judicatory, *n.* (જ્યુડિકેટરિ) ન્યાય સભા; અદાલત. A court of justice.

Judicature, *n.* (જ્યુડિકેચર) ન્યાય-ઇનસાફ કરવાનો અધિકાર-સત્તા. Power of distributing justice.

Judicial, *a.* (જ્યુડિશિયલ્) ન્યાય સભાનું; ન્યાયાધિશનું. Pertaining to courts of justice.

Judicious, *a.* (જ્યુડિશ્યસ્) ડહાપણનું-વિવેકનું; ઉચિત. According to sound judgment.

Jug, *n.* (જગ્) કુંજો, ભોટવો, લોટો. A vessel for holding liquors.

Juggle, *v.* (જગલ્) નજરબંધી કરવી; હાથ ચાલાકી કરવી. To practise artifice (L. *jocus* a jest).

Juggler, *n.* (જગ્લર્) ગારૂડી, જાદુગર, ઠગ. A trickish fellow; a cheat,-y, *n.* ગારૂડી વિદ્યા, જાદુ.

Juice, *n.* (જ્યુસ) રસ, પાણી. The sap of vegetables.

Juicy, *a.* રસાળ, પાણીવાળું. Abounding with juice; moist.

Jujube, *n.* (જ્યુજ્યુબ) બોરડી; બોર. A tree and its fruit. [મહીનો.

July, *n.* (જ્યુલાઇ) અંગ્રેજી વર્ષનો સાતમો

Jumble, *v.t.* (જમ્બલ્) ગડબડ સડબડ કરવી; લોચો વાળવો. *n.* ગડબડ ગોટો, લોચો. To mix confusedly together. *n.* a confused mixture.

Jump, *v.* (જમ્પ) કુદવું; કુદકો મારવો. *n.* કુદકો, છલંગ. To leap; to spring upwards. *n.* a leap.

Junction, *n.* (જન્કશન્) જોડી દેવું; સંયોગ; સંગમ. The act of joining; union; combination (L. *jungo* I join). [A critical point.

Juncture, *n.* (જન્કચર્) જોગ, તક, ટાંકણું.

June, *n.* (જ્યુન) અંગ્રેજી વર્ષનો છઠો મહિનો.

Jungle, *n.* જંગલ, વેરાન.

Junior, *a.* (જ્યુનિયર્) નાહાનું; ઉતરતા દરજાનું. Younger; lower in office or rank (L. *juvenis* young).

Junket, *n.* મીઠાઇ, સુખડી. A sweetmeat. [એકગ્રહ.

Jupiter, *n* (જ્યુપિટર્) બૃહસ્પતિ; ગુરૂ;

Juridical, *a.* (જ્યુરિડિકલ્) અદાલતનું; ઇનસાફની બાબતનું. Pertaining to the administration of justice.

Jurisdiction, *n.* (જ્યુરિસ્ડિકશન્) સત્તા, અધિકાર, અમલ. Legal authority.

Jurisprudence, *n.* (જ્યુરિસપ્રુડન્સ) ધર્મ શાસ્ત્ર; કાયદાઓનો ઇલમ. The science of law (L. *jus, pro, video* I see).

Jurist, *n.* (જ્યુરિસ્ટ) ધર્મ શાસ્ત્ર જાણનારો. One versed in law.

Jury, *n.* (જ્યુરિ) પંચ, જુરી. The collective body of jurors,-man, *n.* પંચમાંનો એક.

Just, *a.* (જસ્ટ) અદલ, ઇનસાફી, ન્યાયી, રાસ્ત; ઘટતું. Upright; equitable; honest; exact; fair. *ad.* નિષ્પક્ષપાતપણે; બરાબર; ઠીક. Precisely; accurately; exactly.

Justice, *n.* (જસ્ટિસ) ન્યાય, ઈનસાફ, ધર્મ, સાચવટ; ન્યાયાધિશ. ઇનસાફદાર. Equity; honesty; impartiality; right; a person commissioned to administer justice. (*jus* right).

Justifiable, *a.* (જસ્ટિફાયેબલ્) યોગ્ય,

વ્યાજબી; ખરૂં છે એમ બતાવી અપાય એવું. Warrantable; that may be justified.

Justification, *n.* (જસ્ટિફિકેશન્) ખરૂં-વાજબી કરી આપવું તે. Vindication; absolution.

Justify, *v.t.* (જસ્ટિફાઈ) નિર્દોષ-બેગુના કરવું; ખરૂં છે એમ બતાવવું. To render just; to prove just; to vindicate.

Jut, *n.* (જટ્) બહાર નીકળવું. To shoot forward.

Juvenile, *a.* (જ્યુવીનાઇલ) નહાનું; તરૂણ; જુવાન. Young; youthful (L. *juvenis* young.

Juvenility, *n.* (જ્યુવીનિલિટિ) જુવાની, યુવાવસ્થા. Youthfulness.

Juxtaposition, *n.* (જક્સ્ટૅપોઝિશન્) સન્નિધતા; પાસે પાસે આવવું તે. Contiguity (L. *juxta* near, *pono* I place).

K.

K, ઇંગ્રેજી મૂળાક્ષરનો અગીઆરમો અક્ષર. ક.

Kalendar, *n.* See Calendar.

Kangaroo, *n.* કંગારૂ પ્રાણી.

Kaw, *n.* See Caw.

Keck, *v.i.* (કેક્) બકારી ખાવી-આવવી. To heave the stomach. *n.* બકારી.

Keel, *n.* (કીલ્) વહાણનું તળીયું. The bottom of a ship. *v.* વહાણ હંકારવું.

Keen, *a.* (કીન્) આતુર, ઇંતેજાર, સખત, કરડું; તીવ્ર, બારીક. Eager; vehement; sharp; piercing; acute.

Keep, *v.t.* (કીપ્) રાખવું, બચાવવું, સંભાળવું; ચલાવવું; ખોટી રહેવું-વાટ જોવી; પાળવું, રાખવું. To cease and to hold; to preserve; to detain; to manage; to tend; to attend to; to continue in. *v.i.* રહેવું, હોવું; ટકવું. To last; to dwell; to remain. *n.* સ્થિતિ, હાલત; ખાનપાનની બરદાશી. condition; case; maintenance. To K. back, છાનું રાખવું; To K. off, દુર રાખવું; To K. up, ઓછું ન થવા દેવું; To K. good hours, હમેશ બરાબર વખતે સુઇ જવું અને ઉઠવું.–ing, *n.* કબજો, તાબો, ચોકી, મેળ, ખાનપાન. A holding; congruity; maintenance.

Keeper, *n.* (કીપર્) રાખનાર, પાળનાર, રખવાળ. A preserver; one who keeps.

Keepsake, *n.* (કીપ્સેક) સંભારણું, યાદગીરી. A gift in token of regard.

Keg, *n.* (કેગ્) નાનું પીપ. A small barrel.

Ken, *v.t.* (કેન્) જાણવું; ઓળખવું. To understand; to recognise *n.* નીશાં, ખબર, નજર.

Kennel, *n.* (કેનલ્) કુતરાં રાખવાનો ખડો-ઓરડી. A cot for dogs (L. *canis* a dog.)

Kernel, *n.* (કર્નલ્) દાણો, કણ, ગર, મગજ, માવો; ટોપરૂં. A single seed; any thing inclosed in a husk.

Kettle, *n.* (કેટલ્) કિટલી; ચાહદાની. A vessel for boiling water or liquor. [ડંકો.

Kettle-drum, *n.* (કેટલ્ડ્રમ્) નગારૂં, ઢોલ,

Key, *n.* (કી) કુંચી, કીલી, ચાવી, કળ. An instrument for fastening and opening a lock.–hole, *n.* કુંચી ઘાલવાનું બાકું.–stone, *n.* કમાનમાં વચલો પથર.

Kick, *v.t.* *v.i.* (કિક્) લાત મારવી; પાટુ મારવું. *n.* લાત, પાટું, પગ ઉછાળવો તે. To strike with the foot; a blow with the foot.

Kick-shaw, *n.* વિચિત્ર ભોજન-જમણ. a fantastical dish.

Kid, *n.* (કિડ્) બકરીનું બચ્ચું. A young [goat.

Kidnap, *v.t.* (કિડ્નૅપ્) મનુષ્ય હરણ કરવું. To steal a human being.–per, *n.* મનુષ્ય હરણ કરનાર.–ping, *n.* મનુષ્ય હરણ.

Kidney, *n.* મુત્રાશય ; સ્વભાવ, પ્રકૃતિ.

Kidney-bean, *n.* અડદ.

Kill, *v.t.* (કિલ્) મારી નાંખવું ; કાપવું ; સમાવવું. To deprive of life; to quell.

Kiln, *n.* ભઠ્ઠી, નિંભાડો. A large stove.

Kin, *n.* (કિન્) સગાઇ, સગપણ ; સગાં. *a.* સગું, સંબંધી ; મળતું, સરખું. Relationship ; relatives. *a.* similar.

Kind, *n.* (કાઇન્ડ) જાત, પ્રકાર, રીત, તરેહ ; *a.* માયાળુ; કૃપાળુ, મેહેરબાન ; Race ; genus ; sort ; nature ; *a.* benevolent ; beneficient.

Kindle, *v.t., v.i.* (કિંડલ્) સળગાવવું, ચેતવવું; સળગવું, ચેતવું. To set on fire ; to light ; to inflame ; to take fire.

Kindly, *a.* દયાળું, કૃપાળું, માયકસર.Disposed to do good ; favourable. *ad.* મેહેરબાની કરીને.

Kindness, *n.* માયાળુંપણું ; કૃપા, મેહેરબાની. Favour ; good will.

Kindred, *n.* (કિન્ડ્રેડ્) સગાં, સંબંધી ; *a.* સરખું, મળતું. Relatives; *a.* related; cognate.

Kine, *pl.* of Cow. ગાયો.

King, *n.* (કિન્ગ) રાજા, બાદશાહ, નૃપતિ. A monarch ; a sovereign.–ly, *a.* રાજાનું, દરબારી.

King-craft, *n.* રાજ્ય નિતિ ; રાજ ચાતુર્ય.

Kingdom, *n.* (કિંગ્ડમ્) રાજપદ ; રાજ્યાધિકાર; રાજ, મુલક.Sovereign power; the dominion of a king. The animal K. પ્રાણી જાતિ. The mineral K. ધાતુ જાતિ. The vegetable K. વનસ્પતિ જાતિ.

Kingfisher, *n.* એક જાતનું જળગામી પક્ષી.

Kinsfolk, *n.* સગાંવહાલાં. Relatives.

Kinsman, *n.* (કિન્સ્મૅન્) સગો. A man of the same family.

Kiss, *n.* (કિસ્) ચુંબન, બચ્ચી. *v.* ચુંબન-બચ્ચી કરવી. A salute with the lips ; *v.* to salute with the lips.

Kit, *n.* (કિટ્) બટલો, સરસામાન. A whole outfit.

Kitchen, *n.* (કિચન્) રસોડું; બબરચીખાનું. A cook room.–garden, *n.* શાક ભાજીની વાડી. (L. *coquo* I cook).

Kite, *n.* (કાઇટ) શમળી, પતંગ, કનકવો. A bird of prey ; a paper toy.

Kith, *n.* (કિથ્) ઓળખીતું. Acquaintance. [A young cat.

Kitten, *n.* (કિટન્)બલાડીનું બચ્ચું–બચ્ચાં.

Knack, *n.* (નૅક્) સેહેજ જુક્તિવાળું રમકડું; જુક્તિ, કળ, કસબ. A petty contrivance ; a neat trick ; dexterity.

Knag, *n.* ગાંઠો, ગાંઠ, ખુંટી. A knot ; a peg.

Knap, *n.* (નૅપ્) ટેકરો, ઢેકો. A protuberance.–sack, *n.* બચકો, ઝોળી, જોઇણી.

Knave, *n.* (નેવ) ઠગ, ધુતારો. A rascal ; a scoundrel.–ry, *n.* ઠગાઇ, લુચ્ચાઇ, હરામખોરી.

Knavish, *n.* (નેવિશ્) લુચ્ચો, ઠગ, હરામખોર. Dishonest ; waggish.

Knead, *v.t.* (નીડ્) ડુંપવું, ગુંદવું. To press ingredients into a mass.

Knee, *n.* (ની) ઢીંચણ, ઘુંટણ. The joint of the leg and the thigh.–pan, *n.* ઢીંચણની કાચલી.

Kneel, *v.t.* (નીલ્) ઘુંટણીયે પડવું. To rest on the knee.

Knell, *n.* (નેલ્) મુડદું લેઇ જતી વેળાએ. વગાડેલો ઘંટો. The sound of a bell

rung at a funeral.

Knick-knack, *n.* રમકડું.

Knife, *n.* (નાઇફ) છરી, પાળી, ચપ્પું. A cutting instrument.

Knight, *n.* (નાઇટ) એ નામનો ખેતાબવાળો સરદાર ; (શેત્રંજમાં) ઘોડો. *v.* "સર" નો ખેતાબ,-પદવી આપવી.

Knight-hood, *n.* (નાઇટ્હૂડ્) નાઇટ નામના સરદારોની પદવી.

Knit, *v.t.* (નિટ્) બાંધવું, ગાંઠ વાળવી, ગુંથવું ; સંકોચવું. To tie in a knot; to connect ; to contract.

Knob, *n.* (નૉબ્) ગાંઠો, ગુંડો. A top ; a protuberance.

Knock, *v.i.* (નૉક્) ઠોકવું, અફળાવું, પછડાવું ; *v.t.* પછાડવું, અથડાવવું. *n.* ઠોકવું તે ; ટકોરો. To clash ; to strike with something hard or heavy; *n.* a stroke ; a rap.--er, *n.* બારણું ઠોકવાનું કડું—કડી. [of a hill.

Knoll, *n.* ડુંગરની ટોચ, શિખર. A top

Knot, *n.* (નૉટ્) ગાંઠ, ગ્રંથી, ટોળું, ઢેકો ; ઝુમખું ; મનની આંટી. *v.t.* ગાંઠ વાળવી ; ગાંઠવું ; ગુંચવવું. A complication made by knitting ; a tie ; a group ; a cluster. *v.* to unite closely ; to entangle.

Knotty, *a.* (નૉટિ) ગાંઠાવાળું ; કઠણુ ; ગુંચવણુ ભરેલું. Full of knots ; intricate ; difficult.

Know, *v.t.*,*v.i.* (નો) જાણવું, માહિત હોવું; ઓળખવું ; સમજવું ; પસંદ કરવું. To be aware of ; to understand clearly ; to learn ; to approve.

Knowing, *a.* ચતુર, હોશીયાર, ખબરદાર. Skilful ; intelligent.—ly, *ad.* જાણી જોઇને; જાણીબુજીને, With knowledge.

Knowledge, *n.* (નૉલેજ) જ્ઞાન, માહિતિ, ઓળખાણુ ; સમજણુ ; વિદ્યા ; ચતૂરાઇ. Learning, skill ; acquaintance ; information. Carnal K. સંભોગ ; Spiritual, K. આત્મજ્ઞાન.

Kunckle, *n.* (નક્લ્) આંગળીનો સાંધો ; વેઢો. *v.i.* નમવું, શરણુ થવું. A joint of the finger ; to submit.

L.

L, ઇંગ્રેજી મૂળાક્ષરનો બારમો અક્ષર. લ.

Label, *n.* (લેબલ્) ચિઠ્ઠી ; ટિકટ ; *v.* ચીઠ્ઠી ચોડવી–મારવી. A narrow slip of paper containing a name or title ; to affix a label.

Labial, *a.* (લેબિયલ્) ઓષ્ટસ્થાની ; *n.* ઓષ્ટ સ્થાની અક્ષર. Pertaining to the lips (L. *labium* a lip).

Labour, *n.* (લેબર્) મેહેનત, શ્રમ ; મજુરી, પ્રસવ વેદના. *v.i.* મેહેનત-કામ કરવું. Exertion ; servile toil ; travail. *v.* to toil ; to work (L. *labor*).

Laboratory, *n.* (લેબોરેટરિ) કારખાનું ; ઉદ્યોગશાળા. A place where any thing is prepared for use.

Labourer, *n.* (લેબરર્) મજુર ; વ્હેતરો ; બેલદાર. One who labours.

Laborious, *a.* (લેબોરિયસ્) મેહેનતું ; ઉદ્યોગી. Toilsome; arduous; active.

Labyrinth, *n.* (લૅબિરિન્થ) ગલી ગુંચીનો રસ્તો ; ભૂલ ભૂલામણું. A maze ; a place full of intricacies.

Lac, *n.* (લૅક્) લાખ. A resinous substance.

Lace, *n.* (લેસ) ફીત, તોઇ, કીનારી, દોરી, પટી ; *v.t.* વણુવું ; તોઇ લગાડવી. A plaited cord; a texture of thread; to adorn with lace.

Lacerate, *v.t.* (લૅસરેટ) ફાડવું, ચીરવું, ઉખેડવું, ચેરી નાંખવું, છેકવું. To tear ; to seperate ; to rend (L. *lacer* mangled).

Lachrymal, *a.* (લૅક્રિમલ્) આંસુ પડાવે એવું. Generating tears.

Lack, *n.* (લૅક્) ખૂટ, ઘટ, ન્યુનતા; લાખ, લક્ષ, સો હજાર; *v.i.* ઓછું-કમી થવું. Want; need; failure; to be in want.–brain, *n.* અબુજ, હૈયાફુટો.

Lackey, *n.* (લૅકી) ખીદમતગાર; ખવાસ; ચાકર. An attending servant; a foot man.

Laconic-Laconical, *a.* (લૅકોનિક્-લ્) સંક્ષીપ્ત; ટુંકામાં બોલનાર. Brief; concise; short (G. *lakon*).

Lactary, *n.* (લૅક્ટેરિ) ગોરસ વેચવાનું ઘર. A diary-house.

Lactation, *n.* (લૅક્ટેશન્) ધવડાવવું તે.

Lacteal, *a.* દુધનું, દુધ સંબંધી. Pertaining to milk.

Lad, *n.* (લૅડ્) છોકરો, જુવાનિયો, બટુક. A boy; a young man.

Ladder, *n.* (લૅડર્) સીડી, નીસરણી, દાદર. A frame with steps for climbing.

Lade, *v.t.* (લેડ) લાધવું, બોજો ભરવો. To load; to put on. [લની સતમી.

Lading, *n.* ભરેલો માલ. Bill of L. મા-

Ladle, *n.* (લેડ્લ્) કડછો; મોટી પળી. A large spoon.

Lady, *n.* (લેડિ) અમીરની બઇરી; કુળવાન સ્ત્રી. A woman of a high rank; a mistress.–bird.–cow, *n.* એક જાતનું જીવડું.–like, *a.* કુલીન સ્ત્રીના જેવું–love, *n.* માશુક, પ્રિયા.

Lag, *v.i.* (લૅગ્) પાછળ રહેવું. To loiter.

Lair, *n.* (લેર્) ભરાઇ રહેવાની જગો. The place where any animal lies.

Laity, *n.* (લેઇટિ) ગ્રહસ્થ મંડળી. The people, distinct from the clergy (G. *laos* people).

Lake, *n.* (લેક) સરોવર, મોટું તળાવ. A body of water altogether surrounded by land.

Lamb, *n.* (લૅમ્બ) મેંઢાનું બચ્ચું, અલવાન. A young of the sheep.–kin, *n.* નહાનું અલવાન. [over.

Lambent, *a.* (લૅમ્બન્ટ) રમતું. Gliding

Lame, *a.* (લેમ) લુલું, ખોડું, પાંગળું; ઢીલું; પોચું; અપૂર્ણ. Crippled; imperfect. *v.* લુલું કરવું. To disable.–ly, *ad.* લંગડાતાં, ખોડાતાં.

Lament, *v.t.*, *v.i.* (લૅમેન્ટ) શોક-ખેદ-વિલાપ કરવો; રડવું; *n.* શોક. To express sorrow; to weep; to regret deeply; to bewail (L. *lamentum* a wailing).

Lamentable, *a.* (લૅમેન્ટેબ્લ્) દિલગીર થવા જોગ; શોચનીય. Expressing sorrow.

Lamentation, *n.* (લૅમેન્ટેશન્) શોક, દીલગીરી, ખેદ, રૂદન. Expression of sorrow; wailing.

Lamina, *n.* (લૅમિને) પડ. A thin scale.

Lamp, *n.* (લૅમ્પ) દીવો, ચરાગ, બત્તિ. A light; a vessel for holding light; –black, *n.* કાજળ, મેંશ;–lighter, *n.* દીવો સળગાવવાની બત્તિ,—stand, *n.* સમઇ, દીવી, ચાડું. (G. *lampo* I shine).

Lampoon, *n.* (લૅમ્પૂન) નિંદા-બદગોઇનું લખાણ. A personal satire. *v.* નિંદા લખવી. [spear. (L. *lancea*).

Lance, *n.* (લૅન્સ) ભાલો, બરછી. A

Lancet, *n.* (લૅન્સેટ્) નસ્તર. A surgical instrument.

Land, *n.* (લૅન્ડ) જમીન, ખુશ્કી, સ્થળ; ભોંય; દેશ, પ્રજા. *v.* કીનારે ઉતારવું-ઉતરવું. Earth; soil; real estate; country; nation; *v.* to set on the land; to disembark.–breeze, *n.* કીનારા તરફથી વાતો પવન.

Landed, *a.* ભોંય-ભાઠાંવાળું; જમીનદાર.

Landholder, *n.* (લૅન્ડહોલ્ડર્) વતનદાર; જમીનદાર; તાલુકદાર. A proprietor or holder of land.

Landing-place, *n.* બંદર, વહાણુ તથા માલ ઉતરવાની જગા.

Land-lady, *n.* જમીન-ઘરની માલીક.

Land-lord, *n.* જમીન-ઘરનો માલીક; ઘર ધણી. The lord of a manor or land.

Land-mark, *n.* જમીન-ખેતરની હદનું નીશાન; બાણુ. A mark to designate the boundary of land.

Landscape, *n.* (લૅન્ડસ્કેપ) નજરે પડતી જમીન. A portion of the country which the eye can comprehend in a single view.

Lane, *n.* (લેન) ગલી, સેરી; નાળ. A narrow way between houses.

Language, *n.* (લૅન્ગ્વેજ) ભાષા, બોલી; જબાન; બોલવાની ઢબ. Tongue; dialect; manner of expression. (L. *lingua* a tongue).

Languid, *a.* (લૅન્ગ્વિડ્) લૂલું; મંદ; ઢીલું; સુસ્ત; Tardy; heavy; dull; sluggish. (L. *langueo* I am faint).

Languish, *v.i.* (લૅન્ગ્વિશ્) લેવાઇ જવું; નબળાં થઇ જવું, નરમ પડવું. To become faint or feeble; to wither; to fade.

Langour, *n.* (લૅન્ગ્વર્) સુસ્તિ; થાક; કમજોરી. Faintness; weariness; heaviness.

Lank *a.* } લબડી ગયેલું, પાતળું; Not
Lanky, ,, } plump; lean; slender.

Lantern, *n.* (લૅન્ટર્ન) ફાનસ; કંડીલ. A transparent case for a candle. (G. *lampo* I shine).

Lap, *n.* (લૅપ) ઘેર; ચાલ; પદર; ઝુલ; ખોળો. *v.t.* ઘડી પાડવી; ઢાંકવું; બચબચપીવું. The loose part of a coat; the part of a garment which lies on the knees when a person sits down; *v.* to wrap; to infold; to drink by licking—dog, *n.* લાડકો કૂતરો–wing, *n.* ટીટોડી.

Lapidary, *n.* હીરા ઘસનાર, ઝવેરી. A stone cutter. (L. *lapis* stone).

Lapse, *n.* (લૅપ્સ) વહી જવું તે; ગતિ, પ્રવાહ, ભુલચુક. *v.* વીતવું; જવું; ચળવું; ભુલ કરવી. A gradual falling; flow; fall; error; *v.* to glide; to slide. (L. *lapsus*).

Larceny, *n.* (લારસેનિ) ચોરી. Theft (L. *latro* a robber).

Lard, *n.* ડુક્કરની ચરબી. Bacon.

Large, *a.* (લાર્જ) મોટું, વિશાળ, વિસ્તીર્ણ; ઘણું, પુષ્કળ; છુટું, સ્વતંત્ર. Extensive; abundant; huge; bulky; comprehensive.–hearted, *a.* મ્હોટા મનનું. (L. *largus* large). [present.

Largess, *n.* (લારજેસ્) બક્ષિસ, ભેટ. A

Lark, *n.* (લાર્ક) લાવરી. A bird.

Larva, *n.* કામળીયો કીડો. A grub.

Larynx, *n.* (લૅરિંક્સ) નરડી, ઘાંટી, કંઠસ્થાન. The windpipe.

Lascivious, *a.* (લૅસિવિયસ્) કામી, લંપટ. Lewd; lustful.

Lash, *n.* (લૅશ્) કોરડો, ચાબુક, ફટકો, ટપકો, મેહેણું. *v.* કોરડો-ફટકો-મેહેણું મારવું. A thong of a whip; a sarcasm; *v.* to whip; to scorge.

Lass, *n.* (લૅસ્) છોકરી, પોરી. A girl.

Lassitude, *n.* (લૅસિટયુડ) થાક, સુસ્તી, મંદપણું. Faintness; weariness (L. *langueo* I am faint).

Last, *a.* (લાસ્ટ) છેલ્લું, પાછલું, આખરનું, પછવાડેનું; *ad.* છેલ્લાં, ગઇ વેળા, શેવટે; *n.* જોડાનું કાલબુત. *v.i.* ટકવું, ચાલવું, નિભવું. Latest; hindmost; lowest. *ad.* finally. *n.* a mould to form shoes on. *v.* to continue; to endure; to hold out. At last, આખરે, છેલ્લીવારે.–ing, *a.* ટકાઉ, ચાલે તેવું. Durable.

Latch, *n.* (લૅચ્) આગળી; અડગળી; ઉલાળો. A fastening for a door; *v.* આગળી દેવી.

Latchet, *n.* (લૅચેટ્) જોડા બાંધવાની દોરી. A string that fastens a shoe.

Late, *a.* (લેટ) મોડેથી-પછવાડેથી આવેલું; પાછળનું; માજી; થોડાકજ દીવસ ઉપર બનેલું; તરતનું; મરી ગયેલુ; મરહુમ. *ad.* વાર લગાડીને, મોડી વખત સુધી. Delayed; not early; slow; tardy; deceased. *ad.* after delay.–ly, *ad.* થોડા દહાડા થયાં,–r, *a.* પછીનું.

Latent, *a.* (લેટન્ટ) માલમ નહીં પડતું, ગુપ્ત. Secret; lying hid (L. *lateo* I lurk).

Lateral, *a.* (લેટરલ્) બાજુનું, પાસાં પડતું. Pertaining to the side (L. *latus* the side).

Lath, *n.* છાપરે જડવાનો પકવાસો; ચીપ.

Lathe, *n.* (લેધ) સંઘાડો; ચરખ. The machine of a turner.

Lather, *n.* (લૅધર્) સાબુનું ફીણ. Foam of soap and water.

Latitude, *n.* (લૅટિટ્યુડ) પહોળાણ, ચોડાઇ, છૂટ, મોકળાશ; વિસ્તાર. (ભૂગોળ વિદ્યામાં) અક્ષાંસ. Breadth; space; laxity; room; amptitude (L.*latus* broad).

Latitudarian, *n.* (લૅટિટ્યુડેરિયન્) શાસ્ત્ર મર્યાદા બહાર રેહેનાર; સ્વરાગાનુગામી. Free in religious opinions.

Latter, *a.* (લૅટર્) પાછલું; પાછળનું; અર્વાચિન. Later; opposed to former; modern.

Lattise, *n.* (લૅટિસ) જાળી, કઠેરો. A reticulated window.

Laud, *v.t.* (લૉડ્) પ્રશંસા-સ્તુતી કરવી. To praise; to extol (L. *laudo* I praise).

Laudable, *a.* વખાણવા જેવું. Praiseworthy.

Laudanum, *n.* અફીણનો અરક. Tincture of opium.

Laudation, *n.* (લૉડેશન્) પ્રશંસા, વખાણ. Praise.

Laugh, *v.i.* (લાફ્) હસવું, હસી કહાડવું, તીરસ્કાર કરવો. To appear gay; to deride; to scorn. *n.* હસવું તે.

Laughable, *a*, હસામણું. Exciting Laughter.

Laughter, *n.* (લાફ્ટર્) હસવું, હાસ્ય. Convulsive merriment.

Launch, *v.t.* (લૅંચ્) ધકેલવું; હડસેલી મુકવું, ગોદીમાંથી ધકેલી મુકવું. To throw; to cause to slide into the water. *n.* ધકેલણી.

Launder, *n.* (લૅાન્ડર્) ધોબી; Laundress *n*, ધોબણ. A washerman-woman. (L. *lavo* I wash).

Laundry, *n*, લુગડાં ધોવાની ઓરડી.

Laurel, *n.* (લૉરેલ્) એક જાતનું ઝાડ.

Lava, *v.t.* બળતા પહાડનો રસ. Liquid matter discharged by volcanoes.

Lave, *v,t.* ધોવું, પખાળવું;—r, *n*, ધોવાનું વાસણ.

Lavish, *a.* (લૅવિશ્) બહુજ ખરચ કરનાર; ઉડાઉ. Prodigal; wasteful; (*v.t.*) ખૂબ ખરચવું. To squander. (L. *lev* I raise).

Law, *n.* (લૉ) કાયદો, ધારો, નિયમ, ઠરાવ, કાનુન. A statute; a rule of action. To go to law, સરકાર દરબાર ચઢવું.

Lawful, *a.* (લૉફુલ્) કાયદાસર–પ્રમાણે; ઘટતું, યોગ્ય; વાસ્તવિક. Legal; competent; rightful.

Law-giver,„ } *n.* કાયદા બનાવર. A
Law-maker,„ } legislator.

Lawless, *a.* (લૉલેસ્) દુરાચાર; અધર્મી; નિતિ ભ્રષ્ટ. Illegal.

Lawn, *n.* (લૉન્) મેદાન. An open space between woods.

Law-suit, *n.* દાવો, ફરિયાદી, મુકદમો. Litigation.

Lawyer, *n.* (લૉયર્) કાયદામાં વાકેફગાર; વકીલ. One versed in law.

Lax, *a.* (લૅક્સ) ઢીલું, શિથિલ. Loose; flabby.

Laxative, *a.* (લૅક્સેટિવ) રેચક; *n.* રેચક ઓસડ. Having the quality of loosening; a purgative.

Laxity, *n.* (લૅક્સિટિ) શિથિલતા; પોચાપણું. Looseness.

Lay, *v.t.* (લે) મુકવું, બેસાડવું; ગોઠવવું, પાડવું, સુવાડવું; સમાવવું. To put down; to place; to settle; to calm. *n.* ગીત, કવિતા; A song; an air. *a.* સંસારી; પાદરી ન હોય એવું. Not clerical. To l. aside, કોરે મુકવું. To l. by, સંઘરી રાખવું. To l. hold of, સંઘરી રાખવું, પકડવું. To l. heads together, અક્કેકનો વિચાર લેવો. To l. out, ખરચવું. To l. up, સંઘરી રાખવું. To l. waste, પાયમાલ કરવું.

Layer, *n.* (લેયર્) થર, પડ. A stratum.

Layman, *n.* (લેમન્) ગ્રહસ્થ, સંસારી. One who is not a clergyman.

Lazar, *n.* પીતીઉં;—house or Lazaretto, *n.* પીતીઆ વીગેરે ચેપી રોગ વાળાઓની હસ્પિટાલ.

Laziness, *n.* આળસ, સુસ્તિ. Indolence.

Lazy, *a.* (લેઝિ) આળસુ, સુસ્ત. Slow, idle, tardy.

Lea, Ley, *n.* ઘાસવાળી જગા. A meadow.

Lead, *n.* (લેડ્) સીસું. A metal. Red l. સીંદુર. White l. સફેદો.—pencil, *n.* સીસાપેન.

Lead, *v.t.* (લીડ્) દોરવું, લઇ જવું. To guide by the hand; to conduct *n.* આગેવાની; સરદારી. Guidance; the first place.–ing, *a.* મુખ્ય; મોટામાં મોટું. Chief.

Leader, *n.* (લીડર્) દોરનાર; લેઇ જનાર; સરદાર. One who leads; a guide; a chief.

Leaf, *n.* (લીફ્) પાંદડું; પાન; વરખ; પડ. The thin extended part of a tree, plant or flower.–metal, *n.* ધાતુનાં પતરાં.

Leaf–less, *a.* પાંદડાં વીનાનું.

League, *n.* (લીગ) એક્કો; એક ગાંઠ; સંપ. ત્રણ માઇલ. A union; an alliance; a distance of three miles.

Leak, *n.* (લીક્) ગાબડું; તડ, ફાટ. A hole in a vessel; a crack. *v.* પાણી ભરાવું. To let water in.–y, *a.* ગાબડું પડેલું. Letting water in.

Lean, *v.i.* (લીન્) વાંકાં વળવું, નમવું; અઢેલવું; ઝોક ખાવો. *a.* પાતળું, સુકું, દુબળું. To bend; to slope; to incline; to support. *a.* thin; lank.

Leap, *n.* (લીપ્) કુદકો, ભુસકો, છલંગ. *v.* કુદવું, ભુસકો મારવો, ફલંગ મારવી. A jump; a spring; *v.* to spring; to jump; to skip.

Leap–year, *n.* અધીક દીવસનું વરસ, જેમ ફેબરવારી મહીનામાં ૨૯ દીવસ આવે છે A year containing 366 days.

Learn, *v.t.* (લર્ન) શીખવું, ભણવું, જાણવું, સાંભળવું. To gain knowledge of; to acquire by study. To l. by heart. ગોખવું, મોઢે કરવુ.

Learned, *a.* (લર્નેડ્) પંડિત; વિદ્વાન; જ્ઞાની. Having learning; skilful.

Learning, *n.* (લર્નીંગ) ભણતર, વિદ્યા, વિદ્વતા. Literature; knowledge.

Lease, *n.* (લીઝ) ભાડાચીઠ્ઠી; ગણોત, ઇજારો, પટ્ટો. *v.t.* ભાડે આપવું, સાંથવું. A letting for a term; to let; to demise. [by lease.

Leasehold, *a.* ગણોતે-ભાડે રાખેલું. Held

Leash, *n.* (લીશ્) કુતરાને બાંધવાની દોરી. A thong for a dog (L.*laxa* rope).

Least, *a.* (લીસ્ટ) નાહાનામાં નાહાનું; ઓછું; થોડું; કનિષ્ટ. Smallest; *ad.* સહુથી થોડું-ઓછું. At least, ઓછામાં ઓછું.

Leather, *n.* (લેધર્) ચામડું, ખાલ. *a.* ચામડાનું. Dressed hides of an animal.–n, *a.* ચામડાનું.—dresser, *n.* ચમાર.

Leave, *n.* (લીવ) રજા, છુટી, આજ્ઞા; પરવાનગી, હુકમ. *v.t.* છોડવું, મુકવું, તજી દેવું; *v.* આપવું. Permission; licence; to quit; to forsake; to abandon; to intrust.—To l. off, છોડી દેવું.

Leaven, *v.* (લેવન્) આથવું. To forment; to imbue. *n.* ખમીર, આથમણુ.

Leavings, *n.* રહેલી નીશાણી; બાકી વધેલું; એઠું. Remnant; refuse; relics.

Lecher, *n.* (લેચર્) રંડીબાજ. A lewd person.–ous, *a.* લંપટ, રંડીબાજ. Addicted to lewdness;–y, *n.* રંડીબાજી. Lewdness.

Lecture, *n.* (લેક્ચર) ભાષણ, વાખ્યાન, ઉપદેશ. *v.t.* ભાષણ કરવું, શીખામણ દેવી. A formal discourse; *v.* to deliver a formal discourse (L. *lego* I read).

Lecturer, *n.* (લેક્ચરર્) ભાષણ કરનાર; પાઠક. One who delivers a lecture.

Ledge, *n.* (લેજ) થર, પડ, કોર, હાર, ઓળ. A layer; a ridge; a prominent row or part. [An account book.

Ledger, *n.* (લેજર્) ખાતાવહી, ખતવણી.

Lee, *n.* (લી) જેણી ગમનો પવન વાતો હોય તેની સામાની દિશા.–ward, *a.* પવનની સામેની દીશા તરફ. [sucker.

Leech, *n.* (લીચ્) જળો. A blood-

Leer, *n.* (લીઅર્) આડી નજર; કટાક્ષ. An oblique look.

Lees, *n.* (લીઝ) કચરો, મેલ. Dregs; sediment (L. *limus* mud).

Left, *a.* (લેફ્ટ) ડાબું, સવ્ય, ડાબીબાજુ. Opposed to the right.–handed, *a.* ડાબોડી.

Leg, *n.* (લેગ્) પગ, ટાંટીયો. The limb by which an animal walks.

Legacy, *n.* (લીગસિ) વારસો, વસિયત. A bequest (L. *lego* I bequeath).

Legal, *a.* (લીગલ્) કાયદા મુજબ-સર. Lawful. (L. *legis* law).

Legality, *n.* (લીગૅલિટિ) કાયદેસરપણું. વ્યવહારપણું. Lawfulness.

Legalize, *v.t.* (લીગૅલાઇઝ) કાયદેસર ગણાય એમ કરવું. To make lawful.

Legate, *n.* (લીગેટ) વકીલ, એલચી, રાજદૂત. An ambassador (L. *lego* I send),

Legatee, *n.* (લીગેટી) વારસ. An heir.

Legend, *n.* (લીજેન્ડ) કથા, કહાણી; દંતકથા. An incredible narrative; a chronicle (L. *lego* I read).

Legendary, *a.* કથા કહેનાર; કથા ભટ. A relater of legends.

Legerdemain, *n.* (લેજર્ડીમેન્) હાથ ચાલાકી; નજરબંધી. Slight of hand; giggle; trick.

Legibility, *n.* (લેજીબિલિટિ) વંચાય એવાં હોવું તે; સ્ફુટતા. State of being legible (L. *lego* I read).

Legible, *a.* (લેજીબલ્) વંચાય-ઉકલે એવું. That may be read.

Legion, *n.* (લીજન્) ફોજ, સેના. A military force (L. *lego* I choose).

Legislate, *v.t,* (લેજીસ્લેટ) કાયદા–કાનુનધારા કરવા-બાંધવા. To enact laws (L. *lex* law).

Legislation, (લેજીસ્લેશન્) કાયદા કરવા તે. The enacting of laws.

Legislative, (લેજીસ્લેટિવ) કાયદા કરનારૂં. Law-making.

Legislator, *n.* (લેજીસ્લેટર્) કાયદા કરનાર -બનાવનાર. One who makes laws.

Legislature, *n.* (લેજીસ્લેચર) કાયદા કરનારી મંડળી. The body of men who make and repeal laws.

Legitimacy, *n.* (લીજીટિમસિ) ઔરસપણું; ખરાપણું. Lawful birth; genuineness (L. *lex* law).

Legitimate, *a.* (લીજીટિમેટ) ઔરસ; ખરૂં, વ્યાજબી. Lawfully born; genuine.

Legume, *n.* સીંગ, ફળી. Pulse; bean. *n. pl.* કઠોળ.

Leisure, *n.* (લીઝર) નવરાશ; ફુરસદ; અવકાશ. Freedom from occupation

a. નવરૂં. Unemployed.-ly, *ad.* ધીમે ધીમે.

Lemma, *n.* (ગણિતમાં) પ્રથમ સિદ્ધ કરેલી વાત. A proposition previously assumed.

Lemon, *n.* (લેમન્) લીંબુ; લીંબુડી. A tree and its fruit.-ade, *n.* લીંબુનું સરબત—grass, *n.* લીલી ચાહ.

Lend, *v.t.* (લેન્ડ) વાપરવા આપવું; ઉછીતું આપવું. To afford the temporary use of; to give to be returned.

Lender, *n.* (લેન્ડર્) નાણું ધીરનાર; શાહુકાર. One who lends.

Length, *n.* (લેન્ગ્થ) લંબાઇ, લંબાણુ, આવરદા, વખત. Extension; duration; -wise, *ad*, લાંબું ને લાંબું.

Lengthen, *v.t.* (લેન્થન) લાંબુ કરવું, વધારવુ, વીસ્તારવું. To make longer; to protract.

Leniency, *n.* (લીનિયન્સિ) નરમાશ, કોમળતા. Mildness; mercy; tenderness (L. *lenis* soft).

Lenient, *a.* (લીનિયન્ટ) નરમ, કોમળ, સુંવાળું. Mild; merciful.

Lenity, *n.* See Leniency.

Lentigo, *n.* ચામડીપર થતો રોગ.

Lentil, *n.* મસુર, મસુરની દાળ. A plant.

Leo, *n.* (લીયો) સિંહ—સિંહરાશી. The lion; a sign of the Zodiac.-nine, *a.* સિંહના જેવું. [beast of prey.

Leopard, *n*, (લેપર્ડ) ચીતરો, ચિત્તો. A

Leper, *n.* (લેપર્) કહોડીયો; કુષ્ટી; જેને કોહોડ નીકળ્યા હોય તે. One infected with leprosy. [sease.

Leprosy, *n.* (લેપ્રસિ) કોડ; કુષ્ટ. A di-

Lesion, *n.* (લીઝન્) નુકશાન, હાની. Injury; wound (L. *lædo* I hurt).

Less, *a.* (લેસ્) ઓછું, થોડું, કમ; *ad.* ઓછું, ન્હાનું. Smaller; not large.

Lessen, *v.t., v.i.* (લેસન્) ઓછું-કમી કરવું-થવું; ઘટાડવું-ઘટવું. To make or become less in bulk.

Lessee, *n.* (લેસી) મુદતની સરતથી ભાડે રાખનાર; ગણોતે રાખનાર. One to whom a lease is given.

Lesson, *n.* (લેસન્) પાઠ, ધડો; ઉપદેશ, શિખામણ; ઠપકો. Any thing read or repeated to a teacher; instruction; reproof (L. *lego* I read).

Lessor, *n.* (લેસર્) મુદતની શરતથી ભાડે આપનાર. [that.

Lest, *ad.* (લેસ્ટ) રખેને, કદાપી. For fear

Let, *v.t.* (લેટ્) દેવું; રજા-પરવાનગી આપવી; ભાડે આપવું. To allow; to permit; to suffer; to lease. To l. alone, છોડી દેવું; To l. blood, લોહી કાઢવું; to l. down, નીચે ઉતારવું, જવા દેવું; to l. loose, છુટું મુકવું; to l. fall, પડવા દેવું; to l. off, બાર કરવો, છોડી મુકવું; to l. out, છોડવું, ભાડે આપવું.-ting, *n.* પટે આપવું તે; સાંથણી.

Lethargic, *a.* (લેથાર્જિક્) અઘોરી; ભારે સુસ્ત. Drowsy; dull (G. *lethe* forgetfulness).

Lethargy, *n.* (લેથાર્જી) અઘોરીપણું, સુસ્તી. Drowsiness; dulness.

Letter, *n.* (લેટર્) અક્ષર, વર્ણ; કાગળ, પત્ર; વિદ્વતા. A character in the alphabet; an epistle; learning. -ed, લખેલું, ભણેલું. (L. *litera*).

Letter of attorney, *n.* વકાલતનામું. L. of credit, ભરોંસાનો કાગળ; Letters patent, સનદ..

Levee, *n.* (લેવી) દરબાર. A morning assembly of visitors.

Level, *n.* (લેવલ્) સપાટી, સરખી જમીન; બરાબરી, સરખાપણું, સપાટી નક્કી કરવાનું હથીયાર. *a.* સપાટ, સરખું. *v.t.* સરખું-બરોબર કરવું; જમીન દોસ્ત કરવું. A plane; standard; equality. *a.* even; flat; plain. *v.* to make even.

Lever, *n.*(લીવર્) ઉચ્ચાલન; સાંગ, ટેકો. An instrument to raise weights.

Levigate, *v.t.* વાટવું, ઘસવું. To polish.

Levity, *n.* (લેવિટિ) હલકાપણું; ઉધ્ધતાઇ, અવિચાર. Inconstancy; vanity. (L. *levis* light).

Levy, *v.t.* (લેવિ) મેળવવું; એકઠું કરવું; કર ઉઘરાવવો. To raise; to collect. *n.* ઉઘરાવેલાં નાણું; ઉઘરાત.

Lewd, *a.* (લ્યુડ્) વ્યભિચારી; સ્ત્રી લંપટ. Lustful; sensual.–ness, *n.* વ્યભિચાર, છીનાળું.

Lexicographer, *n.* કોશ કર્તા. A writer of a dictionary.

Lexicon, *n.* (લેક્સિકન્) શબ્દ કોશ. A dictionary. ;

Liability, *n.* (લાયેબિલિટિ) જવાબદારી કરજ, દેવું. Responsibility; tendency (L. *lego* I bind).

Liable, *a.* (લાયેબલ્) જવાબદાર, દેવાદાર. Bound; answerable.

Liar, *n.* (લાયર્) જુઠું બોલનાર; લબાડ. One who lies.

Libation, *n.* (લાઇબેશન્) સિંચન, તર્પણ. Act of pouring (L. *libo* I pour).

Libel, *n.* (લાઇબલ્) નીંદાપત્ર; આબરૂ લેવાનું લખાણ. *v.* કંઇ લખી આબરૂ લેવી. A defamatory writing; to spread defamation (L. *liber* a book).

Libellous, *a.* નીંદાવાળું. Defamatory.

Liberal, *a.* (લિબરલ્) ઉદાર, સખી, ધોતાળ, મોકળા મનનું. Generous; noble-minded; extensive (L. *liber* free).

Liberality, *n.* (લિબરૅલિટિ) ઉદારતા, સખાવત. Generosity.

Liberate, *v.t.* (લિબરેટ) મોકળું કરવું, છોડવવું. To free; to release.

Liberation, *n.* છુટકારો, છુટકો. Freedom; privilege; immunity.

Libertine, *a.* (લિબર્ટાઇન) નીરંકુશ; રંડીબાજ. Licentious; dissolute.

Liberty, *n.* (લિબર્ટિ) છુટાપણું; સ્વતંત્રતા; પરવાનગી. Freedom; privilege; immunity.

Libidinous, See Lewd. [of Zodiac.

Libra, *n.* તોળારાશી. One of the signs

Librarian, *n.* (લાઇબ્રેરિયન્) પૂસ્તકશાળાનો અધિપતિ. One who has the care of a library.

Library, *n.* (લાઇબ્રેરિ) પૂસ્તકશાળા; કીતાબખાનું. A collection of books. (L. *liber* a book).

Lice, *n.* જુઓ. *pl.* of Louse. જુ.

License, *n.* (લાઇસન્સ) રજા, પરવાનગી; સનદ, પરવાનો. Leave; permission. *v.* પરવાનો આપવો. To grant a license to (L. *licet* it is permitted).

Licentiate, *n.* (લાઇસેન્શિયેટ) સનદવાળો.

Licentious, *a.* (લાઇસેન્શ્યસ્) બદફેલ, છીનાળવો, લફંગો. Dissolute; sensual. [with the tongue.

Lick, *v.t.* (લિક્) ચાટવું. To touch

Licorice, *n.*(લિકોરિસ) જેઠીમધનું મુળીયું.–ઝાડ-શીરો. A sweet root.

Lid, *n.* (લિડ્) પોપચું; ઢાંકણું. A cover.

Lie, *n.* (લાઇ) જુઠું; અનૃત; *v.* જુઠું બોલવું; સુવું; પડવું. Untruth; to tell untruth; to rest on a bed; to lay. To l. down, સુવું; To l. in the way, નડવું; To l. over, મુલતવી રહેવું. To l. with, સાથે-એક પથારીમાં સુવું.

Liege, *a.* (લીજ) બાંધેલ, તાબેદાર; *n.* ધણી, શેઠ, સરકાર. Faithful; sovereign. [બદલે.

Lieu, *n.* જગો, ઠેકાણું, બદલો In l. of

Lieutenant, *n.* (લેફ્ટેનન્ટ) વડીલ અધીકારીની ગેરહાજરીમાં કામ કરનાર અધિકારી; પ્રતિનિધી. A deputy.

Life, *n.* (લાઇફ્) ચૈતન્ય; જીવ, પ્રાણ; જન્મારો; જીંદગી; જન્મ ચરિત્ર; સંસાર;

દુનીયાં ; વર્તણુક.Vitality; existence; animation; spirit; conduct; time of living; history of the events of life.–boat, *n.* ડુબતા માણુસોને કાઢવાની હોડી.–interest, *n.* હયાતી સુધીનો હક.–time, *n.* આવરદા, આયુષ.

Lifeless, *a.* (લાઇફ્‌લેસ્) મુએલું, અચેતન, બેશુધ્ધ, નિર્જીવ. Dead; inanimate.

Lift, *v.t.* (લિફ્ટ) ઉચકવું ; મ્હોટું કરવું ; ફુલાવવું. To raise; to exalt; to elate. To give a lift; મદદ આપવી.

Ligament, *n.* હાડકાને જોડી રાખનાર વસ્તુ ; અસ્થિ બંધન. A substance which unites bones.

Light, *n.* (લાઇટ) દીવો, અજવાળું, તેજ, પ્રકાશ, રોશની ; જ્ઞાન ; બોધ ; નજર ; *a.* હલકું, થોડું, સેહેલું, સુગમ ; ફીકું ; અસ્થિર, ઢંગ વગરનું. *v.t.* રોશની કરવી ; સળગાવવું. Any thing which gives light; illumination; instruction; knowledge; *a.* not heavy ; active ; nimble. *v.* to kindle ; to illuminate.

Lighten, *n.* અજવાળું કરવું ; ભાર ઓછો કરવો, નરમ પાડવું. To shine; to make less heavy ; to alleviate.

Lighter, *n.* હોડી ; મછવો. A large open boat.

Light-house, *n.* (લાઇટ્‌હાઉસ્) દીવાદાંડી. A building with light to guide ships at sea.

Lightning, *n.* (લાઇટ્‌નિંગ) વિજળી ; વિદ્યુત. The flash which attends thunder.

Like, *a.* (લાઇક) એક સરખું ; સમાન, બરોબર, જેવું. *ad.* પ્રમાણે, મુજબ. *v.t.* પસંદ કરવું ; ચાહાવું ; ગમવું. *n.* બરોબરીનું ; જેવું કંઇ ; જોડ. Exactly corresponding ; equal in quantity ; similar. *ad.* In the same manner; likely. *v.* To approve ; to choose; to be pleased with. *n.* an equal ; a counterpart ; a copy.

Likelihood, *n.* (લાઇકલિહુડ્) સંભવ, ડોળ, લાગવું તે. Probability ; likeliness. [Probable.

Likely, *a.* સંભવિત, એવું, માનવા જેવું.

Likeness, *n.* સરખાપણું, સમાનતા, છબી. Resemblance; portrait.

Likewise, *ad.* (લાઇકવાઇઝ) તેમજ, તેવીજ રીતે. In like manner; also.

Lily, *n.* (લિલિ) કમળનું ફુલ. A flower.

Limb, *n.* (લિમ્બ) માણસના શરીરનો ભાગ; અવયવ ; સાંધો ; કોર. A member; a branch; a border.

Lime, *n.* (લાઇમ) ચુનો ; પક્ષીઓને પકડવાને આડે જે ચીકણો પદાર્થ લગાડે છે તે ; ન્હાનું લીંબુ. *v.t.* ચીકણો પદાર્થ ચોપડવો, ફાંસામાં નાંખવું. A viscous substance; birdlime. *v.* to smear with lime; to entangle.

Lime-burner, *n.* ચુનો પકવનાર.–kiln, ચુનાની ભઠ્ઠી ;-stone, ચુનાનો પથ્થર.

Limit, *n.* (લિમિટ્) સીમા, હદ, મર્યાદા. *v.* સીમા બાંધવી; રોકી દેવું. Boundary ; utmost extent; check. *v.* to bound ; to circumscribe; to restrain.–ed, *a.* હદ બાંધેલું, ટુંકું ; થોડું. Confined ; narrow.

Limitation, *n.* (લિમિટેશન્) હદ, મર્યાદા, બંધન; Restriction; confinement. L. of suits, દાવાની મુદત.

Limner, *n.* ચીતારો, ચીત્ર કાઢનાર. A portrait painter. [walk lamely.

Limp, *v.i.* (લિમ્પ) લંગડાવું, ખોડાવું. To

Limpid, *a.* (લિમ્પિડ્) સ્વચ્છ, નીર્મળ; Clear ; pure. [glutinous.

Limy, *a.* (લાઇમિ) ચુનાવાળું. Viscous ;

Linch-pin, *n.* પૈડાની ખીલી.

Line, *n.* (લાઇન) લીટી, રેષા, દોરી, રશી ;

હાર, ઓળ; ધંધો; વંશ; *v.t.* મઢવું, અસ્તર દેવું. Thread of flax; a slender string; sketch; outline; occupation; progeny. *v.* to place along; to cover.

Lineage, *n.* (લિનીએજ) વંશ, કુળ, વંશાવળી. Race; progeny; family.

Linial, *a.* (લિનીઅલ્) લીટીનું; વંશપરંપરા Composed of lines; hereditary.

Lineament, *n.* (લિનીએમેન્ટ) ચેહેરો; રૂપ, લક્ષણ. Feature; form.

Linen, *n.* (લિનન્) શણનું લુગડું. *a.* શણનું બનાવેલું. Cloth made of flax.–draper, *n.* શણનું કપડું વેચનાર.

Linger, *v.i.* (લિંગર્) રસળ્યાં કરવું; મોડુ કરવું; રીબવું. To loiter; to hesitate; to protract.

Linget, *n.* ધાતુની લગડી. A small mass of metal.

Lingual, *a.* (લિંગ્વલ્) જીભ સંબંધી. Pertaning to the *t*ongue(L.*lingua* tongue).

Linguist, *n.* (લિંગ્વિસ્ટ) ઘણી ભાષા જાણનાર. A person skilled in languages.

Liniment, *n.* (લિનિમેન્ટ) લેપ, ચોપડવાનું ઓસડ. Ointment.

Lining, *n.* (લાઇનિંગ) અસ્તર. Covering for the inner surface.

Link, *n.* (લિંક) સાંકળની કડી; સંબંધ; મશાલ. *v.t.* વળગાડવું, જોડવું. A single ring of a chain; a torch. *v.* to unite; to connect.

Linceed, *n.* (લિન્સીડ્) અળસી. Flaxseed.–oil, *n.* અળસીનું તેલ.

Lint, *n.* (લિન્ટ) અળશીનો છોડ; શણનું કપડું.

Lintel, *n.* (લિન્ટલ્) ચોકઠું; ઓતરંગ. The upper part of a door frame (L. *limen* a threshold).

Lion, *n.* (લાયન્) સીંહ; કેસરી. An animal.–ness, *n.* સિંહેણ.

Lip, *n.* (લિપ્) હોઠ, ઓષ્ટ; કાનો, કોર. The border of the mouth; the edge of any thing.

Lipothymy, *n.* મૂર્છા, બેભાન. A swoon; a fainting fit.

Liquefaction, *n.* (લિક્વીફેક્શન્) ગાળવું-પાતળુ પાણી જેવું કરવું તે. The act of melting.

Liquify, *v.t.*, *v.i.* (લિક્વીફાઇ) ગાળવું; –ગળવું; ઓગાળવું-ઓગળવું. To melt; to dissolve.

Liquid, *n.* (લિક્વિડ્) પ્રવાહી પદાર્થ; રસ. *a.* પ્રવાહી, રસરૂપ. A fluid; *a.* watery; soft.

Liquidate, *v.t.* (લિક્વિડેટ) ફડચો કરવો, પતાવવું. To dissolve; to settle.

Liquidation, *n.* (લિક્વિડેશન્) ફડચો, નિકાલ. Act of adjusting debts.

Liquor, *n.* (લિકર્) પાતળો પદાર્થ; રસ; અર્ક, દારૂ. Any fluid substance. –shop, *n.* દારૂની દુકાન; પીઠું.

Lisp, *n.* (લિસ્પ) તોતડું બોલવું. To speak imperfectly.

List, *n.* (લિસ્ટ) યાદી, ટીપ; કોર; રંગભૂમિ; *v.t.* મરજી-મન હોવું, સાંભળવું. A catalogue; outer edge; ground enclosed for a race; *v.* to wish; to hear.–less, *a.* બેદિલ, ઉદાસીન. languid.

Listen, *v.t.* (લિસન્) સાંભળવું, કાનદેવા. To harken; to hear; to attend.

Literal, *a.* (લિટરલ્) બોલે બોલ; મુળ શબ્દ પ્રમાણે; છુટું; અક્ષરનું. According to the letter; not figurative (L. *litera* letter)

Literally, *ad.* શબ્દે શબ્દ લેઇને; શબ્દાર્થ પ્રમાણે.

Literary, *a.* (લિટરરિ) વિદ્યા સંબંધી, વિદ્યા વ્યસની. Pertaining to literature.

Literate, *a.* (લિટરેટ) વિદ્વાન, પંડીત. Learned. *n.* વિદ્વાનજન.

Literature, *n.* (લિટરેચર) વિદ્યા; ઇલમ. Learning; erudition.

Lithe, *a.* } વળે એવું, વળતું, વળકણું
Lithesome, „ } Flexible, pliant, limber.

Lithograph, *n.* (લિથોગ્રૅફ્) શિલાછાપ; શિલાછાપથી છાપેલું કાંઇ; *v.* પથ્થર-શિલા ઉપર છાપવું. A print from a drawing on stone. *v.* To trace, as letters or figures on stone. (L. *lithos* a stone, *grapho* I write).

Lithography, *n.* (લિથોગ્રૅફિ) શિલાછાપ ઉપર છાપવાનો હુન્નર. Art of taking impressions from stone.

Litigant, *a*, *n.* (લિટિગન્ટ) ટંટાખોર; કજીયાખોર; મુકદ્દમો-કજીયો લડનાર. Disposed to litigate; a person engaged in a *law suit.* (L. *litis* strife, *ago* I do).

Litigate, *v.t.* (લિટિગેટ) કજીયો લડવો, મુકદ્દમો ચલાવવો; લડવું. To contest in law; to debate by judicial process (L. *litis*). [cial contest.

Litigation, *n.* કજીયો, મુકદ્દમો. A judi-

Litter, *n.* (લિટર્) ડોળી; પાથરણું; એકી વખતે જણેલાં ઘણાં બચ્ચાં. A vehiculary bed; a bed for animals; a brood of young (L. *lectus* bed).

Little, *a.* (લિટ્લ્) નહાનું, લઘુ, ટુંકડું, સૂક્ષ્મ; થોડીવાર સુધીનું. *n.* થોડી જગો. *ad.* સ્હેજ, થોડું, જરાક. Small, not great; not much. *n.* a small space. *ad.* in a small degree.

Liturgy, *n.* (લિટર્જી) સમાજ-મંડળની ભજન પદ્ધતિ. Formulary of public devotions.

Live, *v.i.* (લિવ) જીવવું; રહેવું; વર્તવું; ગુજરાન ચલાવવું; ટકવું. To have life; to reside; to continue: to feed; *a.* (લાઇવ) જીવતું, બળતું. Having life; ignited.–ly, *a.* તેજ, જાગરૂત; હસમુખો. active; gay. [stock, પશુધન.

Live-coal, *n.* અંગારો, બળતો કોયલો.—

Livelihood, *n.* (લાઇવલિહુડ્) ગુજરાન; રોજી; ઉપજીવિકા. Maintenance; sustenance.

Liveliness, *n.* (લાઇવલિનેસ્) ચંચળાઈ, હોશીયારી. Briskness; vivacity.

Missile, *a.* (મિસાઇલ) ફેંકાય એવું ; છુટ્ટુ. That may be thrown; *n.* ફેંકાય એવું હથિયાર, શસ્ત્ર. A weapon to be thrown (L. *mitto* I send).

Mission, (મિશન્) મોકલવું-મોકલાવું તે ; મોકલેલો માણસ ; ધર્મનો ફેલાવ કરવાને મોકલેલાં માણસની મંડળી; મિશનનું ઠેકાણું. Duty on which one is sent; a person sent; a station of missionaries (L. *mitto* I send).

Missionary, *n.* (મિશનરિ) પાદરી ; ધર્મ ફેલાવવા મોકલેલો માણસ. One sent to propagate religion.

Missive, *u.* મોકલેલો કાગળ ; સંદેશો. A letter sent ; a message.

Misspeak, *v.t.* બોલવામાં ચુક કરવી. To blunder in speaking.

Misstate, *v.t.* (મિસ્સ્ટેટ) ખોટી રીતે કહેવું. To represent erroneously.

Mist, *n.* (મિસ્ટ) ધુમર, ધુમસ ; અંધારી. Fog; any thing that darkens. —y, *a.* ધુમસવાળું, ઝાંખું. Dim.

Mistake, *v.t.*, *v.i.* (મિસ્ટેક) ખોટું સમજવું; ઉલટો અર્થ કરવો, ભૂલ-ચૂક કરવી. *n.* ગેર સમજ, ખોટો વિચાર ; ભ્રાંતિ. To take wrong; to err; to conceive wrong. *n.* a misconception ; an error.

Mistaken, *a.* (મિસ્ટેકન્) ભૂલ કીધી હોય એવું ; ભૂલ ભરેલું ; ખોટું. Erroneous; incorrect. [A title of address.

Mister, *n.* (મિસ્ટર્) શેઠ, સાહેબ, "મિસ્તર"

Mistime, *v.t.* (મિસ્ટાઇમ) કવખતે કરવું. Not to adapt to the time.

Mistletoe, *n.* } (મિઝલ્ટો) ઝાડ ઉપર ઉગ-
Misletoe ,, } તો એક જાતનો વેલો. A plant which grows on trees.

Mistranslate, *v.t.* (મિસ્ટ્રૅન્સ્લેટ) અશુદ્ધ -ભાષાંતર-તરજુમો કરવો. To translate incorrectly.

Mistrust, *n.* (મિસ્ટ્રસ્ટ) અણુવિશ્વાસ; અણુ ભરોંસો. Want of confidence; *v.t.* અણુવિશ્વાસ-ભરોંસો આવવો. To suspect ; to doubt.

Misunderstand, *v.t.* (મિસ્અન્ડરસ્ટૅન્ડ) આડું સમજવું, ઉંધો અર્થ કરવો. To take in a wrong sense. [misapply.

Misuse, *v.t.* ગેરરીતે-માર્ગે વાપરવું. To

Mite, *n.* (માઇટ) ઝીણો કીડો, જીવડું ; લેશ; રતી. A very small insect; a very little quantity.

Mitigate, *v.t.* (મિટિગેટ) ઓછું-કમી કરવું; નરમ-શાંત પાડવું. To alleviate; to assuage (L. *mitis* mild).

Mitigation, *n.* (મિટિગેશન્) નરમ પાડવું તે; શાંતિ. Alleviation; abatement.

Mitre, *n.* ધર્માધ્યક્ષનો મુગટ. An episcopal crown.

Mitten, *n.* (મિટન્) વગર આંગળાંનું હાથનું મોજું. A kind of coarse glove.

Mix, *v.t.*, *v.i.* (મિક્સ) ભેળવું ; મેળવવું-મળવું, સોબત કરવી ; To blend; to associate.

Mixture, *n.* (મિક્સચર) મેળવણી; મિશ્રણ; ભેળ. A mass ; a compound.

Mizzle, *v.i.* (મિઝલ્) ઝરમર ઝરમર વરસવું. To rain in fine drops.

Mnemonic, *a.* (નેમૉનિક્) સ્મરણ શક્તિને મદદ આપે એવું, Assisting the memory. *n.* સ્મરણ શાસ્ત્ર-વિદ્યા. The art of memory.

Moan, *v.t.*, *v.i.* (મોન્)વિલાપ કરવો; રડવું, પોક મુકવી; *n.* હાય હાય, વિલાપ, રડાપીટ. To lament; to deplore; to bewail. *n.* lamentation; audible expression of sorrow.

Moat, *n.* (મોટ્) કિલ્લાની આશપાશ ખોદેલી ખાઇ. A ditch round the rampart of a castle.

Mob, *n.* (મૉબ્) તોફાન-હુલ્લડ કરનાર લોકની ઠઠ-જમાવ. *v.* હુલ્લડ-તોફાન કરવું. A rabble; a disorderly assembly; *v.* to overbear by tumult.

Mobility, (મોબિલિટિ) ચાલવાની શક્તિ; ચપળતા. Capacity of being moved; activity (L. *moveo* I move).

Mock, *v.t.*, *v.i.* (મૉક્) ચાળા પાડવા, નકલ કરવી; મશ્કરી કરવી; *n.* મજાક; મશ્કરી. To imitate in contempt or derision; to ridicule; to deride. *n.* ridicule; derision.

Mockery, *n.* (મૉકરિ) ચાળા પાડવા તે; મશ્કરી, ચેષ્ટા; નિષ્ફળ કામ; ઢોંગ. Sportive insult; derision; vain effort; false show.

Modal, *a.* (મોડલ્) રૂપનું, રૂપાળું. Relating to the form.

Mode, *n.* (મોડ) રીત, ઢબ, રૂઢી રિવાજ; સ્થિતિ. Manner; custom; state, condition (L. *modus* a measure).

Model, *n.* (મોડેલ્) નમુનો, દાખલો; પ્રમાણ, માપ; *v.t.* ઘડવું; બનાવવું. A pattern; a mold; a standard. *v.* To shape; to form; to mould.

Moderate, *v.t.*, *v.i.* (મૉડરેટ) નરમ પાડવું; ઓછું કરવું. *a.* નિયમિત; મિતાહારી; મધ્યમ, સાધારણ. To regulate; to allay. *a.* Keeping within bounds; temperate.—ly, *ad.* મધ્યમ રીતે; માફકસર. (L. *modus measure*).

Moderation, *n.* (મૉડરેશન્) મધ્યમતા; નિયમિતપણું; મિતાહાર; નરમાશ. Temperance; calmness; frugality.

Moderator, *n.* માફકસર રાખનાર; શાંત પાડનાર; પ્રમુખ. One who presides.

Modern, *a.* (મૉડર્ન) હાલનું, અર્વાચીન; *n.* અર્વાચીન-હાલના લોકો. Pertaining to the present time; recent (L. *modo* just now).

Modernise, *v.t.* (મૉડર્નાઇઝ) અર્વાચીન; રીતને અનુસરતું કરવું. To render modern.

Modest, *a.* (મૉડેસ્ટ) નમ્ર, શરમાળ, વિનયી; નિયમિત; પતિવ્રતા. Bashful; moderate; chaste (L. *modus* measure).

Modesty, *n.* (મૉડેસ્ટિ) નમ્રતા, મર્યાદા, વિનય; પતિ વ્રતાપણું. Decency; moderation; chastity.

Modicum, *n.* (મૉડિકમ્) થોડો અંશ; અલ્પભાગ. A little; a small quantity.

Modification, *n.* (મૉડિફિકેશન્) રૂપભેદ; ફેરફાર; ફેર. Act of modifying; mode; form.

Modify, *v.t.* (મૉડિફાઇ) નવો ફેરફાર કરવો; બદલવું. To qualify; to vary. (L. *modus* measure, *facio* I do).

Modulate, *v.t.* (મૉડ્યુલેટ) સૂર મેળવવો -ઉતારવો. To form sound to a certain key; to vary sound.

Modulation, *n.* સ્વરભેદ, સુસ્વર. Melody.

Moiety, *n.* (મૉઇટિ) નીમે હીસ્સો; અર્ધ ભાગ. The half.

Moil, *v.i.* (મૉઇલ્) ઘણી મેહેનતથી કામ કરવું; અતિ શ્રમ કરવો. To labour: to toil

Moist, *a.* (મૉઇસ્ટ) હવાએલું, ભીનું, શરદ. Damp.

Moisten, *v.t.* (મૉઇસ્ટન્) ભીનું કરવું; પલાળવું. To wet.

Moisture, *n.* (મૉઇસ્ચર) ભેજ, ભીનાશ. Wetness.

Molar, *a.*, *n.* દાઢ; ચાવવાનું. A grinding tooth.

Molasses, *n.* (મોલૅસીસ્) ગોળ. A sirup which drains from sugar.

Mole, *n.* (મોલ) શરીર ઉપરનો તલ; મસો; છછુંદર; ચેણુ; બાંધ, પૂસ્તો. A mark on the skin; a mound; a dyke; a small animal.—hill, *n.* ખોદેલી ભોંયના કચરાનો ઢગલો; રજનું ગજ.

Molecule, *n.* (મોલિક્યુલ) કણ; અણુ; પરમાણું. A small mass; a particle.

Molest, *v.t.* (મોલેસ્ટ) ઉપદ્રવ-ઈજા-દુઃખ દેવું; પજવવું. To disturb; to trouble; to vex (L.*moles* trouble)

Molestation, *n.* (મોલેસ્ટેશન્) ઇજા, દુઃખ, ઉપદ્રવ. Disturbance; vexation; annoyance.

Mollify, *v.t.* (મૉલિફાઇ) નરમ કરવું; શાંત કરવું; કમી કરવું. To soften; to assuage; to appease (L. *mollis* soft, *facio* I do). [પ્રાણી.

Mollusca, *n. pl.* (મૉલસ્કા) માંસ રૂપી

Molten, *a.* (મોલ્ટન્) ગાળેલું; ગાળેલી ધાતુનું બનાવેલું. Melted; made of melted metal.

Moment, *n.* (મોમિન્ટ) પળ, ક્ષણ, જોર, ઉત્તેજન; અગત્ય, દરકાર. An instant; impulsive power; importance (L. *moveo* I move).

Momentary, *a.* (મોમિન્ટરિ) થોડી વાર ટકે એવું; ક્ષણભંગુર. Continuing only a moment.

Momentous, *a.* ભારે, વજનદાર. Important; weighty.

Momentum, *n.* (મોમિન્ટમ્) વેગ; ગતિ; સપાટો. Impetus; the force of a moving body.

Monarch,*n.*(મૉનર્ક) રાજા; પાદશાહ, નૃપતિ. A sole ruler; a king (G. *monos* alone, *arche* rule).

Monarchy, *n.* (મૉનર્કી) રાજ્ય; સ્વતંત્ર રાજાની સત્તા. Empire; kingdom

Monastery, *n.* (મૉનેસ્ટરિ) મઠ, આશ્રમ. An abbey; a convent (G. *monos* alone).

Monastic-cal, *a.* મઠ સંબંધી; મઠવાળું.

Monasticism, *n.* (મૉનૅસ્ટિસિઝમ) સંસાર ત્યાગ, વનવાસ.

Monday, *n.* (મન્ડે) સોમવાર; ચંદ્રવાર. The second day of the week.

Money, *n.* (મની) પૈસો, નાણું. *v.t.* કમાવું; પેદા કરવું. Coin; wealth; affluenc; *v.* to make money.–Bag,*n.*નાણાંની કોથળી;—changer, *n.* સરાફ, નાણાવટી;—matter, *n.* પૈસાની બાબત;—ed, *a.* પૈસાદાર, ધનવાન.

Monger, *n.* (મૉન્ગર્) વેચનાર, વેપારી. A trader, a seller.

Mongrel, *a.* (મૉન્ગ્રેલ્) મિશ્ર જાતનું. Of mixed breed.

Monition, *n.* (મૉનિશન્) ચેતવણી; સુચના; ખબર. Warning; indication (L. *moneo* I warn).

Monitive, *a.* } ચેતવણીનું; ઉપદેશનું. Giving admonition.
Monitory, ,, }

Monitor, *n.* (મૉનિટર્) ચેતવણી આપનાર; ઉપદેશ કરનાર; વડો નિશાળિયો. One who warns; a boy appointed to teach a class.

Monk, *n.* (મન્ક) મઠવાસી; સંસાર ત્યાગી પૂરૂષ. One who leads a solitary life,—ery, *n.* સંસાર ત્યાગ.

Monkey, *n.* (મન્કી) વાંદરો, માંકડું. An animal; an ape.

Monochord, *n.* (મૉનોકાર્ડ) એક તારો, કીનરી. An instrument with one string.

Monody, *n.* (મૉનોડિ) એકજણને ગાવાનું શોકનું ગીત.

Monogamy, *n.* (મૉનૉગમિ) એક પત્નીવ્રત. The marriage of one wife only. (G. *monos* one, *gamos* marriage).

Monograph, *n.* (મૉનોગ્રૅફ્) એકજ વસ્તુનું લખેલું વૃત્તાંત. A written account of one thing.

Monolith, *n.* એકજ પથ્થરનો સ્તંભ.
Monologue, *n.* આત્મ ભાષણ. A soliloquy.
Monomania, *n.* (મૉનૉમેનિયા) એકજ બાબતમાં ગાંડાપણું. Insanity in regard to a single subject. (G. *mania* madness).
Monopoly, (મૉનૉપૉલિ) કોઇ જાતનો માલ વેચવાનો એક માણસને મળેલો હક. The sole power of selling any species of goods. (G. *poleo* I sell).
Monosyllable, *n.*(મૉનૉસિલેબ્લ્) એકાક્ષરી શબ્દ. A word of one syllable.
Monotheism, *n.* (મૉનૉથીઝમ્) એકજ દેવ છે એવો મત; અદ્વૈતવાદ. Belief in the existence of only one God. (G. *monos, theos* God).
Monotone, *n.* (મૉનૉટોન) એક સરખોસ્વર. Uniformity of sound. (G. *tonos* a tone).
Monotony, *n.* એક સરખો સ્વર ભેદ.
Monsoon, *n.* (મૉન્સુન્) ચોમાસુ; વરસાદની રૂતુ. A periodical wind.
Monster, *n.* (મૉન્સ્ટર્) રાક્ષસ, દૈત. Something unnatural. (L. *moneo* I show).
Monstrous, *a.* (મૉન્સ્ટ્રસ્) રાક્ષસી; ભયંકર. Unnatural; shocking.
Month, *n.* (મન્થ) મહીનો, માસ. A space of four weeks;—ly, *a.* માસીક, મહીનાનું. *n.* મહીને મહીને નીકળતું ચોપાનીયું. A periodical.
Monument, *n.* (મૉન્યુમેન્ટ) જેથી સ્મરણ રહે તેવો પદાર્થ. A memorial building, pillar &c.,—al. *a.* સ્મરણકારક. (L. *moneo* I warn).
Mood, *n.* (મૂડ્) પ્રકૃતિ, મિજાજ, મનની સ્થિતિ. Temper of mind; disposition; humour,—y, *a.* ચીડિયું, ખીજવાય એવું. Peevish.
Moon, *n.* (મૂન્) ચંદ્ર, ચાંદો. The changing luminary of the night. Full m. પૂર્ણિમા; પુનેમ; new m. બીજનો ચંદ્ર; m, beam, *n.* ચંદ્ર કિરણ; m. calf રાક્ષસ; m. light ચંદની, ચાંદરણું; m. plant, સોમવલ્લી; m. stone, ચંદ્રમણી; m. struck, ગાંડું, ઘેલું, ચળેલું.
Moor, *n.* (મૂર્) ભીનાસ અને ઘાસવાળું મેદાન; *v.t.* નાંગરવું, લંગર નાંખી બાંધવું. A heath; a marsh; *v.* to secure by cables and anchors.
Moot, *v.t.* (મૂટ્) વાદ કરવો, તકરાર ચલાવવી. To discuss; to debate.
Mop, *n.* (મૉપ્) કુચડો, કુચો; *v.* કુચાવડે સાફ કરવું. To wipe with a mop.
Mope, *a.* } સુસ્ત; ઉદાસ. Dejected; spiritless.
Mopish, „ }
Moral, *a.* (મૉરલ્) સદાચરણી; નીતિમાન; *n.* સાર, ભાવાર્થ. Virtuous; just; honest; *n.* the doctrine inculcated by a fiction.—ly, *ad.* નીતિશાસ્ત્ર પ્રમાણે (L. *mos* moral).
Moralist, *n.* (મૉરૅલિસ્ટ) નીતિનો ઉપદેશ કરનાર; સદાચારી. A teacher of morals.
Morality, *n.* (મૉરૅલિટિ) નીતિ, વિદ્યા, સદાચાર. The doctrine or system of moral duties; virtue.
Moralise, *v.t.* (મૉરૅલાઇઝ) નીતિના કામને લાગુ પાડવું; નીતિના વિષયપર બોલવું. To apply to moral purposes; to discourse on moral subjects.
Morals, *n.* (મૉરૅલ્સ) આચરણ; વર્તણુક, આચાર. The practice of the duties of life.
Morass, *n.* (મોરૅશ્) પોચી અને ભીની જમીન. A marsh.
Morbid, *a.* (મૉર્બિડ્) રોગી, વિકારવાળું. Not healthful.
More, *a. ad.* (મૉર) અધિક, વધારે, જ્યાદે, ઘણું. Great in quantity, degree, amount or number; additional; more and more, ઉત્તરોત્તર, વધારે વધારે; no more, વધારે-બીજું નહીં.

Moreover, *ad.* (મૉરઓવર્) વળી, બીજું, ફિગર. Also; further.

Morn, *n.* } (મૉર્ન) { સવાર, પ્રભાત,
Morning „ } (મૉર્નીંગ) { વહાણું, પ્રાતઃકાળ. The first part of the day.

Morning-star, *n.* શુક્રનો તારો. The planet venus.

Morose, *a.* (મૉરોસ) સદા ઉદાસ; ખીજેલ; કરડું. Of a sour temper; austere (L. *moris* every of life).

Moroseness, *n.* કઠોરતા, ઉદાસ વૃત્તિ. Sourness of temper.

Morrow, *n.* (મૉરો) આવતી કાલ; બીજો દીવસ. The day after the present day.

Morsel, *n.* (મૉર્સેલ્) કોળીયો, ગ્રાસ, બુકો, કકડો. A mouthful; a piece (L. *mordeo* I bite).

Mortal, *a.* (મૉર્ટલ્) નાશવંત; મરણાધીન; પ્રાણઘાતક. *v.* મનુષ્ય, માણસ. Subject to or causing death; deadly; *n.* A human being,—ly, *ad.* મરણ થાય તેવી રીતે (L. *mors* death).

Mortality, *n.* (મૉર્ટૅલિટિ) મરણાધીનતા; મરણ; નાશ. Death; subjection to death.

Mortar, *n.* (મૉર્ટર્) ખાંડણી; ખલ; રેતી ચુનાનો કરેલો કેલ; છો. A vessel for pounding substances; cement for building (L. *mordeo* I bite).

Mortagage, *n.* (મૉર્ગેજ) ઘરેણે-ગીરો મુકેલી ચીજ; *v.t.* ઘરેણે-ગીરો મુકવું. A pledge; to pledge,—deed, *n.* ઘરેણીયું ખત. [-લેનાર.

Mortgagee, *n.* (મૉર્ગેજી) ઘરેણે રાખનાર

Mortgager, *n.* (મૉર્ગેજર્) ઘરેણે આપનાર.

Mortify, *v.t.*, *v.t.* (મૉર્ટિફાઇ) કોહેવડાવવું; સડાવવું-સડી જવું; મન મારવું. To subdue; to humble; to gangrene (L. *mors* death, *facio* I do).

Mortise, *n.* (મૉર્ટીસ) જેમાં સાલ બેસે તે; ખાકું. A hollow to receive a tenon.

Mortuary, *a.* (મૉર્ટ્યુઅરિ) મુડદાં-દાટવા સંબંધી. Belonging to the burial of the dead, *m.* returns મૃત્યુ પત્રક.

Mosque, *n.* (મૉસ્ક) મસીદ. A Mahomedan temple. [stinging fly.

Mosquito, *n.* (મૉસ્કીટો) મચ્છર, ડાંસ. A

Moss, *n.* (મૉસ્) લીલ, શેવાળ. A plant; a morass,—y, *a.* લીલવાળું;—grown, *a.* લીલથી ઢાંકયલું.

Most, *a.* (મોસ્ટ) સઉથી ઘણું; ઘણુંખરૂં. Greatest in quantity or number,

Most, *ad.* } ઘણું કરીને. Chiefly; for
Mostly „ } the greatest part.

Mote, *n.* (મોટ) અણું, કણુ, રજ. A very small particle.

Moth, *n.* (મૉથ્) ઉધાઇ; કંસારી. A small insect,—eaten, *a.* ઉધાઇએ ખાધેલું.

Mother, *n.* (મધર્) માતા; મા; જી; જન્મની જગા; મુળ. A female parent, m. wit, *n.* સ્વભાવિક બુદ્ધિ, m. tongue. સ્વભાષા;—hood, *n.* માપણું, માતૃત્વ. m. in-law સાસુ.—less, *a.* મા વગરનું step m. સાવકી-ઓરમાઇ મા. m. of pearl, મોતીની સીપ. (L. *mater* mother).

Motherly, *a.*, *ad.* માનું-સરખું; મા પ્રમાણે. Becoming a mother; in the manner of a mother.

Motion, *n.* (મોશન્) હાલચાલ; ગતિ, ગમન; મનોવિકાર; બુદ્ધિ; સુચના. The act of changing place; action; agitation; effect of impulse; proposal made (L. *motio* I move).

Motionless, *a.* અચળ, સ્થિર, સ્તબ્ધ. Wanting motion; being at rest.

Motive, *n.* (મોટિવ) હેતુ, મતલબ, કારણ, નિમિત; *a.* ચલાવનાર, પ્રવર્તક. That which incites to action; cause; reason; *a.* causing motion.

Motley, *a.* (મૉટ્લી) ચિત્ર વિચિત્ર; પચ-

રંગી ; ભેળશેળ. Variegated; composed of different parts.

Motto, *n.* (મૉટો) વાક્ય, વચન, મુદ્રાલેખ. A word or a sentence prefixed to an essay or discourse.

Mould, *n.* (મોલ્ડ) ઉબ, ફુગ; માટી; શાંચો, ઓતણી; બીબું; ડોળ, ઘાટ ; *v.t.* ઉબ ચઢવી ; ઘડી જવું ; ઘડવું, પાડવું, બનાવવું. A substance formed on bodies which are kept wet; earth; soil; matrix in which any thing is cast; cast; form ; *v.* to become mouldy; to form; to shape,—y, *a.* ઉબાઇ ગએલું.

Moulder, *v.i.* ખાક-માટી રૂપ થઇ જવું ; ખરવું. To be diminished.

Moult, *v.t.* (મોલ્ટ) પીછાં-બાલ-ચામડી વીગેરે ખરી પડવી. To cast the hair, feathers, skin, &c.

Mound, *n.* (માઉન્ડ) બાંધ, પૂસ્તો, ટેકરી, ડુંગર. A bank of earth ; a rampart ; a fence.

Mount, *n.* (માઉન્ટ) ડુંગર, ટેકરી ; બાંધ, પુસ્તો. *v.i.* સ્વાર થવું, ઉપર ચઢવું, ઉંચે જવું. *v.t.* ઉંચું કરવું, ઉંચે ચઢાવવું. A hill; a mountain; a mount; *v.* to ascend ; to raise aloft ; to place on horseback ; to embellish (L. *mons* a mountain).

Mountain, *n.* (માઉન્ટેન્) ડુંગર, પહાડ, પર્વત. A large hill. *a.* પહાડી, ડુંગરી. Pertaining to a mountain.

Mountaneer, *n.* (માઉન્ટેનીયર્) પહાડી માણુસ ; પહાડ ઉપર રહેનાર. An inhabitant of a mountain.

Mountanious, *a.* પહાડી, પહાડવાળું. Full of or inhabiting mountains

Mountebank, *n.* (માઉન્ટીબૅંગ) ઢોંગી વૈદ ; ઉંટ વૈદ. A quack doctor.

Mourn, *v.i.* (મોર્ન) દલગીર થવું, વિલાપ કરવો, રડવું. To sorrow; to lament; to express grief,—er, *n.* શોક પાળનાર, રડનાર. One who mourns, —ing, *n.* શોક ; દીલગીરી ; *a.* શોકનું.

Mournful, *a.* (મોર્નફુલ્) શોક-દીલગીરી ભરેલું. Lamentable; doleful.

Mouse, *n.* (માઉસ) ઉંદર. A small animal ;—trap, *n.* ઉંદરવાઇ.

Mouth, *n.* (માઉથ્) મ્હોડું ; મુખ ; વદન ; દ્વાર, બાકુ. *v.* મ્હોટા ભભકાથી ઉચ્ચારવું. The aperture in the head of an animal by which food is received and voice uttered; an opening ; *v.* to vociferate; to speak big,—piece, *n.* મ્હોડે વગાડવાનું વાજું.

Mouthful, *n.* (માઉથ્ફુલ્) બુકડો, કોળીયો, ગ્રાસ ; થોડું. As much as fills the mouth ; a small quantity.

Movable, *a.* (મુવેબ્લ્) ખસેડાય એવું, ચળ, જંગમ. *n. pl.* જંગમ મીલકત. That may be moved; personal goods; furniture (L. *moveo* I move).

Move, *v.t.* (મુવ) હલાવવું, ખસેડવું, ચાલુ કરવું ; ઉશ્કેરવું ; અસર કરવી ; સમજાવવું; *v.i.* હાલવું, ખસવું ; રહેવાનું ઠેકાણું બદલવું. *n.* ખસેડવું તે ; ખેલ, દાવ. To cause to change place; to rouse; to propose ; to pursuade; to affect; *v.i.* to change place ; to walk ; *n.* the act of moving.

Movement, *n.* (મુવમેન્ટ) હાલવું—ચાલવું તે ; સ્થલાંતર ; ગભરાટ, ક્ષોભ. Motion ; moving; agitation.

Mover, *n.* (મુવર્) હલાવનાર, ચલાવનાર, ગતી આપનાર, ઉશ્કેરનાર. One that moves; a proposer.

Mow, *v.t.*, *v.i.* (મો) દાતરડાએ કાપવું ; વાઢવું. To cut with scythe.

Much, *a*, *ad.* (મચ્) ઘણું, બહું. *n.* પુષ્કળ, મોટી વાત. Large in quantity ; long in time.

Muck, *n.* (મક) છાણ, ખાતર. Moist [dung.

Mucus, *n.* (મ્યુકસ્)મળ. A slimy fluid.

Mud, *n.* (મડ્) કાદવ, કચરો. Moist and soft earth.—dy, *a*, કાદવવાળું, મેલું.

Muddle, *v.t.* (મડ્લ્) ડહોલી નાંખવું, મેલું કરવું. To make muddy.

Muffle, *v.t.* (મફ્લ્) ઢાંકવું, ઓઢવું; વીંટવું. To cover; to wrap.—r, *n*, બુરખો, ઘુમટો. A cover for the face.

Mug, *n.* (મગ્) પ્યાલો, પવાલું, જામ. A vessel to drink from.—gy, *a*, ભીનું; હવાયેલું. Moist.

Mulberry, *n.* (મલ્બેરી) શેતુર; શેંતુરી. A tree and its fruit.

Mulct, *n.* દંડ; ગુન્હેગારી. A fine.

Mule, *n.* (મ્યુલ) ખચ્ચર. A quadruped —teer, *n*, ખચ્ચરવાળો-ખચ્ચર હાંકનાર.

Mull, *v.t.* (મલ્) મસાલો નાંખી ઉકાળવું. To heat and enrich with spices.

Multifarious, *a.* (મલ્ટિફેરિયસ્) } ઘણા
Multi form, *a.* (મલ્ટિફોર્મ. } પ્રકારનું; અનેક જાતનું. Having great multiplicity or variety.

Multiped, *a.* (મલ્ટિપેડ્) ઘણા પગવાળું, બહુ પગી. An insect that has many feet.

Multiple, *n.* (મલ્ટિપલ્) ભાજ્ય; સાધારણ ભાજ્ય. A number which exactly contains another several times. (L. *multus* many, *plico* I fold).

Multiplicand, *n.* ગુણ્યાંક, ગુણ્ય.

Multiplication, *n.* (મલ્ટિપ્લિકેશન્) ગુણાકાર; વૃદ્ધિ. The act of multiplying.

Multiplicity, *n.* (મલ્ટિપ્લિસિટિ) પુષ્કળતા; બહુપણું. State of being many.

Multiplier, *n.* ગુણક, ગુણકાંક.

Multiply, *v.t.* (મલ્ટિપ્લાઇ) ગુણવું; ગુણાકાર કરવો; વધારવું. To increase in number; to extend.

Multitude, *n.* (મલ્ટિટયુડ) મ્હોટી સંખ્યા; સમુદાય; મેળાવડો. A great number; an assemblage. (L. *multus* many)

Multitudinous, *a.* (મલ્ટિટ્યુડિનસ્) ઘણું, પુષ્કળ. Manifold.

Mum, *a.* (મમ્) ચૂપ, મૂગું. Silent.

Mumble, *v.i.* (મમ્બલ્) બડબડવું, ગણગણવું. To mutter; to utter imperfectly.

Mummer, *n.* (મમર્) બનાવેલું મહોડું ઘાલી રમત કરનાર. A masker; a buffoon.

Mummy, *n.* (મમિ) મશાલો ભરી રાખેલું મડદું. A dead human body embalmed and dried after the manner of the Ancient Egyptians.

Mumps, *n.* કાનની નીચે થતું એક દરદ.

Mundane, *a.* (મન્ડેન) દુનીયાનું; આ લોકનું. Belonging to the world. (L. *mundus* the world).

Mungoose, *n.* (મંગુસ) નોળીયો.

Municipal, *a.* (મ્યુનિસિપલ્) શેહેર સુધરાઇનું, મુલકી. Belonging to a corporation. (L. *munia* official duties, *capio* I take).

Municipality, *n.* (મ્યુનિસિપૅલિટિ) શેહેર સુધરાઇ ખાતું. જીલ્લો. A district.

Munificence, *n.* (મ્યુનિફિસન્સ) ઉદારતા, સખાવત. Liberality; bounty. (L. *munus* gift, *facio* I do).

Munificent, *a.* ઉદાર, સખી. Liberal.

Muniment, *n.* (મ્યુનિમેન્ટ) કિલ્લો, કોટ. A fortification.

Monition, *n.* લડાઇનો સામાન, યુદ્ધ સાહિત્ય.

Murder, *n.* (મરડર્) ખૂન, મનુષ્ય હત્યા. *v.* ખુન-મનુષ્ય હત્યા કરવી. Act of killing a human being unlawfully; *v.* to destroy,—er, *n.* ખુન કરનાર; હત્યારો. [of murder; bloody.

Murderous, *a.* ઘાતકી, ખુની. Guilty

Murky, *a.* અંધારૂ, કાળું. Dark.

Murmur, *n.* (મરમર્) ખલખલાટ, ઘુઘવાટો, કલકલ. *v.i.* કલકલવું, બડબડવું. A low continued sound; *v.* to grumble.

Muscle, *n.* (મસ્લ્) સ્નાયુ, તંતુ. A fleshy fibre.

Muscular, *a.* (મસ્ક્યુલર્) તંતુ-સ્નાયુ સંબંધી; જોરાવર. Relating to muscles; strong.

Muse, *v.i.* (મ્યુઝ્) ધ્યાન ધરવું, વિચાર કરવો. *n.* સરસ્વતિ દેવી. To think closely; the diety of poetry.

Museum, *n.* (મ્યુઝીયમ્) ચમત્કારિક પદાર્થ સંગ્રહ. A repository of curiosities. [ટોપ.

Mushroom, *n.* કુતરાની ટોપી, બલાડીનો

Music, *n.* (મ્યુઝિક્) સુસ્વર, સ્વર માધુર્ય. Melody or harmony.

Musical, *a.* (મ્યુઝિકલ્) ગાયન વિદ્યા સંબંધી. Harmonious.

Musician, *n.* (મ્યુઝિશ્યન્) ગાનાર, ગવૈયો. One skilled in music.

Musk, *n.* (મસ્ક) કસ્તુરી. A strong perfume. m. deer, કસ્તુરી મૃગ. m. melon, ખડબુચુ,

Musket, *n.* (મસ્કેટ્) બંદુક. A soldier's hand-gun (*muska* a fly).

Musketeer, *n.* બંદુકવાળો. A soldier armed with a musket.

Musketry, *n.* (મસ્કેટ્રિ) બધી જાતની બંદુક.

Muslin, *n.* (માસ્લિન્) મલમલ. A sort of fine cotton cloth.

Must, *v.i.* (મસ્ટ) જોઈએ, પડવું. To be obliged.

Mustache, *n.* (મૂસ્ટ્ટાશ) મુછ. The hair on the upper lip. [A plant.

Mustard, *n.* (મસ્ટર્ડ) રાઇ, રાઇનો છોડ.

Muster, *n.* (મસ્ટર્) એકઠું કરવું; મેળવવું, લશ્કરની હાજરી લેવી. To collect,—roll, *n.* લશ્કરનું હાજરી પત્ર.

Mutability, *n.* (મ્યુટેબિલિટિ) અસ્થિરતા. Changeableness (L. *muto* I change). [to change.

Mutable, *a.* અસ્થિર, ચલિત. Subject

Mutation, *n.* ફેરફાર. Change.

Mutilate, *v.t.* (મ્યુટિલેટ) કાપકુપ કરવી; ભાગવું, ખાંડુ કરવું તે. To deprive of some essential part; to maim.

Mutilation, *n.* અંગછેદન; બાંડું કરવું તે.

Mutineer, (મ્યુટિનીયર્) બળવાખોર. One guilty of mutiny (L. *moveo* I move). [commdtion.

Mutiny, *n.* (મ્યુટિનિ) બંડ, ફીતુર. A

Mutter, *v.t.*, *v.i.* (મટર્) બડબડવું, લવારો કરવો. To grumble; to murmer.

Mutton, *n.* (મટન્) મેંઢાં-ઘેટાંનું માંસ; ઘોસ. The flesh of sheep.

Mutual, *a.* (મ્યુચુઅલ્) અરસપરસનું. Reciprocal,—ly, *ad.* અરસપરસ.

Muzzle, *n.* (મઝલ્) તોપ-બંદુકનું મ્હોડું; જનાવરનું મ્હોડું. The mouth of a tube; the snout. [મેળે.

My, *pr.* મારૂં,—self, હું જાતે-પોતે, મારી

Myriad, *n.* (મિરિઅડ્) દશ હજાર. The number of ten thousands.

Myrobolan, (માઇરોબોલન્) આંબળાં, હેડાં બેહેડાં.

Myrrh, *n.* બોલ, હીરાબોલ. [shrub.

Myrtle, *n.* (મર્ટલ્) મેંદી. Ever green

Mysterious, *a.* (મિસ્ટિરિયસ્) ગૂઢ; ન સમજાય તેવું. Secret.

Mystery, *n.* (મિસ્ટરિ) છુપો ભેદ; મર્મ. Something secret; an enigma.

Mythic, *a.* (મિથિક્) કલ્પીત; ખોટું. Fabulous. [Fabulous.

Mythological, *a.* પુરાણોક્ત, કલ્પિત.

Mythology, *a.* (મિથાલૉજી) દેવોની કથા, પુરાણ. A system of fables (G. *muthos* fable).

N.

N, ઇંગ્રેજી મૂળાક્ષરનો ચઉદમો અક્ષર. ણ, ન.

Nab, *v.t.* (નૅબ્) ઝુંટાવી લેવું. To grasp.

Nadir, *n.* (નેદર્) અધોબીંદુ. The point in the lower hemisphere opposite to the zenith.

Nag, *n.* (નૅગ્) ઘોડું, ટટ્ટુ. A small horse.

Naiad, *n.* (નેયૅડ્) જળદેવી. A water-nymph. (G. *nao* I flow).

Nail, *n.* (નેલ્) પંજો, નખ ; ખીલો, મેખ ; સવાબે ઇંચનું માપ. *v.t.* ખીલા મારી બંધ કરવું. ખીલા મારવા, બંધ કરવું. A claw; a spike of metal by which things are fastened ; a measure of length 2¼ inches ; *v.* To fasten with nails.—er, *n*, ખીલા-ચુકો બનાવનાર.

Naive, *a.* (નાઇવ) ભોળો, નિખાલસ. Simple; ingenuous. (L. *nativus* native). [plicity.

Naivete, *n.* ભોળાપણું. Native simplicity.

Naked, *a.* (નેકેડ્) નાગું, ઉઘાડું, નગ્ન ; કેવળ, માત્ર. Not covered; defenceless; plain ; bare.—ness, *n.* નાગાપણું, નગ્નતા, કેવળપણું, અડવાણાપણું.

Name, *n.* (નેમ) નામ, સંજ્ઞા;આબરૂ, કીર્તિ. *v.t.* નામ પાડવું-લેવું-રાખવું,-કાઢવું. That by which a person or thing is called ; fame; *v.* to give a name to; to specify.—ly, *ad*, એટલે. That is to say. (L. *nomen* name).

Nameless, *a.* (નેમલેસ્) નામ વિનાનું. Without name.

Namesake, *n.* નામરાશી ; સ્વનામી. One who has the same name.

Nap, *n.* (નૅપ્) રૂંઆટી ; ઉંઘનો ચટકો ; અલ્પ નિંદ્રા. *v.* ઝોકું ખાવું. The down on cloth ; a short sleep ; *v.* to be drowsy.

Nape, *n.* (નેપ) બોચી. The joint of the neck behind.

Naphtha, *n.* નખતેલ. Rock-oil.

Napkin, *u.* (નૅપ્કિન્) હાથ મ્હોડું લોવાનો રૂમાલ. A cloth to wipe the hands.

Narcotic, *n.* (નાર્કોટિક્) દુઃખ નરમ પડી ઉંઘ આવે એવું ઓસડ. A drug which causes sleep (G. *narke* numbness). [kind of ointment.

Nard, *n.* જટામાસી ; એક જાતનું તેલ. A kind of ointment.

Nrrrate, *v.t.* (નૅરેટ) કહેવું, બ્યાન કરવું. To relate (L. *narro* I tell).

Narration, *n.* (નૅરેશન્) કથન, વર્ણન, ઇતિહાસ. Account ; history.

Narrative, *n.* (નૅરેટિવ) કથનીય ; *n.* કથા, વાર્તા,વર્ણન. Relating; *n.*an account; a story.

Narrator, *n.* કથા-વર્ણન કરનાર.

Narrow, *a.* (નૅરો) સાંકડું, સંકોચિત ; ઝીણું. *v.t.* સાંકડું-કમી કરવું. Limited ; contracted; *v.* to contract ;. to limit ;—minded, *a.* સાંકડા મનનું, -બખિલ.

Nasal, *a.* (નેઝલ્) નાકનું ; અનુનાસિક. Pertaining to or formed by the nose (L. *nasus* the nose).

Nascent, *a.* ખીલી નીકળતું. Growing.

Nasty, *a.* (નૅસ્ટિ) ખરાબ, મેલું, ગલિચ. Dirty ; filthy.

Natal, *a.* (નેટલ્) જન્મ સંબંધી. Pertaining to birth (L. *nascor* I am born).

Nation, *n.* (નેશન્) પ્રજા, લોક, જાતી, કોમ. A body of people inhabiting the same country (L. *natus* born).

National, *a.* (નૅશનલ્) પ્રજાને લગતું; સાધારણ ; સ્વદેશાભિમાની. Common to a nation ; public.

Nationality, *n.* લોકપણું, સ્વદેશાભિમાન. National character.

Native, *a.* (નેટિવ) સ્વભાવિક, જાતનું; દેશી. Natural ; inborn.

Nativity, *n.* (નેટિવિટિ) જન્મ, ઉત્પત્તિ; જન્મભૂમિ; જન્મ પત્રિકા—અક્ષર. Birth, time; place, &c. of birth.

Natron, *n.* (નેટ્રન) સાજીખાર. A native carbonate of soda.

Natural, *a.* (નૅચરલ્) કુદરતી; સ્વભાવિક; મૂળ પ્રકૃતિનું. Produced by nature; not acquired. *n.* જન્મથી બેવકુફ માણસ; ઢાંડો. An idiot;—ly, *ad.* સ્વાભાવિક રીતે. (L. *nascor* I am born).

Naturalist, *n.* (નૅચરલિસ્ટ) કુદરતી તવારીખ જાણનાર. One versed in natural science.

Naturalise, *v.t.* (નૅચરલાઇઝ) પોતાનું કરવું; પોતાના દેશમાં ભેળવવું; દેશનું ગણવું; અનુકુળ આવે તેમ કરવું. To invest with the privileges of a native citizen; to adapt; to habituate.

Nature, *n.* (નેચર) સૃષ્ટિ, જગત; પ્રકૃતિ, સ્વભાવ; કુદરત. The universe; disposition; constitution; sort (L. *nascor* I am born).

Naught, *n.* (નૉટ્) કાંઇજ નહીં તે; *a.* ખરાબ, નઠારૂં. Nothing; *a.* bad; worthless. To set at N. ન માનવું, ધિક્કારવું.

Naughty, *a.* (નૉટિ) નઠારૂં, ખરાબ, તોફાની. Bad; worthless; mischievous.

Nausea, *n.* (નૉસીયૅ) વહાણમાં આવતાં ચક્કર-ફેર; ઓકારી, મોળ. Sea-sickness; qualm (*naus* a ship).

Nauseate, *v.t.* (નૉસીએટ) કંટાળો આવવો. To reject with disgust.

Nauseous, *a.* (નૉસીઅસ્) કંટાળો આવે-સૂગ ચડે તેવું. Loathsome; disgusting.

Nautical, *a.* (નૉટિકલ્) વહાણ ચલાવવા સંબંધી; નૌકા શાસ્ત્રનું. Relating to ships or sailors; naval (L. *navis* ship).

Naval, *a.* (નેવલ્) વહાણનું, અરમાર સંબંધી. Pertaining to ships; maritime.

Nave, *n.* (નેવ) નાભ, નાવડી; દેવળનો મધ્ય ભાગ. The middle of a wheel; the body of a church.

Navel, *n.* (નેવલ્) દુંટી, નાભી. The point in the middle of the body; —string, *n.* નાળ.

Navigable, *a.* (નૅવિગેબલ્) વહાણ જઇ શકે તેવું. That may be navigated (L. *navis* ship; *ago* I drive).

Navigate, *v.t.* (નૅવિગેટ) વહાણમાં બેશી જવું, સફર કરવી. To sail; to pass by ships.

Navigation, *n.* (નૅવિગેશન્) નૌકાશાસ્ત્ર; નાવિક વિદ્યા; નૌકા પર્યટન. Act or science of navigation.

Navigator, *n.* (નૅવિગેટર્) વહાણવટી; સફર કરનાર; નાવિક. A seaman.

Navy, *n.* (નેવિ) વહાણનો કાફલો-અરમાર. A fleet or assemblage of ships (L. *navis* a ship).

Nay, *ad.* (ને) નહીં; ફક્ત, એટલુંજ નહીં. *n.* ના, નકાર. Not; not only so; *n.* denial; refusal.

Neap, *a.* (નીપ્) ઓછું, થોડું. Low.—tide, *n.* થોડી ભરતી; સાતમ આઠમની ભરતી.

Near, *a.* (નીયર્) પાસે-નજીક-સમીપનું, નજીકના સંબંધનું; બખીલ, કૃપણ. *pre., ad.* પાસે, નજદીક, કને; *v.* પાસે-નજદીક આવવું. Nigh; close; intimate; parsimonious; *p., ad.* almost; within a litte; *v.* to approach; to draw or close near,—ly, *ad.* પાસે, નજદીક, ઘણું કરીને;—sighted, *a.* ટુંકી દ્રષ્ટિવાળું. Seeing at a small distance.

Neat, *a.* (નીટ્) ઠીકઠાક; ચોખ્ખું; સ્વચ્છ; સોજું. Very clean;pure; elegant, —ly, *ad.* સફાઇથી; ચોખ્ખી રીતે.

Neatness, *n.* (નીટ્નેસ્) સફાઇ, સોજ્જાઇ. Cleanliness; purity (L. *niteo* I shine).

Nebula, *n.* વાદળ સરખા દેખાતા તારાઓનો સમૂહ. A cluster of stars.

Necessary, *a.* (નેસેસરિ) આવશ્યક, જરૂરનું, અગત્યનું. *n.* સંડાસ; જાજરૂ, વાડો. *n.pl.* જરૂરની-અગત્યની વસ્તુઓ. Such as must be; requisite; unavoidable; *n.* a privy. *n. pl.* things necessary (L. *ne, not, cedo* I yield).

Necessitate, *v.t.* (નેસેસિટેટ) જરૂર પાડવી; જરૂરનું કરવું. To force; to oblige; to make unavoidable.

Necessitous, *a.* (નેસેસિટસ્) ઘણુંજ કંગાળ, ગરિબ. Very needy or indigent.

Necessity, *n.* (નેસેસિટિ) જરૂર, અગત્યતા, પ્રયોજન, ખપ, દળદર. State of being necessary; want; poverty, extreme indigence.

Neck, *n.* (નેક્) ગરદન, ડોકી, બોચી. The part between the head and the body. N. of land, સંયોગી ભૂમિ. A stiff, N. હઠ, જીદ, મમત. To break the n. of, અટકાવવું. To harden the n. હઠીલું થવું.

Neck-cloth. *n.* ગળેબંધ, ગળપટો;—lace, *n.* હાર, માળા, સાંકળી. An ornament for the neck.

Necromancer, *n.* (નેક્રોમેન્સર્) જાદુગર; ધંતર મંતર કરનાર. A conjuror (G. *nekros* dead, *mantis* a prophet.

Necromancy, *n.* ભૂત વિદ્યા; જાદુ. Conjuration; enchantment.

Nectar, *n.* (નેક્ટર્) અમ્રત, સુધા. The fabled drink of the Gods (G. *ne* not, *kteino* I kill).

Need, *n.* (નીડ્) ગરજ, જરૂરી, અગત્ય; ગરીબી, કંગાલીયત. *v.t.* ગરજ, જરૂર પડવી; જોઇએ. Want of; necessity; indigence; *v.* to want; to require.

Need-ful, *a.* જરૂરનું, ગરજાઉ, જોઇતું. Necessary; requisite.

Needless, *a.* વગર જરૂરનું, નકામું. Unnecessary. [sitous; indigent.

Needy, *a.* (નીડિ) ગરિબ, કંગાલ. Neces-

Needle, *n.* (નીડ્લ્) સોય; હોકાયંત્રનો કાંટો. A small pointed instrument for sewing,—work; *n.* સોયથી થતું કામ; ભરત.

Nefarious, *a.* (નીફેરિયસ્) અતિદુષ્ટ, અઘોર. Wicked; abominable (L. *ne not, fari* I speak).

Negation, *n.* (નીગેશન્) નકાર, નિષેધ, અસ્વિકાર. A saying no; denial (L. *nego* I deny).

Negative, *a.* (નેગેટિવ) નકાર-નિષેધનું; અસ્વિકાર સુચક. *n.* નકાર, ઇનકાર. *v.t.* *v.t.* ના કહેવું; નાપાડવું; મંજુર કરવું નહીં. Denying; *n.* a word or proposition which denies; *v.* to refuse.

Neglect, *n.* (નીગ્લેક્ટ) ગફલત, વિસ્મ્રતિ, કસુર. *v.t.* ન કરવું; ગફલત કરવી; ભૂલી જવું. Negligence; omission; slight; *v.* not to do; to omit by carelessness; to slight (L.*nec* not *lego* I gather).

Neglectful, *a.* See Negligent.

Negligence, *n.* (નેગ્લિજન્સ) ગફલત, ભૂલ, ચુક, કસુર. Carelessness; inattention.

Negligent, *a.* (નેગ્લિજન્ટ) ગાફેલ, બેપરવા, બે ફિકર. Careless; heedless; inattentive.

Negotiable, *a.* (નીગોશિયેબ્લ્) બીજા આશામીને અપાય એવું. That may be passed to another.

Negotiate, *v.t. v.i.* (નીગોશિએટ) વાત -તકરાર ચલાવવી, સોદો કરવો, ભાંજગડ કરવી; વેચવું. To transact business; to treat with; to sell. (L. *nec* not, *otium* leisure).

Negotiation, *n.* (નીગોશિયેશન્) સોદો, ભાંજગડ; કોલ કરાર. Transaction of business between nations.

Negotiator, *u.* ભાંજગડ-સોદો કરનાર.

Negress, *n.* (નીગ્રેસ્) હબસણ; સીદેણ. Female negro.

Negro, *n.* (નીગ્રો) હબસી; સીદી. A male of an African race. (L. *niger* black).

Neigh, *v.i.* (ને) ખંખારવું, હણહણવું. To utter the voice of a horse,—ing, *n.* ખંખારો.

Neighbour, *n. a.* (નેબર્) પડોશી-પડોશનું. One who leaves near; near, —ing, *a.* પાસેનું, પડોશનું,—ly, *a.* પાડોસીને લાયક; મળતાવડું, મિલનસાર. becoming a neighbour; kind; civil.

Neighbourhood, *n.* (નેબર્હુડ્) પડોશ; નજદીકની જગા. *n.pl.* આડોસી પાડોસી. Place adjoining; vicinity; persons living in the vicinity.

Neither, *pre.* (નીધર્) બેમાંનું એકે નહી; કોઇપણ નહીં. *conj.* અને પણ નહી. Nor one nor another. [opposition.

Nem–con, *ad.* સર્વના મતથી. Without

Neology, *n.* (નીઑલૉજી) નવું મત; નવા શબ્દ દાખલ કરવા. A system of new doctrines or words. (G. *neos* new, *logos* a word).

Neophyte, *n.* (નીઑફાઇટ) નવોનીશાળીયો -શિષ્ય. A novice; a tyro. (G. *neos* new, *phuton* a plant).

Nephew, *n.* (નેવ્યુ) ભત્રીજો, ભાણેજ. Son of a brother or sister. (L. *nepos*).

Nephritic, *a.* મૂત્રપીંડનું; ગુરદાનું- Pertaining to the kidneys.

Nepotism, *n.* (નીપૉટિઝમ્) ભાણેજ ભત્રીજા ઉપર પ્યાર-હેત. Fondness for nephews. [planet.

Neptune, *n.* (નેપ્ચ્યુન) એક ગ્રહ છે. A

Nerve, *n.* (નર્વ) જ્ઞાનતંતુ; શરીરનું જોર, બળ, ધીરજ, હિંમત. *v.t.* જોર-બળ આપવું. A sinew; physical force; strength; fortitude. *v.* To give strength or vigour to.

Nerveless, *a.* કમજોર, અશક્ત. Weak.

Nervous, *a.* (નર્વસ્) બળવાન, જબરૂં; જ્ઞાનતંતુ સંબંધી. Strong; vigorous.

Nest, *n.* (નેસ્ટ) પક્ષિનો માળો, જાળું; આશ્રમ, મંડળ. *v.i.* માળો બાંધવો. The place in which birds hatch and rear their young; an abode; *v.* to build a nest. (L. *nidus*).

Nestle, *v.i.*, *v.t.* (નેસલ્) પક્ષિની પેઠે માળો બાંધીને રહેવું. To lie close; to harbour.

Nestling, *n.* નવું સેવન થયેલું બચ્ચું. A young bird in the nest.

Net, *n.* (નેટ્) જાળ, ફાંસો; *a.* સાફ, નકી; ચોખ્ખું. A snare; a difficulty, *a.* neat; clear after deductions—work, *n.* જાળીદાર કામ.

Nether, *a.* (નેધર્) નીચેનું, તળેનું. Lower, —most, *a.* સર્વથી નીચેનું. Lowest.

Nettle, *n.* (નેટ્લ્) કૈવચ; ખંજવાળ આણે એવો છોડ. *v.* ચીડવવું, ખીજવવું. A stinging plant; to fret; to irritate.

Neuter, *a.* (ન્યુટર્) ત્રાહિત; અલગ, મધ્યસ્થ (વ્યાકરણમાં) નપુસક. *n.* હીજડો, ખોજો, Of neither party; indifferent; an animal of neither sex (L. *ne* not, *uter* either).

Neutrality, *n.* (ન્યુટ્રલિટિ) મધ્યસ્થપણું, નિષ્પક્ષપાતી. The state of taking no part on either side.

Neutralise, *v.t.* (ન્યુટ્રલાઇઝ) ખાસિયત-અશક્ત કરવું; નિષ્ફળ-નિરૂપયોગી કરવું. ગુણ મારવો. To render neutral: to render inoperative (L. *ne* not, *uter* either).

Never, *ad.* (નેવર્) કદી નહીં; બીલકુલ નહીં; કોઇ વેળા-વખત નહીં. Not at any time; not in the least; at no time.

Never-the-less, *ad.* તોએ, તોપણ, તથાપી; પરંતુ. Notwithstanding that; yet; however.

New, *a.* (ન્યુ) નવું, નવીન, તાજું, હમણાંનું; કોરૂં કરકડતું. Fresh; recent; young; renovated; strange;—ly, *ad.* હમણાંજ, થોડીવાર થયે. lately;—ness, *n.* નવાઇ. novelty (L. *novus* new).

Newfangled, *a.* નવાઈ ભરેલું; નવી વસ્તુ પર મગ્ન. Desirous of novelty.

News, *n.* (ન્યુઝ્) ખબર, સમાચાર, વર્ત-માન. Recent account; tidings; —monger, *n.* ગપ્પીદાસ;—paper, વર્તમાન પત્ર, અખબાર;—vender, *n.* વર્તમાન પત્ર વેચનાર.

Next, *a.* (નેક્સ્ટ) છેક પાસેનું, બીજું, લગો-લગતું. *ad.* પછી. Nearest in place time or order; at the time or turns nearest.

Nib, *n.* (નિબ્) પક્ષિની ચાંચ; અણી. The bill of a bird; a point.

Nibble, *v.t.* (નિબ્લ્) કોતરી ખાવું, કરડવું; ભૂલ કાઢ્યા કરવી. To eat in small bites; to carp at.

Nice, *a.* (નાઇસ) ખાસું, સુંદર, લેહેજતદાર; બરોબર. Fine; soft; tender; elegant; dainty; accurate,—ly, *ad.* બારીક નજરે; સારી રીતે.

Nicety, *n.* (નાઇસીટિ) બારીક દ્રષ્ટિ-નજર; બારીક હકીકત; ચોકસાઇ. Minute accuracy; delicate management.

Niche, *n.* (નિચ) પુતળાં મુકવા માટે દીવાલ-માંનો ગોખલો; ગોખ. A hollow for a statue.

Nick, *n.* (નિક્) એન વખત, અડીવેળા; Critical time; કાતરો, ખાંચ; a notch. *v.* ખાંચ પાડવી; ચીરા પાડવા; *v.* to hit; to notch.

Nick-name, *n.* મશ્કરી-ચીડનું નામ. A by-name.

Niece *n.* (નીસ) ભત્રીજી, ભાણેજ. Daughter of a brother or sister. (L. *neptis* niece).

Niggard, *a.* (નિગર્ડ) કંજુસ, બખિલ, કૃપણ. Miser; sordid. *n.* કંજુસ માણસ.—ly, *ad.* કરકસરથી. Sparingly.

Nigh, *a.ad.* (નાઇ) પાસે, નજદીક. Near, not far off.

Night, *n.* (નાઇટ્) રાત, રજની, નીશા; અંધારૂં. The time from sunset to sunrise; obscurity,—cap, *n.* પહેરી સુવાની ટોપી,—dress, *n.* પેહેરી સુવાનાં લુગડાં,—fall, *n.* સંધ્યાકાળ. Evening,—ly, *a.* રાત્રે થતું, રાતની વખતનું.—watch, *n.* રાતમાં રખેવાળ, પોરેગીર.

Nightingale, *n.* (નાઇટિંગેલ) બુલબુલ પક્ષી. A bird which sings at night.

Nightmare, *n.* (નાઇટ્મેર) નઠારૂં સ્વપ્નું; ઓથાર ચાંપે છે તે. Incubus.

Night-shade, *n.* ભોંય રીંગણી. A plant.

Night-soil, *n,* સંડાસોમાંથી કાઢેલો મળ.

Nihility, *n.* (નિહિલિટિ) નહીપણું; ના-સ્તિત્વ. Nothingness. (L. *nihil* nothing).

Nimble, *a.* (નિમ્બ્લ્) ચપળ, ચાલાક. Quick; active.

Nimbus, *n.* વાદળાં.

Nine, *a.* (નાઇન) નવ,—fold, *a.* નવગણું.

Nineteen, *n.* (નાઇન્ટીન્) ઓગણીશ. ૧૯.

Ninety, *a.* (નાઇન્ટિ) નેવું. ૯૦.

Nip, *v.t.* (નિપ્) છેડેથી કાપી નાંખવું; છાંટી કાઢવું. To pinch; to cut. *n.* ચીમટી; ચોંટી. A pinch; a cut,—pers, *n. pl.* નાનો ચીમટો, સાંણુશી. Small pincers.

Nipple, *n.* (નિપ્લ્) સ્તન-ધાંઇનું ટોચકું; કુચાગ્ર. A teat.

Nit, *n.* (નિટ્) લીખ; જુનાં ઇંડાં. The egg of a louse,—ty, *a.* લીખોવાળું.

Nitre, (નાઇટર) સુરોખાર. Salt petre.

Nitric-acid, સુરાખારનો તેજાબ.

Nitrous, *a.* સુરાખારનું. Impregnated with nitre. [Not any; none.

No, *a.*, *ad.* (નો) નહીં, ના, માં, કોઇ નહીં.

Nobility, *n.* (નોબિલિટિ) કુલીનતા, ખાનદાની; બુનિયાદી; અમીરાઇ; ઉદારતા. Greatness; dignity; rank; peerage (L. *nobilis* noble).

Noble, *a.* (નોબ્લ્) ખાનદાનનું; ઉમદા, પ્રૌઢ; ભપકાદાર; ઉદાર. Dignified; famous; stately; generous; candid;-minded,*a.* મોટા-ઉદાર મનનું.

Nobleman, *n.* અમીર, ઉમરાવ. A peer.

Nobody, *n.* (નોબૉડિ) કોઇ નહીં. No one.

Nocturnal, *a.* (નોક્ટર્નલ્) રાતનું; રાત્રે કીધેલું. Done at night (L.*nox*,night).

Nod, *v.i.* (નૉડ્) માથું ડોલાવવું, ડોલવું, ડોલાં ખાવાં. *n.* ડોલું, ઝોકું; સલામ. To incline the head with a quick inclination of the head in sleep; slight obeisance. [head.

Noddle, *n.* (નૉડ્લ્) મસ્તક, માથું. The

Node, *n.* (નોડ) ગાંઠ, ઢેકો (જ્યોતિષમાં) ઉપગ્રહ. A knot; a swelling (L.*nodus* a knot).

Noise, *n.* (નૉઇઝ) અવાજ, શબ્દ, પોકાર, ઘોંઘાટ; પ્રસિદ્ધ વાત. *v.t.* ચરચાવું, ગાજવું. Sound; clamour; frequent talk; to sound loud (L. *noceo* I hurt). [sound; silent.

Noiseless, *a.* સુનું, છાનું, ચુપ. Without

Noisome, *a.* (નૉઇઝમ) અપકારક; ઇજા કરતું; કંટાળા ભરેલું. Noxious; injurious; unwholesome.

Noisy, *a.* (નૉઇઝિ) ઘોંઘાટવાળું, ગાજી રહેલું. Clamorous; full of noise.

Nomad, *a.* } પશુ-જનાવર ચરાવીને પેટ
Nomadic, „ } ભરનાર; ભટકતું; ફરનારું. One who subsists by tending herds; pastoral (G. *nomos*).

Nomenclature, *n.* (નૉમેન્ક્લેટયુર) શબ્દકોષ; કોઇ ઇલમ અથવા હુન્નરને લગતા ખાસ શબ્દ. A vocabulary; the names of things in any art or science (L. *nomen* name, *calo* I call).

Nominal, *a.* (નૉમિનલ્) નામ સંબંધી; ફક્ત નામનુંજ. Existing in name only; not real (L *nomen* a name).

Nominate, *v.t.* (નૉમિનેટ) નામ દેવું, બોલાવવું; નેમણુંક કરવી. To name; to call; to appoint.

Nomination, *n.* (નૉમિનેશન્) નેમણુંક; નિમવું તે. Act of nominating.

Nominative,*n.* (વ્યાકરણમાં) પ્રથમા; કર્તા.

Nominee, *n.* (નૉમિની) નીમેલો પુરૂષ. One who is nominated.

Non, *ad.* ન, અ: અન, નિ ઇત્યાદી.

Non-acceptance, *n.* અસ્વિકાર.

Non-age, *n.* બાલ્યાવસ્થા. Minority.

Non-appearance, *n.* } ગેરહાજરી.
Non-attendance „ } Want of attendance.

Non-commissioned, *a.* સનદ વગરનું.

Non-compos, *a.* ઘેલું, ગાંડું. Not of sound mind.

Non-delivery, *n.* હવાલે ન કરવું તે; અસમર્પણ. Neglect of delivery.

None, *a.* (નન) કોઇ નહીં; એક પણ નહીં. Not one; not any.

Non-entity, *n.* } નહીંપણું; નાસ્તિત્વ;
Non-existence „ } અભાગ. A thing not existing. [તિવું. Peerless.

Non-pareil, *a.* જેની બરોબરી થઇ શકે નહીં

Non-plus, *n.* ગભરાટ, ગુંચવાડો. A state which one can do no more.

Non-resident, *a.* ઠરાવેલી જગાએ નહીં

રહેનાર. One who does not reside in the proper place.

Non-sense, *n.* (નૉન્‌સેન્સ) વગર અર્થનું બોલવું તે ; નકામું ટાહેલું.. Unmeaning language ; things of no importance.

Nonsuit, *v.t.* (નૉન્‌સુટ્) દાવો રદ કરવો ; દાવો નહી ચાલે એવો ઠરાવ. To determine that a plaintiff has lost his suit by default.

Noodle, *n.* અબૂજ, મૂર્ખ.

Nook, *n.* (નૂક્) ખૂણો, કોણ. A corner.

Noon, Noon-day, *n.* (નૂન્-ડે) બપોર, મધ્યાન્હકાળ. Midday.

Noose, *n.* (નૂઝ) ગાળો, ફાંસો. *v.t.* ફાંસવું, ફાંસામાં આણવું. A running knot; *v.* to entrap.

Nor, *conj.* (નૉર્) પણ નહીં, પણ નથી.

Normal, *a.* (નૉર્મલ્) લમ્બ ; નિયમિત. Perpendicular ; according to rule (L. *norma* rule).

North, *n.* (નૉર્થ) ઉત્તર દિશા. *a.* ઉત્તર તરફનું. One of the cardinal points; *a.* being in the north.—east, ઇશાનખૂણો ;—west, વાવ્ય ખૂણો.—star, *n.* ઉત્તર ધ્રુવનો તારો ;—wind, ઉત્તર વાયું.—pole, ઉત્તર ધ્રુવ,—ward, *ad.* ઉત્તર તરફ.

Northerly, *a.* } ઉત્તરનું ; ઉત્તર સંબંધી.
Northern, ,, } Being in the north.

Nose, *n.* (નોઝ) નાક, નાસિકા, ઘ્રાણ. The prominence of the face which is the organ of smell.—bag, *n.* તોબરો ;—gay, *u.* ફુલનો તોરો, ગોટો ;—ring, *n.* નથ,નથણી.

Nosology, *n.* (નૉસૉલૉજી) રોગ નિદાન શાસ્ત્ર The science of diseases (G. *nasos* disease, *logos* discourse).

Nostril, *n.* (નૉસ્ટ્રિલ) નસ્કોરૂં. [cine.

Nostrum, *n.* જડીબુટી. A quack medi-

Not, *ad.* (નૉટ્)નહીં, ના, નથી, ન. A particle of negation.

Notable, *a.* (નોટેબ્લ્) યાદ રાખવા જોગ, સ્મરણીય; પ્રસિદ્ધ. Noteworthy ; well-known. (L. *nota* mark).

Notary, *n.* (નોટરિ) કરારનામાં-ખત વીગેરે ઉપર સહી-સિક્કો કરનાર. An officer who attests writings.

Not ation, *n.* (નોટેશન્)આંકડા માંડવાતે; પરિણામ સંખ્યા. The act of recording by marks and figures.

Notch, *n.* (નૉચ્) ચીરો, ખાંચ, કાતરો. A hollow cut in any thing; a nick.

Note, *n.* (નોટ) નિશાની, ચિન્હ ; ખુલાસો, ટીપ ; ચિઠ્ઠી ; ટિકા ; સૂર ; આબરૂ ; નામ ; *v.t.* ધ્યાન દેવું ; ટપકાવી લેવું ; નોંધવું. A mark ; memorandum ; notice ; reputation ; annotation ; tune ; a short letter ; *v.* to observe; to write down (L. *nota* mark).

Noted, *a.* (નોટેડ્) નામાંકિત, પ્રસિદ્ધ. Remarkable. [any thing.

Nothing, *n.* (નથિંગ) કાંઇ નહીં. Not

Notice, *n.* (નોટીસ) નજર, લક્ષ, ધ્યાન ; અવલોકન ; ખબર, સુચના ; પ્રતિષ્ટા. *v.t.* જોવું, અવલોકન કરવું ; કોઇ વિષયપર બોલવું. Remark ; observation ; intelligence ; heed. *v.* to ovserve ; to heed ; to remark (L. *nota* mark). [thy of observation.

Noticeable, *a.* ધ્યાન આપવા જોગ. Wor-

Notification, *n.* (નોટિફિકેશન્)જાહેરનામું, સુચના પત્ર, ઢંઢેરો. Act of making known ; citation (L. *nota* mark, *facio* I make).

Notify, *v.t.* (નોટિફાઇ) જાહેર-પ્રસિદ્ધ કરવું ; જણાવવું. To make known ; to inform.

Notion, *n.* (નોશન્) કલ્પના, તર્ક, મન, વિચાર, ખ્યાલ, બુદ્ધિ. Thought ; idea; conception ; sentiment (L. *nosco* I know). [Visionary ; ideal.

Notional, *a.* (નોશનલ્) કલ્પિત, ધારેલું.

Notoriety, *n.* (નોટોરાયટિ) પ્રસિદ્ધિ, વિખ્યાતિ ; ઢંઢેરો. Public knowledge or exposure.

Notorious, *a.* (નોટોરિયસ્) પ્રસિદ્ધ, જાણીતું; લુચ્ચાઇમાં પ્રખ્યાત. Publicly known; remarkable (L. *nosco* I know).

Notwithstanding, *con.* એમ છતાંપણ ; તથાપિ. Nevertheless.

Nought, See Naught.

Noun, *n.* નાઉન્) નામ. The name of a person, place or thing. Proper n. વિશેષ નામ ; common n. સામાન્ય નામ ; Abstract n. ભાવ વાચક નામ ; collective n. સંઘ સુચક નામ ; Verbal n. ક્રિયા વાચક નામ. (L. *nomen* name).

Nourish, *v.t.* (નરિશ્) પાલણ પોષણ કરવું ; વૃદ્ધિ કરવી. To maintain ; to encourage (L. *nutrio* I nourish).

Nourishment, *n.* (નરિશ્મેન્ટ) પાલણ પોષણ;ખોરાકી. Nutrition; instruction.

Novel, *a.* (નૉવેલ્) નવું, હાલતું, અદ્ભૂત. New ; unusual. *n.* કલ્પિત વાર્તા-કથા. A fictitious tale.–ist, *n,* કલ્પિત કથા લખનાર. (L. *novus* new).

Novelty, *n.* (નૉવેલ્ટિ) નવાઇ ; નવીનતા ; અલૌકિકપણું. A new thing.

November, *n.* (નવેમ્બર્) અંગ્રેજી વર્ષનો અગીયારમો મહિનો. The eleventh month of the year. (L. *novem* nine).

Novice, *n.* (નૉવિસ) કોઇ ધંધામાં નવું દાખલ થએલું માણુસ ; શીખાઉ. A beginner; a probationer (L. *novus* new)

Novitiate, *n.* (નોવિશિએટ) શિખાઉપણું ; અણુવાકેફગારી. The state of a novice

Now, *ad.* (નાઉ) હમણાં, હાલમાં, સાંપ્રત ; આ વખતે. Very lately ; a little while ago. now a days આજ કાલ.

No–way-ways-wise, કોઇપણ પ્રકારે નહીં.

Noxious, *a.* (નૉક્સ્યસ્) અપકારક ; ઇજા કરતું. Hurtful ; baneful. (L. *noceo* I hurt). [nose.

Nozzle, *n.* (નૉઝલ્) નાકનું ટેરવું. The

Nucleus, *n.* (ન્યુક્લીઅસ્) મધ્ય ભાગ, ગરભ. A kernel. (L. *nux* a nut).

Nude, *a.* (ન્યુડ) નાગું,ઉઘાડું. Naked; bare.

Nudity, *n.* (ન્યુડિટિ) નાગાપણું, નગ્નતા. Nakedness.

Nugatory, *a* (ન્યુગેટરિ) નજીવું, હલકું, ફોગટ. Trifling; futile. (L. *nugœ* trifles).

Nuisance, *n.* (ન્યુસન્સ) કંટાળો-ઉપદ્રવ ઉપજાવનારી વસ્તુ;ઇજા. Something noxious or offensive.(L. *noceo* I hurt)

Null, *a.* (નલ્) ફોકટ, વ્યર્થ. Ineffectual L. *ne, ullus* any).

Nullify, *v.t.* (નલિફાઇ) રદ-બાતલ કરવું. To make void. [existence.

Nullity, *n.* નહિપણું, અભાગ. Want of

Numb, *a.* (નમ્) બેશુદ્ધ, જડ. Torpid. *v.* બેશુદ્ધ કરવું-થવું. To make or be torpid.

Number, *n.* (નમ્બર્) સંખ્યા, આંકડો, અંક ; નંગ ; (વ્યાકરણમાં) વચન. *v.t.* ગણવું, આંકડો મારવો. Any assemblage of units; a multitude; *v.* to count ; to enumerate (L. *numerus* a number). [Countless.

Numberless, *a.* અગણિત, અસંખ્ય.

Numeral, *a.* (ન્યુમરલ્) સંખ્ય દર્શક–વાચક. Expressing numbers.

Numeration, *n.* (ન્યુમરેશન્) આંકડા માંડવા તે ; સંખ્યા પરિણામ. Act of numbering. [કડો; અંશ.

Numerator, *n.* અપૂર્ણાંકમાંનો ઉપરનો આં-

Numerical, *a.* સંખ્યા સંબંધી. Denoting number.

Numerous, *a.* (ન્યુમરસ્) પુષ્કળ, બહુ, ઘણુંજ. Consisting of many (L. *numerus*).

Numismatics, *n.* (ન્યુમિસ્મેટિક્સ) સિક્કા વિષેની વિદ્યા. Pertaining to money, coins, &c.

Nun, *n.* (નન્) બાવી, વેરાગણુ. A woman devoted to a religious life;-nery, *n.* વેરાગણુનો મઠ.

Nuncio, *n.* રોમન ધર્માધ્યક્ષ તરફનો દૂત.

Nuptial, *a.* (નપ્શ્યલ્) લગ્ન-વિવાહ સંબંધી. *n. pl.*લગ્ન, વિવાહ. Pertaining to a marriage (L. *nubo* I marry).

Nurse, *n.* (નર્સ) છોકરાં સંભાળનારી-ધવરાવનારી સ્ત્રી; આયા; દાઈ. *v.* સંભાળવું, બરદાસ્ત કરવી. A woman who takes care of infants; to nourish; to suckle (L. *nutrio* I nourish).

Nursery, *n.* (નર્સરિ) છોકરાંઓની સંભાળ રાખવાનો ઓરડો; ઝાડુના રોપાની જગા. The apartment in which children are nursed; plantation of young trees.

Nursling, *n.* બચ્ચું, બાળક. A child.

Nurture, *n.* (નર્ચ્યૅર) આહાર, ભક્ષ, કેળવણી. Food; education. *v.t.* શીખવવું, કેળવણી આપવી. To educate.

Nut, *n.* (નટ્) કોટલાંથી ઢંકાયલું ફળ.—cracker, *n.* સુડી;—meg, *n.* જાયફળ;—shell, *n.* કોચલું, કોટલું.

Nutriment, *n.* } આહાર, ખોરાક, ભક્ષ;
Nutrition, ,, } ધાતુપુષ્ટ ગુણ. Nourishment (L. *nutrio* I nourish).

Nutritious, *a.* } પુષ્ટિકારક; કૌવત આપ-
Nutritive „ } નાર. Nourishing; alimental.

Nuxvomica, *n.* કચુરો, ઝેર કચુરો.

Nymph, *n.* (નિમ્ફ્) અપ્સરા, પરી; પર્વત-વન-જળદેવી. A lady; a goddess of the mountains, woods, waters, &c. (L. *nympha*).

O.

O, ઈંગ્રેજી મૂળાક્ષરનો પંદરમો અક્ષર. ઓ, ઑ, અ, ઉ.

O, oh, *int.* રે, હો, અરે.

Oak, *n.* (ઓક્) એ નામનું ઝાડ. A forest [tree.

Oakum, *n.* જુના દોરડાંનો કાથો. Ropes untwisted and reduced to hemp.

Oar, *n.* (ઓર્) હલ્લેસું, ચાટવો. An instrument for rowing,—sman, હલ્લેસાં મારનાર.

Oasis, *n.* (ઓએસિસ્) ઉજડ મેદાનમાં ફળદ્રુપ જગા. A fertile spot in a desert.

Oat, *a.* (ઓટ્) એક જાતનું અનાજ.

Oath, *n.* (ઓથ્) સમ, કસમ, સોગન. A solemn declaration made with an appeal to God for its truth.

Obduracy, *n.* (ઑબ્ડયુરસિ) કઠોરપણું, અતિ દુરાગ્રહ. Stubbornness; impenitence (L. *ob, durus* hard).

Obdurate, *a.* (ઑબ્ડયુરેટ) કઠોર, હઠીલું, દુરાગ્રહી. Stubborn; inflexible.

Obedience, *n.* (ઓબીડિયન્સ) આધીનતા, તાબેદારી. Submission to authority (L. *obedio* I obey).

Obedient, *a.* (ઓબીડિયન્ટ) આજ્ઞાંકિત, તાબેદાર. Submissive.

Obeisance, *n.* (ઓબેસન્સ) નમસ્કાર, પ્રણામ, જોગ્રેપાળ. An act of reverence.

Obelisk, *n.* (ઓબીલિસ્ક) સ્તંભ, થાંભલો. A tall foursided pillar; a mark (†)

Obese, *a.* જાડુંભોલ. Corpulent.

Obey, *v.t.* (ઓબે) માનવું, કહ્યામાં રહેવું, ગણકારવું, તાબામાં રહેવું. To listen or attend to; to submit. (L. *obedio* I obey). [L. *ob, eo* I go).

Obit, *n.* (ઓબિટ્) મોત, મરણ. Death.

Obituary, *n.* (ઓબિટ્યુઅરિ) મૃત્યુ સંબંધી રજીસ્ટર. A register of the dead.

Object, *n.* (ઑબ્જેક્ટ) વિષય, પદાર્થ, ચિજ; હેતુ, અર્થ, મતલબ; (વ્યાકરણમાં)કર્મ. (*vt*) હરકત લેવી; વાંધો નાંખવો. That which lies before; end; design; to op-

pose; to urge against. (L. *ob jacio* I throw).

Objection, *n.* (ઑબ્જેક્શન્) હરકત, વાંધો, અડચણ. Adverse argument.–able, *a,* હરકત-વાંધા લેવા જોગ.

Objective, *a.* (ઑબ્જેક્ટિવ) પદાર્થ-વિષય સંબંધી. (વ્યાકરણમાં) કર્મ સંબંધી. Relating to the object.

Objector, *n.* (ઑબ્જેક્ટર્) વાંધો-હરકત લેનાર. One who objects.

Objurgation, *n.* ઠપકો. Reproof.

Oblation, *n.* (ઑબ્લેશન્) અર્પણ, બળીદાન. An offering; a sacrifice. (L. *ob, fero* I bear). [બંધનમાં રાખવું.

Obligate, *v.t.,* (ઑબ્લિગેટ) બાંધી લેવું;

Obligation, *n.* (ઑબ્લિગેશન) ફરજ; કર્તવ્ય, કામ; ઉપકાર, આભાર. That which binds; favour. (L. *ob, ligo* I bind)

Obligatory, *a.* (ઑબ્લિગેટરિ) ફરજ પાડે તેવું; બંધક. Imposing an obligation.

Oblige, *v.t.* (ઑબ્લાઇજ) જરૂર-ફરજ પાડવી; ઉપકાર-આભાર કરવો. To constrain; to do a favour to (L. *ob, ligo* I bind).

Oblique, *n.* (ઑબ્લિક) વાંકું, તીરકસ, આડું. Deviating from a right line; indirect (L. *ob, liquis* awry).

Obliquity, *n.* વાંકાપણું, વક્રત્વ; નિયમ વિરૂદ્ધતા. Deviation from moral rectitude.

Obliterate, *v.t.* (ઑબ્લીટરેટ) છેકી-ભુંશી નાંખવું; ઘસાઇ જવું. To blot out; to efface; to wear out (L. *ob, litera* letter). [ment.

Obliteration, *n.* છેકી નાંખવું તે. Efface-

Oblivion, *n.* (ઑબ્લિવિયન્) વિસ્મૃતિ, વિસારો, ભુલાવો; ગુના માત્રની માફી. Forgetfulness; amnesty (L. *obliviscor* I forget).

Oblivious, *a.* ભૂલકણું. Forgetful.

Oblong, *a.* (ઑબ્લૉંગ) લંબચોરસ. *n.* લંબ ચોરસ આકૃતિ. Longer than broad (L. *ob, longus* long).

Obliquy, *n.* (ઑબ્લોક્વિ) નીંદા; બદગોઇ; ભુંડું બોલવું તે. Reproach, slander, blame (L. *ob, loquor* I speak).

Obnoxious, *a.* (ઑબ્નૉક્શયસ્) ઠપકાલાયક; દોષપાત્ર. Blameworthy (L. *ob, noceo* I hurt).

Obscene, *a.* (ઑબ્સીન) ભુંડાળું, નિર્લજ, ઉઘાડું, નાગું; ગંદું. Immodest, unchaste; filthy; lewd.

Obscenity, *n.* (ઑબ્સેનિટિ) ભુંડાળા-નિર્લજપણું. Impurity; lewdness.

Obscure, *a* (ઑબ્સ્ક્યુર) ઝાંખું, અંધારાવાળું, ઓતાડું, અપ્રસિદ્ધ. *v.t.* છુપાવવું, સંતાડવું. Overshadowed; darkened; deem; to conceal (L. *obseurus*).

Obscurity, *n.* (ઑબ્સ્ક્યુરિટિ; અંધારૂં; ગૂઢપણું; અપ્રસિદ્ધિ, ગરિબાઇ. Darkness; privacy; unintelligibleness; humility.

Obsequies, *n.* (ઑબ્સીક્વીઝ) મૃત્યુ સંસ્કાર; પ્રેત કર્મ. Funeral rites and solemnities (L. *ob, sequor* I follow).

Obsequious, *a.* (ઑબ્સીક્વિયસ્) ખુશામતિયું, હાજી હા કરનાર. Servile; obedient (L. *ob, sequor* I follow).

Observance, *n.* } (ઑબ્ઝર્વન્સ) } જોવું;
Observation, „ } ઑબ્ઝર્વેશન) } અવલોકન; પાળવું; માનવું તે; ટીકા. Act of observing; obedience; remark (L. *ob, servo* I keep).

Observatory, *n.* (ઑબ્ઝર્વેટરિ) વેધશાળા; અવલોકન સ્થાન. A place for making astronomical observations.

Observe, *v.i.* (ઑબ્ઝર્વ) જોવું, તપાસવું, અવલોકન કરવું; પાળવું, માનવું; ટીકા કરવી. To notice with care; to mark; to watch; to obey to remark,–r, *n.* અવલોકન કરનાર; બારીકીથી જોનાર.

Obsolete, *a.* (ઑબ્સોલીટ) વ્યવહારમાંથી નીકળી ગયેલું; રૂઢી ભ્રષ્ટ. Gone out of use; worn out (L. *ob*, *soleo* I am wont).

Obstacle, *n.* (ઑબ્સ્ટેકલ્) હરકત, અડચણ, વિઘ્ન. A hindrance; an impediment (L. *ob*, *sto* I stand).

Obstetric, *a.* } (ઑબ્સ્ટેટ્રિક્-લ્) પ્રસવ
Obsterical, ,, } કર્મ સંબંધી; દાઇના ધંધા સંબંધી. Pertaining to midwifery (L. *obstetrix* a midwife),

Obstinacy, *n.* (ઑબ્સ્ટિનસિ) હઠીલાઇ, દુરાગ્રહ, આડાઇ. Stubbornness; contumacy (L. *ob*, *sto* I stand).

Obstinate, *a.* (ઑબ્સ્ટિનેટ) હઠીલું, નક્કી, આડું. Stubborn; inflexible.

Obstreperous, *a.* (ઑબ્સ્ટ્રેપરસ્) બહુ બોલું; કલબલીયું. Clamorous; noisy; turbulent (L. *ob*, *strepo* I make noise).

Obstruct, *v.t.* (ઑબ્સ્ટ્રક્ટ) બંધ કરવું, અટકાવવું; અડચણ કરવી. To block up; to hinder; to impede (L. *ob*, *struo* I build).

Obstruction, *n.* (ઑબ્સ્ટ્રક્શન્) અડચણ, પ્રતિબંધ, હરકત. Hindrance; check; obstacle. [Hindering.

Obstructive, *a.* રોકાણ-અડચણ કરે એવું.

Obtain, *v.t.* (ઑબ્ટેન્) મેળવવું; પ્રાપ્ત સંપાદન કરવું. *v.i.* ચાલવું, હોવું. To gain; to procure; to continue (L. *ob*, *teneo* I hold).

Obtainable, *a.* લભ્ય, પ્રાપ્ય; મેળવવાજોગ. That may be obtained.

Obtrude, *v.t.*, *v.i.* (ઑબ્ટ્રુડ) વગર માગ્યે કે બોલાવે આગળ લાવી મુકવું; ઘુસવું. To thrust in or upon; to urge upon against the will (L. *ob*, *trudo* I thrust).

Obtrusion, *n.* બળાત્કારે આપવું તે; ઘુસવું તે. Thrusting upon others by force.

Obtrusive, *a.* (ઑબ્ટ્રુઝિવ) જોર જુલમે ગળે ઘાલનાર; માથા મારૂ. Inclined to obtrude.

Obtuse, *a.* (ઑબ્ટયુઝ) પહોળુ; મંદ, જડ; બહુ. Dull; stupid; blunt (L. *ob*, *tundo* I blunt).

Perseverence, *n.* (પર્સીવીઅરન્સ) ખંત, ખંતીલાપણું; પ્રયત્ન. Continued pursuit (L. *severus* strict).

Persevere, *v.t.* (પર્સીવીઅર) પાછળ લાગવું; ખંત રાખવી. To pursue steadily.

Persist, *v.i.* (પર્સિસ્ટ) આગ્રહ લેવો-પકડવો, કર્યોજ કરવું. To continue firm; to persevere (L. *per*, *sisto* I stand). [vering.

Persistent, *a.* આગ્રહી, હઠીલું. Persevering.

Persistence, *n.* આગ્રહ, હઠ. Constancy.

Person, (પર્સન્) અંગ, શરીર; માણસ. Body; a human being (L. *persona* a mask).

Personage, *n.* (પર્સનેજ) નામીચું માણસ; ગ્રહસ્થ. A person of distiction.

Personal, *a.* (પર્સનલ્) મનુષ્યનું; શરીરનું, ખાસગી; ખુદ. Belonging to a person; corporeal,—ly, *ad.* જાતે, પોતે.

Personality, *n.* (પર્સનૅલિટિ) પોતાપણું; વિશેષ જનત્વ; ઉદ્દિષ્ટ વચન. Individuality; reflection on an individual.

Personate, *v.t.* (પર્સૉનેટ) ખોટું ડોળ-ઢોંગ કરવો; સ્વરૂપ ધારણ કરવું. To represent; to act a part; to feign (L. *persona* mask).

Personification, *n.* } (પર્સૉનિફિકેશન્)
Personify, ,, } (પર્સૉનિફાઇ)
નિર્જીવ વસ્તુને જીવતા માણસનાં જેવાં લક્ષણ આપવાં તે. To represent with the attributes of a person.

Perspective, *n.* (પર્સ્પેક્ટિવ) દુર્બીન; આબેહુબ ચિત્ર કહાડવાની વિદ્યા. A glass through which objects are viewed; art of drawing objects (L. *specto* I see).

Perspicuity, *n.* સરળતા, સ્પષ્ટતા. Easiness to be understood.

Perspicuous, *n.* (પર્સ્પિક્યુઅસ્) સ્પષ્ટ સમજાય એવું; સરળ. Clear; easily understood.

Perspiration, *n.* (પર્સ્પિરેશન્) પરશેવો, પસીનો. Sweat (L. *spiro* I breathe).

Perspire, *v.i.* (પર્સ્પાયર) પરશેવો થવો–છુટવો. To sweat.

Persuade, *v.t.* (પર્સ્વેડ) સમજાવવું, મન ફેરવવું, ખાતરજમા કરવી. To bring to a particular opinion; to influence by argument (L. *per*, *suadeo* I advise).

Persuasion, *n.* (પર્સ્વેશન્) સમજાવવું તે, સમજુતી, ખાતરી; મનમનાવવું તે; ભરોસો, આકીન. Conviction; opinion; creed.

Persuasive, *a.* (પર્સ્વેસિવ) મનને અસર થઇ જાય એવું; મનને વશ કરી લે એવું. Influencing the mind or passions.

Pert, *a.* (પર્ટ) ચપળ, ચંચળ; તોછડું. Brisk; impertinent,—ness, *n.* ચાલાકી.

Pertain, See Belong.

Pertinacious, *a.* (પર્ટિનેશિયસ્) આપમતિયું, હઠીલું. Obstinate; stubborn (L. *teneo* I hold).

Pertinacity, *n.* (પર્ટિનેસિટિ) હઠીલાઇ, દુરાગ્રહ, મમત. Obstinacy.

Pertinence, *n.* } હાથમાં લીધેલી બાબતને
Pertinency, „ } લાયકનો વખત; પ્રસંગ યોગ્યતા. Appositeness.

Pertinent, *a.* સંબંધ રાખતું; પ્રસંગોપાત. Appropriate.

Perturbation, *n.* (પર્ટર્બેશન્) વ્યગ્રતા, વ્યાકુલતા. Agitation (L. *turbo* I throw into disorder).

Perusal, *n.* (પીરયુઝલ્) } વાંચવું, જોવું,
Peruse, *v.* (પીરયુઝ) } અધ્યયન. To read; to observe; careful view (L. *utor* I use, from *video* I see).

Pervade, *v.t.* (પર્વેડ) બધે પથરાઇ જવું; સર્વે વ્યાપક હોવું. To be diffused through (L. *per*, *vado* I go).

Perverse, *a.* (પર્વર્સ) કુજાતી; અડીઅલ; વાંકું. Obstinate; petulent.

Perversion, *n.* ફરી જવું તે, અવળું ચાલવું; ભ્રષ્ટતા. Change to something worse; misapplication.

Pervert, *v.t.* (પર્વર્ટ) ફેરવવું, ફરી જવું, ઉલટું-અવળું ચાલવું. To turn from the right; to corrupt. *n.* વટલેલ-ભ્રષ્ટ થયેલું માણસ (L. *per*, *verto* I turn).

Pest, *n.* (પેસ્ટ) મરકી, રોગ; પીડા, પાપ. Plague; pestilence; bane.

Pester, *v.t.* (પેસ્ટર્) હેરાન-બેજાર કરવું. To annoy.

Pestiferous, *a.* } મરકી-રોગ આણનારૂં;
Pestilent, „ } જીવ લે એવું; રોગીષ્ટ;
Pestilential „ } નુકશાન કરે એવું; દુષ્ટ. Producing plague; malignant; destructive.

Pestilence, *n.* (પેસ્ટિલન્સ) મરકી; જીવ જોખમાંય એવું કોઇપણ દરદ; કોગળીયુ. Plague; any epidemic disease.

Pestle, *n.* (પેસ્લ્) દસ્તો, બતો, મૂશળું. An instrument for pounding.

Pet, *n.* (પેટ્) વચકું; માઠું લાગવું તે; વહાલું, લાડકું. A slight fit of peevishness; a little favourite,—tish, *a.* રીસાળ, વચકાખોર. Peevish.

Petal, *n.* (પેટલ્) ફુલની પાંખડી. A flower-leaf.

Petition, *n.* (પીટિશન્) અરજ, અરજી, વિનંતી; *v.t.* અરજ-અરજી કરવી. A request; a supplication; *v.* to request; to supplicate (L. *peto* I seek).

Petitioner, *n.* અરજદાર. One who offers a petition.

Petrifaction, *n.* (પેટ્રિફેક્શન્) પથ્થર થઇ જવાની ક્રિયા; પથ્થર થઇ ગયેલો પદાર્થ. Act of turning to stone.

Petrify, *v.t.* (પેટ્રિફાઇ) પથ્થર કરવો; કઠોર-કઠણ કરવું. To change to stone (L. *petra* rock, *facio* I make).

Petticoat, *n.* (પેટિકોટ્) ઘાઘરો, ચણિયો. A loose under-garment.

Pettifogger, *n.* (પેટિફૉગર્) રેંજીપેંજી વકીલ; મુખ્તાર. A petty small-rate lawyer [Small; inferior.

Petty, *a.* (પેટિ) ન્હાનું, હલકું, નજીવું.

Petulance, See Peevishness.

Petulant, *a.* (પેટ્યુલન્ટ) ચીડીયું, ઝાંઝી. Peevish.

Pewter, *n.* (પ્યુટર્) જસત. A compound metal. [open carriage.

Phaeton, *n.* (ફેટન્) ચાર પૈડાની ગાડી. An

Phalanx, *n.* (ફૅલૅન્કસ) ફોજની રચના. A close body of soldiers. [ghost.

Phantom, *n.* (ફૅન્ટમ્) ભૂત; આભાસ. A

Pharmacopœia (ફાર્મેકોપીઆ) જુદાં જુદાં ઓસડ તૈયાર કરવા બાબતનો ગ્રંથ. A book containing rules for the preparation of medicines.

Pharmacy, *n.* ઓસડો તઇયાર કરવા વીગેરેનો ધંધો.

Phase, *n.* ⎱ ચંદ્ર અથવા કોઇ બીજા ગ્રહનો
Phasis, „ ⎰ પ્રકાશિત ભાગ. An appearance of the moon. [bird.

Phenix, *n.* (ફીનિક્સ) એક કલ્પિત પક્ષિ. A

Phenomenon, *n.* (ફીનૉમિનૉન્) દ્રષ્ટીવિષય; ચમત્કાર. An appearance (G. *phaino* I show). [small bottle,

Phial, *n.* (ફાયલ્) શીશી, બાટલી. A

Philanthropic, *a.* ⎱ પરગજુ; લોકોપ-
Philanthropist „ ⎰ કારી. One who loves his fellow-men.

Philanthropy, *n.* (ફિલૅન્થ્રોપિ) પરગજુપણું. Love of mankind (G. *anthropos* man).

Philologist, *n.* ⎰ (ફાઇલૉલૉજીસ્ટ) ⎱ ભાષા
Philology „ ⎱ (ફાઇલૉલૉજી) ⎰ તત્વ શોધક; વાક્શાસ્ત્રી. One versed in philology.

Philology, *n.* (ફાઇલૉલૉજી) ભાષા વિવેક; ભાષા તત્વ શોધન. Critical knowledge of language. (L. *philos* loving, *logos* speech).

Philosopher, *n.* (ફિલૉસૉફર્) તત્વ જ્ઞાની-શોધક; ફિલસુફ. One versed in philosophy. (G. *sophia* wisdom).

Philosophic--al, *a.* (ફિલૉસૉફિક-કલ્) તત્વજ્ઞાન સંબંધી; ફિલસુફનું; સ્થિર, ઠરેલ. Skilled in philosophy; calm; rational.

Philosophy, *n.* (ફિલૉસૉફિ)તત્વજ્ઞાન-શાસ્ત્ર; વિજ્ઞાન. Love of wisdom.

Philter, *n.* (ફિલ્ટર્) મોહોબતનો જોસ્સો ચઢાવનાર ઓસડ; વશીકરણ. A potion to excite love.

Phlebotomy, *n.* (ફ્લીબૉટોમિ) ફસખોલવી તે. Act of blood-letting.

Phlegm, *n.* (ફ્લેમ્) કફ; શ્લેષ્મ; સુસ્તી. A watery humour of the body; dulness. —atic, *a.* કફ-શ્લેષ્મ સંબંધી; સુસ્ત.

Phonography, *n.* (ફોનોગ્રફિ)સ્વર નિયમ શાસ્ત્ર.]

Phosphorus, *n.* (ફૉસ્ફરસ્) ફાસ ફરસ. A combustible substance. (G. *phos* light, *phero* I bring).

Photograph, *n.* (ફોટોગ્રફ્) યાંત્રિક ચિત્ર; ફોટોગ્રાફ.—er, *n.* ફોટોગ્રાફ લેનાર,—y, *n.* સુરજના અજવાળાથી છબી પાડવાની કળા.

Phrase, *n.* (ફ્રેઝ) વાક્યનો ભાગ; કહેવત; વાક્ય; રૂઢી. A mode of speech; an idiom; style. [ઇબારત.

Phraseology, *n.* બોલવા લખવાની ઢબ;

Phrensy, See Frenzy. [sumption.

Phthisis, *n.* (થિસિસ્) ક્ષયરોગ. Con-

Phylactery, *n.* મંત્રેલું માદળીયું; તાવીજ.

Physic, *n.* (ફિઝિક્) વૈદક; વૈદું; ઓસડ; જુલાબ. Medicine; a purge.

Physician, *n.* (ફિઝિશિયન્) વૈદ, હકિમ, દાકતર. One skilled in the art of healing. [નાર.

Physiognomist, *n.* મુખ સામુદ્રિક જાણ-

Physiognomy, *n.* ફિઝિયૉગ્નોમિ) ચહેરા ઉપરથી સ્વભાવની પરીક્ષા કરવાની વિદ્યા; મુખ સામુદ્રિક ચેહેરો. The art of discovering the character of the mind from the features of the face.

Physiologist, *n.* સર્વેન્દ્રિય શાસ્ત્રી.

Physiology, *n.* (ફિઝિઑલૉજી) સર્વેન્દ્રિય શાસ્ત્ર. The science which treats of the functions of animals and plants.

Physique, *n.* શરીરનું બંધારણ.

Piazza, *n.* માંડવો હોયતેવી વાટ. A covered walk supported by pillars.

Pick, *v.t.* (પિક્) તોડવું; ચુંટવું; વિણવું; કોચવું. To pluck with the fingers; to glean; to take up, to cull.

Pick-axe, *n.* તીકમ, કુહાડી. An axe with a sharp point.

Picket, *n.* (પિકેટ્) ગરજો; અણિદાર ખુંટો. A pointed stake.

Pickle, *n.* (પિક્લ્) આથણું; અથાણું; આપદા, મુસીબત. Any thing pickled; a state.

Pick-lock, *n.* તાળું-કળ ઉઘાડવાની સળી.

Pick-pocket, *n.* ગજવાં કાતરૂ; ગંઠીચો.

Picnic, *n.* (પિક્નિક્) વાડીમાં જઇનેકીધેલી ઉજાણી; જીયાફત. A party in which each person contributes something to the entertainment.

Pictorial, *a.* (પિક્ટોરિયલ્) ચિતરેલું, ચિત્ર કાડીને સમજાવેલું. Relating to painting.

Picture, *n.* (પિકચર) ચિત્ર, છબી; તસ્વીર. A painted representation of any thing; likeness. (L. *pingo* I paint).

Picturesque, *a.* (પિકચરેસ્ક) ચિત્રના જેવું; મનોહર. Like a picture. [of food.

Pie, *n.* (પાઇ) સેકેલું ભજીયું. An article

Piebald, *a.* (પાઇબાલ્ડ) પચરંગી, ચિત્ર વિચિત્ર. Of various colours.

Piece, *n.* (પીસ) કકડો, ટુકડો; ભાગ. A fragment; a portion· *v.* થીંગડું મારવું. To patch. —meal, *ad.* ટુકડે ટુકડા થઇને.

Pier, *n.* (પીયર્) કમાન સારૂ મુકેલો થાંભલો; પાષાણ સ્તંભ. A column to support the arch.

Pierce, *v.t.* (પીઅર્સ) ભોકવું, વિંધવું, દાખલ થવું. To penetrate; to enter.

Piety, *n.* (પાયેટિ) ભક્તિ, ઇશ્વર નિષ્ટા. Godliness; devotion.

Pig, *n.* (પિગ્) ડુક્કર; કાચી ધાતુનો જાડો કકડો. A young bore; a mass of lead or iron.

Pigeon, *n.* (પિજ્યન્) કબુતર, કપોત. A dove. —hearted, *a.* બીહીકણુ,બાયલું.

Pigment, *n.* (પિગ્મેન્ટ) રંગ. Paint.

Pigmy, *a.* (પિગ્મિ) વામન, ઠીંગણું-માણસ. A dwarf. [long lance.

Pike, *n.* (પાઇક) ભાલો, બરછી, નેજો. A

Pilaster, *n.* ચાર ખુણાનો થાંભલો. A square pillar.

Pile, *n.* (પાઇલ) ઢગલો, ગંજ; ચીત્તા, ચેહ; થાંભલો, ટેકો; ઢગલો કરવો; સીંચવું. A heap; a collection; a stake driven into the earth; *v.* To heap; to accumulate. *n. pl.* હરસ; મસા.

Pilfer, *v.i.* (પિલ્ફર્) હલકી ચોરી કરવી. To practise petty theft.

Pilgrim, *n.*(પિલ્ગ્રિમ્)જાત્રાળું, તિર્થકરનાર. One who travels to visit holy place. (L. *per*, *ager* land).

Pilgrimage, *n.* (પિલ્ગ્રિમેજ)જાત્રા, યાત્રા, તિર્થ. Journey to a holy place.

Pill, *n.* (પિલ્) ગોળી. A little ball.

Pillage, *n.* (પિલેજ) લુંટ. *v.* લુંટવું. Plunder; to plunder.

Pillar, *n.* (પિલર્) થાંભલો, સ્તંભ, ટેકણ. A pile; a column.

Pillory, *n.* (પિલરિ) અપમાન સ્તંભ. An instrument of punishment.

Pillow, *n.* (પિલો) તકીયો,ઓશીકું. A cushion to support the head,—case, *n.* તકિયાનો ગલેફ.

Pilot, *n.* (પાઇલટ્) બંદર વટાડી-પસાર કરી આપનાર દરિયાઈ અમલદાર; ભોમિયો. A helmsman; a guide.

Pimento, *n.* ચીનીકબાલા. A spice

Pimp, *n.* (પિમ્પ) ભડવો, કુટણો.

Pimple, *n.* (પિમ્પલ્) ફોલ્લી, ખીલ. A pustule.

Pin, *n.* (પિન્) ખીલી, મેખ; ટાંચણી; લેશ. *v.* ટાંચણી ખોસવી-મારવી. A pointed piece of wood or wire; a peg; to fasten with a pin.

Pincers, *n. pl.* (પિન્સર્સ) ચીપિયો, ચિમટો. An instrument for griping any thing to be held fast.

Pinch, *n.* (પિન્ચ) ચિમટી; ચોંટી; ચપટી. તાણ, ભીડ. *v.* ચીમટી દેવી; ચપટી આવવી; ભચડાવવું; દબાવવું. A squeeze;

a gripe; difficulty; to squeeze; to gripe.

Pine, *n.* એક જાતનું ઝાડ. A tree. *v.* ઝુરવું, સોચના કરવી; મનમાં મુઝાવું To languish; to wither.—apple, *n.* અનનાસ.

Pinion, *n.* (પિનિયન્) પાંખ; બંધ. *v. t.* બાંધી લેવું, મુશકે બાંધવું. A wing; to bind the arms (L. *pinna* feather).

Pink, *n.* (પિન્ક) ગુલાબી રંગ; ખુલ્લો લાલ રંગ. A colour.

Pinmoney, *n.* પોતાની બઇરીને આપેલી હાથ ખરચી. A wife's pocket money.

Pinnacle, *n.* (પિનેકલ્) શિખર, ટોચ, કળસ. A top; a summit.

Pint, *n.* (પાઇન્ટ) અર્ધ શેરના આશરાનું પ્રવાહી પદાર્થનું માપ. A measure for liquor.

Pioneer, *n.* (પાયોનીયર્) પહેલ કાઢનાર; અગ્રેસર. One who goes before.

Pious, *a.* (પાયસ્) પવિત્ર, ધાર્મિક, ભગત. Holy; devout (L. *pius* God).

Pipe, *n.* (પાઇપ) નળી, પીપી, વાંસળી. *v.* વાંસળી વગાડવી. A tube; a wind-instrument of music; to play on a pipe.

Pique, *n.* (પિક) ચીઢ, રીસ, ચટકો, અમળાટ; *v.* ચટકો–માઠું લગાડવું. Irritation; slight anger; *v.* To offend; to fret.

Piracy, *n.* (પાઇરેસિ) ચાંચીયાપણું; વહાણ લુટવાનો ધંધો. Robbery on the sea. (G. *peirao* I attempt).

Pirate, *n.* (પાઇરેટ) ચાંચીયો, વહાણ લુટનાર. A sea-robber.

Pisces, *n.* (પિસીઝ્) મીનરાશી. A sign of the Zodiac.

Pismere, *n.* કીડી. An ant.

Piss, *v.i.* (પિસ્) મુતરવું, પીસાબ કરવો. To make water.

Pistaches, *n.* પિસ્તું. A nut.

Pistil, *n.* ગર્ભતંતુ The organ of a female flower.

Pistol, *n.* (પિસ્ટલ્) પીસ્તોલ, જંબુરો. A small hand-gun.

Piston, *n.* ડટો; યંત્રોમાં પાણી ખેંચી લેવા જે ભુંગળું હોય છે તે.

Pit, *n.* (પિટ્) ખાડો; નાટકશાળામાં બેઠક. A hole in the earth.–apat, *ad.* ધબક ધબક.

Pitch, *n.* (પિચ્) રાળ, ડામર, તાર. A resin from pine.

Pitch, *n.* પ્રમાણ, દરજ્જો; શીખર; ટોચ; *v.* ફેંકવું; નાંખવું. A point; a degree of elevation; to hurl.–fork, *n.* પંઝેટી.—fork, *n.* કાંટો, પંઝેટી.

Pitcher, *n.* (પિચર્) ઘડો, કરવડો. An earthen vessel.

Piteous, *a.* (પિટીઅસ્) દયા ઉત્પન્ન કરે એવું; દયામણું. That may excite pity.

Pith, *n.* (પિથ્) ગર, ગર્ભ; તત્વ, કસ, જીવ. Marrow; strength; energy.–less, *a.* સત્વ રહિત, રસકસ વિનાનું.—y, *a.* સત્વવાળું, કસદાર.

Pitiable, *a.* (પિટિયેબ્લ્) દયા-કરૂણા. Deserving pity.

Pitiful, *a.* (પિટિફુલ્) દયાળુ, દયાવાન. Tender; full of pity.

Pitiless, *a.* નિર્દય, કઠોર. Hard-hearted.

Pittance, *n.* (પિટેન્સ) ભાથું, દાન, અલ્પાંશ, Food; allowance; a small quantity.

Pity, *n.* (પિટિ) દયા, રહેમ, કરૂણા, માયા. *v.* દયા-માયા-રહેમ કરવી. Compassion; sympathy; *v.* to compssionate.

Pivot, *n.* (પિવટ્) વચલો ઉભો ખીલો. A small stake on which any thing turns (L. *palus* a stake).

Placable, *a.* (પ્લેકેબ્લ્) સમજે–માને એવું; વળકણું. That may be appeased (L. *placo* I appease).

Placard, *n.* (પ્લેકાર્ડ) જાહેરખબર ચ્હોડેલો

કાગળ. A printed paper posted in a public place.

Place, *n.* (પ્લેસ) ચોગાન, મેદાન; જગા, ઠેકાણું; પદવી, હોદ્દો, ઘર, મકાન. An open space; spot; an official post; a dwelling house; *v.* મૂકવું, ઠરાવવું, નીમવું. To put; to appoint. To take p. બનવું; In the p. of બદલે, ઠેકાણે.

Placid, *a.* (પ્લૅસિડ્) સંતોષી, શાંત; ધીમું. Gentle; mild; calm. (L. *placeo* I please).

Placidity, *n.* સંતોષ, શાંતતા. Mildness.

Plagiarism, *n.* (પ્લેજ્યૅરિઝમ્) બીજાના બનાવેલાં પુસ્તકમાંથી ચોરી કરી ગ્રંથ રચવો તે. Literary theft.

Plague, *n.* (પ્લેગ) મરકી, મ્હોટી આફત; અનર્થ; સાલ; સંતાપ; જંજાળ; *v.t.* મરકી-પીડા આવી પડવી. Pestilence; calamity; vexation; to infest with calamity; to trouble.

Plaid, *n.* (પ્લેડ્) ચાદર, પીછોડી. A loose garment.

Plain, *a.* (પ્લેન્) ખુલ્લુ, સપાટ, સરખું, સાદું, ભોળું. *n.* મેદાન, પાધર; યુદ્ધભૂમિ. Smooth; level, flat; open; *n.* level ground; field of battle. -dealing, *a.* સુધુ, ભલુ, ભલમનસાઇ.

Plaint, *n.* (પ્લેન્ટ) રોવું તે; ફરિયાદ. Complaint,-ive, શોકાતુર.

Plaintiff, *n.* (પ્લેન્ટિફ્) વાદી, ફરિયાદી. One who complaints (L. *plango* I lament). [fold; a double.

Plait, *n.* (પ્લેટ્) કલ્લી, ગડી, પાટલી. A

Plan, *n.* (પ્લેન્) યુક્તિ, ગોઠવણ, નમુનો, નકશો. *v.t.* નકશો કાઢવો; રચના કરવી. A scheme; a model; to scheme.

Plane, *n.* (પ્લેન) સપાટ, સમતલ. *v.t.* રંદો ફેરવવો. A level surface; to level. P. Geometry, સમતલ ભૂમિતિ.

Planet, *n.* (પ્લૅનેટ્) ગ્રહ. A wandering star;-ary, *a.* ગ્રહનું-સંબંધી. (G. *planao* I wander).

Plank, *n.* (પ્લૅન્ક) પાટીયું, તક્તો. *v.t.* પાટીયાં જડવાં. A thick board.

Plant, *n.* (પ્લૅન્ટ) છોડવો, છોડ, રોપો; *v.t.* રોપવું, જડવું, વસાવવું. A sprout; a sapling; to fix; to establish,-er, *n.* વાવનાર, રોપનાર.

Plaintain, *n.* (Tree) કેળ, (Fruit) કેળું.

Plantation, *n.* (પ્લૅન્ટેશન્) રોપવું-વાવવું તે; વાડી; સ્વસ્થાન. Place planted; colony. [puddle.

Plash, *n.* (પ્લૅશ્) ખાબોચિયું, ડેબરૂં. A

Plaster, *n.* (પ્લૅસ્ટર્) સલ્લો; મુલમ્મો; આગળી, પટ્ટી; *v.t.* સલ્લો દેવો, આગળી મારવી. A coating for walls.

Plastic, *n.* (પ્લૅસ્ટિક્) આકાર આપી શકે એવું. Having the power to give form. [plait.

Plat, *v.t.* (પ્લૅટ્) વણવું, ગુંથવું. To

Plate, *n.* (પ્લેટ) પતરૂં, તકતી; થાળી, રીકાબી; *v.* રૂપાનો ઢોળ ચઢાવવો, રસવું. Flat piece of metal; *v.* to overlay with plate.

Plateau, *n.* (પ્લેટો) ઉંચાણ સપાટ ધરતી.

Platform, *n.* (પ્લૅટ્ફોર્મ) સમતલ ચિત્ર; તખ્ત.

Platinum, *n.* રૂપા જેવી એક ધાતુ.

Platter, *n.* વીલાયતી થાળો-રકાબી.

Plaudit, *n.* (પ્લૉડિટ્) શાબાસી, વખાણ. An applause.

Plausible, *a.* (પ્લૉસિબલ્) દેખાવમાં-ઉપર ઉપરથી સારૂં લાગે-પસંદ પડે એવું. Apparently right.

Play, *n.* (પ્લે) રમત, ખેલ; તમાસો, નાટક; *v.* રમવું, વગાડવું, વેષ કહાડવો. Amusement; sport; game. To sport; to toy;—er, *n.* નાટક કરનાર; નટી. જુવાખોર,—fellow-mate, *n.* સાથે રમનાર, સોબતી.—ful, *a.* રમતીયાળ;—house, *n.* નાટકશાળા.

Plea, *n.* (પ્લી) દલીલ, તકરાર, સબબ. That which is advanced in pleading.

Plead, *v.t.* (પ્લીડ્) જવાબ આપવો ; તકરાર કરવી ; કારણ બતાવવું. To argue or reason.

Pleader, *n.* (પ્લીડર્) વકીલ, મુખ્તાર. A lawyer; one who pleades (L. *placeo* I please).

Pleasant, *a.* (પ્લેઝન્ટ) ખુશ લાગે એવું ; આનંદ-સંતોષકારી ; મઝાનું. Agreeable ; delightful; gay.

Pleasantry, *n.* રમુજ, મજાનું. Gayety.

Please, *v.t.* (પ્લીઝ) ખુશ કરવું, ખુશ થવું, રીઝવવું, આનંદ પમાડવો. To gratify; to delight; to satisfy (L.*placeo* I please. [able.

Pleasing, *a.* ખુશ લાગે એવું. Agree-

Pleasurable, *a.* See Pleasing.

Pleasure, *n.* (પ્લૅઝ્યર) ખુશી, આનંદ, સંતોષ ; મોજશોક, ઇશકબાજી. Delight; gratification.

Plebeian, *a.* સાધારણ-મધ્યમ લોકનું. Belonging to the common people.

Pledge, *n.* (પ્લૅજ) ઘરેણે-ગીરો મુકેલી જીનસ ; જામીન ; ખાતરી. *v.* ઘરેણે-ગીરવી મુકવું ; ખાતરી કરી આપવી. Any thing given as security ; a surety ; a pawn. *v.* to give as security (L. *plegium* surety). [constellation.

Pleiads, Pleiades, *n.* કૃત્તિકા (નક્ષત્ર) A

Plenary, *a.* (પ્લેનેરિ) ભરપૂર ; પૂરૂં ; સંપૂર્ણ. Full ; complete.

Plenipotentiary, *n.* (પ્લેનિપોટેન્શ્યરિ) ફુલ અખ્તિયારી વકીલ-એલચી. A negotiator invested with full powers (L. *potens* powerful).

Plenetude, *n.* (પ્લેનિટયુડ) પુષ્કળતા, ભરપુરપણું. Fulness ; exuberance.

Plentiful, *a.* (પ્લેન્ટિફુલ્) બહુ, ભરપૂર, પુષ્કળ. Copious ; abundant.

Plenteous, *a.* See Plentiful.

Plenty, *n.* (પ્લેન્ટિ) પુષ્કળતા ; ભરપૂરપણું. Abundance; copiousness.

Pleonasm, *n.* (પ્લીઓનેઝમ્) બોલવા લખવામાં જરૂર કરતાં વધારે શબ્દો વાપરવા તે. Redundancy of words.

Plethora, *a.* (પ્લીથોરે) લોહીએ ભરાવું તે ; રૂધિર પ્રકોપ. Excess of blood.

Pliable, *a.* (પ્લાયેબલ્) મરડાઇ-વળી શકે એવું. Flexible,—ness, વળી શકવાનો ગુણ ; ઢીલાપણું.

Pliant, *a.* See Pliable.

Pliers, *n.* See Pincers.

Plight, *n.* (પ્લાઇટ્) હાલત, અવસ્થા, સ્થિતિ ; જામીનગીરી. Condition ; security.

Plod, *v.i.* (પ્લૉડ્) કષ્ટ-શ્રમ-વૈતરૂં કરવું; ધીમે ધીમે ચાલ્યા જવું. To drudge; to travel slowly.

Plot, *n.* (પ્લૉટ્) જમીનનો કકડો ; યુક્તિ; કાવતરૂ. *v.t.* તજવીજ-તરકટ-મસલત કરવી. A small extent of ground ; conspiracy ; a scheme ; to contrive.

Plough, *n.* (પ્લાઉ) હળ. *v.* હળ ખેડવું. An instrument for turning up the ground ; to furrow,—land, *n.* ચાસેલી-ખેડાય એવી જમીન.—share, *n.* હળનું ચવડું.

Plow, See Plough.

Pluck, *v.t.* (પ્લક્) ખેંચવું, તાણવું, આંચકો મારવો. To pull with sudden force. [*v.* ડુચો-દાટો મારવો.

Plug, *n.* (પ્લગ્) ડટ્ટો; બુચ. A stopple;

Plum, *n.* (પ્લમ્) એ નામનું વીલાયતી ફળ ; લાખ રૂપીયાની રકમ. A fruit ; the sum of £ 100,000.

Plumage, *n.* (પ્લ્યુમેજ) પીછાં. Feathers of a bird.

Plumb, *n.* (પ્લમ્) ઓળંબો. A leaden weight attached to a line.—er, *n.* સીસાનું કામ કરનાર,–ઓળંબાની દોરી.

Plumbago, *n.* એક ખનીજ વસ્તુ.

Plume, *n.* (પ્લ્યુમ) પીંછું; પડ; પર ; તોરો કલગી. A feather ; pride ; token of honour. *v.* પીંછાં ખેંચી કાઢવાં ; બોડું કરવું.

Plummet, *n.* See Plumb.

Plump, *a.* (પ્લમ્પ) ભરેલું ; ગોળમટોળ ; હડિંગા સરખું. Full ; round ; somewhat fat. *v.* ધબધબાક નાંખવું. To cause to drop heavily.

Plunder, *n.* (પ્લન્ડર્) લૂટ ; લૂટફાટ ; *v.* લુટવું. Pillage ; spoil ; to rob ; to spoil.

Plunderer, *n.* લુટારો, પીંડારો. A robber.

Plunge, *n.* (પ્લન્જ) ડુબકી, ગોથું ; *v.* બુડાડવું, ડુબાવવું, ખોસવું, ઘાલવું, ડુબકી મારવી. Act of plunging ; To thrust into water ; to throw headlong ; to hurry into.

Pluperfect, *a.* (પ્લ્યુપરફ્રેક્ટ) દ્વિત્વ ભૂત.

Plural, *a.* (પ્લુરલ્) એક કરતાં વધારે; અનેક. Containing more than one L. *plus* more).

Plurality, *n.* (પ્લુરૅલિટિ) અનેકતા ; બહુત્વ. A number more than one.

Plus, *n.* (પ્લસ્) વધતાનું ચિન્હ.

Ply, *v.t.* (પ્લાઇ) બઝોડવું ; ધીબોવવું , કર્યા જવું ; જા આવ કરવું; સતાવવું. To work at closely ; to urge ; to practise diligently.

Pneumatic, *a.* (ન્યુમૅટિક્) વાયુના જેવું; વાત રૂપ-મય. Pertaining to air (G. *pneo* I breathe).

Pneumatics, *n.* વાત શાસ્ત્ર. The science which treats of air.

Poach, *v.t.* (પોચ્) અડધું સીજવવું ; અદ કચરૂં રાખવું ; ચોરવું. To make soft by boiling slightly ; to plunder by stealth.

Pock, *n.* સહીયડ, અછબડા.

Pocket, *n.* (પૉકિટ્) ગજવું, ખીસું, ગુંજું. *v.t.* ગજવામાં મુકવું ; ચોરવું, હાથ મારવો. A small bag in a garment ; to put or conceal in the pocket, —book, ખીસામાંરહે એવી ચોપડી ;—money, *n.* હાથ ખરચી.

Pod, *n.* (પૉડ્) સિંગ. The seed-vessel of a plant. [work of a poet.

Poem, *n.* (પોયમ્) કાવ્ય, કવિતા. The

Poet, *n.* (પોયટ્) કવિ, કાવ્ય કર્તા. One who composes poems ;–ess, *n.* કાવ્ય કારિણી.

Poetic, *a.* } (પોયૅટિક, પોયેટિકલ્) કાવ્ય
Poetical, „ } -કવિતા વિશેનું. Pertaining to poetry.

Poetry, *n.* (પોયટ્રિ) કવિતા, પદ્ય. Verse.

Poignancy, *n.* (પૉઇનૅન્સિ) અતિતિક્તતા -તિવ્રતા. Sharpness; keenness (L. *pungo* I prick).

Poignant, *a.* (પૉઇનન્ટ) અતિ તિક્ત-તિવ્ર. Sharp ; piercing.

Point, *n.* (પૉઇન્ટ) અણી, ટોક, ટોચ ; બીંદુ, નીશાન, ચિન્હ. મૂદ્દો, વાત, બાબત; મતલબ; *v.t.* શાન કરવી; દેખાડવું, નેમ તાકવી. A sharp end ; a headland ; exact place ; aim ; degree. *v.* To sharpen ; to aim (L. *pungo* I prick.

Painted, *a.* અણીયાળુ, અણીદાર. Having a sharp point.–ly, *ad.* ખામુખાં ; ચોખ્ખાળીને ; સાફ.

Pointer, *n.* (પૉઇન્ટર્) દેખાડનાર, બતલાવનાર ; ઘડીયાળનો કાંટો; એક જાતનો કુતરો. One that points ; a dog.

Poise, *n.* (પૉઇઝ) વજન, ભાર. *v.t.* તોળવું, વજન કરવું. Weight ; balance ; to weigh.

Poison, *n.* (પૉઇઝન્) વિખ, ઝેર, વિષ. *v.t.* ઝેરપાવું-દેવું ; બીગાડવું, ભ્રષ્ટ કરવું. Any thing which destroys life ; to kill with poison ; to taint (L. *potio* a drink).

Poisonous, *a.* (પૉઇઝનસ્) ઝેરી, ઝેરદાર. Venomous.

Poke, *v.t.* (પોક) ભોકવું, ખોસવું, ઘૂસેડવું. *n.* ગોદો; ગજવું. To thrust forward; *n.* a thrust; a bag,-r, *n.* દેવતા ખોરવાનો સળીયો.

Polar, *a.* (પોલર્) ધ્રુવનું-સંબંધી-તરફનું. Pertaining to the pole.

Pole, *n.* (પોલ) લાકડી, દાંડો, કાઠી; ધ્રુવ; એક માપ. A long staff; a rod; one of the extremities of the earth's axis. —axe, *n.* ફરસી, પરશુ; —cat, એક જાતની બીલાડી;—star, *n.* ધ્રુવનો તાર. [Disputative.

Polemic-al, *a.* (પોલેમિક-લ્) તકરારી.

Police, *n.* (પોલિસ) ગામ-શેહેરની બંદોબસ્તી; પોલીસ. The body of civil force by which a city is regulated. --man, પોલીસનું માણસ-સિપઇ. —station, ચોકી; ચબુતરો. (G.*polis* a city).

Policy, *n.* (પૉલિસિ) રાજનીતિ-રીતિ-યુક્તિ; વ્યવહાર નીતિ; વિમાનું કરારનામું. A system of administration or management; contract of insurance.

Polish, *v.t.* (પૉલિશ્)ઓપવું, માંજવું, સાફ કરવું; ચકચકીત કરવું; *n.* ઝળકાટ, ઓપ, સફાઇ; સભ્યતા. To refine; to make smooth or glossy;*n.*refinement. —er, *n.* સીકલીગર. (*polio* I polish).

Polite, *a.* (પોલાઇટ) સભ્ય, નમ્ર, વિવકી. Of refined manner; civil; courteous.—ly, *ad.* સભ્યતાથી. [ment.

Politeness, *n.* સભ્યતા, વિવેક. Refine-

Politic, *a.* (પૉલિટિક) નીતિકુશળ; ચતુર; કારસ્થાની; મતલબી. Wise; prudent; artful; —al, *a.* રાજકીય.

Politician, *n.* (પૉલિટિશિયન્) રાજનીતિ કુશળ; મુત્સદ્દી. One versed in politics.

Politics, *n. pl.* રાજ ખટપટ. Science of government.

Poll, *u.* (પૉલ્) માથું, મસ્તક. *v.t.* અણી -ટોચ કાપી નાંખવી; કાતરવું. The head; to lop. —tax, *n.* માથાવેરો.

Pollen, *n.* (પોલન્) ફુલનું અબીલ; પરાગ. Fine powder in flowers.

Pollute, *v.t.* (પૉલ્યુટ) બગાડવું; મેલું-ખરાબ-નાપાક-ભ્રષ્ટ કરવું. To defile; to corrupt. (L. *polluo* I spoil).

Pollution, *n.* (પૉલ્યુશન્) બગાડવું તે; ભ્રષ્ટતા. (અગમ્યા ગમનથી) કાયા ભ્રષ્ટ થવી તે. Defilement.

Poltroon, *n.* (પૉલ્ટ્રુન્) હીજડો; બાયલું. A coward. —ery, *n.* હીજડાપણું.

Polyandry, *n.* (પૉલિયૅન્ડ્રિ) કોઇ સ્ત્રીને એકી વેળાએ એક કરતાં વધારે ધણીહોવા તે.

Polygamy, *n.* (પૉલિગૅમિ) કોઇ સ્ત્રીને એક કરતાં વધારે ધણી અથવા પૂરૂષનેએક કરતાં વધારે સ્ત્રી એકી વેળાએ હોવાં તે. Plurality of wives or husbands. (L. *polus* many, *gamos* marriage).

Polyglot, *a. n.* (પૉલિગ્લૉટ્) બહુ ભાષાનું -નો ગ્રંથ. Many-tongued; -book.

Polygon, *n.* બહુ ખૂણાવળી આકૃતિ.

Polytheism, *n.* (પૉલિથીઇઝમ્) ઘણા દેવ-ઇશ્વર છે એવું મત. The doctrine of a plurality of gods. (G. *theos* a god).

Polytheist, *n.* ઘણા ઇશ્વર છે એમ માનનાર. One who believes in polytheism.

Pomegranate, *n.* (પૉમીગ્રેનેટ) દહાડેમ; અનાર. A tree and its fruit.

Pommel, *n* (પમેલ્) મોગરો, મોરવાયો, જીનનો આગલો ઉંચો ભાગ. A knob or ball. *v.t.* કૂટવું, છુંદવું.

Pomp, *n.* (પૉમ્પ) દબદબો, ઠાઠમાઠ, ભપકો; વરઘોડો. Parade; splendour; show; grand procession.

Pompous, *a.* (પૉમ્પસ્) દબદબા ભરેલું; ડોળદાર; શેખી ભરેલું. Showy; magnificent.

Pomposity, *n.* ભભકાદારી, એડસાઇ, પતરાજી. Ostentation; boasting.

Pond, *n.* (પૉન્ડ) તળાવ, હોજ, કુંડ. A small lake.

Ponder, *v.* (પૉન્ડર્) વિચારવું; વિચાર કરવો; મનમાં તોળવું. To codsider; to think; to muse. (L. *poudus* weight).

Ponderable, *a.* (પૉન્ડરબ્લ્) જોખાય-તોળાય એવું; ધ્યાન પહોંચાડવા જોગ. That may be weighed. [ભારૂં. Heavy.

Ponderous, *a.* (પૉન્ડરસ્) વજનદાર; જ-

Poniard, *n.* ન્હાની કટાર; ખંજર. A small dagger.

Pontiff, *n.* (પૉન્ટિફ્) ધર્માધિકારી. A high priest. [floating bridge.

Pontoon, *n.* (પૉન્ટુન્) પૂલ હોડી. A

Pony, *n.* (પોનિ) નહાનો ઘોડો; ટટ્ટુ. A small horse.

Pool, *n.* (પૂલ્) પાણીનું ખાબોચીયું. A small collection of water.

Poop, *n.* (પૂપ્) વહાણનો ઉંચો પાછલો ભાગ. The hindmost part of a ship.

Poor, *a.* (પૂઅર્) ગરીબ, નિર્દ્રવ્ય, કંગાળ, બીચારૂં; નબળું. Destitute of property; mean; trifling,-ly, *ad.* ગરીબાઇથી; કંગાળપણાથી. (L. *pauper* poor).

Pop, *n.* (પૉપ્) ફટ્ટ દઇને થયેલો અવાજ; ફુટવું, અવાજ થવો; ચડપ દઇને ઘાલવું. A small quick sound; to thrust suddenly.—gem, *n.* છોકરાંને રમવાની બંદુક.

Pope, *n.* (પોપ) રોમન કેથોલીક ધર્મનો આચાર્ય. The bishop of Rome,-dom, *n.* પોપનો મુલક. [rot; a fop.

Popinjay, *n.* પોપટ; વરણાગિયો. A par-

Poppy, *n.* (પૉપિ) ખસખસનું ઝાડ; ખસખસ. A tree and its fruit.

Populace, *n.* (પૉપ્યુલેસ) સાધારણ-અભણ લોક; પ્રજા, પ્રકૃતિ. The common people; the vulgar (L. *populus* people.

Popular, *a.* (પૉપ્યુલર) લોક-પ્રજાનું; લોકથી સમજાય એવું; સરળ; લોકોપયોગી; લોકપ્રિય. Pertaining or suitable to the people; beloved by the people.

Popularity, *n.* (પૉપ્યુલરિટિ) લોકનું રાજીપણું; લોક પ્રિયતા. Favour of the people. [ફેલાવવું; પ્રચાર કરવું.

Popularise, *v.t.* (પૉપ્યુલરાઇઝ) લોકમાં

Populate, *v.t.* (પૉપ્યુલેટ) વસાવવું, વસ્તી કરવી; પ્રજા વૃદ્ધિ કરવી. To furnish with inhabitants.

Population, *n.* (પૉપ્યુલેશન્) વસ્તી; કોઇ દેશના લોક સમસ્ત. The whole people of a country.

Populous, *a.* (પૉપ્યુલસ્) ઘાડી વસ્તીવાળું, બહુ પ્રજાઢ્ય. Full of people.

Porcelain, *n.* (પૉર્સીલેન્) ચિનાઇ વાસણ. Chinaware.

Porch, *n.* (પૉર્ચ) રંગ મંડપ; બારણા આગળની પરસાળ. An entrance with a roof; a portico.

Porcupine, *n.* સાહુડી—quill, સીસોળીયું.

Pore, *n.* (પોર) રૂવાંટીનું છિદ્ર; *v.i.* એકી નજરે જોયાં કરવું. A small opening; to look with continued attention. [flesh of swine.

Pork, *n.* (પૉર્ક) ડુક્કરનું માંસ-ગોસ. The

Porous, *a.* (પોરસ્) છિદ્રમય, છિદ્રવાન. Having pores.

Porosity, *n.* (પોરોસિટિ) સચ્છિદ્રતા. The quality of having pores.

Porridge, *n.* કાવો, સેરવો.

Porringer, *n.* (પૉરિન્જર્) વાડકી, પ્યાલી, કટોરી. A vessel for holding porridge.

Port, *n.* (પૉર્ટ) બંદર; દરવાજો; લડાઇનાં વહાણની બાજુએ તોપ ગોઠવવાની બારી; A harbour; a gate; an openning.

Portable, *a.* (પૉર્ટેબલ્‌) લઇ ફરાઇ-ઉચકી લઇ જવાય એવું. That may be carried by the hand.

Portal, *n.* (પૉર્ટલ્‌) દરવાજો, બારી; ખડકી. A little door; an entrance.

Portend, *v.t.* (પોર્‌ટેન્ડ) આગળથી બતાવવું; જણાવવું; સુચવવું. To foretoken (L. *tendo* I stretch.

Portent, *n.* (પૉર્‌ટેન્ટ) અપશુકન. A token or omen of ill.—ous, *a.* અપશુકનનું.

Porter, *n.* (પૉર્ટર્‌) દ્વારપાળ, દરવાન; હેલકારી, મજુર. A door or gate-keeper, —age, *n.* મજુરી. [વાનું પોત પુલિયું.

Port-folio, *n.* જોરદાન; કાગળ વિગેરે મુક-

Portion, *n.* (પોર્શન્‌) ભાગ, હિસ્સો; અંશ, ફાલો; સ્રીધન. *v.t.* વહેંચી આપવું, વહેંચવું. A part; an allotment; a wife's fortune; to distribute.

Portly, *a.* દબદબા ભરેલા દેખાવનું. Stately.

Portmanteau, (પૉર્ટમન્ટો) પોટ પુલિયું; કપડદાની. A bag for clothes.

Portrait, *n.* (પૉર્ટ્રિટ્‌) ચિત્ર, છબી, તસ્વીર; બયાન, વર્ણન. Picture drawn from life; likeness (L. *pro, traho* I draw).

Portray, *v.t.* (પોર્‌ટ્રે) ચિત્ર કાઢવું, વર્ણન કરવું. To paint; to describe.

Pose, *v.t.* (પોઝ) ગભરાવવું, ગુંચવારામાં નાખવું. To puzzle.

Position, *n.* (પોઝિશન્‌) સ્થિતિ, હાલત; જગા, સ્થાન,-યોગ્યતા. Situation; attitude; posture; social rank (L. *pono* I place).

Positive, *a,* (પૉઝિટિવ) ખરૂં, વાસ્તવિક, સાફ, સ્પષ્ટ, પ્રત્યક્ષ. Actual; absolute; express; real; direct.

Positively, *ad.* સાફ, સ્પષ્ટ, ખચીત, ખામુખાં. Absolutely.

Possess, *v.t.* (પઝેસ્‌) રાખવું; કબજામાં હોવું; ધણી-માલિક હોવું; ભોગવવું. To have and to hold; to own; to seize; to occupy; to enjoy (L. *potis* able, *sideo* I seat).

Possession, *n.* (પઝેશન્‌) કબજો, ભોગવટો, વહિવટ, હવાલો, ઉપભોગ; ભૂતસંચાર. Occupancy; thing possessed; state of owning. *n. pl.* માલ મતા; વિત્ત; દ્રવ્ય.

Possessive, *a.* (પઝેસિવ) (વ્યાકરણમાં) સંબંધ વાચક.—case, *n.* ષષ્ટિ—સંબંધક વિભક્તિ.

Possessor, *n.* (પઝેસર્‌) કબજેદાર; ધણી, માલેક. An owner; an occupant.

Possibility, *n.* પૉસિબિલિટિ) શક્યતા; સંભવ. The power of being.

Possible, *a.* (પૉસિબ્લ્‌) હોવા-થવા-બનવા જેવું; શક્ય. That may be done (L. *esse* to be *potis* able).

Post, *n.* (પોસ્ટ) થાંભલો, ટેકો; મુકામ, થાણું; અધિકાર, હોદ્દો; ડાગ, ટપાલ. *v.* ચહોડવું, લગાવવું; ટપાલમાં મોકલવું; મુકવું, રાખવું. A pillar; station; place; office; the mail; to fix; to place,—mark, *n.* ટપાલ હારીસની છાપ. (L. *pono* I put).

Postage, *n.* (પોસ્ટેજ) ડાગ ખરચ; ડાગની ટીકીટ. Money paid for conveying letters.

Post-date, *v.t.* પછીની આવતી તારીખ નાખવી. To date after the real time. [છીનું.

Post-diluvian, *n.* પ્રલય-મોટી રેલની પ-

Posterior, *a.* (પોસ્ટીરિયર્‌) પછી થયેલું. Later; *n. pl.* ગાંડ, પશ્ચાત્‌ ભાગ.

Posterity, *n.* (પૉસ્ટેરિટિ) પ્રજા, સંતતી; વંશજો. Descendants; children.

Postern, *n.* પાછળનું બારણું. A back door.

Posthumous, *a.* (પૉસ્થ્યુમસ્‌) બાપના મરણ પછી જન્મેલું; સગર્ભા મરી ગયેલી સ્રીને ચીરીને કાઢેલું; ગ્રંથકારના મરણપછી પ્રગટ કરેલું. Born or published after one's death.

Post-meridian, *n.* બપોર પછીનું, પાછલા પહોરનું. Being in the afternoon.

Post-mortem, *a.* મુઆ પછીનું.

Postpone, *v.t.* (પોસ્પોન) મુલતવી રાખવું, મોકુફ કરવું. To put off ; to delay (L. *post* after, *pono* I put).

Postponement, *n.* મુલતવી રાખવું તે.

Post-script, *n.* (પોસ્ટસ્ક્રિપ્ટ) તાજે કલમ, પુનર્ લેખ. Something written after.

Postulate, *n.* (પોસ્ચુલેટ) (ભૂમિતિમાં) સ્વીકૃત પક્ષ. A position assumed.

Posture, *n.* (પૅાસ્ચર) અંગ સ્થિતિ, શરીરનું લઢણ. Attitude; condition.

Posy, *n.* (પોઝિ) મુદ્રા લેખ, કોતરેલો લેખ; ફુલનો ઝુમખો. A motto in a ring; a bunch of flowers.

Pot, *n.* (પૅાટ્) વાસણ, હાંલ્લું; કડાઇ; દેગ. A vessel; a cup;—bellied, *a.* પેટની ફુંદવાળું;—herb, શાકભાજી;—hook, *n.* દેવતા ઉપર તપાવવાનાં વાસણ લટકાવવાની આંકડી.

Potash, *n.* (પૅાટૅશ્) એક જાતનો ખાર. An alkaline salt. [root.

Potato, *n.* (પૅાટેટો) પટાટા. An esculent

Potency, *n.* (પોટેન્સિ) બલ, સામર્થ્ય; મજબુતી. Might; force; power (L. *potens* powerful).

Potent, *a.* (પોટેન્ટ) પરાક્રમી, બળવાન; પ્રતાપી. Powerful, able;—ate, *n.* રાજા, નૃપતિ.—ial, *a.* હોઈ શકે એવું, સંભવિત.

Potion, *n.* (પોશન્) પીવાનુ ઓસડ; પેયૌષધ; ઘુંટડો. A liquid medicine; a dose.

Pottage, *n.* તકરારીમાં રાંધેલું ઘોસ.

Potter, *n.*(પૅાટર્) કુંભાર, હોજો; પ્રજાપતિ. One who makes earthen vessels —y, *n.* કુંભાર કામ.

Pouch, *n.* (પાઉચ્) ખલેચી, થેલી. A bag.

Poulterer, *n.* મરઘાંવાળો.

Poultice, *n.* (પોલ્ટિસ) પોટીસ, લેપડી; A cataplasm. *v.* પોટીસ બાંધવી.

Poultry, *n.* (પોલ્ટ્રિ) મરઘાં-કુકડાં. Domestic fowls.

Pounce, *n.* (પાઉન્સ) રેતી; રેજદાની; *v.* ઝડપ મારવી. A power; *v.* to seize with the talons.

Pound, *n.* (પાઉન્ડ) રતલ, દસ રૂપીયાનો સીક્કો; વાડો; ડબો. *v.* છુંદવું; ડબામાં પુરવું; મારવું, ઠોકવું. A weight; an inclosure for cattle; to beat; to confine.

Poundage, *n.* રદ પાઉન્ડે કેટલીક છૂટ-લવાજમ તે; ડબામાં ઘાલેલાં ઢોરની છોડામણી.

Pour, *v.i.* (પોર્) રેડવું, નાંખવું; વહેવું; નીકળવું. To emit; to flow; to send forth in a stream.

Pout, *v.i.* (પાઉટ્) મહો મચકાવવું–મરોડવું. To look sullen.

Poverty, *n.* (પૅાવર્ટિ) ગરીબાઇ, કંગાલી; દરિદ્રતા, નિર્ધન અવસ્થા. Want of riches; indigence; defect (L. *pauper* poor).

Powder, *n.* (પાઉડર્) ભુકો, ચૂરણ; બંદુકનો દારૂ. *v.* ભુકો કરવો, વાટવું. Dust; any dry substance composed of minute particles; to reduce to power,—flask or horn, *n.* દારૂ ભરવાની બતક. [able.

Powdery, *a.* ભૂકો થઈ જાય એવું. Fri-

Power, *n.* (પાવર્) શક્તિ, જોર; બળ; કૌઅત; સત્તા; અધિકાર; અમલ. Ability; strength; influence; authority.

Powerful, *a.* (પાવર્ફુલ્) જબરૂં, જોરાવર; મજબુત; પરાક્રમી. Having power; forcible; strong.

Powerless, *a.* અશક્ત, અસમર્થ; નાકૌવત. Destitute of power; weak; impotent. [eruptive disease.

Pox, *n.* (પૅાક્સ) શીતળા, સહીયડ; ટાંકી.An

Practicabilty, *n*, થવા જેવું હોવું તે; ગમ્યતા.

Practicable, *a.* (પ્રૅક્ટિકેબ્લ્) કરવા-બનાવવા જોગ; શક્ય; સુગમ. That may be done; feasible. (G. *prasso* I do).

Practical, *a.* (પ્રૅક્ટિકલ્) વ્યવહારોપયોગી; અભ્યાસ—અનુભવનું. Relating to practice or action.

Practice, *n.* (પ્રૅક્ટિસ) અભ્યાસ, મ્હાવરો, સંપ્રદાય, પ્રચાર; કર્મ, કૃતિ; વ્યવહાર; ધંધો કરવોતે Habit; frequent use; method; performance.

Practise, *v.t.* (પ્રૅક્ટિસ) મ્હાવરો રાખવો, કરતાં રહેવું, ટેવ પાડવી. To do or perform habitually; to exercise a profession.

Pragmatic-al, *a.* (પ્રૅગ્મૅટિક્-લ્) બહુડાહ્યુ થનાર; ડોડ ડાહ્યું. Meddling; officious.

Praise, *n.* (પ્રેઝ) વખાણ, સ્તુતી; તારીફ; પ્રશંસા. *v.t.* વખાણવું; તારીફ કરવી; ગુણ ગાવા. Commendation; honour.

Praiseworthy, *a.* વખાણવા લાયક, સ્તુતી પાત્ર. Deserving praise.

Prance, *v.i.* (પ્રૅન્સ) નાચવું; કુદવું, ઉછળવું. To spring; to leap; to bound.

Prank, *n.* (પ્રૅન્ક) ચેષ્ટા, ચાળા; ઢોંગ. Frolic; trick.

Prate, *v.i.* (પ્રેટ) બકવાદ-લવરી કરવી; લવવું. To talk idly; to utter foolishly. —r, *n.* લવરીખોર.

Prattle, *v.i.* (પ્રૅટ્લ) લવારો કરવો. *n.* લવારો. To talk triflingly; *n.* trifling talk. —r, *n.* લવારાખોર.

Prawn, *n.* (પ્રૉન્) એક જાતનું પ્રાણી.

Pray, *v.i.* (પ્રે) કરગરવું; વીનંતી-પ્રાર્થના કરવી; નીમાજ કરવી; બંદગી કરવી; ઇશ્વર પાસે માગવું. To beg; to beseech; to implore; to entreat; to urge.

Prayer, *n.* (પ્રેયર્) પ્રાર્થના, વિનંતી, અર્જ, બંદગી. Entreaty; supplication; devotion.

Preach, *v.i. v.t.* (પ્રીચ્) ઉપદેશ કરવો; બોધ કરવો; કહેવું. To pronounce publicly on a religious subject; to proclaim. (L. *dico* I say).

Preacher, *n.* ધર્મોપદેશ કરનાર. One who preaches.

Preadamite, *n.* આદમની પહેલાં હોનાર.

Preamble, *n.* (પ્રીઍમ્બ્લ્) પ્રસ્તાવના, ઉપોદ્ઘાત; ઉદ્દેશ. Introduction; preface (L. *ambulo* I go about).

Precarious, *a.* (પ્રીકેરિયસ્) અનિશ્ચિત; સંદેહ ભરેલું; બીજાની મરજી ઉપર આધાર રાખતું હોય એવું. Uncertain; depending on the will of another.

Precative, Precatory, *a.* પ્રાર્થના-વિનંતી રૂપ. Beseeching; suppliant.

Precaution, *n.* (પ્રીકૉશન્) સાવચેતી; ભાન; અગમચેતી-પણું. Previous caution or care (L. *caveo* I beware).

Precautionary, *a.* આગળથી ચેતીને કીધેલું. Proceeding from previous caution.

Precede, *v.t.* (પ્રીસીડ) અગાઉ જવું-આવવું-હોવું. To go before in time or rank (L. *pre, cedo* I go).

Precedence, *n.* } આગળ-પહેલ હોવું તે; પૂર્વાગમન. Priority; state of going before.
Precedency, „ }

Precedent, *n.* (પ્રીસીડેન્ટ) ઉદાહરણ; દાખલો. Something done before which serves as an example. *a.* આગલું, પહેલાંનું.

Precept, *n.* (પ્રીસેપ્ટ) આજ્ઞા, નિયમ, કાનુન, ફરમાન. An order; a mandate. —or, *n.* ગુરૂ, ઉપદેશક. (L. *pre, capio* I take).

Preceptive, *a.* (પ્રીસેપ્ટિવ) જેમાં હુકમ-આજ્ઞા છે-લખેલી છે એવું. Containing precepts. [Act of going before.

Precession, *n.* આગળ જવું તે, ગતિ.

Precinct, *n.* (પ્રીસિંક્ટ) સીમા, હદ, સીમાડો. A boundary; limit (L. *cingo* I gird).

Precious, *a.* (પ્રેશિઅસ્) કિમતી; બહુ મૂલ્ય. ઘણી કીંમતનું. Valuable; costly (L. *pretium* price).

Precipice, *n.* (પ્રેસિપિસ) કરાડો, ટેકરો, ઉતરતો ઢોળાવ. A steep; a perpendicular descent (L. *caput* the head). [ધડાધડ. Hurry.

Precipitance, *n.* (પ્રેસિપિટન્સ) ઉતાવળ,

Precipitate, *v.t.*, *v.i.* (પ્રેસિપિટેટ) ઉંધે માથે ઢોળી પાડવું; ઝોકી દેવું; તળીયે બેસવું. To throw headlong; to hurry rashly; to fall to the bottom; —ly, *ad.* ઉતાવળથી; ધડાધડથી.

Precipitation, *n.* ઉંધે માથે ઢોળી પાડવું તે; ઝંપાપાત. Violent motion downwards.

Precipitous, *a.* (પ્રેસિપિટસ્) ઉભું, સીધું, ઉતાવળું. Very steep; hasty; rash.

Precise, *a.* (પ્રીસાઇઝ) ચોકસ, બરોબર, બરોબરૂં. Exact; accurate,–ly, *ad.* બરોબર, નક્કી. (L. *cædo* I cut).

Precision, *n.* (પ્રીસિઝન્) ચોકસપણું; ચોકસાઇ. Accuracy.

Preclude, *v.t.* (પ્રીક્લુડ) બાંધવું, અટકાવવું, પ્રતિબંધ કરવો. To shut out; to hinder (L. *pre, claudo* I shut).

Preclusion, *n.* (પ્રીક્લુઝન્) પ્રતિબંધ, અટકાવ. Restraint; hindrance.

Precocious, *a.* (પ્રીકોશ્યસ્) વેહેલું પાકેલું -મ્હોટું થઇ ગયેલું. Premature (L. *pre, coquo* I cook).

Precocity, *n.* અકાલ ફલિતતા; મ્હોટું થઇ જવું તે. Prematurity.

Preconceive, *v.t.* અગાઉ-પહેલાંથી સમજવું. To form an opinion before hand (L. *capio* I take).

Preconception, *n.* પૂર્વ ધારણા-કલ્પના. Previous opinion.

Preconcerted, *a.* આગળથી ઠરાવેલું, પૂર્વ યોજના. Previously settled.

Pecursor, *n.* (પ્રીકર્સર્) આગળ દોડનાર; પૂર્વ ચિન્હ. A forerunner (L. *curro* I run). [Plundering.

Predatory, *a.* (પ્રીડેટરિ) લુટફાટ કરનારૂં.

Predecessor, *n.* (પ્રીડીસેસર્) કોઇ જગો ઉપર પહેલાં હોનાર; માજી અધિકારી. One who was in any place before another (L. *cedo* I go).

Predestinate, *v.t.* (પ્રીડેસ્ટિનેટ) આગળથી ઠેરવી-નિર્માણ કરી મુકવું. To appoint beforehand.

Predestination, *n.* પૂર્વ નિર્મિત કરણ; અગાઉથી કરેલો ઠરાવ.

Predetermination, *n.* અગાઉથી કરી રાખેલો નિશ્ચય. Purpose formed beforehand.

Predicament, *n.* (પ્રીડિકેમેન્ટ) પદાર્થ; દુર્ઘટ અવસ્થા. A category; class.

Predicate, *v.t.* (પ્રીડિકેટ) (કોઇને વિશે કંઇ) છે એમ કહેવું. *n.* વાચ્ય; વિશેષણ. To proclaim; to affirm; *n.* that which is affirmed (L. *dico* I say).

Pedict, *v.t.* (પ્રીડિક્ટ) ભવિષ્ય કહેવું; અગમચેતી કરવી. To foretell; to tell beforehand,—or, *n.* ભવિષ્ય કહેનાર. (L. *pre, dico* I say).

Prediction, *n.* (પ્રીડિક્શન્) ભવિષ્ય કથન; અગમચેતી. A foretelling; prophecy.

Predispose, *v.t.* અગાઉથી વલણ કરાવવું -તૈયારી કરી મુકવી. To incline or adapt previously.

Pedisposition, *n.* આગળથી થયેલી વૃત્તિ.

Predominance, *n.* (પ્રીડૉમિનન્સ) પ્રાબલ્ય; પ્રબળ. Superiority in strength or power; ascendancy (L. *dominus* a lord). [Ascendant.

Predominant, *a.* જોરપર આવેલું; પ્રબળ.

Predominate, *v.i.* (પ્રીડૉમિનેટ)જોર-બળ-પ્રબળ હોવું; બળ પામવું. To be superior; to rule over.

Pre-eminence, *n.* (પ્રીએમિનન્સ) સર્વોપરીપણું, શ્રેષ્ટતા. Superiority in rank or dignity.

Pre-eminent, *a.* સર્વોપરી, શ્રેષ્ટ; પ્રધાન. Surpassing others.

Pre-emption, *n.* (પ્રીએમ્શન્) વેચાતું લેવાનો સહુથી પેહેલો હક. Right of purchasing before others (L. *pre, emo* I buy).

Pre-engage, *v.t.* આગળથી બાંધી લેવું; —ment, *n.* અગાઉથી કરેલી બોલી-કરાર.

Pre-exist, *v.i.* કોઈથી પહેલાં હોવું. To exist beforehand.—ence, *n.* પેહેલાંથી હોવું તે.

Preface, (પ્રીફેસ) પ્રસ્તાવના, દિબાચો; ઉપોદ્ઘાત. *v.t.* પ્રસ્તાવના લખવી. Something spoken or written as introductory to a book.

Prefatory, *a.* પ્રસ્તાવના રૂપ. Pertaining to a preface. [governor.

Prefect, *n.* (પ્રીફેક્ટ) કોટવાળ, અધ્યક્ષ. A

Prefer, *v.t.* (પ્રીફર્) પસંદ કરવું, ચાહાવું. To esteem more; to exalt (L. *pre, fero* I carry).

Preferable, *a.* (પ્રીફરેબ્લ્) પસંદ કરવા જોગ. Of better quality.

Preference, *n.* (પ્રેફરન્સ) વધારે પસંદ કરવું તે. Act of preferring.

Prefix, *v.t.* (પ્રીફિક્સ) લગાડવું, જોડવું. *n.*ઉપસર્ગ; શબ્દની પેહેલાં જે અક્ષર અથવા બોલ જોડવામાં આવે છે તે. To put before (L. *pre, figo* I fix).

Pregnancy, *n.* (પ્રેગ્નન્સિ) હમેલ, સગર્ભાવસ્થા. State of being pregnant.

Pregnant, *a.* (પ્રેગ્નન્ટ) ગર્ભવતિ, હમેલવાળી; ભરપૂર. Being with young; fertile (L. *pre, gigno* I bring forth).

Prejudge, *v.t.* (પ્રીજજ) પૂરો વિચાર-તપાસ કર્યા વગર ઠરાવ કરવો. To judge in a cause before it is heard.

Prejudice, *n.* (પ્રેજ્યુડિસ) પૂરી તપાસ વગર બાંધેલો-ભૂલ ભરેલો વિચાર.Previous bias. [એવું. Iujurious.

Prejudicial, *a.* (પ્રેજ્યુડિશ્યલ નુકશાન) કરે

Prelate, *n.* (પ્રીલેટ) ધર્માધ્યક્ષ, પાદરી. A bishop.

Preliminary, *a.*(પ્રીલિમિનરિ) પહેલાં કરવાનું; પ્રાથમિક. પૂર્વાગ-કર્મ. Introductory; *n.* a preparatory act.

Prelude, *n.* (પ્રીલ્યુડ) પૂર્વવાદન. *n.pl.* ચીન્હ, નિશાણી. Something introductory (L. *ludo* I play).

Premature, *a.* (પ્રીમૅચ્યુર) કવખતનું, અકાલ; અધુરૂં; કાચું.Too early; ripe; too soon (L. *maturus* ripe).

Premeditate, *v.t.* (પ્રીમિડિટેટ) આગળથી ગોઠવણ-વિચાર કરવો. To think beforehand; to deliberate.

Premeditation, *n.* આગળથી કરેલી ગોઠવણ-વિચાર. Previous deliberation.

Premier, *n.* (પ્રીમિયર્) સહુથી પહેલું, મુખ્ય. First; chief; principal (L. *primus* first).

Premise, *v.t.* (પ્રીમાઇઝ) આગળથી કહેવું-લખવું-કહી મુકવું. *n. pl.* ઘર તથા તેના અંગના ભાગો, મકાન, અને તેની હદ. To explain previously; *n.* houses or lands (L. *mitto* I send).

Premium, *n.* (પ્રીમિયમ્) ઇનામ, મંડામણ. A reward; a prize (L. *emo* I take).

Premonish, *v.t.* (પ્રીમૉનિશ્) આગળથી ચેતાવવું-ખબર આપવી. To admonish beforehand (L. *moneo* I admonish).

Preparation, *n.* (પ્રીપેરેશન્) તઇયારી, સજ્જતા; સામગ્રી; બંદોબસ્ત; ગોઠવણ. Previous measures of adapta-

tion; accomplishment (L. *paro* I prepare).

Preparatory, *a.* (પ્રીપૅરેટરિ) આગળથી કરવાનું–કીધેલું; પૂર્વાંગ. Introductory; antecedent.

Prepare, *v.t.* (પ્રીપેર) તૈયાર કરવું, યોગ્ય-લાયક કરવું; સામગ્રી મેળવી મુકવી. To make ready; to qualify; to provide.

Prepense, *a.* (પ્રીપેન્સ) આગળ વિચાર કરીને કીધેલું. Premeditated(L.*pendo* I weigh).

Preponderance, *n.* (પ્રીપૉન્ડરન્સ) વધારે ભારે થવું તે, પ્રબળ; પ્રાધાન્ય. Superiority of weight or power (L.*pondus* weight).

Preponderate, *v.i.* (પ્રીપૉન્ડરેટ) વધારે ભારે થવું, તોલમાં વધવું; વધારે બળ પામવું. To exceed in weight or power.

Preposition, *n.* (પ્રેપોઝિશન્) નામ-શબ્દ યોગી અવ્યય. A word used to show the relation which one thing bears to another(L.*pono* I place)

Preposterous, *a.* (પ્રીપૉસ્ટરસ્) ઉલટું, વિપરિત; બેવકુફી ભરેલું. Perverted; absurd; foolish (L. *posterous* coming after).

Prerequisite, *a.* પેહેલાંથી જરૂર, પૂર્વાવશ્યક. Previously necessary.

Prerogative, *n.* (પ્રીરૉગેટિવ) હક, વિશેષ સત્તા. A peculiar privilege (L. *pre, rogo* I ask).

Presage, *n.* (પ્રીસેજ) પૂર્વ લક્ષણ-ચિન્હ. A presentiment (L. *sagio* I perceive keenly).

Presbyter, *n.* } (પ્રેસ્બિટર્) { સ્કૉટ
Presbyterian „ } પ્રેસ્બિટેરિયન્) { લાંડ
નો પાદરી. An elder, a priest.

Prescience, *n.* (પ્રીસિઅેન્સ) અગમબુદ્ધિ, ભવિષ્ય જ્ઞાન. Foreknowledge (L. *scio* I know). [Foreknowing.

Prescient, *a.* ભવિષ્ય જાણનાર-જ્ઞાની.

Prescribe, *v.t.* (પ્રીસ્ક્રાઇબ) બતાવવું, ઠરાવવું; નેમવું; કહેવું; ઓસડ લખી આપવું. To direct, to dictate; to ordain; to give medical directions (L. *scribo* I write).

Prescription, *n.* (પ્રીસ્ક્રિપ્શન્) નિર્દેશ, આદેશ; વિધાન; ઔષધ વિધિ. Act of prescribing; a medical direction.

Prescriptive, *a.* પ્રાચિન ભોગવટાનું; જુના વહિવટનું. Established by custom.

Presence, *n.* (પ્રેઝન્સ) હાજરી, હજુર; રૂબરૂપણું; સમક્ષતા. State of being present. P. of mind, સમયસુચકતા. (L. *pre, esse* to be).

Present, *a.* (પ્રેઝન્ટ) હાજર, મોજુદ; રજુ; ચાલતું; ચાલુ; હાલનું. *n.* ફરમાશ, બક્ષીસ; ભેટ; ઈનામ. *v.* હાજર–રજુ કરવું; દેખાડાવવું; બક્ષીસ કરવી. Being before; ready at hand; now existing; *n.* a gift; *v.* to offer; to exhibit; to give. At p. હમણાં; for the p, હાલ-હમણાંતો.—ly, *ad.* તરતજ, તત્કાળ; Immediately.

Presentation, *n.* રજુ કરવું તે; મુલાકાત. ભેટ આપવી તે. Act of presenting; exhibition.

Preservation, *n.* (પ્રીઝર્વેશન્) રક્ષણ, સંભાળ; જતન. Act of preserving.

Preservative, *a.* રાખવી-સાચવી શકે એવું; રક્ષક. Having the power of preserving.

Preserve, *v.t.* (પ્રીઝર્વ) રક્ષણ-સંભાળ કરવી; રાખવું; સાચવવું. To keep; to defend; to sustain. *n.* મુરબ્બો. (L. *pre, servo* I keep).

Preside, *v.i.* (પ્રીઝાઇડ) પ્રમુખ હોવું, પ્રમુખપણું કરવું; સરનશીન-મુરબ્બી તરીકે બી·

રાજવું. To sit before or in front (L. *sideo* I sit).

Presidency, *n.* (પ્રેસિડન્સિ) પ્રમુખ-ઉપરિપણું; ઇલાકો; ખાતુ. Superintendence; jurisdiction of a president.

President, *n.* (પ્રેસિડન્ટ) પ્રમુખ, અધ્યક્ષ; ઉપરી; મુરબ્બી. A chief officer of a society or state.

Press, *v.t.* (પ્રેસ્) દાબવું, ચાંપવું; ઠાંસવું; નિચોવવું; કાલાંવાલાં કરવાં; ભીડ-ગરદી કરવી. *n.* દાબવાનો-છાપવાનો સંચો-યંત્ર; ભીડ; ગરદી; ભારે રોકાણ. To squeeze; to crush; to crowd; *n.* a machine for pressing or printing; crowd; urgency (L. *premo* I press).

Pressure, *n.* (પ્રેસ્યર) દબાણ, ચાંપણ; દાબ; ભાર; પીડા. Act of pressing; weight; distress.

Prestege, *n.* (પ્રેસ્ટિજ) નજરબંધી, સીફ્ટ; બેસાડેલી છાપ. Juggling tricks.

Presume, *v.t.*, *v.i.* (પ્રીઝ્યુમ) અનુમાન-તર્ક કરવો, કબુલ રાખવું; શેખી કરવી; અભિમાન રાખવો. To affirm without proof; to venture without leave; to arrogate (L. *pre, sumo* I take).

Presumption, *n.* (પ્રીઝમ્પ્શન્) અટકળ, અનુમાન; તર્ક; અભિમાન; ફાંકો. Supposition; arrogance.

Presumptive, *a.* અનુમાન-તર્ક સંબંધી; ખ્યાલી, અટકળ. Probable; supposed.

Presumptuous, *a.* (પ્રીઝમ્પ્ટ્યુઅસ્) બેઅદબ, નાલાયક; અભિમાની; શેખી ભરેલું. Fool-hardy, arrogant.

Pretence, *n.* (પ્રીટેન્સ) ઢોંગ, બ્હાનું, ડોળ. False show; assumption (L. *tendo* I stretch).

Pretend, *v.t.* (પ્રીટેન્ડ) ઢોંગ કરવો; જુઠું કહેવું. To show hypocritically; to feign.—er, *n.* ઢોંગી.

Pretension, *n.* (પ્રીટેન્શન્) ઢોંગ-દાવો-હક કરવો તે. A claim; false appearance.

Preterite, *a.* (પ્રેટેરિટ) ભૂત (કાળ) Past.

Preternatural, *a.* (પ્રીટરનેચરલ્) નવતરું, અદ્ભૂત. Beyond what is natural.

Pretext, *n.* (પ્રીટેક્સ્ટ) ઢોંગ, બ્હાનું; નિમિત્ત. Pretence (L. *texo* I weave).

Pretty, *a.* (પ્રિટિ) શોભીતું, સુંદર; ચાટીલું. Handsome, bright.

Prevail, *v.i.* (પ્રીવેલ્) ફાવવું, ચાલવું; જય પામવો; લાગુ થવું; સમજાવી મન ફેરવવું. To overcome; to persuade (L. *pre, valeo* I am strong).

Prevalence, *n.* (પ્રીવેલન્સ) જોર, પ્રબળ; ફેલાવો; પ્રસાર. Efficacy; influence; force. [Powerful.

Prevalent, *a.* પ્રબળ, જય પામનારું.

Prevaricate, *v.i.* (પ્રીવૅરિકેટ) બે મ્હોડે બોલવું, હાની ના પાડવી. To evade the truth; to shuffle (L. *varicus* with feet spread apart).

Prevarication, *n.* ફેરબદલી-ઉલટ પાલટ બોલવું તે. A shuffle; a cavil.

Prevent, *v.t.* (પ્રીવેન્ટ) રોકવું, અટકાવવું; બંધ-મના કરવી. To stop; to hinder; to impede (L. *veneo* I come).

Prevention, *n.* (પ્રીવેન્શન્) રોકાણ, અટકાવ; મનાઈ. Hindrance; obstruction. [નાર. Tending to hinder.

Preventive, *a.* બંધી-અટકાવ- મના કર-

Previous, *a.* (પ્રીવિઅસ્) આગળ-પેહેલાં-પૂર્વેનું. Prior; antecedent.—ly, *ad.* પૂર્વે, આગળ; અગાઉ (L. *pre, via* way).

Prey, *n.* (પ્રે) શિકાર, ભક્ષ્ય; લુટ; નાશ. *v.i.* શિકાર કરવો, લુટવું. Food obtained by violence; spoil, plunder; to plunder.

Price, *n.* (પ્રાઈસ) કિંમત, મૂલ; ભાવ. Value; worth; cost,—less, *a.* અમૂલ્ય. Invaluable.

Prick, *v.t.* (પ્રિક્) કોચવું; કાણું પાડવું. *n.* આર, પરોણી, કાંટો. To pierce; to spur, *n.* a spur; a point.

Prickle, *n.* (પ્રિકલ્) કાંટો, કંટક. A small sharp point.

Prickly-pear, *n.* થુવેર, થોર.

Pride, *n.* (પ્રાઇડ) ગર્વ, અભિમાન; અહંકાર. *v.t.*-અહંકાર ગર્વ કરવો. Inordinate self-esteem; elevation; *v.* to value one's self.

Priest, *n.* (પ્રિસ્ટ) ગુરૂ, પુજારી, ગોર, પુરોહિત. A pastor; a clergyman,—ess, *n.* પૂજારણ, ગોરાણી—hood, *n.* ગોર-પુરોહિતપણું.

Prim, *a.* સીધું, ચોકસ. Precise.

Primary, *a.* (પ્રાઇમરિ) પહેલું, અસલ, મૂળ, મુખ્ય. Original; first; chief (L. *primus* first).

Prime, *a.* (પ્રાઇમ) મુખ્ય, અવ્વલ, અસલ; *n.* આરંભ, મળસ્કું. *v.t.* (બંદુકમાં) રંજક મુકવી. First, principal; the beginning; the dawn; *v.* to put powder in the pan of a gun. P. cost, ખરીદ ભાવ, p. of life, ભર જુવાની,-minister, *n.* મુખ્ય પ્રધાન,-r, *n.* પહેલી ચોપડી. [Original.

Primeval, *a.* (પ્રાઇમીવલ્) અસલ, મૂળ.

Primitive, *a.* પ્રિમિટિવ) પહેલાં-મૂળ-અસલનું. Original.

Primo-geniture, *n.* (પ્રાઇમોજેનિચર) જ્યેષ્ઠપણું; જ્યેષ્ટતા. State of being first born.

Prince, *n.* (પ્રિન્સ) રાજા, શાહ, રાજપુત્ર-કુંવર. A sovereign, a chief (L. *princeps* chief). [ing a prince.

Princely, *a.* રાજાનું,રાજકીય. Becom-

Princess, *n.* (પ્રિન્સેસ્) રાજકુમારી–પુત્રી. The daughter of a king.

Principal, *a.* (પ્રિન્સિપલ્) મુખ્ય; વડું, શ્રેષ્ઠ. *n.* સરદાર, આગેવાન; મૂદલ, થાપણ. First, chief; *n.* a chief; a sum of money lent on interest.

Principality, *n.* રાજ્ય સત્તા; સંસ્થાન. Sovereignty.

Principle, *n.* (પ્રિન્સિપલ્) તત્વ, મૂળતત્વ, સાર; કારણ; હેતુ, પ્રયોજન; ધોરણ; નિયમ. Origin; cause; element (L. (*primus* first).

Print, *v.t.* (પ્રિન્ટ) છાપવું; આકાર પાડવો. *n.* છાપ, નકશો. To mark by pressure,—er, *n.* છાપનારો. [Former.

Prior, *a.* (પ્રાયર્) આગળનું, પહેલું, પૂર્વેનું.

Priority, *n.* (પ્રાયૉરિટિ) પહેલાપણું; પુર્વતા. Precedence.

Prison, *n.* (પ્રિઝન્ તુરંગ, કેદ, બંધીખાનું. *v.t.* કેદ કરવું. A jail; place of confinement; to imprison.

Prisoner, *n.* (પ્રિઝનર્) બંધીવાન, કેદી. A captive.

Pristine, *a.* મૂળનું, અસલનું. Ancient.

Privacy, *n.* (પ્રિવેસિ) એકાંત જગો; ગુપચુપી. Secrecy; retirement (L. *privus* one's own).

Private, *a.* (પ્રાઇવેટ) ખાનગી; છુપી રીતે; છાનું, ગુપ્ત. *n.* લશકરનો સીપાઇ. Secret, not public; a common soldier,—ly, *ad.* છાનામાના, ખાનગી રીતે.

Privation, *n.* (પ્રાઇવેશન્) સુખ વસ્તુની નાસ્તિ; નાસ્તિ; અભાવ. Destitution; absence (L. *privo* I deprive of

Privative, *a.* તંગી પડે એવું; અસાક્ષાત. Not positive.

Privilege, *n.* (પ્રિવિલેજ) હક, અધિકાર, માફી, છુટ. Right; immunity. *v.* માફી આપવી.

Privity, *n.* (પ્રિવિટિ) અંદરખાનેથી જાણવું તે. Private knowledge.

Privy, *a.* (પ્રિવિ) છુપું; ખાનગી; ગુપ્ત. *n.* સંડાસ; જાજરૂ. Secret, private; *n.* a necessary house.

Prize, *n.* (પ્રાઇઝ) લડાઇની લૂટ; બક્ષીસ, ઇનામ; *v.t.* કિંમત-મૂલ ઠરાવવું; ઉત્તમ

માનવું. A reward gained by contest; *v.* to value; to esteem.—fighter, *n.* સરત માટે લડનાર.

Pro-and-con, વિરૂદ્ધાવિરૂદ્ધ, ભાવાભાવ.

Probability, *n.* (પ્રૉબેબિલિટિ) સંભવ; સંભવ્યતા; બનવા જોગ દેખાવ. Appearance of truth (L. *probo* I prove).

Probable, *a.* (પ્રોબેબલ્) બનવા જોગ, સંભવિત. Likely.

Probobly, *ad.* ઘણું કરીને. Likely.

Probate, *n.* (પ્રોબેટ) મૃત્યુ લેખની સાબીતી. Proof of a will (L. *probo* I prove).

Probation, *n.* (પ્રોબેશન્) અજમાએશ, પરિક્ષા, કસોટી. Trial; novitiate,—ary, *a.* અજમાએશી.—er, *n.* પરિક્ષા જોવાને રાખેલું માણસ.

Probe, *n.* (પ્રોબ) (નાસુર-પિશાબ વીગેરેમાં મુકવાની) સળી. A surgeon's instrument.

Probity, *n.* (પ્રોબિટિ) પ્રમાણિકપણું; નેક નૈયત. Honesty; integrity.

Problem, *n.* (પ્રૉબ્લેમ્) સવાલ, પ્રશ્ન. (ભૂમિતિમાં) કૃત્ય. A question proposed for solution,—atical, *a.* શકભરેલું. (L. *ballo* I throw). [phant.

Proboscis, *n.* સૂંઢ. Trunk of an ele-

Proceed, *v.i.* (પ્રોસિડ્) આગળ જવું-ચાલવું; પ્રવત થવું; નિકળવું; ઉત્પન્ન થવું. To go forward; to advance; to issue, *n. pl.* ઉપજેલી કિંમત. (L. *pro, cedo* I go). [saction.

Proceeding, *n.* કામ, કૃત્ય, વર્તણુક. Tran-

Procedure, *n.* (પ્રોસિડયુર) ચાલવા-કામ કરવાની રીત. Manner of proceeding.

Process, *n.* (પ્રોસેસ્) ચાલ, રીત, ક્રમ; ચાલેલો મુકદમો, પ્રતિવાદીને બોલાવવાનો સમન. Gradual progress; course of law.

Procession, *n.* (પ્રોસેશન્) વરઘોડો, સ્વારી; ગતિ. Act of proceeding.

Proclaim, *v.t.* (પ્રોક્લેમ્) ઢંઢેરો પીટવો.; પ્રસિદ્ધ જાહેર કરવું. To publish (L. *clamo* I cry out).

Proclamation. *n.* જાહેરનામું; ઢંઢેરો. Public notice.

Procrastinate, *v.t.* (પ્રોક્રૅસ્ટિનેટ) ઢીલ કર્યા કરવી; વાર લગાડવી. To put off from day to day (L. *cras* tomorrow). [Delay.

Procrastination, *n.* લાસરીયાપણું. ઢીલ.

Procreate, *v.t.* (પ્રોક્રિએટ) ઉત્પન્ન કરવું; જન્મ આપવો. To generate; to produce (L. *creo* I make).

Procreation, *n.* છોકરાં ઉત્પન્ન કરવાં તે; પ્રજોત્પાદન. [An attorney.

Proctor, *n.* (પ્રૉક્ટર્) વકીલ; મૂખ્તાર.

Procurable, *a.* (પ્રોક્યુરેબલ્) મળવા-પ્રાપ્ત થવા જોગ. That may be produced (L. *cura* care).

Procuration, *n.* (પ્રોક્યુરેશન્) કોઇની વતી કામ કરવું તે. Act of procuring.

Procure, *v.t.* (પ્રોક્યુર) મેળવવું, સંપાદન કરવું. To obtain; to acquire; to cause,—r, *n.* કુટણો, ભડવો.

Prodigal, *a.* (પ્રૉડિગલ્) ઉડાઉ; બહુ ખરચાળું. Wasteful; lavish (L. *ago* I drive). [રચ. Extravagance.

Prodigality, *n.* ઉડાઉપણું, બેસુમાર ખ-

Prodigious, *a.* (પ્રૉડિજીયસ્) નવાઇ-અદ્‌ભૂત જેવું; ભારે; વિલક્ષણ. Astonishing; enormous.

Prodigy, *n.* (પ્રૉડિજી) ચમત્કાર; અદ્‌ભૂત Any thing astonishing.

Produce, *v.t., n.* (પ્રોડયુસ-પ્રૉડયુસ) ઉત્પન્ન કરવું; રજુ કરવું; વધારવું; *n.* પાક, ઉપજ, પેદાસ. To bring forth; to exhibit, *n.* product (L. *duco* I lead).

Producible, *a.* રજુ-ઉત્પન્ન કરવા જોગ.

Product, *n.* (પ્રૉડક્ટ) ઉપજ, પેદાશ, ફળ, પરિણામ. An effect; result.

Production, *n.* (પ્રોડક્શન) જન્મ, પેદાશ, ઉત્પત્તિ; ફળ. Fruit; composition.

Productive, *a.* ઉત્પન્ન કરે એવું,-ફળવંત. Having power to produce; fruitful.

Profane, *v.t.* (પ્રોફેન) વટલાવવું, અભડાવવું; ભ્રષ્ટ કરવું. *a.* અપવિત્ર, નાસ્તિક. To violate; a secular (L. *pro*, *fanum* temple.

Profess, *v.t.* (પ્રોફેસ્) ખુલ્લુ કહેવું-કરવું; ધંધો કરવો. To avow (L. *pro*, *fateor* I confess).

Profession, *n.* (પ્રોફેશન્) ઉદ્યોગ, ધંધો. Calling,—al, *a.* ધંધાધારી; ઉદ્યોગી.

Professor, *n.* (પ્રોફેસર્) વિદ્યાગુરૂ; આચાર્ય A teacher in any branch of learning or science.—ship, *n.* આચાર્યની પદવી.

Proffer, *v.t.*, *n.* (પ્રૉફર્) આપવા માંડવું, કરવાનું કહેવું. To tender (L. *pro*, *fero* I bring).

Proficiency, *n.* (પ્રોફિશિયન્સિ) હોશિયારી, નિપુણતા. Advancement, improvement (L. *pro*, *facio* I make).

Proficient, *a.* (પ્રોફિશિયન્ટ) નિપુણ, પ્રવિણ; કાબેલ. Competent, skilful.

Profile, *n.* એક બાજુનું ચિત્ર. The side face.

Profit, *n.* (પ્રૉફિટ્) નફો, લાભ, ફાયદો; *v.t.* ફાયદો કરવો; નફો થવો; સુધરવું. Gain; benefit; *v.* to gain advantage (L. *pro*, *facio* I make).

Profitable, *a.* ફાયદેમંદ, ફળદાયક. Lucrative.

Profligacy, *n.* (પ્રોફ્લીગસિ) લુચ્ચાઇ, સોદાઇ; દુરાચાર. Shameless wickedness.

Profligate, *a.*, *n.* (પ્રૉફ્લીગેટ) ઉડાઉ, દુરાચરણી. Abandoned to vice (L. *pro*, *fligo* I dash).

Profound, *a.* (પ્રોફાઉન્ડ) ઉંડું, ભારે; ધાડું. Deep; low (L. *fundus* bottom).

Profundity, *n.* } ઘણી ઉડાઇ, પ્રવીણુ-
Profoundness, „ } તા. Depth of place or knowledge.

Profuse, *a.* (પ્રોફ્યુઝ) ઉડાઉ, ધોતાળ. Lavish.—ness, ધોતાળપણું. (L. *fundo* I pour). [છેલ. Abundance.

Profusion, *n.* (પ્રોફ્યુઝન્) પુષ્કળતા, રેલ-

Progenitor, *n.* (પ્રોજેનિટર્) પૂર્વજ. Ancestor (L. *gigno* I beget).

Progeny, *n.* (પ્રૉજેનિ) સંતાન, સંતતિ; પ્રજા. Offspring; race.

Prognostic, *n.* (પ્રાગ્નૉસ્ટિક્) પૂર્વ લક્ષણ-ચિન્હ. A sign which foreshows, —ate, *v.i.* ભવીષ્ય કહેવું.

Programme, *n.* (પ્રોગ્રૅમ) વ્યવસ્થા પત્રી; પૂર્વ લેખ. A bill of an entertainment.

Progress, *n.* (પ્રોગ્રેસ્) ગતિ,ક્રમ; વૃદ્ધિ; અભ્યાસ. *v.* આગળ ચાલવું-અભ્યાસ કરવો. Advancement; improvement; *v.* to move forward (L. *gradior* I walk).

Progression, *n.* See Progress.

Progressive, *a.* આગળ વધતું-ચાલતું. Improving.

Prohibit, *v.t.* (પ્રોહિબિટ્) મના કરવી; વારવું; અટકાવવું. To forbid; to hinder (L. *habeo* I have).

Prohibition, *n.* મનાઇ, રોકાણ. Interdict. [Forbidding.

Prohibitory, *a.* અટકાવ કરનાર, નિષેધક.

Project, *n.* (પ્રોજેક્ટ) તુરંગ, કલ્પના. *v.* ફેંકવું, નાખવું; કલ્પના કરવી. A scheme; to cast forward.—or, *n.* નવો ઘાટ ઉઠાવનાર, શેખચલ્લી. (L. *pro*, *jacio* I throw).

Projectile, *a.*, *n.* ફેંકનારું, ફેંકેલું હથિયાર.

Projection, (પ્રોજેક્શન્) નકશો, આકૃતિ; નિકળી આવેલો ભાગ. A plan; a part jutting out.

Prolific, *a.* (પ્રોલિફિક્) ફળવંત, બહુપ્રસુ. Productive (L. *proles* offspring, *facio* I mark).

Prolix, *a.* (પ્રોલિક્સ) ઘણું લાંબું, કંટાળા ભરેલું. Long; tedious (L. *laxus* loose). [Great length.

Prolixity, *n.* વિસ્તાર, ઘણું લંબાણ.

Prologue, *n.* (પ્રાલૉગ) પ્રવેશક, નાન્દી. Preface to a performance (G. *lego* I speak).

Prolong, *v.t.* (પ્રોલૉંગ) લંબાવવું, લાંબુ કરવું; વિસ્તારવું. To lengthen; to protract,—ation, *n.* લાંબું કરવું તે.

Promenade, *n.* (પ્રૉમીનેડ) ફરવાની જગો; કસરત. A place for walking.

Prominence, *n.* (પ્રૉમિનન્સ) પ્રસિદ્ધતા; ઉપડતી જગો. Conspicuousness; elevation (L. *pro, mineo* I jut).

Prominent, *a.* પ્રસિદ્ધ, મુખ્ય; ઉપડતું. Principal; jutting out.

Promiscuous, *a.* (પ્રૉમિસક્યુઅસ્) સેળભેળ, અવ્યવસ્થિત. Confused; mixed (L. *miseo* I mingle.

Promise, *n.* (પ્રૉમિસ) વચન, કોલ, કબુલત; આશા. *v.t.* વચન-આશા આપવી. A declaration to do; hope; *v.* to afford hope (L. *pro, mitto* I send).

Promising, *a.* નામ કાઢે એવું.

Promissory, *a.* (પ્રૉમિસરિ) જેમાં વચનકોલછે તેવું. Containing a promise. P. note, વચનપત્રી. [શલાકા. A cape.

Promontory, *n.* (પ્રોમોન્ટરિ) ભૂશિર, ભૂ-

Promote, *v.t.* (પ્રોમોટ) વધારવું; સહાય કરવું. To forward; to advance—r, *n.* વધારનાર (L. *moveo* I move).

Promotion, *n.* (પ્રોમોશન) વધારો, પુષ્ટિ, પ્રવર્તન. Advancement.

Prompt, *a.* (પ્રૉમ્પ્ટ) તાકીદનું, તત્પર; ચાલાક. *v.* ઉશ્કેરવું. Ready; quick; to incite (L. *emo* I take).

Promptitude, *n.* } હોંસ, ઉલટ; ઝડપ;
Promptness, „ } ચંચળાઇ. Readiness; quickness.

Promulgate, *v.t.* (પ્રોમલ્‌ગેટ) જાહેર-પ્રસિદ્ધ કરવું; બહાર કાઢવું. To publish (L. *vulgus* the people).

Prone, *a.* (પ્રોન) નીચી ડોકવાળું; સ્વભાવવાળું. Inclined; disposed.

Prong, *n.* (પ્રૉંગ) કાંટો, દાંતો. A fork.

Pronoun, *n.* (પ્રોનાઉન્) સર્વનામ. A word used instead of a noun.

Pronounce, *v.t.* (પ્રોનાઉન્સ) ઉચ્ચાર કરવો, બોલવું; નિશ્ચયપૂર્વક કહેવું. To speak; to declare (L. *nuntio* I declare). [ચ્ચાર. Utterance.

Pronunciation, *u.* (પ્રોનન્સિએશન્) ઉ-

Proof, *n.* (પ્રુફ્) પ્રમાણ, દાખલો; અજમાએશ; પરિક્ષા; પુરાવો; સાબીતી. Test; trial; evidence(L.*probo* I prove)

Prop, *n.* (પ્રૉપ્) ટેકો, આધાર. A support, *v.* ટેકો આપવો.

Propagate, *v.t.* (પ્રોપેગેટ) વંશવૃદ્ધિ કરવી; ફેલાવવું. To multiply; to spread (L. *pango* I plant). [crease.

Propagation, *n.* વંશવૃદ્ધિ, ફેલાવો. In-

Propel, *v.t.* (પ્રોપેલ્) ઠેલવું, હડસેલવું. To drive forward,—ler, *n.* ઠેલનાર.

Propense, *a.* (પ્રોપેન્સ) રૂખવાળું, મન વળેલું. Inclined. [clination.

Propensity, *n.* ઝોંક, મનનું વલણ. In-

Proper, *a.* (પ્રૉપર) યોગ્ય, લાયક; વ્યાજબી; વિશેષ. Suitable, peculiar,-ly, *ad.* યોગ્ય રીતે. (L. *proprius* one's own.

Property, *n.* (પ્રૉપર્ટિ) ગુણ, ખવાસ; સ્વભાવ; ધણીપણું; મીલકત. Nature; possession; estate.

Prophecy, *n.* (પ્રૉફીસિ) ભવિષ્ય કથન, ઉપદેશ. A prediction; instruction (G. *phemi* I speak).

Prophet, *n.* (પ્રૉફેટ્) ભવિષ્ય કહેનાર, પેગંબર. A foreteller.

Propinquity, *n.* સન્નિધપણું, *n.* નિકટતા. Vicinity.

Propitiate, *v.t.* (પ્રોપિશિએટ) પ્રસન્નકરવું, મનાવવું. To appease; to conciliate.

Propitious, *a.* પ્રસન્ન, અનુકુળ. Favourable.

Proportion, *n.* (પ્રોપોર્શન્) પ્રમાણુ, *v.* પ્રમાણુમાં રાખવું. Equal share; symmetry,—al—ate, *a.* પ્રમાણુનું, સમ તોલ.

Proposal, *n.* (પ્રોપોઝલ્) બતાવેલો વિચાર, દરખાસ્ત. An offer; a design (L. *pono* I put).

Propose, *v.t.* (પ્રોપોઝ) સુચના-દરખાસ્ત કરવી; મનસુબો કરવો. To offer for consideration.

Proposition, See Proposal.

Propound, *v.t.* (પ્રોપાઉન્ડ) આગળ કાઢવું, બતાવવું; દરખાસ્ત કરવી. To propose.

Proprietor, *n* (પ્રોપ્રાયૅટર્) માલેક, ધણી. An owner,—ship, *n.* માલકી,-ધણીપણું;—y, *a.* ધણીપણાનું.

Propriety, *n.* (પ્રોપ્રાયિટિ) યોગ્યતા, યથાર્થ. Suitableness.

Prorogue, *v.t.* (પ્રોરોગ) મુલતવી રાખવું. To postpone.

Proscribe, *v.t.* દુર કરી કાઢવું. To interdict.

Prose, *n.* (પ્રોઝ) ગદ્ય. Language without poetry.

Prosecute, *v.t.* (પ્રૉસીક્યુટ) કર્યા જવું, લાગ્યાં રહેવું; ફરીયાદી માંડવી. To continue; to pursue by law (L. *pro, sequor* I follow).

Prosecution, *n.* ફરિયાદી. Criminal suit.

Prosecutor, *n.* (પ્રૉસીક્યુટર્) ફરિયાદી, ફોજદારીમાં કામ ચલાવનાર. One who prosecutes.

Proselyte, *n.* (પ્રૉસીલાઇટ) પોતાનો ધર્મ છોડી બીજામાં જનાર. A convert to a new opinion.

Prosody, *n.* (પ્રૉસોડિ) પિંગળ, છંદશાસ્ત્ર. Part of grammar which treats of verse.

Prospect, *n.* (પ્રૉસ્પેક્ટ) એકી વખતે જે નજર તળે પડે તે, દેખાવ; આશા; ઉમેદ. View, expectation,-ive, *a.* પછીના કાળ વિષેનું. (L. *specio* I look).

Prospectus, *n.* (પ્રોસ્પેક્ટસ્) કર્તવ્ય પ્રસિદ્ધ પત્ર.

Prosper, *v.t., v.i.* (પ્રૉસ્પર્) પાર પાડવું, સફળ કરવું-થવું; આબાદ કરવું-થવું. To render or be successful (L. *pro, spero* I hope).

Prosperity, *n.* (પ્રૉસ્પેરિટિ) આબાદી, ચઢતી દશા. Success; good fortune.

Prosperous, *a.* (પ્રૉસ્પરસ્) આબાદ, બધી વાતે સુખી. Successful; thriving.

Prostitute, *n* (પ્રૉસ્ટિટ્યુટ) કસબણ, વેશ્યા. A strumpet. *v.t.* ભડવાઇ કરવી (L. *statuo* I place).

Prostitution, *n.* છિનાળું, વેશ્યા ધર્મ.

Prostrate, *a.* (પ્રોસ્ટ્રેટ) લાંબુ થઇ ગયેલું, સૂઇ ગયેલું; જમીનદોસ્ત થયેલું. Thrown down; lying at length. *v.t.* જમીનદોસ્ત કરવું. To lay flat (L.*sterno* I spread out).

Prostration, *n.* (પ્રોસ્ટ્રેશન્) જમીનદોસ્ત કરવું તે, દંડવત. Act of prostrating; depression.

Prosy, *a.* રદ્દી, માંદુ. Dull.

Protect, *v.t.* (પ્રોટેક્ટ) રાખવું, બચાવવું; પાલવું; રક્ષણ કરવું. To guard, to save; to shelter,—ive, *a.* જેથી રક્ષણ થાય એવું;—or, *n.* રક્ષક. (L. *pro tego* I cover).

Protection, *n.* (પ્રોટેક્શન્) રક્ષણ, બચાવ; આશ્રય. Defence.

Protege, *n.* જેને કોઇનો આશ્રય હોય એવું માણસ.

Protest, *n.* (પ્રોટેસ્ટ) પ્રતિજ્ઞા પૂર્વક ભાષણ; સામે થવું તે. A solemn declaration. *v.t.* કાંઇ છે એમ પ્રતિજ્ઞાપૂર્વક કહેવું.

Protestant, *n.* પ્રોટેસ્ટંટ લોક.

Prototype, *n.* (પ્રોટોટાઇપ) નમૂનો, સાક્ષાત સ્વરૂપ. Exemplar; archetype.

Protract, *v.t.* (પ્રોટ્રેક્ટ) લંબાવવું, દહાડા

કાઢવા. To prolong; to delay,—ion, *n.* વિલંબકરણ. (L. *traho* I draw).

Protrude, *v.* (પ્રોટ્રુડ) બહાર કાઢવું-નિકળવું; ધકેલવું. To thrust forward (L. *trudo* I thrust).

Protuberance, *n.* (પ્રોટ્યુબરન્સ) આગળ નીકળી આવેલો ભાગ; ઢેકો; ગાંઠ. A swelling or tumour on the body; a knob.

Proud, *a.* (પ્રાઉડ્) અહંકારી; અભિમાની; મગરૂર. Possessing pride; arrogant.

Prove, *v.t.* (પ્રુવ) સાબિત-સિધ્ધ કરવું; પારખવું; અજમાવી જોવું. To try; to examine; to experience. (ગણિતમાં) તાળો મેળવવો. (L. *probo* I prove).

Provender, *n.* (પ્રોવેન્ડર્) ઘાસ દાણો; ચારો; ભાતુ. Food for beasts.

Proverb, *n.* (પ્રૉવર્બ) કહેવત, કહેણી. A maxim,—ial, *a.* કહેવતમાં જણાવેલું. (L. *verbum* a word).

Provide, *v.t.* (પ્રોવાઇડ) પુરૂં પાડવું; તૈયાર કરી રાખવું; ઇલાજ કરવો. To supply. to prepare; to furnish (L. *pro, video* I see). [તથી.

Provided, *conj.* પણ એટલું; એવી સર-

Providence, *n.* (પ્રોવિડન્સ) દૂરંદેશી; પૂર્વ વિચાર; ઇશ્વર. Foresight; God.

Provident, *a.* દીર્ઘ દર્શી. Prudent.

Providential, *a.* (પ્રૉવિડૅન્સ્યલ્) ઇશ્વરની દયાથી થયેલું. Effected by providence.

Province, *n.* (પ્રૉવિન્સ) પ્રાંત, મુલક, ઇલાકો. A division of a kingdom or state (L.*procul* at a distance *vinco* I conquer). [ગામડિયા બોલી.

Provincial, *a.* પ્રાંત-ઇલાકાનું.—ism,

Provision, *n.* (પ્રોવિઝન્) ગોઠવણ; બંદોબસ્ત; કરાર, ખોરાક. Preparation; settlement; food. *v.t.* ખાવા પીવાની સગવડ કરી આપવી.—al, *a.* કામ ચલાઉ.

Proviso, *n.* (પ્રાવિઝો) બોલી, કરાર. A condition.

Provocation, *n.* (પ્રોવોકેશન) ખીજવણી; ચ્હીડવણી. Cause of anger; incitement (L. *voco* I call).

Provoke, *v.t.* (પ્રાવોક) ચીડવવું, ખીજવવું, ઉશ્કેરવું. To enrage; to excite.

Prow, *n.* (પ્રાઉ) વહાણનો આગલો ભાગ. The forepart of a ship.

Prowess, *n.* પરાક્રમ, બહાદુરી. Valour.

Prowl, *v.i.* (પ્રાઉલ્) શિકાર પકડવો-માટે ફરવું. To rove about for prey.

Proximate, *a.* (પ્રૅાક્સિમેટ) લગતું, નજદીકનું, પાસેનું. Nearest (L. *prope* near).

Proximity, *n.* સમીપતા. Nearness.

Proxy, *n.* (પ્રૅાક્સિ) પ્રતિનિધિ; મુખ્તાર. Agency of another.

Prude, *n.* (પ્રુડ) લજ્જાવાળી—નખરાંખોર સ્ત્રી. A woman affectedly prudent.

Prudence, *n.* (પ્રુડન્સ) વિવેક, ડહાપણ. Wisdom; circumspection (L. *video* I see). [seeing.

Prudent, *a.* (પ્રુડન્ટ) ચતુર, ડાહ્યુ. Fore-

Prune, *v.t.* (પ્રુન) કલમ કરવી; છાંટવું. To lop off.

Prurient, *a.* તલખી રહેલું. Uneasy.

Pry, *v.i.* (પ્રાઇ) બારીકાઈથી તપાસવું. To inspect closely.

Psalm, *n.* (સામ્) સ્તોત્ર, ગીત; ભજન. A sacred song.–ist, સ્તોત્રકાર;–ody, *n.* સ્તોત્રગાન.

Psychology, *n.* (સાઇકૉલૉજી) આત્મજ્ઞાન શાસ્ત્ર. The doctrine of the soul.

Puberty, *n.* (પ્યુબર્ટિ) જુવાની, જોબન. Ripe age (L. *puber* adult).

Public, *a.* (પબ્લિક્) સર્વનું; લૌકિક, પ્રસિદ્ધ, જાહેર; સરિયામ. Belonging to a State or nation; common; open. *n.* સર્વલોક; પ્રજા. (L.*populus* people).

Publication, *n.* (પબ્લિકેશન) પ્રસિદ્ધ-પ્રગટ કરવું તે; પ્રસિદ્ધ કરેલું પુસ્તક. Pro-

mulgation; a work printed and published.

Publicity, *n.* (પબ્લિસિટિ) પ્રસિદ્ધિ; જાહેરપણું. State of being public; notoriety.

Publish, *v.t.* (પબ્લિશ્) પ્રગટ-જાહેર કરવું; છાપી પ્રસિદ્ધ કરવું. To proclaim; to announce.

Publisher, *n.* પ્રસિદ્ધકાર; પ્રગટકાર. One who publishes books, &c.

Pucker, *v.t.* (પકર્) કરચલી-કલ્લી વાળવી -પાડવી. To corrugate; to wrinkle.

Pudding, *n.* (પુડિંગ) એક જાતનો ખાવાનો પદાર્થ; પુડીંગ. A kind of food.

Puddle, *n.* (પડ્લ્) ગંદા પાણીનું ખાબોચીયું-ખાબડુ A muddy plash.

Puerile, *a.* (પ્યુએરાઇલ્) છોકરવાદીયું; બાળક બુદ્ધિનું. Boyish; childish (L. *puer* a child). [ishness.

Puerility, *n.* છોકરવાદી, નાદાની. Boy-

Puerperal, *a.* સુવાવડમાંનું. Relating to childbirth.

Puff, *n.* (પફ્) ફૂંક, ફુંકારો, ઝપાટો, સપાટો, ફિસિયારી, બડાઇ. *v.t.* ફુલવવું-ફુલાવું; બડાઇ મારવી. A small blast of wind; an exaggerated statement; *v.* to inflate; to praise with exaggeration.—y, *a.* ફુલેલું; ફુલાઇ ગયેલું.

Pugh, *int.* છી! છી:!

Pugilist, *n.* (પ્યુજીલિસ્ટ) મૂક્કાબાજી કરનાર A boxer; a fighter. [some.

Pugnacious, *a.* લડાઇખોર. Quarrel-

Puisne, *a.* (પ્યુની) નહાનું; ઉતરતી પદ્વીનું. Younger, inferior in rank.

Puissant, *a.* (પ્યુઇસન્ટ) પરાક્રમી, બળવાન; જબરદસ્ત. Powerful; mighty (L. *posse* to be able). [vomit.

Puke, *v.i.* (પ્યુક) ઓકવું, ઉલટી કરવી. To

Pule, *v.i.* (પ્યુલ) ઉંઉં કર્યા કરવું; કજીયો કરવો. To whine; to whimper.

Pull, *v.t.* (પુલ્) ખેંચવું, તાણવું. To draw forcibly; to tear. *n.* તાણ, આંચકો. [young hen.

Pullet, *n.* (પ્યુલેટ્) ન્હાની મરઘી. A

Pulley, *n.* (પુલી) કાપી; ગરગડી. A small wheel. [to the lungs.

Pulmonary, *a.* ફેફસાનું. Pertaining

Pulp, *n.* ગર, માવો, મેદો. Soft part of fruit,—y, *a.* દળદાર, માવાદાર.

Pulpit, *n.* (પુલ્પિટ્) ઉપદેશકનું ઉંચું આસન. A platform; a desk.

Pulsation, *n.* (પલ્સેશન્) નાડીનો ધબકારો. A beating of an artery.

Pulse, *n.* (પલ્સ) નાડી, નાડ; શિંગ, કઠોળ. Motion of an artery; *v.* to feel the P. નાડી જોવી.

Pulverise, *v.t.* (પલ્વરાઇઝ) ભુકો કરવો. To reduce to dust (L. *pulvis* dust).

Pump, *n.* (પમ્પ) બંબો. An engine for raising water. *v.t.* બંબો ચલાવવો.

Pumpkin, *n.* કહોળું; દુધી.

Pun, *n.* શબ્દની રમુજ-વિનોદ.

Punch, *n.* (પંચ) કાણું-છિદ્ર પાડવાનું હથીયાર; ઠોંસો; સરબત; મશકરો. An instrument for piercing holes; a blow; a buffoon. *v.* કાણું પાડવું.

Puncheon, *n.* એક જાતનું માપ; પીપ. A liquid measure.

Punctilo, *n.* સૂક્ષ્મ વર્તન નીતિ. Small nicety of behaviour.

Punctual, *a.* (પન્કટ્યુઅલ્) વખતસર આવનાર; હાજર રહેનાર. Exact; scrupulous (L. *punctum* point).

Punctuality, *n.* વખત-વાયદાસર જવું -આવવું તે. Exactness.

Punctuate, *v.t.* (પન્કટ્યુએટ) વિરામ ચિન્હ માંડવાં. To mark with points.

Punctuation, *n.* વિરામચિન્હ માંડવાં તે.

Puncture, *n. v.t.* (પન્કટ્યુઅર) વ્હેં-છિદ્ર-કાણું પાડવું. To prick.

Pungency, *n.* તીખાશ. Acridness.
Pungent, *a.* (પન્જન્ટ) તીખું, ઝમઝમાટ. Acrid;stringent(L.*pungo*I prick)
Punish, *v.t.* (પનિશ્) મારવું; શિક્ષા-સજા કરવી. To chastise (L. *pœna* punishment).
Punishable, *a.* શિક્ષા કરવાજેવું.
Punishment, *n.* શિક્ષા, સજા, શાસન, દંડ. Pain afflicted for a crime.
Puny, *n.* (પ્યુનિ) ન્હાનુ, નબળું, હલકું. Inferior ; petty.
Pup, *n.* કુરકુરીયું. *v.t.* વિયાવું-જણવું, —py, *n.* કુરકુરીયું.
Pupil, *n.* (પ્યુપિલ્) શિષ્ય, વિદ્યાર્થી; આંખની કીકી. A desciple; the apple of the eye.
Puppet, *n.*પુતળું. A small image.
Purblind, *a.* મંદ દ્રષ્ટી; આંધળું ધુંધળું. Deemsighted.
Purchase, *v.t.* (પર્ચેઝ) વેચાથી લેવું, ખરીદ કરવું. To acquire ; to buy. *n.* ખરીદી, સોદો. [er.
Purchaser, *n.* ખરીદદાર; ગ્રહાક. A buy-
Pure, *a.* (પ્યુઅર) નિર્મળ, સ્વચ્છ, ચોખું; પવિત્ર. Clean, clear ; holy.
Purgative, *a.* (પર્ગેટિવ) રેચક ; જુલાપ લાગે એવું. Having the power of purging (*purgo* I purge).
Purge, *v.t.* (પર્જ) જુલાપ લેવો; કોઠો સાફ કરવો. To cleanse ; to clear.
Purification, *n.* પવિત્ર-સ્વચ્છ કરવું તે. Act of purifying.
Purify, *v.t.* (પ્યુરિફાઇ)નિર્મળ-સ્વચ્છ-સાફ કરવું. To make pure or clear.
Purity, *n.* (પ્યુરિટિ) નિર્મળતા, શુદ્ધતા. Cleanness.
Purl, *v.t.* ખળખળ વહેવું. To flow.
Purloin, *v.t.* (પર્લૉઇન્) ચોરવું, હાથ મારવો. To steal; to take by theft.
Purple, *a.* (પર્પલ્) જાંબુ રંગનું ; ગુલફામ. Red & blue.
Purport, *n.* (પર્પર્ટ) મતલબ, ભાવાર્થ. Design; meaning. *v.t.* મતલબ હોવી. (L. *porto* I carry).
Purpose, *n.* (પર્પઝ) ધારણા, ઇરાદો, મતલબ, હેતુ. Design; intention. *v.* વિચાર હોદો.—ly, *ad.* જાણી જોઇને—less, *a.* મતલબ વિનાનું. (L. *pono* I place).
Purr, Pur, *v.i.* મીઆંઉ મીઆંઉ કરવું.
Purse, *n.* (પર્સ) કોથળી, તોડો, વાંસળી. A small bag for money,—proud, *a.* પૈસાના મદવાળું.
Pursuance, *n.* (પર્સ્યુઅન્સ) અનુસરણ; ચલાવ્યાં જવું તે. Pursuit (L. *sequor* I follow).
Pursuant, *a.* અનુસરતું. Agreeable.
Pursue, *v.t.* (પર્સ્યુ) પાછળ લાગવું; ચાલ્યાં કરવું. To follow forth; to continue. [Endeavour to attain·
Pursuit, *n.* (પર્સ્યુટ્) યત્ન, ઉદ્યોગ, ઉદ્યમ.
Purulent, *a.* (પ્યુરયુલન્ટ) પરૂના જેવું. Consisting of puss.
Purvey, *v.t.* (પર્વે) ખોરાકીનો સામાન પુરો પાડવો. To provide (L. *video* I see).
Pus, *n.* (પસ્) પરૂ. Matter.
Push, *v.t.* (પુશ્) હડસેલવું, ઠેલવું. To thrust; to press against. *n.* હડસેલો, ધક્કો, આંચકો. A thrust; an impulse.
Pusillanimity, *n.* (પુસિલૅનિમિટિ) નામર્દાઇ; બાયલાપણું. Cowardice; timidity. [radly.
Pusillanimous, *a.* બાયલું, નામર્દ.Cow-
Puss, *n.* બીલાડી, મીની. A cat.
Pustule, *n.* ફોલ્લો. A small blister.
Put, *v.t.* (પુટ્) મુકવું, પુરવું, રેડવું. To lay in ; to place. P. away, ટાળવું. વારવું. P. aside, એક કોરે મુકવું. P. uff, વાયદા કરવા. P. on પહેરવું. P. up with, સોસવું. P. up ઉતરવું. P. out, વધારવું, લાંબું કરવું.

Putative, *a.* (પ્યુટેટિવ) ધારેલું, લોકોએ માનેલું. Supposed.

Putrefaction, *n.* (પ્યુટ્રીફૅકશન્) કહોવું -સડવું તે. Rottenness; state of becoming rotten (L. *putris* rotten, *facio* I make).

Putrefy, *v.t.* (પ્યુટ્રીફાઇ) કહોવું ; સડવું. To cause to rot.

Putrid, *a.* (પ્યુટ્રિડ્) કોહેલું, સડેલું. Rotten ; stinking,—ity, *n.* સડેલાપણું.

Putty, *n.* કાચ જડવાની લાપી. Cement used by glaziers.

Puzzle, *v.t.* (પઝલ્) ગુંચવારામાં-ગભરાટમાં નાંખવું. *n.* ગુંચવણ, ગુંચ; ઉખાણું, સમસ્યા. To perplex ; to embarass; *n.* perplexity.

Pyramid, *n.* (પિરૅમિડ્) મિનારો. [pile.

Pyre, *n.* (પાયર) ચહે, ચિતા. A funeral

Pyrotechny, *n.* (પાઇરોટેક્નિ) આતસબાજી બનાવવાની કળા-હુન્નર. Art of making fireworks.

Q.

Q, ઇંગ્રેજી મૂળાક્ષરનો સતરમો અક્ષર.

Quack, *n.* (ક્વૅક્) શિખેલાનું ડોળ કરનાર ; ઉંટ વૈદુ કરનાર. A boaster. *v.* ડોળ ઘાલવું.-ery, *n.* ઉંટ વૈદું, વિદ્યાનું ડોળ.

Quadrangle, *n.* (ક્વૉડ્રૅન્ગલ્) ચોખુણુ ; ચોરસ. A figure having four right angles (L. *quatuor* four, *angulus* angle).

Qnadrangular, *a.* ચોખુણુ, ચોખંડું.

Quadrant, *n.* (ક્વૉડ્રૅન્ટ) ગોળનો ચોથો ભાગ. Fourth part of a circle.

Quadratic, *a.* (ક્વૉડ્રૅટિક્) (equation) વર્ગસમીકરણ.

Quadrennial, *a.* (ક્વૉડ્રેનિયલ્) ચાર વર્ષનું -વર્ષે થતું. Occurring once in four years. [ing four sides.

Quadrilateral, *a.* ચાર બાજુવાળું. Hav-

Quadruped, *a.*, *n.* (ક્વૉડ્રુપેડ્) ચાર પગવાળું-પ્રાણી ; પશુ, ઢોર. Having four feet (L. *pes* foot).

Quadruple, *a.* (ક્વૉડ્રુપલ્) ચોગણું, ચારગણું. Four-fold. *v.t.* ચોગણું કરવું.

Quaff, *v.t.* (ક્વૉફ્) ગટગટ પીવું ; હાંસી જવું. To swallow.

Quaggy, *a.* (ક્વૅગિ) પોચું, નરમ. Boggy.

Quail, *n.* એક જાતનું પક્ષી ; લાવરી ; *v.* નાઉમેદ થવું.

Quaint, *a.* (ક્વેન્ટ) વિચિત્ર, તરેહવાર. Neat; singular.

Quake, *v.i.* (ક્વેક) કાંપવું, ધ્રુજવું. To shake ; to quiver. *n.* ધ્રુજારી, કંપ.

Qualification, *n.* (ક્વોલિફિકેશન્) યોગ્યતા, ગુણ, લાયકી. Accomplishment.

Qualify, *v.t.* (ક્વૉલિફાઇ) યોગ-લાયક કરવું, ફેરફાર કરવો. To fit, to modify (L. *qualis, facio* I do).

Quality, *n.* (ક્વૉલિટિ) ગુણ, ધર્મ જાત. Property ; rank.

Qualm, *n.* (ક્વામ્) મોળ, ઉલટી ; ખખરો. Uneasiness of conscience.

Quantity, *n.* (ક્વૉન્ટિટિ) પરિણામ, જથો, રકમ ; ઢગલો. A portion ; a mass ; a part. (L. *quantus* how much).

Quarrel, *n.* (ક્વૉરલ્) કજીયો, ટંટો, લડાઇ. A dispute; a contest. *v.* કજીયો-ટંટો કરવો. To dispute (L. *queror* I complain). [tentious.

Quarrelsome, *a.* કજીયા-ટંટાખોર. Con-

Quarry, *n.* (ક્વૉરિ) પથ્થરની ખાણ ; મારેલો શિકાર. A stone-mine ; prey ; *v.t.* ખોદી કાઢવું.

Quart, *n.* (ક્વૉર્ટ) એક ગાલનનો ચોથો ભાગ.

Quarter, *n.* પા, ચોથો ભાગ ; પ્રાંત, દેશ, પરૂ. A fourth part ; region ; su-

burb. *v.* ચાર સરખા ભાગ કરવા.—ly, *a.* ત્રૈમાસિક. *n. pl.* મુકામ, ઉતારો, ઘર, જગ્યા. [ચોપડી.

Quarto, *n.* એક તાવના ચાર પાનાની કદની

Quartz, *n.* (ક્વૉર્ટઝ) કાચમણી. A kind of stone.

Quash, *v.t.* (ક્વૅશ્) કચરી-છુંદી નાંખવું; નરમ પાડવું. To crush; to subdue.

Quaver, *v.i.* (ક્વેવર્) કાંપવું, ધ્રુજવું. To shake.

Quay, *n.* (કી) બંદર, ડક્કો; ઓવારો. A mole or wharf for loading or unloading vessels.

Queen, *n.* (ક્વીન્) રાણી, રાજાની વહુ. The wife of a king. (શેત્રંજમાં) વજીર, પ્રધાન.

Queen's metal, *n.* કાંસું.

Queer, *a.* (ક્વીર્) વિલક્ષણ, તરેહવાર. Odd.

Quell, *v.t.* (ક્વેલ્) નરમ-ઠંડુ પાડવું. To quiet.

Quench, *v.t.* (ક્વેન્ચ) હોલવવું, મટાડવું; છીપાવવું; નરમ પાડવું. To extinguish; to allay; to quiet.

Querulous, *a.* (ક્વેરયુલસ્) રડતું, બડબડતું. Expressing complaint.

Query, *n.* (ક્વીરિ) પ્રશ્ન, સવાલ. A question (L. *quœro* I seek).

Quest, *n.* (ક્વેસ્ટ) શોધ, તપાસ; ઇચ્છા. Search; solicitation.

Question, *n.* (ક્વેસ્ચન્) પ્રશ્ન, સવાલ, પૂછપરછ; શક; તપાસ. Inquiry; dispute; doubt; trial. *v.* પ્રશ્ન પૂછવો; શક હોવો. To inquire; to doubt,—able, *a.* શક આવે એવું.

Quibble, *n.* (ક્વિબ્લ્) બ્હાનું; ફાંફાં મારવાં તે. An evasion; a cavil.

Quick, *a.* (ક્વિક્) જીવતું; ચંચળ,ચપળ; ઉતાવળું. Alive, brisk; swift,—ness, *n.* ઉતાવળ, ત્વરા. Briskness.

Quicken, *v.t.* (ક્વિકન્) જીવતું કરવું; ઉશકેરવું; જાગૃત કરવું; ઉતાવળ કરવી. To make alive; to incite; to hasten.

Quick-lime, *n.* કળી ચુનો;—sand, *n.* પગ પેસી જાય એવી રેતી;—sighted, બારીક નજરનું;—silver, *n.* પારો.

Quiet, *a.* (ક્વાયેટ્) સ્થિર; શાંત; છાનું; ગરીબ. At rest; peaceful; calm. *v.* સ્થિર કરવું; શાંત પાડવું. To calm; *n.* ચેન, આરામ; repose; silence (L. *quies* rest).

Quietude, *n.* (ક્વાયેટયુડ) નિરાંત, ચેન, શાંતિ. Rest; repose.

Quill, *n.* (ક્વિલ્) પીછું; પીંછાની કલમ. A feather; an instrument for writing. [*v.t.* ગોદડું સીવવું.

Quilt, *n.* (ક્વિલ્ટ) રજાઇ, ગોદડી. A bed.

Quince, *n.* સફરજન. A fruit.

Quinine, *n.* (ક્વિનાઇન) એક જાતનું તાવનું ઓસડ. A medicine for fever.

Quinsy, *n,* કંઠમાળા. Inflamation of throat.

Quintessence, *n.* સાર, કસ, તત્વ. Essential part of any thing.

Quintuple, *a.* (ક્વિન્ટયુપ્લ્) પાંચગણું. Fivefold.

Quire, *n.* (ક્વાયર) દસ્તો, ઘા. A collection of 24 sheets of papers.

Quirk, *n.* (ક્વર્ક) યુક્તિથી નીકળી જવાની બારી; ઉડાવવું તે. A quibble.

Quit, *v.t.* (ક્વિટ્) છોડવું, તજવું, ત્યાગ કરવો. To leave; to give up. *a.* મોકળું, છુટું. [Entirely; wholly.

Quite. *ad.* (ક્વાઇટ) તમામ, બીલકુલ, કેવળ.

Quittance, *n* બેદાવો. Deed of Q. ફારગતી.

Quiver, *n.* (ક્વિવર્) ભાથો. A case for arrows; *v.* ધ્રુજવું, કાંપવું. To shiver.

Quoit, *n.* (કોઇટ્) ચક્કર. An iron ring for pitching a mark.

Quondom, *a.* આગલું, માજી. Former.

Quorum, *n.* (કોરમ્) કામ ચલાવી શકે એટલા સભાસદોની મંડળી.

Quota, *n.* પાંતી; હીસ્સો. A share.

Quotation, *n.* (કોટેશન્) બીજાના ગ્રંથમાંથી ઉતારી લેવું તે; કિંમત. A passage quoted.

Quote, *v.t.* (ક્વોટ) બીજા ગ્રંથકર્તાનું વાક્ય ઉતારી લેવું,-બોલવું; કિંમત કહેવી. To cite (L. *quotus*).

Quoth, *v.* (કોથ્) કહેવું. To say.

Quotidian, *a.* રોજનું. Daily.

Quotient, *n.* (કોશ્યન્ટ) ભાગ, ભાગાકાર. The number resulting from the division of one number by another (L. *quot* how many).

R.

R, ઇંગ્રેજી મૂળાક્ષરનો ૧૮ મો અક્ષર.

Rabbit, *n.* (રૅબિટ્) સસલું. A hare.

Rabble, *n.* (રૅબ્લ્) તોફાની ટોળું. A tumultuous crowd (L. *rabo* I rove).

Rabid, *a.* (રૅબિડ્) દિવાનું. Mad.

Race, *n.* (રેસ) વંશ, કુળ; ઓલાદ; સરત, દોડ. Lineage; breed; rank; a running. *v.* ઝડપથી દોડવું.—course, સરતનું મેદાન.-r, *n.* સરતનો ઘોડો.

Rack, *n.* (રૅક્) ગુન્હો મનાવવાને અંગ તાણવાનો સકંચો; અતિ વેદના. Extreme pain; *v.* રીબાવવું. To torture—rent, *n.* વાજબી કરતાં વધારે ભાડું.

Radiance,-cy, *n.* (રેડિયન્સ-સિ) તેજ, પ્રકાશ, ચળકાટ. Brightness; splendour (L. *radio* I shine).

Radiant, *a.* ચળકતું, તેજસ્વી. Shining.

Radiate, *v.i.* (રેડિયેટ) પ્રકાશવું; સીધી લીટીમાં નીકળવું. To shine.

Radiation, *n.* See Radiate. *v.*

Radical, *a.* (રૅડિકલ્) મૂળનું, અસલનું, જાતીનું, કુદરતી. Original; native. (L. *radix* root).

Radish, *n.* (રૅડિશ્) મૂળો. A root.

Radius, *n.* વ્યાસાર્ધ. Semi-diameter of a circle.

Raffle, *n.* (રૅફલ્) સોરતી. A lottery.

Raft, *n.* (રૅફ્ટ) તરાપો. તર. [beam.

Rafter, *n.* (રૅફ્ટર્) વળી, ભારોઠિયો. A

Rag, *n.* (રૅગ્) ચિથરૂં. A rent piece of cloth.

Ragamuffin, *n.* હલકું-નીચ માણસ. A mean wretch.

Rage, *n.* (રેજ) ગુસ્સો, ક્રોધ, રીસ, જોર; ઝપાટો. Fury; vehemence. *v.* ગુસ્સે થવું, તપી જવું.

Rail, *n.* (રેલ્) કઠેરો, સળીયો, ગજ; *v.* કઠેરો કરવો; હદ બાંધવી. નિંદા કરવી; ગાળ દેવી. A bar of wood or iron; *v.* to inclose with rail; to utter reproaches,—ing, *n.* કઠેરો, વાડ, નિંદા. નિંદા A fence; *a.* ભરેલું—lery, *n.* મજાક, ઠઠ્ઠો, મશકરી. Banter. [ing.

Raiment, *n.* (રેમેન્ટ) વસ્ત્ર, કપડાં. Cloth-

Rain, *n.* (રેન્) વરસાદ, વૃષ્ટિ. *v.* વરસાદ વરસવો-પડવો. Moisture falling in drops; to fall in drops,—bow, *n.* મેઘ-ઇંદ્ર ધનુષ.—guage, વરસાદ માપવાનું યંત્ર,—y, *a.* વરસાદનું. *n. pl.* વર્ષાકાળ, ચોમાસું.

Raise, *v.t.* (રેઝ) ઉચકવું, ઉચકી લેવું; ઉભું-સીધું કરવું; ચઢાવવું; ઉશકેરવું; જાગૃત કરવું. To lift; to set up; to promote; to increase; to awake.

Raisin, *n.* (રેઝિન્) ખિસમિસ; બેદાણા. A dried grape.

Rake, *n.* (રેક) પંઝેટી; વહાણનો વાંક; દાંતો; રંડીબાજ. An instrument with teeth; a vicious man.

Rally, *v.t.* (રૅલિ) વિખરાયેલું લશ્કર એકઠું કરવું; મશ્કરી કરવી. To reunite; to banter.

Ram, *n.* (રૅમ્) મેંઢો, ઘેટો: A male sheep. *v.* ઠાંસીને ઘાલવું; ઠાંસવું. To drive with violence;—mer, *n.* ઠોકવાની મોગરી.—rod, *n.* બંદૂકનો સળીયો.

Ramble, *v.i.* (રૅમ્બ્લ્) અહીં તહીં ફરવું; ભટકવું. *n.* ફેરો, રખડપટ્ટી. To rove; to wander; a wandering,—r, *n.* ભટકનાર. A rover.

Ramification, *n* (રૅમિફિકેશન્) ઉપશાખા, ડાંખળી, ડાળ. A branch; a division (L. *ramus* a branch, *facio* I do).

Ramify, *v.t.* (રૅમિફાઇ) શાખા-ભાગ પાડવા-પડવા; ડાળી નીકળવી. To shoot into branches.

Ramous, *a.* ડાળીઓથી ભરપુર. Branchy.

Rampant, *a.* (રૅમ્પન્ટ) હદ બહાર વધી ગયેલું. Exuberant, rank.

Rampart, *n.* (રૅમ્પાર્ટ) કિલ્લાની ભીંત; કોટ. A mound round a fortified place. [scented; musty.

Rancid, *a.* વાસ મારતું, ગંધાતું, Strong-

Rancour, *n.* (રૅન્કર્) અદાવત, કીનો, ખુનસ. Malice; virulence,—ous, *a.* દ્વેષી, ખુનસી. (L. *ranceo* I stink).

Random, *a.* (રૅન્ડમ્) નેમ-ઠેકાણા વગરનું. Want of direction. At r. નિયમ રાખ્યા વગર; ગમે તેમ.

Range, *v.t.* (રેન્જ) ગોઠવણ-વ્યવસ્થા કરવી. *v.i.* ફરવું, ભટકવું-પાસે થઇને જવું. *n.* હાર, ઓળ, વર્ગ, પંક્તિ. To place in order; to rove over; to pass near. *n.* A row; order,—r, *n.* ઘોડે સ્વાર સિપાઈ.

Rank, *n.* (રૅન્ક) હાર, ઓળ; વર્ગ, જાત; પદવી, દરજ્જો. *a.* અતિશય ફાલેલું, વધી ગયેલું; ખોરૂં. *v.* ગણવું-ગણાવું. A row; grade; class; order; *a.* luxuriant; *v.* to place in a line.

Rankle, *v.t.* સડવું, સડી જવું. To become putrid.

Ransack, *v.t.* (રૅન્સૅક્) લૂટવું; ધાડ પાડવી; શોધ કરવી. To plunder; to search.

Ransom, *n.* (રૅન્સમ્) છુટકો, દંડ, ખંડણી. Release; price paid for redemption from captivity.

Rant, *n.* (રૅન્ટ) બડબડાટ, લવારી, ટાહલું. A raving.

Rap, *n.* (રૅપ્) લપડાક, તડાકો, ઠપકો; દમડી, કોડી. A knock; a quick sharp blow. *v.i.* ઠોકવું, મારવું.

Rapacious, *a.* (રૅપેશિયસ્) લુટારૂં; જોર જુલમથી ખુંચી લેનારૂં; ફાડી ખાનારૂં. Given to plunder; ravenous (L. *rapio* I snatch).

Rapacity, *n.* (રૅપેસિટિ) લુટારૂપણું; લુટાલૂટ; ફાડી ખાવાનો સ્વભાવ. Quality of being rapacious.

Rape, *n.* (રેપ) બળાત્કાર સંભોગ; હરણ. A seizing by violence; privation.

Rapid, *a.* (રૅપિડ્) જલદ, જોરમાં હોય તેવું, ઉતાવળું. Quick; swift,—ly, *ad.* જલદીથી. [Briskness.

Rapidity, *n.* (રૅપિડિટિ) ઉતાવળ, ત્વરા.

Rapine, *n.* (રૅપાઇન) લુટાલૂટ; જોરજુલમ. Plunder; violence.

Rapture, *n.* (રૅપ્ચ્યર) અતિ આનંદ; ખુશી; જોસ્સો; આવેશ. Extreme joy; enthusiasm (L. *rapio* I snatch).

Rapturous, *a.* અત્યાનંદનું; હર્ષ ભરેલું. Ecstatic.

Rare, *a.* (રેર) દુર્લભ, વિરલું; અસાધારણ; પાતળું. Scare, uncommon; thin,—ly, *ad.* ક્વચિત, કોઇજ પ્રસંગ,—fy, *v.* પાતળું કરવું-થવું.

Rarity, *n.* (રૅરિટિ) વિરલાપણું; અસાધારણપણું. Uncommonness.

Rascal, *n.* (રૅસ્કલ્) લુચ્ચો, ઠગ. A rogue,—ity, *n.* લુચ્ચાઇ, ઠગાઇ;—ly, *a.* લુચ્ચું, ખંધું.

Rash, *a.* (રૅશ્) અવિચારી ; ઉતાવળું, આકળો. Hasty, headlong,–ly, *ad.* અવિચારથી.

Rashness, *n.* અવિચાર, ઉતાવળાપણું.

Rasp, *n.* એક જાતની કાનસ, રેતરડી. A file ;–berry, *u.* એક જાતનું ફળ.

Rat, *n.* (રૅટ્) ઉંદર, કોળ. An animal.

Ratan, *n.* (રેટન્) નેતર, છડી. Cane.

Rate, *n.* (રેટ) દર, ભાવ ; પ્રમાણ, દરજ્જો ; *v.t.* ભાવ ઠરાવવો ; આંકવું ; ધમકાવવું. Price, value; degree; *v.* to value; to estimate ; to chide (L. *ratus* I calculate).

Rather, *ad.* (રાધર્) કરતાં, તે કરતાં ; બલકે, ખરૂં કહીએ તો. Preferably.

Ratification, *n.* (રૅટિફિકેશન્) બ્હાલ-મંજુર કરવું તે. Confirmation.

Ratify, *v.t.* (રૅટિફાઇ) બ્હાલ-મંજુર કરવું. To make valid ; to render firm (L. *ratus* fixed). [portion.

Ratio, *n.* (રૅરિયો) પ્રમાણ, પરિણામ. Pro-

Ratiocination, *n.* (રૅટિઓસિનેશન્) અનુમાન-તર્ક કરવો તે. Act of reasoning.

Ration, *n.* (રૅશન્) ભાથું, સીધું. Allowance of provisions.

Rational, *a.* (રૅશનલ્) બુદ્ધિસંપન્ન ; તર્કી ; ડાહ્યું. Wise; judicious (L. *ratio* reason). [ableness.

Rationality, *n.* તર્ક શક્તિ, બુદ્ધિ. Reason-

Rattle, *v.* (રૅટલ્) ખખડવું ; ગડગડવું. To make a sharp noise. *n.* ઘુઘરો.

Ravage, *n.* (રૅવેજ) નાશ, પાયમાલી, ખરાબી. Spoil ; ruin ; waste. *v.t.* લૂટવું ; ખરાબ કરવું. (L. *rapio* I snatch).

Rave, *v.i.* (રેવ) ચળવું, મગજ ભમવું. To be delirious.

Ravel, *v.t. n.* (રૅવલ્) ગુંચવી નાંખવું ; ગુંચવાઇ જવું. To entangle ; to untwist.

Raven, *n.* (રેવન્) કાગડો. A bird.

Revenous, *a.* (રૅવેનસ્) ફાડી ખાનારૂં ; વખવખીયું. Furiously veracious.

Ravine, *n.* (રેવાઇન) ખિંડ, કોતર, નાળું. A deep hollow.

Ravish, *v.t.* (રૅવિશ્) હરવું, હરણ કરવું ; બળાત્કાર કરવો. To take away by violence ; to deflour by force,–ment, બળાત્કાર સંભોગ કરવો તે.

Raw, *a.* (રૉ) કાચું, અપક્વ, ટાઢું, શરદીનું. Not cooked, unripe ; chilly ;–head, *n.* બાગુ, હાઉ. [light ; lustre.

Ray, *n.* (રે) કિરણ, તેજ. A beam of

Raze, *v.t.* (રેઝ) નાશ કરવો ; જમીનદોસ્ત કરવું. To demolish ; to extirpate

Razor, *n.* (રેઝર્) અસ્ત્રો ; છર. An instrument for shaving,–strop, *n.* ટપટપી.

Reach, *v.t.* (રીચ્) પહોંચવું, આવી મળવું ; લંબાવવું ; *v.i.* વિસ્તાર હોવો. *n.* પહોંચ ; વિસ્તાર, ફેલાવો. To stretch, to extend to ; to arrive at ; *n.* extent ; limit.

Reaction, *n.* (રીઍક્શન્) સામું જોર ; પ્રત્યાઘાત. Resistance.

Read, *v.t.* (રીડ્) વાંચવું, જોઇને ભણી જવું ; શીખવું, અભ્યાસ કરવો. To speak what is written ; to utter or pronounce ; to be studious,–er, *n.* વાંચનાર,—ing, *n.* વાંચન, અધ્યયન ; પાઠ.

Ready, *a.* (રૅડિ) તૈયાર, ચાલાક, ચપળ. Quick ; prompt,–writer, *a.* હાજર જબાની.

Real, *a.* (રીયલ્) ખરૂં, સાચું, ખરેખરૂં. Actual, true. R. estate, સ્થાવર મીલકત.–ly, *ad.* ખરેખર.(L. *res* a thing)

Realise, *v.t.* (રીયલાઇઝ) અમલ-અનુભવમાં આણવું ; સાધવું ; માલ મીલકતના પૈસા કરવા. To bring into being or act.

Reality, *n.* (રીઍલિટિ) ખરાપણું ; સચ્ચાઇ ; વાસ્તવિકપણું. Truth, fact. [dom.

Realm, *n.* (રેલ્મ) રાજ્ય, રાજ. A king-

Ream, *n.* રીમ ; વીસ ધા. (કાંગળના).

Reanimate, *v.t.* ફરીથી જીવતું કરવું; હિમ્મત આપવી. To revive

Reap, *v.t.* (રીપ્) કાપણી કરવી ; ઢાળવું ; લણવુ ; ભોગવવું. To cut corn at a harvest; to obtain,–er, *n.* કાપણી કરનાર ;–ing, *n.* કાપણી.

Rear, *n.* (રીઅર્) પાછલી બાજુ, પશ્ચાત ભાગ ; *v.t.* ઉછેરવું, પાળવું; શિખવવું. That which is behind ; *v.* to bring up; to educate.

Reason, *n.* (રીઝન્) સબબ, કારણ;ધારણા, તર્ક શક્તિ ; અક્કલ ; સમજ. *v.t.* ચરચા કરવી , સમજાવવું ; તર્ક કરવો. Ground ; cause ; faculty of distinguishing right or wrong ; argument. *v.* to agree ; to debate (L. *ratio*)

Reasonable, *a.* (રીઝનેબ્લ્) યોગ્ય, તર્ક શક્તિવાળું; રાસ્ત ; ઠીક. Governed by reason ; moderate,

Rebel, *n.* (રેબલ્) બંડ કરનાર ; બળવાખોર ;તોફાની. One who wages war. –lious, *a.* બલવાખોર ; તોફાની. (L.*re*, *bellum* war).

Rebellion, *n.* (રીબિલિયન્) બંડ, બળવો, દંગો. Revolt ; resistance to lawful authority.

Rebuff, *n.* (રીબફ્) દાબ ; હાર, પરાજ્ય. A repulsion ; refusal.

Rebuke, *v.t.* (રીબ્યુક) ઠપકો દેવો ; ધમકી આપવી. *n.* ઠપકો, ધમકી. To chide ; to reprove. *n.* reproof (L. *bucca* cheek).

Rebut, *v.t.* (રીબટ્) હઠાવવું ; સામો પુરાવો આપવો. To repel.

Recall, *v.t.* (રીકૉલ્) પાછું બોલાવવું ; રદ કરવું. To call back ; to revoke.

Recant, *v.t.* (રીકેન્ટ) ફેરવવું, ઇનકાર કરવો. To retract,

Recapitulate, *v.t.* (રીકેપિચ્યુલેટ) સારાંશ -મતલબ ફરીથી કહી જવું. To reiterate

Recapitulation, *n.* ટુંક સારાંશ. A summary,

Recede, *v.i.* (રીસીડ) પાછાં હઠવું ; ખસી જવું. To desist ; to retreat.

Receipt, *n.*(રીસીટ્) ઓસડ વિધિ; પહોંચ; ભરપાઇ ; રસીદ. Recipe ; a written acknowledgment of any thing received. *n. pl.* જમા, વસુલ.

Receive, *v.t.* (રીસીવ) લેવું, સ્વીકારવું, અંગીકાર કરવો ; પામવું; આગતાસ્વાગતા કરવી. To accept ; to take; to obtain ; to allow; to welcome,–er, *n.* લેનાર, ગ્રાહક ; હવા ખેંચી લેનાર યંત્ર ; (L. *re*, *capio* I take),

Recent, *a.* (રીસેન્ટ) નવું, હમણાંનું.New; fresh,–ly, *ad.* હમણાં થોડીવાર થયાં. Lately.

Recess, *n.* (રીસેસ્) પાછું ઉતરી જવું તે ; ઓટ ; દીવાનખાનાની બેઠક ; ગોખલો ; ગોખ ; એકાંતવાસ. A going back ; an alcove ; niche; seclusion (L. *re*, *cedo* I go).

Recipe, *n.* ઓસડવિધિ. Medical prescription.

Receipient, *n.* (રીસીપીયન્ટ) જેને મળે છે તે ; ગ્રાહી ; અવશ્ય પાત્ર. A receiver.

Reciprocal,*a.* (રેસિપ્રોકલ્) અરસપરસનું; વારા ફરતી ; એક પછી એક. Mutual ; alternate (L. *capio* I take).

Reciprocate, *v.t.* (રીસિપ્રોકેટ) અરસપરસ આપવું-બદલવું.To interchange

Reciprocity, *n.* અદલાબદલી થવી તે ; પરસ્પરતા. Reciprocal obligation.

Recital, *n.* (રીસાઇટલ્) મ્હોડે ભણી જવું તે ; કથન, વર્ણન. Rehearsal ; narration.

Recitation, *n.* See Recite.

Recite, *v.t.* (રીસાઇટ) કહેવું, મ્હોડે ભણી જવું, કહી સંભળાવવું. To repeat ; to relate; to enumerate (L. *re*, *cito* I proclaim).

Reck, *v.* (રેક્) તમા રાખવી; દરકાર કરવી; ગણકારવું. To care; to heed,–less, *a.* બેદરકાર ; બેફીકર.

Reckon, *v.t.* (રેકન્) ગણવું, માનવું, સમજવું, લેખવવું. To number; to count; to esteem; to regard,-ing, *n.* ગણત્રી. હીસાબ, સુમાર.

Reclaim, *v.t.* (રીક્લેમ્) સુધારવું, સમારવું, પાછું માગવું. To reform; to claim back (L. *re*, *clamo* I cry out). [covery.

Reclamation, *v.t.* પાછું લેવું તે. Re-

Recline, *v.t.* (રીક્લાઇન) ટેકવવું; અઢેલવું, આરામ લેવો. To lean back; to repose (L. *clino* I bend).

Recluse, *n.* (રીક્લુઝ) એકાંતવાસી; વાનપ્રસ્થ. One who lives in retirement (L. *claudo* I shut).

Recognition, *n.* } હાજર થવા કરારનામું;
Recognisance „ } મુચલકો; ઓળખ.
Formal avowal; knowledge confessed.

Recognise, *v.t.* (રેકોગ્નાઇઝ) ઓળખવું, જાણવું, પીછાનવું. To know again; to acknowledge (L. *nosco* I know).

Recoil, *v.i.* (રીકોઇલ્) પાછું હટવું-જવું; સરકવું. To fall back; to retreat. *n.* તોપ ફોડ્યાથી જે આંચકો લાગે તે.

Recollect, *v.t.* (રીકલેક્ટ) યાદ-સ્મરણ કરવું; સંભારવું. To call back to the memory (L. *lego* I gather).

Recollection, *n.* (રીકલેક્શન્) યાદ, સ્મરણ, સુરત. Remembrance; reminiscence.

Recommend, *v.t.* (રીકમેન્ડ)તારીફ-ભલામણ કરવી; સલાહ આપવી. To praise to another; to advise (L. *re*, *con*, *mando* I order).

Recommendation, *n.* (રીકમેન્ડેશન્) ભલામણ, તારીફ, સિફારસ. Act of recommending. [રસનું.

Recommendatory, *a.* ભલામણ-સિફા-

Recompense, *n.* (રીકમ્પેન્સ) બદલો, અવેજ. Reward compensation. *v.t.* બદલો વાળવો. To requite.

Reconcile, *v.t.* (રેકન્સાઇલ) સમાધાન-સલાહ કરાવવી; સમજુતી કરાવવી. To restore to friendship or favour; to pacify.

Reconciliation, *n.* સમજુતી, સલાહ. Renewal of friendship.

Recondite, *a.* (રીકોન્ડાઇટ) ગુપ્ત, છાનું, અઘરૂં. Hidden; secret (L. *condo* I put together).

Reconnoitre, *v.t.* (રેકોન્નોઇટર) તપાસવું, જોવું. To survey; to examine.

Record, *n.* (રેકર્ડ) લેખ, પત્ર, દફતર. *v.* નોંધવું; લખી રાખવું, દાખલ કરવું. A register; authentic memorial; *v* to register; to enrol (L. *re*, *cor* heart). [A registrar.

Recorder, *n.* લખી રાખનાર, દફતરદાર.

Recount, *v.t.* (રીકાઉન્ટ) તપસીલવાર-સવિસ્તર કહેવું. To narrate; to recite (L. *puto* I think).

Recoup, *v.t.* (રીકુપ્) ખોટ પૂરી પાડવી; નુકશાન આપવું. To make good.

Recourse, *n.* (રીકોર્સ) આશરો, ઉપાય, ઇલાજ, યુક્તિ. Application as for help; return.

Recover, *v.t.*, *v.i.* (રીકવર્) પાછું મેળવવું; પ્રાપ્ત કરવું; સારૂં-નિરોગી કરવું; ઠેકાણે આણવું; બદલો વાળવો. To regain; to restore; to regain to health (L. *re*, *capio* I take).

Recoverable, *a.* ફરી મળવા સરખું; પ્રાપ્ત થાય તેવું. That may be recovered,

Recovery, *n.* (રીકવરિ) પુનઃપ્રાપ્તિ; આરોગ્ય; આરામ. Act of regaining; restoration.

Recreant, *a.* (રીક્રીયન્ટ) બ્હીકણું; બાયલો, નામર્દ. Cowardly; mean-spirited.

Recreate, *v.t.* (રીક્રયેટ) વિશ્રાંતી આપવી To revive.

Recreation, *n.* (રીક્રીયેશન્) વિસામો, આરામ. Relief from toil.

Recriminate, *v.t.* સામો દોષ મુકવો; આળ ચઢાવવું. To accuse in return.

Recruit, *v.t.,v.i.* (રીક્રુઇટ્) સમારવું-સમરવું; ઠેકાણે લાવવું-આવવું. *n.* નવો સિપાઇ. To repair; to gain health. *n.* a new soldier (L. *re, cresco* I grow).

Rectangle, *n.* (રેક્ટૅન્ગલ્) કાટખુણું; ચોખુણું. A right-angled parallelogram.

Rectification, *n.* (રેક્ટિફિકેશન્) સુધારવું તે. Act of rectifying.

Rectify, *v.t.* (રેક્ટિફાઇ) સુધારવું, દુરસ્ત કરવું. To make right; to adjust; to refine (L. *rectus* right, *facio* I do).

Rectilineal, *a.* } સીધી લીટીનું-વાળું.
Rectilinear, } Straight lined.

Rectitude, *n.* (રેક્ટિટયુડ) સરળપણું; પ્રમાણીકપણું; ખરાપણું. Uprightness; directness (L. *rego* I keep straight).

Rector, *n.* (રેક્ટર્) મુખ્ય અધિકારી-કારભારી; ધર્મોપદેશક. A ruler or governor; a clergyman.

Rectum, *n.* મળાશય, મળનો કોઠો.

Recumbent, *a.* (રીકમ્બન્ટ) અઠીંગેલું; વીસામો લઈ પડેલું. Leaning; reposing (L. *cubo* I lie down).

Recur, *v.i.* (રીકર્) ફરીથી બનવું-થવું; યાદ આવવું; સાંભરવું. To renew back; to have recourse (L. *re, curro* I run).

Recurrence-cy, *n.* ફરીથી બનવું તે; પુનરાગમન.

Recurrent, Recurring, *a.* ફરીથી થનાર-બનનાર. Returning from time to time.

Recusant, *n.* (રેક્યુઝન્ટ) ધર્મ પ્રમાણે નહી ચાલનાર. Non-conformist.

Red, *n.* (રેડ્) રાતો-લાલ રંગ. *a.* લાલ, રાતું; લોહીના રંગ જેવું. A red colour; *a.* of a bright colour; resembling blood,—coat, *n.* સિપાઇ; રાતો ડગલો પેહેરે તે;—handed, *ad.* કરતાંજ, કરતી વેળાએજ,—hot, *a.* તપાવીને લાલચોળ કરેલું;–lead, *n.* સિંદુર,–letter-day, *n.* તહેવાર, સપરમો દહાડો,—tape, *n.* કોઇ હોદ્દાને લગતી રીતિ અતિશય પાળવી તે..

Redden, *v.t., v.i.* (રેડન્) રાતું-લાલ કરવું થવુ. To make or grow red.

Reddish, *a.* (રેડિશ્) લાલાશપર પડતું. Somewhat red,—ness, *n.* રતાશ, લાલી.

Redeem, *v.t.* (રીડીમ્) કબજામાંથી ગયેલું ફરી કબજ કરવું; બચાવવું, છોડવવું; દંડ આપીને પાછું મેળવવું. To buy back; to deliver; to ransom,-er, *n.* છોડવનાર. (L. *re, emo* I buy).

Redemption, *n.* (રીડેમ્પ્શન્) છૂટકો, ઉધ્ધાર, તારણ. Release; deliverance from sin.

Redolence, Redolent, *a.* સુગંધી; બો મારતું. Sweet scent; fragrance.

Redouble, *v.t.* ઘણું વધારે કરવું-થવું; દુપટ-બેવડું કરવું-થવું. To increase by doubling.

Redoubt, *n.* (રીડાઉટ્) બહાર કોટ; છેલ્લો આશ્રમ થાય એવો માંહેનો કીલ્લો. An outwork.

Redoubtable, *a.* ભયંકર; બહાદુર. Valiant.

Redound. *v.i.* (રીડાઉન્ડ) પાછું ગબડવું-આવી પડવું; લોટવું. To conduce; to result.

Redress, *v.t.* (રીડ્રેસ) ઉપાય-ઇલાજ કરવો; દાદ લેવી. To remedy; to amend; to set right. *n.* ઇલાજ, ઉપાય.

Reduce, *v.t.* (રીડયુસ) કમી-હલકું-થોડું કરવું; ઉતારવું; નબળું કરવું; જીતી લેવું. To bring back; to diminish; to degrade; to subdue (L. *re, duco* I lead).

Reductible, *a.* રૂપાંતર થાય એવું. That may be reduced.

Reduction, *n.* (રીડક્શન્) કમી કરવું તે; ક્ષીણ કરવું તે; ભાંજણી. Act of reducing; curtailment.

Redundance, *n* (રીડન્ડન્સ) પુષ્કળપણું; અધિકતા. Superfluity.

Redundant, *a.* ફાલતું; જોઇએ તેથી વધતું; પુષ્કળ. Superfluous. [double.

Reduplicate, *v.t.* દુપટ-બેવડું કરવું. To

Re-echo, *v.t.* (રીએકો) પડઘો પડવો; પાછો અવાજ કરવો-થવો. To echo back.

Reed, *n.* (રીડ્) બરૂ, સરોડું. A plant.

Reef, *n.* (રીફ્) સમુદ્ર માંહેનો ખરાબો. A chain of rocks lying near the surface of the water.

Reek, *n.* ધુમાડો, ધુણી; બાળ, વરાળ. Smoke; vapour; steam. *v.* વરાળ નીકળવી.

Reel, *n.* (રીલ્) ચરખો, ફીરકી. A turning frame on which thread is wound. *v.* ફીરકી ઉપર લપેટવું.

Refer, *v.t.* (રીફર્) સોંપવું, હવાલે કરવું; *v.i.* સંબંધ હોવો, લાગુ પડવું. To assign; to have relation; to have recourse (L. *re, fero* I carry).

Referee, *n.* (રીફરી) ત્રાહિત પુરૂષ; ત્રીજો માણસ.

Reference, *n.* (રેફરન્સ) સબંધ, નિસબત; સુચના. Relation; allusion (કાયદામાં) ત્રાહીત પુરૂષ પાસે નિવેડો કરાવવો તે.

Refine, *v.t.* (રીફાઇન) મેલ કાપવો; સાફ કરવું; સુધારવું; સભ્ય કરવું. To purify; to improve; to polish;—d, *a.* નિર્મળ, સુધરેલું, ચોખ્ખું,—er, *n.* શોધનાર, સુધારનાર.

Refinement, *n.* (રીફાઇનમેન્ટ) સ્વચ્છતા; નિર્મળતા; સભ્યતા. Purity; elegance.

Reflect, *v.t.* (રીફ્લેક્ટ) પ્રતિબીંબ પાડવું; પરાવર્તન કરવું; *v.i.* મનન-ચિંતન કરવું. To bend or throw back; to think on what is past (L. *re, flecto* I bend).

Reflection, *n.* (રીફ્લેક્શન્) પ્રતિબિંબ; ઓળો, પડછાયો; મનન, ચિંતન. The act of throwing back; attentive consideration. [તખ્તી.

Reflector, *n.* સૂર્યની સામે મુકેલી ચકચકિત

Reflexive, *a.* (રીફ્લેક્સિવ) આત્માનુભવનું-થી થયેલું. Having respect to the fact.

Reflux, *n.* (રીફ્લક્સ) ઓટ; ઉતાર. Flowing back (L. *fluo* I flow).

Reform, *n.* (રીફોર્મ) સુધારો; સુધરાઇ, *v.t.* સુધારવું, સુધરવું. Amendment; to amend; to correct,—er, *n.* સુધારનાર. [from worse to better.

Reformation, *n.* સુધારો, સુધરાઇ. Change

Reformatory, *a.* (રીફૉર્મેટરિ) સુધારો થાય તેવું. *n.* ગુન્હેગાર છોકરાંઓને સુધારવાના સાધન કરવાનો મુકામ-ઘર.

Refract, *v.t.* (રીફ્રેક્ટ) વાંકું વાળવું, મરડવું. To break open or up (L. *re, frango* I break).

Refraction, *n.* See Refract.

Refractory, *a.* (રીફ્રેક્ટરિ) હઠીલું; કહ્યું ન માનનાર. Obstinate.

Refrain, *v.i.* (રીફ્રેન્) વેગળું-દુર રહેવું; અટકવું; થોભવું. To hold back; to keep from (L. *re, franum* a bundle).

Refresh, *v.t.* (રીફ્રેશ્) થંડુ-શાંત કરવું; તાજું કરવું; આરામ-વિશ્રાંતી આપવી. To make cool; to renew; to revive.

Refreshment, *n.* (રીફ્રેશમેન્ટ) વિસામો, વિશ્રાંતિ; આરામ; ઉશ્કેરણી; ખોરાક. Act of refreshing; animation; food.

Refuge, *n.* (રેફયુજ) આસરો; આશ્રય; આધાર; ઉપાય. Shelter from danger; an expedient.

Refugee, *n.* સ્વદેશ ત્યાગ કરીને બીજા દેશમાં શરણાગત થવાને રહેલો માણસ.

Refulgence, *n.* (રીફલ્જન્સ) અતિ ઘણો પ્રકાશ ; ચળકાટ ; તેજ, પ્રકાશ. Brightness (L. *fulgeo* I shine).

Refulgent, *a.* તેજસ્વી; ચળકતું.Bright; shining.

Refund, *v.t.* (રીફન્ડ) પાછું આપવું; ભરીવાળી-મજરે આપવું. To repay ; to restore.

Refusal, *n.* (રીફ્યુઝલ્) નકાર, ના, નિષેધ; અસ્વિકાર. Denial ; option.

Refuse, *v.t.* (રીફ્યુઝ) નાપાડવી; ના કેહેવું; ના કબુલ થવું. To deny ; to decline; to reject. *n.* (રેફ્યુઝ) ગાળ્યાથી નીકળેલો કચરો ; કસ્તર. waste matter(L. *fundo* I pour).

Refutation, *n.* (રેફ્યુટેશન્) ખંડન, રદીયો. Disproof.

Refutable, *a.* ખંડન કરી-રદીયો આપી-[શકાય એવું.

Refute, *v.t.* (રીફ્યુટ) ખંડન કરવું; રદીયો આપવો. To prove to be false ; to confute (L. *re, futis* pitcher).

Regain, *v.t.* (રીગેન્) પાછું મેળવવું-પામવું. To gain anew.

Regal, *a.* (રીગલ્) રાજ્ય સંબંધી ; રાજકીય. Pertaining to a king,—ia, *n. pl.* રાજ્ય ચિન્હો, લક્ષણો. (L. *rex*, king).

Regale, *v.t.* (રીગેલ) ખુશ-સંતુષ્ટ કરવું. [To gratify.

Regard, *n.* (રીગાર્ડ) દરકાર, પરવા, તમા ; ખાતર, માન, ભારબોજ. Attention; respect; note. *v.* જોવું, નીહાળવું; દરકાર રાખવી; ગણકારવું, માનવું. To observe ; to esteem ; to attend to ; to value,—ing, *pre.* વીષે, સંબંધી.

Regardful, *a.* ધ્યાન આપનાર, કાળજી રાખનાર. Attentive.

Regardless, *a.* બેપરવા; બેફીકરો. Heedless ; negligent.

Ragatta, *n.* (રીગેટા) નૌકા ક્રિડા. A boat-[race.

Regency, *n.* (રીજન્સિ) રાજ પ્રતિનિધિનો અધિકાર-અમલ. Government by a regent.

Regenerate, *v.i.* (રીજેનરેટ) ફરીથી જન્મ આપવો ; પેદા કરવું. To produce anew ; *a.* પુનર્જન્મ પામેલું.

Regeneration, *n.* નવો જન્મ ; નવી પેદાશ. New birth.

Regent, *n.* (રીજન્ટ) અધિકારી ; હાકેમ ; રાજ પ્રતિનિધિ. A governor ; a vicarious ruler (L. *rego* I rule),

Regicide, *n.* (રેજીસાઇડ) રાજ હત્યા કરનાર; રાજ હત્યા-વધ. The murderer or murder of a king (L. *rex* king, *cœdo* I kill).

Regime, *n.* (રેઝીમ) રાજ્ય, અમલ. Go-[vernment.

Regimen, *n.* (રેજીમેન્) કરી, પરેહજી, પથ્ય, Regulation of diet.

Regiment, *n.* (રેજીમેન્ટ) ફોજની ટુકડી ; પલટણ ; રીજમીટ. A body of soldiers,—al, *a.* પલટણનું.

Region, *n.* (રીજ્યન્) પ્રદેશ, મુલક, દેશ ; શરીરનો ભાગ. A tract of land; country; part of a body. (L.*rego*)

Register, *n.* (રેજીસ્ટર્) લેખ, નોંધ, પટ ; દફતર ; ટીપ. *v.t.* નોંધવું, દાખલ કરવું. An account regularly kept ; a list ; a record ; to record ; to enrol (L. *re, gero* I carry).

Registrar, *u.* (રેજીસ્ટ્રાર્) લખી-નોંધી રાખનાર ; દફતરદાર. An officer who writes and keeps records.

Registration, *n.* } દફતરમાં નોંધી રાખવું
Registery, „ } તે. Act of inserting in a register.

Regret, *n.* (રીગ્રેટ્) દલગીરી ; પશ્ચાતાપ. Grief ; remorse. *v.t.* દલગીર ; થવું ; પસ્તાવો કરવો. To grieve ; to repent.

Regular, *a.* (રેગ્યુલર્) કાયદાસર ; યથાશાસ્ત્ર ; નીયમી. Agreeable to rule;

methodical; orderly;—ly; *ad.* કાયદાસર, નિયમ પ્રમાણે. (L. *rego* I rule).

Regularity, *n.* (રેગ્યુલૅરિટિ) કાયદાસરપણું; રીત, પદ્ધતિ; વ્યવસ્થા. Conformity to rule; method.

Regulate, *v.t.* (રેગ્યુલેટ) નીયમસર ચલાવવું; બંદોબસ્ત કરવો. To adjust by rule; to direct.

Regulation, *n.* કાયદો, કાનુન, ધારો. A rule prescribed; a method.

Rehearse, *n.* } મ્હોડે કહી સંભળાવવું;
Rehearsal, „ } ઉલ્લેખ; કથન. Repetition; recital.

Reign, *v.i.* (રેન્) રાજ્ય કરવું; ગાદીએ બેસવું. To rule as a king. *n.* રાજ્ય, અમલ, કારકીર્દી. Kingdom; power; prevalence (L. *rego* I rule).

Reimburse, *v.t.* (રીઇમ્બર્સ) વાળી આપવું; પાછું ભરી દેવું. To repay or refund; to repair loss or expense;—ment, *n.* પાછું ભરી આપવું તે.

Rein, *n.* (રેન્) લગામ-ની દોરી; અછોડો. The strap of a bridle. *v.t.* લગામ વડે દાબમાં રાખવું. To restrain.

Reindeer, *n.* (રેન્ડીયર્) એક જાતનું હરણ. A deer of the northern regions.

Reins, *n., p.* મૂત્ર પિંડ; ગુર્દે. The kidneys.

Reinstate, *v.t.* (રીઇન્સ્ટેટ) ફરી નીમવું-ઠેરવવું. To place again in a former state.

Reiterate, *v.t.* (રીઇટરેટ) વારંવાર બોલ્યાં કરવું. To repeat again and again (L; *itero* another).

Reject, *v.t.* (રીજેક્ટ) રદ-નાપસંદ કરવું; તજવું, ત્યાગ કરવો; ના પાડવી. To throw away; to forsake; to refuse (L. *re, jacio* I throw).

Rejection, *n.* (રીજેક્શન્) રદ-નાપસંદ કરવું તે; ત્યાગ કરવો તે. Act of rejecting; refusal.

Rejoice, *v.t., v.i.* (રીજૉઇસ) ખુશ કરવું, ખુશ થવું; હરખાઇ જવું. To be joyful; to exult (L. *gaudeo* I rejoice).

Rejoicing, *n.* આનંદ, હર્ષ. Joy.

Rejoin, *v.t.* (રીજોઇન્) ફરીથી જોડવું; જવાબ આપવો. To join again; to answer,—der, *n.* પ્રત્યુત્તર.

Relapse, *n., v.i.* (રીલૅપ્સ) પાછું પડવું; હઠી જવું; પાછું પડવું તે. To fall back; to return to a foamer state.

Relate, *v.t., v.i.* (રીલેટ) કહેવું; બ્યાન કરવું; વર્ણન કરવું. *v.i.* લાગું થવું, સંબંધ હોવો. To tell; to narrate; to recite; to have connection or reference (L. *re, latus* carried).

Relating, *a.* સંબંધનું, સંબંધી. Concerning.

Relation, *n.* (રીલેશન્) કહેવું-બ્યાન કરવું તે; કથન, વર્ણન; સંબંધ, સગપણ, નિસ્બત; સગાઇ; સરખાપણું-મુકાબલો. Narration; reference; connection; affinity; conformity. *n. pl.* સગાંવ્હાલાં.—ship, *n.* સગપણ, સંબંધ.

Relative, *a.* (રેલેટિવ) લાગતું વળગતું, સંબંધી, વિષેનું. *n.* સગું, કુટુંબી. Having relation; not absolute; *n.* a person related.

Relax, *v.t.* (રીલૅક્સ) ઢીલું પાડવું; નરમ રાખવું, વિસામો-આરામ આપવો. To slacken; to abate; to lessen; (L. *laxo* I loosen).

Relaxatiou, *n.* (રીલૅક્સેશન્) વિસામો, ફુરસદ, વિશ્રાંતી. Abatement of rigour.

Relay, *n.* (રીલે) ડાકનો ટપ્પો-ચોકી. A supply of horses kept in readiness to relieve others (L. *ligo* I bind).

Release, *v.t.* (રીલીઝ) છુટકો કરવો ; છોડાવવું ; મોકળું કરવું. *n.* છૂટકો, છૂટકારો ; મુક્તિ, ફારગતી. To loosen ; to set fire ; to discharge ; *n.* a setting fire ; acquittance , relinquishment of some claim (L. *laxus* loose).

Relegate, *v.t.* નાંખી દેવું ; દેશનિકાલ કરવો. To consign ; to banish.

Relent, *v.i.* (રીલેન્ટ) દયા આવવી-ઉપજવી. મન પીગળવું. To soften ; to become more mild (L. *lentus* soft).

Relentless, *a.* કઠોર, નિર્દય. Unmoved by pity.

Relevancy, *n.* (રેલેવન્સિ) લાગુ પડવું તે. State of being relevant.

Relevant, *a.* (રેલેવન્ટ) પ્રસંગે ઘટતું ; લાગુ પડવા જોગ. Applicable ; pertinent (L. *re*, *levis* light).

Reliable, *a.* (રીલાયેબલ્) વિશ્વાસ-ભરોંસો કરવા જોગ. Worthy of reliance.

Reliance, *n.* (રીલાયન્સ) ભરોંસો, ઇતબાર. Trust, confidence.

Relic, *n.* (રેલિક) શેષ, સિલક, બાકી. That which is left after the decay or loss of the rest. *n. pl.* મડદું, પ્રેત. (L. *re*, *linquo* I leave).

Relict, *n.* (રેલિક્ટ) વિધવા, રંડાયલી સ્ત્રી. A widow.

Relief, *n.* (રીલીફ્) આરામ, શાંતી ; કળ વળવી તે ; દુઃખમાં ઘટાડો થવો તે ; સમાધાન ; બદલી ; મદદ, ઇનસાફ. Removal of pain ; succour ; redress (L. *re*, *levis* light).

Relieve, *v.t.* (રીલીવ) આરામ કરવો ; મુક્ત કરવું ; મદદ કરવી ; ઘટાડવું, સમાવવું. To ease ; to alleviate ; to succour ; to assist.

Religion, *n.* (રીલિજીયન્) ધર્મ, પંથ, દીન, દીન, મજહબ. Duty to God ; piety ; –ist ; *n.* ધર્મમાં સ્વમતાભિમાની પુરૂષ. (L. *re*, *ligo* I bind).

Religious, *a.* (રીલિજીયસ્) ધર્મ સંબંધી-ને લગતું ; ધર્મી. Pertaining to religion ; pious.

Relinquish, *v.t.* (રીલિન્ક્વિશ્) છોડીદેવું ; ત્યાગ કરવો. To forsake ; to give up (L. *linquo* I leave).

Relinquishment, *n.* ત્યાગ, વર્જન. Abandonment.

Relish, *n.* (રેલિશ્) સ્વાદ, રૂચી, મજા ; ભાવ ; પ્રસન્નતા. *v.* સ્વાદદાર કરવું–થવું ; લેહેજત આણવી. A pleasing taste ; liking ; saviour ; delight ; to lick anew ; to have the taste.

Reluctance, *n*, (રીલક્ટન્સ) નાખુસી, આનાકાની ; ગેરમરજી. Unwillingness. (L. *re*, *luctor* I struggle).

Reluctant, *a.* (રીલક્ટન્ટ) નાખુશ, નારાજી. Unwilling ; struggling against ; ly, *ad.* નાખુશીથી.

Relume, *v.t.* (રીલ્યુમ) ફરીથી સળગાવવું, ચેતવવું. To light again.

Rely, *v.t.* (રીલાઇ) ભરોંસો રાખવો ; વિશ્વાસ-પતિજ કરવી. To trust ; to depend ; to confide.

Remain, *v.i.* (રીમેન્) રહેવું ; બાકી-સીલક રહેવું ; વધવું ; મુકામ કરવો ; બાકી રહેવું. To continue ; to endure ; to be left. *n. pl.* મડદું, પ્રેત. (L. *maneo* I stay).

Remainder, *n.* (રીમેન્ડર્) બાકી, શેષ, સિલક. (ગણિતમાં) બાદબાકી. What is left ; residue.

Remand, *v.t.* (રીમૅન્ડ) ફરીથી તપાસ થવાને પાછું મોકલવું. To send back (L, *mando* I order).

Remark, *v.i.* (રીમાર્ક) ધ્યાન દઇને જોવું ; અવલોકન કરવું ; ટીકા કરવી. *n.* અવલોકન, નજર ; શેરો, ટીકા. To observe ; to notice ; *n.* observation ; annotation.

Remarkable, *a.* (રીમાર્કેબલ) ધ્યાનમાં

રાખવા જોગ; નામાંકિત; પ્રસિદ્ધ. Worthy of notice; eminent.

Remarriage, *n.* પુનર્લગ્ન ; નાતરૂં. Marriage again.

Remedial, *a.* (રેમીડિયલ્) ઉપાય-ઇલાજ કરવા વિષેનું. Affording a remedy.

Remedy, *n.* (રેમીડિ) ઉપાય, ઔષધ, ઓસડ. *v.* ઉપાય-ઇલાજ કરવો. A cure; a medicine; reparation; to cure.

Remember, *v.t.* (રીમેમ્બર્) યાદ-સ્મરણ કરવું ; સંભારવું ; સાંભરવું ; યાદ રાખવું. To call to the memory; to recollect; to keep in mind (L. *re*, *memor* mindful).

Remembrance, *n* (રીમેમ્બ્રન્સ) યાદ હોવું તે ; સ્મરણ ; યાદગીરી. Retention in the memory; memorial,–er, સ્મરણ કરાવનાર ; યાદ દેવડાવનાર. A recorder.

Remind, *v.t.* (રીમાઇન્ડ) યાદ દેવડાવવું ; સંભારી આપવું. To put in mind; to bring to notice,–er, *n.* યાદ દેવડાવનાર.

Reminiscence, *n.* (રીમિનિસન્સ) યાદગીરી ; સ્મરણ. Remembrance.

Remiss, *a.* (રીમિસ્) સુસ્ત ; થંડુ ; ગાફીલ. Slack; negligent (L. *mitto* I send).

Remission, *n.* ઘટાડો, માફી, ક્ષમા.

Remit, *v.t.* (રીમિટ્) નરમ પાડવું ; છોડી દેવું; સોંપવું, હવાલે કરવું ; પૈસા મોકલવા ; અવેજ વાળવો ; મંદ થવું. To relax; to resign; to forgive; to transmit; to abate (L. *mitto* I send).

Remittance, *n.* (રીમિટન્સ) મોકલેલા પૈસા. Money sent to a distance.

Remnant, *n.* (રેમ્નન્ટ) બાકી, શેષ. That which is left (L. *maneo* I remain).

Remonstrance, *n.* (રીમૉન્સ્ટ્રન્સ) શિખામણ દેવાની મતલબે તકરાર-જવાબ સવાલ; વારવું ; દલીલ ; ઠપકો. Act of remonstrating; expostulatory advice; reproof (L. *re*, *monstro* I show).

Remonstrate, *v.t.* (રીમૉન્સ્ટ્રેટ) દલીલ દેખાડવી ; વારવું; સમજાવવું. To show clearly; to expostulate.

Remorse, *n.* (રીમૉર્સ) પસ્તાવો, ખેદ, પશ્ચાતાપ ; અફસોસ. Pain of guilt; pity (L. *re*, *mordeo* I bite).

Remorseless, *a.* નિર્દય, ક્રૂર. Cruel; savage.

Remote, *a.* (રીમોટ) દૂરનું, આઘેનું, છેટેનું, પૂર્વેનું. Far; not near; distant in place or time (L. *moveo* I move).

Remount, *v.t.* ફરીથી સ્વારી કરવી. To mount again.

Removeable, *a.* ખશેડી શકાય એવું. That may be removed.

Removal, *n.* (રીમુવલ્) જગો બદલવી તે; સ્થલાંતર ; કાઢી મુકવું તે ; સારૂં થવું–ફેર પડવો ; નિવારણ. Act of removing.

Remove, *v.t.* (રીમુવ) ખસેડવું; દૂર કરવું; સ્થલાંતર કરવું ; છોડાવવું ; કાઢી મુકવું. To put from its place; to change place (L. *moveo* I move).

Remunerate, *v.t.* (રીમ્યુનરેટ) બદલો-અવેજ આપવો–વાળવો ; મેહેનતનું ફળ દેવું. To recompense; to reward for service (L. *re*, *munus* a gift).

Remuneration, *n.* બદલો, બક્ષીસ, ફળ. Reward; recompense.

Remunerative, *a.* બદલો આપે એવું ; ફીફાયત પડે એવું. That bestows rewards.

Rencounter, *n.* સામાસામી ભેટ–મારામારી. A casual combat.

Rend, *v.t.* (રેન્ડ) ફાડવું, ચીરવું, તોડવું. To seperate; to lacerate; to tear.

Render, *v.t.* (રેન્ડર્) પાછું આપવું–દેવું; અદા કરવું ; કરવું, બનાવવું ; ભાષાંતર-તરજુમો કરવો. To give back; to return; to restore; to translate (L. *re*, *do* I give).

Rendering, *n.* તરજુમો, ભાષાંતર. Translation.

Rendezvous, *n.* (રેન્ડેવુ-રેન્ડીવઝ્) જ્યાં લશ્કર એકઠાં થવાનો હુકમ હોય તે ઠેકાણું; છાવણી. A place of meeting.

Renegade-do, *n.* (રેનીગેડ-ડો) સ્વધર્મ-પક્ષ છોડનાર ; લૂચ્ચું માણસ. An apostate; a vagabond (L. *nego* I deny).

Renew, *v.t.* (રીન્યુ) નવું-તાજું કરવું ; સમારવું ; ફરીથી બાંધવું. To renovate ; to repair; to revive; to re-establish. [કરાય તેવું.

Renewable, *a.* નવું થઇ શકે તેવું ; નવું

Renewal, *n.* (રીન્યુઅલ્) નવીકરણ ; જીર્ણોધ્ધાર. The act of renewing.

Renounce, *v.t.* (રીનાઉન્સ) છોડી-મુકી દેવું ; ના પાડવી, ત્યાગ કરવો ; રદ કરવું ; ન માનવું. To disown; to forsake; to decline ; to deny (L. *re, nuncio* I make known).

Renovate, *v.* See Renew.

Renown, *n.* (રીનાઉન્) નામ, કિર્તી ; પ્રસિદ્ધી; યશ. Fame ; celebrity (L. *re, nomen* name).

Renowned, *a.* નામાંકિત, કિરતિમાન. Famous ; celebrated.

Rent, *n.* (રેન્ટ) ભાડું, કિરાયું ; ગણોત, સાંથ; ફાટ, ચિર ; *v.* ભાડે-ગણોતે આપવું. *a.* ફાટેલું, ચીરાયેલું. Money paid for any thing held of another ; a break ; a fissure ; a tear. *v.* to hold by rent ; *a.* torn.

Renunciation, *n.* (રીનન્સિએશન્) છોડી મુકવું તે ; ત્યાગ; નકાર. Abjuration, *n.* abandonment.

Repair, *v.t.* (રીપેર) સુધારવું, સમારવું ; સમરાવવું ; દુરસ્ત કરવું ; ટોટો ભરી આપવો ; *v.i.* જવું, આવવું, આવજા કરવી. To restore ; to mend ; to rebuild ; to redress ; *v.i.* to go to; to resort. *n.* મરામત. (L. *re, paro* I prepare).

Reparable, *a.* સમરાવવા-દુરસ્ત કરવાજોગ. That may be repaired.

Reparation, *n.* (રીપેરેશન્) અવેજ, બદલો. Amends ; supply of what is lost.

Repartee, *n.* (રીપાર્ટી) હાજર જવાબ; સમયોચિત ઉત્તર. A smart, ready and witty reply.

Repast, *n.* (રીપાસ્ટ) ભોજન ; જમણ; ખોરાક. A meal ; victuals (L. *re, pasco* I feed).

Repay, *v.t.* (રીપે) પાછું આપવું, ફેડવું ; બદલો વાળવો. To pay back ; to reimburse ; to compensate,-ment, પાછું આપેલું-ભરી દીધેલું તે.

Repeal, *v.t.* (રીપીલ્) રદ-બાતલ કરવું ; તોડવું. To revoke ; to abrogate (L. *appello* I call upon).

Repealer, *n.* રદ કરવાને માટે તકરાર લેનાર. One who repeals.

Repeat, *v.t.* (રીપીટ્) ફરીથી બોલવું ; પાઠ ભણી જવો ; ગોખવું. To recite ; to rehearse ; to quote from memory (L. *re, peto* I seek).

Repeatedly, *ad.* વારંવાર, વારેઘડીએ, ઉપરાઉપરી. Again and again ; indefinitely.

Repel, *v.t.* (રીપેલ્) હઠાવવું ; પાછું કહાડવું ; હાંકી કહાડવું. To drive back ; to repulse ; to withstand (L. *re, pello* I drive). [repel.

Repellent, *a.* પાછું હઠાવનાર. Able to

Repent, *v.t.* (રીપેન્ટ) પસ્તાવો કરવો ; દલગીર થવું, પસ્તાવું. To feel sorrow; to feel pain for something done or spoken (L. *re, pœna* punishment).

Repentance, *n.* (રીપેન્ટન્સ) પશ્ચાતાપ ; પસ્તાવો. Penitence ; sorrow for sin.

Repentant, *a.* પશ્ચાતાપી ; દલગીર. Penitent.

Repertory, *n.* (રેપર્ટરિ) કોઠાર, ભંડાર, વખાર. A repository; a magazine; a treasury.

Repetition, *n.* (રીપીટિશન્) પુનરાવૃત્તિ ; પાઠ બોલવો તે. Act of repeating; reiteration.

Repine, *v.i.* (રીપાઇન) ખીજ્યા કરવું; ચિન્ત્યા કરવું ; મનમાં બળવું ; રીશે ભરાવું. To fret ; to murmur; to envy.

Replace, *v.t.* (રીપ્લેસ) ફરીથી પોતીકી જગ્યાએ મુકવું ; બદલે મુકવું ; પાછું મેળવવું; ભરી આપવું To put in the former place ; to repay ; to refund.

Replenish, *v.t.* (રીપ્લેનિશ્) ભરપૂર કરવું; ફરીથી તાજું કરવું. To complete ; to recover fulness (L. *re*, *pleo* I fill). [completely filled.

Replete, *a.* (રીપ્લીટ) ભરેલું, પૂર્ણ. Full;

Repletion, *n.* (રીપ્લેશન્) ભરપૂર હોવું તે; પૂર્ણતા. The state of being full.

Replication, *n.* જવાબ, પ્રત્યુત્તર. Reply; rejoinder.

Reply, *n.* (રીપ્લાઇ) જવાબ, ઉત્તર, પ્રત્યુત્તર. *v.t.* જવાબ-ઉત્તર દેવો-વાળવો. An answer; to answer; to make a return (L. *plico* I flood).

Report, *v.t.* (રીપોર્ટ) હકીકત કહેવી-લખવી ; રીપોર્ટ કરવો ; ખબર કરવી. *n.* હકીકત, ખબર ; અફવા, ગપ ; રીપોર્ટ; અવાજ; શબ્દ. To relate; to circulate publicly ;*n.* an account returned; a rumour ; sound (L. *porto* I carry).

Reporter, *n.* (રીપોર્ટર્) ખબર આપનાર ; સમાચાર કહેનાર. One who reports.

Repose, *v.t.* (રીપોઝ) મુકવું; આરામ લેવો; ભરોસો રાખવો. *n.* આરામ, ચેહેન ; વિશ્રાંતી. To lay to rest ; to be at rest ; to place (L. *pono* I place).

Repository, *n.* (રીપોઝિટરિ) વખાર ; કોઠાર, ભંડાર. A place where things are laid up.

Reprehend, *v.t.* (રીપ્રીહેન્ડ) ખીજવું; ઠપકો દેવો. To chide ; to blame ; to censure (L. *pre*, *hendo* I take).

Reprehensible, *a.* ઠપકા લાયક ; દોષ મુકવા જોગ. Blamable ; culpable.

Reprehension, *n.* ઠપકો દેવો તે. Reproof ; censure.

Represent, *v.t.* (રીપ્રીઝેન્ટ) દેખાડવું ; બતાવવું ; વર્ણન ખ્યાન કરવું ; કહેવું, જણાવવું ; વેષ લેવો ; પ્રતિનિધિ-વતિનું કરવું. To exhibit; to describe; to show; to act for another (L. *re*, *pre*, *sum* to be).

Representation, *n.* (રીપ્રીઝેન્ટેશન્) દેખાડવું તે ; વર્ણન ; પ્રદર્શન ; અરજ, વિનંતી, પ્રતિમા, ચિત્ર. Description; exhibition ; image.

Representative, *n.* વકિલ, પ્રતિનિધિ. One who exercises power given by another.

Repress, *v.t.* (રીપ્રેસ્) દાબવું, દબાવવું; બેસાડી દેવું; સમાવવું. To crush ; to press ; to check ; to appease- ive, *a.* ધાકમાં રાખે-દબાવે એવું. (L. *re*, *premo* I press).

Reprieve, *v.t.* (રીપ્રીવ) ફાંસી દેવાની શિક્ષાનો હુકમ મૂલત્વી રાખવો. To respite after sentence of death ; *n.* દેહાંત શિક્ષા થોડીવાર મૂલતવી રાખવી તે. (L. *re*, *prehendo* I take).

Reprimand, *n.* (રીપ્રીમેન્ડ) ધમકી, ઠપકો. Reproof ; reprehension, *v.t.* ઠપકો -ધમકી દેવી. (L. *premo* I press).

Reprint, *v.t.* ફરીથી છાપવું To print again. *n.* ચોપડીની નવી આવૃત્તિ.

Reprisal, *n.* (રીપ્રાઇઝલ્) વેર વાળવું તે ; બદલો લેવો. Retaliation.

Reproach, *n.* (રીપ્રોચ) ઠપકો, નિંદા, બે

સરમી ; બદનામી, અપવાદ. Censure ; infamy ; shame. *v.t.* ઠપકો દેવો. To upbraid (L. *re, prope* near).

Reproachful, ઠપકાવાળું ; નિંદા ભરેલું બદનામી. Sshameful ; disgraceful.

Reprobate, *a.* (રેપ્રોબેટ) વઢી ગયેલું ; બેહેકી ગયેલું. Condemned ; abandoned to wickedness. *v.* ખોટું માનવું ; નાપસંદ કરવું.

Reprobation, *n.* પાપમાં મુકી દેવું તે ; નાપસંદ કરવું તે. Rejection.

Reproduce, *v.t.* નવું પેદા કરવું ; નિપજાવવું. To renew the production of.

Reproof, *n.* (રીપ્રુફ્) મ્હો ઉપર ઠપકો દેવો તે ; બોલ. Rebuke ; reprimand (L. *probo* I prove).

Reprove, *v.t.* (રીપ્રુવ) ધમકાવવું ; ઠપકો દેવો. To chide ; to censure.

Reptile, *n. a.*, (રેપ્ટાઇલ) પેટ ઘસડીને ચાલનારૂં ; ઘણા નાના પગે ચાલતું. An animal that creeps.

Republic, *n.* (રીપબ્લિક્) પ્રજાસત્તાક રાજ્ય. A commonwealth.

Republican, *a.* પ્રજાસત્તાક રાજ્યનું-સંબંધી. Pertaining to a republic.

Repudiate, *v.t.* (રેપ્યુડિયેટ) હાથ ઉઠાવવો ; છોડી દેવું ; છૂટા છેડા કરવા ; તલાક આપવો. To divorce ; to put away ; to reject (L. *re, pudeo* to be ashamed).

Repugnonce, *n.* (રીપગ્નન્સ) નાખુશી ; આનાકાની ; વિરોધ. Opposition ; unwillingness ; contrariety (L. *pugno* I fight).

Repugnant, *a.* વિરૂદ્ધ, ઉલટું, પ્રતિકુળ. Contrary ; inconsistent.

Repulse, *n.* (રીપલ્સ) સામો અટકાવ ; પાછું હઠાવવું તે. Refusal ; denial. *v.t.* પાછું હઠાવવું ; હરાવવું. To repel to drive (L. *re, pello* I drive).

Repulsion, *n.* See Repulse.

Reputable, *a.* (રેપ્યુટેબ્લ્) આબરૂદાર ; પ્રતિષ્ઠિત. Respectable, esteemable.

Reputation, *n.* (રેપ્યુટેશન્) આબરૂ, પ્રતિષ્ઠા, કિર્તિ. Reckoning ; good name ; honour ; fame (L. *puto* I reckon.

Repute, See Reputation.

Request, *n.* (રીક્વેસ્ટ) વિનંતી ; અર્જ ; અપેક્ષા ; માગણી. *v.* વિનંતી કરવી ; માગવું, અરજ કરવી. Need ; entreaty ; prayer ; *v.* to ask for ; to solicit ; to beseech (L. *re, quœro* I seek).

Require, *v.t.* (રીક્વાયર) સત્તાથી કહેવું ; જરૂર પાડવી-હોવી ; માગવું. To ask as a right ; to demand ; to claim ; to need (L. *re, quœro* I seek).

Requirement, *n.* (રીક્વાયરમેન્ટ) જરૂરીયાત, ગરજ, માગણી. That which is required ; demand ; claim.

Requisite, *a., n.* (રેક્વિઝિટ) જરૂરનું-અગત્યનું-વસ્તુ. Necessary ; essential.

Requisition, *n.* (રીક્વિઝિશન્) માગણી, ઇચ્છા ; અરજી. Demand ; application. [Reward ; recompense.

Requital, *n.* (રીક્વાઇટલ્) અવેજ, બદલો.

Requite, *v.t.* (રીક્વાઇટ) અવેજ-બદલો આપવો. To recompense.

Rescind, *v.t.* (રીસાઇન્ડ) રદ-બાતલ-મોકુફ કરવું. To render null or void. (L. *scindo* I cut).

Rescript, *n.* (રીસ્ક્રિપ્ટ) રાજાજ્ઞા ; બાદશાહી હુકમ. An edict of an emperor (L. (L. *scribo* I write).

Rescue, *v.t.* (રેસ્કયુ) છોડવવું, બચાવ કરવો. To deliver from danger, *n.* છુટકો, મુક્તિ, બચાવ. Release (L. *re, quatio* I shake).

Research, *n.* (રીસર્ચ) શોધ, તલાસ, ખોળ. Inquiry ; scrutiny.

Resemblance, *n.* (રીઝેમ્બ્લન્સ) સરખામળતાપણું; પ્રતિમા, પ્રતિરૂપ. Likeness; similitude.

Resemble, *v.t.* (રીઝેમ્બ્લ્) સરખું હોવું; મળતું આવવું ; સરખાવવું. To be like; to compare (L. *similis* like).

Resent, *v.t.* બુરૂં માનવું ; માઠું લાગવું. To take ill.—ful, *a.* ચિડિયું, તામસી.

Resentment, *n.* (રીઝેન્ટમેન્ટ) ગુસ્સો, ક્રોધ. રીસ. Anger ; rage (L. *sentio* I feel).

Reservation, *n.* (રીઝર્વેશન્) રાખી મુકેલી ચીજ. Something which held શરતવાળું વાક્ય. Proviso.

Reserve, *v.t.* (રીઝર્વ) રાખી મુકવું; રાખવું. To keep in store ; to retain. *n.* અનામત ; રાખી મુકેલી ચીજ ; લાજ, પડદો, સંકોચ. A store kept untouched ; modesty (L. *servo* I keep).

Reservoir, *n.* (રેઝર્વોયર્) હોજ, તળાવ, કુંડ. A cistern ; a place where any thing is kept in store.

Reside, *v.i.* (રીઝાઇડ) રહેવું, વસવું. To dwell (L. *re, sideo* I sit).

Residence, *n.* (રેસિડન્સ) મકાન, ઘર, વસ્તી. Abode ; dwelling. [રસીડન્સી.

Residency, *n.* રેસીડન્ટને રહેવાની હવેલી ;

Resident, *a.* (રેસિડન્ટ) રહેનાર, વસનાર. One who resides, *n.* પારકા દેશની દરબારમાં સરકાર તરફથી રાખેલો માણસ.

Residuary, *a.* (રેસિડયુઅરિ) બાકી રહેલું, બાકી રહેલાનો વારસ. Entitled to the residue. [is left.

Residue, *n.* બાકી, સીલક. That which

Resign, *v.t.* (રીઝાઇન) છોડવું, ત્યાગ કરવો, રાજીનામું આપવું ; સોંપવું. To give up; to yield ; to surrender (L. *signum* a mark).

Resignation, *n.* (રેસિગ્નેશન્) ત્યાગ, રાજીનામું. Act of resigning ; submission.

Resin, *n.* (રેઝિન્) રાળ. The gum of certain trees.—ous, *a.* રાળવાળું.

Resist, *v.t.* (રીઝિસ્ટ) સામે થવું, અટકાવ કરવો. To withstand (L. *re, sisto* I stand).

Resistance, *n.* (રીઝિસ્ટન્સ) અટકાવ, સામેથવું તે. Opposition.

Resistless, *a.* અટકાવી ન શકાય તેવું. That cannot be resisted.

Resolute, *a.* (રેઝોલ્યુટ) અચળ, ડગે નહીં તેવું, દ્રઢતા દશીક. Determined; firm; steady (L. *re, solvo* I loose).

Resolution, *n.* (રેઝોલ્યુશન્) ઠરાવ, નિશ્ચય; અચળપણું; મનસુબો; સંકલ્પ. Fixed determination ; firmness.

Resolvable, *n.* જેનું મૂળ તત્વ શોધન થાય એવું ; કુડકો થઇ શકે એવું. That may be resolved.

Resolve, *v.t.* (રીઝોલ્વ) મનસુબો કરવો ; ખુલાશો કરવો . મૂળતત્વ જુદાં પાડવાં ; નિશ્ચય,-ઠરાવ કરવો. To analyse ; to clear doubt ; to determine (L. *re, solvo* I loose). [ing back.

Resonant, *a.* પ્રતિ શબ્દ કરતું. Echo-

Resort, *v.i.* (રીઝોર્ટ) આશરો કરી રહેવું ; જવું આવવું. To have recourse ; to betake (L. *re, sors* a lot).

Resound, *a.t., v.i.* (રીઝાઉન્ડ) ગાજી ઉઠવું; અવાજ થવો; પડઘો થવો. To echo; to sound back (L. *sono* I sound).

Resource, *n.* (રીસોર્સ) ઉપાય, ઇલાજ, યુક્તિ. A new source; contrivance; device. *n. pl.* પુંજી, સંપત્તિ. Pecuniary means.

Respect, *v.t.* (રીસ્પેક્ટ) દરકાર રાખવી ; જોવું ; ગણવું; માન આપવું ; લાગું હોવું. *n.* ધ્યાન, લક્ષ ; આબરૂ ; માન ; સન્માન ; બાબત, પ્રકરણ. To regard ; to esteem ; to relate to ; to regard ; *n.* deference ; consideration (L. *specio* I look).

Respectability, *n.* (રીસ્પેક્ટેબિલિટિ) આબરૂ, ઇજ્જત, યોગ્યતા. State or quality of being respectable.

Respectable, *a.* રીસ્પેક્ટેબ્લ્) આબરૂદાર, પ્રતિષ્ઠિત. Worthy of respect ; reputable.

Respectful, *a.* આબરૂવાળું, મર્યાદશીલ. Courteous ; complaisant.

Respecting, *prep.* વિશે, બાબે. Regarding.

Respective, *a.* (રીસ્પેક્ટિવ) પોતપોતીકું ; જેનું તેનું. Belonging to each,-ly, *ad.* જેનું તેનું ; યથા ક્રમ.

Respiration, *n.* (રેસ્પિરેશન્) શ્વાસોશ્વાસ; દમ લેવો તે. Act of respiring.

Respire, *v.t.* (રીસ્પાયર) શ્વાસ-દમ-લેવો-કહાડવો. To breathe (L. *re, spiro* I breathe).

Respite, *n.* (રીસ્પાઇટ) મૂદતનો વિસામો-આરામ-છુટકારો. (કાયદામાં) દેહાંત શિક્ષા મુલતવી રાખવી. Pause ; delay ; suspension. *v.* મુલતવી રાખવું.

Resplendent, *a.* (રીસ્પ્લેન્ડન્ટ) ચકચકિત ; તેજસ્વી. Bright; shining (L.*splendeo* I shine).

Respond, *v.i.*(રીસ્પૉન્ડ) જવાબ દેવો-વાળવો ; મળતું આવવું. To answer ; to correspond (L. *spondeo* I promise).

Respondent, *n.* (રીસ્પૉન્ડન્ટ) પ્રતિવાદી.

Response, *n.* જવાબ, ઉત્તર. An answer.

Responsibility, *n.* (રીસ્પૉન્સિબિલિટિ) જવાબદારી ; જુમ્મો ; જોખમ. The being responsible.

Responsible, *a.* (રીસ્પૉન્સિબલ્) જવાદાર ; જુમ્મેદાર. Answerable ; liable to account.

Rest, *n.* (રેસ્ટ) આરામ ; ચેહેન ; ઉંઘ ; મોત, બાકી રહેલું તે. Quiet ; repose ; ease ; sleep; death; the remainder. *v.* ટેકો દેવો ; અઢીંગાવું ; સુવું ; આરામ લેવો ; રહેવું. To lean ; to repose ; to sleep.

Restitution, *n.* (રેસ્ટિટયુશન્) પાછું આપવું તે ; નુકશાન ભરી આપવું તે. Act of giving an equivalent for loss; compensation (L. *re, statuo* I put).

Restive, *a.* (રેસ્ટિવ) અડિયલ ; હઠીલું ; Stubborn ; uneasy (L. *sto* I stand).

Restless, *a.* (રેસ્ટલેસ્) બેચેન ; અસ્વસ્થ, Being without rest ; unsettled, –ness, *n.* વ્યગ્રઅસ્વસ્થપણું ; ચટપટ.

Restoration,*n.*(રેસ્ટોરેશન્)ફરીથી સ્થાપન કરવું તે ; સાજા-સારા થવું તે ; ફેર ; આરામ Replacement ; renovation ; recovery (L. *re, sto* I stand).

Restorative, *a.* પૂર્વ સ્થિતિમાં આણનારૂં ; પૂષ્ટિકારક.

Restore, *v.t.* (રીસ્ટોર) પાછું આપવું-લાવવું-મુકવું-બેસાડવું; સારૂં-તંદુરસ્ત કરવું. To replace ; to renew ; to repair.

Restrain, *v.i.* (રીસ્ટ્રેન્) દાબમાં રાખવું ; અટકાવવું. To hold in ; to hinder (L. *stringo* I bind).

Restraint, *n.* (રીસ્ટ્રેન્ટ) દાબ, અંકોશ, અટકાવ ; બંધન. Hindrance ; prohibition ; limitation.

Restrict,*v.t.* (રીસ્ટ્રીક્ટ) મર્યાદા–હદ બાંધવી. To limit ; to confine ;—ive, *a.* અટકાવ કરે એવું. (L. *stringo*).

Restriction, *n.* (રીસ્ટ્રીક્શન્) પ્રતિબંધ ; હદ, બંધી, મનાઇ ; દાબ. Straint ; limitation ; confinement.

Result, *v.i.* (રીઝલ્ટ) નીકળવું ; પરિણામ –શેવટ આવવો. *n.* પરિણામ, ફળ, સિદ્ધાંત. To spring or proceed ; to arise; *n.* effect ; conclusion (L. *solio* I leap).

Resume, *v.t.* (રીઝ્યુમ) પાછું લેવું, ફરીથી શરૂ કરવું. To take back; to begin again. *n.* (રીઝ્યુમી) સારાંશ, સંક્ષેપ. (L. *re, sumo* I take).

Resumable, *a.* પાછું લેવા લાયક. That may be resumed.

Resumption, *n.* (રીઝમ્પ્શન્) પાછું લેઇ લેવું તે. Act of resuming.

Resurrection, *n.* (રીસરેક્શન્) મુએલાનું જીવતા થવું તે. Revival from the dead (L. *surgo* I rise).

Resuscitate, *v.t.* (રીસસિટેટ) સજીવન કરવું; જીવ ઘાલવો. To revive; to reproduce (L. *re, sub, cito* I move).

Resuscitation, *n.* ફરી સજીવન કરવું તે.

Retail, *v.t.* રીટેલ્) છુટક-પરચુરણ વેચવું. To sell in small quantities.

Retailer, *n.* } પરચુરણ-છૂટક વેચનાર. One who sells in small quantities.
Retail-dealer, „ }

Retain, *v.t.* (રીટેન્) રાખવું, ધરવું, પાસે રાખવું; જવા નહીં દેવું. To keep back or in possession (L. *teneo* I hold).

Retainer, *n.* (રીટેનર્) ચાકરીમાં રાખેલો માણસ; ખિજમતદાર; આશ્રીત. One who retains; an adherent.

Retention, *n.* (રીટેન્શન્) (ઝાડો, પિશાબ વિગેરે) બંધ થઇ જવું તે; રાખવું-ધરવું તે.

Retaliate, *v.t.* (રીટૅલિએટ) વેર વાળવું; બદલો વાળવો. To requite; to return like for like (L. *re, talis* of such kind).

Retaliation, *u.* બદલો, વેર વાલવું તે. Return of like for like.

Retard, *v.t.* (રીટાર્ડ) ઓછું-કમી-ધીમું કરવું; અટકાવવું. To hinder; to obstruct; to put off (L. *tardo* I make slow).

Retch, *v.i.* (રેચ્) ઓકવું, ઉલટી કરવી. To make an effort to vomit.

Retention, *n.* See under Retain.

Reticent, *a.* ચુપકીવાળું. Silent.

Reticulation, *n.* (રીટિક્યુલેશન્) જાળીદાર કામ. Net-work.

Retina, *n.* (રેટિના) આંખનો પડદો. One of the coats of the eye. [suite.

Retinue, *n.* (રેટિન્યુ) સ્વારી; રસાલો. A

Retire, *v.i.* (રીટાયર) જવું, પાછું જવું; હઠવું; રોજગાર છોડવો; ઘેર બેસવું. To withdraw; to retreat; to recede (L. *re, traho* I draw).

Retired, *a.* સંસાર ત્યાગ કરી બેઠેલું; એકાંત રહેલું. Secret; private; withdrawn. [-રહેઠાણ. Private abode.

Retirement, *n.* (રીટાયરમેન્ટ) એકાંત સ્થળ

Retort, *v.t.* (રીટૉર્ટ) બદલે પાછું વાળવું; ઉલટાવીને પાછું બોલવું. To throw back; to make a severe reply. ઉલટાવીને કહેલા બોલ. (L. *torqueo* I twist).

Retrace, *v.t.* (રીટ્રેસ) પાછું જવું-હઠવું. To trace back (L. *traho*).

Retract, *v.t., v.i.* (રીટ્રૅક્ટ) બોલેલોબોલ પાછો લેવો; ફેરવવું. To recall, to unsay (L. *traho* I draw).

Retreat, *v.i.* (રીટ્રીટ્) પાછું જવું-હઠવું; આશરો ધરવો. *n.* પાછું જવું તે; એકાંતવાસ. To go back; to withdraw; *n.* place of retirement.

Retrench, *v.t., v.i.* (રીટ્રેન્ચ) કાપવું; છાંટવું; કમી કરવું. To cut off; to lessen; to abridge. [curtailing.

Retrenchment, *n.* કમી કરવું તે. A

Retribution, *n.* (રેટ્રિબ્યુશન્) બદલો, ફળ, અવેજ. Repayment; requital (L. *tribuo* I give).

Retrieve, *v.t.* (રીટ્રીવ) પાછું મેળવવું; સંપાદન કરવું. To recover, to regain.

Retrograde, *a.* (રીટ્રોગ્રેડ) પાછું જતું હોય તેવું; વાંકું. Going backward. *v.* પાછું જવું.

Retrospect, *n.* } (રીટ્રોસ્પેક્ટ) } પા-
Retrospection „ } રીટ્રોસ્પેક્શન્) } છળ
જોવું; પાછલો વિચાર; ગયા ગુજર્યા બનાવનો વિચાર. A looking back on things past (L. *retro* backward; *specio* I see).

Retrospective, *a.* ગઇ ગુજરી વાત સંબંધી. Looking backwards.

Return, *v.i.*, *v.t.* (રીટર્ન) પાછું જવું-આવવું-આપવું-ફરવું. *n.* પરાવર્તન; પ્રાપ્તિ; નફો; બદલો. હકીગતનામું. To come, go or give back; to repay. *n.* act of coming back; profit; requital; report,–able, *a.* પાછું મોકલવા–આપવા જેવું.

Reunion, *n.* (રીયુનિયન્) ફરી મળવું તે; પુનર્યોગ. A second union.

Reunite, *v.t.* (રીયુનાઇટ) ફરીથી જોડવું; મેળવી દેવું; સલાહ કરાવવી. To join again (L. *unus* one).

Reveal, *v.t.* (રીવીલ્) કહેવું, જણાવવું, પ્રસિદ્ધ કરવું; પડદો ખોલવો. To disclose; to show; to discover,–er, *n.* પ્રગટ-પ્રસિદ્ધ કરનાર. (L. *re*, *velo* I veil).

Revel, *v.i.* (રેવેલ્) મોજ મારવી; ખાઇ પીને મસ્તી કરવી. To carouse.

Revelation. (રેવેલેશન્) કહેલું-જણાવવું તે; ઇશ્વરોક્ત શાસ્ત્ર. That which is revealed.

Revenge, *v.t.* (રીવેન્જ) વેર લેવું; દાવ વાળવો. To return an injury. *n.* વેર, બદલો. (L. *vindico* I punish).

Revengeful, *a.* (રીવેન્જફુલ્) વેરી, કીનાખોર, ખુની, કપટી. Vindictive, malicious.

Revenue, *n.* (રેવીન્યુ) વાર્ષિક ઉપજ; જમાબંદી; વસુલ, મેહેસુલ; ફળ. Income; annual produce; result (L. *re*, *venio* I come.

Reverberate, *v.i.* (રીવર્બરેટ) પાછો અવાજ–પડઘો થવો. To resound; to echo (L. *verbero* I beat).

Revere, *v.t.* (રીવીઅર) વડીલ દાખલ અણુવું; પૂજવું; માન આપવું; અદબ રાખવી. To honour in estimation; to reverence (L. *verior* I worship).

Reverence, *n.* (રેવરન્સ) માન, અદબ, ભાવ, સત્કાર. Homage; veneration. *v.* માન આપવું.

Reverend, *a.* (રેવરંડ) પૂજ્ય; માન્ય. Worthy of reverence. પૂજ્ય પુરૂષ; પાદરી.

Reverent, *a.* માન ભરેલું; સત્કારનું. Expressing reverence.

Reverential, See Reverent.

Reverse, *v.t.* (રીવર્સ) ઉલટાવવું, રદ કરવું. *n.* ઉલટો પક્ષ; ફેરફાર; *a.* ઉલટું, ફેરવેલું; વિપરિત. To turn to the contrary; *n.* an opposite; change; *a.* opposite; implying reverse (L. *re*, *verto* I turn).

Reversion, *u.* (રીવર્શન્) પાછું આવવું તે; વારસો મેળવવાનો પેહેલો અધિકાર. A returning; right to future possession,–ary, *a.* હવે પછી ભોગવવાનું.

Revert, *v.i.* (રીવર્ટ) પાછું પ્રાપ્ત થવું; પાછું જવું. To turn back.

Review, *n.* (રીવ્યુ) પાછળ જોવું તે; ફરી તપાસ–ચોકસી, વિવેચન, ટિકા; *v.* ફરીથી જોવું–તપાસવું; ગુણ દોષ કાઢવા. A second view; a reexamination; *v.* to reconsider,—er, *n.* ગ્રંથના ગુણદોષ કાઢનાર. (L. *re*, *video* I see).

Revile, *v.t.* (રીવાઇલ) નીંદા કરવી; ભૂંડું બોલવું. To reproach; to calumniate,—r, *n.* નિંદક.

Revisal, *n.* } (રીવાઇઝલ) } તપાસણી;
Revision, „ } (રીવિઝન્) } શોધન. Reexamination; review,

Revise, *v.t.* (રીવાઇઝ) ફરીથી નજર કરી જવી; તપાસ કરવી. To look back on; to review (L. *video* I see).

Revival, *n.* (રીવાઇવલ્) સજીવન-જીવતું કરવું તે; તાજું થવું-કરવું તે. Return of life or activity (L. *re*, *vivo* I live.

Revive, *v.t.* (રીવાઇવ) ફરીથી જીવતું-સજીવનકરવું; તાજું કરવું. To return to life; to refresh (L. *vivo*).

Revocable, *a.* (રીવોકેબ્લ્) ફેરવી શકાય એવું. That may be revoked.

Revocation, *n.* (રીવોકેશન્) રદ-બાતલ કરવું-હોવું તે. Repeal.

Revoke, *v.t.* (રીવોક) રદ કરવું, ફેરવવું, તોડવું. To countermand; to reverse (L. *re*, *voco* I call).

Revolt, *v.i.* (રીવોલ્ટ) ફરી જવું; સામે ઉઠવું. *n.* બંડ, ફિતુર. To turn from one to another; to renounce allegiance. *n.* Rebellion, mutiny –ing, *a.* ત્રાસદાયક, બંડખોર. (L. *volvo* I roll).

Revolution, *n.* (રેવોલ્યુશન્) ફરવું તે; ઉથલપાથલ; ફેરફાર. Motion round a centre; change of circumstances; –ary, *a.* રાજ્યના ફેરફાર સંબંધી.

Revolve, *v.t.*, *v.i.* (રીવૉલ્વ) ફેરવવું-ફરવું; ભ્રમણકરવું. To roll or turn round. —r, *n.* બંદુક, પીસ્તોલ. (L. *re*, *volvo* I roll).

Reward, *v.t.* (રીવૉર્ડ) ઇનામ-બક્ષિસ આપવી; બદલામાં આપવું. *n.* બદલો, ઇનામ, બક્ષિસ. To recompense; to requite; remuneration; recompense.

Rhapsody, *n.* (હૅપ્સોડિ) તુટક લખાણ-ભાષણ. A number of sentences without connexion.

Rhetoric, *n.* (હ્રેટોરિક્) અલંકાર શાસ્ત્ર. The act of speaking with propriety,–al, *a.* અલંકાર શાસ્ત્ર સંબંધી. (L. *rheo* I speak).

Rhetorician, *n.* (હ્રેટોરિશિયન્) અલંકાર શાસ્ત્ર જાણનાર. One versed in the principles of rhetoric.

Rheumatism, *n.* (હ્રૂમૅટિઝમ્) સંધીવાયુ; કળતર. A disease (L. *rheo* I flow).

Rhinoceros, *n.* (હ્રિનૉસૅરસ્) ગેંડો. An animal.

Rhomboid, *n.* (હ્રૉમ્બૉઇડ્) જેની સામ સામેની બાજુઓ બરાબર હોય પણ ખૂણાઓ કાટખૂણા ન હોય એવી ચાર ખૂણાની આકૃતિ.

Rhombus, *n.* See Rhomboid.

Rhubarb, *n.* રેવચિની; રોઇબાગ. A medicinal river.

Rhyme, *n.* (હ્રાઇમ) અનુપ્રાસ; કવિતા; કાવ્ય. Poetry; *v.* કવિતા કરવી.

Rib, *n.* (રિબ્) પાંસળી, પાંસળું; પાંદડાનો દાંડો-નસ. A bone in the side of an animal.

Ribaldry, *n.* (રીબૅલ્ડ્રી) ભૂંડું-હલકું ભાષણ; નાગું બોલવું તે. Lewd vulgar language. [ફીત. A fillet of silk.

Riband, Ribbon, *n.* રેશમી પટ્ટી; કોર;

Rice, *n.* (રાઇસ) ચોખા, ભાત, ડાંગર. An esculant grain. R. field. ડાંગરનું ખેતર. Parched. R. મમરા. R. gruel, કાંજી, ઓસામણ.

Rich, *a.* (રિચ્) પૈસાદાર, શ્રીમંત, તાલેવંત, ધનવાન; રસાળ; ફળદ્રુપ. Wealthy; opulent; fertile. *n. pl.* ધન, દોલત, માલ મિલકત. Wealth.

Richly, *ad.* શોભીતી રીતે; ભભકાથી; અતિઘણું. With riches; abundantly.

Rick, *n.* (રિક્) ગંજી, અંબાર. A heap.

Rickety, *a.* (રિકેટિ) નબળું; ખખળી ગયેલું Weak; imperfect.

Rid, *v.t.* (રિડ્) છોડવવું, મોકળું કરવું; *a.* મોકળું, છૂટું, મુક્ત. To free; to deliver; *a.* free; clear. To get R. of કાસળ કાઢવી.

Riddance, *n.* (રિડૅન્સ) છૂટકારો, છુટકો,

આઝાદી. Deliverance ; clearing away.

Riddle, *n.* (રિડ્લ્) ઉખાણું, સમસ્યા, કોહેડો. An enigma; any thing puzzling. [ચાળવું. A coarse seive.

Riddle, *n.* મોટી ચારણી ; ચારણો ; *v.*

Ride, *v.t.*, *v.i.* (રાઇડ) ઘોડા અથવા બીજા વાહન ઉપર બેશીને જવું; સવારી કરવી. To travel on horseback or in a vehicle. [સવાર. One who rides.

Rider, *n.* (રાઇડર્) સવાર ; ઘોડા ઉપર બે-

Ridge, *n.* (રિજ્જ) ટેકરીઓની હાર-ઓળ. Any long elevation of land. R. of a roof છાપરાનો મોભ.

Ridicule, *n.* (રિડિક્યુલ) ઠેકો, મજાક, હાંસી, મશ્કરી. *v.t.* હસી કહાડવું ; મશ્કરી કરવી. Laughter with contempt; to deride (L. *rideo* I laugh).

Ridiculous, *a.* (રિડિક્યુલસ્) હસી કાઢવા જેવું ; હાસ્યજનક. Deserving ridicule. [Prevalent ; abounding.

Rife, *a.* (રાઇફ) ઘણું-જોરથી ચાલે છે એવું.

Rifle, *v.t.* (રાઇફ્લ્) હરણ કરવું ; ખુંચવી લેવું. To rob; to plunder *n.* રાઇફ્લ, પેચની બંદુક.

Rig, *n.* (રિગ્) સજવું, પેહેરવું ; સણગારી તૈયાર કરવું. To dress ; to accoutre.

Rigging, *n.* વહાણનાં દોરડાં. Tackle.

Right, *a.* (રાઇટ્) ખરૂં, સત્ય, બરાબર, સીધું, પાધરૂં ; જમણું, સુલટું. Straight ; just ; fit ; proper ; true, *n.* હક, દાવો ; જમણી બાજું ; બ્યાજબીપણું, ન્યાય, નીતિ. Justice, equity; legal title; privilege; *v.* ન્યાય-ઇનસાફ કરવો ; છૂટું-મોકળું કરવું. To do justice to, to relieve from wrong (L.*rectus* right.

Right-angle, *n.* કાટખૂણો ;—handed, જમણા હાથના વગવાળું ;–hearted સારા સ્વભાવનું.

Righteous, *a.* (રાઇટિયસ્) નીતિમાન, ધર્મ; સત્યવાદી; રાસ્ત. Just; equitable; virtuous.

Righteousness, *a.* નીતિવાનપણું; સત્યતા; ધર્મિપણું. Justice; integrity ; virtue.

Rightful, *a.* (રાઇટ્ફુલ્) હકદાર, બ્યાજબી, ખરૂં. Having right; lawful.

Rigid, *a.* (રિજીડ્) સખ્ત ; કઠોર ; કઠણ ; જાલીમ. Stiff ; inflexible ; strict ; severe (L. *rigeo* I am stiff).

Rigidity, *n.* (રિજીડિટિ) સખ્તિ ; કઠોરતા ; કરડાપણું. Stiffness ; inflexibility ; severity.

Rigmarole, *n.* (રિગ્મૅરોલ) અર્થ વિનાનો લવારો, બકવાટ. A repetition of idle word. [ness ; strictness.

Rigour, (રિગર્) સખ્તિ; કરડાપણું. Stiff-

Rigorous.*a.*(રિગરસ્)સખત,કરડું, જુલમી Severe; strict; exact,—ly, *ad.* કરડી રીતે ; સખ્તીથી.

Rill, *n.* (રિલ્) નાળું ; ન્હાની નદી. A small brook; a streamlet.

Rim, *n.* (રિમ્) કોર, કિનાર, કોરણ. A border ; a margin.

Rind, *n.* (રાઇન્ડ) છાલ, ચામડી, ત્વચા. Bark ; husk ; skin.

Ring, *n.* (રિંગ) ગોળ કુંડાળું ; વીંટી, મુદ્રિકા ; વાળી, નથ ; ચક્કર ; રણકો, ખણખણાટ. A circle ; a circular line or hoop; a small circle of gold; worn as an ornament; a sound. *v.t.* વગાડવું, ઘણુણુ વાગવું, અવાજ થવો, ગાજવું. To cause to sound; to tinkle.

Ringleader, *n.* સરદાર, આગેવાન. The leader of a riotous body.

Ringlet, *n.* (રિન્ગ્લેટ્) વાળનો ગુચ્છો ; ઝુલફાં. A curl of hair.

Ringworm, *n.* (રિન્ગ્વર્મ) દરાજ, દાધર. A vesicular eruption on the skin

Rinse, *v.t.* (રિન્સ) વીછળવું, સાફ કરવું; ખંગાળવું. To wash; to cleanse.

Riot, *v.i.* (રાયૉટ્) મસ્તી કરવી; ભોગ વિ-લાસ કરવો; ઉશ્કેરાવું; હંગામ-રિશાદ-હુ-લ્લડ કરવું. To revel; to raise an uproar; *n.* હુલ્લડ, હંગામો, જાહેરાંત વઢ-વાઢ. A tumult; an uproar; noisy festivity.-er, *n.* તોફાન કરનાર.

Riotous, *a.* (રાયૉટસ્) શોખીલું, સુખ ભોગી; હંગામી; ફીતુરી; તોફાની. Luxurious; turbulent.

Rip, *v.t.* (રિપ્) ઉકેલવું; ચીરી કાઢવું. To tear; to lacerate.

Ripe, *a.* (રાઇપ) પાકું, પાકેલું, પૂખ્ત; તૈયાર. Mature; prepared; ready; brought to perfection.

Ripen, *v.t.*, *v.i.* (રાઇપન્) પાકવું-પકવવું તૈયાર કરવું. To grow ripe; to come to perfection; to prepare,-ness, *n.* પાકેલી હાલત.

Ripple, *n.*, *v.i.* (રિપલ્) ઝીણુંઝીણું મોજાં; લેહેર; ખળખળ વહેવું. Little curling waves; to ruffle.

Rise, *v.i.*, *v.t.* (રાઇઝ) ઉપર ચઢવું; ઉંચે જવું; ઉભું થવું; ઉદય થવો; વધવું; નીપજવું. *n.* ચઢાવ; મૂળ, ઉત્પત્તિ; ઉદય, ચઢતી, વૃદ્ધિ. To ascend; to get up; to grow; to increase; to spring. *n.* ascent; source; elevation.

Risible, *a.* (રિઝિબ્લ્) હસનાર; હસામણું, હાસ્યજનક. Exciting laughter; laughable (L. *rideo* I laugh).

Risk, *n.* (રિસ્ક) ભય, જોખમ, ધક્કો, ખત્તો. Hazard, jeopardy; danger, *v.* જોખમમાં નાંખવું. to hazard.

Rite, *n.* (રાઇટ) ક્રિયા, વિધિ, સંસ્કાર. A ceremonial observance(L.*ritus*)

Ritual, *u.* (રિટ્યુઅલ્) ક્રિયા-આચાર સંબંધી. Ceremonial. *n.* કર્મ પદ્ધતિ.

Rival, *a.*, *n.* (રાઇવલ્) બરોબરીયો; પ્રતિસ્પર્ધી; બરાબરી કરનાર. A competetor; an antagonist. *v.* બરાબરી કરવી. To stand in competetion (L. *rivus* a brook).

Rivalry, *n.* (રાઇવલ્રિ) પ્રતિસ્પર્ધા; બરાબરી. Emulation; competetion.

Rive, *v.t.*, *v.i.* (રાઇવ) ચીરવું-છીરાવું; ફાડવું-ફાટવું. To tear asunder; to split.

River, *n.* (રિવર્) નદી. A copious flow of water,-bed, *n.* નદીના તળીયાની જમીન.-horse, *u.* દરીયાઇ ઘોડો. (L. *rivus* a stream).

Rivet, *n.* (રિવેટ્) સજ્જડ બેસાડેલો ખીલો; ખીલાથી મજબુત જડવું; સજ્જડ બેસાડવું. A nail clinched at both ends; to clinch; to fasten firmly.

Rivulet, *n.* રિવ્યુલેટ્) નાળું, નદીનો ન્હાનો પ્રવાહ. A streamlet.

Road, *n.* (રોડ્) રસ્તો વાટ, માર્ગ, નાગરણ. A way; route; course; journey; a place where ships can anchor.

Road-stead, *n.* લંગર નાંખવાની જગ્યા.

Roam, *v.t.* (રોમ્) ભટકવું, રખડવું, ભમવુ ફરવું. To wander; to stray; to stroll. [or dark colour.

Roan, *a.* (રોન્) કાબરચીત્રું. Of a bay

Roar, *v.i.* (રોર્) આરડવું, તડુકવું, ગાજવું, બુમ પાડવી. To cry as a wild beast; to bellow. *n.* ગર્જના, બરાડો, બુમ, ઘોંઘાટ. A cry; a loud noise; clamour.

Roast, *v.t.* (રોસ્ટ) સેકવું, સીજવવું, ભૂંજવું; મશ્કરી કરવી. To prepare food by exposing to heat; to jeer or banter. *n.* *a.* સેકેલી-ભુંજેલી-વસ્તુ.

Rob, *v.t.* (રૉબ્) ચોરવું, લૂંટવું, છીનવી લેવું. To take away by illegal force; to plunder.

Robber, *n.* (રોબર) ચોર. લુટારો. One who robs; a thief.

Robbery, *n.* (રૉબરિ) લુટ, ચોરી, ધાડ. Theft by force or with privacy.

Robe, *n.* (રોબ) ઝભ્ભો, જામો, સરપાવ. A

gown of state; an elegant dress. *v.* ઝભ્ભો-જામો પહેરવો. To array; to put on a robe.

Robust, *a.* (રોબસ્ટ) જોરાવર, મજબુત, જબર. Strong; hardy; vigorous (L. *robur* oak).

Rock, *n.* (રૉક્) ખડક, શીલા, ખરાબો. A large mass of stone. *v.* હીંડોળવું, ડોલાવવું, ઝોલ્લા ખવડાવવાં. To move backward and forward; to lull to quiet,—salt, *n.* સિંધવ; ખાર.

Rocket, *n.* (રૉકેટ્) બાણુ, હવાઇ. An artificial firework. [rocks.

Rocky, *a.* (રૉકિ) ખડકવાળું. Full of

Rod, *n.* (રૉડ્) લાકડી, છડી, સોટો. A long twig; an instrument of punishment.

Roe, *n.* (રો) હરણી; માછલાનાં ઇંડાં. A species of the deer; the eggs of fishes.

Rogue, *n.* (રોગ) લુચ્ચો, ધુતારો, સોદો, દગલબાજ, ઠગ. A knave; a villain; a vagabond; a wag.

Roguery, *n.* (રોગરિ) લુચ્ચાઇ, ઢોંગાઇ, કપટ. Villany; waggery.

Rougish, *v.* (રોગિશ્)લુચ્ચુ, કપટી. Knavish; waggish.

Roll, *v.t.* (રોલ્) વીંટાળવું, લપેટવું; ફેરવવું; ગબડાવવું; *v.i.* લોટવું, ગડબડવું, ઢળી જવું, હીલ્લા ખાવા. *n.* વીંટાળેલી વસ્તુ; ઓળીયું; યાદી, રજીસ્ટર, હાજરી પત્રક. To move in a circle; to turn on its axis; to enrap; to involve; *n.* act of rolling; a mass made round; a register(L.*rota* wheel).

Roller, *n.* (રોલર્) વેલણુ; ગડબડતી ચાલે એવી ચીજ; પાટો. That which rolls; a bandage.

Rolling-pin,*n.*વેલણુ. A round piece of wood for moulding paste.

Romance, *n.* (રોમૅન્સ) અતિ અદ્ભૂત કલ્પિત વાત; કિસ્સો; કહાણી. A tale of wild adventures; a fiction. *v.t.* અતિ અદ્ભુત વાત-કિસ્સો કહેવો, r, *n.* કિસ્સો કહેનાર.

Romantic, *a.* (રોમૅન્ટિક) વિલક્ષણુ; મનઃકલ્પિત; તરેહવાર. Wild; improbable; fanciful.

Romp, *n.* (રૉમ્પ) ઉછાંછળી છોકરી-રમતખેલ; ધિંગાણું; કુદાકુદ. A noisy boisterous girl or play. *v.* ધિંગાણું કરવું; કુદાકુદ કરવી.

Rood, *n.* એક એકરનો ચોથો ભાગ.

Roof, *n.* (રૂફ) છાપરૂં; છાવણી; તાળવું; The cover of a house; an arch; the palate. *v.* છાપરૂં કરવું, આચ્છાદન કરવું. To cover with a roof; to shelter.

Rook, *n.* (રૂક્) કાગડો, કાગ. A crow,—ery, *n.* કાગડાઓનો માળો બાંધવાની જગા.

Room, *n.* (રૂમ્) જગા, અવકાશ; ઓરડી, ખોલી.. Space; extent; place; apartment. In the R. of બદલે-ઠેકાણે-વતી.

Roomy, *a.* વિસ્તીર્ણુ, વિશાળ. Spacious.

Roost, *n.* (રૂસ્ટ) પક્ષીઓને રાત્રે આરામ લેવાની દાંડી-લાકડી. That on which a a bird sits to sleep. *v.i.* લાકડી ઉપર આરામ લેવો.

Root, *n.* (રૂટ્) મૂળ, જડ; તળિયું; વનસ્પતિ. That part of a plant which is fixed in the earth; bottom. *v.* મૂળ લેવું-જડ ઘાલવી. To r. out, જડ મૂળમાંથી ઉખેડી નાંખવું.Cube r. ઘનમૂળ; square r. વર્ગ મૂળ.

Rope, *n.* (રોપ) દોરી, રશી, દોરડું. A large cord; a cable,—walk, *n.* દોરડાં બનાવવાની જગ્યા.

Rosary, *n.* (રોઝરિ) જપમાળા, બેરખો. A string of beads.

Rose, *n.* (રોઝ) ગુલાબનો છોડ-ફુલ,-ગુલાબ. A plant and its flower,—water. *n.* ગુલાબ જળ.

Roseate, *a.* ગુલાબી, ગુલાબી રંગનું. Full of roses.

Rositte, *n.* ઝરી ગુલાબ.

Rosin, *n.* (રૉઝિન્) રાળ. A juice of the pine.

Rosy, *a.* (રોઝિ) ગુલાબી, ગુલાબી રંગનું. Like a rose; red.

Rot, *v.i.*, *v.t.* (રૉટ્) સડાવવું-સડવું; કોહી જવું. *n.* સળો, કહોવાણ. To putrify; to decay; to spoil; *n.* putrefaction,—ten, *a.* સડી ગયેલું, કોહી ગયેલું.

Rotate, *v.i.* (રોટેટ) ચક્રની પેઠે ફરવું. To turn like a wheel (L. *rota* wheel)

Rotation, *n.* (રોટેશન્) પઇડાં-ચક્રનું ફરવું તે; પાળી; વારો; વારાફરતી આવવું-જવું તે. Act of turning round a wheel; regular succession.

Rotatory, Rotary, *a.* ચક્રની પેઠે ફરતું; વારાફરતી બનતું. Turning on an axis; whirling.

Rotund, *a.* (રોટન્ડ) ગોળ. Round.

Rotundity, *n.* (રોટન્ડિટિ) ગોળપણું. Roundness.

Rough, *a.* (રફ્) ખડબચડું; ખબરાએલું; કઠોર, સખ્ત; તોફાની, તોછડું. Rugged; not smooth; coarse; rude; severe. R. draught or copy, ખરડો, મુસદ્દો.—ness, *n.* ખડબચડાપણું; કઠોરતા.—rider, *n.* ચાબુક સવાર.

Round, *a.* (રાઉન્ડ) ગોળ, ચક્રાકાર; ગોળા સરખું; ગોળાકર; મ્હોટું, થોકબંધ રકમનું; વ્યાજબી. Circular, globular; cylindrical; large; fair; candid; *prep.* આસપાસ; ચારે તરફનું; About, on every side. *n.* વર્તુલ, ચક્ર, ફેરો; *n. pl.* રોન. A circle, course; rotation;-about, ચારેબાજુએ ફરી વળેલું.

Roundness, *n.* ગોળપણું, ગોળ આકૃતિ. The quality of being round.

Rouse, *v.t.* (રાઉઝ) જગાડવું, ઉઠાડવું; ઉશ કેરવું; ઉત્તેજન આપવું. To arouse, to awaken; to excite.

Rout, *n.* (રાઉટ) લશ્કરનું વિખરાઇજવું તે; ધુળધાણી. The defeat and confusion of an army.

Route, *n.* (રૂટ) રસ્તો, માર્ગ, વાટ, રાહ. A road; a way; a journey.

Routine, *n.* (રૂટીન) નિત્ય કર્મ; દહાડી થતું કામ. Round course of business;

Rove, *v.* (રોવ) ભટકવું, રખડવું, ફરતા ફરવું. To roam; to ramble; to wander,—r, *n.* ભટકનાર.

Row, *n.* (રો) હાર, ઓળ, પંગત; સેર; શોર બકોર. A member of persons or things ranged in a line; a rank; a file; a broil; *v.* હલ્લેસાં મારવાં. To impel by oars,—er, *n.* હલ્લેસાં મારનાર.

Royal, *a.* (રૉયલ્)રાજાનું, બાદશાહી; રાજકીય; Pertaning to a king; becoming a king; noble (L. *rex* a king).

Royalist, *n.* રાજાની પક્ષ ધરનાર-તરફવાળું. An adherent to a king.

Royalty, *n.* (રૉયલ્ટિ) બાદશાહી; રાજત્વ; રાજપદ. Kingship; the office or state of a king.

Rub, *v.t.* (રબ્) ઘસવું, છોલવું, મસળવું, લુછવું; સાફ કરવું. To wipe, to clean; to scour; to polish.

Rubber, *n.* (રબર્) ઘસનાર, લુછનાર, રબર, ગંજીફાની એક રમત. One that rubs; a game.

Rubbish, *n.* (રબિશ્) કચરો, પુંજો, મેલ. Ruins of buildings; fragments; anything worthless.

Ruby, *n.* (રૂબિ) માણેક, લાલ. A precious stone.

Rudder, *n.* (રડર્) શુકાન, દોરી. The instrument by which a ship is steered.

Ruddy, *a.* રાતાશ મારતું; લાલ. Of a red colour.

Rude, *a.* (રૂડ) જંગલી, અન્યાડી, અણુઘડ,

ઉદ્ધત, તોછડું. Raw, rough; uncivil; violent.

Rudeness, *n.* જંગલીપણું, બેઅદબી, તોછડાઇ. Unevenness, incivility.

Rudiment, *n.* (રુડિમેન્ટ) મૂળતત્વ, બીજ. A first principle or element (L. *rudis* rude).

Rudimental, *a.* (રુડિમેન્ટલ્) મૂળતત્વ સંબંધી. Relating to first principles.

Rue, *v.t.* (રયુ) પશ્ચાતાપ કરવો, અફસોસ કરવો. To lament, to regret; *n.* એક જાતનો છોડ, સિતાબ;—ful, *a.* પસ્તાવો-દીલગીરી ભરેલું.

Ruffian, *n.* (રફિયન્) દૂષ્ટ કર્મનો કરનાર; ખૂની. A murderer, a robber,—ism, *n.* ખૂનીપણું.

Ruffle, *n.* (રફલ્) ચીતનો વાળેલો કકડો; કરચોળી; વ્યગ્રતા; અસ્વસ્થતા. A plaited article of dress, agitation. *v.* કરચલી વાળવી; અસ્વસ્થ કરવું. To wrinkle; to agitate.

Rug, *n.* કામળીની જાતનું કપડું. A coarse woolen cloth. [Rough, uneven.

Rugged, *a.* (રગેડ્) ખડબચડું; ઉંચું નીચું.

Ruin, *n.* (રુઇન્) નાશ, ખરાબી, પાયમાલી. *v.t.* ઉંધું વાળવું; નાશ-ખરાબી કરવી; પાયમાલ કરવું. Fall; overthrow; destruction; perdition; *v.* to demolish; to subvert. *n. pl.* ખંડેર. (L. *ruo* I rush).

Ruinous, *a.* (રુઇનસ્) જમીનદોસ્ત થયેલું; ખરાબીપર આવેલું; નુકશાનકારક. Fallen to ruin; destructive; demolished.

Rule, *n.* (રુલ) અમલ, રાજ, સત્તા; ધણીપણું; કાયદો, ધારો, રીત; પરિમાણ, પ્રમાણ; આંકણી. *v.t.* રાજ-અમલ કરવો -ચલાવવો; આંકવું. Government; sway; empire; standard; canon; law; an instrument by which lines are drawn; *v.* to govern; to control; to manage; to mark with lines (L. *rego* I rule).

Ruler, *n.* (રુલર્) રાજા-રાણી-બાદશાહ; સરકાર; અમલદાર; આંકણી. One who rules or governs.

Rum, *n.* (રમ્) એક જાતનો દારૂ. તરેહવાર, વિલક્ષણ. A spirituous liquor; *a.* odd; queer.

Rumble, *v.i.* (રમ્બલ્) ગડગડવું, ગડગડાટથવો. To make a low hoarse sound. *n.* ગડગડાટ.

Ruminant, *a.* (રુમિનન્ટ) વાગોળનારૂં. Chewing the cud (L. *rumen* the gullet).

Ruminate, *v.t.* (રુમિનેટ) વાગોળવું, મનન -ચિંતન કરવું. To chew the cud; to meditate.

Rumination, *n.* વાગોળવું તે; મનન, ચિંતન. Act of ruminating.

Rummage, *v.t. v.i.* (રમેજ) ચોળી ચોળીને તપાસવું; ફેરવતાં જવું ને તપાસતાં જવું. To search narrowly.

Rumour, *n.* (રુમર્) અફવા, ગપ, ભુમાટો; વાત, ખબર; *v.t.* અફવા ઉડાવવી-ચલાવવી. A flying or popular report; to report abroad (L. *rumor*).

Rump, *n.* (રમ્પ) ડગરૂં, કુલું, ગાંડ. The end of the back-bone; the buttocks.

Rumple, *v.t.* (રમ્પલ્) કરચલી પાડવી-વાળવી. To crush into folds; *n.* કરચલી, a fold.

Run, *v.i.* (રન્) ચાલવું, ફરવું, દોડવું, નાસવું; To move swiftly, to flee; to rush violently. દોડ, ધા; ગભરૂી; પ્રચાર; રૂઢી; અનુક્રમ. Act of running; course; motion; flow; prevalence. R. away, નાશી જવું, R. on આગળ ચાલવું; R. out, થઇ ચુકવું. R. to આશરો પકડવો. R. over, ઉપર થઇને ચાલી-કુદી જવું.

Runaway, *n.* નાસી-ભાગી જનાર. A fugitive.

Runner, *n.* (રનર્) દોડનાર, નાસનાર; જાસુસ; વેલો. One who runs, a messenger; a creeper. [dian coin.

Rupee, *n.* (રૂપી) રૂપીયો. An East In-

Rupture, *n.* (રપ્ચર) ભાંગવું-ફાટ પડવી તે; ભંગ; અંતરગળ. Act of breaking, fracture; hernia. *v.* ભાંગવું, તુટવું. (L. *rumpo* I break).

Rural, *a.* (રૂરલ્)ગામડા-જંગલનું-સંબંધી. Pertaining to a village (L. *rus* the country). [trick.

Ruse, *n.* યુક્તિ, હિકમત. Stratagem;

Rush, *n.* (રશ્) એક જાતનો છોડ; ધસારો, આગળ વધવું તે. *v.i.* ધસવું, સપાટાબંધ ચાલવું. A plant, a violent motion or course. *v.* to move forward with violence or rapidity.

Rust, *n.* (રસ્ટ) કાટ, કિટ્ટ, જંગ. *v.t., v.i.* કાટ ચઢાવવો-ચઢવો. A crust which forms on the surface ofmetals; to make rusty; to impair.

Rustic, *a.* (રસ્ટિક્) ગામડા સંબંધી; જંગલી. Pertaining to the country; rude, *n.* ગામડીયો, ગમાર. A clown.

Rusticity, *n.* જંગલી-અનાડીપણું. Rudeness.

Rustle, *v.i.*(રસલ્) ખડખડવું, ખણખણવું. To make a noise like the rubbing of dry leaves.

Rusty, *a.* (રસ્ટિ) કાટવાળું; મેલું. Covered with rust.

Rut, *n.* (રટ્) હરણ વગેરે જનાવરોનું મૈથુન. Copulation of deer.

Ruth, *n.* (રૂથ્) દયા, કરૂણા, રહેમ. Mercy, pity; sorrow. [Cruel; pitiless.

Ruthless, *a.* (રૂથ્લેસ્) દયા વિનાનું, નિર્દય.

Rye, *n.* (રાઇ) જવ, એક જાતનું અનાજ. A kind of grain. [cultivrtor.

Ryot, *n.* (રાયટ્) ખેડુત, રૈયત, પ્રજા. A

S.

S, ઇંગ્રેજી મૂળાક્ષરનો ઓગણીસમો અક્ષર; 'સ' કોઇવાર 'ઝ' પણ થાય છે.

Sabbath. *n.* (સાબ્બાથ) રવિવાર, થાક ખાવાનો દિવસ. The day of rest.

Sable, *n.* (સેબલ્) નોળિયાની જાતનું એક ન્હાનું પ્રાણી, કાળાં રૂંવાં; *a.* ઝાંખું, કાળું. An animal of the weasel kind. *a.* dusky, dark.

Sabre, *n.* (સેબર) પોહોળી-વાંકી-જાડા ફળની તરવાર, કટાર. A curved broad sword; a falchion; *v.t.* વાંકી તલવારથી કાપી નાંખવું, ઘા કરવો; to strike or kill with a sabre.

Sac, *n.* (સૅક) શરીરમાં રસની ન્હાની કોથળી. A bag or receptacle for a liquid.

Saccharine, *a.* (સેકારાઇન) ખાંડવાળું, સાકર જેવું. Pertaining to sugar. (Ar. *sukker*).

Saccerdotal, *a.* (સેસર્ડોટલ્) યાજ્ઞિક-બ્રાહ્મણ સંબંધી. Priestly; pertaining to priests (L. *sacerdos* a priest).

Sachel, *n.* (સેચલ્) જુઝદાન, દફતર. A bag in which lawyers & children carry papers and books.

Sack, *n.* (સૅક્) કોથળો, ગુણ. A large bag, એક પ્રકારનો સ્પેન દેશનો દારૂ, શેરી નામનો દારૂ; લુટ. Storm of a town, plunder, ઓઢવાનો ઝભો; a woollen blanket, *a.* ful; ગુણભર. *v.t.* લુટવું-ખેદાન મેદાન કરવું; to ransack, to take by storm.

Sack-cloth, *n.*(સેકક્લોથ્) ગુણપાટ, તાટ. Cloth for sacks, coarse cloth.

Sacrament, *n.* (સૅક્રમંટ) સંસ્કાર, સોગન; ખ્રિસ્તી લોકનો પ્રભુ ભોજન નામનો પ્રસાદ. A solemn oath-taking; the Lord's supper or eucharist,—al, *a.* પવિત્ર સંસ્કારનું, constituting a sacrament. (L. *sacer* holy, sacred).

Sacred, *a.* (સેક્રેડ્) પવિત્ર, પ્રતિષ્ટા કરેલું; ખો દાઇ; તોડાય નહી એવું; માન પૂજ્ય.Holy, inviolate.—ness, *n.* પવિત્રતા, ધર્મિ-પણું; quality of being sacred.(L. *sacer* holy).

Sacrifice, *v.t.* (સૅક્રિફ્રાઇસ) ચઢાવવું, અર્પણ કરવું; ભોગ આપવો; મુકી દેવું. To make an offering; to consume. *n.* હોમ, હવન; યજ્ઞ; બળીદાન. That which is sacrificed to God (L *sacer, facio* I do).

Sacrificer, *n.* (સૅક્રિફ્રાઇસર્) યાજ્ઞિક. One who sacrifices.

Sacrilege, *n.* (સૅક્રિલેજ) પવિત્ર વસ્તુને ભ્રષ્ટ કરવાનો અપરાધ. The crime of profaning sacred things (L. *sacer, lego* I gather).

Sacrilegious, *a.* (સૅક્રિલીજીયસ્) અપવિત્ર, અધર્મિ. Relating to sacrilege.

Sad, *a.* (સૅડ્) ગમગીન, શોકાતુર.Gloomy, filled with grief.—ness, *n.* ઉદાસી, ખેદ.

Sadden, *v.t.* (સૅડન્)ઉદાસ-દિલગીર કરવું. To make melancholy or gloomy.

Saddle, *n.* (સૅડલ્) જીન, ખોગીર. A seat to be placed on a horse's back. (of mutton) મારેલાં ઘેટાનાં પાંસળાં સહીત માંસનો કટકો. *v.t.* જીન-ખોગીર માંડવું-સજવું. To put a saddle on; (to saddle with costs, મુકદ્દમા-કામનું ખરચ માથે નાંખવું.)

Saddler, *n.* (સૅડલર્) જીનગર. One whose occupation is to make saddles.

Saddlery, *n.* (સૅડલરિ) જીન બનાવાનો બધો સામાન; જીનગરની દુકાનમાં વેચાતો સામાન; જીન બનાવાનો ધંધો. The materials for making saddles and harnesses; the articles of sale in a saddler's shop; the trade of a saddler.

Saddle-bow, *n.* જીનનો આગલો કમાનદાર ભાગ.—girth, *n.* તંગ, ઘોડબંધ.

Sadducee, *n.* (સૅડયુસી) પ્રાચીન યાહુદીલોક માં એ નામના એક પંથના લોક. A sect among the ancient Jews who denied the resurrection.

Safe, *a.* (સેફ્) સહી સલામત, નિર્ભય; *n.* લોહોડાની તીજોરી.Free from danger; *n.*a fire proof chest for containing money. (L. *salvus* safe).

Safe-guard, *n.* (સૅફ્ગાર્ડ) બચાવ કરનાર, રક્ષણ કરતા. Defence, protection; વળાવું; રખવાળું. a convoy.

Safely, *ad.* (સેફ્લિ)નિર્ભયપણે; ખેમ કુશળ-તાથી. સખત જાપતામાં. In a safe manner; in close custordy

Safety-lamp, *n.* (સેફ્ટિલૅમ્પ) ખાણોમાં લઈ જવાને જેથી આગ નહી લાગે તેવો દીવો. A lamp covered with wire-gauze to give light in mines, without the danger of setting fire to inflammable gases.

Safety-valve, *n.* (સેફ્ટિવાલ્વ)વરાળયંત્રમાં વરાળ ઘણી ભરાવાથી તે ફાટી ન જાય માટે વરાળ નીકળવાનું ને હવા આવવાનું બાકું. A valve fitted to the boiler of a steam-engine, which yields and lets the steam escape.

Safflower, *n.* (સૅફ્ફ્લૉવર) કસુંબો;

Saffron, *n.* (સૅફ્રૅાન) કેશર, જાફરાન. *a.* કેશરીયા. A plant with a yellow flower. (Ar. *asfar* to be yellow).

Sagacious, *a.* (સૅગેશ્યસ્)ચતુર, હુશિયાર; Quick of scent; acute (L. *sagio*, to perceive quickly by the senses).

Sagacity, *n.* (સૅગૅસિટિ) ડાહાપણ, ચતુરાઇ. Acuteness of scent.

Sage, *a.* (સેજ) શાણું, વિચક્ષણ, ગંભીર. Prudent, acute, grave.

Sagittarious, *n.* (સજીટેરિયસ્) ધનુરાશી; The archer.

Sago, *n.* (સેગો) સાબુચોખા. A nourishing eatable.

Said, *p.p.* (સેડ્) સદરહુ, કહેલું. Aforesaid, uttered.

Sail, *n.* (સેલ્) સ્હડ, સડવાળું વાહાણ. Canvas for a ship; a ship; a journey upon the water. સફર દરીયાની. To loose sails, સ્હડ ઉકેલવા; To strike sails, સ્હડ નીચે ઉતારવા; To set sails, સફર શરૂ કરવી. *v.t.* દરિયા ઉપર હંકારવું, to move upon in a ship with sails.

Sailor, *n.* (સેલર્) ખલાસી, નાવિક. A mariner.

Saint, *n.* (સેન્ટ) સાધુ, મુની. A holy person (L. *sanctum*, holy).

Sainted, *a.* (સેન્ટેડ્) ભક્ત, પવિત્ર. Pious, canonized.

Sake, *n.* (સેક) ખાતર, કારણ; અર્થ. Cause, purpose, account.

Salad, *n.* (સૅલૅડ્) કચુમરને માટે એક જાતની ભાજી. Food of raw herbs (L. *sal* salt).

Salad-oil, *n.* (સૅલૅડ્ઑઇલ્) Olive oil, used in dressing salads, &c.

Salammoniac, *n.* (સૅલ્ઍમોનિયક્) નવસાગર. A kind of salt used by braziers.

Salary, *n.* (સૅલૅરિ) પગાર, દરમાયો; વરસાણુ. Pay, wages; stipend; a stated allowance (L. *salarium* salt money).

Sale, *n.* (સેલ) વેચાણ, વકરો. Act of selling,—able, *a.* વેચવા લાયક; ખપે એવું. Fit for sale.

Salep, *n.* સાલમ, સાલમ મિશ્રી.

Salic, *a.* (સલિક્) પૂરૂષોને જરા ગાદી મલે એવો ફ્રાંસ દેશનો કાયદો.

Salient, *a.* (સેલિયંટ) સરસ, બહાર પડતું. Conspicuous; projecting (L. *salio* I leap).

Saline, *a.* (સૅલાઇન) ખારૂં, નિમકવાળું. Consisting of salt (L. *sal* salt).

Saliva, *n.* (સૅલાઇવા) થુંક, લાળ. Spittle.

Salivate, *v.t.* (સૅલિવેટ) મ્હો આણવું-લેવું. To excite an unusual discharge of saliva. (L. *sal.*)

Sallow, *a.* (સૅલો) પીળાશ પડતું, ફિકું. Having a yellow colour.

Sally, *n.* (સૅલિ) તોર, મનનો તુરંગ. A flight of fancy; એકદમ કીધેલો ધસારો,-છાપો. A sudden bursting forth.—port, *n.* છાપો મારવા નીકળવાની ચોર બારી.

Salmon, *n.* (સામન્) એક જાતની માછલી; A large fish.

Saloon, *n.* (સેલુન) સુંદર દીવાનખાનું, આગગાડીમાં સુશોભિત ગાડી-ઓરડી. A spacious and elegant apartment.

Salt, *n.* (સૉલ્ટ) મીઠું, ખાર, નીમક. A substance used for seasoning and preserving meat, &c.

Salt-cellar, *n.* (સાલ્ટસેલર્) નિમકદાની. A vessel to hold salt at table.

Salted, *p.p.* or *a.* આથેલું; મીઠું દિધેલું. Sprinkled; or seasoned with salt.

Salter, *n.* (સૉલ્ટર્) મીઠું પાનાર, મીઠાનો વેપારી. One who salts; one who sells salt.

Saltern, *n.* (સૉલ્ટર્ન) મીઠું બનાવાની જગ્યા. A salt-work; a place where salt is made.

Saltpetre, *n.* (સૉલ્ટપીટર્) સુરોખાર.

Salubrious, *a.* (સૅલ્યુબ્રીયસ્) તંદુરસ્તી વધારનાર, નિરોગી. Promoting health; —ness, *n.* ગુણકારીપણું, નિરોગીપણું. Favourableness to the preservation of health (L. *salus* a sound condition).

Salutory, *a.* (સૅલ્યુટરિ) શરીરને ગુણકારી, Wholesome, લાભકારક. Beneficial.

Salute, *n.* (સેલ્યુટ) સલામ, આભિવંદન, તોપનું માન. *v.t.* સલામ કરવી, તોપ છોડી માન આપવું. Greeting; *v.* to show honour to by a discharge of cannon, &c(L. *salus* health).

Salutation, *n.* (સલ્યુટેશન્) સલામ, રામ-રામ. A greeting ; an address.

Salvation, *n.* (સલ્વેશન્) મુક્તિ, છુટકો ; મોક્ષ. Act of saving (L. *salvus* safe).

Salvage, *n.* (સૅલ્વેજ) દરિયામાં ડુબતા જાનમાલનું રક્ષણ કરનારને ઇનામ. A reward allowed by law for the saving of a ship or goods from loss at sea.

Salve, *n.* (સાવ) મલમ, લેપ. *v.t.* લેપ કરી મટાડવું. A remedy ; to relieve wound or sores.

Salver, *n.* (સાલ્વર્) થાળ, તબક ; કથરોટ ; A piece of plate with a foot.

Salvo, *n.* (સૅલ્વો) અપવાદ, માફીનો સબબ. બહાનું ; લશકરી અથવા દરિયાઇ સલામતીને માટે તોપોના અવાજ કરવા તે.Exception, reservation ; excuse ; a military or naval salute.

Same, *a.* (સેમ્) એજ, તેજ, એનું એ ; સરખુંજ ; સમાન, સદરહુ. Not different or other ; identical ; being of the like kind ; exactly similar ; that was mentioned before.—ness, *n.* (સેમનેસ) એકજપણું, સરખાપણું. State of being perfectly alike.

Sample, *n.* (સૅમપલ્) નમુનો, વાનગી ; દાખલો. A specimen ; a pattern ; example (L. *ex* out, *semo* to buy or obtain.

Sampler, *n.* (સૅમ્પ્લર્) ભરતના નમુના. A pattern of work ; a collection of needle-work patterns.

Sanative, Sanatory, *a.* (સનૅટિવ) (સૅનેટોરિ) રોગ મટાડે તેવું ; તંદુરસ્તીને લગતું. Healing ; conducive to health.

Sanctify, *v.t.* (સૅંક્ટિફાઇ) પવિત્ર કરવું ; પૂજવું. To make sacred ; to consecrate.

Sanctification, *n.* (સૅંક્ટિફિકેશન્) પવિત્રતા, પાપ મુક્તિ. Act of making holy.

Sanctifier, *n.* (સૅંક્ટિફાયર્) પવિત્ર,-નિર્મળ કરનાર.He who makes holy ; the holy spirit.

Sanctimonious, *a.* (સૅંક્ટિમોનિયસ્) પાકી ભક્તિનું ડોલ ઘાલનાર. Having the appearance of sanctity.

Ship-master, *n.* (શિપ્-માસ્ટર્) The master, captain or commander of a ship.

Ship-mate, *n.* (શિપ્મેટ) જોડે નોકરી કરનાર ખલાસી. One who serves on board the same vessel as another.

Ship-wreck, *n.* (શિપ્-રેક્) વહાણનું ભાગવું તે, પુરેપુરો નાશ, સત્યાનાશ. The destruction of a ship. *v.t.* to ruin a ship by running ashore.

Shipper, *n.* (શિપર્) વહાણમાં માલ ભરનાર–ચઢાવનાર–મોકલનાર. One who places goods on board a ship for transportation.

Ship-shape, *ad.* (શિપ્શેપ) બરોબર, ઠીક કરીને, રીતસર.

Shipwright, *n.* (સિપરાઇટ્) વહાણ બાંધનાર નાકાદાર. A builder of a ships.

Ship-yard, *n.* (શિપ્યાર્ડ) વહાણ બાંધવાની -દુરસ્ત કરવાની જગ્યા, વાડો, ગોદી.

Shire, *n.* (શાયર or શિઅર્) પ્રગણું, તાલુકો, મહાલ ; જીલ્લો. A division of territory; a country.

Shirk, *v.t.*, *v. i.* (શર્ક) છટકી-નીકળી

જવું ; કામ કરવાના અખાડા કરવા. To avoid; to get off from duty.

Shirt, *n.* (શર્ટ) ખમીસ, અંદરનું પેહેરણ. A man's under linen garment.

Shiver, *n.* (શિવર્) ચુરી, કકડો ; ધ્રુજારો, કંપારો. *v. i.* ચુરે ચુરા થઇ જવા. *v. t.* ચુરેચુરા કરી નાંખવા. A little piece; to fall at once into many small pieces; to shatter; to dash to pieces. ધ્રુજવું, કાંપવું; થરથરવું, to be affected with a thrilling sensation like that of chilliness. *n.* a shaking fit.

Shoal, *n.* (શોલ્) ઝુંડ, ટોળું; દરિયામાં છાછરા પાણીવાળી જગ્યા; રેતની ખડક. A crowd; a great multitude; a place where the water of a river is shallow; a sand bank or bar.

Shock, *n.* (શૉક્) આંચકો, ધક્કો; કોઇ વાતથી દિલમાં લાગેલો ઝટકો-જખમ; ગંજી. *v.t.* ધક્કો-હડસેલો મારવો; કમકમાટ ઉપજાવવો. A sudden shake; a violent concussion; to shake with violence; to strike as with horror or disgust.

Shocking, *a.* (શૉકિંગ્) કમકમાટ ભરેલું, દિલ દુખાવે એવું. Affecting with horror or disgust.

Shoe, *n.* (શૂ) જોડો, પગરખું; (of animals) નાળ, *v.t.* નાલ બાંધવી-જડવી; wooden, *s.* પાવડી. A covering or protection for the foot, usually of leather; a plate or rim of iron nailed to the hoof of a horse or an ox;—maker, મોચી, One who makes shoes & boots.

Shoot, *n.* (શૂટ્) નહાનો ફણગો-પીલો; કુમળો રોપ; *v.t.* (an arrow, a gun, a bullet, &c.) છોડવું, મારવું, તીર ગોળીથી મારવું;-માંથી ફુટવું-નીકળવું; ઉગવું; -માંથી સરર નીકળી જવું, તીરની માફક સપાટામાં જવું. *v.i.* બંદુક મારવી-ફોડવી; સણકો-ચસકો આવવો; આગળ નીકળી પડવું,-વધવું. A young branch or plant; *v.t.* to kill by a ball, arrow or other thing shot; to push forth or out; to emit; to pass through with swiftness; to let off; *v.i.* to discharge a gun; to feel a quick darting pain; to jut,-ing, *n.* છોડવું-મારવું તે, બંદુકવતી શિકાર કરવો તે. Act of discharging fire arms.

Shooting-star, *n.* (શૂટિંગ્સ્ટાર્) ખરતો-પડતો તારો. Falling stars.

Shop, *n.* (શૉપ્) દુકાન, હાટ; *v.i.* માલ હોરવા દુકાને જવું, A building or room, in which goods, wares, &c., are sold by retail;-keeper, *n.* દુકાનદાર, one who sells goods in a shop or by retail.

Shop-lifting, *n.* (શૉપ્લિફ્ટિંગ્)દુકાનમાં ચોરી. Theft from a shop.

Shopping, *p.p.*, *n.* (શૉપિંગ્) માલ હોરવા દુકાને દુકાને ફરવું. Act of visiting shops for the purchase of goods.

Shore, *n.* (શોર્) કીનારો, કાંઠો; તીર, તટ. The coast or land adjacent to the ocean or sea.—less, *a.* કિનારા વગરનું, અપાર, ઘણું વિસ્તીર્ણ.

Short, *a.* (શૉર્ટ) ટુંકું, થોડું; થોડા દિવસનું; ટુંક વખતનું, ટુંકું, ઠિંગણું; પુરૂં નહી પડે એટલું; ટાંચું; સંક્ષેપ; *n.* સાર, ટુંકામાં સારાંશ; *ad.* એકદમ, અધવચ, Not long; not extended in time; not of long duration; deficient; scanty; laconic; brief; *n.* a summary account, to stop s. એકદમ અચકવું;—to sell s. વાયદે વેચવું.

Short-coming, *n.* (in duty) કસુર, ખોડ, ખામી. A failure of full performance, as of duty.—dated, *a.*

Having little time to run.—en, *v.t.* કમી-થોડું-ન્હાનું કરવું ; ઘટાડવું ; to lessen ; to curtail ; to reduce in extent. *v.i.* to contract, સંકોચાવું.—hand, *n.* સંક્ષેપમાં-થોડા અક્ષર કે ચિન્હમાં લખવાની કળા. A compendious method of writing; otherwise called stenography.-lived, *a.* ટુંકા આવરદાનું; અલ્પાયુષી. Not living or lasting long.—ly, *ad.* જલદીથી, થોડા વખતમાં. Quickly; soon.—sighted, *a.* કોતા નજરનું, દુર નહી જોઇ શકે એવી આંખવાળું; કોતા અંદેશી; વગર વીચારનું. Near sighted, inconsiderate.—winded, *a.* દમીએલ. Having a quick respiration.

Shot, *n.* (શાટ્) હીસ્સો, ગોળી; છરા; ગોળી; તીરનો ટપ્પો પહોંચે એટલી જગ્યા; નીશાન તાકનાર; આબાદ ગોળી મારનાર. Charge or proportional share of expense, &c.; a bullet ; a missile weapon ; a marksman.

Shoulder, *n.* (શોલ્ડર્) ખભો, ખાંધ; *v.t.* ખભેવતી હડસેલો મારવો. The joint by which the arm of a human being, or the fore-leg of a quadruped is connected with the body. To take upon the s. ખભે ઉચકવું. To push or thrust with the shoulder.

Shoulder-blade, *n.* (શોલ્ડર્બ્લેડ્) ખભાનું હાડકું. The broad bone of the shoulder.

Shoulder-knot, *n.* (શોલ્ડર નૅાટ્) ખભા ઉપર આવી રહે એવો કસબ કે ફીતનો ગુચ્છો. An ornamental knot of ribbon or lace worn on the shoulder.

Shout, *v.t.* (શાઉટ્) *n.* બુમ પાડવી, પોકાર મારવો; આરડવું; બુમ ; પોકાર ; શોહર. To cry out. *n.* a loud burst of voice.

Shove, *n.* (શવ્) ધક્કો, આંચકો. *v.t.* હડસેલવું; હડસેલો મારવો. The act of pushing; to push ; to urge.

Shovel, *n.* (શવ્લ્) પાવડો, *v.t.* પાવડેથી ઉલેચી કાઢવું. An instrument consisting of a broad scoop with a handle used for throwing earth, &c., *v.* to take up and throw with a shovel.

Show, *n.* (શો) તમાસો, ખેલ ; દમામ, થાટમાટ ; ઉપરથી શોભા ; આકાર ; સ્વરૂપ. *v.t.* દેખાડવું ; નજરે પાડવું; રસ્તો બતલાવી લઇ જવું. (to s. a person into a room બતલાવી-દેખાડી આપવું). A spectacle; exhibition ; sight ; ostentatious display or parade ; semblance ; likeness; *v.* to exhibit; to view; to usher; to prove; to manifest.

Show-bill, *n.* (શોબિલ્) દુકાનને બારણે વગેરે ચોટાડવાનો કાગળ.

Showy, *a.* (શોઇ) ડોલદાર, ઢોંગી ; રોફદાર. Splendid, ostentatious, gaudy.

Shower, *n.* (શાઉઅર્) માવઠું, ઝાપટું, વરસાદની ઝડી ; *v.t.* વરસવું, વરસાદ પડવો. A fall of rain ; liberal distribution ; to rain; to wet, to distribute or scatter in abundance.

Shower-bath, *n.* (શાઉઅર-બાથ્) ઉપરથી પાણી પડે એવી નાહવાની જગ્યા.

Shred, *n.* (શ્રેડ્) ચિથરૂં, ચીપ ; ટુકડો. *v.t.* A small piece cut off; *v.* to cut into small pieces.

Shrew, *n.* કર્કશા ; કોકટ ; વાઉ; ઝોરાંમારશી ; A peevish woman; a scold; a termagant.—ish, *a.* વઢકારૂં ; કર્કશા જેવું.

Shrewd, *a.* (શ્રુડ્) હોશિયાર, લાંબી નજરવાળું. Sagacious; subtle ; acute (L. *scrutor* to examine thoroughly)

Shrick, *v.i.* (શ્રિક્) ચિચાડી-ચીસ પાડવી-મારવી. *n.* ચિચિયારી, ચીસ. To utter

a shrill cry; to scream; *n.* a scream. [piercing, as sound.

Shrill, *a.* (શ્રિલ્) બારીક, ઝિણું. Sharp;

Shrimp, *n.* (શ્રિમ્પ્) ઝીંગું, કોલમી; (dried છોલ્લા,) ઠીંગણો (તિરસ્કારમાં) A small crustaceous fish; a little wrinkled man.

Shrine, *n.* (શ્રાઇન) પેટી-દાબડો (ઘણુંકરી પવીત્ર ચીજો રાખવાનો, એપરથી કબર, ઘોર, મંદીર, દેહેરૂં, દેવળ.) A case or box in which sacred things are deposited; a reliquary, tomb, or altar. (L. *scrinium* chest).

Shrink, *v.i.* (શ્રિંક્) ચિમડાવું, સંકોચાવું; પાછું હઠવું, આંચકો ખાવો. (*v.t.* ચઢાવીદેવું, as to s. flannel પાણીમાં બોળીને ફ્લાલીનને ચઢાવીદેવી). To contract and become or make less; to decline action from fear; to cause to contract.—age, *n.* a contraction into a less compass.

Shrive, *v.t.* See Confess.

Shrivel, *v.t.*, *v.i.* (શ્રિવલ્) ચિમલાવી નાખવું, કરચલી લાવવી-પાડવી. To draw or be drawn into wrinkles; to contract.

Shroud, *n.* (શ્રાઉડ્) વસ્ત્ર, કફન, શબને ઓઢાડેલું લુગડું-ચાદર; આશ્રય, ઓથો; *v.t.* વસ્ત્ર-કફન ઓરાડવું; સંતાડવું. The dress of the dead; a winding-sheet, a shelter; *v.* to dress for the grave; to cover.

Shrub, *n.* (શ્રબ્) ન્હાનું ઝાડ, જડીબુટ્ટી; ગુલબુન. A bush; a small woody plant; a drink consisting of acid sweetened in spirit.

Shrubbery, *n.* (શ્રબરિ) છોડવાનો કિત્તો. A plantation of shrubs.

Shrug, *n.* (શ્રગ્) ખંભા મરડવા-મચકવાં તે; *v.i.* નાપસંદી જણાવવા ખભાં ઉચકવાં. A drawing up the shoulders; a motion usually expressing dislike or contempt.

Shudder, *n.* (શડર્) કંપારો, કમકમી; *v.i.* ધ્રુજવું; ભાસવું. A tremor; to quake, to tremble.

Shuffle, *v.t.* (શફલ્) ધાલમેલ-ગોંધળ કરવું; (cards) ચિપી નાંખવું; ભેળભાલ કરવું, મકરબાજી રમવી; ઉડાવવું. *n.* પેચ, ઉડાવવાની વાત. To push from one to another; to throw into disorder; to change the position of cards; to evade; *n.* a trick; an artifice.

Shun, *v.t.* (શન્) દૂર રહેવું, તજવું; છોડી દેવું. To avoid; to try to escape.

Shunt, *v.t.* (શન્ટ) બાજુની રેલ ઉપર વાળવું; વાળીને બાજુપર લાવવું. To move a railway carriage from one line to another.

Shut, *v.t.* (શટ્) બંધ કરવું, ઢાંકવું; મીચવું. (To s. in, પૂરવું, ગોંધવું; to s. out, માંહે આવવાની બંધી કરવી; to s. up, વાસી મૂકવું, રોકવું,) *v.i.* બંધ થવું. To close; to bar; to exclude; to forbid entrance into; to be closed.—ter, *n.* બારણું, કમાડ, ઢાંકણું; ફરેડીઓ. A close cover for a window or aperture.

Shuttle, *n.* (શટલ્) વણકર-સાળવીનો કાંટલો. A weaver's instrument to carry thread.—cock, *n.* એક પ્રકારની પીછાના પૂછડાવાળી દડી. A cork stuck with feathers driven backwards and forwards by a battle-dore in a play.

Shy, *a.* (શાઇ) અતિશય શરમાળ, બીકણું; ભડકણ. *v.i.* ભડકીને પાછું હઠવું. *n.* ચમક. Coy; reserved; keeping at a distance.

Sibilant, *a.* (સિબિલંટ) સકારી, જેમાંથી 'સ' નો અવાજ ઘણો નિકલતો હોય તે (અક્ષર). Hissing (L. *sibilo* I hiss).

Sibyl, *n.* (સિબિલ્) (પુરાતન કાળમાં) ભવિષ્ય કહે એવી સ્ત્રી. A female gipsy or fortune-teller.

Sick, *a.* (સિક્) મોળ આવતી હોય તેવું, આજારી, બીમાર ; રોગી ; માદું ; કંટાળેલું. Affected with disease of any kind ; indisposed ; not well; ill; disgusted ;—bed, *n.* મંદવાડનો ખાટલો ; A bed to which one is confined by sickness.—en, *v.t.* દુખમાં પાડવું ; કંટાળો આપવો. *v.i.* ચીંતાથી-કમકમાટ ઉપજવો. to make sick; to disgust ; to be filled with aversion or abhorrence.—ly, *a.* રોગી, માંદું, નબળું; not healthy.—ness, *n.* મંદવાડ, રોગ, મરજ, આજાર. State of being diseased ; illness.

Sickle, *n.* (સિકલ્) દાતરડું, કોયતું. A reaping hook. (L. *seco* I cut).

Side, *n.* (સાઇડ) બાજુ, પાસું, તરફ, ગમ, હાથ ; પક્ષ ; પડખું; કાંઠો. *a.* બાજુનું; *v.i.* તરફેન ધરવી-પકડવી. The margin of a surface ; edge ; border; direction or point of a compass; party. *a.* being on the side ; lateral ; *v.* to take the same side with another.—board, *n.* જમવાનો સામાન મેલવાની ખાનાદાર ટેબલ. A side table for holding dining untensils &c.—long, *a.* ત્રાંસુ, આડું, lateral, oblique,-ways, sidewise, *ad.* એક તરફ, બાજુથી, પડખેથી. On or toward one side.

Siding, *n.* (સાઇડિંગ્) લોઢાની સડકનું પડખુ-ફાંટો. The turn out or place of passing on a railway.

Sideral, *a.* (સાઇડીરલ્) તારા,-ગ્રહ સંબંધી. Pertaining to stars. (L. *sidus* a star).

Siege, *n.* (સીજ) ઘેરો. A besetting with troops. (L. *sedeo* I sit).

Sieve, *n.* (સીવ) ચાલણી, ચારણી ; ઝારો. A vessel or utensil for separating flour from bran, or other smaller particles of any substance from the larger.

Sift, *v.t.* (સિફ્ટ્) ચાળવું, છાંણવું ; બારીક નજરથી તપાસીને જેવું. To separate by a seive ; to scrutinize.

Sigh, *n.* (સાઇ) નિસાસો, હાએ; ડસકું. *v.t.* નિસાસો નાંખવો-ભરવો, હાય મારવી. A deep or long breath made audibly as in grief ; to inhale & aspire a long breath audibly as from grief.

Sight, *n.* (સાઇટ્) દ્રષ્ટિ, દેખાવ, આંખ, દર્શન, તમાસો ; દેખાવ. (at s. તરત મુદતનું; to take s. ચોટ તાકવી.) View ; vision ; eye ; show ; spectacle; exhibition.

Sightly, *a.* (સાઇટ્લિ) મોખરા ઉપરનું, બહાર પડતું ; દેખામણું. Conspicuous; pleasing to the eye.

Sign, *n.* (સાઇન) નિશાની, ચિન્હ, લક્ષણ; ઇશારો, ચેતવણી ; હસ્તાક્ષર; *v.* શાન, ઇશારો-ચિન્હ કરવું ;-ઉપર સહી કરવી. A mark ; a character ; a motion ; action or gesture ; typical representation ; *v.* to make sign; to give a signal (L. *signum* a mark).

Signal, *n.* (સિગ્નલ્) નિશાન, શાન, સંકેત ; *a.* જાણવા જોગ ; *v.t.* સંકેતથી જાણવું-ચેતવવું,-ખબર આપવી. A sign to give notice ; *a.* remarkable ; memorable ; *v.* to mark with a sign; to communicate by signals —ize, *v.t.* નામીચું-પ્રસિદ્ધ કરવું. To make remarkable or eminent.

Signature, *n.* (સિગ્નેચ્યર) નિશાન, સહી, મતુ; હસ્તાક્ષર. A sign; name written. (L. *signum*).

Signet, *n.* (સિગ્નેટ્)મ્હોર, રાજાની ખાનગી-

મુદ્રા. A stamp; the seal used by the sovereign in sealing his private letters and grant.

Significance, *n.* (સિગ્નિફિકન્સ્) અર્થ, અભિપ્રાય; મર્મ; અગત્યતા. Meaning, import; consequence. *n.* importance. (L. *signum* a mark).

Significant, *a.* (સિગ્નિફિકન્ટ્) અર્થવાળું, સાર્થક; સુચક; દર્શક; અગત્યનું. Expressive of some fact or meaning; important. (L. *signum* a mark),

Signification, *n.* (સિગ્નિફિકેશન્) અર્થ, અભિપ્રાય; માયનો, આશય. Meaning by words or signs; import; sense.

Signify, *v.t.* (સિગ્નિફાઇ) ઇશારત-નિશાન કરવી; જણાવવું; સુચના કરવી.-અર્થ, -માયનો-ભાવાર્થ થવો;-બીસાદ હોવી-થવી. To make known; to point to; to mean; to import; to have consequence (L. *signum* a mark & *facio* I make).

Silence, *n.* (સાઇલન્સ) ચુપકીદી; શાંતાકાર; ખામોસી; સ્તબ્ધતા; શાંતી. *v.t.* ચુપ કરવું; મુગું રાખવું; કાયર કરવું. *interj.* ચુપ ચુપ. Stillness, muteness; quiet. *v.* To still; to appease (L. *sileo* I am silent).

Silent, *a.* (સાઇલન્ટ્) મુગું; છાનું; શાંત; સ્થિર. Still; mute; quiet.

Silk, *n.* (સિલ્ક) રેશમ; રેશમી કાપડ. *a.* રેશમી; હીરાગળ. The fine soft thread produced by the silkworm; *a.* consisting of silk;—worm, *n.* રેશમનો કીડો; worm that produces silk.

Silly, *a.* (સિલિ) નાદાન, ભોળું; અનાડી; બેવકુફ. Simple; foolish; stupid; shallow.

Silt, *n.* (સિલ્ટ્) કાંપ-કાદવ; કચરો. *v. t.* કાંપ-કચરાથી પુરવું. Deposit of mud.

Silvan, Sylvan, *a.* (સિલ્વન્) વન સંબંધી, જંગલને લગતું. Pertaining to woods (L. *silva* a wood).

Silver, *n.* (સિલ્વર્) રૂપું, ચાંદી; રૂપાનાણું, રૂપા જેવી વસ્તુ. A metal of a white colour, much used for coin, plate, &c. *a.* રૂપાનું બનેલું.

Silver-leaf, *n.* (સિલ્વર્લીફ્) રૂપાનું પાનું, વરખ,—smith, *n.* સોનાર. સોની One who works in silver.

Silvery, *a.* (સિલ્વરિ) રૂપા જેવું સફેદ, રૂપેરી. Like silver.

Similar, *a* (સિમિલર્) સરખું, મળતું, એકસાન. Like; resembling; having like qualities (L. *similis* like). [બરોબરી. Resemblance.

Similarity, *n.* (સિમિલૅરિટિ) સરખાપણું,

Simile, *n.* (સિમિલી) દાખલો, ઉપમા, અલંકાર. Likeness; similitude.

Similitude, *n.* (સિમિલિટ્યુડ) મળતા-સરખાપણું, આકાર; તુલના. Comparison; similarity. (L. *similis*).

Simmer, *v.i.* (સિમર્) ધીમે ધીમે ઉકળવું, શણ શણવું; ખદ્ખદવું. To boil gently.

Simony, *n.* (સિમોનિ) પાદરીની જગો રૂશવત ખાઇ વેચવા-લેવા સંબંધીનો અપરાધ. The buying or selling of church preferment.

Simoon, *n.* (સિમૂન્) એક જાતનો વાયુ. A suffocating wind in Arabia.

Simper, *v.i.* (સિમ્પર્) નાદાની ભરેલી રીતે હસવું. To smile in a silly manner.

Simple, *a.* (સિમ્પલ્) સાદું, શુદ્ધ, સેહેલું; અમસ્થું, ફકત; ભોળીઉં; મૂર્ખ; *n.* શુદ્ધ પદાર્થ; વનસ્પતી. Plain; artless; not compounded; silly; not wise; *n.* something not mixed.—ton, મૂર્ખો, ભોળાભાઇ; અનાડી. (L. *sine* without, & *plico* I fold).

Simplicity, *n.* (સિમ્પ્લિસિટિ) સાદાઇ; નીખાલસપણું; શુદ્ધતા. Plainness; artlessness; clearness.

Simply, *ad.* (સિમ્પ્લિ) ફક્ત ; કેવળ ; સેહેજ ; સાદી રીતે ; સ્પષ્ટતાથી ; મૂર્ખાઇથી Only ; merely ; plainly ; without subtilty ; foolishly.

Simulate, *v.t.* (સિમ્યુલેટ) ઢોંગ-ડોળ-દેખાવ ધરવો-કરવો; ઉપરથી દેખાડવું. To feign ; to assume the mere appearance of without the reality. (L. *similis* like).

Simultaneous, *a.* (સાઇમલ્ટેનિઅસ્) એકજ વખતે ; એકજ સમયે બનેલું; સમકાલિક. Being at the same time. (L. *simul* at once).

Sin, *n.* (સિન્) પાપ, કુકર્મ ; અઘોર ; ગુનાહ; *v.t.* પાપ-ગુન્હો કરવો ; કુકર્મ કરવું. Any wilful violation of a divine law or neglect of a known rule of duty ; transgression ; to depart knowingly from a rule of duty. —ful, *a.* અધર્મી ; પાપ ભરેલું. guilty of sin. —ner, *n.* પાપી, પાપ કરનાર.

Since, *pre. ad.* (સિન્સ) જ્યારથી, ત્યાર પછી ; ત્યાર પછી ; યાંહાંથી ; ઉપર, થયાં ; *con.* કારણકે, એમ છે તેથી. After ; from the time of ; ago ; past ; before this ; seeing that ; because that.

Sincere, *a.* (સિન્સીઅર) ખરૂં, નિષ્કપટ ; સાફ દિલ. True ; undissembling ; honest. —ly, *ad.* ખરા દિલથી ; દિલોજાનથી. honestly.(L. *sine* without, *cera* wax).

Sincerity, *n.* (સિન્સેરિટિ) સચ્ચાઇ ; નિષ્કપટીપણું ; શુદ્ધભાવ ; Honesty of mind or intention ; freedom from disguise.

Sine, *n.* (સાઇને) જ્યા (ભૂમિતિમાં) A geometrical line drawn from one end of an arc perpendicular to the diameter drawn through the other end. (L. *sinus* a curved surface).

Sinecure, *n.* (સાઇનિક્યુર) વગર કામે ઘરબેઠાં આવકલયા કરવી તે; An office which has revenue without employment. (L. *sine* without *cura* care).

Sinew, *n.* (સિન્યુ) નસ, સ્નાયું ; વીર્ય. A tendon ; strength; nerve.

Sing, *v.t.* (સિંગ્) ગાવું, ગાયન કરવું ; કીર્તિ ગાવી ; મધુર સ્વર કરવો. To enounce with musical modulation of voice ; to celebrate in verse.

Single, *a.* (સિંગલ્) એકલું, એકજ ; કુંવારૂં ; એકવડું ; છડો. *v.t.* ટારી લેવું ; ઓળખી કાઢવું. Alone ; one ; only; unmarried : not double; *v.* to separate; to select.—handed, *a. ad.* એકલું, છડું ; એકલે હાથે-જાતે.—hearted, *a.* નિખાલસ ; ભોળું, ખરા ભાવવાળું. ness, *n.* એક ભાવ ; એકલાપણું. Simplicity ; the state of being alone.

Singly, *ad.* (સિંગ્લિ) પ્રત્યેક, દરેક ; એકલું; Individually, ; only.

Singular, (સિંગ્યુલર્) એકલું, એક વચનનું અસાધારણ ; અનુપમ ; વિચિત્ર ; પ્રખ્યાત. Alone ; not plural ; unusual ; rare ; odd; remarkable ; eminent.

Sinister, *a.* (સિનિસ્ટર્) ડાબું, ડાબી તરફનું; અશુભ-અમંગળ ; ખરાબ ; ખોટું ; કપટનું. Left ; on the left hand ; evil ; bad ; corrupt ; unlucky.

Sink, *v.t.* (સિન્ક) ખોદવું ; બુડાડવું ; ઘટાડવું ; સોસાવવું. *v.i.* ડુબવું, નીચે બેસવું-ઉતરવું ; ઘટવું, ગરક થવું. *n.* ખાળ, ગટર. To make by digging; to depress ; to put under water ; to immerse in fluid ; to diminish ; to subside ; to go to the bottom; *n.* a drain to carry off filth.

Sinuous, *a.* (સિન્યુઅસ્) પેચદાર, સાપના જેવું વળેલું. Winding in and out.

Sip, *v.t.* (સિપ્) ચાખી ચાખીને પીવું; બચકે બચકે પીવું; ફડકો મારવો. *n.* હોઠથી જરા પીધેલો ઘુંટડો. To draw into the mouth and drink in small quantities.

Sir, *n.* (સર્) સાહેબ, જી, ખુદાવંદ. A word of respect used in address to men; the title of knight or baronet.

Sire, *n.* (સાયર) બાપ, પિતા; મહારાજ; માબાપ. An elderly person; a father; a male parent of a beast, particularly used of a horse. (L *senior* an elder).

Siren, *n.* (સાઇરિન્) મોહ પમાડનારી સ્ત્રી, મોહની; An enticing woman.

Sirname, *n.* (સર્નેમ) અટક-અડક, ઉપનામ. A family name.

Sirrah, *n. n.* (સિરાહ્) અરેઓ, ઢોંગો; હરામખોર. A term of reproach.

Sirup, Syrup, *n.* (સિરપ્) શીરો, રસ; ચાસણી. Sweetened juice of fruits.

Sister, *n.* (સિસ્ટર્) બેહેન, મઠમાં રહેનારી કુંવારી સ્ત્રી. (One of the same kind, or condition. જોડની વસ્તુ, સરખી.) A female born of the same parents.—hood, *n.* બેહેનપણું. A society of sisters.—in-law, *n.* નણંદ, સાળી; ભાભી. A husband's sister; a wife's sister; a brother's wife.—ly, *a.* બેહેન પ્રમાણે; બેહેન ને લાયક. Becoming a sister; like a sister.

Sit, *v.i.* (સિટ્) બેસવું; બેસી જવું; સેવવું; ઉઘડવું, (બેસવું. As a court sits in January);–up બેઠા રહેવું, જાગવું. To be placed; to rest on the feet; to brood.

Site, *n.* (સાઇટ) જગા, ઠેકાણું; સ્થળ. A situation; seat; local position.

Sitting, *n.* (સિટિંગ્) બેઠક, મેલાપ. A session.

Situate, *a.* } (સિટ્યુએટ) સ્થિત, બેસાડેલું,
Situated,,, } મુકેલું. Seated, placed, or standing with respect to any other object. (L. *situo* I sit).

Situation, *n.* (સિટ્યુએશન્) જગા, સ્થાન, ઠેકાણું; હાલત; દશા; ચાકરી. Site; station, location; state; case; post; office.

Six, *a.* (સિક્સ્) છ, ૬. Twice three.

Sixteen, *a.* (સિક્સટીન્) સોળ, ૧૬. Six and ten.—th, સોળમું; સોળાંશ. The ordinal of sixteen.

Sixty, *a.* (સિક્સ્ટિ) સાઠ. Six times ten.

Sizar, *n.* (સાઇઝાર્) કેમ્બ્રીજની યુનિવર્સિટિમાં સૌથી છેલો વિદ્યાર્થી જેને રોજ મફત જમવાનો ને ભણવાનો હક્ક હોય છે. A student of the lowest rank at the university of Cambridge, who eats at the public table, after the fellows, free of expense.

Size, *n.* (સાઇઝ) કદ, પરિમાણ; વડ; એક જાતનો પાતલો સરસ; ખળ. Bulk; a glutinous substance.

Skein, Skain, *n.* (સ્કેન) આંટી, દોરાની કુકડી; ગુંડિયું, ફાળું. A knot or number of knots of thread, yarn or silk.

Skeleton, *n.* (સ્કેલિટન્) હાડપિંજર, હાડકાનો માળો; ખોખું. The bones of an animal in their natural position, without flesh.

Sketch, *n.* (સ્કેચ્) હદ બતાવતી લીટીઓથી જે આકાર બતાવવો તે; નકશો; ચીત્ર. *v.t.* આંકવું, દોરવું; મુખ્ય, મુખ્ય વાત કહેવી. An outline; rough draft; *v.* to draw the outline.

Skiff, *n.* (સ્કિફ્) નાનો મછવો, હોડી. A small boat; a yawl.

Skill, *n.* (સ્કિલ્) યુક્તિ, ચતુરાઇ; હાથ કસબ; હુનર. Art, dexterity; expertness; ability to execute; knowledge.

Skilful, *a.* (સ્કિલ્ફુલ્) ચતુર, કુશળ; હુનરમંદ. Dexterous in any art or science.

Skim, *v.t.* (સ્કિમ્) સપાટી ઉપર બંધાએલી થરી; છારી-કચરો કહાડવો; ઉપર ઉપરથી. અડકીને જવું. *v.i.* ઉપર ઉપરથી ધીમે ધીમે ચાલવું. To take of the scum; to pass near the surface; to glide along without flapping.

Skin, *n.* (સ્કિન્) ચામડું, ચર્મ; ખાલ; છાલ; *v.t.* ચામડું ઉખેડી કાઢવું; છોલવું. The covering of the flesh; a hide; the bark or husk of a plant; *v.* to strip off the skin; to play.—ny, *a.* દુબળું, ચામડાં ચોટી ગએલું. Thin, lean.

Skip, *v.i.* (સ્કિપ્) કુદવું, ઉડવું; છલાંગ મારવી; *v.t.* છોડવું. To leap lightly; to bound; to pass over or by.

Skipper, *n.* (સ્કિપર્) ન્હાના વેપારી વહાણનો ટંડેલ. Master of a small vessel.

Skirmish, *n.* (સ્કર્મિશ્) ઝડપા ઝડપી; કજીઓ; લશ્કરની ન્હાની ટુકડીઓની સેહેજ લડાઇ. A slight battle.

Skirt, (સ્કર્ટ) કમાન, ઘેર; હદ, સીમા; *v.t.* હદ કરવી; હદપર-કિનારે વસવું. A border; the edge of any part of dress; margin; *v.* to form the border or edge of; to live near the extremity.

Skittish, *a.* (સ્કિટિશ્) બીહકણુ, શરમાળ; ઉડાઉ; ઢંગ વગરતું, વાએલ; અસ્થિર. Timid; shy; wanton; fickle.

Skull, *n.* (સ્કલ્) માથાની ખોપરી; (-cap, ટોપી.) Bone that incloses the brain

Sky, *n.* (સ્કાઇ) આકાશ, આસ્માન; આભ. The aerial region which surrounds the earth;—light, અજવાળું; છાપરાંમાં ઉપરથી અજવાળું આવવાને મુકેલી બારી. A window in a roof;—rocket, *n.* ફોડવાની હવાઇ. A species of fire works.

Slab, *n.* (સ્લૅબ્) શિળા, પથ્થરની છાટ; પાટ. A table of stone; outside piece of sawed timber.

Slack, *a.* (સ્લૅક્) ઢીલું, સુસ્ત; મંદ; નરમ. Relaxed; remiss; not fully employed in business.—en, *v.t.* ઢીલું કરવું, નરમ પાડવું; *v.i.* નરમ-ઢીલું પોચું થવું. To loosen; to relax; to be slack. [dross of metal.

Slag, *n.* (સ્લૅગ્) ધાતુનો કચરો-મેલ. The

Slake, *v.t.* (સ્લેક્) બુઝવવું, છીપાવવું; હોલવવું; મટાડવું; પાણી નાંખવું. To extinguish; to quench, as thirst; to saturate lime with water.

Slander, *n.* (સ્લૅન્ડર્) ચુગલી; અપવાદ; નિંદા; *v.t.* જુઠી બદગોઇ; નિંદા કરવી. False reports maliciously uttered; *v.* to injure by false report.—er, *n.* ખોટી ચાડી-નિંદા-કરનાર. One who slanders.—ous, *a.* ચુગલીખોર; નિંદા-બદગોઇનું ભરેલું. Defamatory.

Slang, *n.* (સ્લૅંગ્) હલકી-નીચવર્ણી બોલી; Low unmeaning language.

Slant, *a.* (સ્લૅન્ટ્) ત્રાંસું; નમતું-ઢલતું; *v.t.* તીરકસ-વાંકું કરવું. Oblique; sloping; to give a sloping direction to.

Slap, *n.* (સ્લૅપ્) ધોલ, તમાચો; થપડાક; *v.t.* થપડાક-ધોલ મારવી. A blow with something flat; *v.* to strike with open hand.

Slash, *n.* (સ્લૅશ્) લાંબો કાપો, ઘાટ; *v.t.*

જોરથી આમ તેમ મારી કાપી નાંખવું. A long cut; *v.* to cut at random.

Slate, *n.* (સ્લેટ) એક જાતની પથ્થરની પાટી; "સ્લેટ" પથ્થરની પાતળી કાપેલી ચીરો; તકતી. A stone which readily splits into plates; a piece of smooth stone used for writing on.

Slaughter, *v.t.* (સ્લૉટર્) કતલ કરી-મારી નાંખવું તે; *v.t.* કાપાકાપી-કતલ કરવી; ઘાત કરવું. Slaying; a killing; *v.* to kill; to butcher.—house, *n.* પ્રાણી પશુ મારવાની જગ્યા.

Slave, *n.* (સ્લેવ) ગુલામ, દાસ. A person who is wholly subject to the will of another; a bond man.—ry, *n.* ગુલામગીરી. Bondage, servitude.

Slaver, *n.* (સ્લેવર્) વેચવાને માટે એક દેશથી બીજે દેશ ગુલામ લઇ જનારૂં વહાણુ, મોહો-માંથી નીકળતી લબ-લાળ-હોજ. A ship employed in the slave-trade; spittle or saliva drivelling from the mouth.

Slay, *v.t.* (સ્લે) જલે કરવું, મારી નાંખવું. To slaughter, to murder.—er, કતલ કરનાર.

Sled, sledge, *n.* (સ્લેજ) બરફ ઉપર ચલાવવાની વગર પઇડાંની ગાડી, હથોડો. A sort of vehicle to be drawn without wheels; a large hammer. [કચકતું. Smooth, glossy.

Sleek, *a.* (સ્લીક્) સુંવાળું, સાફ; લીસું, ચ-

Sleep, *n.* (સ્લીપ્) ઉંઘ, નિદ્રા; *v.i.* ઉંઘવું, સુવું, ગાફેલ રહેવું. Repose, slumber; *v.* to rest with voluntary powers suspended.-y, *a.* ઉંઘાએલું. Drowsy

Sleet, *n.* (સ્લીટ્) ઝીણા હીમ કે કરા ભેગો વરસાદ. Rain and snow falling.

Sleeve, *n.* (સ્લીવ) બોહે, બાંય. The covering of the arm; to laugh in the s. ગાલમાં હસવું.

Sleight, *n.* (સ્લાઇટ્) હાથ ચાલાકી, ચતુરાઇનો ખેલ. An artful trick; dexterity.

Slender, *a.* (સ્લેન્ડર્) પાતલું, કુમળું; નાજુક; પોચું; હલકું. Thin, weak; not strong; small in the waist; spare.

Slice, *n.* (સ્લાઇસ) ફાટ, ચીર, કાતરી; *v. t.* કાતરી કરવી-પાડવી. A thin broad piece cut off; *v.* to cut into thin pieces.

Slide, *v.i.* (સ્લાઇડ) સરવું, ઢલી જવું; લપસવું; *n.* લીસો રસ્તો. To glide; to slip; *n.* a smooth easy passage.

Sliding-scale, *n.* (સ્લાઇડીંગ-સ્કેલ) જેમાં વધઘટ થયા કરે એવો નીયમ.

Slight, *a.* (સ્લાઇટ્) આછું, હલકું; સેહેજ; તુચ્છકાર. *v.t.* તુચ્છકારવું; અનાદર કરવો. Faint, trifling; negligent; *v.* to disregard from the consideration that a person or thing is unworthy of notice.—ly, *ad.* થોડું, બેદરકારીથી; હલવે રહીને. In a small degree; without regard.

Slim, *a.* (સ્લિમ્) પાતળું, ખાલી. Slender, weak.

Slime, *n.* (સ્લાઇમ્) કિચડ; પોચી ભીની માટી. Viscous mud; a glutinous substance.

Slimy, *a.* (સ્લાઇમિ) ચીકણું. Glutinous.

Sling, *n.* (સ્લિંગ્) ગોફણ, સીકું; ઝપાટો; જખમાએલો હાથ રાખવાની ઝોલી. *v.t.* ગોફણ ફેંકવી-મારવી; સીકામાં ટાંકી મુકવું; ઝોલીમાં લટકતું રાખવું. An instrument for throwing stones; a stroke; a kind of hanging bandage put round the neck in which a wounded arm is sustained; *v.* to throw or cast to hang so as to swing.

Slink, *v.i.* (સ્લિંક્) ચોરીથી-સંતાઇને જતા રહેવું; અધુરે જણવું-જવું. To sneak away; to miscarry.

Slip, *n.* (સ્લિપ્) ભૂલ, ગોથું; કલમ; રોપવાને માટે કાપેલી ન્હાની ડાલ; ચીપ; ચીંથડી; ચીર; *v.i.* લપશી જવું, ચુકવું; છાનુમાનું સટકી જવું-જતું રહેવું *v.t.* ખોવું, ચોરીથી છાનુમાનું નાખવું; છુટું મુકવું; મોકળું કરવું; ઉતાવળે પેહેરી લેવું. An unintentional mistake; a twig; a long narrow piece; *v.* to slide; to sneak; to err; to convey secretly; to loose;—knot, *n.* સરકીઉં, સરગાંઠ.—Shod, *a.* ખડા વગરના જોડાવળું; રીતભાતમાં ઢંગ વગરનું. Careless in manner or style.

Slipper, *n.* (સ્લિપર્) લપસણું, લીસું, ફરી જાય એવું, અસ્થિર. Smooth; unstable.

Slip-slop, *n.* (સ્લિપ-સ્લૅાપ્) ખરાબ દારૂ; દમ-જીવ વગરનું. Bad or insipid liquor.

Slit, *v.t.* (સ્લિટ્) ચીરવું, ફાડવું; કાપી લાંબા કકડા કરવા. *n.* ચીર; ફાટ; કાપ. To cut length-wise; a long cut.

Sloats, *n.* (સ્લોટસ્) ટેકણને માટે આડા જડેલા લાકડાના કટકા.

Sloop, *n.* (સ્લૂપ્) એક શઢનું નાનું વહાણ. A vessel having one mast only.

Slop, (સ્લૅાપ્) પાણી ઢોળાએલી-મેલી જગ્યા. Water carelessly split or thrown about on a floor; a puddle.

Slope, *n.* } (સ્લોપ્) ઢાલ, ઢળતી જગ્યા;
Sloping, „ } ઉતરણ. A declinity; *v.t.* ઢલતું કરવું. To incline.

Sloth, *n.* (સ્લોથ્) સુસ્તી, આળસ; એક જાતનું મંદ જાનવર. Laziness; idleness; tardiness; a slow moving animal.–ful, *a.* સુસ્ત, આળસું, મંદ. Lazy, sluggish. [A miry place.

Slough, *n.* (સ્લાઉ) દલદલ, કાંપવાળી જગ્યા.

Slough, *n.* (સ્લફ્) સાપની ઉતારેલી કાંચળી, ગુમડાં ઉપરનું મરેલું ચામડું. The cast skin of a serpent, &c.; the dead part of skin or flesh.

Sloven, *n.* (સ્લવન્) ગલીચ, ફુવડ. A person careless of dress and cleanliness;—ly. *a.* ગંદુ, મેલું.

Slow, *a.* (સ્લો) ધીમું, હળવું; મંદ. Not quick; dull;—ly, *ad.* હળવે હળવે; ધીમે ધીમે. Not early; not hastily.

Slug, *n.* (સ્લગ્) એક જાતની ગોકળ ગાય; સીસા-લોઢાનો ન્હાનો કડકો. A kind of snail; a small bullet discharged from a gun.

Sluggard, *n.* (સ્લગાર્ડ) એદી, ઓયડ-ઉંઘરેટું માણસ. A person habitually lazy.

Sluggish, *a.* (સ્લગિશ્) આળસુ, મંદ, જડ. Inactive; dronish; slow.

Sluice, *n.* (સ્લુસ) પાણી જવાનો દરવાજો-રસ્તો. An opening through which water flows. (L. *claudo* I shut).

Slumber, *n.* (સ્લમ્બર્) નિંદ્રા, ઉંઘ; સેહેજ ઝોકું ખાવું તે. Light sleep; repose.

Slur, *n.* (સ્લર્) કલંક, એબ; કાળી ટીલી. *v.t.* કલંક-બટ્ટો લગાડવો; છુપાવવું. (He slurs his crimes. તે પોતાના અપરાધ છુપાવેછે). Disgrace; a black mark; *v.* to contaminate; to disgrace.

Slut, *n.* (સ્લટ્) ફુએડ સ્ત્રી. A woman who neglects dress and neatness.

Sly, *a.* (સ્લાઇ) પક્કું-પેચવાળું; કાવાદાવાવાળું. Artful; cunning.—ly, *ad.* નજર ચુકવીને, લુચ્ચાઇથી. Craftily.

Smack, *n.* (સ્મૅક્) સ્વાદ, સડાકો; હોઠથી વગાડેલી ટુચકારી; અવાજ કરીને લીધેલી બોકી; *v.* ટચકારી મારવી; બચ્ચી કરવી; સ્વાદ હોવો. A taste; a noise made by the lips; a sharp noice in

kissing; to kiss with a sharp noise; to crack; to kiss.

Small, *a.* (સ્મૉલ્) ન્હાનું, થોડું; તુચ્છ; ઝીણું. Little; not great; petty; minute.

Small-pox, *n.* (સ્મૉલપૉક્સ્) સહિઍડ, શીતળા માતા; કાકાબળિયા. An eruptive cutaneous disease.

Smart, *a.* (સ્માર્ટ) ચાલાક, ચંચળ; તીવ્ર; તિખ્ખું; નોકદાર; તાજો; *v.i.* લાહ્ય બળવી; ચરચરવું; દુખવું. Quick; active; pungent; sharp; *v.* to have a keen pain.

Smash, *v.t.* (સ્મૅશ્) ચુરેચુરો કરવો, કચરી નાંખવું; *n.* કચ્ચર ઘાણ. To dash to pieces. *n.* a breakage.

Smatter, *v.i.* (સ્મૅટર્) વગર સમજે ભરડવું-બકવું; ઉપર ચોટીયું જ્ઞાન હોવું. To talk superficially; to have a superficial knowledge. —er. *n.* ઉપર ચોટીઆ જ્ઞાનવાળો, a person of superficial knowledge.—ing, *n.* ઉપર ટપેનું જ્ઞાન-માહિતગારી, a slight knowledge.

Smear, *v.t.* (સ્મીઅર્) ચિકણી વસ્તુથી ખરડવું-મસળવું; લીપવું; લેપ ચહડાવવો; ડાઘ લગાડવા. To over spread with grease or anything adhesive; to soil.

Smell, *n.* (સ્મેલ્) સ્વાસ ઇંદ્રિ, ગંધ; વાસ; બો; *v.t.* સુંઘવું; વાસ લેવો; વાસથી જાણવું, જાણી જવું; *v.i.* વાસ આવવી–નીકળવી. The power of smelling; odour; *v.* to perceive by the nose; to have a particular scent.

Smelt, *v.t.* (સ્મેલ્ટ) ધાતુનો રસ કરવો, ધાતુ ગાળવી. To melt ore.

•Smile, *v.i.* (સ્માઇલ) મ્હો મલકાવવું, હસવું; ખુશકારક હોવું; પ્રસન્ન થવું. *n.* મ્હોનો મલકાટ; મંદહાસ્ય; મેહેર. To laugh slightly; to sneer; to look gay and joyous; to favour; *n.* a look of pleasure or kindness.

Smirk, *v.i.* (સ્મર્ક) ઢોંગ કરી ઘણી મેહેરબાની દેખાડવી. To look affectedly soft or kind.

Smite, *v.t.* (સ્માઇટ) મારવું, મારી નાંખવું; –પરાજ્ય કરવો; ખડી નાંખવું; ભયભીત કરી નાંખવું. To strike; to kill; to beat in battle; to knock; to strike with passion or with fear.

Smith, *n.* (સ્મિથ્) લુહાર, હથોડાથી ઘડનાર. One who works in iron; one who forges with the hammer.

Smock-frock, *n.*(સ્મૉક-ફ્રૉક્) જાડા શણનો પેહેરવાનો ખેતીના મજુરનો જભ્ભો-કુરતો. A coarse linen shirt worn over by farm-labourers.

Smoke, *n.* (સ્મોક) ધુમાડો, ધુણી. *v.t.* ધુમાડો કરવો, (as tobacco) પીવું (હુકો પીવો). *v.i.* ધુમાડો નીકળવો, થવો. Exhalation from burning bodies; sooty vapour; *v.* to emit smoke; to apply smoke to; to use a pipe or cigar.

Smoky, *a.*(સ્મોકિ) ધુકરાયલું, ધુંઆધાર; ધુમાડાથી ભરાઇ ગયલું. Emitting smoke; fumid; filled with smoke.

Smooth, *a.* (સ્મૂથ્) લીસું, સુવાળું; સાફ; સરળ; સપાટ; નરમાસ ભરેલું. *v.t.* સુવાળું–લીસું કરવું; સરખું-સપાટ કરવું; ધીમું-નરમ પાડવું. Even on the surface; not rough; glossy; not undulatiug; mild; *v.* to make plan or even on the surface; to level.—ly, *ad.* શાંત રીતે;—ness, *n.* લીસાપણું.

Smother, *v.t.* (સ્મધર્) ગુંગળાવીને મારી નાંખવું, દાબી રાખવું; *v.t.* ગુંગળાઇ જવું. To choke; to suffocate or extinguish by closely covering; to be suffocated.

Smoulder, *v.i* (સ્મોલડર્) ધુંમાતું બલવું; કરમાઇ જવું. Burning and smoking without vent.

Smuggle, *v.t.* (સ્મગલ્) જકાત-દાણુ આપ્યા વગર લાવવું; દાણુચોરી કરવી. To convey clandestinely without paying the duties imposed by law. [One who smuggles.

Smuggler, *n.* (સ્મગ્લર્) દાણુચોરી કરનાર.

Smuggling, *n.* (સ્મગ્લિંગ્) દાણુચોરી. Offence of importing goods without paying the legal duties.

Smut, *n.* (સ્મટ્) મેશનો ડાઘ, કાજળ; અનાજના કણુસાં ઉપર થતો રોગ; નિર્લજ વચન. *v.t.* મેશથી ડાઘ પાડવો. Soot; foul matter; a disease in grain of a dirty black colour; obscene language; *v.* to stain; to blacken.

Snack, *n.* (સ્નૅક્) ભાગ, હિસ્સો. A share, part; (to go snacks, ભાગ હિસ્સો લેવો -પાડવો), (s. of food ઉતાવળથી કરેલો નાસ્તો).

Snaffle, *n.* (સ્નૅફલ્) જેર કડીવાળી એક જાતની લગામ. A nose-band; a bridle with a bit-mouth without branches.

Snail, *n.* (સ્નેલ્) ગોકળગાય, એદી-આળસુ માણુસ. A slimy, creeping animal; a drone. [ing reptile.

Snake, *n.* (સ્નેક્) સર્પ, સાપ. A creep-

Snap, *n.* (સ્નૅપ્) આંગળાંથી વગાડેલી ટચકારી, દાંતથી બચકું ભરવું તે; ચોરી; ચાબકાનો ફટકારો. *v.t.* એકદમ કડાક લઇને ભાંગવું. A crack; a sudden eager bite; a sharp noise; crack of a whip; to break at once.—pish, *a.* ચિરડાઉ, કરડકણું; વાંધાખોર, peevish; apt to snap.

Snare, *n.* (સ્નેર) જાળ, ફાંદો. *v.t.* ફાંસાજાળમાં પકડવું-સપડાવવું. A noose; any thing by which one to ensnare; *v.* to entangle.

Snarl, *v.i.* (સ્નાર્લ) ઘુરકવું, બડબડતું બોલવું. To growl.

Snatch, *n.* (સ્નૅચ્) ઝડપ, તરાપ; *v.t.* છિનવી લેવું; ખુંચી લેવું; ઝડપથી લેવું. A hasty catch; to catch at quickly and eagerly; to attempt to seize suddenly.

Sneak, *v.i.* (સ્નીક્) છાનામાના સંતાઇને સટકી જવું; આંખ ચોરાવવી; ચાપલુશી કરવી. To creep slightly; to behave meanly.—ing, *a.* ચાપલુસીખોર; નજરચોર. Mean; shy.

Sneer, *v.i.* (સ્નીઅર્) તિરસ્કાર-અપમાન કરવું; ટચકો કરવો. *n.* તિરસ્કાર; હાંસી. To contempt by laughing; *n.* a scornful look; a jeer.

Sneeze, *v.i.* (સ્નીઝ) છીંકવું. To emit air forcibly through the nose; *n.* છીંક. Audible sound.

Sniff, *v.i.* (સ્નિફ્) નાકવાટે દમ લેવો; નસકોરાં બોલે એ રીતે શ્વાસ લેવો. To draw air audibly up the nose.

Snip, *v.t.* (સ્નિપ્) કાતરવું, કાપી નાંખવું; વેતરવું; થોડે થોડે લેવું. To cut into small pieces; to slip; to nip.

Snivel, *n.* (સ્નિવલ્) નીંટ, લીંટ. Mucus running from the nose; *v.* લીંટ આવવું. [એવો ઢોંગ કરનાર હલકો માણુસ.

Snob, *n.* (સ્નૉબ્) સારા લોકોની મ્હોબત છે

Snore, *v.i.* (સ્નોર) ફુંફાડા મારવા; To breathe with a rough sound.

Snort, *n.* (સ્નૉર્ટ) ફુંફાડા મારવા, સુસવાટો કરવો. To force air through the nose with a noise.

Snot, *n.* (સ્નૉટ્) નીટ, લીંટ. Muscus discharged from the nose.

Snout, *n.* (સ્નાઉટ્) જનાવરનું લાંબું મ્હોડું —નાક વગેરે; પોલી ભુંગળીનો-નળીનો છેડો. The long projecting nose of a beast as that of swine; end of a pipe.

Snow, *n.* (સ્નો) બરફ, હીમ. Frozen vapour.—y, *a.* (સ્નોઇ) બરફવાળું, બરફ જેવું સફેદ, cohered with snow; white; pure.—drift, *n.* પવનથી ધસડાઇ આવેલો હીમનો ઢગલો. A bank of snow.

Snub, *v.t.* (સ્નબ્) છેડો કાપી નાંખવો; ધમકાવવું, તરછોડવું. To nip; to repremand; to slight designedly.

Snubnosed, *a.* (સ્નબ્નોઝ્ડ્) ચીબું, બેઠેલા નાકવાળું. Having a short or flat nose.

Snuff, *n.* (સ્નફ્) ગુલ, મોઘરો; તપખીર; છીંકણી; *v.t.* ગુલ કાતરવી; શ્વાસ લેવો; સુંઘવું. The end of the burnt wick; pulverized tobacco; *v.* to crop a snuff; to draw into the nose. To s. at રોસે ભરાવું;—ers, *n.* દીવાનો મોગરો કાતરવાની કાતર.

Snuffle, *v.i.* (સ્નફલ્) નાકમાંથી બોલવું, ગુંગણું થવું. To speak through the nose.

Snug, *a.* (સ્નગ્) ચાંપેલું, દાબી રાખેલું; દબાઇ-લપાઇ રહેલું, સંતાડેલું, છુપું. Closely pressed; concealed; sheltered; સુતરૂં-સગવડવાળું. all convenient; neat.

So, *ad.* (સો) એમ, તેથી; એવું; તેટલું આટલું; તેમ, તેવું, તે પ્રમાણે; એટલા સુધી; એથી; એવું છતાં. In this manner; thus; for this reason; at this point; thus it is: therefore, &c.

Soak, *v.t.* (સોક) ભિંજાવવું, પળાવવું; છિદ્રવાટે સોષી લેવું. *v.i.* ભિંજેલું રહેલું. To drench; to wet thoroughly; to enter into pores.

Soap, *n.* (સોપ્) સાબુ, *v.t.* સાબુ લગાડવો. ખુશામત કરવી. A substance primarily formed from liquified tallow and ashes to rub or wash one with soap.—boiler, *n.* સાબુ બનાવનાર.

Soar, *v.i.* (સોર્) ઉડવું, ઉંચે ચઢવું. To mount on the wing; to rise into the air.

Sob, *v.i.* (સોબ્) ડચકાં ખાઇ ખાઇને રડવું; *n.* ડસકું; શોકનો અવાજ. To sigh with deep sorrow or with tears; a convulsive cry with tears.

Sober, *a.* (સોબર્) ખાવા પિવામાં અંદાજે રાખનાર; કેફથી સાવધ; ઠાવકું, સ્થિર; ગંભીર; વિચારવંત; *v.* કેફ ઉતારવી; શુદ્ધિ આવવી. Having habits of temperance; not intoxicated; self-possessed; cool; serious; *v.* to cure of intoxication.

Sobriety, *n.* } (સોબ્રાએટિ) દારૂ પીવામાં
Soberness, ,, } નીતિ; પરહેજી; ધીમાશ; ટંડાશ; ભારેખમપણું. Temperance; steadiness; coolness; seriousness.

Sociable, *a.* (સોશિએબલ્) મિલનસાર, મળતાવડું; મિલાપી. Friendly; conversable. (L. *socius*).

Social, *a.* (સોશિઅલ્) સંસાર-સંબંધી વિશે; મિલનસાર; વાતચીતનું. Relating to men living in society; companionable; consisting in mutual intercourse (L. *socius* a companion.

Socialism, *n.* દુનિયાના બધા લાભનો મજીઆરો ઉપભોગ. Communion.

Society, *n.* (સોસાયિટિ) મંડળી, સોબત; પંક્તિ. Any number of persons associated for a particular purpose; company; union of persons (L. *socius* a companion.

Sock, *n.* (સૉક્) પગનાં ન્હાનાં મોજાં. A covering for the feet.

Socket, *n.* (સૉકિટ્) ઘર, ખાનું; ગાળો. Any hollow thing or place which

receives and holds something else. મિણબતી ખોસવાનું ઘર.

Sod, *n.* (સૉડ્) ઘાસની જમીન,-ખેતર; ઘાસ તથા માટી મળીને બંધાયેલું ઢેપું. That stratum of earth on the surface which is filled with the roots of grass; turf.

Soda, *n.* (સોડા) એક પ્રકારનો ખાર છે. Mineral alkali; the bases of common salt.

Sofa, *n.* (સૉફૅ) કોચ, લાંબો ગાદીવાળો બેસવાનો કોચ. A long seat stuffed.

Soft, *a.* (સૉફ્ટ્) નરમ, મુલાઇમ; સુંવાળું; પોચું; મનનું નરમ; રહેમી; હલકું; સભ્યતાવાળું. Not hard; smooth to the touch; delicate; flexible; gentle; kind; civil.—en, *v.t.* નરમ કરવું, શાંત પાડવું; છાવરવું; નિર્મલ કરવું. To mollify; to polliate.—ly, *ad.* હળવે હળવે-નરમાશથી. Tenderly; silently.—ness, *n.* નરમી, મુલાઇમત; દયાળુપણું. Mildness, kindness.

Soil, *n.* (સૉઇલ્) જમીન, ભોંય; ડાઘ; મેલ. *v.t.* ડાઘ લગાડવો; મેલું કરવું. The upper stratum of earth; to foul; to defile; to dirty (L. *solum* land).

Sojourn, *n.* (સોજર્ન) મુસાફર તરીકે વાસ-ઉતારો; *v.i.* થોડો વખત મુસાફર તરીકે-રહેવું-વાસો-મુકામ કરવો. A temporary residence; *v.* to continue or abide in a place as a temporary resident.—er, *n.* મુસાફર, પ્રવાસી. (L. *sub, jour* a day).

Solace, *n.* (સૉલેસ) સુખ, દીલાસો; આરામ; *v.t.* દીલાસો-હિમ્મત આપવી; રીઝાવવું. Comfort; alleviation of sorrow; *v.* to comfort; to cheer. (L. *solor* I I comfort).

Solar *a.* (સોલર્) સૂર્યનું. Pertaining to the sun. (L. *sol* the sun).

Solder, *n.* (સૉલ્ડર્) ઝાલણ, રેવણ; *v.t.* ઝાળવું. A metallic cement.

Soldier, *n.* (સોલ્જર્) સીપાઇ, શૂરવીર; સોજર. A man enlisted for service in an army; a private. —y, *n.* સીપાઇ લોક. A body of soldiers. (L. *solidus* a piece of money).

Sole, *n.* (સોલ) પગનું તળિયું, (of shoe) જોડાનું તળીયું;—fish (એક જાતની ચપટી માછલી);—*a.* એકલું, એકજ. Bottom of the foot or shoe; a common sea-fish. *a.* single; alone. —ly, *ad.* એકલું. માત્ર; રતીફ. Single; only.

Solecism, *n.* (સોલીસિઝમ્) અશુદ્ધ વાક્ય, મ્હોટી ભૂલ, ચુક. Impropriety in language.

Solemn, *n.* (સૉલમ્) ધર્મનું, પવિત્ર; ગંભીર. Attended with religious rites; formal; awful; reverential.

Solemnize, *v.t.* પવિત્ર ક્રિયા કરવી, ઉજવું; વિધિ પ્રમાણે પરિપૂર્ણ કરવું. To perform with ritual ceremonies; to celebrate; to make grave.

Solemnity, *n.* (સૉલેમ્નિટિ) ધર્મ સંસ્કાર; વિધિ, ગંભીરપણું. Religious ceremony; gravity.

Solicit, *v.t.* (સોલિસિટ્) અરજ-વિનંતી કરવી, કાલાવાલા કરી માગવું. To entreat; to beseech; to ask earnestly. (L. *sollus,* whole, *citus* to move).

Solicitation, *n.* (સોલિસિટેશન્) વિનંતી, અર્જ; આરજુ. Entreaty; earnest request; supplication.

Solicitous, *a.* આતુર, ચિંતા યુક્ત; કાળજી વાળું. Anxious; careful.

Solicitude, *n.* (સોલિસિટ્યુડ્) ચિંતા, કાળજી, ફિકર. Anxiety; earnestness.

Solid, *a.* (સૉલિડ્) કઠણ, દલદાર; નક્કર;

પાકું; ખરૂં; સંગીન; જુવહાર. Hard; full of matter; compact; substantial; sound; profound.—ity, *n.* નક્કરપણું, ઘટ્ટપણું; કઠિણપણું, ઘનત્વ. Compactness; density; firmness; the solid contents of a body.

Soliloquy, *n.* (સોલિલોક્વિ) આત્મભાષણ, પોતાના મન સાથે બોલવું તે. A speaking or taking to one's self (L. *solus*, alone, *loquor* I speak).

Solitary, *a.* (સૉલિટરિ) એકલું, એકાંતવાસી; એકાંત; અલંગ, કુંજરૂં; સૂનકાર જેવું. *n.* વેરાગી, સન્યાસી, Lonely; not much frequented; gloomy; retired; hermit (L. *solus* alone).

Solitude, *n.* (સૉલિટયુડ) એકાંતવાસ; અરણ્ય, જંગલ. Loneliness; a desert.

Solo, *n.* (સોલો) એક માણસે ગાએલો-એક વાજીંત્રે વગાડેલો રાગ. A tune sung by one.

Solstice, *n.* (સૉલ્સ્ટિસ) અયન; ઉત્તર અથવા દક્ષિણ તરફ સૂર્યની ગતી. The time the sun arrives at that point in the ecliptic furthest north or south of the equator.

Soluble, *a.* (સોલ્યૂબ્લ્) પિંગલી શકે એવું; ઓગળે એવું. Capable of being dissolved in a fluid. (L. *solvo* I loosen).

Solubility, *n.* (સોલ્યુબિલિટિ) પ્રવાહી પદાર્થમાં ઓગળવાનો ગુણ; દ્રાવ્યતા. Quality of being soluble.

Solution, *n.* (સોલ્યૂશન્) કોઇ વસ્તુનેપાણીમાં પિંગલાવી કરેલું પાણી, નિરાકરણ, વિભાગ, ખુલાસો; મુશ્કેલી છોડાવવી તે Diffusion of the particles of a solid body throughout a liquid; explanation.

Solve, *v.t.* (સાલ્વ) ખુલાસો કરવો, છોડવવું; ગુંચવણ કાઢવી. To explain; to unfold; to clear. (L. *solvo* I loose).

Solvency, *n.* (સૉલ્વંસિ) કરજ ફેડવવાની શક્તિ. Ability to all debts.

Solvent, *a.* (સૉલ્વંટ્) પિંગળાવનાર, કરજ આપવાને લાયક; દાર. Dissolving; able to pay debts. (L. *solvo*).

Somber, *a.* (સૉમ્બર્) ઝાંખું, ઘેરૂં; ઉદાશ; ગંભીર. Dusky; dull; gloomy.

Some, *a.* (સમ) કેટલાએક, થોડુંક; કોઇક; કેટલુંક, કાંઇક; કોઇ, બીજે; આસરે; સુમારે. A certain person or quantity; more or less; one or another; moderate—body, *n.* કોઇએક, એક જણ; કોઇ માણસ, a person unknown or uncertain; a person of consideration; કંઇક વકરવાળો માણસ. —how, *ad.* ગમે તેમ કરીને, જેમતેમ; કંઇપણ કરીને. In one way or the other.—thing, *n.* કંઇ વાતચીત; કંઇ; જરા જેટલું. A thing unknown; a part; a portion more or less; a little.—time, *ad.* કોઇ વખતે, કોઇ વાર; અગાઉ. Once; formerly; hereafter.—what, *n.* કંઇક, થોડું; લગારેક; *ad.* કંઇક, કેટલુંક. Something; more or less; *ad.* in some degree or quantity.—where, *ad,* કોઇ ઠેકાણે, કયે; કહી. in one place or another.

Somersaul, *n.* } (સમરસૉલ્ટ્) } ગુલાંટ,
Somerset, „ } (સમરસેટ્) } ચોટમડું
A leap and overturning (L. *supra* over, *saltus* leaping).

Somnambulism, *n.* (સૉમ્નૅમ્બ્યુલિઝમ્) ઉંઘમાં ફરવું ચાલવું તે. Act of walking in sleep (L. *somnus* sleep, *ambulo* I walk).

Somnambulist, *n.* (સૉમ્નૅમ્બ્યુલિસ્ટ) ઉંઘમાં ફરનાર, ચાલનાર. One who walks in sleep.

Somniferous, *a.* (સૉમ્નિફરસ્) ઉંઘ લા-

વનાર, નિદ્રાજનક; ઉંઘ આવે તેવું. Bringing sleep; causing or inducing sleep.

Somniloquist, *n.* (સૉમ્નિલોક્વિસ્ટ) ઉંઘમાં વાતો કરનાર. One who talks in sleep (L. *loquor* I speak).

Son, *n.* (સન્) પુત્ર, દીકરો ; છોકરો. A male child; a male descendant; the produce of any thing.—-in-a-law, *n.* જમાઇ, દામાદ. One married to one's daughter.

Song, *n.* (સૉગ) ગીત, ગાયન ; સરોદ ; રાગ. A ballad; a tune; a hymn.

Songster, *n.* (સૉગ્સ્ટર્) ગવૈયો, ગાનાર-પક્ષી. A singer; one who sings.

Sonnet, *n.* (સૉનેટ) ચૌદ લીટીનો એક અમુક પ્રકારનો છંદ ; લઘુ કવિતા ; ટપ્પા. A short poem of 14 lines; a short song or poem.

Sonorous, *a.* (સોનોરસ્) રણકાદાર, બુલંદ અવાજનું ; ખણખણ વાગતું. Giving a full sound; high-sounding.(L. *sonus* sound).

Soon, *ad.* (સૂન્) જલદીથી, ઝટપટ ; તરતજ ; સીતાબીથી. In a little time; early; quickly.

Soot, *n.* (સૂટ્) મેશ, કાજળ. A black substance formed by combustion.—y, *a.* મેશવાળું, મેશનું.

Soothe, *v.t.* (સૂધ) ખુશામત-મીઠીવાતથી ખુશ કરવું ; નરમ પાડવું ; સમાધાન કરવું. To calm; to quiet; to soften; to please with soft words.

Soothsay, *v.i.* (સૂથસે) ભવિષ્ય કહેવું, To foretell.—er, *n.* જોષી ; ભવિષ્ય વકતા. A predictor.

Sop, *n.* (સૉપ્) પ્રવાહી પદાર્થમાં પળાલી મુકેલો ખાવાનો પદાર્થ. Any thing dipped and softened in liquor; any thing given to pacify.

Sophism, *n.* (સોફિઝમ્) ખરી દેખાતી ખોટી તકરાર ; આભાસ. A specious but fallacious argument; subtlety in reasoning. (G. *sophos* wise).

Sophist, *n.* (સોફિસ્ટ) સુફી, વિદ્વાન ; આભાસવાદી. A captious reasoner.

Sophister, *n.* (સોફિસ્ટર્) વિલાયતના વિદ્યાલયમાં બીજા વરસનો વિદ્યાર્થી.

Sophisticate, *v.t.* (સોફિસ્ટિકેટ્) ભેળવાળું-ખોટું-કૃત્રિમ કરવું ; બગાડવું. To adulterate; to corrupt.

Soporiferous, *a.* (સોપોરિફરસ્) નિંદ્રાજનક, બહુ ઉંઘ-ઘેન આવે તેવું. Tending to induce sleep (L. *sapor* a heavy sleep, *fero* I bear).

Sorcerer, *n.* (સૉર્સરર્) જાદુગર, વીરમંત્રી; નજરબંદ. A conjuror; an enchanter (L. *sors* lot).

Sorcery, *n.* (સૉર્સરિ) જાદુ ; વીરમંત્ર ; નજરબંદી. Magic; enchantment; witchcraft.

Sordid, *a.* (સૉર્ડીડ્) નીચ, હલકું ; તુચ્છ ; અધમ ; કૃપણ ; અતિ લોભી. Mean; base; vile; niggardly; meanly avaracious (L. *sordidus* dirty).

Sore, *n.* (સોર) શરીર ઉપર છોલાએલી ચામડી–ફાટેલી જગ્યા ; ગુંમડું; આપદા, ઘાહ; દુખાતી જગા. A place in an animal body where the skin and flesh are bruised; an ulcer; a boil; *a.* દુખાતું-નાજુક થએલું ; ભારે પીડાવાળું. painful; tender to the touch; easily grieved.—ly, *ad.* ભારે, દુઃખ થાય તે રીતે ; દુઃખકારક રીતે. With violent pain; severely.—ness, દુઃખ, દર્દ ; તીવ્રપણું, the tenderness of any part of an animal body which renders it susceptible of pain.

Sorrel, *n.* (સૉરલ્) ચુકાની ભાજી, ખટામી

કુમેદી રંગ. A plant of sour or acid taste; of a reddish colour.

Sorrow, *n.* (સૅારો) શોક, ખેદ : દિલગીરી ; બળાપો. *v.i.* ખેદ પામવો ; દુઃખ લાગવું. Grief; sadness; affliction; mourning; *v.* to grieve; to mourn; to weep.—ful, *a.* ચિન્ત, દુઃખી ; ઉદાશ; શોકાતુર. Mournful; sad; distressing; grievous.

Sorry, *a.* (સૅારિ) દીલગીર, ચિન્ત; ખેદયુક્ત; તુચ્છ, હલકું. Grieved; pained at loss; vile; worthless.

Sort, *n.* (સોર્ટ) પ્રકાર; જાત; તરેહ; રીત. *v.t.* વર્ગ કરવા, વ્યવસ્થામાં લાવવું ; જુદું જુદું કાઢવું; જોડવું; ચુંટી કાઢવું. *v.i.* મળી જવું, એક રાગ થવું. A species; kind; *v.t.*manner; to assort; to conjoin; to reduce to order; to cull; to select; *v.i.* to associate; to suit. (L. *sors* lot).

Sortie, *n.* (સૅારટી) ઘેરાએલી જગ્યામાંથી એકદમ ઘેરો ઘાલનાર ઉપર કરેલો છાપો. A sudden sally out of a place beseiged.

Sot, *n.* (સૅાટ્) છાકટો, કેફી; મસ્ત. An habitual drunkard.—tish, *a.* છાકટો; જડબુદ્ધિ ; મૂર્ખ. given to liquor; stupid.

Soul, *n.* (સોલ્) આત્મા, રૂહ; પ્રાણ; ચેતન, ઉત્સાહ ; માણસ. The spiritual and immortal part of life; vital principle; energy; spirit; a human being.

Sound, *n.* (સાઉન્ડ્) અવાજ, સુર ; ઘોંઘાટ; શબ્દ; સામુદ્ર ધુનિ; *a.* નિરોગી ; સાજુ ; ઠીક ; મજબુત ; પાકું ; નિર્દોષ; ભારે, ખુબ; *v.* આવાજ કાહાડવો ; વગાડવું ; ઉંડાણ માપવી ; તળીયું શોધવું ; ચાંપી જોવું ;–વાગવું, ગાજવું ; દોરી મુકીને ઉંડાણ-માપવું-તપાસવું. Noise; a narrow sea. *a.* healthy; unhurt; fine; robust; heavy; *v.* to make a noise; to utter audibly; to search for the depth; to examine;—ly, *ad.* બરોબર; નીતીથી ; સારી પેરે. Stoutly; justly.

Soup, *n.* (સૂપ્) સેરવો, માંસ-ભાજી વગેરેનો સેરવો. Broth; a decoction of flesh.

Sour, *a.* (સાઉઅર્) ખાટું, આંબટ; ચીડીઉં; કરડા મીજાજનું. Acid; tart crabbed; morose; peevish; *v.* ખાટું કરવું, to become acid.

Source, *n.* (સોર્સ) મૂળ, મુખ ; ઉદ્ભવ ; ઝરો. Origine; that from which anything rises; a spring (L. *surgo* I rise).

Souse, *n.* (સાઉઝ) મીઠામાં કરેલું અથાણું. Pickle made with salt; *v.* પાણીમાં ઝબોલવું,-ડુબાવવું, to plunge into water (L. *solus* salt).

South, *n.* (સાઉથ) દક્ષિણ દિશા. The point in which the meridian & horizon intersect each other; opposed to north. *a.* દક્ષિણનું.

South-east, *n.* અગ્નિકોણ. A point between south and east.

Southern, *a.* (સધર્ન) દક્ષિણ ગમ-ભણીનું. Belonging to the south.

Southward, *a.* દક્ષિણ તરફ-ગમ. Toward the south.

Sovereign, *n.* (સૅાવરિન્) મહારાજા, અધિરાજ ; રાજ કર્તા રાણી ; આશરે દશ રૂપીયાની કિંમતનો સોનાનો શિક્કા-નાણું ; A supreme lord or ruler; a monarch; a modern gold coin. —*a.* મુખ્ય, શ્રેષ્ટ ; રામબાણ જેવું ; સર્વેથી ભારે. Chief; superior to all others; supremely efficacious; predominant.—ty, *n.* (સવરેન્ટિ) મુખ્ય સત્તા, હકુમત. Supremacy; the possession of the highest power; (L. *super* above).

Sow, *n.* (સાઉ) ડુકરી, ભુંડણી. A female of the hog kind.—*v.t.* વાવવું, રોપવું; મૂળ નાંખવું; વાવણી કરવી. To scatter as seed over for growth; to propagate; to originate.

Space, *n.* (સ્પેસ) જગા, અવકાશ; કાળ; છાપેલી ચોપડીઓમાં લીટીઓ કે શબ્દ વચ્ચે મૂકેલો ભાગ-ખીલું. Room; quantity of time; the distance between lines as in books.

Spacious, *a.* (સ્પેશિઅસ્) વિશાળ, મ્હોટું; વિસ્તારવાળું. Having large or ample room; extensive.

Spade, *n.* (સ્પેડ્) કોદાળી, ખોદવાનું એક પ્રકારનું હથિયાર. An instrument for digging; (cards કાળી બદામ); to call a s. કાણાને કાણું કહેવું.

Span, *n.* (સ્પૅન્) વેહેંત, બિલસ; ઘણું ટુંકું; પુલના બે થાંબલા-બે હારનાં ભૂંગળાની વચ્ચેનો ભાગ. *v.t.* વહેંતથી માપવું.

Spangle, *n.* (સ્પેન્ગલ્) ટિલી, ચાંદલો; તારા ટપકી. A small boss; something brilliant used as an ornament; *v.t.* ટિલી ચોંહોટાડવી-લગાડવી. to set with spangles.

Spaniel, *n.* (સ્પેનિઅલ્) એક પ્રકારનો તીવ્રબુદ્ધિવાળો ને કહ્યાગરો કૂતરો. A dog used in sports of the field, remarkable for his sagacity and obedience; a fawning person.

Spar, *n.* (સ્પાર્) લાકડાનો ગોળ સોટો-કકડા; (ખલાસીઓમાં) સઢ-ડોળ-દોરડાં; એક પ્રકારનો પથરો. A beam or rafter; a mineral; *v.i.* to quarrel; to contend

Spare, *a.* (સ્પેર્) થોડું, ઓછું; ફાલતું, ફાજલ, કસરીઉં; ફુરસદનું; દુબળું; *v.t.* કસરથી ખરચ કરવો; બચાવવું; રાખવું; લેવા દેવું; આપવું; વગર ચલાવવું; મૂકી છાંડવું. Scanty; held in reserve; lean; thin; frugal; *a.* to use frugally; not to waste; to allow to be taken; to set apart for; to save from danger.

Sparing, *a.* (સ્પેરિંગ્) કસરીઉં, થોડું વાપરનાર; કિફાયતી; થોડું. Saving; parsimonious; little; scanty.–ly, *ad.* કરકસરથી, હાથ રાખીને. frugally; not abundantly.

Spark, *n.* (સ્પાર્ક) ચિણગારી, તનખો; ઇશકી, છેલ. A particle of fire; a very small portion; a gay man.

Sparkle, *n.* (સ્પાર્કલ્) ન્હાની ચણગી, ચીણગારી નીકળવી-ઉડવી; ચકચકવું; નીકળવું. A small particle of fire; *v.* to emit sparks; to glisten; to shine. [દાર. Twinkling; shinning.

Sparkling, *a.* (સ્પાર્કલિન્ગ) ચલકતું, તેજ-

Sparrow, *n.* (સ્પૅરો) ચલ્લી, ચકલી. A small bird noted for its sharp beak. [રાએલું. Thin; scattered.

Sparse, *a.* (સ્પાર્સ) આછું; થોડું; વિખ-

Spasm, *n.* (સ્પૅઝમ્) તાણ, આકડ; ખેંકું. A convulsive fit; cramp (G. *spad* to draw.

Spasmodic, *a.* Relating to spasm; soon relaxed, થોડી વારમાં નરમ પડી જાય તેવું.

Spatter, *v.t.* (સ્પૅટર્) ઉપર છાંટા પાડવા; -ઉરાડવા;—ગેર ઇજ્જત-બદનામી કરવી. To scatter a liquid substance on; to sprinkle on; to defame.

Spatula, *n.* (સ્પૅટચુલા) પાતળા પોહોળા પાનાનો મલમ પાથરવાનો ચપ્પું. A broad thin sort of knife used by apothecaries for spreading plasters &c,

Spavin, *n.* (સ્પૅવિન્) ઘોડાના પગ ઉપર થતી વારૂળ, સોજો. A swelling in or near some of the joints of a horse's leg.

Spawn, *n.* (સ્પૉન્) દેડકી-માછલીના ઇંડાં,

ગરભ. The eggs of frogs and fishes. *v.* ઈંડાં મુકવાં.

Speak, *v.i.* (સ્પીક્) બોલવું, કહેવું; કહી -લખી જણાવવું; (to s. with જોડે વાત કરવી) *v.t.* બોલવું; ઉચ્ચારવું; જાહેર કરવું; કહેવું. To utter words; to express thoughts by words; to discourse; to make a mention; *v.t.* to pronounce; to declare; to proclaim.—er, *n.* બોલનાર; પ્રમુખ; અધિપતિ.

Spear, *n.* (સ્પીઅર્) ભાલો, નેજો; *v.t.* ભાલો મારવો; ભોકવો. A long pointed weapon, used in war and hunting; a lance; *v.* to kill with a spear.—man, *n.* હથીઆરને ઠેકાણે ભાલો રાખનાર.

Special, *a.* (સ્પેશિઅલ્) ખાસ, વિશેષ; અમુક જાતનું; મુદ્દામ; ચોકસ કારણસર ઠરાવેલું-યોજેલુ. Particular; pertaining to a species; uncommon; designed for a particular purpose. (L. *speceis*).

Specially, *ad.* (સ્પેશિઅલિ) મૂખ્યત્વે કરીને, વિશેષ કરીને; ખાસ. Particularly; chiefly. (L. *speceis* a sort).

Specialty, *n.* (સ્પેશિઅલ્ટિ) અમુક બાબત, મ્હોર સાથેનો કરાર. Something particular; a special contract.

Specie, *n.* (સ્પીસિ) રોકડ, નગદી. Coined money.

Species, *n.* (સ્પીસીઝ્) જાત, કીસમ; (logic, પ્રકાર). Sort; kind; class.

Specific, *a.* (સ્પેસિફિક્) વિશેષ, અસાધારણ; અમુક; રામબાણ; ચોકસ ઉપાય. *n.* Distinguishing one from another; definite or particular; having the property of curing some particular disease or certain disease; a certain remedy. —ally, *ad.* નિયમિત-ચોકસ રીતે, યથા જાતિ. Definitely; particularly.

Specification, *n.* (સ્પેસિફિકેશન્) ચોકસ -વિગતવારે કરેલું બ્યાન; વિગતવારે લખેલી ખાસ હકીકત. Statement in detail; a written statement containing a minute description of particulars. (L. *speceis, facio*).

Specify, *v.t.* (સ્પેસિફાઇ) વિશેષ કરીને કહેવું-નામ દેવું-દેખાડવું. To mention or name as a particular thing. (L. *speceis* sort, *facio*, I make).

Specimen, *n.* (સ્પેસિમેન્) નમુનો, વાનગી. A sample; a proof. (L. *specio* I look).

Specious, *a.* (સ્પેશિઅસ્) દેખીતું સાબીત; દેખામણું. Apparenly right; slowly; pausible.

Speck, *n.* (સ્પેક્) ડાઘ, ટપકું; દાણો; રજ; કણ. A spot; a stain; flow; a very small thing.

Speckle, *n.* (સ્પેકલ્) ન્હાનો ડાઘ, છાંટ; A small speck or spot.—d, *a.* ટિપકાદાર, ચિત્રવિચિત્ર. Variegated with spots of different colours from ground of the objects.

Spectacle, *n.* (સ્પેક્ટેકલ્) ખેલ, તમાશો; દેખાવ; દ્રષ્ટિ વિષય. A show; a sight; *pl.* ચશમા. glasses to assist the sight. (L. *specto* I look).

Spectator, *n.* (સ્પેક્ટેટર્) જોનાર, તમાશગીર. A looker on; a beholder. (L. *specto* I look).

Spectre, *n.* (સ્પેક્ટર્) ભૂત, શેતાન; પ્રેત. Apparition; a phantom; a ghost. (L. *spectrum* an image).

Speculum, *n.* (સ્પેક્યુલમ્) દુરબીન અથવા બીજા યંત્રોમાંની આરશી; ઓપેલી ધાતુનો આરસો. A glass that reflects images; a metallic reflector.

Speculate, *v.i.* (સ્પેક્યુલેટ) તર્ક-વિચાર-કલ્પના કરવી; સટ્ટો કરવો. To meditate; to buy in expectation of a rise in price. (L. *speculatio*).

Speculation, *n.* (સ્પેકયુલેશન્) કલ્પના, તર્ક; અટકલ; સટ્ટો. Mental view; intellectual examination.

Speculative, *a.* (સ્પેકયુલેટિવ) વિચાર શીલ; તર્કબાજ; સટોરીઓ. Ideal; contemplative; pertaining to speculation in goods, &c.

Speculator, *n.* (સ્પેકયુલેટર્) અટકલબાજ, કલ્પના કરનાર; સટ્ટાબાજ. One who forms theories; one who speculates.

Speech, *n.* (સ્પીચ્) વાણી, વાચા; ભાષા; ભાષણ. That which is spoken or uttered; language; harangue; address.—less, *a.* મુંગું, ચુપ.

Speed, *n.* (સ્પીડ્) ઉતાવળ, જલદી; વેગ; ઝડપ; સફલતા; *v.i.* ઉતાવળ-જલદી કરવી. Haste; swiftness; success *v.*to make haste.—ily,*ad.*જલદીથી, ઉતાવળેથી, quickly.—y, *a.* ઉતાવળું; વેગવાળું; hasty; quick.

Spell, *n.* (સ્પેલ્) વારો બદલવો તે, પાળી; મંત્ર; મોહણી; *v.t.* વારો બદલાવવો;-જોડણી કરવી-કહેવી. Turn at work; a charm; *v.* to take a turn; to name letters for the pronunciation of a word;(to s. out ખોળી-શોધી કાઢવું.)—ing, *n.* જોડણી; પદાક્ષર; naming the letters of a word.–bound, *ad.* મંત્ર મારવાથી સ્તબ્ધ થઇ ગએલું;

Spencer, *n.* (સ્પેનસર્) ઉપર પહેરવાની ન્હાની બંડી. An over-jacket.

Spend, *v.t.* (સ્પેન્ડ્) ખરચવું, વાવરવું; ઉડાવવું; ગુજારવું; ખપી જવું. To consume; to dispose of; to waste; to pass; to exhaust.—thrift, *n.* ઉડાઉ માણસ, લુટાઉ. A prodigal.

Sperm. *n.* (સ્પર્મ) ધાત, મની. Animal seed.

Spermaceti, *n.* (સ્પર્મૅસિટિ) એક પ્રકારની મીણબતી બનાવવાની ચરબી. A fatty matter obtained from the sea whale.

Spew, *v.t.* (સ્પ્યુ) નાંખવું, ઉલટી કરવી; ઓકવું. To vomit; to cast up.

Sphere, *n.* (સ્ફીઅર્) ગોળ, વર્તુળ: પ્રકરણ; કામ; ક્રમ. An orb; a globe; employment. [Globular, round.

Spherical, *a.* (સ્ફેરિકલ્) ગોળાકાર, ફરતું.

Spheroid, *n.* (સ્ફીરૉઇડ્) ગોલ કલ્પ. A body nearly spherical. [રાક્ષસ.

Sphinx, *n.* (સ્ફિન્ક્સ્) એક પ્રકારનો કલ્પિત

Spice, *n.* } (સ્પાઇસ) ગરમ મસાલો; *v.t.*
Spices, „ } મસાલો નાંખવો; મસાલાદાર કરવું. A vegetable production aromatic. *v.* to season with spice. [qualities of spice.

Spicy, *a.* મસાલાદાર, તીખું. Having the

Spick, *n* (સ્પિક્) ખીલો. A nail.

Spider, *n.* (સ્પાઇડર્) કરોળીઓ, એક પ્રકારનું વાસણ. An insect.

Spigot, *n.* (સ્પિગટ્) ન્હાનો ખીલો, ન્હાના પીપનો દાટો. A peg to stop a cask.

Spike, *n.* (સ્પાઇક્) મેખ, આર; કણસલું; ફણગો; *v.t.* ખિલો ઠોકી બેસાડવો. A large nail; an ear of corn; a shoot; *v.* to fasten with a spike.

Spikenard, *n.* (સ્પાઇકનાર્ડ) જટામાસી, નદિ. A plant.

Spill, *v.t., v.i.* (સ્પિલ્) ઢોલવું, વેડવું; કાઢવું, પાડવું; ઢોલાવું. To suffer the fall; to shed; to be suffered to fall.

Spin, *v.t.* (સ્પિન્) કાંતવું, સૂતર કાઢવું; ફેરવવું; ચાક ઉપર ઉતારવું. To draw out and twist into threads; to twirl; to shape, as metal. (To s. a top, ભમરડો ફેરવવો.)

Spinal, *a.* (સ્પાઇનલ્) બરડાનાં કાંટાને લગતું. Pertaining to the spine.

Spindle, *n.* (સ્પિન્ડલ્) તરાક, ચાત; જે દાંડી ઉપર (કાંઇ) ફરે તે. A pin to form

thread on; the fusee of a watch. —shanked, *a.* લાંબા પગવાળું. Having long slender legs.

Spine, *n.* (સ્પાઇન્) કરોડ, કાંટો. The backbone of an animal; a thorn.

Spinner, *n.* (સ્પિનર્) કાતનાર. One who spines.

Spinning-wheel, *n.* રેંટીઓ. A wheel for spinning wool or flax into threads.

Spinster, *n.* (સ્પિન્સટર્) રેંટીઓ કાતનારી બાયડી; કુંવારી. A woman who spins; a maiden.

Spiral, *a.* (સ્પાઇરલ્) પેચદાર, ઇસ્કુના જેવું. Winding; like a screw.

Spire, *n.* (સ્પાયર) શિખર, મોખરો; પેચ; લપેટો. A steeple; a shoot; a winding like a screw.

Spirit, *n.* (સ્પિરિટ્) જીવ, ચૈતન, આત્મા; ભૂત; પિશાચ; પ્રકૃતિ; ઉત્સાહ; પાણી; હીમત; મિજાજ; તેજ. અર્ક; દારૂ; સત્વ, સારાંશ. Life; the soul of a man; ghost; ardour; courage; temper; vigour of intellect; essence; alcohol; real meaning.—ed, *a.* પાણીદાર, જુસ્સાદાર; હિમ્મતદાર; lively; ardent; bold; animated.—less, *a.* દમ-જોર-હોંશ વગરનું, બેદિલ; dejected; wanting cheerfulness.

Spiritual, *a.* (સ્પિરિટ્યુઅલ્) ધર્મ-સંબંધી આત્મારૂપી; પરમાર્થિક. Ecclesiastical; holy; pertaining to moral feelings. (L. *spiro* I breathe).

Spirituous, *a.* (સ્પિરિટ્યુઅસ્) જલદ, તીવ્ર; કેફ લાવનાર. Pure; ardent; like spirit. (L. *spiro* I breathe).

Spiritualism, *n.* (સ્પિરિટ્યુઆલિઝમ્) સૃષ્ટિમાં આત્મા સિવાય બીજું કંઇ નથી એવો મતવાદ.

Spirt, *n.* See Spurt.

Spit, *n.* (સ્પિટ્) માંસ સેકવાનો લોઢાનો સળીઓ, થુક; *v.t.* થુંકવું; સીક ઉપર ચઢાવવું. A pointed iron bar on which meat is roasted; saliva; *v.* to put upon a spit; to throw out saliva from the mouth; to s. upon, અપમાન કરવું.

Spittle, *n.* (સ્પિટ્લ્) થૂંક, લબ, હોજ. Saliva; matter spit.

Spittoon, *n.* (સ્પિટુન્) પિગદાની. A vessel to receive saliva.

Spite, *n.* (સ્પાઇટ્) અંટસ; દ્વેષ. Contempt; malice; *v.t.* દુખી કરવું, to vex; to thwart. In s. of છતાં પણ. —ful, *a.* ખારીલું, ખુનસી; દ્વેષી. Malicious.

Splash, *v.t,* (સ્પ્લૅશ્) પાણી-કાદવના છાંટા ઉરાડવા; *v.i.* પાણી સાથ અફલાવું. To besprinkle with water and mud; to dash with water.—y, *a.* કાદવ કચરાળા પાણીવાળું; full of mud and water. [Having a wide foot.

Splay-foot; *n.* ચપટાં તળિયાવાળો પગ.

Spleen, *n.* (સ્પ્લીન્) તલ્લી, રોશ; ચીઢ; ચીત ઉદાસ રહે એવો રોગ. The milt; anger; melancholy.

Splendid, *a.* (સ્પ્લેન્ડિડ્) ઝગમગતું, શોભીતું ઉમદા; પ્રખ્યાત. Very bright; showy; magnificent; illustrious (L. *splendeo* I shine).

Splendour, *n.* (સ્પ્લેન્ડર્) ચકચકાટ, તેજ; ભપકો; શોભા; દમામ. Great brightness; pomp; eminence.

Splenetic, *a.* (સ્પ્લેનેટિક્) ચીડખોર, ચીઢિયું. Morose; peevish.

Splice, *v.t.* (સ્પ્લાઇસ) સાંધવું-જોડવું; ગાંઠ દીધા વગર બાંધવું. To unite.

Splint, *n.* } (સ્પ્લિન્ટ) કામઠું, કામઠી;
Splinter, „ } ચિરવું, ફાડવું; ફુટવું. A piece of wood; *v.* to split into long thin pieces.

Split, *n.* (સ્પ્લિટ્) ચીરો, ફાટ ; ફાટ ફુટ ; *v.* ચીરવું; ચીરાવું, ફાડવું, ફુટવું. A crack; a breach; rent; *v.* to cleave; to divide lengthwise; to burst.

Spoil, *n.* (સ્પૉઇલ્) લૂટ, જબરાઇ ; *v.t.* લૂટવું ; છીનવી લેવું ; બિગાડવું ; *v.i.* બગડવું ; ખરાબ કરવું. Pillage; booty; *v.* to plunder ; to take by force ; to corrupt ; to ruin.

Spoliate, *v.t.* (સ્પોલિએટ) લૂંટવું, નાશ કરવો ; ચોરી કરવી. To pillage.

Spoliation, *n.* (સ્પોલિએશન્) લૂંટવું-લૂટ ફાટ કરવી તે ; લખલુટ. The act of plundering. (L. *spolium*).

Spoke, *n.* (સ્પોક્) પૈડાંની આર, પગથિયું. The bar of a wheel; the round of a ladder.

Spokes-man, *n.* (સ્પોક્સ-મૅન્) વક્તા, બોલનાર. One who speaks for another.

Spondee, *n.* (સ્પૉન્ડી) બે ગુરૂ અક્ષરનો ગણ. A poetic foot of two long syllables.

Sponge, *n.* (સ્પન્જ) વાદળી, ખુશામત કરીને બીજાના રોટલા ખાનાર. *v.t.* વાદળીવતે ધોવું-સાફ કરવું, ભુંસી નાંખવું ; *v.i.* ચૂસી-શોષી લેવું ; ધુતી ખાવું. A porous marine substance which imbibes liquids; a hanger-on; *v.* to wipe out with a sponge; to efface; to suck in.—cake, *n.* પુડો, એક પ્રકારની કુગરીવાળી ગળી રોટલી.

Sponsor, *n.* (સ્પૉન્સર્) જામીન, હામી. One who pledges himself to answer for another and is responsible for his default; a godfather or god-mother(L.*spondeo* I promise).

Spontaneous, *a.* (સ્પૉન્ટેનિયસ્) આપો આપનું, સ્વાભાવિક ; પોતાની મેળે થએલું. Voluntary; produced without human labour.—ly, *ad.* આપો આપ ; પોતાની ખુશીથી. Of one's own native feeling (L. *sponte* of free will.

Spoon, *n.* (સ્પૂન્) ચમચો, પૂળી. A small table utensil with a bowl at the end for dipping.—ful,*a.*ચમચાભરપુર; as much as a spoon holds.

Sporadic, *a.* (સ્પૉરૅડિક્) કોઇ-કોઇવાર-ઠેકાણે થતું; વિરલું. Occurring singly.

Sport, *n.* (સ્પોર્ટ) રમત, ખેલ; મઝા; ગમત; મશ્કરી ; શિકાર ; રમકડું.*v.t.* ગમત-મઝા-રમત કરવી ; દેખાડતા ફરવું ; શિકાર કરવો. Game; play; diversion of the field; a toy; *v.* to play; to make merry ; to bring out in public.—ive, *a.* મોજી, ગમતી ; રમતીયાળ ; merry; playful.—ful, *a.* ગમતી, આણંદી ; હસવા જેવું. Indulging in mirth ; ludicrous.

Sportsman, *n.* (સ્પોર્ટસ્મૅન્) શિકારી, પારધી. One fond of hunting.

Spot, *n.* (સ્પૉટ્) ડાઘ, લાંછન ; કલંક ; ટિપકું ; જગા ; સ્થાન ; *v.t.* ડાઘ લગાડવો ; ટપકું પાડવું. A speck; a blemish; disgrace; a place; *v.* to mark; to stain ; to disgrace.—less, *a.* ડાઘ વગરનું ; નિષ્કલંક ; નિર્દોષ ; પાક ; immaculate; pure.

Spotted, *a.* (સ્પૉટેડ્) છાંટ-ટપકાંવાળું. Marked with spots.

Spouse,*n.* (સ્પાઉઝ્) ધણીધણીઆણી; જોડું; A married person, husband or wife (L. *spondeo* I promise).

Spout, *n.* (સ્પાઉટ્) નળી, પરનાળ; નાળચું; *v.t.* ફોગળો કરીને બહાર કાઢવું. *v.i.* ધાર ફુટી નીકળવી, સાંકડા મોહોમાંથી જોરથી નીકળવું. A pipe; a projecting mouth; *v.*, to throw out; to issue of a narrow orifice.

Sprain, *n.* (સ્પ્રેન્) લચક, મોચ; કરમોળ ;

v.t. લચકાવવું, લોચાવવું ; મરડાવું. Excessive straining of the ligaments of the joints; to over-strain ligaments.

Sprawl, *v.i.* (સ્પ્રૉલ્) હાથ પગ પસારીને સુવું,-પડવું ; આમ તેમ ફેલાવું; સુતાં સુતાં ચાલવું, ખસવું. To struggle, as in the convulsion of death; to spread irregularly; to move when lying down.

Spray, *n.* (સ્પ્રે) ન્હાની ડાલી ; વાછટ. A small shoot; a twig.

Spread, *n.* (સ્પ્રેડ્) ફેલાવો, પ્રસાર ; *v.t.* પસારવું, પાથરવું ; (to s. sail, સઢચઢાવવો); પ્રસિદ્ધ કરવું ; આશકારા કરવું, *v.i.* પસરવું ; ફેલાવું. Extent, expansion; *v.* to extend; to scatter; to publish to propagate from one to another. [A twig; an offshoot.

Sprig, *n.* (સ્પ્રિગ્) ડાંખરી, ન્હાની ડાળી ;

Sprightly, *a.* (સ્પ્રાઇટલિ) ચકોર, ચંચળ ; મોજી; ઉલ્લાસી. Brisk; active; lively; merry.

Spring, *n.* (સ્પ્રિંગ્) કુદકો, ફલંગ ; ઝરો ; ચાંપ ; કમાન ; વસંતરૂતું ; બાહાર ; મૂળ ; ઉગમ ; *v.t.* ચમકાવીને સંતાવાની જગામાંથી બહાર કાઢવું ; ફોડવું. (to s. a mine સુરંગ ફોડવી). *v.i.* કુદવું ; છલંગ મારવી ; જોરથી એકદમ નીકળવું ; ફુટી નીકળવું ; નીપજવું, ઝરી નીકળવું. A leap; a fountain; an elastic force; the vernal season; *v.* to rouse or start; to explode; to leap; to issue with speed; to shoot up; to result; to rise out of the ground; to fly back.

Spring-carriage, *n.* (સ્પ્રિંગકૅરેજ) કમાનની ગાડી.—tide, *n.* મ્હોટી ભરતી-જુઆળ ; વસંતકાળ ; a tide at the new and full moon.

Sprinkle, (સ્પ્રિંકલ્) *v.t.* છાંટવું, ભભરાવવું ; વેરવું ; શુદ્ધ-સ્વચ્છ કરવું. To cast drops of water; to scatter on; to cleanse.

Sprinkling, *n.* (સ્પ્રિંક્લિંગ્) છાંટવું-વેરવું તે, થોડા છાંટા ; થોડું. Act of scattering in small drops; a small quantity falling in distinct drops.

Sprout, *n.* (સ્પ્રાઉટ્) ફણગો, પિલો ; અંકુર ; *v.i.* ફુંકવું, ઉગવું ; ફુટી નીકળવું ; ફુટવું. The shoot of a plant; *v.* to bud; to shoot.

Spruce, *a.* (સ્પ્રુસ્) અલબેલું, ટાપટીપિયું; તરીમ તરાક. Foppish; trim; nice.

Spur, *n.* (સ્પર્) એડી, કાંટો; ઉત્તેજન. An instrument having a little wheel with sharp points worn on horseman's heels; incitement; to prick; to incite. (of a cock મરઘાંની ઘુંટી પાછળનો નખ) (of a mountain પર્વતનો ફાંટો) (on the s. of the moment, તક ઉપર, તક જાળવીને ; એકદમ); (to put spurs to a horse; ઘોડાને એડ મારી દોડાવવો); *v.t.* એડ મારવી ; ઉસકેરવું ; ઉભું કરવું.

Spurious, *a.* (સ્પ્યુરિઅસ્) ખોટું, નકલ ; બનાવટ ભરેલું ; રાંડના પેટનું ; હરામજાદુ. False; fictitious; illegitimate; bastard.

Spurn, *n.* (સ્પર્ન) ધિક્કાર, તિરસ્કાર ; *v.t.* ધિક્કારવું ; લાત મારી કાઢવું ; તરછોડી કાઢવું ; *v.i.* પગ ઉછાળવા-ઉંચા કરવા. Contemptuous treatment; to reject with disdain; to kick; to treat with contempt; to toss up the heels.

Spurt, *v.t.* (સ્પર્ટ) પિચકારી ઉરાડવી, *v.i.* જોરથી બહાર નીકળવું ; *n.* ધાર ; દડુડી ; એકદમ જાગૃત થઇને કરેલો પ્રયત્ન. To throw out as a liquid with force;

to gush out in a stream; *n.* a small quick stream; a sudden effort.

Sputter, *v.i.* (સ્પટર્) થુંક ઉડાડવું, તડતડવું; બહુ ઉતાવળું બોલવું. To fly off in small particles with some crackling; to utter words hostily.

Spy, *n.* (સ્પાઇ) બાતમીદાર, જાસુસ; રેકુ; *v.t.* ભેદ લેવો-કાઢવો; બારીક તપાસથી જોઇ કાઢવું. One who observes the conduct of others; a scout; to gain sight of; to examine secretly.—glass, *n.* દુરબીન; the popular name of a small telescope useful in viewing distant objects.

Squabble, *n.* (સ્કવૅબ્લ્) કજીયો, તકરાર; ઝડાઝડી; *v.i.* કજીયો-રકઝક-લઢાઇ કરવી. A wrangle; *v.* to quarrel.

Squad, *n.* (સ્કવૉડ્) કવાયદ વાસ્તે ભેગી કરેલી ટુકડી. A small party of men assembled for drill or inspection.

Squadron, *n.* (સ્કવૉડ્રન્) લશ્કરની ટુકડી, ઘોડેસ્વારની ટુકડી. A body of troops; a division of a fleet. (L. *ex* & *quadra* a square). [Foul; filthy.

Squalid, *a.* (સ્કવૉલિડ્) ગંદુ, ઘણું મેલું;

Squall, *n.* (સ્કવૉલ્) ચીસ, બૂમ; પવનનો ઝપાટો; *v.i.* ચીસ,-બૂમ-બરાડા પાડવા. A loud scream or cry; a sudden gust of wind; to cry out or scream.

Squander, *v.t.* (સ્કવૉન્ડર્) લખલુટ ખરચ કરવો, ગુમાવવું; ઉડાવી દેવું. To spend lavishly.

Square, *n.* (સ્કવેર્) સમચોરસ, ચોખંડી આકૃતિ; ચોકડી; *a.* ચોરસ, ચોખંડું; સાચું; ઠીક; સારૂં. A figure of four equal sides; having four equal sides and right angles; true; fair; to be on the s. with, બરોબર હોવું; to break no squares, માઠું ન લગાડવું; *v.t.* ચોરસ-ચોખૂણુ કરવું; બરોબર કરવું, મેળવવું; to s. accounts, હિસાબ પતાવવો; *v.i.* બેસતું થવું-હોવું અનુસરતું થવું.—root, *n.* વર્ગ મૂળ.

Squash, *v.t.* (સ્કવૉશ્) કચડી નાંખવું, છુંદવું; વાટીને લુગદી કરવી. To crush; to shatter; to beat into pulp or a flat mass.

Squat, *v.i.* (સ્કવૉટ્) પલાંઠીવાળી બેસવું; સંકોચાઇ-લપાઇને બેસવું; *a.* લપાઇ બેઠેલું, ચપટું; *n.* પલાંઠી. To sit down upon the heels; to sit close; to cower; cowering; *a.* short and thick; the posture of one who sits on his hams or close to the ground.

Squatter, *n.* (સ્કવૉટર્) પલાંઠીવાળી-લપાઇ-છુપાઇ બેસનાર; જમીન બથાવી પડનાર. One who squats or sits close; a settler without title on new land.

Squeak, *n.* (સ્કવીક્) ચૂં ચૂં, તીણો અવાજ; કીકીઆરી; *v.i.* ચૂં ચૂં કરવું-બોલવું; ચિચાડી પાડવી. A shrill sound; to make a sharp noise, as a pipe or quill, a wheel, a door and the like; *v.* to utter a sharp shrillery.

Squeal, *n.* (સ્કવીલ્) લાંબો તીણો અવાજ કરવો તે; *v.i.* ચીસ પાડવી. To cry with a sharp shrill voice; (it is used of, animals only, chiefly of swine).

Squeamish, *a.* (સ્કવીમિશ્) સાંકડા ગળાવાળું; અતિશય ખંતીલું; ચીકણું. Fastidious; easily disgusted.

Squeeze, *v.t.* (સ્કવીઝ્) નીચોવવું, દબાવવું; (ઉપર) જુલમ ગુજારવો; પિલવું; *v.i.*

દબાઇ ચંપાઇને જવું. To press closely; to compress; to oppress with hardships, burdens and taxes; to pass by pressing.

Squib, *n.* (સ્કવીબ્) ફટાકો, પલીતો; નિંદાનું જુજ લખાણ. A cracker; a sarcastic speech or little censorious writing published.

Squill, *n.* (સ્કવીલ્) રાની કાંદો. The sea-onion used in medicine.

Squint, *v.i.* (સ્કિવન્ટ્) ત્રાંસું-આડું જોવું; ઢાલ પડતું હોવું; *a.* બાડો; ત્રાંસું; *n.* બાડી નજરે જોનાર. To look obliquely; to slope; *a.* looking obliquely; *n.* an oblique look.

Squire, *n.* (સ્કવાયર્) See Esquire.

Squirrel, *n.* (સ્કિવરલ્) ખીસકોલી, ખલેરી. A little animal remarkable for liveliness & agility that shakes its body with its long bushy tail.

Squirt, *n.* (સ્કવર્ટ્) પીચકારી, ન્હાની ઉતાવળી દદુડી-ધાર; *v.t.* પિચકારી મારવી-છોડવી. An instrument to eject liquids; a small quick stream; *v.* to eject from a pipe; *v.i.* to let fly.

Stab, *v.t.* (સ્ટૅબ્) ભોકવું, ઘોચવું; કટારી ઘોચી મારી નાંખવું;-એબ-બટ્ટો લગાડવો. To pierce with a pointed weapon; to wound mortally; to impure maliciously; *n.* અણીયાળા હથિયારનો ઘા; the thrust of a pointed weapon; an injury given in the dark, છાનામાના કરેલું નુકશાન-ઘા.

Stable, *n.* (સ્ટેબ્લ્) તબેલો, ડેહેલું; *a.* દઢ, મજબુત; કાયમ; આંગ્રહી; ટકાઉ. A shed for beasts; fixed; firm in resolution; durable (L. *sto* I stand).

Stability, *n.* (સ્ટેબિલિટિ) મજબુતી; દઢતા; સ્થિરતા. Firmness; immovability.

Stack, *n.* (સ્ટૅક્) ગંજી, ઓગલી; ઢગલો *v.t.* ગંજ કરવો; ગંજી મારવી; ઢગ કરવો. A large pile of hay or grain; to pile in a conical heap.—yard, ગંજી ઓઘલીનો વાડો.

Staff, *n.* (સ્ટાફ્) લાકડી, ડાંગ; સેનાપતીની હજુરનો કામદાર; કામદાર મંડળ. A stick carried for support; an establishment of officers in various departments attached to an army, &c.; a corps of executive officers.

Stag, *n.* (સ્ટૅગ્) સાબર, કલિયાર; શેર વિગેરેનો વેપારી નહીં છતાં સટ્ટા કરનાર. A male red deer; an outside irregular dealer in stocks.

Stage, *n.* (સ્ટેજ) ઉંચી બેઠક-સ્થાન; (of a theatre નાટક સ્થળ); પાલક; (of a journey મજલ; મુકામ); ટપ્પો; અમુક સ્થિતિ,—હાલત. Raised floor; floor of a play house; the theatre; a scaffold; a station; the distance between two places of rest in a particular degree of advancement.—coach, *n.* ડાગની ગાડી; a coach that runs by stages. —player, *n.* (નાટકમાં) વેશધારી; one who represents characters on the stage; an actor of plays.

Stagger, *v.t.* (સ્ટૅગર્) લથડીઉ ખવાડવું; ડોલવું; ઢચુ-પચુ-આનાકાની કરાવવી; *v.i.* લથડીઆં ખાવાં; પાછું હઠવા માંડવું; ડગમગવું; શકમાં પડવું. To cause to doubt and waver; to reel; to totter; to begin to give way; to hesitate.

Staggers, *n.* (સ્ટૅગરઝ્) ઘોડાને થતું ફેફરું-વાઇનો રોગ. Vertigo in horses; madness.

Stagnant, *a.* (સ્ટૅગ્નન્ટ્) બંધિયાર, સ્થિર; મંદ; ધીમું; જડ; સુસ્ત. Not flowing; not brisk; still; inactive.

(L. *stagnum* a place of standing water.

Stagnate, *v.i.* (સ્ટૅગ્નેટ્) સ્થિર રહેવું, બંધ પડવું; મંદ પડવું. To be motionless; to become dull.

Staid, *n.* (સ્ટેડ્) પુખ્ત, શાણો; ગંભીર. Steady; sober; grave.

Stain, *n.* (સ્ટેન્) ડાઘ, એબ; ટપકું; કલંક; *v.t.* રંગ દેવો-આપવો; ડાઘ પાડવો-લગાડવો; ફૂલ વગેરેની આકૃતી છાપવી; બટ્ટો-કલંક લગાડવો. A blot; a spot; disgrace; infamy; taint of guilt; *v.* to tinge; to colour; to spot; to impress with figures; to tarnish.—less, ડાઘ-ડપકા વગરનું; નિષ્કલંક. Free from stains.

Stair, *n.* (સ્ટેર્) પાયરી, સીડીનું એક પગથિયું; નીસરણી. A flight of stairs સીડી. Below s. નીચે-હેઠળ; up s. ઉપર, મેડે; a stair of ascending.—case,*n.* કઠેરાવાળી સીડી-દાદર; a part of a building which contains the stairs.

Stake, *n.* (સ્ટેક્) મેખ, ખીલો; શરત; હોડમાં મૂકેલી વસ્તુ; (to be at s. જોખમમાં હોવું. *v.t.* લાકડીને આધારે ઉભું રાખવું; દાવામાં હારવા જીતવા મુકવું; સરત બકવી. A small piece of wood sharpened at one end; a wager; a pledge; *v.* to support or defend with stakes; to wager. ધર્મને વાસ્તે બળી મરવું તે. Martyrdom by fire.

Stalactite, *n.* (સ્ટૅલક્ટાઇટ્) ગુફાઓમાં શંકુ આકારનું ઝરતું સફેતાનું ગચિયું. A mineral in form of an icicle.

Stale, *a.* (સ્ટેલ્) વાસી, ટાઢું; જુનું થયેલું; બેસ્વાદ; *v.t.* વાપરીને ઘસી નાંખવું. Vapid and tasteless; not new; trite; worn out.

Stalk, *n.* (સ્ટૉક્) સાંઠો, રાડું.(as of sugar cane) કાંડીયું; ડીચું. *v.t.* મ્હોટા ડોલથી છાતી કાઢી મોટી ફલંગે ચાલવું; *v.t.* ચોરીથી આવવું જવું. Deer stalking મારવા માટે ચોરીથી હરણ પાસે જવું તે. A stem; the pedicel of a flower; *v.* to walk with high and proud steps; to approach stealthily.

Stalking-horse, *n.* (સ્ટૉકિંગહૉર્સ) પક્ષિને છાનામાના પકડવાને વાસ્તે પારધીએ પોતાને સંતાઇ રહેવા કરેલો ઘોડો; બાહાનું; મુખવટો; A horse real or factitious behind which he is aiming to kill, hence, a mask, a pretence.

Stall, *n.* (સ્ટૉલ્) ગાય ઢોર બાંધવાની જગા; કોહોડ; માલ વેચવાને ન્હાનો માંડવો–દુકાન બેઠક; મોટા ધર્માધ્યક્ષનું આસન. A place for cattle; a stable; a small shed for merchandise; the seat of a dignified clergyman in the chair.

Stallion, *n.* (સ્ટૅલિઅન્) તુખમ વધારવાને રાખેલો વાલી ઘોડો. A seed horse; a male horse not castrated.

Stalwart, *a.* (સ્ટાલવર્ટ) બાહાદુર, જુસ્સાદાર. Brave.

Stamen, *n*, } (સ્ટેમેન્) કોઇપણ પદાર્થનો
Stamina, „ } નક્કર-મજબુત ભાગ ;આધાર; ફુલોની અંદરના દોરા; દમ, કસ; The solid or firm part of a body; whatever gives the principal support (L. *stamen* the warp).

Stammer, *v.i.* (સ્ટૅમર્) અટકીને બોલવું, તોતડું બોલવું;-જીભ અટકવી.

Stamp, *n.* (સ્ટૅમ્પ્) છાપ, શિક્કો; છાપનો કાગળ, સરકારી ટીકીટ; ગુણ; ઘાટ; આકાર; *v.t.* પગ પછાડવો; છાપ મારવી. An instrument for making impression; an impression; a stamp devised and isssued by Government; character of reputation; make; cast; form.

Stanch, *a.* (સ્ટાન્ચ્) સંગીન, કઠણ; મજબુત; પકું; ખરૂં; *v.t.* અટકાવવું, બંધ પાડવું; *v.i.* થોભવું; બંધ પડવું; Firm; steady; strong and light; firm in principle; *v.* to stop (as the flowing of blood); to cease to flow (L. *sto* I stand).

Stand, *n.* (સ્ટૅન્ડ્) ઉભા રહેવાની જગા, સ્થાન, મુકામ; ઉંચી બેઠક; કાંઇ વસ્તુ મુકવાનો આસન; ટક્કર; સામો ટકાવ; *v.t.* ખમવું; ચાલવું-ટકવું; માન્ય-કબુલ કરવું; (to s. fire ડગ્યા વગર શત્રુનો દારૂગોળીનો માર ખમવો; to s. a trial પોતાના ઉપર કામ ચાલવા દેવું;) *v.i.* ઉભું રહેવું-હોવું; ટકવું, નીભવું; ઉભા રહેવું; થોભવું; કોઇ હાલતમાં પડવું; (to s. by, પાસે-સોડે રહેવું; to s. for, ઉમેદવાર ઉભા રહેવું; to s. with, મળતું આવવું; stand to; પકડી રહેવું; to stand one in, બેસવું -ખરચ પડવો;) A station; a raised station; something on which a thing rests; resistance; *v.* to endure; to abide by; to await; to be situated; to be; to halt; to maintain one's ground; to be fixed or steady; (દઢ ઉભું રહેવું); to stagnate; (સ્થિર થઇ જવું); to be in any state.

Standing, *n.* સ્થાન, સ્થિતિ; અવધિ; કાળ; દરજ્જો; માન; *a.* ચાલુ, કાયમ; પાકું; જાય નહી એવું; બાંધ્યું; સ્થિર; ખસેડાય નહી એવું; ઉભું. Station; character; duration; condition in society; rank; *a.* settled; lasting; stagnant; not moveable; remaining erect; not cut down.

Stand-point, *n.* (સ્ટૅન્ડપૉઇન્ટ) કાયમ જગા, દૃષ્ટિ; નજર, વિચાર, સમજ.

Standish, *n.* (સ્ટૅન્ડિશ્) કલમદાન, દવાત કલમ મૂકવાનું ખાનું. A case for pen and ink.

Standard, *n.* (સ્ટૅન્ડર્ડ) વાવટો-ઝુંડો; પ્રમાણ; ધોરણ; મેળ. An ensign of war; that which is established as a rule, or model; a criterion; -bearer, નિશાનબરદાર, વાવટો ઉંચકનાર; an officer of an army, company, or troop, who bears a standard.

Stanza, *n.* (સ્ટૅન્ઝા) શ્લોક, બહુ પાદી છંદ. A number of verses connected with each other and ending in a full point or pause. (L. *sto* I stand).

Staple, *n.* (સ્ટેપલ્) વેપાર-પેદાશનો મુખ્ય માલ, જનસ; મુખ્ય વિષય; દોરો, તાંણો; લોઢાનો મરડેલો નકુચો; ધોરી, મુખ્ય. A principal commodity; the chief ingredient; the thread of wool, cotton, &c.; an iron bar bent and formed with two points to be driven into wood to hold a hook, &c., settled; established in commerce; principal.

Star, *n.* (સ્ટાર્) તારો, સેતારો; ફરેરી; ફુદડી (*) A shining heavenly body; configuration of the planets supposed to influence fortune; an asterick.—boord, *n.* વહાણમાં આગળ નજર કર્તાની જમણી બાજું; right side of a ship.

Starch, *n.* (સ્ટાર્ચ) આર, કાંજી; ખળ; અકડાસ; અતડાપણું; *v.t.*. ખેળ નાંખવો; આર ભરવો. A substance used to stiffen cloth; to stiffen with starch.

Stare, *v.i.* (સ્ટેર્) તાકીને જોઇ રહેવું, તાકવું; to s. in the face, આંખ આગળ હોવું, to look with fixed eyes wide open.

Stark, *ad.* (સ્ટાર્ક) તદન, બિલકુલ; શુદ્ધ; *a.* અક્કડ; મજબુત. Wholly; entirely; *a.* stiff; strong.

Starry, *a.* (સ્ટારિ) તારાથી શોભિતું ; નક્ષત્રોથી ભરેલું. Adorned with stars.

Start, *v.i.* (સ્ટાર્ટ) ચમકવું, નીકળવું ; પ્રારંભ કરવો ; *v.t.* ચમકાવવું ; એકદમ ઉઠાડવું, ઉભું કરવું; આણવું; શોધી કાઢવું ; *n.* ચમક ; ઝંપાટો ; શરૂઆત. To move suddenly; to shrink ; to set out; to alarm ; to bring into a sudden spring or motion; *n.* sudden fit; the outset.

Startle, *v.t.* (સ્ટાટર્લ્) ભડકવું, એકદમ પાછું હઠવું; *v.t.* ચમકાવવું ; આશ્ચર્ય પમાડવું. To shrink ; to alarm ; to surprise.

Starve, *v.i.*, *v.t.* (સ્ટાર્વ) ભૂખે મરવું, ખાવા પીવા ન મળવું ; ભૂખે મારી નાંખવું; નિર્બળ-કમજોર કરવું. To perish with hunger; to be very indigent; to kill with hunger ; to deprive of vigour.

Starvation, *n.* (સ્ટાર્વેશન્) ભૂખે મરવું તે. State of being starved.

State, *n.* (સ્ટેટ) હાલત, દશા ; દરજ્જો ; મરતબો; *pl.* મંડળ; રાજ્ય; સ્વસ્થાન; ડોળ ; ઠાઠ ; *a.* સરકારી; *v.t.* કહેવું, વર્ણવું ; બોલવું. Condition ; rank ; dignity; a community of a particular character; kingdom or republic; pomp; *a.* public ; *v.* to narrate; to express in words. -craft, *n.* રાજ ચલાવવાની યુક્તિ,-કળા-કૌશલ્ય,-પ્રપંચ. (L. *sto* I stand).

Stately, *a.* (સ્ટેટલિ) પ્રૌઢ ; ઠાઠવાળું ; મ્હોટું ; રોનકદાર. Lofty, majestic ; magnificent. (L. *sto*).

Statesman, *n.* (સ્ટેટસમૅન્) રાજમંત્રી, રાજ નિતિમાં કુશળ પુરૂષ A politician; one skilled in the art of government.—ship, રાજદરબારી કામ,-કારભાર ; the qualifications of employments of a statesman.

Statement, *n.* (સ્ટેટમેન્ટ) હકીકત, વર્ણન ; હેવાલ Account of particulars ; a narrative.

Statics, *n.* (સ્ટૅટિક્સ્) પદાર્થ સ્થિતિ વિદ્યા, ગુરત્વ વિદ્યા. The science which considers the weights of bodies. (L. *sto* I stand).

Station, *n.* (સ્ટેશન્) મુકામની જગો, સ્થળ ; (of a railway) આગગાડીને ઉભા રહેવાની જગા, ઇસ્ટેશન્ (for the police) ચોકી, ગેટ ; નીમેલું કામ, હોદ્દો ; હાલત ; નાકું ; *v.t.* મૂકવું, રાખવું, નીમવું. A stand; a place on a railway where trains make halt; assigned post ; rank; conditition of life; *v.* to place; to set.—ary, *a.* સ્થિર, અચલ; હોય તેવું. Stable ; not improving.—ery, *n.* કાગળ વગેરે લખવાનો સામાન.—er, કાગળ, કલમ, ખડીયા વગેરે લખવાનો સામાન વેચનાર ; one who sells paper, quills, &c.

Statistics, *n.* (સ્ટેટિસ્ટીક્સ્) દેશસ્થિતિ વિષેની હકીકતનો સંગ્રહ. A collection of facts respecting the state of society and the civil condition of a people.

Statistical, *a.* લોકોની સ્થિતિ-ઉદ્યમ સબંધી. Pertaining to statistics.

Statuary. *n.* (સ્ટૅટ્યુરિ) પૂતળું કોતરવાની કળા ; મૂર્ત્તિ કોતરનાર. The art of carving images ; one who professes the art of carving images.

Statue, *n.* (સ્ટૅટ્યુ) મૂર્ત્તિ, પૂતળું ; બાવલું. An image ; that which is set or fixed.

Stature, *n.* (સ્ટૅચ્યર) માણસની ઉંચાઇ-કદ ; કાઠી. The natural height of an animal, as a man (L. *statura* upright posture).

Status, *n.* (સ્ટેટસ્) સ્થિતિ; હાલત. State; circumstance ; rank.

Statute, *n.* (સ્ટૅટ્યુટ્) લખીત કાયદો, ધારો;

કાનુન. A law enacted by a legislature; enactment. (L. *statuo* I place.

Statutory, *a.* કાયદાનું; કાયદા પ્રમાણે થયલું. Established by statute.

Stave, *n.* (સ્ટેવ) સાંકડું-પાતળું પીપ બનાવાનું પાટિયું; *v.t.* ફોડવું; નાકું-છિદ્ર પાડવું; આગળ ધકેલવું. A thin narrow piece of timber of which casks are made; *v.* to burst; to break a hole in; to delay; to push. *n.* ગાયનના સુર બતાવવાનો સાંકેતિક ચાર ચોકડીનો કોઠો.

Stay, *n.* (સ્ટે) મુકામ, ટકાવ; થોભવું તે; આશ્રય; *v.t.* અટકાવવું; ઉભું રાખવું; ટેકો દેવો; *v.i.* ઉભા રહેવું; ટકવું; જારી રહેવું; વાટ જોવી; વાર લગાડવી. Sojourn; cessation of motion; support; *v.* to withhold; to prop; to stop; to continue; to wait; to tarry.

Stead, *n.* (સ્ટેડ્) જગ્યા, ઠેકાણું; (in s. of ઠેકાણે; બદલે; a bed s. ખાટલો; place, room, turn.—fast, *a.* સજ્જડ, દૃઢ; અચળ; ડગે નહીં એવું; firmly fixed; not fickle.

Steady, *a.* (સ્ટેડિ) સજ્જડ, અચળ; એક ધોરણી; પાયદાર, નિરંતર; એક સરખું; *v.t.* ઠેરવી રાખવું, સ્થિર રાખવું. Firm; constant; regular; *v.* to hold or keep firm; to support.

Steal, *v.t.* (સ્ટીલ્) ચોરવું, ચોરી લઇ જવું; હરવું; છાનામાના-ચોરીથી-ગુપ્ત રીતે કરવું; (to s. a march upon ધાપ મારવી) *v.i.* ચોરી કરવી; ચોરીથી જતા રહેવું-આવવું; to take away silently or secretly; to pilfer; to win by imperceptible means; to accomplish in a concealed manner; to practise theft; to withdraw privily.—th, *n.* (સ્ટેલ્થ) ચોરી; theft.

Steam, *n.* (સ્ટીમ્) વરાળ, બાફ; *v.t.* બાફ દેવો,-આપવો; *v.i.* બાફ છુટવો-નિકળવો; The vapour of water; visible vapour; to expose to steam; to fume; *v.* to send off visible vapour.—er, *n.* આગબોટ; a vessel propelled by steam.-engine, *n.* વરાળ યંત્ર; An engine worked by steam.—tug, *n.* ઝાઝ ખેંચવાની આગબોટ.

Steed, *n.* (સ્ટીડ્) ઘણા પાણીવાળો ઘોડો, લડાઇનો ઘોડો. A spirited horse.

Steel, (સ્ટીલ્) પોલાદ, ગજવેલ; ખરૂં લોઢું; ગજવેલનું હથિયાર; *v.t.* કઠણ કરવું; ઉપર પોલાદ ચઢાવવું. A very hard metal formed by combining with a small but definite portion of carbon used in making instruments, &c.; extreme hardness; to overlay, paint or edge with steel; to harden.—yard, *n.* કંપાણ; an implement for weighing.

Steep, *a.* (સ્ટીપ્) ઉભા ચઢાવવાળું. *n.* ઉભો ચઢાવ-ટેકરો; *v.t.* ઝબોળવું; પલાળવું; ભીનવવું. Sloping; inclined; *n.* a precipitous place; *v.* to soak in a liquid.

Steeple, *n.* (સ્ટીપલ્) ખ્રિસ્તી દેવળને અણિયાળો મિનારો; કંગુરો; શિખર. A turret of a church ending in a point; a spire.

Steer, *n.* (સ્ટીઅર્) વાછરડો, *v.t.* વહાણ હંકારવું; રસ્તો લેવો-પકડવો; *v.i.* ચાલવું; સુકાન ફેરવવો. A young castrated male of the ox kind; *v.* to direct; to show the way or course to; to direct or govern a ship in its course; to conduct one's self.

Steersman, *n.* (સ્ટીઅર્સ્મૅન્) સુકાન ફે-રવનાર. The helmsman of a ship.
Stellar, *a.* (સ્ટેલાર્) તારા સંબંધી-વાળું. Starry; pertaining to stars.
Stem, *n.* (સ્ટેમ્) થડ, મુખ્ય ભાગ, ડીચકું; સંતતિ; વહાણનો મોખરાનો ભાગ; વંશજ; *v.t.* સામા થવું-બંધ રાખવું. The main stock; a main body of a tree; the stock of a family; the forward part of a vessel; the leading position; *v.* to resist; to oppose, as a current.
Stench, *n.* (સ્ટેન્ચ્) દુર્ગંધ, બદબો. An offensive smell.
Stencil, *n.* (સ્ટેન્સિલ્) ચિતાર-છીપા વગેરેનું બીબું.
Steno-grapher, *n.* (સ્ટેનોગ્રાફર્) સંક્ષેપમાં લખનાર.
Stenography, *n.* ટુંકમાં લખવાની કળા, વિદ્યા.
Stentorian, *a.* (સ્ટેન્ટોરિઅન્) ઘણા મ્હોટા અવાજવાળું; મોટા ઘાંટાવાળું. Extremely loud; able to utter a very loud sound.
Step, *n.* (સ્ટેપ્) કદમ, ડગલું; ઉપાય, તજવીજ; *v i.* કદમ-ડગલું ભરવું; A pace; gait; measure; action; to move the foot slowly; to go; a foot print, પગલું. s. by s. રહેતે રહેતે; to s. aside, ખસી જવું; —brother, *n.* સાવકો-ઓરમાઇ ભાઇ; a brother by marriage.—son, સાવકો-ઓરમાન છોકરો. An orphan son; a son by marriage.
Stepping-stone, *n.* (સ્ટેપિંગસ્ટોન) પ્રથમ પગથિયું. A means of progress.
Stereoscope, *n.* (સ્ટેરીઓસ્કોપ) ચિત્રને ઉભાં આબેહુબ જોવાનું બે નળીવાળું એક દર્શન યંત્ર. An optical instrument for viewing small pictures (G. *stereos* firm, & *skopeo* I look at).
Stereotype, *n.* (સ્ટેરીઓટાઇપ) ચોપડીઓ છાપવના બીબાનાં પતરાં; *v.t.* કાયમ બીબાના પતરાંથી ચોપડી છાપવી. A plate of fixed or solid metallic types for printing books; *v.* to print by the use of fixed metallic types (G. *stereos* hard, & *hepos* a type).
Sterile, *a.* (સ્ટેરાઇલ) અફળ, ઉજડ, વાંઝણી. Barren, unfruitful (L. *sterilis* barren).
Sterling, *a.* (સ્ટર્લિન્ગ્) અંગ્રેજી નાણાનું-સંબંધી; સક્કાઇ, ચોખ્ખું. English money; genuine.
Stern, *n.* (સ્ટર્ન) વહાણ-નાવનો પાછલો ભાગ; *a.* કઠોર, સખત; અતિ દૃઢ. The hind part of a ship or the vessel; severe; hard; rigidly steadfast.
Sternum, *n.* (સ્ટર્નમ્) છાતીનું ચપટું વચલું હાડકું. The breast-bone.
Stethoscope, *n.* (સ્ટીથોસ્કોપ) છાતી તપાસવાની ડાકતરની ભુંગળી. An instrument for ascertaining the state of the chest or thorax, the lungs, &c., (G. *stethos* the breast, & *skopeo*, I look at).
Stew, *v.t.* (સ્ટયુ) ધીમે તાપે ઉકાળવું,-સીજવું; *n.* છિનાળખાનું; ગભરાટ; ધીમે તાપે સીજવેલું ભોજન. To boil slowly; to seethe; *n.* a brothel; meat stewed; a state of excitement.
Steward, *n.* (સ્ટયુઅર્ડ) ઘરનો કારભારી, વહીવટ કરનાર. One who manages the domestic concerns of great families.
Stick, *n.* (સ્ટિક્) લાકડી, સોટી; ગોદો, મચકો; *v.t.* વળગાડવું; મારવું; ઘોચવું, ખોસવું; મૂકવું; *v.i.* વળગી રહેવું; ચોંટી રહેવું; અટકવું; ગુંચવાવું; (to s. with ગુંચવણ પાડવી; to s. by; ખૂબ વળગી રહેવું; to s. out, બહાર નીકળવું; to

s. to, વળગી-પકડી રહેવું.) A rod, a stale; *v.* to attach by causing to adhere to the surface; to kill by piercing; to thurst in; to set; to adhere; to stop; to hesitate.—y, *a.* ચીકણું;ચિકટ;viscous; adhesive.

Stickle, *v.i.* (સ્ટિકલ્) (એકનો) પક્ષ પકડવો-ઝાલવો; ખોટી તકરાર-જક કરવી; આગ્રહ કરવો. To take part with one side; to contend pertinaciously on insufficient ground; to play fast and loose; ઘડીમાં એકનો અને ઘડીમાં બીજાનો પક્ષ પકડવો.

Stickler, *n.* (સ્ટિકલર્) પંચ, મધ્યસ્થ; ખોટી તકરાર કરનાર. An empire; a contender.

Stiff, *a.* (સ્ટિફ્) કઠણ, મરડાએ-વળે નહી એવું, જાડું રગડ જેવું; જોરનું; ભારે; જક્કી; અતડું. Rigid; unbending; thick and tenacious; violent; obstinate; affected.—en, *v.t.* કઠણ-તાટ-વળે નહી તેવું કરવું; ઘટ કરવું; *v.i.* તાટ થવું; જાડું-કઠણ થવું; to make stiff; to make torpid; to become more thick.—necked, *a.* હઠીલું, નમે નહી તેવું.Stubborn; unyielding.

Stifle, *v.t.* (સ્ટાઇફલ) ગુંગળાવવું; સ્વાસ રોકવો; બુઝવવું; છુપાવવું; ઉડાવવું. To choke; to quench; to conceal.

Stigma, *n.* (સ્ટિગ્મા) લાંચ્છન; કલંક. A brand; any mark of infamy.—tize, *v.t.* ડાહામ દેવો; બટ્ટો-કલંક લગાડવો; to brand with a hot iron; to set a mark of disgrace.

Stile, *n.* (સ્ટાઇલ) વચલી વાડ કે કોટ ઉપરથી જવા આવવાને પગથિયાં. A set of steps for ascending and descending a fence or wall.

Still, *n.* (સ્ટિલ) દારૂ ગાળવાની ભઠ્ઠી-યંત્ર; *a.* ચુપ, છાનું; શાંતકારક; *v.t.* છાનું પાડવું-રાખવું; ઠંડું પાડવું; શાંત પાડવું; *ad.* હજુ સુધી, લગી; હમેશ; નિરંતર; તોએ, જેમ જેમ. A boiler used in the distillation of liquors; silent; calm; *v.* to silence; to make quiet; *ad.* to this time; nevertheless; always; by an additional degree; notwithstanding, તેમ છતાં પણ.

Still-born, *a.* પેટમાંજ મરણ પામી નિકળેલું. Dead at the birth.

Stilt, *n.* (સ્ટિલ્ટ્) ચાલતાં ભોંયથીપગ ઉંચો રાખવાને ખોભણવાળી લાકડી, ઘોડી. A long pole of wood often with a shoulder to raise the foot above the ground in walking;—ed, *a.* ઉંચું, ડોળવાળું. Unreasonably elevated.

Stimulant, *a.* (સ્ટિમ્યુલંટ્) ચેતના આણે તેવું; ઉત્તેજન; ઉદ્દીપક ઓસડ. Tending to exite action.

Stimulate, *v.t.* (સ્ટિમ્યુલેટ્) ઉશકેરવું, ઉલટ આપવી; ઉદ્દીપ કરવું. To urge; to excite; to rouse up. (L. *stimuls* to incite). [ઉલટ.

Stimulation, *n.* (સ્ટિમ્યુલેશન્) ઉત્તેજન,

Stimulus, *n.* હોશ-ચેતના-જાગૃતી આણે તેવી વસ્તુ. Act of exciting; something that rouses the mind or spirits.

Sting, *n.* (સ્ટિંગ્) ડંખ, કાંટો, ચટકો; દુ:ખ, મર્મ. *v.t.* ડંખ મારવો; ડસવું; ઘણી વેદના દેવી. A sharp pointed weapon by which certain animals are armed by nature for their defence (of remorse and the like); any thing that gives acute pain; *v.t.* to pierce with a pointed weapon; to pain acutely.

Stinggy, *a.* (સ્ટિન્જિ) મખ્ખીચૂસ, કંજુસ; બખીલ. Meanly avaricious; niggardly.

Stink, *n.* (સ્ટિન્ક્) ગંધ, બદબો; *v.i.* ગંધ મારવી;-બદબો નીકળવી. A strong offensive smell; *v.i.* to emit and offensive smell.

Stint, *v.t.* (સ્ટિન્ટ) સંકોચમાં રાખવું, મોટું થવા ના દેવું; સંકોચ; નશીબમાં આવેલો ભાગ. To limit; to restrain; to shorten; *n.* limit; restraint; quantity assigned.

Stipend, *n.* (સ્ટાઇપન્ડ્) પગાર, મુસારો; નિમણુંક. Allowance; salary; settled pay.—iary,*a. n.* પગાર લેનાર, બદલો લઇ ચાકરી કરનાર. Receiving stipend or wages (L. *stips* a gift given in small coin, *pendo* I weigh).

Stipulate, *v.i.* (સ્ટિપ્યુલેટ) ઠરાવ-કરાર -બોલી કરવી. To make an agreement or covenant with any person or company &c. (L. *stips* a gift in small coin).

Stipulation, *n.* (સ્ટિપ્યુલેશન્) ઠરાવ, બોલી; કરાર. An agreement; contract; bargin. (L. *stips*)

Stir, *v.t.* (સ્ટર્) હલાવવું, ઉઠાવવું; ઉભુ કરવું; જાગૃત કરવું. To move; to bring into debate; to enliven. *v.i.* હાલવું, મહેનત કરવી. To move one's self; to be in motion. *n.* હાલચાલ. ગડબડાટ. Agitation.—ring, *a.* ચપળ, ચકોર; ધમાધમનું. Active in business; animating.

Stirrup, *n.* (સ્ટિરપ્) પિંગડું, રિકાબ. An iron for a horseman's foot.

Stitch, *n.* (સ્ટિસ્ટચ) ટાંકો, બખીઓ. A single pass of a needle.*v.t.*બખીઓ દેવો; ઓટવું. To sew with a back puncture of the needle so as to double the thread.

Stock, *n.* (સ્ટૉક્) ઝાડ-છોડનું થડ, થંભ, થાંભલો; જડબુદ્ધિ માણસ; બુડથલ; કુંદુ; અક્કડ ગજેબંધ; કુળ; થાપણ; પુંજી; *pl.* ઢોર; *pl.* હેડ; The trunk of a tree or a plant; a post; a senseless person; the wood in which the barrel of a musket is fixed; family; race; capital; cattle; a frame for punishment; *v.t.* ભરી મુકવું; to lay up; *a.* ચાલતું, જ્યારે ખપ પડે ત્યારે લેવાનું. Standing.—booker, *n.* શેર દલાલ; લોન દલાલ.—enchange, *n.* શેર બજાર.—holder, *a.* જેની પાસે શેર કે લોન હોય તે.—jobber, *n.* શેરનો સટ્ટો કરનાર.—still, *a.* લાકડા જેવો સ્થિર; થાંભલા જેવો. Still as a post.

Stocking, *n.* (સ્ટૉકિંગ્) પગનાં મોજાં. A covering for the foot and leg.

Stoic, *n.* (સ્ટોઇક્) પ્રાચિન યુનાન દેશનો એક અમુક પ્રકારનો તત્વ જ્ઞાની. One of a sect of philosophers of Greece. —ism, *n.* ઉદાસીનતા, વિરક્તપણું.

Stoker, *n.* (સ્ટોકર્) વરાળ યંત્રની ભઠ્ઠી ઉપર ઉભો રહીને તેમાં બળતણ પૂરનાર. One who looks after the fire in a steam-engine.

Stole, *n.* (સ્ટોલ) લાંબો ઢીલો જામો. A long loose garment.

Stomach,*n.*(સ્ટમક્)પેટ,જઠર, કોઠો; ઇચ્છા The organ of digestion; desire; *v.t.* સાંખી રહેવું. To brook.—ish,*a.* કોઠા-જઠર સંબંધી; પાચક; જઠરાગ્નિ વધારે એવું; relating to the stomach existing the action of the stomach. (G. *stoma* an *outlet*).

Stone, *n.* (સ્ટોન્)પથ્થર,પાષાણ; પથરી(દરદ) પેળવો; ચૌદ શેરનું વજન, રત્ન. A concretion of the earth; one of the testicles; the nut of stone-fruit,

a weight of 14 pounds; a gem. Philosopher's stone, પરસમણી. *v.t.* પથ્થર મારવા; ફેંકવું; ઠળીઆ કાઢી નાંખવા, to pelt; to free from stones—blind, *a.* આંધળોભીંત, perfectly blind.—cutter, *n.* પથ્થર કાપનાર; સલાટ. One whose occupation is to hew stones.—fruit, *n.* ઠળીઆવાળો મેવો.

Stony, *a.* (સ્ટોનિ) પથ્થરવાળું-જેવું, વાળ્યું વળે નહી એવું; નિર્દય. Full of or like stone; inflexible; cruel.

Stool, *n.* (સ્ટુલ્) પાટલો, બાજઠ. A seat without a back.

Stoop, *n.* (સ્ટુપ્) વાંકા વળવું, નમવું; શરણ થવું; પોતાની હલકી પદવીથી હલકું કામ કરવું; ઉડતાં ઉડતાં ઉતરવું. To bend forward; to submit; to descend; to alight from the wing.

Stop, *v.t.* (સ્ટૉપ્) બંધ કરવું, રોકવું. To close; to hinder, *v.i.* અચકવું; થોભવું; to cease to go forward, થોડી વાર રહેવું, to spend a short time, *n.* બંધ કરવું-ઉભું રહેવું-થોભવું તે. The act of closing or cleansing to go forward; અડચણ, obstacle, વિરામ ચિન્હ, a mark of punctuation.—cock, *n.* વાસવા ઉઘાડવાની તોટી વાળી નળી.—per, *n.* બંધ કરનાર, ઉભુ રાખનાર; દાટો. That which stops or closes. (G. *stupos* a block).

Storage, *n.* (સ્ટોરજ્) વખારમાં ભરી મુકવું તે; ભરી મુકામણ ભાડું. The safe keeping of goods in a warehouse; the price paid for keeping goods in a store.

Store, *n.* (સ્ટોર્) સંગ્રહ. A great quantity, વખાર, a warehouse, *pl.* ખોરાકીનો સંઘરો, necessary articles laid up for use.—house, *n.* વખાર, કોઠી, ભંડાર; a warehouse; a repository.—keeper, *n.* કોઠારી, ભંડારી; સાહિત્ય સંભાળનાર, one who tends a store.

Stork, *n.* (સ્ટૉર્ક) એક પ્રકારનું લાંબી ચાંચનો લાંબા પગવાળું જળ કુકડું, બગલું. A large bird of the heron kind, famed for its great affection towards its young.

Storm, *n.* (સ્ટૉર્મ) તોફાન, વાવંટોળ; બખેડો, બળવો; મ્હોટી આફત; હલ્લો; છાપો; *v.t.* ઉપર હલ્લો-હંગામ કરવો. *v.i.* કોધાયમાન થવું A tempest; political commotion; violent calamity; a violent assualt on a fortified place; *v.* to attack with violence; to rage.—y, *a.* તોફાનનું; સખત. Agitated with winds; boisterous.

Story, *n.* (સ્ટોરિ) કહાણી, વાત; ઇતિહાસ, વૃત્તાંત; માળ, મેડો, A tale; a fiction; a fable; history; a floor of a house.

Stout, *a.* (સ્ટાઉટ્) મજબુત, બળવાન; જોરાવર; જાડું; ભરેલું. Strong; bold; large; bulky.

Stove, *n.* (સ્ટોવ) ચૂલો, સગડી; ભઠ્ઠી. An iron hot cylinder or fire-place in which fire is made to warm an apartment.

Stow, *v.t.* (સ્ટો) ખડકવું, પાસે પાસે પકડીને ભરવું. To fill by packing closely.

Straddle, *v.i.* (સ્ટ્રૅડલ્) પગ પોહોળા કરીને ચાલવું અથવા ઉભા રહેવું; *v.t.* ઘોડો પલંગીને ઉભા રહેવું. To walk wide; to walk with the legs far apart.

Struggle, *v.i.* (સ્ટ્રગલ્) રખડવું, ભટકવું; ફેલાવું; વેરાઇ જવું. To wander aside; to rove; to be dispersed.

Straight, *a.* (સ્ટ્રેટ્) સીધું, સરખું; પાધરૂં; બરોબર. Right; direct. *ad.* તરતજ, બારોબાર. *v.* સીધું-પાંસરૂં કરવું; —forward, સીધું, પાધરૂં, પ્રમાણીક. Not directing.

Strain, *v.t. v.i.* (સ્ટ્રેન્) જોરથી તાણ-વું, ખેંચવું ; થાય એટલું બળ કરવું, તંગ કરવું; ગાળવું, છણવું; બહુ માથાકુટ કરવી; *n.* આંચકો ; તાણ ; લચક; રાગ. To draw by force; to put to the utmost strength ; to make lighter; to filter ; *n.* a strain ; force ; song.—er, ગળણી. Instrument for filteration.(L. *stingo* I bind).

Strait, *n.* (સ્ટ્રેટ્) સામુદ્રધુની, વિપતિ ; ઘણી તંગી. A narrow pass in an ocean; distress.—en, *v.t.* સાંકડામાં ઘેરવું, દુઃખ તંગીમાં નાંખવું· To make narrow; to distress.

Strand, *n.* (સ્ટ્રૅન્ડ્) દરિયાનો કે મોટા સરોવરનો કાંઠો ; *v.i.* કિનારા ઉપર-ભોંયપર ચઢી જવું. A shore of a sea. *v.i.* to drive aground.

Strange, *a.* (સ્ટ્રેન્જ) પરદેશનું, પારકું; અજાણ્યું; વિચિત્ર ; તરેહવાર. Foreign ; odd ; wonderful.

Stranger, *n.* (સ્ટ્રેન્જર્) પરદેશી, ત્રાહીત માણસ. A foreigner ; a guest; a visitor. (L. *extraneus* external).

Strangle, *v.t.* (સ્ટ્રૅન્ગલ્) ગુંગળાવીને-ગળુ દાબી મારી નાંખવું; દાબી નાંખવું. To suffocate ; to supress. (L.*strangulo* I bind).

Strangury, *n* (સ્ટ્રૅન્ગ્યુરિ) પેસાબ એકદમ નહી છુટતાં ટપકે ટપકે છુટે એવો રોગ, Difficulty in discharging urine.

Strap, *n.* (સ્ટ્રૅપ્) ચામડાનો-લુગડાનો પાટો, સાટ ; ચીપ ; *v.t.* પટા-ચીપથી બાંધવું-કસવું. A long narrow slip of cloth or leather ; *v.t.* to fasten with a strap. [Tall ; lusty.

Strapping, *a.* (સ્ટ્રૅપિંગ્) ઉંચુ, લઠ, જબરૂં.

Stratagem, *n.* (સ્ટ્રૅટેજમ્) યુક્તિ, પેચ ; ઉપાય; લડાઇનો કાવો દાવો ; છળ. An artifice ; trick ; plan; an artifice in war ; deceit. (L. *stratos* an army, *ago* I do).

Stratagic, *a.* (સ્ટ્રૅટેજીક્) યુદ્ધ કૌશલ્ય સંબંધી ; દાવપેચનું.

Stratum, *n.* (સ્ટ્રેટમ્) પૃથ્વીમાંનું માટી વિગેરેનું પડ-થર. A layer, as of earth. (L. *struo* I spread).

Straw, *n.* (સ્ટ્રૉ) પરાળ, તણખલું ; તલભાર. Anything proverbially worthless.

Stray, *v.i.* (સ્ટ્રે) ભટકવું, આડા ભમવું ; ભૂલ કરવી ખોટે રસ્તે જવું ; *a.* ભુલું પડેલું; રખડતું ; To wander ; to ramble ; to err ; *a.* having gone astray.

Streak, *n.* (સ્ટ્રીક્) રેખ, રેષા ; ભોંયથી જૂદા રંગની લીટી ;-નીશાન, રેખ, *v.t.* જૂદા જૂદા રંગના લીસોટા કાઢવા. A line of a different colour from the ground ; a stripe ; *v.t.* to stripe. —y, *a.* જૂદા રંગના લીસોટાવાળું-પટાવાળું. Striped.

Stream, *n.* (સ્ટ્રીમ્) વેહેળીઉં; ઝરો; નાળું; પ્રવાહ ; વેગ ; *v.i.* વેહેવું ; પસરવું ; ધાર છુટવી. A current of water; a brook ; drift ; *v.t.* to fold in a current.—er, *n.* નિશાન, વાવટો; ધજા an ensign or flag ;—let, *n.* નહાનું વેહેળીઉં. A small stream.

Street, *n.* (સ્ટ્રીટ્) મોહોલ્લો, રસ્તો ; શેરી ; ગલી ; પોળ. A way or road in a city ; a lane.—walker, *n.* સાધારણ વેશ્યા, કિસબણ. a prostitute.

Strength, *n.* (સ્ટ્રેન્ગ્થ્) બળ, જોર ; શક્તિ; જીવ ; કસ. Power to act ; force ; vigour; firmness.—en, *v.t.* મજબુત કરવું; પુષ્ટી આપવી. to make strong;

Strenuous. *a.*(સ્ટ્રેન્યૂઅસ્)ઘણો, આગ્રહી ; શૂરો ; ઉદ્યોગી. Eagerly pressing ; vigorous. (L. *strenuus* strong).

Stress, *n.* (સ્ટ્રેસ્) જોર, ભાર ; વજન ; Force; importance (to lay s. ભાર મૂકવો).

Stretch, *v.t.* (સ્ટ્રેચ્) લંબાવવું, તાણવું; વિસ્તારવું; સખત કરવું; ખેંચવું; *v.i.* લાંબું થવું; તણાવું; ખેંચાવું; પસરવું; To draw out; to extend in breadth; to strain; to be extended; to spread.

Strew, *v.t.* (સ્ટ્રૂ) વિખેરવું, વેરવું; આમ તેમ વેરવું; પાથરવું. To scatter; to throw loosely.

Strict, *a.* (સ્ટ્રિક્ટ્) કરડું, સખત; અતિશય ચોકસ; કઠણ; Severe; rigid; rigorously nice.—ure, *n.* સખત ટીકા.Criticism.(L. *stringo* I bind).

Stride, *n.* (સ્ટ્રાઇડ્) ફલંગ, લાંબુ કદમ. A long step. *v.i.* મ્હોટી ફલંગો-ડગલાં ભરવાં. To walk with long steps.

Strife, *n.* (સ્ટ્રાઇફ્) લઢાઇ, કજીઓ; ઝઘડો; હરીફાઇ. Contest of emulation; quarrel; rivalship.

Strike, *v.t.* (સ્ટ્રાઇક) મારવું, ઠોકવું; છાપવું; નાંખવું-ઘાલવું; વગાડવું; ઉતારવું, નીચું પાડવું; લગાડવું; લાગવું; પાકું કરવું. *v.i.* વાગવું, પછાડવું; દાઝવું; હુમલો-ચઢાઇ કરવી; અડકવું; હડતાળ પાડવી; (To s. an account બાકી કાઢવી, હિસાબ સમજવો; to s. sail સઢ ઉતારવો; to s. up વગાડવું; to s. in એકદમ પેસવું; to s. in with જોડે મળી-મળી જવું; to s. out આડું ફંટાવું). To hit with some force; to coin; to cause to enter; to notify by sound; to lower; to impress strongly; to blot out; to contrive; to hit; to sound; to make an attack; to touch; to cease from work; to revolt.

Striking, *a.* (સ્ટ્રાઇકિંગ્) અસર કારક, આબેહુબ. Impressive; exact.

String, *n.* (સ્ટ્રિંગ્) દોરી, હાર; માળા; તાર; રેસો; કામઠાની દોરી-પણુચ; છોળ; *v.t.* મેળવવું; પરોવવું; સખત કરવું; ખેંચવું; છોલવું. A small rope, line or cord; a line of things; the cord of a musical instrument; the cord of a bow; *v.t.* to file; to deprive of strings.—y, *a.* તારવું, રેસાવાળું. Ropy; viscid.(*stringo*)

Stringent, *a.* (સ્ટ્રિન્જેન્ટ્) સખત, આકરૂં; કરડું. Binding; severe; rigid.

Strip, *v.t.* (સ્ટ્રિપ્) ઉતારી લેવું; કાઢી નાંખવું; છીનવી લેવું; *v.i.* ઉતારવું, કાઢી નાંખવું; *n.* પટી, ચીપ. To pull or tear off, as a covering; to skin; to deprive; *n.* a narrow piece.—ling, *n.* ઉછરતો જુવાનિયો. A lad, a youth.

Stripe, *n.* (સ્ટ્રાઇપ્) પટો, પટી, ઝપાટો, સોળ, સળ; *v.*ફટકા મારવા. A long narrow division; a stroke, the wale or long mark made with a lash.

Strive, *v.i.* (સ્ટ્રાઇવ) ઉદ્યોગ-યત્ન કરવો; મેહેનત-કોશેશ કરવી; લઢવું; બરોબરી કરવી. To make efforts; to contend; to vie.

Stroke, *n.* (સ્ટ્રોક) ઝપાટો, ધપકો; ઘા; ઘડીઆળનો રણકો; હાથ કસબ; ખરી ચતુરાઇનો ખેલ; *v.t.* પંપાળવું; હાથ ફેરવવો. A blow; the striking of one body against another; calamity; the sound of the clock; a masterly effort; *v.* to rub gently; to soothe. (L. *stringo* I bind).

Stroll, *n.* (સ્ટ્રોલ્) રખડપટો, સેહેલ કરવી તે. *v.i.* રઝળવું; ભમવું; ફરવું. A ramble; an excursion; *v.* to rove; to ramble.

Strong, *a.* (સ્ટ્રૉંગ્) જબરૂં, મજબુત; સમર્થ; બળીયું; પ્રચંડ, ભારે; કઠણ, અસરકારક; વજનદાર; હોંસીલું, ખરા દીલનું; કેફીતેજદાર. Physically powerful; firm; solid; impetuous; adapted to make a deep impression;

ardent; intoxicating; bright; affecting the taste forcibly.—hold, *n.* કિલ્લો, ઘઢ; a fortress; fort. (L. *stringo* I draw tight).

Strop, *n.* (સ્ટ્રૉપ્) અસ્તરો ઘસવાની ચામડાની ટપ ટપી. A strip of leather used for sharping razors and giving them a fine smooth edge.

Structure, *n.* (સ્ટ્રક્ટ્ચુર્) બાંધો, ઇમારત; રચના; ઇમલો. Make, frame; an edifice (L. *struo* I join together).

Struggle, *n.* (સ્ટ્રગલ્) કજીયો, લઢાઇ; તરફડીઆં; *v.i.* તરફડીઆં મારવાં; અતિશય પ્રયત્ન-મહેનત કરવી; તરફડવું. A forcible effort; contest; contortions of extreme agony; *v.* to strive with contortions of the body; to use great efforts; to labour in agony.

Strumpet, *n.* (સ્ટ્રમ્પેટ્) છિનાળ, કસબણ; રંડી. A prostitute; a courtezan.

Strut, *n.* (સ્ટ્રટ્) નખરાં, ડપકો; છાતી કાઢી ભપકામાં ચાલવું તે. *v.i.* નખરાં કરવાં, ઠસ્સા-ઠમકાથી ચાલવું. A proud affected walk; to walk with affected dignity.

Stub, *n.* (સ્ટબ્) ઝાડનાં થડ, ભોંયમાં રહેલાં રાડાં-સાંઠા-થડ; *v.t.* મૂળ ઉખેડી નાખવાં. That part of the stem of a tree which remains fixed in the earth when the tree is cut down; to grub up by the roots.

Stubble, *n.* (સ્ટબ્લ્) અનાજ વગેરેના રહેલા ભોંય ઉપર કરછા-ખુપરાં. The small stumps of wheat, rye, barely, &c., left in the ground.

Stubborn, *a* (સ્ટબર્ન) જક્કી, મમતી; ઝાહેલ; નિરંતર; વળે નહી એવું; સહનશીલ. Obstinate; inflexible; constant; stiff; hardy.

Stucco, *n.* (સ્ટક્કો) ઝીણો સાગોળ, ઝીણા સાગોળનું કામ. A plaster of lime, whiting and pounded marble.

Stud, *n.* (સ્ટડ્) ઘોડા ઉછેરવાને રાખેલા ઘોડા ઘોડીઓ; ઘોડાશાળા; ગુલ મેખ; બાંહ્યોનું બોરીયું; *v.t.* ગુલમેખ જડવી; ફુલ-બટન જડવાં. A collection of breeding horses & mares; an ornamental knob; an ornamental button for a shirt; *v.* to set with studs.

Student, *n.* (સ્ટયુડંટ્) વિદ્યાર્થી, શિખનાર; વિદ્યાભ્યાસી. One who studies; a person engaged in study.

Studied, *a.* (સ્ટડીડ્) નિપુણ, કુશળ; આગળથી ધારીને. Well versed; premeditated. (L. *studeo*).

Studio, *n.* (સ્ટુડિઓ) કિસબી કારીગરની દુકાન. વિદ્યાભ્યાસ કરવાની ઓરડી. The workshop of a sculptor.

Studious, *a.* (સ્ટયૂડિઅસ્) ઉદ્યોગી, વિચારશીલ; ખંતીલું; પાકા વિચારથી જાણીબુજીને કરેલું. Given to study; contemplative; diligent; deliberate.

Study, *n.* (સ્ટડિ) અભ્યાસ, અધ્યયન; વિચાર; અભ્યાસનો વિષય; અભ્યાસ કરવાની કોટડી; *v.i.* વિચાર-તર્ક કરવો; અભ્યાસ કરવો; તત્પર થઇને પ્રયત્ન કરવો; *v. t.* શિખવું; ભણવું; તપાસવું; મોઢે કરવું. Application to books or science; exclusive mental occupation; any branch of learning studied; a room for study; *v.* to muse; to apply the mind to books or learning; to endeavour diligently; to arrange by previous thoughts. (L. *studeo* I am eager)

Stuff, *n.* (સ્ટફ્) વસ્તુ, લુગડું; કાપડ; ઓસડ; મૂર્ખવાદ. *v.t.* દાબી-ઠાંસીને ખીચોખીચ ભરવું; બંધ થઇ જવું; *v. i.* અકરાંતીઉ ખાવું. Material; cloth not made up; furniture; a medicine; nonsense; *v.* to fill by crowding; to

obstruct any of the organs; to feed gluttonously.

Stuffing, *n.* (સ્ટફિંગ્) ભરવાની વસ્તુ, પુરણુ; માંસને સ્વાદ કરવાનો મસાલો. What is used for filling; seasoning for meat.

Stultify, *v.t.* (સ્ટલ્ટિફાઇ) બેવકુફ જણાય તેમ કરવું, બેવકુફ બનાવવું. To make foolish (L. *stultus* foolish).

Stumble, *v.i.* (સ્ટમ્બલ્) ગોથું ખાવું, ઠોકરાવું; લથડતાં ચાલવું; ભૂલવું; *n.* ગોથું, ઠોકર. To trip in walking; to err; to trip; *n.* a blunder; a failure; to s. upon, અણધાર્યું મળવું. to light on by chance.

Stumbling-block, *n.* (સ્ટમ્બલિંગ્બ્લૉક્) ભૂલ–ગોથું ખાવાનું ઠેકાણું, અડચણ કરનાર. That which causes to err.

Stump, *n.* (સ્ટમ્પ્) ઝાડનું રહેલું થડ-રાડું; ઠુંઠું; ક્રિકેટની રમતમાં જમીનમાં ઘાલેલી લાકડી; *v.t.* ઠુંઠું કરવું; સભાસદ થવાને ભાષણો કરતાં ફરવું; *v.i.* ધબધબ હીંડવું. A stub; the part of a limb or other body remaining after a part is amputated or destroyed; *v.* to curtail; to lop, as trees; to make electioneering speeches in;—orator, *n.* ઉંચે ઠેકાણે ઉભા રહીને લોક આગળ ભાષણ કરનાર.

Stun, *v.t.* (સ્ટન્) બેશુદ્ધ-બેભાન કરવું; બેહરૂં કરી નાંખવું; બે બાકળું કરી નાંખવું. To make senseless; to overcome the sense of hearing; to surprise completely.

Stunt, *v.t.* (સ્ટંટ્) ઠીંગરાઇ જાય તેવું કરવું, વધવા-મ્હોટું થવા ન દેવું. To hinder from growth; to stop the growth of.—ed, *a.* (સ્ટંટેડ્) ઠીંગરાઇ ગએલું, પૂરૂં વધેલું નહી તે. Hindered from growth; dwarfish.

Stupe, *n.*, *v.t.* (સ્ટયુપ્) લુગડું કે રૂમાલ દવા કે પાણીમાં બોળી તે વતે શેક કરવો; A piece of linen or cloth dipped in warm medicaments for a wound; *v.t.* to foment.

Stupefy, *v.t.* (સ્ટયૂપિફાઇ) બેભાન-સુનું કરવું; મૂર્ખ-હેમક બનાવવું. To make stupified.

Stupefication, *n.* બેસાવધપણું, અચેતના. Insensibility; torpor (L. *stupere* to be struck senseless & *facio* I make).

Stupendous, *a.* (સ્ટયૂપેન્ડસ્) ચક કરી નાંખે તેવું, આશ્ચર્યકારક; અતિશય મ્હોટું -ઉંચું. Astonishing; amazingly great. (L. *stupere*).

Stupid, *a.* (સ્ટયૂપિડ્) જડ, મૂર્ખ; બુદ્ધિહીન; મૂર્ખાઇનું. Very dull; insensible; wanting in understanding.—ity, *n.* જડબુદ્ધિ, બેવકુફી. Insensibility; extreme dulness of perception. (L. *stupere* to be stupefied.)

Stupor, *n.* (સ્ટયૂપર્) બેહેરાપણું, બેભાનપણું; જડબુદ્ધિ; અચેતના. Numbness; moral stupidity; suppression of sense.

Sturdy, *a.* (સ્ટર્ડિ) હઠીલો, જડ; ધીંગુ; જબરૂં. Rigid; fixed; bluntly obstinate; stiff; robust; strong.

Stutter, *v.t.* (સ્ટટર્) તોતડું બોલવું, જીભ અચકવી. To hesitate in uttering words; to stammer.

Sty, *n.* (સ્ટાઇ) ડુક્કર પુરવાનો વાડો, આંખે જે આંજણી થાય છે તે. A pen for swine; an inflamed tumour on the edge of the eyelid.

Style, *n.* (સ્ટાઇલ્) કોતરવાના ક્રમમાં વાપરવાનું ટાંકણું; ઇબારત; બોલવા-લખવાની ઢબ; કિતાબ; નામ; રીત, ચાલ; મીણ ચોપડેલી તકતી ઉપર લખવાની લેખણ; *v.t.* કહેવું, ખિતાબ આપવો; નામ દેવું. A

sharp pointed toil used in engraving; mode of expressing thought in language; title; fashion; *v.* to name; to denominate.

Suasion, *n.* (See Persuasion).

Suavity, *n.* (સ્વૅવિટિ) ખુશકારકપણું; મીઠાસ; મનોરંજકપણું. Agreeableness; sweetness (L. *suavis* sweet).

Subaltern, *n.* (સબ્‌ઑલ્ટર્ન) લશ્કરમાં કપતાનથી હલકા દરજ્જાનો સનદી અમલદાર; હાથ નીચેનો અમલદાર; હાથ તળેનું. An officer under the rank of captain; inferior; subordinate (L. *sub* under & *alternus* another).

Sub-committee, *n.* (સબ્ કમિટી) પેટા મંડળી. An under committee.

Sub-divide, *v.t.* (સબ્‌ડિવાઇડ્) ભાગના ભાગ કરવા, વિભાગ કરવા. To divide what is divided.

Sub-division, *n.* (સબ્‌ડિવિઝન્) પેટા ભાગ, વિભાગ. A part of a division.

Subdue, *v.t.* (સબ્‌ડ્યૂ) તાબે-વશ-સ્વાધીન કરવું; જીતવું; બળ હીન કરી નાંખવું; મટાડવું, કાઢવું; કેળવવું. To put, place or lay under; to conquer; to crush; to overcome; to tame (L. *sub* under & *duco* I lead).

Subjacent, (સબ્‌જેસન્ટ્) નીચેનું, હેઠળનું. Being under or lower (L. *sub* & *jacio* I throw).

Subject, *n.* (સબ્‌જેક્ટ્) રૈયત, પ્રજા; પાત્ર; વિષય, મુદ્દો; ચીજ, વસ્તુ. *a.* તાબેનું, યોગ્ય, અમલમાં આંણવું. *v.t.* જીતવું, તાબે કરવું; પાત્ર-લાયક કરવું; લગાડવું; ઉઘાડું પાડવું. One who is placed under the authority or dominion of another and is governed by his laws; a matter in discussion; that concerning which anything is affirmed or denied; *a.* being under the power of another; liable; exposed; submissive; *v.* to subdue; to make liable; to expose (L. *sub* & *jacio* I throw).

Subjection, *v.t.* (સબ્‌જેક્શન્) તાબે-વશ-આધીન રહેવું તે; તાબેદારી; પરતંત્રતા. State of being under the power or control, and government of another. (L. *sub*, *jacio*).

Subjoin, *v.t.* (સબ્‌જૉઇન્) સાંધવું, વધારવું. To annex; to add at the end (L. *sub* & *jungo* I join).

Subjugate, *v.t.* (સબ્‌જ્યુગેટ) જીતીને શરણ કરવું. To bring under the yoke; to subdue. (L. *sub* & *jugum* a yoke).

Subjunctive, *a.* (સબ્‌જંક્ટિવ) (વ્યાકરણમાં) સંકેતરૂપ; *n.* સંકેતવાચ્ય-અર્થ. Subjoined or added to something before said or written; the subjunctive mood.

Sublimate, *n.* (સબ્‌લિમેટ) રસકપુર; વરાળના રૂપમાં આણીને પાછી ઠારેલી ચીજ; *v.t.* વરાળના રૂપમાં લાવવું; ઉંચી પદવી-ભાવને પોહચાડવું. The product of a sublimation; *v.* to bring into a state of vapour; to elevate (L. *sublimis* high).

Sublime, *a.* (સબ્‌લાઇમ) ઉમદા, ઉંચું; પ્રૌઢ; અતિ હર્ષિત. Noble; majestic; high in place; elevated by joy.

Sublimity, *n.* (સબ્‌લિમિટિ) ઉંચાપણું, ઉદારતા; પ્રૌઢતા. Elevation of place; nobleness of nature; loftiness of sentiment or style.

Sublunar, *a.* (સબ્‌લ્યુનર્) આ પૃથ્વીનું, ઐહીક. Pertaining to this world; earthly (L. *sub* under, *luna* the moon).

Sub-marine, *a.* (સબ્‌મૅરીન) સમુદ્ર-દરિયા તળેનું. Under the water of the sea (L. *sub*, *mari* the sea).

Submerge, *v.t.* (સબ્મર્જ) પાણીમાં બોળવું, -બુડાડવું. To put under water; to sink (L. *sub, mergo* I plunge).

Submission, *n.* (સબ્મિશન્) શરણ-વશ થવું તે; આધીનતા; તાબેદારપણું. The act of yielding to authority; obedience. (L. *sub, mitto*).

Submissive, *a.* (સબ્મિસિવ) આધીન,નમ્ર; હુકમ-બરદાર. Humble; modest; yielding.

Submit, *v.t.* (સબ્મિટ્) બીજાને હવાલે કરવું, *v.i.* શરણ થવું, તાબે થવું; નમવું. To let go or put under; to refer; to surrender; to yield (L. *sub, mitto* I send).

Subordinate, *a.* (સબૉર્ડિનેટ્) હાથ તળેનું, ઉતરતા દરજ્જાનું; ગૌણ; *v.t.* નીચા-હલકા -ઉતરતા પ્રકારનું કરવું; તાબામાં રાખવું. Inferior in rank; *v.* to make subject. (L. *sub, ordino* I set in order.

Subordination, *n.* (સબૉર્ડિનેશન્) તાબેદારી, હાથ નીચેની પાયરી; ઓછી અગત. A state of subjection; inferiority of rank or dignity.

Suborn, *v.t.* (સબૉર્ન) સોગન ઉપર ખોટી સાક્ષી અપાવવી; તરકટથી ખોટું ઉભું કરવું. To procure to take a false oath; to procure privately or by collision (L. *sub*, secretly *&* *orno* I furnish).

Subpœna, *n.* કોર્ટનો સમન, સાક્ષી સમન; *v.t.* સાક્ષી સમન કરી બોલાવવું. A summons for witness; to summon by snbpœna.(L.*sub,pœna* punishment).

Subscribe, *v.t.* (સબ્સ્ક્રાઇબ) નીચે લખવું, સહી કરી કબુલ મંજુર કરવું; (ટીપમાં) ભરવું, મુકવું; *v.i.* કબુલ કરવું, ઘરાકમાં નામ ઘલાવવું. To write underneath or below; to attest by writing one's name beneath; to promise to give or contribute; to assent. (L. *sub, scribo* I write),

Subscription, *n.* (સબ્સ્ક્રિપશન્) સહી, ટીપમાં જે ભરી આપેલું તે; મંજુર. Signature; sum subscribed; consent or attestation by signing the name. (L. *sub, scribo*).

Subsequent, *a.* (સબ્સિક્વંટ્) પછીનું, પછવાડેથી થયેલું; Succeeding; fowlowing.—ly, *ad.* પાછળ, પછી. In time following; later. (L. *sub sequor* I follow).

Subserve, *v.t.* (સબ્સર્વ) મદદ આવવું; કામ લાગવું; સારવું; *v.i.* હાથ નીચે-તાબામાં કામ કરવું. To help forward; to serve; to be subordinate (L. *sub, servio* I serve.

Subservient, *a.* (સબ્સર્વિઅંટ્) સહાયકારી, ઉપયોગી પડે તેવું; ખપતું. Useful as an instrument to promote a purpose; instrumental.

Subside, *v.i.* (સબ્સાઇડ્) તળીએ-નીચે બેસવું; સમી જવું; ઓછું-કમી થવું; નમવું, ઢળવું; ઓસરવું. To sink; to fall; to cease to rage; to abate; to tend downward (L. *sub & sedeo* I sit).

Subsidiary, *a.* (સબ્સિડિઅરિ) મદદગાર, કુમકે આવનારૂં; વધારાનું. Aiding; assisting; furnishing additional supplies. (L. *sub, sedeo*).

Subsidise; *v.t.* (સબ્સિડાઇઝ) મદદને વાસ્તે પૈસા આપવા, કોઇ રાજાની મદદ લેવી-મેળવવી. To purchase the assistance of by the payment of a subsidy.

Subsidy, *n.* (સબ્સિડિ) પૈસાની મદદ, કોઇ રાજાએ નાણારૂપે આપેલી મદદ. Aid in money; a body of reserve.

Subsist, *v.i.* (સબ્સિસ્ટ) હોવું; કાયમ-જારી

રહેવું;-ગુજરાન હોવું-થવું; ગુજારો કરવો; *v.t.* ખોરાક પુરો પાડવો. To have existence; to continue; to be supported; to live.—ence, *n.* હોવું-રહેવું તે; ગુજરાન; નિવાહ; being; livelihood; support. (L. *sub* & *sisto* I stand).

Substance, *n.* (સબ્સ્ટન્સ્) પદાર્થ, મતલબ; ચીજ; મીલકત, પુંજી. Real essence; essential import; the main part; means of living. (L. *sub, sto* I stand).

Substantial, *a.* (સબ્સ્ટૅન્શિઅલ્) વાસ્તવિક, ખરૂં; બળવાન; દ્રવ્યમય; સંગીન; મજબુત; ખાતુંપીતું. Real; corporeal; strong; possessed of substance. —ly, *ad.* ખરેખર, વાસ્તવિક રીતે; મજબૂતીથી; really; strongly; essentially.

Substantiate, *v.t.* (સબ્સ્ટૅન્શિએટ) પૂરાવાથી સાબીત કરી આપવું; ખરૂં કરી આપવું. To verify; to make good; to prove.

Substantive, *n.* (સબ્સ્ટન્ટિવ) વ્યાકરણમાં નામ; વિશેષ્ય; *a.* ભાવ વાચક (ક્રિયાપદ) A noun; self existent.

Substitute, *n.* (સબ્સ્ટિટ્યુટ) અવેજમાં-બદલે મૂકેલી વસ્તુ; અવેજી. *v.t.* બીજાને ઠેકાણે-અવેજમાં મૂકવું. One who acts for another; that which is used for another thing; *v.* to put in the place of (L. *sub, statuo* I place.

Substitution, *n.* (સબ્સ્ટિટ્યુશન્) બદલામાં આપવું તે; અદલ બદલ. State of being put in the place of another. (L. *statuo*).

Substratum, *n.* (સબ્સ્ટ્રેટમ્) નીચેનું પડ-થર; પાયો, મૂળ; આધાર. A layer under something; the matter supposed to furnish the basis in which the perceptible qualities or accidents inhere. [કુત.

Subtenant, *n.* (સબટેનન્ટ્) પેટા-આડ ભા-

Subtend, *v. t.* (સબટેન્ડ્) સામું હોવું-આવવું. To be opposite to; to extend under (L. *sub, tendo* I stretch).

Subterfuge, *n.* (સબ્ટરફ્યુજ) બાહાનું (બચી જવાનું) પેચ, પ્રપંચ. An excuse or evasion (L. *subter,* under & *fugio* I flee).

Subterranean, *a.* } (સબ્ટરેનિઅન્)
Subterraneous, „ } જમીનમાંનું, ભોંયમાંનું. Being under the surface of the earth.(L.*sub,terra* the earth).

Subtile, *a.* (સબ્ટિલ) પાતળું, બારીક; ઝીણું; તીવ્રબુદ્ધિવાળું; ખંદુ, પક્કું; યુક્તિવાળું. Thin; fine; shrewd; artful. (L. *sub* slightly, *tela* a web).

Subtle, *a.*(સટ્લ્)લુચ્ચું, ખંધું; કાવાબાજ; Artful; sly; cunning.

Subtlety, *n.* બારીકી, કૂશાગ્રપણું; ખંદાઇ;

Subtract, *v.t.* (સબ્ટ્રેક્ટ્) બાદ કરવું; કાઢવું-ઓછું કરવું. To deduct; to withdraw a part.

Subtraction, *n.* બાદબાકી. The taking of a lesser number from greater of the same denomination. (L. *sub, traho* I draw).

Subtrahend, *n.* (સબ્ટ્રેહેન્ડ્) (બીજામાંથી) બાદ કરવાની રકમ. A number to be subtracted.

Suburb, *n.* (સબર્બ) પરૂં, ફળીઉં; સીમ;છેડો; A house, place or part situated outside of a city; the outer part. *pl.* the confine of a city.—an, *a.* પરાનું, શેહેર બાહેરનું; Inhabiting the suburb. (L. *sub, urbs* a city).

Subversion, *n.* (સબ્વર્શન્) નાશ, ઉંધું વાળવું તે; પાયમાલ કરી નાંખવું તે. Total

overthrow ; ruin. (L. *sub*, *verto*).

Subvert, *v.t.* (સબ્વર્ટ) નાશ કરવો, ઉથલાવવું; ખેદાન મેદાન કરી નાંખવું ; ભ્રષ્ટ-પાપી કરવું. To ruin ; to overthrow; to invert. (L. *sub*, *verto* I turn).

Succeed, *v.t.* (સક્સીડ્) પછી આવવું, -ઠેકાણે આવવું; *v.i.* એક પછી એક એમ અનુક્રમમાં થવું ; સફળ-ફતેહમંદ થવું. To take the place vacated by ; to come after; to follow in order ; to have a prosperous issue. (L. *sub*, *cedo* I go).

Success *n.* (સક્સેસ્) ફતેહમંદી, સફળતા; જય. A prosperous issue.

Successful, *a.* સફળ, સિદ્ધિવાળું; યશસ્વી; ફતેહમંદ. Having a favourable issue ; prosperous.

Succession, *n.* વંશ, વસ્તાર ; એક પછી એક એમ આવવું-થવું તે ; અનુક્રમ ; હાર ; વારસાઇ; Lineage ; a following of things in order ; consecution ; a series ; the power or right to succeed. (L. *sub*, *cedo*).

Successive, *a.* (સક્સેસિવ) એક પછી એક આવતું-બનતું ; ક્રમાનુસાર. Following in order ;—ly, *ad.* એક પછી એક; અનુક્રમે. In a series.

Successor, *n.* (સક્સેસર્)ઉત્તરાધિકારી, કોઇ એકની પછી થનાર, આવનાર; વારસ; One who succeeds.

Succinct, *a.* (સક્સિંક્ટ્) સંક્ષિપ્ત, મુખ્તેસર ; ટુંક.Short ; brief ; girded.(L. *sub*, *cingo* I gird).

Succour, *n.* (સક્ર્) મદદ, હાથ, આશ્રય ; *v.t.* દુઃખમાં મદદ કરવી, આશ્રય આપવો. Assistance in distress ; *v.t.* to relieve in distress. (L. *sub*, *curro* I run).

Succulent, *a.* (સક્યૂલંટ્) રસવાળું, કસદાર. Full of sap or juice ; juicy. (L. *succus* juice).

Succumb, *v.t.* (સકમ્બ્) શરણ-તાબે થઇ જવું; દબી જવું; હારી જવું; ટકી ન શકવું. To yield ; to sink under. (L.*sub*, *cubo* I lie).

Such, *a.* (સચ્) તેવું, એના જેવું; અમુક ; ફલાણું. Of that kind ; certain ; the same.

Suck, *v.t.* *v.i.* (સક્) ચૂસવું, ધાવવું ; ચુસી -શોષી-ખેંચી લેવું ; *n.* ધાવણ. To draw with the mouth ; to imbibe ; to inhale or absorb ; *n.* the milk drawn ;—er, *n.* બંબાનો દટ્ટો ;'પિસ્ટન' કુમળી ડાળી. that which draws by suction ; piston of a pump ; the shoot of a plant. [શીશી.

Sucking-bottle, *n.* છોકરાંને ધવરાવવાની

Suckle, *v.t.* (સકલ્) ધવડાવવું. To nurse at the breast.

Suckling, *n.* (સકલિંગ્) ધાવણું, ધવાડીને ઉછેરેલું પ્રાણી. A child at the breast.

Suction, *n.* (સક્શન્) ચૂસી-ખેંચી લેવું તે, શોષણ. Act of drawing, as fluids into pipe.

Sudden, *a.* (સડન્) એકાએકનું, અણુચિંત્યું; આકસ્મિક્. Happening without notice ; unexpected ; unlooked for ;—ly, *ad.* એકાએક, અચાનક ; ઓચિંતું. in an unexpected manner ; without premeditation.

Sudorific, *a.* (સ્યુડોરિફિક્) પરસેવો-પસીનો -આણે તેવું ; સ્વેદજનક ; *n.* સ્વેદજનક ઓસડ. Tending to sweat ; a medicine that produces sweat (L. *sudor*, sweat & *facio* I make).

Suds, *n.* (સડઝ્) સાબુનું પાણી. Water impregnated with soap ; to be in the s. સંકટ-માથાકુટમાં આવી પડવું.

Sue, *v.t.* (સ્યૂ) દાવો-અરજી કરવી ; (to s. out, અરજ કરીને મેળવવું); *v. i.* વિનંતી કરવી, દાવો કરવો ; પાછળ લાગવું. to prosecute in law ; to give by

legal process; to make legal claim; to seek by request.

Suet, *n.* (સ્યુઍટ્) કેડની પાસેની એકદમ ઓગળે નહી એવી ચરબી. The fat of an animal, particularly the harder and less fussible part about the kidneys and loins.

Suffer, *v. t.* (સફર્) ભોગવવું, વેઠવું; આવવું-પડવું; થવા દેવું; અટકાવ ન કરવો; *v.i.* દુઃખ ભોગવવું; વેઠવું;-નુકશાન લાગવું. To feel or endure with pain; to endure without sinking; to tolerate; to feel pain; to undergo punishment; to be injured.

Sufferance, *n.* (સફરન્સ) દુઃખ, પીડા ભોગવવી તે; અપ્રતિબંધ; પરવાનગી. Misery; toleration. (L. *sub, fero*).

Suffering, *n.* (સફરિંગ્) દુઃખ ખમવું-વેઠવું તે; દુઃખ, કષ્ટ. The bearing of pain; pain (L.*sub* & *fero* I bear).

Suffice, *v.i.* (સફાઇસ) પુરતું લક્ષ; બસ હોવું. To satisfy; to be enough; to content. (L. *sub, facio* I do).

Sufficiency, *a.* (સફિસિઅન્સિ) પૂરતાબસપણું; શક્તિ; યોગ્યતા; ખરચ પુરતી કમાઇ. A full supply; competence; capacity; adequate means; supply equal to wants.

Sufficient, *a.* (સફિશિઅન્ટ્) પુરતું, બસ; ખપ જેટલું. Adequate to wants.

Suffix, *n.* (સફિક્સ્) પ્રત્યય, ઉત્તરાક્ષર; *v.t.* છેડે લગાડવું; પ્રત્યય લગાડવો. A letter or syllable added or annexed to the end of a word; to add a letter or syllable to a word (L. *sub* & *figo* I fix).

Suffocate, *v.t.* (સફોકેટ્) ગુંગળાવી નાંખવું; શ્વાસને રોકવો-રૂંધવો. To choke; to strangle; to stifle (L. *sub* & *faux* the throat).

Suffocation, *n.* (સફોકેશન્) રૂંધણ, ગુંગળાવું-રૂંધાવું તે. Strangling; a stopping of respiration.

Suffragan, *a.* (સફ્રગન્) મદદગાર, સહાયકારી. Assisting; voting for; *n.* a bishop as an assistant.

Suffrage, *n.* (સફ્રેજ) મત, અનુમતિ; સાક્ષી. A vote; a ballot; attestation; approval.

Suffuse, *v.t.* (સફ્યુઝ) પલાળી-ઢાંકીભરી નાંખવું; વ્યાપવું. To overspread; to pour or spread through (L. *sub*, & *fundo* I pour).

Sugar, *n.* (શુગર્) ખાંડ, સાકર; *v. t.* -ખાંડ ભેળવવી; ગળ્યું-મીઠું કરવું. A well-known sweet crystalline or concrete substance manufactured chiefly from the expressed juice of the sugar-cane; *v.* to sweeten. —candy, *n.* સાકર, મિસરી. Crystallized sugar.—cane, *n.* શેલડી, શેરડી. The cane of plant from whose juice sugar is obtained. —loaf, *n.* ખાંડની ચાસણીનો શંકુ આકાર. A mass of refined sugar.—mill, *n.* કહોલું, કોલ (શેરડીનો).

Suggest, *v.t.* (સજેસ્ટ્) સૂચવવું, સૂચના તરીકે કહેવું; ઇશારો કરવો. To hint; to intimate; to offer.—ion, *n.* સૂચના, ઇશારો; સલાહ. A hint; a first intimation; proposal or mention.—ive, *a.* સૂચક, ગર્ભિત; સૂચવે એવું. Containing a hint or intimation (L. *sub* & *gero* I carry).

Suicide, *n.* (સ્યુઇસાઇડ્) આત્મઘાત; આપઘાત. Self-murder; આપઘાત કરનાર; self-murderer (L. *sui* of one's self and *cædo* I cut).

Suicidal, *a.* (સ્યુઇસાઇડલ્) આત્મઘાતનું, આત્મઘાતક. Partaking of the crime of suicide.

Suit, *n.* (સ્યૂટ્) ઉદ્યોગ, પરણવાના વિચારથી

સ્ત્રીની પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ; દાવો; મુકરદમો; જોડ-જોડી; *v.t.* માફક-એસતું-લાયક કરવું; છાજવું, ઘટવું; *v.t.* માફક આવવું; સદવું. Endeavour; courtship; prosecution of right before any tribunal; a set; *v.* to fit; to become; to agree.

Suitable, *a.* (સ્યૂટેબ્લ્) લાયક, ઘટતું; છાજતું; યોગ્ય. Fit; proper; appropriate; becoming.

Suite, *n.* (સ્વીટ) પરિવાર, ચાકર નફર વગેરે; જમાવ; વર્ગ; સગવડને માટે જોઇએ તેટલા ઓરડા Retinue; a number of attendants or followers.

Suitor, *n.* (સ્યુટર્) અરજદાર, માંગું કરનાર; સ્ત્રીને પરણવા માટે પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ કરનાર; ફરીયાદી; મુકરદમાનો પક્ષકાર. A petitioner; a wooer; one who prosecutes a demand of right in law.

Sulky, *a.* (સલ્કિ) ચીઢિયું, ચઢેલા મ્હોવાળું; બળીએળ. Morose; sour; heavy.

Sulks, *n.* } (સલ્કસ્) ગુસ્સો, ચીઢ; Sulkiness, „ } રીસ. Sourness; moroseness.

Sullen, *a.* (સલન્) ઉદાસ, ચીઢિયું, કોહ્યું; હઠીલું. Gloomy; mischievous; cross; obstinate.

Sully, *v.t.* (સલિ) ડાઘ લગાડવો-પાડવો; ઝાંખું પાડવું; બટ્ટો લગાડવો. To soil; to tarnish.

Sulphur, *n.* (સલ્ફર્) ગંધક. Brimstone.

Sulphurous, *a.* } ગંધકનું-વાળું-જેવું.
Sulphureous, „ } Like sulphur;
Sulphury, „ } containing sulphur.

Sultan, *n.* (સલતાન્) તુર્ક લોકના પાદશાહનો ખેતાબ, સુલતાન. The Turkish emperor.

Sultana, *n.* (સુલતાના) સુલતાનની રાણી-બેગમ. The queen of sultan; the empress of the Turks.

Sultriness, *n.* (સલ્ટ્રિનેસ્) ઘામ, ગરમી, કઠારો. State of being sultry.

Sultry, *a.* (સલ્ટ્રિ) ઘણું ગરમ, ઉકલાટવાળું; ઘામવાળું; કઠારાવાળું. Very hot; close; oppressive.

Sum, *n.* (સમ્) સરવાળો, બેરીજ; મેળવણી; રકમ, અવેજ; મતલબ, સારાંશ; શિખર; હિસાબ, દાખલો; *v.t.* સરવાળો કરવો; મેળવવું.—up, એકંદર લેવું; મતલબ-સારાંશ કહેવો-લાવવો. The aggregate; any amount; the substance; height; a problem; *v.t.* to add and find the amount; to condense. (L. *summus* the highest).

Summary, *n.* (સમરિ) ટુંક, સંક્ષેપ; સારાંશ; *a.* મુખ્તેસર; સંક્ષિપ્ત; ટુંકું. An abridged account; *a.* brief; short; concise. (L. *summus* the highest).

Summer, *n.* (સમર્) ઉન્હાળો, ગરમીના દિવસ. The hot season.—house, *n.* ઉન્હાળામાં રહેવાની બાગમાં બંગલી-બગીચો. A house or apartment in a garden to be used in summer.

Summit, *n.* (સમિટ્) શિખર, મથક; ટોચ. The top; the highest point or degree. (L. *summus* the highest).

Summon, *v.t.* (સમન્) બોલાવવું,-તેડવું; સમન કરવો, હાજર થવાનું ફરમાવવું;—up, બધું એકઠું કરવું; શરણ થવાનું કહેવું. To call; to command to appear; to demand the surrender of a place.

Summons, *n.* (સમન્સ) સરકારનું તેડું, સમન; શરણ થવાનું કહેવું તે. A call by authority or command of a superior to appear at a place named; a citation. (L. *sub*, *moneo* I give a hint).

Sumpter, *n.* (સમ્પ્ટર્) ભારખાનાનો ઘોડો. A baggage horse; a s. ox or bull પોઠીઓ.

Sumptuary, *a.* (સમ્પ્ટયુઅરી) ખરચનું-સંબધી, ખરચમાં નિયમ રાખવા વિશેનું. Relating to expense; regulating expense. (L. *sumtus* cost).

Sumptuous, *a.* (સમ્પ્ટયુઅસ્) ઘણો ખરચ થાય એવું; કીમતી, ભારે; રોનકદાર; સરસ. Expensive; lordly; magnificent; splendid.

Sun, *n.* (સન્) સૂરજ, સૂર્ય; રવી; તડકો; *v.t.* તડકો દેવો. The great luminary of day; the sunshine; *v.t.* to expose to the sun.—burnt, *a.* તડકે સામળું પડી ગયેલું, તડકાથી બળી ગયેલું. discoloured or scorched by the heat of the sun;—beam, *n.* સૂરજનું કિરણ, રજાલ. a ray of light.

Sunday, *n.* (સન્ડે) રવિવાર, આતવાર; વિરામ દિવસ. The first day of the week; the Christian Sabbath.

Sun-dial, *n.* (સન-ડાયલ્) છાયાયંત્ર, શંકુયંત્ર. A marked plate to show the time by the shadow of a style.

Sun-stroke, *n.* (સન્સ્ટ્રોક) લૂખ, સૂરજના તાપની ઝાળ. An affection produced by the action of sun's rays on some part of the body, as on the head, arms, &c.

Sunny, *a.* (સનિ) સુરજનુ-જેવું, સૂરજનો તડકો પડતો તેવું. Exposed to the sun; bright; brilliant.

Sunrise, *n.* (સન્રાઇઝ્) સૂર્યોદય, સૂરજનું ઉગવું તે. The first appearance of the sun above the horizon in the morning.

Sunset, *n.* (સન્સેટ્) સૂર્યનો અસ્ત, સૂરજ આથમવાની વખત. The disappearance of the sun at the close of day.

Sunder, *v.t.* (સન્ડર્) જૂદું-છુંટું પાડવું, તોડવું, કાપવું. To part; to separate.

Sundry, *a.* (સન્ડ્રિ) જૂદું-જૂદું, ભિન્નભિન્ન; કેટલાંક. Diverse; several; many; different.

Sundries, *n.* (સન્ડ્રિઝ્) પરચુરણ જણસો,-સામાન. Several things.

Sup, *v.t.* (સપ્) હોઠે પિવું, ચમચા કે હાથવતી નરમ પદાર્થ ખાવો; *v.i.* સાંજનું ભોજન ખાવું; વાળું કરવું. To sip; to take into the mouth with the lips as a liquid; to eat the evening meal.

Supper, *n.* (સપર્) સાંજનું ભોજન, વાળું.

Superabundance, *n.* (સ્યૂપરએબન્ડંસ) રેલ છેલ, ખપ કરતાં વધારે; બહુજ. More than enough; excessive.

Superabundant, *a.* જોઇએ તે કરતાં વધતું, વધારાનું. Being more than is sufficient.

Superannuated, *a.* (સુપર્ઍન્યુએટેડ્) અવસ્થા-ઘડપણથી અશકત-ના લાયક થયલું; સાલ ખુર્દ. Disqualified or impaired by old age (L. *super, annus* a year).

Superb, *a.* (સુપર્બ) પ્રૌઢ, ઉમદા; રોનકદાર; કિંમત; ભારે. Grand, magnificent; elegant; rich. (L. *superbus* from *super* above).

Supercilious, *a.* (સુપર્સિલિઅસ્) મીજાજી, મગરૂર; પતરાજી ભરેલું; દબાવનાર. Haughty; lofty with pride; overbearing (L. *super* above & *cilium* an eyelid.

Superminent, *a.* (સ્યૂપરઍમિનંટ્) સર્વોપરી, શ્રેષ્ટ; સર્વોત્તમ. Surpassing others in excellence.

Supererogation, *n.* (સુપરરોગેશન્) ફરજ કે અગત્ય કરતાં વધારે કરવું, અત્યાચાર. A doing more than duty. (L. *super, erogo* I ask from).

Supererogatory, *a.* (સુપરરોગેટરિ) અગત્ય-ફરજથી વધારાનું—ઉપરનું. Exceeding duty.

Superficial, *a.* (સુપર્ફિશિયલ્) ઉપરનું, બહારનું; ઉપર ચોટિયું; કાચું. Pertaining to the surface; shallow; not profound (L. *super, facies* the face).

Superficies, *n.* (સુપર્ફિસીઝ્) સપાટી, ઉપરનો ભાગ; લંબાઇ ને પોહોળાઇવાળી આકૃતિ. The surface; the exterior part. [Very fine.

Superfine, *a.* (સુપર્ફાઇન) ઘણુંજ સરસ.

Superfluity, *n.* (સ્યૂપરફ્લ્યુઇટી) વધારો, ફાલતુ હોવાપણું; વધારાની-ફાલતું વસ્તુ. Excess; a greater quantity than is wanted (L. *super, fluo* I flow).

Superfluous, *a.* (સુપર્ફ્લ્યુઅસ્) ખપ કરતાં વધારે-જાસ્તી, ફાલતું; નકામું. Exceeding what is wanted; useless.

Super-human, *a.* (સુપર્હ્યુમન્) દેવતાઇ, અમાનુષ. Divine; above or beyond what is human.

Superincumbent, *a.* (સુપર્ઇન્કમ્બન્ટ્) બીજાના ઉપર રહેનાર. Lying, resting or pressing upon something else (L. *super, in* & *cubo* I lie down).

Superintend, *v.t.* (સુપરીન્ટેન્ડ્) તપાસવું, ચોકશી-દેખરેખ-નિઘેબાની કરવી. To over-see or over-look; to guide; to regulate.—ence, *n.* દેખરેખ, ઉપરીપણું; નિઘેબાની. Care, direction; inspection.—ent, *n.* દેખરેખ-નિઘેબાની રાખનાર. A manager; an overseer. (L. *super, in* upon & *tendo* I stretch).

Superior, *a.* (સુપિરિઅર્) ઉપરનું, ચઢિયાતું; શ્રેષ્ઠ; ઉંચું; અસ્વાધીન; *n.* વડીલ, ઉપરી અધિકારી; ચઢિયાતો-પુરૂષ; મહંત. Upper; higher in rank; being beyond the power of; *n.* one who is more advanced in age; one who surpasses others; the chief of a monastery.—ity, *n.* વડીલપણું, શ્રેષ્ઠતા; ઉંચપણું; ઉપરીપણું. Ascendency; predominancy; higher rank.

Superlative, *a.* (સુપર્લેટિવ) સર્વોત્કૃષ્ટ; અતિ શ્રેષ્ટ. (gram.) ઉતકર્ષ વાચક. Highest in degree; most eminent (L. *super,* & *latus* carried.

Supernatural, *a.* (સુપર્નૅચરલ્) દેવતાઇ, અસાધારણ; અલૌકિક. Being beyond the laws of nature; miraculous.

Supernumerary, *a.* (સુપર્ન્યુમરરિ) વધારાનું, ફાલતુ; નેમણુકી વગરનું. Exceeding the number stated or prescribed (L. *super, numerus* a number).

Super-royal, *a.* (સુપર્ રૉયલ્) રૉયલથી મોટું; સર્વેથી મોટો કાગળ બતાવનારૂં. Denoting the largest paper.

Superscribe, *v.t.* (સુપર્સ્કાઇબ) ઉપર લખવું, ઉપર સરનામું-પત્તો લખવો. To write above; to write the name or address of one on the cover, as of a letter (L. *super* & *scribo* I write).

Superscription, *n.* (સુપર્સ્ક્રિપ્શન્) ઉપરનો લેખ, સરનામું. A writing over or on the outside.

Supersede, *v.t.* (સુપર્સીડ) ઠેકાણે-બદલે આવવું; રદ-નિરૂપયોગી કરવું. To replace; to take the place of; to make void or useless (L. *super, sedeo* I sit).

Superstition, *n.* (સુપર્સ્ટિશન્) વહેમ, ધરમ ઘેલાઇ; ધર્માંધપણું, ખોટો ધરમ. Excessive, nicety; unreasonable religious belief; false religion (L. *super* & *sto* I stand).

Superstitious, *a.* (સુપર્સ્ટિશ્યસ્) વહેમી, ધર્માંધ; ભોળું. Overexact; addicted to superstition.

Superstructure, *n.* (સુપરસ્ટ્રક્ચર) ઉપરની બાંધણી-ઇમારત. An erection distinct from its foundation.

Supervene, *v.i.* (સુપરવીન) બનવું, થવું, આવવું. To take place (L. *super* & *venio* I come).

Supervision, *n.* (સુપરવિઝન્) દેખરેખ, ઉપર તપાસ. Inspection; an overseeing (L. *super*, & *video* I see).

Supervise, *v.t.* (સુપરવાઇઝ) દેખરેખ-ચોકસી રાખવી. To oversee; to superintend.

Supervisor, *n.* (સુપરવાઇઝર્) દેખરેખ રાખનાર; તપાસ રાખનાર. An overseer; a superintendent.

Supine, *n.* (સુપાઇન્) કૃદંતનામ, ભાવકૃદંત; *a.* ચતાપાટ; ઢળતું; આળસુ; ગાફેલ. A word from a verb; *a* lying with the face upward; leaning backward; negligent; heedless.

Supplant, *v.t.* (સપ્લૅન્ટ્) પેચથી ખસેડવું, ખસેડીને-ઠેકાણે બેસવું-આવવું; ઉખેડી નાંખવું. To remove by stratagem; to displace and take the place of; to overthrow.

Supple, *a.* (સપલ્) નરમ, સુંવાળું; ખુશામતિયું; મોડે મીઠું મીઠું બોલનાર. *v.t.* નરમ-સુવાળું કરવું; મરજી ઉઠાવે તેવું-આધીન કરવું. Pliant; flattering; flexible; *v.* to make compliant (L. *sub*, under & *plico* I fold).

Supplement, *n.* (સપ્લિમેન્ટ્) પૂરવણી, વધારો; ઉત્તર ભાગ; સાંધણ; *v.t.* વધારવું; ઉમેરવું. An addition; that by which any thing is made full or whole.—ary, *a.* વધારાનું, ઉમેરાનું, સાંધણરૂપ. added to supply what is wanted. (L. *sub*, *pleo* I fill).

Suppliant, *a.* (સપ્લિઅંટ્) પ્રાર્થના-વિનંતિ કરી કહેવું-માંગવું; કાલાવાલા-આજીજી કરવી. To seek by earnest prayer; to crave; to implore; to beg.

Supplication, *n.* (સપ્લિકેશન્) પ્રાર્થના, અરજ; વિનંતી; યાચના. Humble and earnest prayer in worship; entreaty. (L. *sub*, *plico* I fold).

Supply, *v.t.* (સપ્લાઇ) પૂરૂં પાડવું-કરવું; આપવું; ઠેકણે આપવું; *n.* આવક, ભરાવો; છત; પુરવણી; *pl.* ભંડાર, ખજાનો. To furnish; to take the place of; *n.* sufficiency for wants; the necessary stores & provisions (L. *sub*, *pleo* I fill).

Support, *n.* (સપોર્ટ) ટેકો, આધાર; સંભાળ; આશ્રય; ગુજરાન; નિર્વાહ. *v.t.* ટેકવી રાખવું; આશ્રય-આધાર આપવો; સહેવું-સાંખવું; દીલાસો-હિમ્મત આપવી; નિભાવવું; ગુજરાન-નિર્વાહ કરવો; સાબિત-ખરૂં કરી આપવું; મદદનીશ તરીકે સાથે રહેવું; ટેકો-પૂઠી આપવી. A prop; a stay; maintenance; help; *v.* to uphold; to sustain; to encourage; to maintain; to carry on; to substantiate; to help; to countenance (L. *sub*, *porto* I carry).

Suppose, *v.t.* (સપોઝ) ધારવું, કલ્પના કરવી; ક્યાસ-તર્ક કરવો; ભાવ-અર્થ હોવો-નીકળવો; *v.i.* માનવું, અટકલ કરવી. To imagine; to lay down without proof; to deem; to think; to imply (L. *sub*, *pono* I place).

Supposition, *n.* (સપોઝિશન્) ધારણા, કલ્પના; અટકલ, ક્યાસ. Hypothesis; belief without full evidence; surmise.

Suppositious, *a.* કૃત્રિમ, ખોટું; ખરાને ઠેકાણે ઉભું કરેલું. Not genuine; counterfeit (L. *pono* I place).

Suppress, *v.t.* (સપ્રેસ્) સમાવવું, બેસાડવું; દબાવી રાખવું; નરમ-ધીમું કરવું; બંધ પાડવું; સંતાડી રાખવું; જેર કરવું. To crush; to keep in; to restrain; to conceal (L. *sub*, under & *premo* I press).

Suppression, *n.* (સપ્રેશન્) બંધ પાડવું તે; રોગને લીધે બંધ થવું તે. Morbid retention.

Suppurate, *v.i.* (સપ્યુરેટ) પાચ-પરૂ ભરાવું. To generate puss (L. *pus*, matter.

Suppuration, *n.* પાચ, પરૂ. The matter; ripening into matter.

Supremacy, *n.* (સુપ્રેમસિ) સર્વોપરી અધિકાર. Highest authority.

Supreme, *a.* (સુપ્રીમ) શ્રેષ્ઠ, સર્વોત્કૃષ્ટ; સર્વોપરી; અતિશય ભારે. Highest in authority; greatest; utmost (L. *supremus* highest.

Surd, *n.* (સર્ડ) કરણી, (Mathe) A quantity whose root cannot be exactly expressed in numbers (L. *surdus* deaf).

Sure, *a.* (સ્યુર) ભરૂસાવાળું, નક્કી; ખચિત, ખરેખર, મજબુત. Confident; certain; firm; infallible.—ly, *ad.* ખરે, નિશ્ચયે પૂર્વક, બેશક. Certainly; undoubtedly; firmly.—ty, *n.* ખચિત-નિશ્ચિતપણું; જામીની, હામી; જામીન. Certainty; safety; security for payment; a bondsman; a bail.

Surf, *n.* (સર્ફ) દરીઆનાં કીનારાં-ખડક ઉપર અથડાતાં મોજાં. The swell of the sea which breaks upon the shore or upon sandbanks or rocks.

Surface, *n.* (સર્ફેસ) બહારનો ભાગ, સપાટી; પૃષ્ટ. The exterior part of anything that has length and breadth; outside.

Surfeit, *n.* (સર્ફીટ્) અકરાંતીઉં ખાવું પીવું તે, આપરો; કંટાળો; *v.t.* અકરાંતિયાંની પેઠે ખવડાવવું; કંટાળી-ઓકંધ જાય તેટલું ખવડાવવું. Excess in eating and drinking; disgust; to feed with meat or drink, as to oppress the stomach and derange the functions of the system; to cloy (L. *super* & *facio* I do).

Surge, *n.* (સર્જ) દરિયાનું મોજું, ઘણું ઉછળીને વહેવું. A large wave or billow; to rise high and roll, as waves (L. *surgo* I rise).

Surgeon, *n.* (સર્જન્) શસ્ત્ર વૈદ્ય, વાઢકાપનું કામ જાણનાર વૈદ્ય. One whose profession is to cure or alleviate diseases or injuries of the body by manual operation, sometimes aided by medicines either external or internal.

Surgery, *n.* (સર્જરિ) શસ્ત્ર વિદ્યા, વાઢકાપ. The art or act of healing external injuries of the body.

Surgical, *a.* (સર્જિકલ્) શસ્ત્રના ઉપચારનું, વાઢકાપનું. Pertaining to surgery.

Surly, *a.* (સર્લિ) ખરાબ સ્વભાવનું, ચીઢિઉં; કઠોર. Morose; crabbed; sour; rough.

Surmise, *n.* (સર્માઇઝ) ધારણા, કલ્પના; તર્ક; અનુમાન; *v.t.* અનુમાન કરવો; કલ્પના કરવી. Conjecture; supposition; suspicion; *v.* to suspect; to imagine.

Surmount, *v.t.* (સર્માઉન્ટ્) જીતવું-વશ કરવું; ફાવવું; સામું જીતવું. To conquer; to overcome; to subdue; to go beyond.

Surname, *n.* (સર્નેમ) અડક, ઉપનામ; ઓખર. The family name of an individual; an appellation added to the original name (L. *super* & *nomen* a name).

Surpass, *v.t.* (સર્પાસ્) ચઢવું, હઠાવવું; સરસ થવું. To excel; to outdo; to transcend.—ing, *a.* શ્રેષ્ઠ, સરસ; excellent in an eminent degree.

Surplice, *n.* (સર્પ્લિસ) પાદરીઓને

ધર્મ ક્રિયા વખત પહેરવાનો ધોળો જભ્ભો. White garment for clergymen (L. *super* above & *pelliceum* a robe of fur.

Surplus, *n.* (સરપ્લસ્) ફાલતુ ભાગ, ઉપરનો વધારો; *a.* વધારાનું, બાકીનું. The surperfluity; that which remains when use is satisfied (L. *super* & *plus* more).

Surprise, *n.* (સર્પ્રાઇઝ) અચંબો, વિસ્મય; આશ્ચર્ય; *v.t.* વિસ્મય પામવો, અચંબો લાગવો;–દંગ થઇ જવું; ગભરાવવું; છાપો મારવો; અચાનક હુમલો કરવો. Wonder; astonishment; an emotion excited by something happening suddenly and unexpectedly; *v.* to strike with wonder or astonishment; to confuse; to take unawares (L. *super* & *prehendo* I take).

Surprising, *a.* (સર્પ્રાઇઝીંગ્) વિસ્મય–આશ્ચર્ય–અચંબાનું. Wonderful; exciting surprise.

Surrender, *v.t.* (સરેન્ડર્) તાબે-સ્વાધીન કરી આપવું; સોંપી-છોડી દેવું; *v.i.* શરણ જવું; મુકી દેવું. To yield; to give up; to cede; to give up one's self into the power of another.

Surreptitious, *a.* (સરેપ્ટિશિઅસ્) ચોરીનું, કપટ–દગાથી કરેલું; છાનામાનું.Done by stealth, or without proper authority; made or introduced fraudulently.

Surrogate, *n.* (સરોગેટ) પ્રતિનિધિ, અવેજી; મુખત્યાર. A deputy who has the probate of wills (L. *sub* & *rogo* I ask).

Surround, *v.t.* (સરાઉન્ડ્) ઘેરી લેવું,-પાછળ આવી રહેવું; ચાર પાસ ફરતું આવવું. To enclose; to invest; to be on all sides; to fence about. —ing, *a.* ફરતું, આસપાસનું; ઘેરી લેતું. encompassing; inclosing. (L. *sur* from *super* & *rotundus* round).

Surtout, *n.* (સર્ટૂટ્) સૌથી ઉપર પહેરવાનો ડગલો, અંગરખો. An overcoat.

Surveillance, *n.* (સર્વેલન્સ) દેખરેખ, જાપ્તો; ચોકસી. A keeping watch over; inspection.

Survey, *n.* (સર્વે) બધે આંખ ફેરવી જોવું તે, તપાસ; મોજણી; માપ. *v.t.* ઉપર નજર ફેરવી જોવું; તપાસવું; માપવું, મોજણી કરવી; ખુંટ–સીમ નક્કી કરવાં. A general view; an examination; a plan or draft; *v.* to take a view; to examine; to determine; as the boundaries and superficial extent of fields, estates, tracts of gronnd, &c.—or, *n.* તલાશ–તપાસ રાખનાર; મોજણીદાર, an overseer; one who measures land. (L. *sub*, *video* I see).

Survive, *v.t.* (સર્વાઇવ) મુઆ પછી જીવવું; પછવાડે જીવવું. To outlive; to live beyond the life of another (L. *super* & *vivo* I live).

Survivor, *n.* (સર્વાઇવર્) બીજાના મુઆ પછી જીવનાર; પાછળ જીવનાર. One who survives or outlives another.

Susceptible, *a.* (સસેપ્ટિબલ્) થવા જેવું,–થઇ શકે એવું; ગ્રાહક; કોમળ; ગ્રહણ સમર્થ. Capable of admitting anything additional, or any change or influence; tender; impressible(L. *sub*, *capio* I take).

Susceptibility, *n.* (સસેપ્ટિબિલિટિ) ગ્રાહકત્વ, ગ્રહણ શક્તિ; મનોભાવના. The quality of receiving impressions; sensibility.

Suspect, *v.t.* (સસ્પેક્ટ્) વેહેમ-અંદેશો આણવો;-અવિશ્વાસ કરવો; અટકળ બાંધવી. To hold to be doubtful; to mistrust; to conjecture (L. *sub & specio* I look).

Suspicion, *n.* (સસ્પિશ્યન્) શક, વેહેમ, અંદેશો; અવિશ્વાસ. Doubt; diffidence; mistrust.

Suspend, *v.t.* (સસ્પેન્ડ્) લટકાવવું, ટાંકવું; અટકાવવું; અનિશ્ચિત-ઉઘરાવામાં રાખવું; નોકરીથી દુર-મોકુફ કરવું; થોડી મુદત સુધી બંધ રાખવું. To hang; to delay; to hold in a state undetermined; to debar from the execution of an office; to cause to cease for a time. (L. *pendo*).

Suspense, *n.* (સસ્પેન્સ) ઉચ્ચાટ, અનિશ્ચય; વિરામ, અટકવું તે. Indecision; a state of uncertainty; stop. (L. *sub & pendo* I hang).

Suspension, *n.* (સસ્પેન્શન્) થોડી મુદત બંધ રાખવું-અટકાવવું તે; નાણું આપવાં બંધ કરવાં તે; તપાસ થતાં સુધી ચાકરી પરથી દુર કરવું તે. Temporary delay or cessation; a conditional withholding. (L. *sub, pendo*).

Sustain, *v.t.* (સસ્ટેન્) ટેકવી રાખવું, હોંશીઆરીમાં રાખવું; ગુજરાન ચલાવવું;-નભાવવું; ખમવું;-પડવું-થવું; મંજુરી આપવી, ખરૂં કરી આપવું. To uphold; to keep from despondence; to maintain; to bear; to undergo; to sanction; to maintain as a sufficient ground (L. *sub & teneo* I hold).

Sustenance, *n.* (સુસ્ટિનન્સ) ટેકવી રાખવું તે, ખોરાક; પોષણ. The act of sustaining; victuals. (*sub, teneo*).

Sutler, *n.* (સટલર્) લશ્કર જોડે સરસામન દારૂ વીગેરે વેચવા જનાર. One who attends an army to sell provisions.

Suture, *n.* (સુટચુર્) જખમને ટેભા મારી બંધ કરવો તે; ટેભા; *pl.* ખોપરીના હાડકાનો સાંધો. The uniting of the parts of a wound by stitching; the joint of the skull (L. *sus* I send).

Suzerain, *n.* મુખ્ય સરદાર,-રાજા. A [feudal Lord.

Swab, *n.* (સ્વૉબ્) ભોંય વાળવાની-ઝાડવાની સાવરણી,-કુંચડો. A mop for cleaning floors.

Swaddle, *v.t.* (સ્વૉડ્લ્) પાટા બાંધવા-વીંટાળવા. To bind as with a bandage.

Swagger, *v.i.* (સ્વૅગર્) બડાઇ-ફુલ હાંકવી-મારવી; અભિમાન કરવો. To boast; to brag; to bully.

Swain, *n.* (સ્વેન્) ગામડીઓ. A rustic.

Swallow, *n.* (સ્વૉલો) ચકલો, ચકલી; ગળું; આતુરતા ભૂખ. A bird; throat, voracity. *v.t.* ગળી જવું, ગટ્ટ કરવું; સોષી લેવું; પચાવી-દબાવી-લઇ પડવું; રોકવું. To absorb; to engross; to occupy; to exhaust; to receive implicitly.

Swamp, *n.* (સ્વૉમ્પ્) કાંપ-કાદવ-પાણીવાળી જગ્યા; દલદર. Wet, soft, spongy ground.—y, *a.* કાંપ-કાદવ-પાણીવાળું.

Swan, *n.* (સ્વૉન્) રાજહંસ. A web-footed bird of the duck family and closely resembling the goose, with a very long neck; a large and beautiful water-fowl.

Sward, *n.* (સ્વૉર્ડ) ઘાસવાળી જમીન,-ભોંય. Grassy surface of land.

Swarm, *n.* (સ્વૉર્મ) ટોળું, જમાવ; ઝુંડ; *v.t.* ટોળું થઇને જવું-ઉડવું, આવવું;-ટોળે ટોળાં આવવાં-ભેગાં થવાં; ખીચોખીચ ભરાવું;-પુષ્કળ ટોળે ટોળાં હોવાં. A great multitude; a throng; *v.* to collect and depart from a hive by flight in a body; to join in crowds; to

be crowded; to abound; to breed multitudes.

Swarthy, *a.* (સ્વાર્થી) કાળું, આછા કાળા રંગનું. Of a dark blue; tawny.

Swath, *n.* (સ્વૅથ્) પટ્ટી, કીનારી; ફીટ; લાંબા હાથવાળા દાતરડાથી એક સપાટે જેટલું કાપ્યું હોય તેટલી બધી જગ્યા. A band or fillet; the whole sweep of a scythe.

Sway, *v.t.* (સ્વે) ધરવું, ધારણ કરવું; અમલ-રાજ-ચલાવવું; વાળવું, ફેરવવું; *v.i.* રાજ કરવું; નમવું, ફરવું; *n.* સત્તા; અમલ; ત્રાજવાનો ઝોક. To govern; to influence; to bear rule; *n.* dominion; influence; preponderance; turn of a balance.

Swear, *v.t.* (સ્વેર્) સમ ઘાલવા, સોગન ખવાડવા; કસમ-પ્રતિજ્ઞા ઉપર કહેવું. *v.i.* સોગન-કસમખાવા-લેવા; પ્રતિજ્ઞા કરવી. To put to an oath; to declare upon oath; to appeal to by an oath. સોગનખાઇ કહેવું કે મને પુછે-જોઇ લે; to s. the place against one, કોઇ ફેલ જામીન લેવાડવા સોગન ખાવા; to take an oath; to give evidence on oath; સોગન ઉપર પુરાવો-જુબાનીઆપવી; to promise on oath, સોગન ખાઇને કોલ કરવો.

Sweat, *n.* (સ્વેટ્) પરસેવો, પસીનો; નિતાર, ઝરણું; ભારે મેહેનત-શ્રમ; *v.i.* પરસેવો આવવો-થવો-છુટવો; ભારે શ્રમ-વૈતરૂં કરવું; નીતરવું, ઝરવું; *v.t.* પરસેવો-પસીનો આણવો,—લાવવો;—ઝરવું;—નીકળવું. The moisture which issues from the skin of an animal; perspiration; toil; *v.* to perspire; to toil; to emit moisture; to cause to perspire; to excrete.—y, *a.* પરસેવાવાળું, પરસેવાનું; માથાકુટ-મહેનતનું; ઘણું ભારે. Moist with sweat; toilsome.

Sweep, *v.t.* (સ્વીપ્) ઝાડવુ, વાળવું; ઘસેડવું;—સાફ કરી નાંખવું; ઉપર ઘસડાઇને ફલંગે જવું; ડોળથી આગળ ચલાવવું-લઇ જવું; ઝપાટાથી જવું; સપાટામાં જોઇ લેવું; *v.i.* ઝપાટાબંધ જોરથી ઘસડાતા આવવું-વહેવું; દોડવું; ડોળથી લુગડાં ઘસડતા ચાલ્યા જવું; લાંબા ઝપાટાથી ચાલવું; *n.* સપાટો, ફેર; ઘાણ; વાંકુ-વલણ. (a chimneys. ધુમાડીમાં મેસ કાઢી સાફ કરનાર). To brush with a broom; to drive or carry along; to destroy at a stroke; *n.* to carry with pomp; to pass rapidly over; to observe rapidly; to pass along; to pass with pomp; to move with a long reach; *n.* the compass of a stroke; the compass of a turning body; violent and general destruction; a curve.—er, *n.* ઝાડુ કાઢનાર, વાળનાર. One who sweeps.

Sweepings, *n.* (સ્વીપિંગ્સ્) વાસીદું, કચરો; પુંજો. What is swept; rubbish.

Sweepstakes, *n.* (સ્વીપસ્ટેક્સ્) ઘોડાની સરતમાં હાર જીત થવાની બધી રકમ. The whole money won at a horse-race.

Sweet, *a.* (સ્વીટ્) ગળ્યું, મીઠું; ખુશબોદાર; સુગન્ધી; સુસ્વર; સુંદર; તાજું; નરમ, મધુર; મનોરંજક; પ્યારૂં. Ageeable or greatful to the taste; having the taste of honey or sugar; fragrant; pleasing to the ear; not sour or stale, soft; beautiful; pleasing; kind. *n. pl.* મીઠાઇ, સુખડી; વાહલું-પ્રિય માણસ. Confectionery; a darling.—en, *v.t.* મીઠું ગળ્યું કરવું; -મીઠાસ-સુખ મુકવો. To make sweet; to make pleasant.—heart, પ્યારી, પ્રિયા; a lover or mistress.—meat, મીઠાઇ, ખાંડ પાએ-

લો મેવો-ફળ. fruit preserved.—ness, *n.* મીઠાસ, ગળપણ. Gratefulness to the taste.

Swell, *n.* (સ્વેલ્) સોજો, ધીમો ધીમો ચઢાવો; રેલ, પુર (નદી વગેરેનું) મોજાં, ડોલમાથું મારનાર પૂરૂષ; *v.t.* રેલ-પુર આણવું; ફુલાવવું; જાસ્તી કરવું; અભિમાન કરવું; ખીલે તેમ કરવું; *v.i.* સુઝવું; વધવું; પુર આવવું-ચઢવું; ફુલી જવું; ફુલીને-પવન ભરાઇને બહાર નીકળવું; ઉપસીને બહાર નીકળવું. Enlargement of bulk; a gradual increase; a wave or billow; a showy-dashing person; *v.* to heave; to enlarge; to increase; to raise to arrogance; to grow larger; to increase in size or amount; to be puffed; to be inflated; to protuberate.—ing, *n.* ઉપસવું-ફુલવું તે, protuberance.

Swelter, *v.i.* (સ્વેલ્ટર્) તાપથી મરણતોલ થઇ જવું, બફાઇ જવું. To melt or perish with heat

Swerve, *v.i.* (સ્વર્વ) આડું-આધું પાછું જવું; પાછું હઠવું. To deviate.

Swift, *a.* (સ્વિફ્ટ્) ઉતાવળું, જલદ; ઝડપ વાળું. Speedy; quick; rapid.—ly, *ad.* જલદીથી, ઉતાવળથી. Speedily; with celerity.

Swill, *v.i.* (સ્વિલ્) અતીશય હોઇઆં કરી જવું-ઢીંચવું. To drink grossly.

Swim, *v.i.* (સ્વિમ્) તરવું, વેહ્યા જવું; સરી-લસી જવું; તંમર-ચક્કર-ફેર આવવાં; પલળી જવું. *v.t.* તરીને જવું, ઝબોળવું. To move progressively in water by means of the hands and feet or of fins; to float; to glide along, to be dizzy; to be drenched; to pass by swimming; to immerse.

Swimmingly, *ad.* સહેલથી, નિર્વિઘ્ન. Without obstruction.

Swindle, *v.t.* (સ્વિન્ડલ્) છેતરવું, ઠગી લેવું. To defraud grossly, or with deliberate artifice.—r, *n.* ઠગ, ધુતારો; a cheat.

Swine, *n.* (સ્વાઇન) ભુંડ, ડુક્કર. A hog.

Swing, *v.i.* (સ્વિંગ્) ઝુલવું, હીંચવું; હીંડોળવું; *v.t.* ઝુલાવવું, હીંચકા નાંખવા; આમતેમ ફેરવવું; *n.* હીંચકો, ગોફણ; વેગ; ચકડોળ. To move to and fro, as a body suspended in the air; to cause to wave and vibrate; to flourish; *n.* oscillation; influence of a body in motion.

Switch, *n.* (સ્વિચ્) ન્હાની સોટી, *v.t.* ન્હાની સોટીથી મારવું. A small flexible twig or rod; *v.* to beat.

Swevel, *n.* (સ્વિવલ્) નકુચો, આંકડો. Any ring or staple that turns.

Swoon, *v.i.* (સ્વુન્) મુર્છા આવવી, બેભાન થઇ પડવું. To faint, *n.* મૂર્છા, બેશુદ્ધિ. A fainting fit.

Swoop, *n.* (સ્વુપ્) ઝપટ, *v.t.* એકદમ ઝડપીને લેવું. A pouncing on; *v.* to fall on at once & seize.

Sword, *n.* (સોર્ડ) તલવાર, સમશેર; લશ્કર. A warlike offensive weapon worn at the side and used by hand either for thrusting or cutting; war; military power.

Sycamore, *n.* (સિકેમોર) એક પ્રકારનું ઝાડ. A forest tree.

Sycophant, *a.* (સિકોફંટ્) નીચ-ખુશામતિયો માણસ; ખુશામતખોર. An obsequious flatterer; a parasite. (G. *sukon* a fig, *phaino* I show).

Sycophancy, *n.* (સિકોફન્સિ) ખુશામત, નીચ મરજી ઉઠાવવી તે. Servility.

Syllabic, *a.* (સિલૅબિક્) વર્ણનું, અક્ષર સંબંધી. Pertaining to syllables.

Syllable, *n.* (સિલબલ્) વર્ણ, સ્વરયુક્તવર્ણ;

અક્ષર. A letter or combination of letters uttered by one impulse of the voice.

Syllogism, *n.* (સિલોજિઝમ્) અવયવઘટિત વાક્ય ; (તર્ક શાસ્ત્રમાં) આપેલી બેદલીલ ઉપરથી નક્કી કરેલી દલીલ. A form of reasoning consisting of three propositions (G. *syn* together, *logos* speech).

Syllogistic, *a.* (સિલોજિસ્ટિક્) અવયવ ઘટિત વાક્યનું રૂપ. Pertaining to syllogism. (G. *syn, logos*).

Sylph, *n.* (સિલ્ફ્) પરી, વનદેવી. A fairy.

Sylvan, *a.* (સિલ્વન્) જંગલનું, અરણ્યનું, વન્ય. Woody (L. *sylva* a wood).

Symbol, *n.* (સિમ્બલ્) લક્ષણુસૂચક ચિન્હ; અલામત; અર્થવાન અક્ષર; (math) ચિન્હ; ધર્મ સિદ્ધાંતસાર. An emblem; a significant letter ; a summary of the articles of religion.—ical, *a.* લક્ષણુસૂચક, ચિન્હરૂપ, expressing by signs ; figurative. (G. *syn* together & *balbin* to throw).

Symmetry, *n.* (સિમેટ્રિ) આકાર શુદ્ધિ, આકાર સાંગતા. A proportion of parts to the other or to the whole.

Symmetrical, *a.* (સિમેટ્રિકલ્) આકારસાંગ શુદ્ધ ; પરિપૂર્ણ. Proportional.

Sympathise, *n.* (સિમ્પથિ) બીજાનું દુઃખ જાણવું-લાગવું તે ; દુઃખમાં ભાગ લેવો તે; દાઝ-દયા ; સરખી પ્રકૃતિ ; માયા. Compassion; fellow-feeling; an agreement of inclinations; commiseration (G. *syn & pathos* feeling).

Sympathy, *n.* (સમ્પથાઇઝ) બીજાના દુઃખથી દુઃખી ને સુખથી સુખી થવું ; દયા લાવવી ; દાઝ જાણવી. To have a common feeling. (G. *syn, pathos*).

Symphony, *n.* (સિમ્ફોનિ) એક રાગ, સુસ્વરતા. Accordance of sounds.

Symptom, *n.* (સિમ્પટમ્) નિશાન, લક્ષણ. A sign ; an affection which attends a disease.—atic, *a.* લક્ષણભૂત, સૂચક. Pertaining to symptoms proceeding from a prior disease.

Synagogue, *n.* (સિનૅગૉગ) યહુદી લોકોનો ધર્મ-સમાજ-મંડળી. (the building યહુદી લોકનું ધર્મ મંદિર).An assembly of Jews, or their place of worship (G. *syn & agein* to lead).

Syncope, *a.* (સિન્કોપી) શબ્દના વચલા અક્ષરનો લોપ, મૂર્છા-બેશુદ્ધી. An elision of one or more letters or a syllable from the middle of a word; a fainting (G. *syn, kopto* I cut off).

Syndic, *n.* (સિન્ડિક્) કારભારી, વહિવટ કરનાર. An advocate ; one of certain members of the senate in the university (G. *syn, dike* a court of justice).

Synecdoche, *n.* (સિનેક્ડોકી) (અલંકાર શાસ્ત્રમાં) લક્ષણા. Putting the whole for a part or a part for the whole.

Synod, *n.* (સિનૉડ્) ધર્માધિકારીઓની મંડળી. An ecclesiastical council.

Synonym, *n.* (સિનોનિમ્) એકાર્થી શબ્દ. A word which has the same signification (L. *syn, onoma* a name). [A brief general view.

Synopsis, *n.* (સિનૉપ્સિસ્) બધાનો સાર.

Syntax, *n.* (સિન્ટૅક્સ્) વાક્ય રચના. The grammatical construction of words and sentences. (*taxis* order).

Synthesis, *n.* (સિન્થસિસ્) સંયોજન, એકી કરણ ; મીલન. Composition ; union (G. *syn, thesis* a placing).

Syphilis, *n.* (સિફિલિસ્) ટાંકી-ચાંદી.

Syringe, *n.* (સિરિન્જ) પીચકારી, *v.t.* પીચકારી મારવી. A pipe for injecting liquids; *v.* to inject with a syringe.

System, *n.* (સિસ્ટમ્) વ્યવસ્થા, ગોઠવણ; રચના; કાયદો; શરીર. Connection of parts or things; a whole connected scheme.—atical, *a.* કાયદાસર, વ્યવસ્થિત.—atise, *v.t.* વ્યવસ્થા કરવી, કાયદો બાંધવો; ગોઠવણ કરવી. To reduce to method. (G. *histeni* to place).

T.

T, ઇંગ્રેજી મૂળાક્ષરનો વીસમો અક્ષર. The twentieth letter of the English alphabet.

Tabasher, *n.* (ટૅબૅશર્) વાંસની તપખીર. A concretion in the joints of the bamboo.

Tabby, *n.* (ટૅબિ) લ્હેરિયાવાળું રેશમી કાપડ. *a.* કાબરચીતરૂં. A waved silk; *a.* diversified in colour.

Tabinet, *n.* (ટૅબિનેટ્) લ્હેરિયાવાળું રેશમી કાપડ. A more delicate kind of tabby.

Tabernacle, *n.* (ટૅબર્નેકલ્) તંબુ, યહુદી લોકની ઇશ્વર ભક્તિની જગો; દેવળ. A tent; a place of worship (L. *taberna* a shed).

Table, *n.* (ટેબલ્) મેજ, ટેબલ; પત્રક; કોઠક; સમથળ. An article of furniture with a flat surface; a board; act of numbers; a catalogue; level. (To turn the tables નસીબ ફેરવવું).—cloth મેજ ઉપર પાથરવાનું કપડું.—land, *n.* ઉંચી સપાટ જમીન, elevated flat land. (L. *tabula*).

Tablet, *n.* (ટૅબ્લેટ્) લખવાની પાટી. Something flat on which to write, paint or engrave.

Tabular, *a.* (ટૅબ્યુલર્) ટેબલના જેવું સપાટ, ખાના-કોઠા પાડીને લખેલું, પત્રક રૂપ. Having a flat surface, set in squares.

Tabor, *a.* (ટૅબોર્) પખાજ, ઢોલકી. A small drum.

Tacit, *a.* (ટૅસિટ્) છાનું, ગુપ્ત; મોઘમ; મૂગું. Silent; implied; not expressed (L.*taceo* to be silent).

Ticiturn, *a.* (ટૅસિટર્ન) કમસુખન, મૂગું; છેક થોડું બોલું. Habitually silent; not free to converse.—ity, *n.* સુમડાપણું, કમસુખઇ, reserve.

Tack, *v.t.* (ટૅક્) જોડી-વળગાડી મૂકવું; સાંધવું. To fasten; to sew; to unite by stitching, *n.* મેખ, ચુંક; a small nail.

Tackle, *n.* (ટૅકલ્) ઘરેડી; દોરડાં. A machine for raising heavy weights; ropes.

Tact, *n.* (ટૅક્ટ્) યુક્તિ, કળા; ઉંડી પહોચ. Nice perception or decernment; dexterity; knack (L. *tango* I touch).

Tactics, *n.* (ટૅક્ટિક્સ્) કવાયત, વ્યૂહ-સૈન્ય રચનાની વિદ્યા. The art of disposing military and naval forces (G. *taxo* I arrange).

Tadpole, *n.* (ટૅડ્પોલ) ઈંડામાંથી નીકળ્યા પછીની પેહેલી અવસ્થામાંનું દેડકું. A young shapeless frog or toad.

Taffeta, *n.* (ટેફીટા) ઝીણા કુમાસનું લેહરદાર રેશમી કપડું, રેશમી ગાજ. Glossy silk stuff.

Tail, *n.* (ટેલ્) પૂછડું, ડુમ; અંત, પુચ્છ. The part of an animal which terminates in its body behind; the extremity or last end.

Tail, *n.* (ટેલ્) કોઇ અમુક વારસને મિલકત મળે એવો પ્રતિબંધ. An estate limited to certain heirs.

Tailor, *n.* (ટેલર્) દરજી, મેરાઇ, સોઇ. One who makes men's clothes.

Taint, *n.* (ટેન્ટ્) ચેપ, પાસ; વિકાર; કાળો દાગ, કલંક; બદનામી. *v.t.* માઠો પાસ લગાડવો, ચેપ લગાડવો., કલંક લગાડવું, દોષ લગાડવો; *v.i.* મ્હો ફેરવવું, બગડવા માંડવું. Infection; a spot; a blemish on reputation; *v.t.* to infect, to contaminate; to corrupt; *v.i.* to be infected (L. *tingo* I dye).

Take, *v.t.* (ટેક્) લેવું, ગ્રહણ કરવું, ઝાલવું, પકડવું; પડાવું, ભાડે લેવું. To receive; to lay hold of; to seize; to make prisoner; to rent; to swallow. —away, લઇ જવું.—for જાણવું, સમજવું. To t. care (of or for) જોવું, સંભાળવું,બરદાશ રાખવી. To take fire, સળગવું, To t. heart, હિમ્મત પકડવી. To take in, છેતરવું. To t. off, ઉપાડી -ઉતારી લેવું; *v.i.* લાગુ થવું. To t. on, ઘણા ગભરાવું. To t. to business, કામકાજ પડવું. To t. up with, - સંતોષ પામવું. To t. after, - જેવા હોવું.

Talc, *n.* (ટાલ્ક્) અબરખ, અભ્રક. A soft magnesian mineral; calx of t. અભ્રક ભસ્મ.

Tale, *n.* (ટેલ) વાત, કથા; કાહાણી; ગણત્રી; Something told or narrated; a story: an anecdote. By t. ગણીને —bearer, *n.* ચલાવડો, ચાડી-ચુગલીખોર. an officious informer.—bearing, *n.* ચલાવડાપણું.

Talent, *n.* (ટલંટ્) શક્તિ, બુદ્ધિ; અક્કલ, હોશિયારી, કુશળતા, કૌશલ્ય; "ટાલંટ" એ નામનો યહુદીલોકનો પ્રાચીન કાળનો આશરે ૯૫૮ રૂપિયાનો અને પ્રાચીન ગ્રીક લોકનો આશરે ૫૯૦ રૂપિયાનો સિક્કો. Faculty; skill; eminent abilities; anciently a certain denomination of money.—ed, *a.* બુધ્ધિમાન્, અક્કલમંદ; હોંશિયાર; કુશળ. Possessing skill. (L. *talentum*).

Talisman, *n.* (ટલિસ્મન્) તાવીજ, જાદુથી મંત્રેલો જંતર-કોતરેલો આકાર. A charm; a spell; a magical figure cut or engraved under certain superstition. (L. *talesma* a payment).

Talk, *n.* (ટાક્) વાત, બોલચાલ; વાત ચિત; ઉડતી વાત; ભાષણ, ગપ, બુમ, વાતનો વિષય. Conversation; discourse; report; rumour; speech; subject of discourse. *v.i.* બોલવું ચાલવું, વાત-વાતચિત કરવી; બબડવું, વર્ણન કરવું. To converse; to prate; to relate.

Talkative, *a.* (ટાકેટિવ) વાતોડિયું, લવારીખોર, બોલકણું. Given to much talking; full of prate; loquacious.

Talker, *n.* વાત કરનાર, બડબડિયું માણસ; છાંટણિયું માણસ, ફડાકીદાસ. One who talks; a prattler; a boaster.

Tall, *a.* (ટાલ) ઉંચું, ઉંચી કાઠીનું; ઉન્નત. High; lofty; high in stature. A person too t. લંબુસ, ખગપતી.

Tallow, *n.* (ટલો) ચરબી, The fat of oxen, sheep &c..

Tally, *n.* (ટલિ) બીજા સાથે બરાબર બેસતુ-મળતું-આવતું કાંપેલું કાંઇ; જોડ; *v.t.* બીજા સાથે મળતું. One thing made to suit another; *v.* to fit; to suit.

Talon, *n.* (ટલન્) (પક્ષીના પગનો) પંજો, નખ; ચુંગાલ. The claws of a bird or fowl. (L. *talus* the heel).

Tamarind, *n.* (ટૅમરિંડ્) આમલીનું ઝાડ અથવા ફળ. An Indian tree and its fruit; T. pod આમલીનો કાતરો; T. seed ચીચોડો.

Tambourine, *n.* (ટૅમ્બુરીન્) ડફ, તબલો; ખંજરી. A small drum.

Tame, *a.* (ટેમ્) હળી ગએલું, પાળેલું; રંક; મુડદાળ; નિર્માલ. Accustomed to man; not wild; spiritless; quiet, mild; unanimated. *v.t.* હેળવવું, વશ કરવું; ગરીબ-નરમ બનાવી દેવું. To reduce from a wild to a domestic state; to make gentle and decent.—ly, *ad.* નીચી મૂડીએ, નિર્માલ થઇને, meanly, servilely.

Tamper, *v.t.* (ટૅમ્પર્) છેડવું, સતાવવું; અમસ્થું માંથું ઘાલવું-મારવું. To meddle with; to have to do with without necessity.

Tan, *v.* (ટૅન્) ચામડું સોરવું-તૈયાર કરવું; કાળારંગનું કરવું; કમાવવું, કેળવવું; To convert skins into leather; to make brown.—pit, *n.* ખાલપાની-ચમારની કુંડી.—ner, *n.* ચામડાં કમાવનારો, ચમાર.

Tangent, *n.* (ટૅન્જંટ્) સ્પર્શ રેષા. A right line which touches a circle or curve, but which when produced does not cut it (L. *tango* I touch).

Tangible, *a.* (ટૅન્જિબલ્) સ્પર્શેંદ્રિયથી જણાય એવું, સ્પર્શનીય; હાથમાં આવે-ખરૂં ઠરે એવું. Perceptible by the touch; tactile (L. *tango* I touch).

Tangle, *v.t.* (ટૅન્ગલ્) ગુંચવી નાંખવુ. To interweave, so as to make it difficult to ravel the knot: *n.* ગુંચ, ગુંચ્કો.

Tank, *n.* (ટૅન્ક્) બાંધેલું તળાવ, હોજ; ટાંકુ સરોવર (small) ટાંકી. A reservoir of standing water; a large cistern. (L. *stagnum* a piece of standing water.

Tantalise, *v.t.* (ટૅન્ટલાઇઝ્) ટમ ટમાવવું, ખોટ્ટા ભારસો આપી નાઉમેદ કરવું. To tease with false hopes; to vex; to irritate (L. *tantalus* an ancient king of Lydia.

Tantamount, *a.* (ટૅન્ટમાઉન્ટ્) બરોબર, સરખું. Equivalent. It would be t. to ruin, એમ થાય એને પાયમાલીજ જાણવી. (L. *tantus* so great an amount).

Tap, *v.t.* (ટૅપ્) ટચકો-ટકોરો મારવો. To strike gently. To t. one with the hand કોઇને (ધીમે હાથે) થપડાક મારવી. To t. with the tip of the fingers ટકોરો મારવો. *v.i.* ટપટપ ઠોકવું. To t. at the door બારણું ટપટપ ઠોકવું. *n.* ટચકો, ટકોરો; થબરાક; a gentle blow.

Tap, *v.t.* (ટૅપ્) છેદ-બાકું પાડવું; છેદવું. To pierce or broach, as a cask.

Tape, *n.* (ટેપ) ફીત, પાટી. A narrow piece of woven work, used for strings and the like.—worm, *n.* લાંબો અને ચપટો કરમ.

Taper, *n.* (ટેપર્) બારીક મીણબત્તી, *a.* એક છેડા તરફથી પાતળું થતું જતું. *v.i.* એક છેડા તરફથી પાતળા થતાં જવું. A small wax candle; *a.* becoming small toward one end, *v.i.* to become gradually smaller toward one end.

Tapestry, *n.* (ટૅપ્સ્ટ્રિ) ભીંતના પડદા, પિછાવાઇ; બુટ્ટાદાર-તરેહનું કપડું. A kind of rich hangings. (L. *tapes* carpet).

Tar, *n.* (ટાર્) ડામર, "ફર" ના લાકડામાંથી નીકળતો પદાર્થ કે જે ડામરને ઠેકાણે વાપરે છે; ખલાસિ. A thick substance of a dark brown colour obtain-

ed from fir trees; a sailor. *v.t.* ડામર લગાડવો. To smear with tar.

Tardy, *a.* (ટાર્ડિ) ધીમું, ઠંડું; મંદ; લાસરિયું. Slow; dilatory; late (L. *tardus* slow).

Tare, *n.* (ટેર્) બારદાન. Allowance in weight for a cask, chest or bag.

Target, *n.* (ટારગેટ્) ન્હાની ઢાલ, નિશાણું. A small shield or buckler; a mark in both the military and naval service to fire at in their practice. (L. *tergum* skin).

Targum, *n.* (ટારગમ્) બાઇબલનું ખાલ્ડી ભાષામાં કીધેલું ભાષાંતર કિંવા વિવરણ.

Tariff, *n.* (ટેરિફ્) નિરખનામું, દાણુ-જકાતના દરની યાદી; જકાતનામું. A list or table of goods with the duties to be paid for the same.

Tarnish, *v.t.* (ટારનિશ્) ઝાંખું-સામળું પાડવું; મેલું કરવું; ડાઘા પાડવા; ઝાંખું-નરમ-ટાઢું પાડવું; લાંછન-કલંક-લગાડવું. To soil; to sully; to stain; to lessen the lustre of; to diminish the purity of; *v.i.* ઝાંખા-નરમ-ટાઢાં પડવું; To lose lustre.

Tarpaulin, *n.* (ટારપૉલિન્) ડામર લગાવેલું કંતાન; વિલાયતી ડામર લગાવેલા લૂગડાના ઢાકણવાળી ટોપી. A piece of canvas covered with tar; a hat covered with tarred cloth.

Tarry, *v.i.* (ટેરિ) ઉભાં રહેવું, થોભવું; ઠરવું; રાહ જોતાં બેસવું; રહેવું; મુકામ કરવો. To wait; to loiter; to delay; to remain; to lodge. (L. *tardus* slow).

Tart, *n.* (ટાર્ટ) ફળ સેકીને કીધેલો ખાવાનો પદાર્થ, ફળ સુખડી. A kind of pie or pastry. (L. *torqueo* I twist).

Tart, (ટાર્ટ) ખાટું, દાંત અમળાઈ જાય એવું; ખટાસ પડતું; તોછડું; તોછડાઇનું, આકરું; સખત. Aciduous; keen; severe.

Tartan, *n.* (ટાર્ટન્) જેની ચોકડીની સળી તરેહ તરેહનાં રંગની હોય છે એવું ઉનનું કપડું, કાશ્મીર. Woolen cloth checkered or cross-barred with threads of various coloured-

Tartar, *n.* (ટાર્ટર્) દ્રાક્ષના દારૂના પીપમાં ચ્હોટી રહેલો ખાટો પોપડો. દાંતની છારી. Salt formed on the sides of wine casks.

Task, *n.* (ટાસ્ક્) આપેલું-સોંપેલું કામ; બહુ ભારે-મહા મ્હેનતનું કામ. પાઠ, ધડો. A fixed amount of work to be done in a fixed time; burdensome employment. *v.t.* કામ આપવું-સોંપવું. To assign a definite amount of business. (L. *taxare* to rate).

Task-master, *n.* (ટાસ્કમાસ્ટર્) કામ સોંપનાર-લેનાર, વ્હેતરું લેનાર; ચાબખો; અંકુશ. One who imposes a task or burdens with labour.

Tassel, *n.* (ટેસલ્) ફુમતું, ઝુમખો. An ornamental bunch of silk. (L. *tasselæ* knots made of silk and gold).

Taste, *n.* (ટેસ્ટ્) સ્વાદ, લેહેજત; રસ; રસેંદ્રિય. The act of tasting; relish; flavour; the sense by which we perceive the relish of a thing. (intellectual relish) શોખ as a t. for music, રાગનો શોખ, a man of good t. સારી રસ જ્ઞતાવાળો માણસ. *v.t.* સ્વાદ જાણવો-પરખવો-લેવો; ચાખવું; મઝા લેવી, ડહાડે લાગવું. To perceive by the tongue; to try the relish of by perception of the organs of taste.—ful, *a.* સ્વાદિષ્ટ; સ્વાદદાર. Having good taste.—less, *a.* સ્વાદ વગરનું, બે સ્વાદ; ફિક્કું. Insipid; having no power of giving pleasure.

Tatter, *n.* (ટૅટર્) ચીથરાં, ચિંથરડાં; A rag; a torn piece. —demalion, *n.* ચીથરિયો, ચીથરિયો દેવ-દેવી.

Tattle, *n* (ટૅટલ્) ગપ્પાં સપ્પાં, ગપાટા; Prate; idle chat or talk *v.i.* બકબકવું, ગપ્પાં મારવાં. To prate; to talk idly.—er, *n.* બડબડિયો, બકવાખોર; ચાડીયો. An idle talker; one who tells tales.

Tattoo, *n.* (ટૅટૂ) છૂંદણા, રાત્રે લશ્કરને પાછાં ફરવાના કે પોતપોતાના મૂકામપર જવાના સંકેતને માટે પડઘમ વગાડવી તે. Figures on the skin; a beat of drum. છૂંદણા છૂંદવાં-છુંદાવવું; ચિત્ર પાડવું. To pick the skin and stain the spots in figures.

Taunt, *v.t.* (ટૉન્ટ્) મેણું-ટાણું મારવાં. To speak biting words to; to revile; to upbraid; *a.* તાણો, મ્હેણું; bitter or sarcastic reproach; upbraiding words.

Taurus, *n.* (ટૉરસ્) વૃષભરાશી. A sign in the zodiac.

Tautology, *n.* (ટૉટૉલજિ) તેનો તે અર્થ જૂદા જૂદા શબ્દોથી કહ્યાં કરવો તે; અનુવાદ. A repetition of the same meaning in different words (G. *tautos* the same *logos* a word).

Tavern, *n.* (ટૅવર્ન) કલાલખાનું, પીઠું. A horse where wines, liquors are sold (L. *laberna* from *tabula* a board).

Tawdry, *a.* (ટૉડ્રી) ઘણુંજ દેખાવવાળું પણ તદબીરથી ગોઠવેલું નહીં એવું. Very fine in colours without taste or elegance.

Tawny, *a.* (ટૉનિ) પિંગટ, કણુંદું પીળું; બદામી. Of yellowish brown colour.

Tax, *n.* (ટૅક્સ્) કર, વેરો; જકાત, મ્હેસુલ. A rate imposed for a public purpose; an impost. Poll t. જિયો, *v.t.* કર-છાપો નાંખવો; આરોપ મૂકવો. To assess upon individuals a certain sum; to accuse.—able, *a.* કર લેવા લાયક.—ation, *n.* કર મૂકવો-બેસાડવો તે. (L. *taxo* I handle).

Tea, *n.* (ટી) ચ્હા. The dried leaves of a certain plant.—plant, *n.* ચ્હાનો છોડ.—pot, *n.* ચ્હાદાની.

Teach, *v.t.* (ટીચ્) શિખવવું, ભણાવવું; જ્ઞાન-ઉપદેશ આપવો. To instruct; to show; to admonish.—able, *a.* શિખવાય એવું, શિક્ષ્ય. That may be taught.—er, *n.* (ટીચર્) શિખવનાર, શિક્ષક; મેહેતાજી; ગુરૂ; ધર્મનો ઉપદેશ કરનાર. An instructor, a tutor; a preacher.

Teak, *n.* (ટીક્) સાગનું ઝાડ, સાગ; સાગવાન. A tree which furnishes timber.

Teal, *n.* (ટીલ્) જળકુકડી. A water-bird.

Team, *n.* (ટીમ્) ગાડી વિગેરેમાં જોડેલા બે અથવા વધારે ઘોડા-બેલ. Two or more oxen or horses, harnessed to the same vehicle.

Tear, *n.* (ટીઅર્) આંસુ, અશ્રુ. A drop of the water which grief forces from the eyes.—ful, *a.* આંસુથી ભરાઈ ગએલું. Shedding tears.

Tear, *v.t.* (ટેર્) ફાડવું, ચીરવું; ઉખેડવું; તોડવું. To rend; to lacerate; to shatter. To t. from, જોર જુલમથી છુંડું પાડવું. *n.* ફાટ, ચીરો, a rent; a fissure (L. *tero* I rub).

Tease, *v.t.* (ટીઝ્) ખીજવવું, ચ્હીડવવું; પીંજવું. To vex; to annoy; to card.

Teat, *n.* (ટીટ્) સ્તનની ડીચકી, આંચળ; થાન. The projecting part of the female breast; the nipple.

Technical, *a.* (ટેકિનકલ્) કોઈ અમુક હસ્ત ક્રિયા ઉદ્યમ-વિદ્યાને લગતું; સાંકેતિક. Pertaining to any art, profession,

or science—ty, *n.* સાંકેતિકત્વ, quality of being technical(G.*techne* an art).

Technology, *n.* (ટેક્નૉલૉજિ) શિલ્પ આદિ કળાઓનું વર્ણન કીધેલું હોય એવું પુસ્તક. A treatise on the arts.

Ted, *v.t.* (ટેડ્) વિખૂરાતું નાંખવું. To spread. [Wearisome.

Tedious. *a.* (ટીડિઅસ્) કંટાળા ભરેલું.

Tedium, *n.* (ટીડિઅમ્) કંટાળો આવે એવો ગુણ. Quality of wearying (L. *tœdet* it disgusts).

Teem, *v.i.* (ટીમ્) વિયાવું, જણવું;-ગર્ભે રહેવો ; ભરપૂર હોવું. To be pregnant; to conceive ; to be full.

Teens, *n.* (ટીન્સ) તેરથી ઓગણીસ સુધીની ઉમ્મર. The years of one's age having the termination "teen".

Teeth, *n.* (ટીથ્) દાંત, (*pl.* of tooth) દાંત આવવા-ફુટવા. To breed teeth.

Teetotaler, *n.* (ટીટોટલર્) કેફી ચીજ લેવી નહીં, એવી પ્રતિજ્ઞા લઇ બેઠેલું માણસ. A temperance man.

Teetotalism, *n.* (ટીટોટલિઝમ્) પ્હેરેજગારી. Abstention from intoxicating drinks.

Tegument, *n.* (ટેગ્યુમેન્ટ) સ્વાભાવિક આવરણ ; ત્વચા. Any natural covering (L. *tego* I cover).

Telegraph, *n.* (ટેલિગ્રૅફ) તારનો સાંચોયંત્ર. A machine for communicating information by the electric wire, *v.t.* તાર મોકલવો.—ic, *a.* તાર સંબંધી-થી મોકલેલું. Communicated by a telegraph.—y, *n.* તારમાં સંદેશો મોકલવાની વિદ્યા. (G. *tele* afar off & *grapho* I write).

Telegram, *n.* (ટેલિગ્રૅમ્) તારથી મોકલેલો સંદેશો. Any piece of intelligence conveyed by an electric telegraph. (Gr. *tele, gramma* a letter).

Telescope, *n.* (ટેલિસ્કોપ) દુર્બીન, દૂર દર્શક યંત્ર. An optical insturument (G. *tele & scopeo* I view).

Telescopic, *a.* (ટેલિસ્કોપિક્) દુર્બીનથી દેખાતું દીર્ઘ દ્રષ્ટિક. Seen or discoverable by a telescope.

Tell, *v.t.* (ટેલ્) કહેવવું, જણાવવું; એક-પછી એક એમ ગણવું-ગણી જવું ; હેવાલ આપવો. To utter ; to express in words; to reckon ; to count ; to relate; to narrate.—er, *n.*"બેંકનો" શરાફ. An officer who pays money on checks.—ing, *n.* લાગે-અસર થાય એવું. Producing effect.—tale, *n.* ચાડિયો, ચુગલીખોર. An officious informer.

Temerity, *n.* (ટીમેરિટી) ઉદ્ધતાઈ, ઉછાંછળાપણું. Rashness ; extreme boldness, (L. *temeritus, temere* by chance).

Temper, *v.t.* (ટેમ્પર્) જેવું જોઇએ તેવું-સમધાન-માફકસર કરવું; નરમ-ટાઢું કરવું; ક્રુરતા ઓછી કરવી. To accommodate; to modify ; to soften. *n.* સમધાન; સ્વભાવ ; મિઝાજ ; ગુસ્સો. to try the t. of પાણી જોવું.(L. *tempus* a portion).

Temperament, *n.* (ટેમ્પરેમેન્ટ) પ્રકૃતિ, તબિયત ; મિજાજ ; જાતી સ્વભાવ. Disposition or constitution; general frame of mind.

Temperance, *n.* (ટેમ્પરન્સ) મધ્યમપણું, મિતાહાર ; ખાવા પીવામાં અંદાજો ; ઇન્દ્રિયો તથા મનના વેગમાં તણાઇ ન જતાં નિયમમાં રહેવું તે. Moderation ; sobriety ; moderate indulgence of the appetites or passions.

Temperate, *a.* (ટેમ્પરેટ) નિયમિત, માફકસર ; સમધાત ; માફકસર ખાનાર પીનાર ; ઠંડા મિજાજનું; શાંત સ્વભાવનું. Duly arranged or prepared ; moderate ; not excessive ; moderate

in eating and drinking; calm; cool.

Temperature, *n.* (ટેમ્પરેચર) હવા, ટાઢ, તથા તાપનું પ્રમાણ; શિતોષ્ણ પ્રમાણ. State with regard to heat or cold. [-વાળું.

Tempered, *a.* (ટેમ્પર્ડ) સ્વભાવ-મિજાજનું

Tempest, *n.* (ટેમ્પેસ્ટ્) અત્યંત તોફાની પવન; વા વાઝોડું. A storm of extreme violence; violent wind.—uous, *a.* મહાભારત તોફાનના જેવું. Stormy; turbulent. (L. *tempus* time).

Temple, *n.* (ટેમ્પલ્) દેહેરૂં, મંદીર; ખ્રિસ્તી લોકની પ્રાર્થના કરવાની બાંધેલી ઇમારત; અગાઉ "નાઇટસ્ ટેમ્પ્લર્ઝ" નામના ધર્મ યોદ્ધાઓ અહિં રહેતા તે ઉપરથી લંડનની વ્યવહાર શાસ્ત્ર શાળા, લમણું, લવણું. A sanctuary; a public edifice erected in honour of some deity; a church; in London two inns of court, because anciently the dwellings of the Knights Templars. The part of the side of the head between the eye and the ear. (L. *templum* a place marked out.

Templar, *n.* (ટેમ્પ્લર્) જે ખ્રિસ્તીઓ પાલેસ્ટાઇનમાં જાત્રા સારૂ જતા તેનું રક્ષણ કરવાને ઉભી થએલી એક ધર્મ યોદ્ધાઓની ટોળી જેનું "નાઇટસ ટેમ્પલ્ઝ કહેતા તે ટોળીમાંનું માણસ "ટેમ્પ્લર".

Temporal, *a.* (ટેમ્પોરલ્) આ લોકનું, ઐહિક; વખતને લગતું; કાલિક. લમણાંસંબંધી. Pertaining to this life; secular; limited by time; pertaining to the temples of the head. (L. *temporalis* from *tempus* time).

Tamporalities, Temporals, *n.* (*pl.*) આ લોકની-સાંસારિક-ઐહિક વસ્તુઓ, વિશેષે કરી ધર્માદા મિલકતની જે ઉપજ આવે તે. Secular possessions or revenues.

Temporary, *a.* (ટેમ્પરરિ) થોડા દહાડાનું, થોડા વખતનું; અંધામી. Existing for a limited time; transient; fleeting. (L. *tempus*).

Temporise, *v.i.* (ટેમ્પરાઇઝ) વખત જોઇને વાત કરવી, જમાના પ્રમાણે ચાલવું. To comply with the time or occasion. (L. *tempus*).

Tempt, *v.t.* (ટેમ્પ્ટ્) લોભાવવું, મોહ પમાડવો; ફુસલાવવું. To allure; to entice; to seduce.—ation, *n.* લાલચ, લોભ; મોહિની. Act of tempting; enticement to evil. (L. *tempto* I try).

Ten, *a.* (ટેન્) દસ, દશ; *n.* દશ એ સંખ્યા. Twice five; nine and one.—

—fold, *a.* દસગણું, દશગુણું.—th, *a.* દસમું, દશાંશ; *n.* દસમો ભાગ.

Tenable, *a.* (ટેનબ્લ્) રક્ષણ કરી શકાય એવું; સ્થાપવા જોગ. That may be held or defended against an assailant (L. *teneo* I hold).

Tenacious, *a.* (ટિનેશ્યસ્) ચિમ્મડ, ચીકણું; જેમાંથી કદી ખસે નહી એવું. Inclined to hold fast; adhesive; retentive (L. *teneo*).

Tenacity, *n.* (ટિનૅસિટિ) ચીકણાપણું, ચિકાશ. Adhesiveness; stickiness.

Tenant, *n.* (ટેનંટ્) બીજાની જમીન ગણોતે ખેડનાર, ખેડુત; ભાડુ. A person holding land under another, either by grant of lease or will; a dweller.—able, *a.* ભાડે આપવાજેવું; —ry, *n. pl.* ગણોતિયા; ખેડુતો.

Tenancy, *n.* (ટેનંસિ) વહિવટ, ભોગવટો. A holding of lands or tenements; tenure.

Tenement, *n.* (ટેનીમેન્ટ) જમીનદાર-અમીરનું ઘર-ભોંય ભાડાં; ઘર; મકાન.

Tend, *v.t.* (ટેન્ડ્) ચાકરી કરવી, બરદાશ લેવી ; ઉધારવું; ઉછેરવું. To wait on ; to guard ; to hold and take care of. —er, *n.* ચાકરી કરનાર, સીધું પાણી તથા બીજો સામાન પોંહોચાડવાને મ્હોટાં ઝાઝો સાથે જે ન્હાનું વહાણ-હોડી રહે છે તે. A small vessel that attends a larger one to convey provisions, &c.

Tend, *v.i.* (ટેન્ડ્) વળવું, ઢુંટાવું; લક્ષ-ધોરણ-હોવું-રાખવું, સાહાય થવું; કારણ થઇ પડવું. To move in a certain direction ; to aim ; to contribute (L. *tendo* I stretch).

Tendency, *n.* (ટેન્ડંસિ) મનનું વલણ, ઇચ્છા. Inclination; aim ; proneness. (L. *tendo*).

Tender, *v.t., n.* (ટેન્ડર્) આપવા માંડવું, નિવેદન-હાજર કરવું. To offer in payment of a demand ; *a.* કુમળું, નરમ ; નાજુક ; નરમ-પોચા દિલનું ; જીવની પેઠે જાળવનાર ; દયા ભાવ આવે એવું; delicate ; effiminate ; careful to save inviolate ; kind ; compassionate.—hearted, *a.* કુમળા હૈયાનું, બહુ દયાળું. Very susceptible of the softer passions of love, pity or kindness.—ness, *n.* નરમાશ, માયા; કરૂણા. Softness ; kind attention. (L. *tender* soft).

Tendon, *n.* (ટેન્ડન્) હાડકાં સાથે માંસને વળગાડનારા રેશા ; સંધિ બંધન. A hard insensible cord by which a muscle is attached itself to something for support.

Tenement, *n.* (See under Tenant).

Tenet, *n.* (ટેનેટ્) વિચાર, મત ; ધર્મ સંબંધી વિચાર. An opinion ; a doctrine; that which a person maintains as a part of his creed. (L. *teneo* I hold).

Tenfold, *a.* (See under Ten).

Tennis, *n.* (ટેનિસ્) હાથે-પાટિયાએ વતી દડીને હમેશ ગતિમાં રાખવાની રમત. A play in which a ball is driven continually by rackets.

Tenon, *n.* (ટેનન્) લાકડાનું સાલ. That part of timber which enters a mortise. Tenon & Mortise, ખીલ માકડું (L. *teneo* I hold).

Tenor, *n.* (ટેનર્) તરેહ, ધોરણ ; ભાવાર્થ ; મધ્યસુર. Stamp ; character ; purport ; substance ; part in music. (L. *teneo* I hold).

Tense, *n.* (ટેન્સ) (વ્યાકરણમાં) કાળ. Form of a verb expressing time; [L. *tempus* time). *a.* તણાએલું, ખેંચાએલું; તંગ. Drawn ; tight (L. *tendo* I stretch.)

Tension, *n.*(ટેન્શન્) તસતસાટ,તાણી લાંબું કરવું તે. A stretching ; stiffness.

Tent,*n*. (ટેન્ટ્) તંબુ, ડેરો; (ગુમડાના મ્હોમાં મૂકવાની) બત્તી. A pavilion or moveable lodge. (In surgery) A roll of lint or linen used to dilate an opening in the flesh.—age, *n.* તંબુ ખરચ.—ed, *a.* ઉપર તંબુ નાંખેલા એવું શિબિરાચ્છન્ન. Covered with tents. (L. *tendo* I stretch).

Tenter, *n.* (ટેન્ટર્) કપડ તણઇને કરચલી રહ્યા વગર સૂકાય એવો સાંચો. A machine for stretching cloth.—hook, *n.* તાણવાની આંકડી, A hook for cloth.

Tentative, *a.* (ટેન્ટેટિવ) કસાઇ જાય-ખરી પરીક્ષા થાય એવું.

Tenuous, *a.* (ટેન્યૂઅસ્) પાતળું, ઝીણું; બારીક. Thin; slender ; small ; minute (L. *tenuis* thin).

Tenuity, *n.* (ટિન્યુઇટિ) પાતળાસ, ઝીણાસ. Thinness, slenderness.

Tenure, *n.* (ટીન્યુર) (ઘણું કરીને સ્થાવર

મિલ્કતનો) ઉપભોગ–ભોગવટો કરવો તે; જમીન–માલકી ઉપર જે સત્તા-હક હોય તે; holding of real estate; deed of T. સનંદ; પટ્ટો. (L. *teneo* I hold).

Tepid, *a.* (ટેપિડ્) છેક ટાઢું નહીં એવું, કુંકું સુમરેકું. Moderately warm; lukewarm.

Tergiversation, (ટર્જિવર્સેશન્) મુદ્દાસર નહી તે, ગડબડગોટા. A shifting; subterfuge; evasion (L. *tergum* the back & *verto* I turn).

Term, *n.* (ટર્મ) મર્યાદા, સીમા; વખત, કાળ; શબ્દ; *pl.* શરતો. A limit; a boundary; any limited time; the time during which instruction is regularly given in universities and colleges; a word or expression; *pl.* conditions, *v.t.* નામ--સંજ્ઞા આપવી; કહેવું; to name; to call; to denominate; (in colleges) મ્હોટી વિદ્યાશાળાઓમાં હાજર રહી શિક્ષા લેવાના દીવસો.—inable, *a.* મર્યાદા-સીમા બંધાઇ શકાય એવું, limitable.—inal, *a.* અંત-છેડાનું; અંત્ય. Forming the end or extremity. (L. *terminus* a boundary).

Terminate, *v.t.* (ટર્મિનેટ) સીમા-મર્યાદા-હદ બાંધવી; પુરૂં–સમાપ્ત કરવું. To bound; to limit; to put an end to; to complete; to finish; *v.i.* સમાપ્ત-ખતમ થવું; છેડો આવવો; to end; to close (L. *terminus*).

Termination, *n.* (ટર્મિનેશન્) અંત, છેડો; પરિણામ; અંત્યાક્ષર; અંત્યાક્ષ. A limiting end, bound; conclusion; result; the end or ending of a word.

Terminator, *n.* (ટર્મિનેટર્) ચંદ્રના પ્રકાશિત અને અપ્રકાશિત ભાગની વચ્ચેની કલ્પિત રેખા.

Terminology, *n.* (ટર્મિનોલોજિ) શબ્દ-સંજ્ઞાશાસ્ત્ર. That branch of natural history which explains all the terms used in the description of natural objects.

Terminus, *n.* (ટર્મિનસ્) સીમા, અંત; ખેતરપાળ; સીમદેવ; "રેલવે" ના બે છેડામાંનો એક; નાકું. Bound; limit; the extreme point.

Termagant, *n.* (ટર્મૅગન્ટ) કડવા બોલ બોલનાર સ્ત્રી, કોકટ; કર્કશા. A turbulent, boisterous woman; a shrew; a virago.

Terrace, *n.* (ટેરેસ્) અગાસી, ધાબું. A balcony or open gallery; the flat roof of a house (L. *terra* the earth).

Terrestrial, *a.* (ટેરેસ્ટ્રિઅલ્) પૃથ્વીનું-સંબંધી; પૃથ્વી ઉપરનું; ભૂલોકનું-સંબંધી; આ દુનિયાનું; ખુશ્કિનું. Pertaining to the earth; existing on the earth; pertaining to the world.

Terrier, *n.* (ટેરિયર્) એક જાતનો ન્હાનો શિકારી કુતારો. A dog that pursues game into burrows (L. *terra* the earth).

Territory, *n.* (ટેરિટરિ) અમલ તલેનો દેશ મુલક-રાજ્ય. The extent of land within the bonds of any state. (L. *terra* the earth).

Territorial, *a.* (ટેરિટોરિઅલ્) મુલકનું-સંબંધી. Pertaining to territory.

Terror, *n.* (ટેરર્) ધાસ્તી, ભય; ત્રાસ. Great fear; affright; dread (L. *terreo* I frighten).

Terrible, Terrific, *a.* (ટેરિબ્લ્, ટેરિફિક્) થથરાવી નાંખે એવું; ત્રાસદાયક. Frightful; horrible; awful.

Terrify, *v.t.* (ટેરિફાઇ) થથરાવી-ધ્રૂજાવી નાંખવું; ડરાવવું. To frighten; to alarm or shock with fear.

Terse, *a.* (ટર્સ) શબ્દની ખૂબી સાથે ટુંકું. Neat; clearly written (L. *tergeo* I wipe).

Tertian, *a.* (ટર્શિઅન્) ત્રીજે દહાડે આવનારૂં; એકાંત્રિયું. Occurring every third day, *n.* દર ત્રીજે દહાડે આવતો રોગ-તાવ; એકાંતરિયો તાવ. A disease whose paroxysms return every third day. (L. *tertius* third).

Tesselated, *a.* (ટેસીલેટેડ્) ખાનાં ખાનાંવાળું, ચોકડીદાર. Checkered; formed in little squarer (L. *tessella* a small square stone.

Test, *n.* (ટેસ્ટ્) ધાતુઓને ઓગાળી તેને શોધવાની વાડકી; પારખ; પરીક્ષા; કસોટી. A cupel in which metals are melted for trial; experiment; examination by the cupel; *v.t.* -શોધન કરવું; કસવું. To try by a fixed standard; to bring to a trial (L. *testa* a piece of burnt clay).

Testaceous, *a* (ટેસ્ટેશિઅસ્) સીપનું, એક આખી જાડી સીપનું બનેલું. Having a hard continuous shell. (L. *testa* a shell).

Testament, *n.* (ટેસ્ટમેન્ટ્) વસિઅતનામું, મૃત્યુ પત્ર. (Scrip) કરાર. (old t.-જુનો કરાર; new t. નવો કરાર). A will; one of the divisions ol the scripture as the old & new.—ary, *a.* વસિયતનામાની રૂએ વારસામાં મળેલું. Bequeathed by will. (L. *testis* a witness).

Testator, *n.* (ટેસ્ટેટર્) વસિઅતનામું કરનાર. One who leaves a will at his death. (L. *testis*).

Testify, *v.t. v.i.* (ટેસ્ટિફાઇ) કોઇ વિશે ખાતરીથી કહેવું; પ્રતિજ્ઞા ઉપર શાહેદી પૂરવી. To make a solemn declaration; to bear witness. (L. *testis* a witness, *facio* I make).

Testimonial, *n.* (ટેસ્ટિમોનિઅલ્) સારી ચાલ વિષેનું "સરટીફીકેટ;" સુનામ પત્ર. A certificate of good conduct.

Testimony, *n.* (ટેસ્ટિમનિ) ગવાહી, શાહેદી; જુબાની. Solemn affirmation; witness; evidence.

Testicle, (ટેસ્ટિકલ્) વૃષણ, અંડ; આંડવો. The organ of semen in male animals. (L. *testis* a witness)

Testy, *a.* (ટેસ્ટિ) ધૂંધવાતું, ખાઉં કરૂં-કરતું. Fretful; peevish.

Tether, (ટેથર્) ઘોડા-પસુને બીડમાં ચારવાને માટે બાંધી મૂકવાનું લાંબું દોરડું. A rope to tie a beast in feeding.

Tetragon, (ટેટ્રેગન્) ચોખુણુ. A figure of four angles. (G. *tetra* four, *gonia* an angle).

Tetrarch, *n.* (ટેટ્રાર્ક) ઇટાલિ બહારના રોમના તાબાના મૂલકનો સુબો; તાબાનો રાજા. A Roman governor of the fourth part of a province; a subordinate prince (G. *tetra* & *arche* rule).

Text, *n.* (ટેક્સ્ટ્) મૂળ, મૂલ, વચન; વાક્ય. The original words of an author; passage selected as the subject of discourse.—book, *n.* વિદ્યાશાળામાં ચાલતી ચોપડી, શાળા પુસ્તક. A book of general principles for students.—hand, *n.* મ્હોટા અક્ષર-હરફ. large hand in writing.—ual, *a.* મૂળનું-વિશેનું-માં લખેલું, contained in the text. (L. *texo*, I weave).

Textile, *a.* (ટેક્સ્ટાઇલ્) વણેલું, વણીને બનાવેલું. Woven or capable of being woven. (L. *texo*).

Texture, *n.* (ટેક્સ્ટ્યુર્) થાન, તાકો; વણાટ, વણતર; કુમાશ. A web; the disposition of threads, &c., interwoven; the manner in which the constituent parts are united.

Than, *conj.* (ધેન્) કરતાં-ના કરતાં ; થી ; -નાથી. A particle expressing comparison.

Thank, *v.t.* (થેન્ક્) ઉપકાર માનવો, શુકર કરવી. To express gratitude for a favour (*sing. & pl.*) પાડ, આભાર; ઉપકાર. An expression of gratitude or sense of favour received.—offering, *n.* ઉપકાર માનવાને કીધેલું કાંઇ. An offering of gratitude.—sgiving, *n.* ઉપકાર માનવો તે ; ઉત્સવ, મહોત્સવ. Rendering thanks for a favour ; a public celebration of divine goodness.—ful, *a.* ઉપકારી, ઓશિંગણુ, grateful.—less, *a.* પાડ ન માને એવું ; એકકરૂં. Ungrateful.

That, *pron.* (ધેટ્) તે, એ, પેલું. Not this but the other; designating a particular person or thing. Relative) જેકે ; equivalent to who, whom or which ; *conj.*; (તે) એટલા માટે કે ; because.

Thatch, *n.* (થૅચ્) ઝાવલીનું છાપરૂં, છાજ-પરાળ વિગેરે (છાપરાં કે ઘાસ ઉપર છાવાનું). Straw for covering ; *v.t.* છાવું; to cover with straw.—er, *n.* છાનાર. One whose occupation is to thatch houses.—ing, *n.* છાવણુ કામ. The act or art of covering buildings with thatch.

Thaumaturgy, *n.* (થૉમૅટરજિ) તાજુબ જેવું કરવું તે ; ચમત્કૃતિ. Act of performing something wonderful (G. *thaumatos* a wonder & *ergon* work).

Thaw, *v.i.* (થૉ) પીગળી જવું; પાણી થઇ જવું. To melt ; to dissolve or become fluid, as ice or snow, *v.t.* પાણી કરી નાંખવું ; ઓગાળી નાંખવું. To melt, to dissolve as snow. *n.* બરફનું પીગળવું-પાણી થવું તે. The melting of ice or snow.

The, *art.* (ધી) એ, તે. The definite article denoting a person or thing.

Theatre, *n.* (થીઅટર) નાટકશાળા, રંગભૂમિ. A play-house ; a house for shows (G. *theaomai* I see).

Theatrical, *a.* (થીઍટ્રિકલ્) નાટક સંબંધી, નાટકીય. Pertaining to the stage and its exhibitions.

Theft, *n.* ચોરી. (See under Thieve).

Their, *pron.* તેઓનું (See under They).

Theism, *n.* (થીઇઝમ્) ઇશ્વર છે એવું મતવાદ ; આસ્તિક્ય. The belief of the existence of a God (G. *theos* a god).

Theist, *n* (થીઇસ્ટ્) આસ્તિક. One who believes in the being of a God (L. *deus*, G. *theos* a god).

Theme, *n.* (થીમ) વિષય, પ્રકરણ. Subject ; topic. (L. & G. *thema* from G. *tithemi* to place).

Them, Themselves, *pron.* તેમને; તેમની મેળે. (See under They).

Then, *ad.* (ધેન્) તે વખતે, ત્યારે ; પછી ; તેથી ; એમ છે તો ; ત્યારનું ; તત્કાલિક. At that time ; afterwards ; in that case ; therefore ; the then existing.

Thence, *ad.* (ધેન્સ) તે જગાએથી, ત્યાંથી; તે વખતથી ; ત્યારથી ; તે કારણથી, તેથી. From that place ; from that time ; for that reason.—forth. forward, *ad.* ત્યારથી, તે વખતથી. From that time.

Theocracy, *n.* (થિઑક્રસિ) ઇશ્વર સત્તાક રાજ્ય. Rule or government of God. (Gr. *theos* a god, *kratos* power).

Theogony, *n.* (થિઑગનિ) દેવોત્પત્તિ, દેવસર્ગ. The generation of the gods. (G. *theos*, *gone* generatino).

Theology, *n.* (થિઑલજિ) દેવજ્ઞાન, ઇશ્વર વિદ્યા. The science of divinity. (G. *theos*, *logos* speech).

Theologian, *n.* (થિઑલોજિઅન્) ઇશ્વર શાસ્ત્ર વેત્તા. One versed in divinity.

Theorem, *n.* (થીઅરેમ્) સાધ્ય પ્રતિજ્ઞા, પ્રમેય; સિદ્ધાંત (ભૂમિતીમાં) A speculation; a proposition to be proved by reasoning. (G. *theoreo* I view).

Theory, *n.* (થીઅરિ) મનઃકલ્પના, બીજ વિવરણ; અનુમાન; ઉત્પત્તિ; શાસ્ત્રાર્થ. Speculation; science; scheme founded on inferences from established principles (G. *theoros* spectator.

Theoretical, *a.* (થીઅરેટિકલ્) કલ્પનાનું, કાલ્પનિક; વહેવારમાં ન આવેલું. Speculative; pertaining to theory; not practical. (L. *theoros*).

Theorist, *n.* (થીઅરિસ્ટ્) મનઃકલ્ક. One who forms a theory.

Theorise, *v.t.* (થીઅરાઇઝ) કેવળ તર્ક-મનલ્પના કરવી-ઉઠાવવી. To speculate; to form a theory.

Theosophy, *n.* (થીઑસોફિ) ઇશ્વરને ઓળખવો તે.(G. *theos*, *sophia* wisdom.

Therapeutic, *a.* (થીરપ્યુટિક્) રોગ-વ્યાધિ નિવારક-શમક. That pertains to the healing art. *n. pl.* વ્યાધિની પરીક્ષા કરવાની અને તે ઉપર ઓસડ આપવાની વિદ્યા. That part of physic which teaches the cure of diseases (G. *therapeno* I cure).

There, *ad.* (ધેઅર્) ત્હાં, ત્યાં; પણે. In that place. (એ શબ્દ વાક્યને આરંભે આવે છે ત્યારે ઘણીવાર તે માત્ર વિશેષકનું કામ કરે છે અને તેનો કાંઇ અર્થ થતો નથી).—about, abouts, *ad.* એટલામાં, એટલા તેટલામાં; લગભગ. Near that place.—after, *ad.* ત્યારપછી, તે-એ પ્રમાણે. after that; according to that.—at, *ad.* તે-એ જગાએ-ઠેકાણે; એને લીધે; તે-એ ઉપર. at that place; on that account.—by, *ad.* તેથી, એથી; તે-એ વડે, by that; for that cause,—fore, *ad.* તેટલા-એટલા-આટલા માટે; તેથી; એથી; આથી, for that or this reason; consequently.—in, *ad.* તે-એ-આમાં; તેજ કાળમાં. In that or this place, time or thing,—of, *ad.* તે-એ-આનું; તે તરફનું ત્યાંહાંનું, of that or this,—on, *ad.* તે ઉપર, તેનાજ ઉપર, on that or this.—to-unto, *ad.* તે-એ-આને; તેજમાં, to that or this.—upon, *ad.* તે-એ-ઉપરથી; તેથી, in consequence of that.—with, *ad.* તેથી; એથી; તે-એ વડે, with that or this.

Thermal, *a.* (થર્મલ્) ઉહનું, ગરમ; ઉષ્ણ. Warm; hot (G. *thermos* warm).

Thermometer, *n.* (થર્મોમિટર્) ગરમી માપવાનું યંત્ર, શીતોષ્ણ માપક યંત્ર. An instrument for measuring heat (G. *thermos* heat, *metron*).

These, *pron.* (*pl.* of This).

Thesis, *n.* (થીસિસ્) પક્ષ, પૂર્વ પક્ષ; પ્રતિજ્ઞા; નિબંધ વિષય. A proposition advanced or maintained; a subject for a university exercise (L. & G. *tithemi* to set).

They, *pron.* (ધે) એઓ, તેઓ. The *pl.* of He, She or It).

Their, *pron.* (ધેઅર્). એઓ-તેઓનું; તેમનું. Belonging to them.

Them, *pron.* (ધેમ્) તેઓને, એમને; તેમને. Objective case of They.—selves, *pron.* પોતે-પોતાની મેળે.

Thick, *a.* (થિક્) જાડું, ધાડું; નિર્મળું નહીં એવું, રગડા જેવું; ઉપરા ઉપરી વરસાદની પેઠે સરણ વ્હેતી હોય તે પ્રમાણે આવતું.

Dense, compact; turbid, muddy; not clear; following in quick succession, *n.* ધાડાધાડી; ભીડાભીડ. *ad.* ખીચોખીચ; પાસેપાસે; ઉંડું થાય એમ, closely; to a great depth.—en, *v.t.*, *v.i.* જાડું કરવું, ડોવવું; ડોળવું; જાડું કરવું, to make dense or close; to become dark or obscure.—ening, *n.* કોઇ પ્રવાહી પદાર્થને જાડો કરવા તેમાં નાંખેલી વસ્તુ.—headed-skulled, *a.* જાડી-સ્થૂલ બુદ્ધિનું; જડ, dull, heavy; stupid.—ly, *ad.* (See Thick).—set, *a.* જેમાં પાસેપાસે વાવેલું હોય એવું. Closely planted.

Thicket, *n.* (થીકેટ) ઝાડી, a wood with trees or bushes closely set.

Thieve, *v.i* (થિવ) ચોરી કરવી, ચોરવું. To practice stealing.

Theft, *n.* (થેફ્ટ્) ચોરી, ચોરીનો માલ. Act of stealing; the thing stolen.

Thief, *n.* (થીફ્) ચોર, તસ્કર. A person guilty of theft; one who unlawfully takes the goods of another. [practice of stealing.

Thievery, *n.* (થીવરી) ચોરીનો ધંધો. The

Thievish, *a.* (થીવિશ્) ચોટ્ટું, હાથે ચમકી વાળું. Given to stealing.

Thigh, *n.* (થાઇ) જાંગ, થાપો; રાન. Part of the leg above the knee.

Thimble, *n.* (થિમ્બલ્) અંગુઠી (દરજીની) A metal cap for the thumb in sewing.—rigger, *n.* હાથચાલાકી કરી પ્યાલાની તળેથી લખોટી ઉડાવનર; વાદીગર. A low trickster—rigging, *n.* વાદીગરની કળા. The tricks of a thimble-rigger.

Thin, *a.* (થિન્) પાતળું, બારીક, ઝીણું; આછું. Not dense; not close; rare; lean; meagre, *ad.* આછું, આછું રહે તેમ. Not thickly or closely, in a closely state, *v.t.* પાતળું કરવું, ઝીણું કરવું, to make rare or less thick; to attenuate.—ly, *ad.* (See thin).—skinned, *a.* પાતળી ચામડીવાળું. Having a thin skin. [nitive of Thee.

Thine, *pron.* (થાઇન્) હારૂં, તારૂં. Ge-

Thing, *n.* (થિંગ્) નિર્જીવ વસ્તુ, ચીજ, જણસ; વાત, બાબત, બીના; જે કાંઈ ગણત્રીમાં નહી એવું કાંઇ, *pl.* લુગડાં લત્તાં; ગાસડાં પોટલાં; સામન. An inanimate object; an event or action; a diminutive or slighted object; *pl.* clothes, accoutrements; luggage.

Think, *v.i.* (થિંક્) વિચાર આવવો, યાદ આવવું; વિચારવું; વિચાર કરવો; લાગવું, ધારવું; સમજવું. To recollect, or call to mind; to consider; to deliberate; to purpose; to intend; to believe; to presume; *v.t.* તાકવું, ચીંતવવું; કલ્પના કરવી, ગણવું; માનવું; લેખવું; to conceive or imagine; to believe or consider.—er, *n.* વિચાર શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરનાર. One who thinks.—ing, *a.* વિચાર શક્તિવાળું. Having the faculty of thought.

Third, *a.* (થર્ડ) તીજુ, ત્રીજું. The next to second; the ordinal of three. *n.* તીજો-ત્રીજો ભાગ; તૃતીયાંશ; the third part of anything.—ly, *ad.* તીજું-ત્રીજું એકે. In the third place (L. *tertius*).

Thirst, *n.* (થર્સ્ટ) તરસ, પ્યાસ; તૃષ્ણા; વખવખાટ. Pain from want of drink; a want and eager desire for anything. *v.i.* તરસ લાગવી, તરસુ થવું; વખવખવું. To feel a want of drink; to have a vehement desire for anything.—y, *a.* તરસ્યું, પ્યાસુ;

વખવખ કરવું, suffering the want of drink.

Thirteen, *a.* (થર્ટીન્) તેર, ૧૩. Ten and three.—th, *n.* તેરમું; તેરમો ભાગ. The ordinal of thirteen.

Thirty, *a.* (થર્ટી) તીસ, તીસ; ૩૦. Thrice ten, or twenty and ten.

Thirtieth, *a.* (થર્ટિઍથ્) તીસમું, ત્રીસમું. The ordinal of thirty.

This, *pron.* These, *pl.* (ધિસ્) આ, એ; ‚ પાછલું, ગએલું. That is present or near in place or time; denoting the last part, as a period of time.

Thistle, *n.* (થિસ્લ્) અખીરો–જળવાસો–આદિ જેવાં અનેક કાંટાવાળા છોડવામાંનું એક; કાંટાનું ઝાડ. A prickly plant.

Thither, *ad.* (ધિધર્) ત્યાંહાં, પેલી તરફ. To that place.-ward, wards, *ad.* તેણી તરફ. Toward that place.

Thong, *n.* (થૉંગ્) ચામડાની વાધરી, ચામનો બંધ. A strap of leather.

Thorax, *n.* (થોરક્સ) છાતી, ઉર: સ્થલ The chest; the interior part of the breast (G. *thorax* a breast plate, from *tereo* I watch over).

Thoracic, *a.* (થોરૅસિક્) છાતીનું-માનું. Pertaining to the thorax or breast.

Thorn, *n.* (થોર્ન) કાંટો, કંટક; સૂળ; કાંટાનું ઝાડ; સાલ; સૂળી, પીડા. A spine; a tree or shrub armed with spines; anything troublesome.—y, *a.* કાંટાવાળું, કાંટા-સાલ જેવું; પીડા કરે-હેરાન કરે એવું. Full of thorns; prickly; troublesome; vexatious.

Thorough, *a.* (થરો) આરપાર પહોંચી જાય એવું; પૂરું પાકું. Passing through or to the end; complete; perfect.—bred, *a.* જાતવાન, ખુનિયાદી. completely bred or accomplished.—fare, *n.* સરિયામ-ધોરી રસ્તો. unobstructed way.—going, *n.* બધુંજ કરે એવું. going all lengths.—ly, *ad.* સારી પડે, પુરતી રીતે; પૂરેપૂરૂં. Fully; entirely; completely.—paced, *a.* આખું, પાકું; પુર આગ્રહી. Perfect in what is under taken; complete; going all lengths.

Thou, *pron.* (ધાઉ) તું. The second personal pronoun in the singular number, *v.i.* તુંતાં કરીને બોલવું. To use "thou" and "thee" in discourse.

Though, *conj* (ધો) અગરજો-તોપણ; યદ્યપિ ;.એમ-તે છતાં; તથાપિ. Admitting; notwithstanding; however.

Thought, *n.* (થૉટ્) વિચાર કરવો તે, વિચાર શક્તિ; વિચાર; પક્વ-પાકો-પૂખ્ત વિચાર; મનની વાત; અભિપ્રાય; ઇરાદો; મતલબ. The act of thinking; serious consideration; opinion; judgment; purpose; design; a man of thought not action, વિચાર નિપુણ માણસ–વ્યવહાર નિપુણ નહી.—ful, *a.* ઉંડા વિચારમાં પડી ગએલું, વિચારવંત; વિચાર રાખનારૂં, full of thought; contemplative; attentive; circumspect.—less, *a.* અવિચારી, બેવકુફીથી ચાલનારૂં. Heedless; negligent; stupid.

Thousand, *a.* (થાઉઝંડ) હજાર, સહસ્ત્ર. Denoting the number of ten hundred. Ten t. દસ હજાર. A. t. cares હજાર તરેહની ફિકર. T. હજારનો આંકડો. The number of ten hundred.—fold, *a.* હજાર ઘણું-ગણું. Multiplied by a thousand.—th, *a.* હજારમું, સહસ્રાંશ, the ordinal of thousand.

Thraldom, *n.* (થ્રાલ્ડમ્) ગુલામગિરી, દાસત્વ. The slavery; bondage.

Thrash, *v.t.* (થ્રેશ્) ઝાટકવું, ઝુડવું; ઝૂડ઼ેરવું; ટપેરવું. To beat grain from the ear; to drub.

Thread, *n.* (થ્રેડ્) દોરો, સુતર; તાર; રેષો; તતું; સંદર્ભ; સૂત્ર; આંટો; પેચ. A small twist of cotton, silk or other fibrous substance; a filament; the prominent spiral part of a screw. *v.t.* દોરો પરોવો. to put a thread in.—bare, *a.* તારે તાર દેખાય એટલું ઘસઇ ગએલું; સાધારણ થઇ ગએલું Worn out; common.

Threat, *n.* (થ્રેટ્) ધમકી, ભભકી; ધાક; ભય. A menace; denunication of ill.

Threaten *v. t.* (થ્રેટન) ભય-ધાક દેખાડવી; બિહીવડાવવું; કોઇ માઠો બનાવ બનવાનું ડોળ દેખડાવવું. To menace; to present the appearance of coming evil. —ing, *a.* ધમકી બતાવતું હોય એવું; ધમકાવતું. Indicating a threat or menace. *n.* ધમકી, ધાક, ભય. A menace.

Three, *a.* (થ્રી) તણ, ત્રણ. Two and one. —fold, *a.* તણ-તણ ઘણું; ત્રિગુણુ.

Thresh, *v.t.* (See Thrash).

Threshold, *n.* (થ્રેશોલ્ડ) ઉંબરો, ઉમરો; શરૂઆત; આરંભ. The door-sill; entrance; outset.

Thrice, *ad.* (થ્રાઇસ) ત્રણવાર-વખત; Three times. (દસ વાર; હજારવાર; મ્હોટું. by way of amplification) as, t. noble lord ઘણુંજ અમીર દિલનો ખુદાવંત.

Thrill, *v.t.* (થ્રિલ્) ભોકવું, વિંધવું; અંદર દાખલ-પ્રવેસ કરવું. To pierce; to penetrate. *v.i.* ઝઝણી-ઝંઝણી ભરાવી. to feel a sharp sensation through the body. *n.* કંપાસ, ઝઝણી. A trill; a thrilling sensation.

Thrive, *v.i.* (થ્રાઇવ) પૈસા કમાવા, જોરબળથી વધ્યાં જવું. To increase in property; to prosper by industry.

Thrift, *n.* (થ્રિફ્ટ્) પૈસા ઉડાવવા નહી તે, ચઢતી કળા. Frugality; economy; prosperity.—less, *a.* ખરચ કરવાની આવડત વનાનું; ખરચાળ. Having no frugality; profuse; extravagant. —y, *a.* પૈસા જાળવી રાખનારૂં, ચઢતી કળામાં આવતું. Frugal; economical; thriving by industry.

Throat, *n.* (થ્રોટ્) ગળું, હલક, કંઠ. The anterior part of the neck of an animal. To lie in one's t. હાડે હાડ જુઠું બોલવું. To give one the lie in his t. હાડેહાડ જુઠું બોલવાનો કોઇના ઉપર આરોપ મુકવો.

Throb, *v.i.* (થ્રૉબ) ધડકવું, ઉડવું; ઠણકવું. To beat forcibly. *n.* ધબક ધબક થવું તે. A strong pulsation.

Throe, *n.* (થ્રો) પ્રુસવ-પ્રસુતિ વેદના. Violent pang; anguish; agony, particularly applied to the anguish of travail in child-birth.

Throne, *n.* (થ્રોન્) ગાદી, સિંહાસન; તખ્ત. A royal seat. (L. *thronus*, G. *thronos* a seat).

Throng, *n.* (થ્રૉંગ્) ટોળું, ઠઠ; ભિડ. A crowd of people. *v.i.* ટોળે ટોળાં આવવું. To crowd together.

Throttle, *n.* (થ્રૉટ્લ) શ્વાસ નીકળવાની ગળામાં જે નળી હોય છે તે. The wind pipe. *v.i.* ગુંગળાવું, દમ બંધ થવો. To choke; to breathe hard. *v.t.* શ્વાસ અટકાવવો-રોકવો. To choke; to suffocate.

Through, *prep.* (થ્રુ) આરપાર, -માંથી; -માં થઇને; મારફતે; -ને લીધે. From one surface to the opposite; in the midst of; by the agency of; *ad.* એક છેડાથી બીજા છેડા સુધી; બધુંજ. From beginning to end.

Throw, *v.t.* (થ્રો) ફેંકવું, ઉચકવું; ઉતારવું; ઉતારી નાંખવું, પાડવું; પાડી નાંખવું. To fling or cast; to put off; to prostrate in wrestling. to t. away, મુખીધ અથવા બેદરકારીથી ખોઇ બેસવું; ઉરાડવું. to t. by, નાંખી મૂકવું. to t. off, કાહાડી મુકવું; દુર કરવું. to t. up, ઉછાળવું, મુકી-છોડી દેવું; ઉલટીમાં કાઢી નાંખવું. *v.i.* પાસા નાંખવા. to cast of dice. *n.* દાવ, પાસા નાંખવા તે; અંતર, છેટું. A cast of dice; a cast; the distance which a missile is thrown.

Thrum, *n.* (થ્રમ્) લુગડાના છેડા ઉપરના નહી વણેલા છૂટા છેડા. The end of a weaver's thread *pl.* રેષા. fragments of threads.

Thrush, *n*, (થ્રશ્) એક જાતનું ગાતું પક્ષી. A singing bird.

Thrust, *v.t.* (થ્રસ્ટ્) ઢકેલવું, ઠેલવું; દાબીને ખોસવું-ઘાલવું; ભોકવું. To drive; to force; to impel; to pierce; *v.i.* ઠોંસો-હડસેલો મારવો; ઘુસવું. to enter by pushing; to press on. *n.* હડસેલો; પગનો ઠોંસો; ગોદો; A violent push. (L. *trudo* I push).

Thug, *n.* (થગ) હિંદુસ્થાની ઠગ.

Thumb, *n.* (થમ્) હાથનો અંગુઠો. The short thick finger of the human hand. *v.t.* અણઘડપણાથી હાથમાં લેવું, આંગળાના ડાઘ પાડવા.—kin, screw *n.* અંગુઠો ચગદવાનું યંત્ર.

Thump, *n* .(થમ્પ) ધબકારો, ઠબકારો. A heavy blow. *v.t.* ધબ્બ ધબ્બ઼ઠોકવું.

Thunder, *n.* (થન્ડર્) મેઘ ગર્જના, વરસાદનો કડાકો; કડાકો; ધડાકો; હડબડી જાય એવો ધોકો-ભભકો. The sound which follows lightning; an alarming threat, *v.i.* ગર્જના થઇ રહેવી; ગાજી રહેવું, to make a heavy sound, *v.t.* ધમકી દઇને કહેવાડવું.—bolt, *n.* વીજળીનો લાંબો લીસોટો. A shaft of lightning.—storm, *n.* ગાજવીજ સાથેનું વાઝોડું. A storm of wind or rain accompanied with lightning or thunder.—struck, *a.* છક્ક-દંગ વિસ્મિત થએલું.

Thursday, *n.* (થર્સ્ડે) બ્રેસ્પત-ગુરૂવાર.

Thus, *ad.* (ધસ્) આ પ્રકારે, આમ; એમ. In this or that manner.

Thwart, *a.* (થ્વૉર્ટ) આડું. Cross; transverse, *v.t.* નડવું; હરકત કરવી; આડે આવવું; વાંધો નાંખવો. To frustrate; to oppose.

Thy, Thine, *pron.* (ધાઇ) ત્હારૂં, તારૂં.

Tiara, *n.* (ટાઇઆરા) મુગટ, તાજ. A diadem (L. & G. *tiara* a turbun).

Tibia, *n.* (ટિબિઆ) પગનો નળો. The shin-bone.

Tick, *n.* (ટિક્) ઉધાર લેવું-આપવું તે; આંટ; શાખ; ચિમોડી; ગોચડી; ગીંગોડો; ખોળિયું; ટકટક; ટકટક થતો અવાજ. Credit; trust: an insect called also mite that infest dogs, cows, &c.; the case of a bed; a small noise; *v.i.* ટિકટિક થવું. To beat; to pat.

Ticket, *n.* (ટિકેટ) ચિઠ્ઠી, ટિકેટ. A card of admission to a place; *v.t.* -ઉપર ચિઠ્ઠી મારવી-લગાડવી. To distinguish by a ticket.

Tickle, *v.t.* (ટિકલ) ગલીપચી કરવી, ખુશ કરી નાંખવું. To excite a thrilling sensation by the touch; to please by slight gratification.

Ticklish, *a.* (ટિક્લિશ્) ગલી થાય એવું, ડગમગતું; ડામકડોળ જેવું. Easily tickled; tottering.

Tide, *n.* (ટાઇડ્) ભરતી, ઓટ; જુવાળ; ઉલટેલો પ્રવાહ, વા, ગતિ. The periodic alternate rising and falling of the waters of the ocean; stream; current; neap t. ન્હાનો જુવાળ; spring t. પૂનેમ, અમાસનો મ્હોટો જુ-

વાળ; to work double tides, ત્રણ દહાડાનું કામ બે દહાડામાં કરવું. *v.i.* ભરતી કે ઓટ સવા હોય ત્યારે વહાણુ ચલાવવું અને તે સવા ન હોય ત્યારે લંગર કરવું. *v.t.* વ્હેણમાં તાણી લઇ જવું, to drive with the stream.

Tidal, *a.* (ટાઇડલ્) ભરતીનું, ઓટ સંબંધી. Pertaining to tides.

Tidings, *n.* (ટાઇડિંગ્ઝ્) સમાચાર, ખબર અંતર. News , intelligence.

Tidy, *a.* (ટાઇડિ) ઠીકઠાક-સાફસુફ રહેનારૂં. Dressed with neat simplicity, *v.t.* ઠીકઠાક-સાફસુફ રાખવું.

Tie, *v.t.* (ટાય) બાંધવું, ગાંઠ વાળવી. To bind; to fasten; *n.* ગાંઠ; કસ, a knot; a bond; t. of friendship, દોસ્તીની ગાંઠ.

Tier, *n.* (ટીર) એક ઉપર એક એવી હાર. [A row; a rank.

Tiff, *n.* (ટિફ્) ચકમક ઝરવી તે, બોલાચાલી; ટંટો.

Tiffin, *n.* (ટિફિન્) નાસ્તા અને જમવાની વચ્ચેનું ભોજન. A repast between breakfast and dinner. [animal.

Tiger, *n.* (ટાઇગર્) વાઘ. A rapacious

Tigress, *n.* (ટાઇગ્રેસ્) વાઘણ. A female tiger.

Tight, *a.* (ટાઇટ્) સજ્જડ બેસતું, સુસ્ત; પાણી આવી અથવા જઇ ન શકે એવું; બેસતું; તંગ. Not loose or open; close.—en, *v.t.* સુસ્ત-બેસ્તું કરવું; ઘણી હવા ન આવી શકે એવું કરવું; ચપટ બેસાડવું. To draw tight.

Tile, (ટાઇલ) નળિયું. A piece of baked clay; *v.t.* નળિયાં ચઢાવવાં, છાપરૂં ચાળવું. To cover with tiles —r, *n.* છાપરાં ચાળનારો. (L. *tegula* a tile).

Tiling, *n.* (ટાઇલિંગ્) નળિયેરી ઘર, નળિયાં. A roof covered with tiles.

Till, *prep.* (ટિલ્) સુધી, લગી. Until. T. now, હમણાં-આજ સુધી. T. then, ત્હાર-તે વખત સુધી.

Till, *v.t.* (ટિલ્) ખેડવું, ખેતી કરવી. To cultivate; to plough.—age, *n.* ખેડ, જમીન ખેડવાનું કામ. cultivation of land; culture.—er, *n.* ખેડ કરનાર; ખેડનાર; ખેડુત. One who cultivates.

Till, *n.* (ટિલ્) દુકાનદારને પૈસા નાંખવાનો ગલ્લો, ગોલક. A money box.

Tiller, *n.* (ટિલર્) સુકાનનો ડાંડા જેવો જે ભાગ ઝાલીને સુકાન ફેરવવામાં આવે છે તે; ન્હાનો ગલ્લો.

Tilt, *v.i.* (ટિલ્ટ્) ઘોડા ઉપર બેસીને ભાલાબાજી રમવી. To ride and thrust with a lance, *v.t* નમાવવું, નમેલું રાખવું; ભોકવું; ઘોચવું; *n.* ભાલાબાજી.

Timber, *n.* (ટિમ્બર્) વ્હાણ તથા ઘર વિગેરે બાંધવાનાં કામમાં આવતું લક્કડ; ઇમારતી લક્કડ. That sort of wood which is proper for building ships, houses, &c.

Timbrel, *n.* (ટિમ્બ્રેલ્) ઢોલક, ઢોલકી; પખવાજ. A kind of drum.

Time, *n.* (ટાઇમ્) વખત, કાળ. A part of duration; a season duration; apparent t. સૂર્યની દ્રશ્યમાન ગતિને સુમારે બાંધેલો કાળ; astronomicl t. એક દહાડાના બપોરના બાર કલાકથી તે બીજા દહાડાના બપોરના બાર કલાક સુધી ચોવીસની સંખ્યા પર્યંત સંતત ગણુવાની રીતે ગણેલો મધ્યમ કાળ; to kill time, વખત આનંદમાં જતો લાગે એમ વખત કાઢવો, to loose time, વખત ખોવો-અમથો વખત કાઢવો; ઘડીઆલનું ધીમા પડવું, in t. એન વખતે, વેળાએ.(Age or period, જમાનો, repetition, વાર, ખેપ; as five times five) (Music). તાલ, *v.t.* જેવો વમત કે પ્રસંગ તે પ્રમાણે કરવું; - વખત કે કાળ રાખવો, to adapt to the time or occasion; to regulate as to time.—honoured, *a.* લાંબી મુદતથી પૂજ્ય ગણાતું આ-

વેલું, honoured for a long time.—keeper-piece, *n.* ઘડિઆળ, કાળ યંત્ર, a clock, watch or other chronometer.—ly, *a.* એન વખતનું, વખતસર થએલું, opportune, seasonable.—*ad.* વેળા-વખતસર, યથાકાળ, in good season.—server, *n.* દેશ તેવો વેશ લેનાર, વખત જોઇને મ્હોટાની મરજી, પ્રમાણે ચાલનાર, one who adapts his opinions and manners to the times.—table, *n.* નીમેલા વખતનું પત્રક. (L. *tempus* root, *tem* to cut).

Timid, *a.* (ટિમિડ્) બ્હીકણુ, હિચકારૂં. Wanting courage to meet danger; not bold (L. *timeo* I fear).

Timidity *n.* બ્હીકણપણુ, હિચકારાપણું; ભીરૂતા. Habitual cowardice.

Timorous, *a.* (ટિમરસ્) છેક બ્હીકણુ, નાહિમ્મત. Fearful of danger, destitute of courage.

Tin, *n.* (ટિન્) કલાઇ, લોઢાંના બારીક પતરાં. A white soft metal; thin plates of iron covered with tin; *v.t* કહલાઇ કરવી-ચઢાવવી, to overlay with tin, *v.t.*—foil, *n.* કહલાઇનું વરખ. Tin reduced to a thin leaf. (L. *folium* a leaf).

Tincal, (ટિંકલ્) ટંકણખાર, ટંકણ.

Tincture, *n.* (See under Tinge).

Tinder, *n.* (ટિનડર્) દીવાસલીના જેવી જલદીથી સળગી ઉઠનાર કોઇ વસ્તુ જે દેવતા સળગાવવાના કામમાં આવે છે. Something inflammable used for kindling fire.

Tinge, *v.t.* (ટિંજ) છાંટ દેવી, પાસ દેવો; છાંટ-દેખાય-સુરખી મારે એમ કરવું. To imbue or impregnate with something foreign; to dye; to colour; *n.* આભાસ, જરા સુરખી; છાંટ; રંગ; ઉંડો સ્વાદ; અસર, colour; dye; taste; tincture. (L. *tingo* I dye).

Tincture, *n.* (ટિંકટચર્) છાંટ, રંગ; પાસ. ટિંક્ચર; ઉંડી અસર; ગંધ. A tinge or shade of colour; extract of a substance; flavour, *v.t.* આભાસ-સુરખી મારવી; પાસ-રંગ બેસવો, to tinge; to communicate a slight colour to.

Tingle, *v.i.* (ટિંગલ્) ઝણઝણ, ગુણગુણ બોલતું હોય એમ લાગવું; ઝણઝણી ભરાવી, to feel a kind of thrilling sound; to feel a sharp thrilling pain. (L. *tinnio* I ring).

Tinker, *n.* (ટિંકર્) કંસારો, જૂનાં તાંબા વિગેરેના વાસણો સાંધી સારાં કરનાર. One who mends vessels of metal.

Tinkle, *v.i.* (ટિંકલ્) ખણણણ થવું, ઝણઝણ કરવું. To make small sharp sounds; to clink; to tingle; *v.t.* ખણણણ-ઝણઝણ થાય એમ કરવું. To cause to clink or make sharp sounds; *n.* ખણખણાટ; રણકારો; a quick sharp noise; a clink.

Tinsel, *n.* (ટિન્સલ્) ઘણી કિમતી નહી પણ ચળકાટવાળી વસ્તુ; રીત, કિનારી વિગેરે ખોટો કસબ. Something more shinning than valuable; a kind of shinning cloth, *a.* બહારથી મોટી ભભક આપનારૂં, showy to excess; specious; *v.t.* ખોટાં પણ બહારથી ચળકતાં લુગડાં વિગેરે સણગારથી સણગારવું, to adorn with something glittering and showy (L. *scentilla* a spark.

Tint, *n.* (ટિંટ્) ઝાંખો રંગ. A slight colouring (L. *tingo* I dye).

Tiny, *a.* (ટાઇનિ) ચિનકુડું, છેક ન્હાનું; ટિનકુડિયું. Very small; puny (L. *tenuis* thin).

Tip, *n.* (ટિપ્) અણી, ટોચ; છેડો. (t. of fingers ટેરવું; t. of the ear કાનનું ચાપડું,) top, end; point; *v.t.* અણી

કરવી; નોક કાહાડવી; ટકોરો-થબડાક મારવી, to form a point; to strike slightly; to tap.

Tippet, *n.* (ટિપેટ) યુરોપિયન લોકોની સ્ત્રીઓ પોતાની ચોળી ઉપર જે ન્હાનું વસ્ત્ર રાખે છે તે. A covering for the neck worn by females.

Tipple, *v.i.* and *v.t.* (ટિપ્લ્) દારૂ-નિશાબાજી કરવી; દારૂ-મદ્ય પીવાનું વ્યસન હોવું. To drink habitually.

Tippler, *n.* (ટિપ્લર્) દારૂડિયો. One who drinks strong liquors habitually.

Tipsy, *a.* (ટિપ્સિ) પીધેલ, મસ્ત; છાકટું. Fuddled; intoxicated.

Tiptoe, *n.* (ટિપટો) પગના અંગુઠા કે આંગળીનું ટેરવું. The end of the toe.

Tiptop, *n.* (ટિપટૉપ) ઘણુંજ હોવું તે. The highest or utmost degree.

Tirade, *n.* (ટિરેડ) ટોક *pl.* નિંદાત્મક ભાષણ A strain or flight; a declamatory flight of censure. (L. *traho* I draw).

Tire, *n.* (See, Tiara).

Tire, *n.* (ટાયર્) પૈડાની વાટ. A band of iron for a wheel.

Tire, *v.t.* (ટાયર્) થકવવું, શ્રમ પહોંચાડવો; કંટાળો આપવો. To weray; to exhaust; to fatigue. *v.i.* થાકવું; કંટાળવું; બેજાર થઇજવું. To be fatigued; to be weary;—some, *a.* થાકી જવાય એવું; કંટાળો ભરેલું. Wearisome; tedious.

Tissue, *n.* (ટિશ્યૂ) જરી-કસબ કપડું; બુટ્ટેદાર-તરેહવાર લુગડું; Cloth interwoven with gold and silver. (L. *texo* I weave.

Tit, *n.* (ટિટ્) કોઇ ન્હાની ચીજ, ટટ્ટુ; ન્હાનું સરખું બૈરૂં. Anything small; a small horse; a woman in contempt. (T. for tat, બદલો, જેવા સાથે તેવું થવું તે.)

Tithe, *n.* (ટાઇથ્) દસમો ભાગ, દશાંશ. The tenth part of any thing.

Titilate, *v.i.* (See Tickle).

Title, *n.* (ટાઇટ્લ્) ઇલકાબ, ખિતાબ; અટક; હક; સત્તા. Appellation of dignity, distinction &c; an appellation; right, claim of right.–ed, *a.* ખિતાબ-ઇલ્કાબવાળુ. Having a title. —deeds, *n.* કબાલા, હકનામાં.—page, *n.* ઉદ્દેશ પૃષ્ટ. (L. *titulus* an inscription.

Titular, *a.* (ટિટ્યુલર્) નામનું, Nominal.

Titter, *v.i.* (ટિટર્) હીહી-ખીખી-મનમાં ને મનમાં હસવું. To laugh with restraint.

Tittle, *n.* (ટિટ્લ્) લેશ, બિંદુ; રજ; અણુ. A minute part; a jot.

Tittle-Tattle, (ટિટ્લ-ટૅટ્લ્) બકબકાટ, ખોટો લવારો. Idle trifling talk.

To, *prep.* (ટૂ) પાસે, કને; સોડે; Towards. (as I will come to you હું તમારી પાસે આવીશ.) સુધી, લગી; પર્યંત; (as they fought to the last તેઓ આખર સુધી લડ્યા.) ને, ને માટે, નું; as, good to eat, ખાવામાં સારૂં. (To and fro આમ તેમ, અહીં તહીં. To one's face મ્હોડાં ઉપર, સમક્ષ; ને; માટે, તરફ જેવું; પ્રત્યે; as, sweet to the taste સ્વાદે ગળ્યું).

Toad, *n.* (ટોડ્) દેડકો, મેંડક. A kind of frog.—eater, *n.* નીચ, ખુશામતિયો; ટુકડાખોર. A mean sycophant.—stool, *n.* કુતરાની ટોપી (વનસ્પતિ.)—y, *a.* છેક રંકપણાથી ખુશામત કરવી.

Toast, *n,v* (ટોસ્ટ્) સેકેલી રોટલી; નામ લેઇ દારૂનો પ્યાલો પીવો તે. Bread dried and scorched; a sentiment honoured by the drinking *v.* To dry and scorch by heat.

Tobacco, *n.* (ટોબૅકો) તંબાકું, તમાખુનો છોડ. A plant the dried leaves

of which are used for smoking. &c.—nist, *n.* તંબાકુંવાળો. A dealer in tobacco.

Tocsin, *n.* (ટાક્સિન્) હથિયારબંધ થવાની સૂચના આપવા રાખેલો ઘંટ. A bell for giving alarm. (L. *signum* a mark). [દહાડો. The present day.

Today, *a. n.* (ટુડે) આજ, આજે; આજનો

Toddle, *v.i.* (ટૉડલ્) ટુંકા ટુંકાપગલાંભરીને ચાલવું. [juice from palm tree.

Toddy, *n.* (ટૉડિ) તાડી, તાલ રસ. The

Toe, *n.* (ટો) પગનું આંગળું-આંગળી; અંગુઠો. One of the extremities of the foot.

Together, *ad.* (ટૂગેધ્ર્) એકઠાં, ભેગાં; મળીને; સાથે; એકંદર; એક ઠેકાણે. In company; not apart; in union; in the same place. T. with, સાથે, સહિત; જોડે.

Toil, *n.* (ટાઇલ્) સખત મેહેનત; શ્રમ; કષ્ટ; જાળ; ફાંદો. Labour with pain and fatigue; hard labour; any net or snare. *v.i.* શ્રમ-મજુરી કરવી. To drudge.

Toilet, *n.* (ટૉઇલેટ્) સણગાર સજવાની રીત. Mode of dressing.(L.*teta* a web).

Toilsome, *a.* (ટૉઇલ્સમ્) મહા સખત મહેનતનું. Laborious; wearisome.

Token, *n.* (ટોકન્) નિશાની, ચિન્હ; યાદગારી. A sign; mark; something by which the friendship of another is kept in mind.

Tola, *n.* (ટોલા) તોલો.

Tolerable, *a.* (ટૉલરબ્લ્) ખમાય-સ્હેવાય-એવું; મધ્યમ. That may be born or endured; moderately good or agreeable.

Tolerance, *n.* (ટૉલરન્સ્) ખણુ ખોચ નહીં કરનારો સ્વભાવ-ટેવ. The act of enduring.

Tolerant *a.* (ટૉલરન્ટ્) ખણુખોચ નહીં કરવાના સ્વભાવવાળું;એકનવાર.Indulgent favouring toleration.

Tolerate, *v.t.* (ટૉલરેટ્) મનાઇ-અટકાવ નહીં કરવો; સહન-ખમ્યા કરવું. To bear with; not to restrain. (L. *tolero* I lift up).

Toleration, *n.*(ટૉલરેશન્) છૂટ લેવા દેવી તે; અપ્રતિબંધ. The act of tolerating.

Toll, *n.* (ટોલ્) પૂલ ઉતરવા સરકારી રસ્તે થઇને જવા આદિ સારૂ બેસાડેલો કર. A tax for passing. *v.t.* શોક નાદ કરવો -વગાડવો; શોક ઘંટ વગાડવો. To ring a bell.

Tomahawk, *n.* (ટૉમેહૉક્) અમેરિકન ફરસી; અમેરિકન લોકોની કુવાડી. An Indian hachet.

Tomato, *n.* (ટામેટો) અમેરિકન વેંગણ.

Tomb, *n.* (ટૂમ્) કબર, ઘોર; A grave.—stone, *n.* દેવડી, છત્રી. A stone erected over a grave to preserve the memory of the dead; a monument. ((G. *tombus* place where a dead body is burnt).

Tome, *n.* (ટોમ્) મહાભારત જેવો ગ્રંથ-પુસ્તક; A volume; a book. (G. *tomos* from *temno* I cut).

Tom-Foolery, *n.* (ટૉમ-ફુલરિ) બેવકુફી ભરેલું કામ. Foolishness.

Tomorrow, *n.* (ટુમૉરો) આવતી કાલ, કાલનો દહાડો. The day after the present. [બત; ઢોલ.

Tomtom, *n.* (ટૉમ્ટૉમ્) નગારૂં, તાસું; નો-

Ton, *n.* (ટન્) ૨૨૪૦ પાઉન્ડ અથવા રતલનું વિલાયતી તોલ. Weight of 2240 pounds.—nage, *n.* કોઇ વ્હાણમાં જેટલો માલ ભરેલો હોય તે બધાનું "ટન" માં એકંદર વજન.

Tone, *n.* (ટોન્) સાદ, અવાજ; સુર; કાઢેલો રાગ. (Half or semi T. અડધો સુર; અર્ધસુર.) (Med.) તંદુરસ્તીની સારી હાલત; મનનું વલણ. મરોડ; ઝોક. Sound; an affected sound in speaking. *v.t.* જરા ટાઢું પાડવું.

Tongs, *n. pl.* (ટૉન્ગ્ઝ્) ચીપિયો. An instrument to handle fire.

Tongue, *n.* (ટંગ) જીભ, રસના ; ભાષા ; જુબાન ; મ્હોની વાત. The instrument of taste in human beings ; language; utterance; speech.—tied, *a.* જેનાથી (સ્પષ્ટ) બોલાય નહીં એવું ; મુગું. Having an impediment in speech.

Tonic, *a.* (ટૉનિક્) કૌવત અને જાગરૂતી આપે એવું. Increasing strength. *n.* કૌવતનું ઓસડ. (L. *tonus*).

To-night, *n.* આજની રાત રાત્ર. The present night.

Tonsure, *n.* (ટૉન્સ્યૂર) વાળ કતરવા, હજામત કરવી તે ; Act of shaving off the hair. (L. *tondeo* I shear).

Too, *ad.* (ટૂ) જોઇએ તેથી વધારે, બહુ ; તેની સાથે; વળી; પણ. More than enough; likewise ; also ; moreover.

Tool, *n.* (ટૂલ્) ઓજાર, હથિયાર. An instrument of manual operation.

Tooth, *n.* (ટૂથ્) *p.l.* દાંત, દંત ; દાંતો. A bony substance in the jaw for chewing ; a prong ; (to cast in the teeth. મ્હોમાં પાછું મારવું ; ટચકો-લાગે એવું સામું કહેવું.)—ache, *n.* દાંતદાઢ દુખવી તે ; દાંતનું દરદ.—brush, *n.* દાતણ કરવાનું બ્રશ.—pick, *n.* દાંત કોતરવાની સળી.—powder, *n.* દાંતનું મંજન, દંત ચૂર્ણ.

Top, *n.* (ટૉપ્) મથાળું, ટોચ ; શિખર ; સીમા ; અવધી ; ઢાંકણ ; માથું. The highest part of anything; summit; a toy; *v.t.* મથાળે હોવું; શિખર ઢંકાએલું હોવું.-dressing, *a.* જમીનની ઉપર નાંખેલું ખાતર. A dressing of manure laid on the surface of land.-heavy, *a.* જેનો ઉપલો ભાગ ભારે હોય એવું.—knot. કલગી.—most, *a.* ઊંચામાં ઊંચું;

Topaz, *n.* (ટોપૅઝ્) પોખરાજ. A precious yellow gem.

Tope, *n.* (ટોપ્) ઝાડી.

Toper, *n.* (ટોપર્) દારૂડીયો, દારૂ બાજ. A drunkard ; a sot.

Topic, *n.* (ટૉપિક્) વિષય, પ્રકરણ. A subject of discourse (G. *topos* a place.

Topography, *n.* (ટોપૉગ્રફિ) કોઇ ચોકસ જગ્યા-સ્થળ-શેહેરનું વર્ણન. The description of a particular place, city, town or tract of land. (G. *topos* a place and *grapho* I write.

Topple, *v.i.* (ટૉપ્લ્) ઢળી-ગબડી પડવું. To fall forward.

Topsyturvy, *ad.* (ટૉપ્સિટર્વિ) ઉલટું સુલટું, તળે ઉપર. With the top or head downwards.

Torch, *n.* (ટૉર્ચ) મશાલ. A light made of combustible matter.—bearer, *n.* મશાલચી. (L. *torqueo* I twist).

Torment, *n.* (ટૉર્મેન્ટ્) અતિશય વેદના, બેહદ દુઃખ ; Extreme anguish; torture ; *v.t.* દુઃખ દેવું; રીબાવવું. ખિજવવું. To put to extreme pain ; to vex—or, *n.* દુઃખ-વેદના કરનાર. One who inflicts torture. (L. *torqueo* I twist).

Tornado, *n.* (ટૉર્નેડો) ભયંકર વાઝોડું. A violent or whirling wind.

Torpedo, *n.* (ટૉર્પીડો) વહાણોને ઉડાવી દેવાનો સાંચો. A machine for blowing up ships- (L- *torpeo* I am numb).

Torpid, *a*- (ટૉર્પિડ્) બ્હેર મારી ગએલું; મુડદાલ ; સુસ્ત; મંદ. Benumbed ; stiff; sluggish ; dull.—ity, Torpor, *n.* મુડદાલપણું, સુસ્તી. numbness; sluggishness (L. *torpeo* I am numb).

Torrent, *n.* (ટૉરંટ્) ધોધ. A very rapid stream. (L. *torreo* I burn).

Torrid, *a.* (ટોરિડ્) દાઝી ગએલું, દઝાડી નાંખે એવું. Burning; hot.—zone, *n.* ઉષ્ણ કટિબંધ.

Tortoise, *n.* (ટોર્ટાઇઝ્) કાચબો. A crab.

Tortuous, *a.* (ટોર્ટ્યુઅસ)વાંકું, વક્ર. Twisted; winding.

Torture, *n.* (ટોર્ચ્યર) અતિવેદના, દુઃખ; Extreme pain; pang. *v.t.* રીબાવવું, વેદના થાય એમ કરવું. to torment; to harass. (L. *torqueo* I twist).

Toss, *v.t.* (ટોસ્) ઉછાળવું, ફેંકવું; ઉથલ પાથલ કરવું. To lift or throw up with a violent motion; to agitate; to t. off, એકજ ઘૂંટડે પી જવું. *v.i.* આમ તેમ ગબડવું; ઉથલ પાથલ થઇ જવું. To roll and tumble; ફેંકાવવું તે; ફેંક.—pot, *n.* દારૂડીયો. (L. *tundo* I strike).

Total, *a.* (ટોટલ્) પૂરેપૂરૂં, સંપૂર્ણ; કુલ. Whole; full; complete. *n.* કુલ સરવાળો; બેરીજ; the whole sum or amount.—ly, *ad.* પૂરેપૂરૂં; તમામ. entirely; wholly. (L. *totus* whole).

Totter, *v.i.* (ટોટર્)લથડવું,લથડિયાં ખાતાં ચાલવું. To vacillate; to reel.

Touch, *v.t. v.i.* (ટચ્) અડકવુ, સ્પર્શ કરવો; સ્પર્શેન્દ્રિયથી લાગવું; હૃદય પસજે એમ કરવું; ઇસારો કરવો. To come in contact with; to perceive by the sense of; to concern; to move.—ing, *a.* મન પીંગળાવે એવું; અસરકારક;—stone, *n.* કસોટી. (L. *tango* I touch).

Touchy, *a.*(ટચિ)બળિએલ, ચિઢિયું.Peevish; irritable.

Tough, *a.* (ટફ્) ચીકણું, ચિમ્મડ; વળે નહીં એવું. Not brittle; stiff; not flexible,—en, *v.i.* ચીકણું થવું.

Tour, *n.* (ટૂર્) પર્યટન, મુસાફરી; સ્વારી. A journey in a circuit; an excursion.—ist, *n.* મુસાફરી ફેરનાર. One who performs a journey.

Tournament, *n.* (ટૂર્નામેન્ટ) બે અથવા વધારે માણસોએ શસ્ત્ર વિદ્યામાં પોતાની કુશળતા બતાવવા કીધેલું યુદ્ધ, યુદ્ધ વિહાર. A martial sport performed in former times by knights on horse-back.

Tow, *v.t.* (ટાઉ) (વહાણ વગેરેને) દોરડાં બાંધી ઘસડી લાવવુ. To drag, as a boat through the water. *n.* સણના ગાંઠા. coarse part of flax.

Toward, Towards, *prep.* (ટોઅર્ડ) તરફ, સામું; પ્રતિ; પ્રત્યે; વિષે. In the direction of; with respect to.

Towel, *n.* (ટાઉએલ્) ટુવાલ. A cloth used for wiping the hands.

Tower, *n.* (ટાઉઅર્) મિનારો, કિલ્લો; ગઢ. A high edifice; a citadel. *v.i.* ઉચું હોવું.

Town, *n.* (ટાઉન્) શેહેર, નગર; રાજધાની; મુખ્ય શેહેર. A city; the metropolis. —hall, *n.* શેહેરના લોકને એકઠા મળી વિચારકરવાની જગા.

Toy, *n.* (ટોય્) રમકડું; હલકી વાત–બાબત. A playing thing for children; a trifle.

Trace, *n.* (ટ્રેસ્) નિશાની, પત્તો; પગલાં. A mark drawn; a vestige; a foot-step. *v.t.* ઉપર ફરી વળવું; ચીતરવું; પગલે પગલે જવું. To walk over; to copy; to follow.(L. *traho* I draw).

Trace-able, *a.* ઉપરથી ફરી વળાય; ચીતરાય–પગલે પગલે ચાલ્યાં જવાય એવું. That may be traced.

Trachea, *n.* (ટ્રકીઍ) જેમાંથી હવા ફેફસામાં જાય છે તે નળી. The windpipe.

Track, *n.* (ટ્રૅક્) નીશાણી; પગલાં; ઘણો વપરાતો રસ્તો; માર્ગ. A mark left by something; foot print; a path; course. *v.t.* શોધી કાઢવું; પગલુ કાઢવુ.

To follow by the foot-steps. —less, *a.* જ્યાં કોઇનું પગલું નહીં ફરેલું એવું; ઉજડ. Untrodden; marked by no foot-steps. (L. *traho* I draw).

Tract, *n.* (ટ્રૅક્ટ્) મેદાન, પ્રવેશ; જમીન કે પાણીનો ગમે તેવડો ભાગ; ધર્મ ચરણ નિબંધ. A region or quantity of land or water of indefinite extent; treatise. (L.*traho* I draw).

Tractability, *n.* કહ્યાગરાપણું; આધીનતા. Docility.

Tractable, *a.* જેમ કહે તેમ કરે એવું; હુકમ પ્રમાણે ચાલનાર. Manageable; docile. [એવું.

Tractile, *a.* (ટ્રૅક્ટાઇલ્) લાંબું કરાય-વધરાય

Trade, *n.* (ટ્રેડ્) વેપાર; ધંધો; રોજગાર. Traffic; commerce; barter;—wind, *n.* ઇશાનનો પવન. (L. *traho* I draw). [One who trades.

Trader, *n.* (ટ્રેડર્) વેપાર કરનાર; વેપારી.

Tradesman, *n.* પરચુરણ વેચનાર; દુકાનદાર; ધંધાર્થી માણસ. A shop-keeper; a mechanic.

Tradition, *n.* (ટ્રડિશન્) દંતકથા; ઘરડાઓથી સાંભળેલી-ચાલી આવેલી વાત. That which is handed down from age to age by oral communication. —al, -ary, *a.* ઘરડાઓથી સાંભળેલું; દંતકથિક. (L. *trado* I deliver).

Traduce, *v.t.* (ટ્રડ્યૂસ) દોષ-વાંક કાઢવો; ખોટી નિંદા કરવી. To calumniate; to condemn; to vilify; to defame. (L. *trans, duco* I lead).

Traffic, *n.* (ટ્રૅફિક્) વેપાર, માલ-સામાનની આપ લે-જા આવ. Commerce; trade- *v.i.* વેપાર કરવો. (L. *trans, facio* I do).

Tragedy, *n.* (ટ્રૅજેડિ) કરૂણારસ નાટક; શોકકારક બનાવ. A dramatic poem representing some action having a fatal issue; a mournful event. (G. *tragos* a goat & *ode* a song).

Tragedian, *n.* (ટ્રજીડિઅન્) કરૂણા રસોત્પાદક નટ. An actor of tragedy.

Tragic-al, *a.* (ટ્રૅજીક્) કરૂણા રસવાળું; શોકકારક. Mournful; calamitous.

Trail, *v.t.* (ટ્રેલ્) પગલાં શોધી શિકાર કરવો; ઘસડી લઇ જવું. To hunt by the track; to draw along the ground.

Train, *n.* (ટ્રેન્) રસાલો, હાર; આગગાડી; ઝુલ. A retinue; a series. *v.t.* શીખવવું; કેળવવું; કવાયત શીખવવી. To teach; to discipline.—er, *n.* શીખવનાર; કેળવનાર. An instructor. —ing, *n.* કેળવણી; કવાયત. Education; discipline of troops.—oil, વ્હેલ માછલીની ચરબીનું તેલ. (L. *traho* I draw). [feature; character.

Trait, *n.* (ટ્રેટ્) લક્ષણ; ચિન્હ. A

Traitor, *n.* (ટ્રેટર્) રાજદ્રોહી; બલવાખોર; દગલબાજ. One guilty of treason; a betrayer; a deceiver.

Traitorous, *a.* રાજદ્રોહી; વિશ્વાસઘાતી. Perfidious; faithless.

Trammel, *n.* (ટ્રૅમેલ્) બેડી; પાશ; જાલ. Shackles; net. *v.t.* બેડી ઘાલવી. To shackle. (L. *tres* three & *macula* a mesh). [To tread under foot.

Tramp, *v.t.* (ટ્રૅમ્પ્) પગે છુંદવું-ખુંદવું.

Trample, *v.t.* પગતળે દાબવું-કચરવું. To tread on heavily.

Trance, *n.* (ટ્રૅન્સ્) સમાધી. An ecstasy. (L. *trans, eo* I go).

Tranquil. *n.* (ટ્રૅન્કિવલ્) શાંતિ ભરેલું શાંત. Quiet; calm; undisturbed. (L. *tranquillus*).

Tranquility, *a.* (ટ્રેનક્વિલિટિ) શાંતિ; શાંતતા. Quietness; calmness.

Tranquilise, *v.t.* (ટ્રેનૂક્વિલાઇઝ્) શાંત કરવું-પાડવું. To make calm and peaceful.

Transact, *v.t.* (ટ્રૅન્સૅક્ટ) કરવું; બજાવવું; વહીવટ કરવો. To perform; to

manage; to despatch. (L. *trans*, *ago* I drive).

Transaction, *n.* (ટ્રેન્ઝૅક્શન્) કરવું તે; કામ; વ્યવહાર; બનાવ. The doing of any business; an affair.

Transatlantic, *a.* (ટ્રેન્સઍટલૅન્ટિક્) આટલાન્ટિક મહાસાગરની પેલી તરફનું. Lying beyond the Atlantic. (L. *trans*, Atlantic).

Transcend, *v.t.* (ટ્રેન્સેન્ડ્) વધારે ઉંચા હોવું, પેલી તરફ વધવું; ચઢિયાતાં હોવું. To rise above; to go beyond; to surpass. (L. *trans*, *scando* I climb.

Transcendent, *a.* સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમ; Very excellent;—ental, *a.* અનુભવથી સિદ્ધ ન થાય એવું.

Transcribe, *v.t.* (ટ્રેન્સ્ક્રાઇબ) ઉતારો કરવો, નકલ કરવી. To copy.—r, *n.* ઉતારો-નકલ કરનાર. One who copies (L. *trans*, *scribo* I write).

Transcript, *n.* (ટ્રેન્સક્રિપ્ટ્) ઉતારો, નકલ. A copy from the original

Transcription, *n.* ઉતારો-નકલ કરવી તે. A copy; a transcript.

Transfer, *v.t.* (ટ્રેન્સફર્) એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવું; બદલી કરવી; સ્વાધીન કરવું. To convey from one place to another; to make over. *n.* એક જગોએથી બીજી જગોએ લાવવું તે; બીજાને આપવું તે. (L. *trans*, *ferro* I carry. [વું.

Transferable, *a.* વેચી-આપી શકાય એ-

Transference, *n.* (See Transfer. *n.*

Transfigure, *v.t.* (ટ્રેન્સફિગ્યૂર્) રૂપાંતર કરવું. To change in form or shape. (L. *trans*, *figura* a figure).

Transfiguration, *n.* (ટ્રેન્સફિગ્યૂરેશન્) રૂપાંતર; ઇસુ ખ્રિસ્તનું થએલું રૂપાંતર; A change of form.

Transfix, *v.t.* (ટ્રેન્સફિક્સ્) આરપાર નીકળે એમ ભોકવું-ઘોચવું. To pierce through. (L. *trans*, *figo* I fix).

Transform, *v.t* (ટ્રેન્સ્ફૉર્મ) રૂપ-આકાર-ડોળ-બદલવો; ફરી નાંખવું. To change the shape; to metamorphose; (L. *trans*, *forms* shape.)

Transformation, *n.* રૂપાંતર, રૂપભેદ; પરિણામ. A change of form.

Transfuse, *v.t.* (ટ્રેન્સફ્યૂઝ્) એક માંથી બીજામાં આવે એમ કરવું. To pour into another. (L. *trans*, *fundo* I pour).

Transgress, *v.t.* *v.i.* (ટ્રેન્સગ્રેસ્) ઉલંઘવું; ભાંગવું; તોડવું; પાપ કરવું. To pass beyond; to violate; to to sin. (L. *trans gradior* I step).

Transgression, *n.* ઉલ્લંઘન, ભંગ; Violation of law.

Transgressor, *n.* હુકમ તોડનાર; અપરાધી. A law breaker; a sinner.

Tranship, *v.t.* (ટ્રેન્શિપ્) એક વ્હાણમાંથી બીજા વ્હાણમાં મૂકવું. To carry from ship to ship.

Transient, *a.* (ટ્રેન્ઝ્યંટ્) ક્ષણિક, કાયમ ન-રહેનારૂં. Momentary; of short duration (L. *trans*, *eo* I go).

Transit, *n.* (ટ્રેન્સિટ્) જવું આવવું તે, લઇ જવું-આવવું તે. The Act of passing; conveyance.—duty, *n.* કોઇ દેશ કે રાજ્યમાં થઇને માલ જાય તે ઉપર લીધેલું દાણુ, જકાત. (L. *trans*, *eo* I go).

Transition, *n.* (ટ્રેન્ઝિશન્) એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવું; એક સ્થિતિમાંથી બીજી હાલતમાં આવવું; પુનર્ભવ. Passing from one place or state to another.

Transitive, *a.* (ટ્રેન્સિટિવ) સકર્મક.

Transitory, *a.* (ટ્રેન્ઝિટરિ) ફક્ત થોડો વખત રહેનારૂં, ક્ષણભંગુર; થોડા કાળનું, Passing away; speedily vanishing. (L. *trans*, *eo* I go).

Translate, *v.t.* (ટ્રેન્સ્લેટ્) તરજુમો-ભાષાં-

તર કરવું. To render into another language.(L. *translatus*, carried).

Translation, *n.* (ટ્રન્સ્લેશન્) તરજુમો, ભાષાંતર. A version ; the act of turning into anothe language.

Translucent, *a.* (ટ્રન્સ્લ્યૂસન્ટ્) જેમાંથી અજવાળું પડેપણ પદાર્થો સાફ ન જણાય એવું; અર્ધપાર દર્શક. Transparent. (L. *trans, luceo* I shine).

Transmaring, *a.* (ટ્રન્સ્મરીન્) દરિયા-સમુદ્રપારનું-આવેલું. Being beyond the sea. (L. *trans, mare* the sea)

Transmigrate, *v.i.* (ટ્રન્સ્મિગ્રેટ્) બીજા દેશમાં-દેશાંતર જઇ વસવું; ખોળિયું બદલવું; To pass from one country or body to another. (L. *trans, migro* I remove).

Transmit, *v.t.* (ટ્રન્સ્મિટ્) બીજા ઉપર મોકલવું, પૂગાડવું; આપવું. To send from one person or place to another. (L. *trans, mitto* I send).

Transmissible, *v.* (ટ્રન્સમિસિબ્લ્) કોઇ નાથી પ્હોંચે-મળે એવું ; કસામાં થઇને જાય એવું. That may be passed from one to another.

Transmission, *n.* (ટ્રન્સમિશન્) મોકલવું તે. Act of transmitting.

Transmute, *v.t.* (ટ્રન્સમ્યૂટ્) રૂપ-બદલી નાંખવું; બનાવી દેવું. To change from one nature into another. (L. *trans, muto* I change).

Transmutable, *a.* (ટ્રન્સમ્યૂટેબ્લ્) રૂપ બદલી નંખાય એવું.Capable of change.

Transmutation, *n.*(ટ્રન્સમ્યૂટેશન્)રૂપાંતર.

Transparent, *a.* (ટ્રન્સ્પેરંટ્) આરપાર દેખાય એવું, પારદર્શક. Appearing through ; pervious to light, (L. *trans, pareo* I appear).

Transparence, *n.* (ટ્રન્સ્પેરન્સ્) આરપાર દેખાય એવું, પારદશ્ય હોવું તે.

Transpire, *v.i.* (ટ્રન્સ્પાયર્) બાહાર પડવું,-પ્રગટ-ઉઘાડું થવું. To become public. (L. *trans, spiro* I breathe).

Transplant, *v.t.* (ટ્રન્સ્પ્લન્ટ્) એક જગોએથી ઉખેડી બીજી જગોએ વાવવું-રોપવું; -વાસો કરાવવો. To remove and settle in another place. (L. *trans, planto* I plant).

Transport, *v.t.* (ટ્રન્સ્પોર્ટ) એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવું; દેશનિકાલ કરવો ; કાળે પાણીએ મોકલવું. To remove from one place to another ; to banish ; અત્યનિંદ ; પરમાનંદ ; Rapture ; ecstasy. (L. *trans, porto* I carry). [ment.

Transportation, *n.* દેશનિકાલ. Banish-

Transpose, *v.t.* (ટ્રન્સ્પોઝ્) ફેર બદલ કરવું; જગા અદલ બદલ કરવી. To change the place or order. (L. *trans, pono* I place.) [ફેરબદલી.

Transpositian, *n.* (ટ્રન્સ્પોઝિશન્)જગાની

Transubstantiate, *v.t.* (ટ્રન્સબ્સ્ટેન્શિએટ્) કોઇ પદાર્થનું રૂપ બદલીને તેનો બીજો પદાર્થ કરવો. To change to another substance.

Transverse,-al, *a.* (ટ્રન્સ્વર્સ)આડું,વાંકું; તિરકસ. Lying or being across.(L. *trans, verto* I turn).

Trap, *n.* (ટ્રપ્) શીકાર પકડવાનું પાંજરૂં; ફાંદો ; ફાંસો ; ઠગાઇ. An engine to catch beasts; a stratagem. (To catch one in his own t. જેના ટાંટીઆ તેનાજ ગળામાં નાંખવા). *v.t.* ફાંદા-ફાસાંમાં ફસાવવું. To insnare.—door, *n.* ચોર બારણું ; ચોર દરવાજો.

Trapezium, *n.* (ટ્રપીઝિઅમ) (ભૂમિતીમાં) વિષમ ચતુરસ્ત્ર.

Trappings, *n.* (ટ્રપિંગ્ઝ્) સણગાર, ઘોડાના જીનનો સાજ. Ornaments ; ornaments of horse furniture.

Trash, *n.* (ટ્રશ્) કંઇ કિમ્મત નહી એવી-નકામી ચીજ. Any waste matter.

Travail, *v.i.* (ટ્રેવેલ્)ઘણીજ સખત મજુરી કરવી ; પ્રસવ વેદના થવી. To labour excessively; to suffer the pangs of child-birth. *n.* અતિશ્રમ ; પ્રસૂતિ વેદના. Severe toil; parturition.

Travel *v.i.* (ટ્રેવેલ્)દેશાટન-મુસાફરી કરવી. To journey. *n.* પ્રવાસ ; મુસાફરી. Journey. T. by sea, સમુદ્રયાન. T. by land, ભૂયાન.

Traveller, *n.* (ટ્રેવેલર્) મુસાફર ; પંથી. One who travels.

Traverse, *a.* (ટ્રવર્સ) આડું. Lying across. *n* દૈવી અડચણ ; નડતર. Something that thwarts. *v.t.* આડું મૂકવું; વાંધો નાંખવો ; ઉપર મુસાફરી કરવી. To obstruct; to cross in travelling. (L. *trans, verto* I turn).

Travesty, *n.*(ટ્રૅવેસ્ટિ) મૂળ ગ્રંથનું હાસ્યજનક વાખ્યાન. A parody ; a burlesque. (L. *trans, vestio* I clothe).

Tray, (ટ્રે) તબક ; થાળી ; તાસક ; ખુમ્ચો. A hollow trough of wood.

Treachery, *n.* (ટ્રેચરિ) દગો ; કપટ ; દગલબાજી ; વિશ્વાસઘાત. Fraud; deception ; faithlessness.

Treacherous, *a.* (ટ્રેચરસ્) દગલબાજ ; કપટી; નિમકહરામ; વિશ્વાસઘાતી. Faithless; betraying a trust.

Treacle, *n.* (ટ્રીકલ્) ગોળ. Molasses.

Tread, *v.s.* or *v.t.* (ટ્રેડ્) પગતળે ચગદીકચરી નાંખવું; ચાલવું. To press under the feet; to walk. ઉપર ચાલવું; છુંદવું. To step on; to crush under the foot. *n.* પગલું ; ચાલવાની લઢણ. A step; footing; gait.—mill, *n.* પગ ઘંટી ; પગ ચક્કી.

Treason, *n.* (ટ્રિઝન્) રાજદ્રોહ ; નિમકહરામી રાજાની જોડે બેવફાઇ. Disloyalty; treachery;—able, *a.* રાજદ્રોહી; નિમકહરામ ; રાજાની જોડે બેવફાઇનું ભરેલુંસંબંધી. Consisting of treason,

Treasure, *n.* (ટ્રેઝર્) ધન ; દોલત ; પુંજી ; થાપણ. Wealth accumulated ; a stock of money in reserve. *v.t.* સંઘરી-ભરી રાખવું. To lay up ; to deposit. (G. *tithemi* I put).

Treasurer, *n.* ખજાનચી ; ભંડારી ; તિજોરર.An officer who has the charge of a treasury.

Treasury, *n.* (ટ્રેઝરિ) ભંડાર ; તીજોરી ; કોશ. A place where treasure is laid up and preserved.

Treat, *v.t.* or *v.i.* (ટ્રીટ્) વર્તવું; ચાલવું; વિષે બોલવું; ઓસડ કરવું. To manage; to discourse. (L. *tracto* I touch).

Treatise, *n.* (ટ્રીટિઝ્) જેમાં કોઇ વિષય સમજાવ્યો હોય એવો ગ્રંથ ; નિબંધ. A discourse; a tract; formal essay.

Treatment, *n.* (ટ્રીટ્મેન્ટ્) વર્તણુંક, ચાલચલણ ; દરદનો ઇલાજ. Behaviour ; usage; management.

Treaty,*n.* (ટ્રીટિ)સલાહના કોલકરાર; તહનામું;સંધીપત્ર. Negotiation; compact.

Treble.*a.* (ટ્રેબલ્)ત્રમણું;ત્રણગણું. Threefold; tripple.(L.*tres, plico* I fold).

Tree, *n.* (ટ્રી) ઝાડ ; વૃક્ષ ; વંશાવળીનું ઝાડ પેઢી પત્ર.

Trellis, *n.* (ટ્રેલિસ્) આડા સળિયા જડેલું–જાળીદાર ચોકઠું. A lattis-work of iron.

Tremble, *v.i.* (ટ્રેમ્બલ્) ધ્રૂજવું, કાંપવું ; થરથરવું; હાલવું. To shake; to shudder. (L. *tremo* I tremble).

Tremendous, *a.* (ટ્રીમેન્ડસ્) ભયાનક ; ભયંકર;મ્હોટું જબરૂ. Terrible; awful. violent.

Tremor, *n.* (ટ્રીમર્) ધ્રુજારી; કંપારી; કંપ. A shivering. (L. *tremo*).

Tremulous, *a.* (ટ્રેમ્યુલસ્) ધ્રૂજતું,કાંપતું. Shaking ; quivering.

Trench, *n.* (ટ્રેન્ચ્)મોરી; ખાઇ. A moat. *v.t.* ખાઇ–ખાડી ખોદવી. To dig as a ditch or a channel.—ant, *n.* અ-

ટકો લાગે એવું. Cuttting sharp.

Trencher, *n.* (ટ્રેન્ચર્) લાકડાની મોટી કથરોટ; ટેબલ, મેજ. A large wooden plate; a table. [વવું. To ensnare.

Trepan, *v.t.* (ટ્રીપૅન્) છેતરવું, ફાંદામાં લા-

Trepidation, *n.* (ટ્રિપ્રિડેશન્) ધ્રૂજારી; કંપારી; ભયથી કાંપવું તે. A quaking or quivering from terror. (L. *trepido* I tremble.

Trespass, *n.* or *v.i.* (ટ્રેસ્પાસ્) ગેરકાયદે કોઇના મકાનમાં—જમીનમાં ઘુસવું; અપરાધમાં પડવું. To enter unlawfully upon the land of another.—er, *n.* પ્રવેશાપરાધી; અપરાધી. One who enters upon another's lands; an offender.

Tress, *n.* (ટ્રેસ્) વાળની લટ; જુલ્ફ.

Trial, *n.* (ટ્રાયલ્) અજમાયશ, પરિક્ષા; કસોટી; તપાસ. Experiment; test; experience.

Triangle, *n.* (ટ્રાઍન્ગલ્) ત્રિકોણ, ત્રિભુજ. A figure with three sides and three angles. (L. *tres* three, *angulus* an angle).

Triangular, *a.* (ટ્રાઍન્ગ્યૂલર્) ત્રિકોણ આકારનું. Relating to a triangle.

Tribe, *n.* (ટ્રાઇબ્) ટોળી, જાત વર્ગ; જાતિ, પંક્તિ. A division of people; a family race. (L. *tribus*).

Tribulation, *n.* (ટ્રિબ્યૂલેશન્) સંતાપ; દુ:ખ; પીડા; જંજાળ. Severe trouble or affliction. (G. *tribo* I thrash corn).

Tribune, *n.* (ટ્રિબ્યૂન્) રોમન લોકોનો એક અધિકારી. A Roman officer.

Tribunal, *n.* (ટ્રિબ્યૂનલ્) અદાલત; ન્યાયસભા. A court of justice.

Tributary, *a.* (ટ્રિબ્યૂટરિ) ખંડિયું, ખંડણી આપનારૂં; તાબાનું; ઉપ; ભરતી કરનારૂં. Paying tribute; subordinate. *n.* ખંડિયો રાજા; બીજી નદીમાં મળનારી નદી.

Tribute, *n.* (ટ્રિબ્યૂટ્) ખંડણી; કર. A payment in acknowledgement of subjection; a tax. (L. *tribuo* I give).

Trice, *n.* (ટ્રાઇસ્) પળ, ક્ષણ; જરાકવારમાં. An instant; in a t. જોત જોતામાં.

Trick, *n.* (ટ્રિક્) ફંદ, પેચ, દગો; તદબીર; યુક્તિ; કળા; અડપલું; અપલક્ષણ. A cheat; dexterous artifice; vicious practice. *v.t.* છેતરવું, દગો કરવો. To defraud; to cheat. (L. *tricor* I play tricks).

Trick, *v.t.* (ટ્રિક્) સણગારવું; બનાવવું. To decorate; to adorn.

Trickery, *n.* (ટ્રિકરિ) છેતરવાની યુક્તિ, કળા. Articifice; stratagem.

Trickle, *v.i.* (ટ્રિકલ્) ઝરવું; ધાર પડવી. To fall in drops.

Tricolour, *n.* (ટ્રાઇકલર્) ફ્રાન્સ દેશનો વાવટો.

Trident, *n.* (ટ્રાઇડેન્ટ્) ત્રિશૂળ. A sceptre with three prongs. (L. *tres* three, *dens* a tooth).

Triennial *a.* (ટ્રાઇએનિયલ્) ત્રિવાર્ષિક; ત્રણ વરસ સુધી રહેનારૂં. Happening once in three years. (L. *tres*, *annus* a year).

Trifle, *v.i.* (ટ્રાઇફલ્) ચેડાં કાહાડવાં; ચેષ્ટામજાક કરવી; રમત કરવી. To act with levity; to play the fool. *n.* નજીવી-હલકી-દમ વગરની વાત—વસ્તુ. A thing of no importance.—er, *n.* છોકરવાદી કરનાર. [Trivial.

Trifling, *a.* નજીવું; હલકું; જૂજ.

Trigger, *n.* (ટ્રિગર્) બંદુકનો ઘોડો. The catch of a gun.

Trigonometry, *n.* (ટ્રિગનૉમિટ્રિ) ત્રિકોણમિતી. The science of determining the sides and angles of triangles. (G. *treis* three, *gonia* angle, *metron* measure).

Trilateral, *a.* (ટ્રિલૅટરલ્) ત્રણ બાજુનું; ત્રિભુજ. Having three sides. (L. *tres* & *latus* a side).

Trilingual, *a.* (ટ્રાઇલિંગ્વલ્) ત્રિભાષિક ; ત્રણ ભાષાનું. Consisting of three languages. (L. *tres, lingua,* tongue).

Triliteral, *a.* (ટ્રાઇલિટરલ્) ત્રણ અક્ષરનું. Consisting of three letters. (L. *tres* & *litera* a letter).

Trill, *v.t.* or *n.* (ટ્રિલ્) અવાજ ધ્રૂજાવીને ગાવું. A quaver of the voice in singing.

Trillion, *n.* (ટ્રિલિઅન્) દશ પરાર્ધ સંખ્યા.

Trim, *a.* (ટ્રિમ્) ઠીક ઠાક, ડોળડાળ. Nice; compact. *v.t.* ઠીક કરવું, સમારવું; સણગારવું. To make right; to adorn. To t. hair. બાલ કાતરવા.—mer, *n.* રંગ-શુમાર જોઇને ચાલનાર.—ming, *n.* લુગડાંને દીધેલી મગજી, કોર-ફીત.

Trinity, *n.* (ટ્રિનિટિ) પિતા પુત્ર અને પવિત્રાત્મા એ ત્રણે મળીને થએલો એક ઇશ્વર.

Trinket, *n.* (ટ્રિંકેટ્) ઘરેણું, જનસ; હલકી કીમતની ચીજ. A small ornament; a thing of little value.

Trinominal, *a.* (ટ્રાઇનોમિઅલ્) ત્રણ પદનું, ત્રિપદી. Consisting of three terms. (L. *tres, nomen* a name).

Trio, *n.* (ટ્રિઓ) સાથે રહેનાર, ત્રણ જણ. Three united. (L. *tres* three)

Trip, *v.t. v.i.* (ટ્રિપ્) ઠોકર- ગોથુ ખાવું; ભૂલવું. To stumble; to err. *n.*ફેરો, ઠોકર; ભૂલ. An excursion; error

Tripartite, *a.* (ટ્રિપાર્ટાઇટ) જેના ત્રણ ભાગ કીધેલા હોય એવું. Divided into three parts. (L. *tres* three, *partior* I divide). [trails.

Tripe, *n.* (ટ્રાઇપ્) આંતરડાં. The entrails.

Triple, *a.* (ટ્રિપલ્) ત્રમણું, તેવડું; તિપ્પટ. Threefold; treble. (L. *tres, plico* I fold).

Triplicate, *n.* (ટ્રિપ્લિકેટ્) ત્રીજી નકલ. A third thing of the same kind.

Tripod, *n.* (ટ્રિપોડ્)ત્રિપાયી, ત્રણ પાયાનું આસન. A stool with three feet (G. *tres* three, *podos* foot).

Trisect, *v.t.* (ટ્રાઇસેક્ટ્) ત્રણ સરખાં ભાગ કરવા. To divide into three equal parts. (L. *tres, seco* I cut). [શબ્દ.

Trisyllable, *n.* (ટ્રિસિલેબલ્) ત્રણ અક્ષરનો શબ્દ.

Trite, *a.* (ટ્રાઇટ્) જુનું, ઘસાઇ ગએલું. Stale; common. (L. *tero* I rub).

Triturate, *v.t.* (ટ્રિટ્યૂરેટ્) ખાંડી-વાટી ઝીણોભુકો કરવો. To reduce to a fine powder. (L. *tero* I rub).

Triumph, *n.* (ટ્રાયમ્ફ) વિજય સમારંભ; ફતેહ; વિજય. Exultation for success; victory; conquest. *v.i.* જય-ફતેહ મેળવવી.—al, *a.* જય-વિજય સંબંધી.

Triumphant, *a.* (ટ્રાયમ્ફન્ટ્) જય-જીત પામેલું; ફતેહ મેળવેલું. Victorius; rejoicing for victory.

Triumvirate, *n.* (ટ્રાયમ્વરેટ) ત્રણ જણ સાથે મળીને રાજ કારભાર કરવો તે.

Trivet, *n.* ત્રણ પગવાળી માચી-બેસણી.

Trivial, *a.* (ટ્રિવિઅલ્) નજીવું; હલકું; તુચ્છ. Trifling; worthless. (L. *tres via* a way).

Trochee, *n.* (ટ્રોકી) પેહેલો ગુરૂ અને પછી લઘુ એ પ્રમાણે અક્ષરો આવેલા હોય એવું પદ.

Troll, *v.t.* (ટ્રોલ્) ઘણી ઝડપથી ફેરવવું-ગબડાવવું. To roll; to drive about.

Trollop, *n.* ગમે તેમ લુગડાં પહેર્યા હોય એવી બઇરી. A slattern.

Troop, *n.* (ટ્રુપ્) ટોળું; મંડળી. (*pl.*) લશ્કર; ફોજ. A crowd; an army; infantry.—er, *n.* ઘોડે સ્વાર. (L. *turba* a crowd).

Trope, *n.* (ટ્રોપ્) મૂળ અર્થથી જુદા અર્થમાં શબ્દ વાપરવા તે. A word changed from its original signification to another.

Trophy, *n.* (ટ્રોફિ) ફતેહ મેળવવાની નીશાની; જય ચિન્હ. Memorial of

conquest. (G. *trepo* I turn).

Tropic, *n.* (ટ્રૉપિક્) દક્ષિણોત્તરાયન સીમા. The line that bounds the sun's declination from the equator. T. of Cancer, કર્કવૃત્ત. T. of Capricorn. મકરવૃત્ત.

Tropical, *a.* (ટ્રૉપિકલ્) ઉષ્ણ કટીબંધનું.

Trot, *v.i.* (ટ્રૉટ્) તુર્કીચાલ ચાલવી. To tread quickly. *n.* તુર્કીચાલ.

Troth, *n.* (ટ્રૉથ્) વચન ; પ્રતિજ્ઞા ; સાચાઇ. Faith ; veracity. In t. ખરૂં જોતાં.

Trouble, *v.t.* (ટ્રબલ્) પજવવું ; મેહેનત આપવી ; હેરાન કરવું. To vex ; to tease ; to molest. *n.* ઇજા ; તસ્દી ; દુઃખ ; મેહેનત. Vexation ; pains. (L. *turbo* I disturb).

Troublesome, *a.* મહા મેહેનત-કડાકૂટનું; હરકત-તસ્દી આપે એવું. Giving trouble ; annoying.

Trough, *n.* (ટ્રૉફ્) લાંબુ કોતરી કાઢેલું લાકડું; હોડકું; પનાળ. A long hollow vessel for holding or conveying water &c. [જાતની માછલી. A fish.

Trout, *n.* (ટ્રાઉટ્) ઝીણા દાંતવાળી એક

Trowel, *n.* (ટ્રાઉઅલ્) થાપી ; લેલો. A mason's tool.

Trowsers, *n.* (ટ્રાઉઝર્સ) સુરવાલ ચોરણો.

Troy, Troy-weight, *n.* (ટ્રૉય્) એ નામનું, એક વિલાયતી તોલ.

Truant, *a.* (ટ્રુઅન્ટ્) કામ ચોર ; રખડતું ફરતું હોય એવું. Wandering from business.

Truce, *n.* (ટ્રુસ્) થોડીક મુદ્દત સુધી થએલી સલાહ ; શાંત રહેવું તે. A temporary peace ; a short quiet.

Truck, *n.* (ટ્રક્) એક વસ્તુને બદલે બીજી વસ્તુ લેવી તે ; સાટું. Exchange of commodities.

Truckle, *n.* (ટ્રકલ્) પાટ વગરનું પૈડું. A small wheel. *v.i.* તાબે થવું.—bed, *n.* ચાર પગને પૈડાં જડેલાં હોય એવો પલંગ.

Truculent. *a.* (ટ્રક્યૂલેન્ટ્)જંગલી; ભયંકર; પ્રાણઘાતક. Barbarous; destructive. (L. *trux* fierce).

Trudge, *v.i.* (ટ્રજ્) ચાલવું ; હીંડવું; લથડતાં ચાલવું. To walk on foot.

True, *a.* (ટ્રુ) ખરૂં; સાચું; સત્ય ; પ્રમાણીક. Conformable to fact ; genuine ; real; honest.—blue, *a.* ગમે તે થાય તોપણ ડગે નહીં એવું પ્રમાણીક.

Truism, *n.* (ટ્રુઇઝમ્) જેને માટે પ્રમાણની જરૂર નહીં એવી ઉઘાડી બાબત. A self-evident truth.

Trull, *n.* (ટ્રલ્)ફરી ફરીને ઘરાક મેળવનારી વેશ્યા. A low vagrant strumpet.

Truly, *ad.* (ટ્રુલિ) ખરેખરૂં ; બરાબર ; ખરૂ જોતાં. Exactly; sincerely; in fact.

Trump, *n.* (ટ્રમ્પ્) તુરાઇ; સીંગુ ; હુકમનું પાનું. A trumpet; a winning card. *v.t.* હુકમનું પાનું નાંખવું-ઉતરવું; તરકટતી ખોટું ઉઠાવવું, To devise; to forge.

Trumpery, *n.* (ટ્રમપરિ) જેમાં કંઇ માલ નહી એવો સામાન. Worthless finery.

Trumpet, *n.* (ટ્રમ્પેટ્) સીંગું; તુરાઇ. A wind-instrument of music.—er, *n.* તુરાઇ-સીંગાવાળો ; તતુડી વગાડનાર.

Truncate, *v.t.* (ટ્રંકેટ્) કાપી-કાતરી નાંખવું. To cut off. (L. *trunco* I cut off).

Truncheon, *n.* (ટ્રન્શન્) ડંગોરૂં ; ડંડુકો. A club; a cudgel. (L *truncus* the trunk of a tree). [જવું. To roll.

Trundle, *n.* (ટ્રન્ડલ્)ખેડવાનું ગાડું; ગબડી

Trunk, *n.* (ટ્રંક્) થડ ; ધડ ; મુખ્ય ભાગ ; સૂંઢ. The stem of trees; the main body of anything; the snout of an elephant. (L. *truncus*).

Truss, *n.* (ટ્રસ્) ગાંસડો ; ભારો ; ગોળાના રોગવાળાને બાંધવાનું યંત્ર. A bundle; a bandage used in cases of hernia. (L. *torqueo* I twist).

Trust, *n.* (ટ્રસ્ટ) વિશ્વાસ, ભરોંસો; ઇતબાર; આશા ; ઉમેદ ; અનામત. Assured re-

liance; credit on promise of payment; something committed to a person's care. *v.t.* ભરોસો-ઇતબાર કરવો; ખરૂં માનવું. To place confidence in; to give credence to.

Trustee, *n.* (ટ્રસ્ટી) બીજાએ સોંપવાથી તેની મિલકતનો વહિવટ કરનાર. One to whom something is intrusted.

Trustful, *a.* (ટ્રસ્ટફુલ્) બીજા ઉપર વિશ્વાસ રાખે એવું. Full of trust.

Trusty, *a.* (ટ્રસ્ટિ) ભરોંસેદાર; વિશ્વાસુ. Fit to be confided in.

Truth, *n.* (ટ્રુથ્) ખરાપણું; સાચું; સત્ય; ખરી વાત-હકીકત; ઇશ્વરી નિયમ. Conformity to fact or reality; faithfulness; honest; virtue.

Truthful, *a.* સાચું બોલનાર; ખરેખરૂં; સાચે સાચું. Closely adhering to truth.

Try, *v.t.* (ટ્રાઈ) તપાસવું; અજમાયશ કરવી; મુકદમો ચલાવવો. To make experiment of; to put to the test; to examine judicially. *v.i.* પ્રયત્ન-મેહેનત કરવી. To attempt.

Tub, *n.* (ટબ્) લાકડાની કુંડી; ટબ; પીપ. A small cask.

Tube, *n.* (ટયુબ્) નળી; ભુંગળી; નાડી; A pipe. (L *tubus*).

Tuber, *n.* (ટયુબર્) કંદ; મૂળનો ગટ્ટો. A knob in roots. (L. *tumo* I swell).

Tubercle, *n.* (ટયૂબરકલ્) ગુમડું; ફોલ્લી. A swelling or tumour on animal bodies.

Tubular, *a.* (ટયૂબ્યૂલર્) નળીના આકારનું. Having the form of a pipe.

Tubulous, *a.* (ટયૂબ્યુલસ્) નળીના જેવું-વાળું. Resembling a tube.

Tuck, *v.t.* (ટક્) દાબી દૂબીને ન્હાનું કરવું. To gather into a narrower compass.

Tuesday, *n.* (ટયૂઝ્ડે) મંગળ-ભોમવાર.

Tuft, *n.* (ટફ્ટ્) ઝુમખો; ઝુંડ; ગોટો; કલગી. A cluster; a clump. (L. *tufa*).

Tug, *v.t.* or *v.i.* (ટગ્) ખેંચવું; તાણવું; ઘસડી લઇ જવું. To pull; to hand along. *n.* ઘણા જોરથી મારેલો આંચકો.

Tuition, *n.* (ટયુઇશન્) ભણાવવું; વિદ્યા શિખવવી તે; વિદ્યોપદેશ. Instruction. (L. *tueor* I gaze at).

Tulip, *n.* (ટયૂલિપ્) એક જાતનો ફુલનો છોડ. A plant.

Tumble, *v.i.* (ટમ્બલ્) ગબડવું; ધસી પડવું. To roll about; to fall. *v.t.* ઉથલાવવું; પાડી નાંખવું. To cause to fall or roll.

Tumbler, *n.* (ટમ્બલર્) ચલાણું; કાચનો પ્યાલો; ટમલર. A drinking glass.

Tumbril, *n.* (ટમ્બ્રિલ્) બે પૈડાંનું ભારબરદારી લશ્કરી ગાડું.

Tumid, *a.* (ટયુમિડ્) સૂજેલું; સૂણી-સૂજી ગએલું; ભભકાવાળું-દાર. Swelled; distended; pompous; bombastic. (L. *tumo* I swell).

Tumour, *n.* (ટયુમર્) ગુમડું; ગાંઠ; ઢીમડૂં. A morbid swelling.

Tumult, *n.* (ટયુમલ્ટ્) ગડબડ; ખળભળાટ; તોફાન; બખેડો; ફિસાદ. Noisy confusion; agitation; bustle. (L. *tumultus*).

Tumultary, *a.* (ટયુમલ્ટરિ) ફિસાદી; તોફાની. Agitated; confused.

Tumultuous, *a.* (ટયુમલ્ટયુઅસ્) ગભરાટ ભરેલું; બંદોબસ્ત વગરનું. Full of bustle or confusion; disorderly; noisy.

Tun, *n.* (ટન્) મોટું પીપ; દારૂ તથા તેલનું માપ. A large cask.

Tune, *n.* (ટયુન્) રાગ, સૂર; તાન; મિજાજ. An air, or melody; harmony; disposition. *v.t.* સૂર મેળવવો. -r, *n.* વાજીંત્રનો સૂર મેલવનાર. (L. *tonus* a note).

Tuneful, *a.* (ટ્યુનફૂલ્) સુસ્વર; મધુર; મિઠું. Melodious; musical.

Tunnel, *n.* (ટનલ્) ભોંય-પહાડ વિગેરેમાં મૂકેલો રસ્તો; સલંગ. An arched subterranean passage cut through a hill, rock &c.

Turban, *n.* (ટર્બન્) પાઘડી. A head-dress.

Turbid, *a.* (ટર્બિડ્)કાદવ-રગડા જેવું; ડોળાએલું. Muddy; thick. (L. *turba* tumult).

Turbulent, *a.* (ટર્બ્યુલન્ટ્)તોફાની; ફિતુરી; બંડખોર. Agitated; refractory; producing commotion.

Turbulence-cy, *n.* (ટર્બ્યુલન્સ-સી)ફિતુરી-તોફાનીપણું;બખેડો. Insubordination; tumult.

Turf, *n.* (ટર્ફ) ઘાસની જમીન; ઢેફું; ઘોડાની સરત થતી હોય તે જગા. A mass of earth filled with roots; sod; race-ground.

Turgid, (ટર્જિડ્) ફુલેલું; ઉપસેલું; મ્હોટા મ્હોટા શબ્દ વાપરેલા હોય એવું. Swelled; bombastic.—ity, *n.* ફૂલેલું હોવું તે. Tumidness. (L. *turgeo* I swell).

Turmeric, *n.* (ટર્મરિક્) હળધર; હલદી. An Indian root which makes a yellow dye.

Turmoil, *n.* (ટર્મૉઇલ્) જંજાળ, કડાકુટ; ગડબડાટ. Trouble; tumult; disturbance.

Turn, *v.t.* (ટર્ન)ફેરવવું; ફેરવ્યાં કરવું; ઉંધુ-અવળું કરવું; સંઘાડે ઉતારવું; બનાવવું; ઘડવું. To cause to move in a circular course; to form on a lathe; to change; to shape. *v.i.* ફરવું; વળવું; ફેર પડવો. To have a circular motion; to alter. *n.* આંટો; પેચ; ફેરો; વારો; વલણ. Motion in a circular direction; successive course; form; fashion. To t. away, કાઢી મુકવું. To t. off, ધુતકારી કાઢવું. To t. one's coat, પક્ષ બદલવો. To t. the back, પૂઠ દેખાડવી; ન્હાસવું. To t. the tables, નશીબ ફેરવવું. To t. to, શોધવું-પૂછતાં જવું.—coat, *n.* પોતાનો પક્ષ મુકી દેનાર.—er, *n.* ખરાદી.—ing, *n.* વાંક; ફાંટો.—ing-point, *n* મૂદ્દો.—key, *n.* તુરંગનો કીલીદાર.—stile, *n.* ઢોર ન જઇ શકે તેને માટે રસ્તાપર રાખેલો ફરતો સાંચો. A turnpipe in a foot-path.

Turnip, *n.* (ટર્નિપ્) એક જાતનો કંદ. An esculent root.

Turpentine, *n.* (ટર્પેન્ટાઇન્) ટરપીટન તેલ. A resinous substance.

Turpitude, *n.* (ટર્પિટયુડ્)હલકા-નીચપણું; લુચ્ચાઇ; પાજીપણું. Moral deformity; extreme depravity. (L. *turpis* base).

Turret, *n.* (ટરેટ્) મિનારો; કંગુરો; કળસ. A small tower.

Turtle, *n.* (ટર્ટલ) કાચબો; કચ્છપ. A tortoise.—dove, *n.* હોલાની જાતનું પક્ષી; પારેવું. A species of pigeon.

Tush, Tut, *inter.* (ટશ્-ટટ્) છિ: છટ; છીટ. An expression of contempt.

Tusk, *n.* (ટસ્ક) મોટો દાંત; દંતૂશળ. A long tooth of a beast.

Tutelar, Tutelary, *a.* (ટ્યૂટલર્-ટ્યૂટલરિ) રક્ષણ કરનારૂં. Guardian.

Tutor, *n.* (ટ્યૂટર્) શિક્ષક; ગુરૂ; ભણાવનાર. One who instructs a guardian. (L. *tueor* I gaze at).

Twaddle, *v.i.* (ટવૉડલ્) લવવું; બકવું; લવારો કરવો. To twattle; to prate.

Twain, *a.* (ટવેન્) બે ભાગ. Two.

Twang, *n.* (ટવૅન્ગ્) ટણકારો; ગુંગણો અવાજ. A sharp quick or nasal sound.

Tweezers, *n.* (ટ્વીઝર્સ) વાળ ચુંટવાનો ચિપિયો; ચુંપિઓ. Nippers; small pinchers used to pluck out hairs.

Twelfth, *a.* (ટવેલ્ફ્થ્) બારમું. The ordinal of twelve.

Twelve, *a.* (ટ્વેલ્વ્) બાર; ૧૨.

Twentieth, *a.* (ટ્વેન્ટિએથ્)વીસમું. The ordinal of twenty. [Twice ten.

Twenty, *a.* (ટ્વેન્ટિ) વીસ; વીશ; ૨૦.

Twice, *ad.* (ટ્વાઇસ્) બે વખત; બે વાર; બેવડું; બમણું. Two times; doubly.

Twig, *n.* (ટ્વિગ્)ઝાડની ડાળી; ઉપશાખા. A small branch of a tree.

Twilight, *n.* (ટ્વાઇલાઇટ્)ઝળઝળું; ઝાંખું અજવાળું. Faint light.

Twin, *n.* (ટ્વિન્) જોડ; સાથે અવતરેલું બચ્ચું; મિથુન રાશી. One of two produced at a birth.

Twine, *v.t.* (ટ્વાઇન્) વલ દેવો; લપેટવુ. To twist; to wind. *n.* સુતળી. A two-fold thread.

Twinge, *v.t.* (ટ્વિન્જ્) પકડીને ખેંચવું; ચટકો દેવો. To pull with a jerk. *n.* ચટકો; સૂળ.

Twinkle, *v.i.* (ટ્વિન્કલ્)ઝલકવું; ઝબકવું; આંખ પલકાવવી.To sparkle; to wink.

Twinkling, *n.* (ટ્વિન્કલિંગ્) આંખનો પલકારો; ચળકાટ.

Twirl, *v.t.* or *v.i.* (ટ્વર્લ)ચકર ચકર ફેરવવું-ફરવું ફરાવવું. To move round with rapidity. *n.* ચાક; ચકર ચકર ફરવું તે.

Twist, *v.t.* (ટ્વિસ્ટ્) વળ દેવો; વીંટાળવું; લપેટવું; વણવું. To wind; to encircle; to weave. *n.* વળ; પેચ. A contortion. [આપવો. To upbraid.

Twit, *v.t.* (ટ્વિટ્) મ્હેણું મારવું; ઠપકો

Twitch, *v.t.* (ટ્વિચ્) આંચકો મારવો; જોરથી ખેંચવું. To pull with a sudden jerk. *n.* આંચકો.

Twitter, *v.i.* (ટ્વિટર્) ચીચી કરવું; ઠીઠી હસવું. To make a noise like. wallows. [મળીને

Two, *a.* (ટૂ) બે. Two by two.બબ્બે સાથે

Tympanum, *n.* (ટિમ્પેનમ્) કાનનો પડદો. The drum of the ear. (G. *tupo* I strike).

Type, *n.* (ટાઇપ્) છાપ; નિશાની; નમૂનો; પ્રકાર; બીબું. A mark; an emblem; a sign; a model; a printing letter. (L. *typus* an impression.

Typical, *a.* (ટાઇપિકલ્)નિશાની-પ્રતિબિંબ હોય તેવું. Emblematic; figurative. (L. *typus*).

Typify, *v.t.* (ટિપિફાઇ) સ્વરૂપ-નિશાની દેખાડવી.To represent by an image.

Typography, *n.* (ટિપૉગ્રફિ) બીબાંથી છાપવાની કળા. The art of printing. (L. *typus*, *grapho* I write).

Tyrant, *n.* (ટાઇરંટ્) જુલ્મી-જુલમગાર રાજા-હાકેમ. An arbitrary ruler.(L. *torannus*).

Tyrannic-al, *a.* (ટિરૅનિકલ્) જુલમનું ભરેલું; જાલીમ; જુલમી. Arbitrary; despotic.

Tyrannise, *v.i.* (ટિરનાઇઝ્) જુલમ પાડવો; દુઃખ દેવું; પીડા કરવી. To rule with severity.

Tyranny, *a.* (ટિરનિ) જુલમ, નિર્દયતા; જબરદસ્તી. Arbitrary exercise of power; absolute monarchy-

Tyro, *n.* (ટાઇરો) નવો શિખાઉ, નવો નિશાળીયો. A beginner; a novitiate (L. *tiro* a young soldier).

U.

U, ઇંગ્રેજી મૂળાક્ષરનો ૨૧ મો અક્ષર.

Ubiquitous, *a.* (યુબિક્વિટસ્) સર્વવ્યાપક; સઘળે રહેનાર. Existing every where.

Ubiquity, *n.* (યુબિક્વિટિ) સર્વ ઠેકાણે હોવું તે ; વિશ્વ વ્યાપ્તિ. Omnipresence. (L. *ubique* everywhere).

Udder, *n.* (અડર્) આંચળ ; થાન. The breast of a female.

Ugly, *a.* (અગ્લિ) કદરૂપું; બેડોળ; બદશીકલ. Not handsome ; deformed.

Ulcer, *n.* (અલ્સર્) નાસુર ; ચાંદી ; ગુમડું. A sore ; an abscess.

Ulterior, *a.* (અલ્ટીરિઅર્) અગાડીનું ; હવે-ત્યાર પછીનું. Further ; lying beyond.(L. *ulter* that is beyond).

Ultimate, *a.* (અલ્ટિમેટ) છેલ્લું; આખરનું; મુખ્ય. Final ; the very last.—ly, *ad.* છેલ્લે ; આખરે. (L. *ultimus* last).

Ultimatum, *n.* (અલ્ટિમેટમ્) નિદાનનું-છેવટનું કહેવું તે ; છેલ્લી શરત-વાત ; મૂળ. A final proposition ; the end ; constituent. [extreme.

Ultra, *a.* (અલ્ટ્રા)ઘણુંજ; અત્યંત. Beyond;

Umbra, *n.* (અમ્બ્રા) છાયા ; પડછાયા.

Umbrage, *n.* (અમ્બ્રેજ) ઘટા ; છાંયડો ; નાખુશી ; અસંતોષ ; ગુસ્સો. A shade ; offence ; groove.—ous, *a.* છાંયડો કરનાર-આપનાર. Shady.

Umbrella, *n.* (અમ્બ્રેલા) છત્રી ; છત્ર. A portable canopy for sheltering the person from the rays of the sun or rain. (L. *umbra*).

Umpire, *n.* (અમ્પાયર) મધ્યસ્થ ; લવાદ ; ત્રાહિત. A person to whose sole decision a question is referred.

Unable, *a.* (અનેબ્લ્). અશક્ત; અસમર્થ. Not having power.

Unacceptable, *a.* (અન્-ઍક્સેપ્ટબ્લ) કબુલ ન થાય એવું; ના મંજુર ; અસ્વીકાર્ય. Not acceptable ; not pleasing.

Unaccompanied, *a.* સાથી વગરનું; છડું; એકલું. Not attended.

Unaccomplished, *a.*(અન્-ઍકૉમ્પ્લિશ્ડ્) અસમાપ્ત ; અપૂર્ણ ; અપ્રવિણ. Not finished ; incomplete.

Unaccountable, *a.* (અન્-ઍકાઉન્ટેબ્લ્) જેનું કારણ આપી શકાય નહી એવું; અનિવાર્ય. Not to be accounted for.

Unaccustomed, *a.* (અન્-ઍકસ્ટમ્ડ્) માહાવરા વગરનું ; અનભ્યાસી. Not made familiar.

Unacquainted, *a.* (અન્-ઍક્વેન્ટેડ્) ઓળખાણ નહી હોય એવું ; ગેરમાહીત ; અજાણ્યું. Not having familiar knowledge.

Unadjusted, *a.* (અન્-ઍડ્જસ્ટેડ્) નહી પતાવેલું; જેનો નિવેડો-ચુકાદો ન થયો હોય એવું. Not settled.

Unadvised, *a.*(અન્-ઍડ્વાઇઝ્ડ્)અવિચારી, અણસમજુ ; ઉતાવળું. Not prudent ; rash.

Unaffected, *a*, (અન્-ઍફ્ક્ટેડ્) સાદું ; ઢોંગ વગરનું; કઠણ હૈયાનું. Simple; sincere; not moved.

Unaided, *a.*(અન-એડેડ્)સહાય-મદદ વગરનું.

Unalloyed, *a.* (અન્-ઍલૉયડ્)ભેળ-મેળવણી વગરનું. Not reduced by foreign admixture.

Unalterable, *a.*(અન્-ઑલ્ટરબ્લ્) ફરવાય-બદલાય નહી એવું. Unchangeable ; immutable.

Unamiable, *a.*(અન-એમિઅબ્લ)મીલનસાર-મળતાવડું નહી એવું. Not adopted to gain affection.

Unanimity, *n.* (યુનૅનિમિટિ) એકમત-વિચાર ; ઐક્ય ; એક દિલી. Concord ; agreement of a number of persons in opinion.

Unanimous, *a.* (યૂનૅનિમસ્) એકમત,-ચિત્ત ; એકમત થઇને કરેલું. Being of one mind. (L. *unus* one *animu*s.

the mind.

Unannouced, *a.* (અન્‌ઍનાઉન્સ્‌ડ્‌) ખબર આપ્યા વગરનું ; જણાવ્યા વગરનું. Not proclaimed.

Unanswerable, *a.* (અન્‌ઍન્સરબ્લ્‌) જવાબ ન દેવાય તેવું; અનુત્તર. Not to be refused.

Unappeasable, *a.*(અન્‌અપીઝબ્લ્‌)શાંત–નરમ ન પડી શકે એવું ; અશામ્ય. That cannot be pacified.

Unapt, *a.* (અન્‌ઍપ્ટ્‌) તૈયાર નહી એવું, નાલાએક ; નકામું ; Not ready or propense ; unfit.

Unashamed, *a.* (અન્‌અશેમ્ડ) નહી શરમાએલું. [પ્રાણી.

Unaspirated, *a.* (અન્‌ઍસ્પિરેટેડ્‌) અલ્પ

Unaspiring, *a.* મ્હોટી ઉમેદ ન રાખતું ; કીર્તિ લોભ નહી એવું. Not ambitious.

Unassailable, *a* (અન્‌અસેલબ્લ્‌)હુમલો-ચઢાઇ નહી થઇ શકે એવું. That cannot be assaulted.

Unassuming, *a.* (અન્‌ઍસ્યુંમિગ્‌) અભિમાન રહીત ; નમ્ર. Modest ; not arrogant.

Unatoned, *a.* (અન્‌ઍટોન્ડ્‌) જે વિષે પ્રાયશ્ચિત ન થયું એવું. Not expiated.

Unattainable, *n.* (અન્‌અટેનબ્લ્‌)મેળવાય નહી એવું; અપ્રાપ્ય. Not to be gained or obtained.

Unattested, *a.* (અન્‌અટેસ્ટેડ્‌) સાક્ષી-પુરાવા વગરનું ; અપ્રમાણ્ય. Having no attestation.

Unauthorised,*a.*અધિકાર મલ્યો નહી હોય એવું ; સત્તા વગરનું ; વગર સનદી. Not warranted by proper authority.

Unavailing, *a.* (અન્‌અવેલિંગ્‌) વ્યર્થ ; નિષ્ફળ; નિરર્થક. Useless; ineffectual.

Unavoidable, *v.* દુર ન કરી શકાય તેવું; જેનાથી દુર રહેવાય નહી એવું.Not to be shunned ; inevitable.

Unaware, *a.* (અન્‌અવેઅર્‌) અજાણ્યું.—s, *ad.* ઓચિંતું ; અકસ્માત ; અચાનક. Suddenly ; unexpectedly.

Unawed, *a.* (અન્‌ઑડ્‌) ધાક વગરનું;દબાયા વગરનું. Not restrained by fear.

Unbalanced, *a.* સમતોલ નહી એવું; બાકી નહી કાઢેલી એવું. Not balanced; not adjusted.

Unbar, *v.t.* (અન્‌બાર્‌) ઉઘાડવું ; ખોલવું. To unfasten ; to open.

Unbecoming, *a.* (અન્‌બિકમિંગ્‌)અયોગ્ય; અઘટિત; શોભે નહીં એવું. Unsuitable; indecent.

Unbelief, *n.* (અન્‌બિલીફ્‌) અવિશ્વાસ ; અનાસ્થા. Incredulity ; infidelity.

Unbeliever, *n.* (અન્‌બિલીવર્‌)અવિશ્વાસી; નાસ્તિક. An infidel.

Unbend, *v.t.* ઢીલું–સીધું કરવું; વાળવું. To make straight ; to relax.—ing, *a.* વળે નહી એવું ; આધીન ન થાય એવું ; દૃઢ ; સ્થિર.

Unbiassed, *a.* (અન્‌બાઇઅસડ્‌)નિષ્પક્ષપાત; ભમાયું ન હોય તેવું. Free from any undue partiality.

Unbidden, *a.* (અન્‌બિડન્‌) નહી ફરમાવેલું; અણ બોલાવ્યું. Not commanded ; spontaneous.

Unblamable, *a.* (અન્‌બ્લેમેબ્લ્‌) દોષ-ઠપકા વગરનું ; બેગુનાહ. Innocent ; not culpable.

Unblemished, *a.* (અન્‌બ્લેમિશ્ડ્‌) નિષ્કલંક ; નિર્દોષ ; ડાઘ રહીત. Not stained; Free from reproach.

Unblest, *a.* (અન્‌બ્લેસ્ટ્‌) આશીર્વાદ નહી પામેલું ; અનાશિષ ; દુ:ખી. Excluded from benediction ; unhappy.

Unblushing, *a.* (અન્‌બ્લશિંગ્‌) બેશરમું; ઢીઠ. Impudent.

Unborn, *a.* ન જન્મેલું; આવતું. Future

Unbosom, *v.t.* (અન્‌બુઝમ્‌) દિલ ખોલીને બોલવું ; મનની વાત કહેવી. To disclose freely.

Unbounded, *a.* (અન્બાઉન્ડેડ્) અપાર; બેહદ; નિરંકુશ; ઘણુંજ. Boundless; infinite.

Unbridled, *a.* (અન્બ્રાઇડલ્ડ્)બિન લગામી; છકી ગયલું. Unrestrained.

Unbroken, *a.* (અન્બ્રોકન્)અખંડ, આખું; પલોટયા વિનાનું. Not broken; not tamed.

Unbuckle, *v.t.* (અન્બકલ્)આંકડી કાઢવી; [છોડવું. To unfasten.

Unburied, *a.* (અન્બેરીડ્) ન દાટેલું. Not interred.

Unburden, *v.t.* (અન્બર્ડન્) બોજો-ભાર ઉતારવો; દુઃખ ખુલાસાથી કહેવું. To free from a burden or load; to relieve.

Unbutton, *v.t.* (અન્બટન્)બોરિયાં કાઢવાં. To loose buttons.

Uncandid, *a.* (અન્કૅન્ડિડ્) કપટી; મનનું મેલું. Not frank or sincere.

Uncase, *v.t.* (અન્કેસ) ઢાંકણુ લઇ લેવું; બહાર કાઢવું. To disengage from a covering.

Unceasing, *a.* (અન્સીઝિંગ્) નહી બંધ પડે એવું; નિરંતર. Continual.

Unceremonious, *a.* (અન્સેરીમોનિઅસ્) અસભ્ય, બેતકલૂફ. Not formal.

Uncertain, *a.* (અન્સર્ટન્) અનિશ્ચિત; શક ભરેલું; ખાતરી-ભરોસા વગરનું; જેનું કાંઇ ઠેકાણું ન હોય એવું. Doubtful; unsettled.

Uncertainty, *n.* અનિશ્ચય; સંદેહ; ભ્રાંતિ. Doubtfulness; something unknown.

Unchangeable, *a.* (અન્ચેન્જએબલ્)જેમાં ફેરફાર થાય નહીએવું; અવિકારી. Not capable of change.

Uncharitable, *a.* (અન્ચૅરિટએબલ્) દોષ-વાંક જોનાર; અપ્રેમી. Having no charity.

Unchaste, *a.* (અન્ચેસ્ટ) વ્યભિચારી; પાક નહી તેવું. Lewd; not pure.

Unchastity, *n.* (અન્ચેસ્ટિટિ) અપવિત્રતાપણું; વ્યભિચાર. Lewdness.

Unchecked, *a.* (અનચેક્ડ્)અટકાવ વગરનું. Not restrained; not hindered.

Unchristian, *a.* (અન્ક્રિસ્ટિઅન્) ખ્રિસ્તી નહી હોય એવું. Not Christian.

Unchurch, *v.t.* (અન્ચર્ચ) ઇસ્વી મંડળીમાંથી કાઢી મૂકવું. To expel from a church.

Uncircumspect, *a.* અસાવધ; ગાફેલ.

Uncivil, *a.* (અનસિવિલ્) અસભ્ય; નાલાએક; ગામડી. Not polite; rude.

Uncivilized, *a.* (અનસિવિલાઇઝ્ડ્) નહી સુધરેલું,;જંગલી. Not reclaimed from savage life.

Unclaimed, *a.* (અનક્લેમ્ડ્) જેનો દાવો કોઇએ કર્યો નથી એવું;નહી માગેલું. Not demanded; not called for.

Unclasp, *v.t.* (અનક્લૅસ્પ) આંકડી કાઢીને ઉઘાડવું. To loose the clasp of.

Uncle, *n.* (અન્કલ)કાકો; મામો; ફુવો; માસો.

Unclean, *a.* (અનક્લીન્)મેલું; ગંદુ; મલીન; અશુદ્ધ. Foul; impure.

Unclothe, *v.t.* (અનક્લોથ્) વસ્ત્ર-કપડાં; ઉતારવાં-કાઢવાં. To make naked.

Unclouded, *a.* (અનક્લાઉડેડ્) વાદળાં વગરનું; ખુલ્લું.

Uncomely, *a.* (અન્કમલિ)બેડોળ; અયોગ્ય; અરૂપવાન. Unseemly; wanting grace

Uncomfortable, *a.* (અન્કમ્ફર્ટેબલ્) સુખકારક નહી એવું; બેચેન; અસુખી; અડચણ કારક. Affording no comfort; uneasy.

Uncommon, *a.* (અન્કૉમન્) અસાધારણ; અલૌકિક; નવાઇનું. Not usual; rare

Uncommunicative, *a.* (અનકૉમ્યુનિકેટિવ) મનની વાત બીજાને ન કહે એવું; થોડું બોલનાર.

Uncompromising, *a.* સમાધાન નહી થાય એવું;ન માને એવું. Not agreeing to terms.

Unconcern, *n.* (અન્કસર્ન) બેપરવાઇ; બેફિકર; બેતમા. Absence of anxiety; indifference.

Uncondemned, *a.* (અન્કૉન્ડેમ્ડ) નિરપરાધ; નઠારૂં-ખોટું ઠેરવ્યું નથી એવું. Not judged guilty; not dis-approved.

Unconditional, *a.* (અન્કન્ડિશનલ્) બિનશરતી; અપ્રતિબંધક; પૂરેપુરૂં. Not limited by any conditions; reserved.

Unconfined, *a.* (અન્કન્ફાઇન્ડ) છુટું; અબંધ; બેહદ. Free from control.

Uncongenial, *a.* (અન્કૉન્જીનિઅલ્) પ્રતિકુળ; માફક નહી હોય એવું. Not congenial.

Unconquerable, *a.* (અન્કૉન્કરેબલ્) જીતાય નહી તેવું; અજીત. Invincible.

Unconscious *a.* (અન્કૉન્શ્યસ્) અચેત; બેભાન. Having no mental perception. [Unreasonable.

Unconscionable, *a.*ગેરવ્યાજબી;અયોગ્ય.

Unconstitutional, *a.* રાજ્યનીતી વિરૂદ્ધ. Contrary to the principles of the constitution.

Unconstrained,*a* (અન્કન્સ્ટ્રેન્ડ) સ્વતંત્ર; છુટું; બંધન વગરનું. Acting voluntarily.

Unconverted, *a.* (અન્કૉન્વેર્ટેડ્) જેનો વિચાર ફેરવાયો નથી એવું; એક ધર્મમાંથી બીજા ધર્મમાં નહી ગએલું. Not turned from one form or faith to another.

Uncorked,*a.* (અન્કૉર્કડ્)ડાટો-બુચ કાઢેલું.

Uncounted, *a.* (અન્કાઉન્ટેડ્)નહી ગણેલું; અગણિત. Not numbered.

Uncourteous, *a.* (અન્કોર્ટિઅસ્) અસભ્ય, જંગલી; નાલાયક. Not kind and complaisant.

Uncouth, *a.* (અન્કૂથ્) તરેહવાર; ઢંગ વિનાનું; વિચિત્ર. Odd; awkward; strange.

Uncover, *v.t.* (અનકવર્) ઢાંકણુ લઇ લેવું; ઉઘાડવું. To make naked.

Uncrowned, *a.* મૂગટ-તાજ વિનાનું.

Unction, *n.* (અંકશન્) અત્તર-તેલથી અભિષેક કરવો તે; ભક્તિભાવ ઉત્પન્ન થાય એવી બોલવાની રીત. Act of anointing, as with oil &c.

Unctuous, *a.* (અંકટ્યુઅસ્) ચીકણું તેલિયું. Oily; greasy.

Uncut, *a.* (અન્કટ્) નહી કાપેલું; આખું Not cut.

Undaunted, *a.* (અનડૉન્ટેડ્) ધાસ્તી-ભય વગરનું; બેધડક. Not depressed by fear; intrepid.

Undecaying, *a.* (અન્ડીકેઇન્ગ) ક્ષીણ નહી થાય એવું; અવિનાશી. Not suffering decline; immortal.

Undecieve, *a.t.* (અન્ડિસીવ) ભ્રાંતિ-ભૂલ કાઢી નાંખવી; આંખ-કાન ઉઘાડવા. To free from deception.

Undecided, *a.* (અન્ડીસાઇડેડ્)અનિશ્ચિત, નક્કી ન કરેલું; ઢચુપચુ. Not determined; not settled.

Undefiled, *a.* (અન્ડીફાઇલ્ડ) ભ્રષ્ટ-અપવિત્ર-નાપાક ન થયેલું; નિર્મળ. Not polluted; not vitiated.

Undefinable. *a.* (અન્ડીફાઇનબલ્) જેની હદ-મર્યાદા થાય નહી એવું; બેહદ. That cannot be described or limited.

Undefined, *a.* (અન્ડીફાઇન્ડ) મોઘમ; જેની હદ કરેલી નથી એવું. Not described by definition.

Undeniable, *a.* (અન્ડીનાયેબલ્) ના ન કહેવાય તેવું;તકરાર લેવાય નહી એવું. That cannot be denied.

Under, *prep.* (અંડર્) નીચે; તળે; તાબા-હુકમમાં; ઓછું; બહાને; નિમિત્તે. Beneath; in a state of subjection; less than; during the time of.

Undercurrent, *n.* (અંડર્કરન્ટ્)પાણીની નીચે ચાલતો પ્રવાહ; મનમાં મનોવૃત્તિ થયાં કરે છે તે.

Underdo, *v.i.* (અંડરડુ) જોઇએ તે કરતાં ઓછું કરવું. To do less.

Underdone, *a.* (અંડર્ડન્) બરાબર રંધાએલું નહી એવું; અધકચરૂં. Moderately cooked or done.

Undergo, *v.t.*(અન્ડર્ગો) ભોગવવું; ખમવું; સોસવું; અંદર થઇ જવું. To suffer; to sustain; to pass through.

Undergraduate, *n.* (અન્ડર્ગ્રેડ્યુએટ)જે વિદ્યાર્થીને પેહેલી પદવી મલી નથી તે.

Undergrowth, *n.* (અન્ડર્ગ્રોથ્) ઝાડોની નીચે ઉગતા છોડવા That which grows under trees.

Underhand, *a. ad.* (અન્ડરહૅન્ડ) છુપી રીતે; દગાથી; ચોરીથી; છાનું; ગુપ્ત. By secret means; in a clandestine manner.

Underline, *v.t.* (અન્ડર્લાઇન) શબ્દોની નીચે લીટી દોરવી. To mark with a line below the words.

Underling, *a.* (અન્ડર્લિંગ્) હાથ નીચેનુ હલકું માણસ. An inferior person.

Undermine, *v.t.*(અન્ડરમાઇન) પાયામાંથી ખોદી કાઢવું; છાની રીતે માન ભંગ કરવું.

Undermost, *a.* (અન્ડર્મોસ્ટ) સર્વથી નીચેનું; કનિષ્ટ. Lowest in state or condition.

Underneath, *prep.* (અન્ડર્નીથ્) નીચે; હેઠળ; તળે. Beneath; under.

Underrate, *v.t.* (અન્ડર્રેટ્)ઓછી કીંમત કરવી. To rate below the value.

Undersign, *v.t.* (અન્ડર્સાઇન્) નીચે સહી કરવી. To write one's name at the foot of a letter.—ed, *n.* નીચે સહી કરનાર.

Understand, *v.t.* (અન્ડર્સ્ટૅન્ડ)સમજવું; ધ્યાનમાં આણવું; જાણવું; સાંભળવું. To comprehend; to be informed. —ing, *n.* સમજ શક્તિ; ધ્યાન; અક્કલ; બનાવ; સંપ. The faculty or power by which one understands; agreement of minds.

Uuderstood, *a.* (અન્ડર્સ્ટુડ્) અધ્યાહાર હોય તેવું; સ્પષ્ટ ન દેખડાવેલું. Meant but not expressed.

Understrapper, *n.* (અન્ડરસ્ટ્રૅપર્)હલકા કામનો કારભારી. An inferior agent.

Undertake, *v.t.* (અન્ડર્ટેક) માથે લેવું; કરવાનું કબુલ કરવું; બીડું ઝડપવું. To engage in; to take in hand.—r, *n.* માથે લેનાર; મસાણિયો. One who engages in any business; one who manages funerals.

Undertaking, *u.* (અન્ડર્ટેકિંગ્) માથે લીધેલું કામ, કર્મ. An enterprise.

Undervalue, *v.t.* (અન્ડર્વૅલ્યુ) ઓછી ઓછી કિમ્મત કરવી-ગણવી; ભાવ ન પૂછવો. To rate below the worth.

Underwriter, *n.* (અન્ડર્રાઇટર્) વીમો ઉતારનાર. An insurer.

Undeserved, *a.* (અન્ડીઝરવ્ડ)ગેરવાજબી; અઘટિત; અયોગ્ય થયેલું. Not merited.

Undeserving, *a.* (અન્ડીઝર્વિંગ્) નાલાયક; અપાત્ર. Not haviug merit.

Undesigned, *a.* (અન્ડીઝાઇન્ડ) અગાઉથી ન ધારેલું; અચાનક થએલું. Not intended.

Undesigning, *a.* નિષ્કપટ, દગા વગરનું. [Sincere; artless.

Undesirable, *a.* (અન્ડીઝાઇરબ્લ્) અણગમતું; અપ્રિય. Not pleasing.

Undetermined, *a.* ઠરાવ-નિશ્ચય નહી કીધેલું એવું. Not decided; indeterminate.

Undeviating, *a.* (અન્ડીવિએટિંગ્) આડે માર્ગે નહી જતું. Not departing from the principle; steady.

Undevout, *a.* (અન્ડીવાઉટ્)ભક્તિ ભાવ વિનાનું; અભાવિક.

Undigested, *a.* નહીં પચેલું; અજીર્ણું. Not digested; crude.

Undignified, *a.* (અન્ડિગનિફાઇડ્) માન ભરેલું નહી તેવું; નીચ. Common; mean.

Undiscerning, *a.* અવિચારી ; અવિવેકી. Not making just distinctions.

Undisciplined, *a.* ન કેળવાયલું ; નહી શીખેલું ; બે કવાએદ. Not instructed; untaught; not subdued to regularity and order.

Undisguised, *a.* કપટવગરનું ; ખુલ્લું ; અકૃત્રિમ. Frank ; candid ; open ; artless. [Not molested.

Undisturbed, *a.* બેહરકત; શાંત; અવ્યગ્ર.

Undivided, *a.* ભાગ ન કરેલું ; અખંડ. Not separated or disunited ; unbroken; whole.

Undo, *v.t.* (અન્ડૂ) ન કર્યું હોય તેવું કરી નાંખવું; ધુળધાણી કરવું; ઉઘાડવું; છુટું કરવું ; પાયમાલ કરવું. To reverse ; to bring to poverty ; to loose ; to ruin. [થયલું. Reversed; ruined.

Undone, *a.* (અન્ડન) ન કીધેલું ; પાયમાલ

Undoubted, *a.* (અનડાઉટેડ્) સંદેહ-સંશય વગરનું. Indisputable.

Undress, *v.t.* (અનડ્રેસ્) કપડા-લુગડાં ઉતારવાં ; ઘરેણાં કાઢી નાંખવાં. To disrobe ; to divest of ornaments.

Undue, *a.* (અનડ્યૂ) અયોગ્ય ; નાલાયક ; ઘણુંજ-બેસુમાર. Improper ; excessive.

Undulate, *v.i.* (અનડયુલેટ)લટકીને હિંચકા ખાવા; ડોલવું. To move up & down.

Undulation, *n.* (અનડયુલેશન્) હિંચકા-ડોલા ખાવા તે. A waving motion.

Undutiful, *a* (અનડયુટિફુલ્) કહ્યુ ન કરે એવું; અનાજ્ઞાંકિત. Not obedient.

Uneasiness, *n.* બેચેની;ચલવલ ; બેકરારી. Restlessness ; disquiet.

Uneasy, *a.* (અનઇઝિ) અસુખી; બેચેન.

Uneducated, *a.* અભણ; કેળવણી વિનાનું. Illiterate ; ignorant.

Unembarrassed, *a.* ગભરાએલું-અકળાએલું નહીં; દુઃખ તંગીમાં આવી નહીં પડેલું; Not confused ; free from pecuniary difficulties.

Unemployed, *a.* (અનએમ્પ્લોઇડ્) કામધંધામાં ગુંથાયલું નહીં તેવું;બિનરોજગારી; નહીં વપરાતું. Not busy ; not occupied. [lasting.

Unenduring, *a.* ટકે નહી તેવું. Not

Unenlightened, *a.* (અન્એન્લાઇટન્ડ) તેજહીન, અજ્ઞાન. Not illuminated.

Unenvious, *a.* અદેખાઇ ઉત્પન્ન કરે નહીં એવું. Not enviable.

Unequal, *a.* (અનઇક્વલ્) સરખું નહીં એવું; અસમાન; ઉતરતું; ઓછું; ગેરવાજબી. Not equal ; inferior ; insufficient.

Unequivocal, *a.* (અનઇક્વિવોકલ્) સાફ; ખુલ્લું; સ્પષ્ટ અર્થનું. Clear ; evident; not ambiguous.

Unerring, *a,* (અનએરિંગ્) અચૂક ; ભુલ ન કરતું. Committing no mistake.

Unessential, *a.* (અનએસેન્શ્યલ્)અગત્ય-જરૂરનું ન હોય તેવું. Not absolutely necessary.

Uneven, *a.* (અનઇવન્) ઉંચું નીચું ; અસમાન ; સરખું નહીં તેવું. Unequal ; not uniform.

Unexampled, *a.* અનુપમ; જેના જેવું બીજું કોઇ ન હોય એવું. Having no precedent.

Unexceptionable, *a.* બાધ વગરનું;હરકત-વાંધો નહીં લેવા જોગ; સારૂં. Not liable to objection.

Unexecuted, *a.* નહીં કરેલું; અકૃત ; વગર સહીનું.Not performed;not signed.

Unexpected, *a,* (અનએક્સપેક્ટેડ્) નહીં ધારેલું; વાટ જોયા વગરનું; આકસ્મિક.Not looked for ; sudden.—ly, *ad.* એકાએક ; અચાનક. Suddenly.

Unexplored, *a.* (અનએક્સપ્લોર્ડ) નહીં જણાએલું; શોધ ન કર્યો હોય તેવું; ગેરમાહીત.

Unfading, *a.* (અનફેડિંગ્)કરમાઇ ન જાય તેવું ; અક્ષય. Not liable to lose strength or freshness.

Unfailing, *a.* (અનફેલિંગ્) અખૂટ;ખચિત. Not capable of being exhausted; certain.

Unfair, *a.* (અનફેર) ગેરવાજબી ; અપ્રમાણિક ; ખોટું. Not fair ; not honest.

Unfaithful, *a.* (અનફેથફુલ્) બેઇમાન ; નિમકહરામ ; અવિશ્વાસુ. Violating trust or confidence.

Unfaltering, *a.* (અનફૉલ્ટરીંગ્) અચકાયા વગરનું, ડગ મગ્યા વગરનું. Not hesitating; not failing.

Unfashionable, *a.* (અનફૅશનબ્લ્) બેરિવાજ, ચાલતા રિવાજ-ધારા પ્રમાણે નહી એવું. Not according to the prevailing mode.

Unfasten, *v.t.* (અનફાસન્) છોડવું,છુટું કરવું.

Unfathomable, *a.* (અનફૅધમબ્લ્) જેનું તળીયું જણાય નહીં એવું, અથાગ. Not to be sounded.

Unfavourable, *a.* (અનફેવરબ્લ્) માફક-અનુકુલ ન હોય તેવું, અશુભ ; ગેર મેહેરબાન. Not disposed to support ; unpropitious ; not kind.

Unfeeling, *a.* (અનફીલિંગ્) નિર્દય, દયાહીન; કઠણ. Cruel; insensible; hard.

Unfeigned, *a.* (અનફેન્ડ્) નિષ્કપટ, ખરેખરૂં ; વાસ્તવિક. Not hypocritical ; real ; sincere.

Unfettered, *a.* (અનફેટર્ડ) બંધન વગરનું, છુટું. Not restrained ; at liberty.

Unfinished, *a.* અપૂર્ણ, અધુરૂં. Not brought to an end.

Unfit, *a.* (અનફિટ્) અયોગ્ય, નાદુરસ્ત. Not fit; improper. *v.t.* નાલાયક કરવું. To disable.

Unfixed, *a.* અસ્થિર, અનિશ્ચિત ; ભટકતું. Having no settled object; wandering.

Unfledged, *a.* (અનફ્લેજડ્) પાંખ-પીછાં ન ફુટેલાં હોય તેવું;નહાનું. Not yet furnished with feathers; young.

Unfold, *v.t.* (અનફોલ્ડ્) ઉઘાડવું, પ્રગટ કરવું; ઉકેલવું. To open; to reveal; to declare.

Unforeseen, *a.* આગમજથી નહી જણાએલું; બે માલુમ. Not foreknown.

Unforgiving, a. (અનફરગિવિંગ્) માફ કરે નહી એવું,સાંખી ન જાય તેવું; ખારીલું.

Unformed, *a.* (અનફૉર્મ્ડ્)આકાર વિનાનું, અકૃત. Not moulded.

Unfortified, *a.* (અન્ફૉર્ટિફાઈડ્) ન બાંધેલું. Not gaurded; weak.

Unfortunate, *a.* (અનફૉર્ટ્યુનેટ)ભાગ્યહીન; કરમનું ફુટેલું;અશુભ. Not successful; not prosperous.—ly, *ad.* કમનશીબથી; કમબખ્તીને લીધે.

Unfounded, *a.* આધાર-પાયા વગરનું;ખોટું.

Unfrequented, *a.* (અનફ્રીક્વેન્ટેડ્) જે ઠેકાણે ભાગ્યેજ કોઇ જતું હોય એવું. Rarely visited; seldom resorted to by human beings.

Unfriendly, *ad.* (અનફ્રેન્ડ્લિ)સ્નેહ રહિત, અણબનાવ થયો હોય તેવું; પ્રતિકુળ. Not kind or benevolent; not favourable.

Unfruitful, *a.* (અનફ્રુટફુલ્)નિષ્ફળ; ફોકટ; અફળરૂપ;વાંઝિયું. Not fertile; barren.

Unfulfilled, *a.* નહી પુરૂં પડેલું-કરેલું ; અધુરૂં. Not accomplished.

Unfurl, *v.i.* (અનફર્લ) ઉકેલવું; ખોલવું ; છોડવું. To expand; to open.

Unfurnished, *a.* (અનફરનિશ્ડ) સામાન-સરંજામ વગરનું. Not supplied with necessaries.

Ungainly, *a.* (અનગેનલિ) બેડોલ; બેઢંગુ. Clumsy ; awkward.

Ungenerous, *a.* (અનજેનેરસ્) ઉદાર નહી તેવું, હલકા મનનું; નીચ. Illiberal.

Ungentlemanly, *a,* (અનજેન્ટલમૅનલિ) અસભ્ય ; કુલીન માણસને અયોગ્ય. Not becoming a gentleman.

Ungird, *v.t.* (અનગર્ડ)કમર છોડવી-સામાન છોડવો. To loose from a band.

Ungodly, *a.* (અન્‌ગૉડ્‌લિ) અધાર્મિક ; ભક્તિહીન. Impious ; sinful.

Ungovernable, *a* (અન્‌ગવર્નેબ્‌લ્‌) વશ થાય નહીં એવું ; ગાંઠે નહી તેવું ; બેકેદ. That cannot be ruled or restrained; wild.

Ungraceful, *a.* (અન્‌ગ્રેસ્ફુલ્‌) બેડોલ; અસુંદર. Wanting beauty & grace.

Ungrammatical, *a.*(અન્‌ગ્રામૅટિકલ્‌)વ્યાકરણની રીતથી ઉલટું. Not according to the rules of grammer.

Ungrateful, *a.* (અન્‌ગ્રેટ્ફુલ્‌) ઉપકાર-પાડ નહી માનનાર ; નિમકહરામ; નાપસંદ. Not feeling thankful for favours ; unpleasing.

Unguarded, *a.* સંભાળ-ચોકસી વિનાનું ; અસાવધ. Not defended;negligent.

Unguent, *n.* (અન્‌ગ્વન્ટ્‌) લેપ, મલમ. A soft composition used for sores &c.

Unhallowed, *a.* (અન્‌હૅલોડ્‌)અપવિત્ર;દુષ્ટ. [Profane ; impure.

Unhandsome, *a.* (અન્‌હૅન્ડસમ) અસુંદર; કદરૂપું ; ગેરવાજબી. Not beautiful ; unfair.

Unhandy, *a.* (અન્‌હૅન્ડિ) અણુકિસબી ; [અનઘડ. Not skilful.

Unhappy, *a.* (અન્‌હૅપિ) અસુખી, દુ:ખી; કમનસીબ ; અમંગળ. Afflicted ; unfortunate ; calamitous.

Unharness, *v.t.* (અન્‌હાર્નેસ્‌) ઘોડાનો હાર્નિસ,સાજ વગેરે કાઢી લેવું. To loose from harness.

Unhealthy, *a.* (અન્‌હેલ્થિ) રોગી;બીમાર; રોગજનક ; નબળું. Wanting health ; insalubrious.

Uuheard, *a.* (અન્‌હર્ડ) ન સાંભળેલું; દાદ લીધા વિનાનું; અપ્રખ્યાત.—of, નવી તરેહનું.

Unheeded, *a.* ધ્યાન-લક્ષમાં નહી રાખેલું. Disregarded ; neglected.

Unhinge, *v.t.* (અન્‌હિન્જ)સાંધા-મિજાગરાં ઉખેડવાં; ડગમગતું કરવું. To take from the hinges; to render unstable.

Unholy, *a.* અપવિત્ર;નાપાક. Not consecrated ; impious.

Unhurt, *a.* હરકત-ઇજા થયા વગરનું. Free from injury.

Unicorn, *n.* (યુનિકૉર્ન) એક શિંગડાવાળું કલ્પિત જનાવર ; ગેંડો. An animal with one horn.

Unidiomatical, *a.* (અન્‌ઇડિઓમૅટિકલ્‌) બોલવાની ખાસ રીતથી ઉલટું.

Uniform, *a.* (યુનિફૉર્મ) એક જાત-તરેહનું; એક સરખું ; એક સરખો પોશાક ; લશ્કરી પોશાક. Not variable ; consistent. *n.* A dress of the same kind with others. (L. *unus* one).

Uuiformity, *n.* (યુનિફૉર્મિટિ) એક સરખાપણું;સમરૂપતા.Consistency;sameness ; resemblance. (L. *unus* one *forma* shape).

Unimpaired, *a.* નહી બગડેલું; સાબુત ; અણીશુદ્ધ. Not enfeebled by time; not diminished.

Unimpeachable, *a.* (અન્‌ઇમ્પીચબ્‌લ્‌) નિષ્કલંક;અદૂષણીય. Free from stain, or guilt.

Unimportant, *a.* (અન્‌ઇમ્પૉર્ટન્ટ્‌)અગત્યજરૂરનું નહી એવું. Not of great moment ; trivial.

Uninitiated, *a.* (અન્‌ઇનિશિએટેડ્‌) પૂરી રીતે દાખલ નહી કરેલું; મૂળતત્વથી અજ્ઞાત. Not initiated.

Uninjured, *a.* નુકશાન થયા વગરનું; સલામત. Not hurt.

Unintelligible, *a.* (અનઇન્ટેલિજિબ્‌લ્‌) સમજાય-સમજી શકાય નહી એવું ; દુર્બોધ. That cannot be understood.

Unintentional, *a.* (અન્‌ઇન્ટેન્શનલ્‌)નહી ધારેલું; અજાણતાં થએલું. Done or happening without design.

Uninteresting, *a.* (અન્‌ઇન્ટરેસ્ટિંગ્‌) રસ પડે નહી એવું; ખુશ કરે નહીં એવું. Not exciting interest.

Union, *n.* (યુનિઅન્) સંયોગ, એક્યતા; સંપ; મેલાપ. Junction; harmony.

Unique, *a.* (યુનીક્) એકજ, અનન્ય; અપૂર્વ. One and no more; single.

Unison, *n.* (યુનિસન્) સુર-સ્વરનો મિલાપ; એકતાર. Perfect agreement in pitch of two or more musical notes.

Unit, *a.* (યુનિટ્) એક; એકમ. One; a word which denotes a simple thing.

Unitarion, *n.* (યુનિટેરિઅન્) પિતા, પુત્ર; અને પવિત્રાત્મા મળીને એક ઇશ્વર છે એવું મત નહી માનનાર.

Unite, *v.t.* (યુનાઇટ્) જોડવું, મેળવી દેવું; *v.i.* એક થવું; મળી જવું. To join into one; to become one.

Unity, *n.* (યુનિટિ) એકતા,એકપણું; અભેદ. Oneness; concord.

Universal, *a.* (યુનિવર્સલ્) સર્વમય, સર્વ; આખું; સાધારણ. Combined into one; whole; total.

Universe, *n.* (યુનિવર્સ) જગત, આલમ; સૃષ્ટિ.The whole system of created things; the world.

University, *n.* (યુનિવર્સીટિ) પાઠશાળા સમાજ, વિદ્યાલય-મંડળ. An institution for the purpose of instruction in all important divisions of science.

Unjust, *a.* (અન્જસ્ટ) અધર્મી; અન્યાયી; ગેરવ્યાજબી. Contrary to justice and right.

Unkind, *a.* (અન્કાઇન્ડ્) અકૃપાળું; નામેહેરબાન. Not benevolent; not favourable.

Unknown, *a.* (અન્નોન્) અજાણ્યું, ઓળખાણ વગરનું; અપ્રસિદ્ધ. Not known; not having communication.

Unlade, *v.t.* (અન્લેડ્) ભાર-બોજો ઉતારવો-ખાલી કરવો. To remove a burden.

Unlawful, *a.*(અન્લૉફુલ્)ગેરકાયદાનું; ધારા વિરૂદ્ધ; હરામનું. Not permitted by law.

Unlettered. *a.* (અનલેટર્ડ) વગર ભણેલો, અનક્ષર. Not learned; ignorant.

Unless, *conj.* (અનલેસ) શિવાય, નહીતો. Except; if not; supposing that.

Unlike, *a.* (અન્લાઇક્) સરખું નહી હોય એવું; જુદું. Dissimilar; having no resemblance. [Improbably.

Unlikely, *ad.* અસંભવિત, ન બને તેમ.

Unlimited, *a.* અપાર, અમર્યાદ; રીમા વગરનું;અમુક. Boundless;undefined.

Unlock, *v.t.*(અન્લૉક્)તાળું ઉઘાડવું,ખુલ્લું કરવું. To unfasten what is locked.

Unlovely, *a.* (અનલવલિ)સુંદર નહી તેવું, અપ્રીય. Not amiable.

Unlucky,*a.* (અનલકિ)કમનશીબ, અભાગ્યું. Miserable.

Unman, *v.t.* (અન્મેન્) નપુસક કરવું; હિંમત છોડાવવી; ઉજડ કરવું. To emasculate; to dishearten; to depopulate.

Unmanageable, *a.* (અન્મૅનજેબલ્) બેકાબર,બેહેકી ગએલું.Not controlable.

Unmannerly, *a.* (અન્મૅનર્લિ) અસભ્ય, કટંગુ. Rude in behavior.

Unmarried, *n.* (અન્મૅરીડ)નહી પરણેલું, કુંવારૂં.Having no husband or wife.

Unmask, *v.t.* (અન્માસ્ક્) બુરખો-વેશ કાઢી નાંખવો. To strip of a mask.

Unmindful, *a.* (અન્માઇન્ડફુલ્) કાળજીફીકર વિનાનું. Not heedful.

Unnatural,*a.* (અન્નેટચરલ્)અસ્વાભાવિક, સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ. Contrary to the laws of nature.

Unmoor, *v.t.* (અન્મુર્) લંગર ઉઠાવવું,-ઉચકવું. To loose from anchorage.

Unmoved, *a.* અચલિત; સ્થિર; અસર રહિત. Not moved; not affected.

Unnecessary, *a.* (અન્નેસસરિ)અગત્યનું,

નહી એવું ; નિરૂપયોગી. Needless ; useless. [નથી એવું.

Unobjectionable,*a.*જે વિષે તકરાર-વાંધો

Unobserved, *a.* જેનાપર કોઇની નજર પડી નહી હોય એવુ. Not noticed.

Unobstrusive,*a.* (અન્‌ઑબ્ટ્રુસિવ) વગર બોલાવે ધુસે નહી એવુંઃ શરમાળ. Not forward ; modest.

Unoccupied, *a.* ખાલી, નવરૂં. Not possessed ; being at leisure.

Unopposed, *a.* બિન અટકાવનું;જેના સામું કોઇ થયું હોય નહી એવું. Not meeting with any obstruction. [વગરનું.

Unorganised, *a.* રચનાર હિત ; ઇન્દ્રીઓ

Unostentatious, *a.* (અનઑસ્ટેન્ટેશ્યસ) ભભકા-ડોળ વગરનું. Not making show. [આપેલું વાળેલું.

Unpaid, *a.* (અન્‌પેડ્‌) નહીં ચુકવેલું,-

Unpalatable, *a.* (અન્‌પૅલૅટબ્લ્‌) ભાવે નહીં એવું, બેસ્વાદ. Disgusting to the taste-

Unparalleled, *a.* જેના સરખું બીજું કોઇ નહી હોય એવું; અનુપમ. Having no equal.

Unphilosophical,*a.* (અન્‌ફીલૉસૉફિકલ્‌) તત્વજ્ઞાન વિરૂદ્ધ. Contray to philosophy.

Unpleasant, *a.* (અન્‌પ્લેઝંટ્‌) ગમે-ખુશ લાગે નહી એવું, નાપસંદ; દુઃખદાયક. Not affording pleasure.

Unpolished, *a.* સફાઇદાર-ચકચકિત નહી તેવું. Not made smooth.

Unpopular, *a.* (અન્‌પૉપ્યુલર્‌) લોકોને અણગમતું ; અપ્રિય. Not having public favour .

Unprecedented,*a.* (અન્‌પ્રેસીડેન્ટેડ્‌)જેના જેવું આગળ નહી થએલું ; અપૂર્વ. Not preceded by a like case.

Unprejudiced, *a.* ન ભમાએલું, નિષ્પક્ષપાતી. Free from undue bias.

Unprepared, *a.* તૈયાર ન થએલું. Not ready.

Unpresumptuous, *a.* (અન્‌પ્રીઝમ્પ્ટયુઅસ્‌)તોર-ગર્વ વિનાનું. Modest ; submissive.

Unprincipled, *a.* એક નિશ્ચય-ઠરાવ વગરનું; દુરાચારી. Not having settled principles.

Unproductive, *a.* (અન્‌પ્રોડક્ટિવ)ફળવંત ન હોય તેવું, પાક ઉતરે નહી એવું; ગેરફાયદાનું; વ્યર્થ. Barren; not producing large crops.

Unpromising, *a.* (અન્‌પ્રૉમિસિંગ્‌) સારૂં નિવડશે એવી આશા નહી હોય તેવું. Not affording a favourable prospect of success.

Unpropitious, *a.* (અન્‌પ્રોપિશિઅસ્‌) નામુબારક ; અશુભ ; પ્રતિકુળ. Not favourable. [ed.

Unprotected, *a.*નિરાશ્રય.Not defend-

Unprovoked, *a.* ચિડવેલું-ખિજવેલું નહી તેવું. Not incited.

Unqualified, *a.* અયોગ, નાલાયક ; કેવળ. Not fit ; unconditional.

Unquestionable, *a.* (અન્‌ક્વેસ્ટ્યનબ્લ્‌) સંદેહ-શક રહિત ;-નિસ્સંય. Not to be doubted ; certain.

Unravel, *v.t.* (અન્‌રેવલ્‌) ગુંચ કાઢવી, છુંટું પાડવું.To disengage as threads.

Unreasonable, *a.* (અન્‌રીઝનબ્લ્‌) ગેરવાજબી ; અયોગ્ય ; અતીસેં. Not agreeable to reason ; exorbitant.

Unrefuted.*a.* ખોટું એમ નહી સિદ્ધ કરેલું; અખંડિત. Not proved to be false.

Unrelenting, *a.* (અન્‌રીલેન્ટિંગ્‌) કઠણ છાતીનું ; નિર્દય ; ધણું કરડું. Having no pity.

Unremitting, *a.* જારી રહેતું ; નિરંતર ; એક સરખું. Not relaxing for a time ; incessant.

Unreserved, *a.* (અનરીઝર્વ્ડ) સ્વાધીન ન રાખેલું, પૂરેપુરૂં; ખુલ્લાં મનનું; સાફ. Not retained ; full ; open.

Unresisting, *a.* (અન્રીઝિસ્ટિંગ્)સામું નહી થાય–અટકાવ ન કરે એવું. Submissive; humble.

Unrighteous, *a.* (અન્રાઇટીયસ્) અધર્મી, અન્યાયી ; દુષ્ટ. Not just ; wicked.

Unripe, *a.* (અન્રાઇપ્) કાચું, નહી પાકેલું; લીલું ; અધુરૂં. Not mature ; not seasonable.

Unrivalled, *a.* જેના જેવું બીજું કોઇ ન હોય તેવું; અનુપમ ; અપૂર્વ. Hving no competetor ; peerless.

Unroll, *v.t.* (અન્રોલ્) વિટાએલું છોડી નાંખવું; ઉકેલવું. To open what is rolled.

Unruffled, *a.* (અનરફ્લ્ડ) સ્થિર, શાંત. [Calm

Unruly, *a.* (અન્રૂલિ) વશ થાય નહી એવું, ફાટેલ. Turbulent ; ungovernable.

Unsanctified, *a.* અપવિત્ર, અશુદ્ધ. Not consecrated.

Unsatiable, *a.* તૃપ્ત ન થાય તેવું. Not [satisfied.

Unsatisfactory, *a.*બિન ખાતરીનું, અસંતોષકારી. Not giving content.

Unsavoury, *a.* (અનસેવરિ) બેસ્વાદ, અણગમતું; કંટાળો ઉપજાવે એવું. Tasteless; disgusting.

Unsay, *v.t.* (અન્સે) બોલેલું ખોટું કરવું, બોલ્યું પાછું થાય તેમ કરવું. To deny something declared.

Unscrew, *v.t.* પેચ કાઢવો, છુટું કરવું; To unfasten.

Unscriptural, *a.* (અન્સ્ક્રિપ્ટ્યુરલ્) શાસ્ત્રવિરૂદ્ધ. Not agreeable to the scriptures.

Uuscrupulous, *a.* (અન્સ્ક્રુપ્યુલસ્) ખોટું કરતાં આંચકો ખાય નહી એવું. Having no scruples.

Unsearchable' *a.* (અન્સર્ચેબલ્) શોધાય -તપાસાય નહી તેવું; અતર્ક્ય. That cannot be explored; mysterious.

Unseasonable, *a.* (અન્સીઝનબલ્) કવખતનું, અકાલિક ; મોડું. Untimely ; late.

Unseemly, *a.* (અન્સીમ્લિ) સારૂં ન દેખાય એવું, અયોગ્ય. Not fit or becoming.

Unseen, *a.* (અન્સીન્) ન જોયલું, અદ્રશ્ય Invisible ; not seen.

Unserviceable, કામ ન લાગે તેવું, નિરૂપયોગી. Useless.

Unsettled, *a.* બંદોબસ્ત-ઠરાવ વગરનું; અનિયમિત ; ઉજડ. Unfixed ; not established ; uninhabited.

Unshackled, *a.* (અન્શૅકલ્ડ) બેડી-બંધન વગરનું. Loosed from restraint.

Unsheathe, *v.t.* (અન્શીથ્)મ્યાનમાંથી બહાર કાઢવું. To draw from the scabbard.

Unsheltered, *a.* રક્ષણ વિનાનું; નિરાશ્રિત. [Not defended..

Unshod, *a.* (અન્શૉડ્) ઉઘાડા પગવાળું; નાળ નહી જડેલું. Having no shoes.

Unsightly. *a.* (અન્સાઇટલિ) આંખને ગમે નહી તેવું; બેડોળ. Disagreeable to the eye ; ugly.

Unskillful, Unskilled, *a.* અણકિસબી અકુશળ. Wanting skill.

Unsociable, *a.* (અન્સોશિયબલ્) મળતાવડું નહી એવું; અતડું. Reserved ; not suitable to society.

Unsolicited, *a.* નહી માગેલું, દરખાસ્ત નહી કરેલી એવું. Not requested ; not asked for.

Unsought, *a.* (અનસૉટ્) શોધ્યા વિનાનું. [Not searched for.

Unsound, *a.* (અન્સાઉન્ડ) ખોડવાળું, એબદાર ; નબળું; રોગી ; અશાસ્ત્ર ; દગાખોર ; ખોટું. Defective ; infirm ; not orthodox ; not honest.

Unsparing, *a.* (અન્સ્પેરિંગ્) કરકસરિયું નહી હોય એવું; કસર રાખે નહી એવું. Liberal ; profuse.

Unspeakable, *a.* કહેવાય-બોલાયનહીં તેવું; અવાચ્ય. That cannot be spoken or uttered.

Uninterrupted, *a.* હરકત, અટક્યા વગરનું અખંડ. Not disturbed by intrusion; not broken.

Uninviting ; *a.* જે ઉપર મન દોડે નહી એવું; અનાકર્ષક. Not inviting.

Unstable, Unsteady, *a.* ડગમગતું, અસ્થિર ; ચંચળ. Inconstant ; not fixed ; wavering.

Unstring, *v.t.* (અન્સ્ટ્રિંગ) દોરી છોડવી, નરમ પાડવું. To loosen.

Unstudied, *a.* અગાડીથી નહી વિચારેલું; સરળ. Easy ; not premeditated.

Unsubdued, *a.* ન જીતેલું, તાબે કરેલું નહીં; અજીત. Not brought into subjection ; not conquered.

Unsubstantial, *a.* (અન્સબ્સ્ટેન્શિઅલ્) જીવ-દમ વગરનું; પોકળ ; ખોટું. Not substantial ; not solid ; not real.

Unsuccessful, *a.* (અન્સક્સેસ્ફુલ્)ના ફતેહમંદ, નિષ્ફળ ; ના મુરાદ ; વ્યર્થ. Not producing the desired event.

Unsuitable, *a.* (અન્સ્યુટબ્લ્) નિરૂપયોગી, અયોગ્ય ; અઘટિત ; ના લાયક. Improper ; unfit ; not adapted.

Unsullied, *a.* (અન્સાલડ્) ડાઘ-કલંક વગરનું. Not stained ; not disgraced.

Unsurpassed, *a* વધારે ચઢતુ-સરસ નહી હોય તેવું. Not exceeded.

Unsuspected, *a.* શક-સંદેહ વગરનું. Not suspected.

Unsymmetrical, *a.* (અન્સિમેટ્રિકલ્) બરાબર પ્રમાણમાં નહી હોય એવું; કદરૂપું. Wanting due proportion of parts.

Unsystematical, *a.* (અન્સિસ્ટેમેટિકલ્) અવ્યવસ્થિત ; બંધારણ વગરનું. Not having regular order.

Untamable, *a.* (અન્ટેમબ્લ્) હળે નહી એવું, વશ કરી શકાય નહી તેવું. That cannot be tamed.

Untarnished, *a.* (અન્ટાર્નિશ્ડ) ડાઘ-કલંક વગરનું. Unblemished.

Untautght, *a.* (અન્ટૉટ્) નહી શિખેલું, અભણ. Illiterate.

Untenable, *a.* (અન્ટેનબ્લ્) પ્રતિ પાદન ન થાય એવું, ટકી-ચાલી ન શકે એવું;કબજામાં રાખી ન સકાય એવું. That cannot be possessed.

Unthankful, *a*, (અન્થૅંકફુલ્) ઉપકાર નહી જાણનાર-માનનાર ; કૃતઘ્ન. Not making acknowledgements for goods received.

Unthinking, ' અવિચારી, અવિવેકી. Thoughtless ; not heedful.

Untidy, *a.* (અન્ટાઇડિ) ચોખ્ખું-ઠીકઠાકનહી. એવું; અવ્યવસ્થિત. Not in good order

Untie, *v.t.* (અન્ટાઇ) છોડવું, બંધ ખોલવો. To loosen ; to unbind.

Until, *prep.* (અન્ટિલ્) જ્યાં-ત્યાં સુધી-લગી. To the point or place of ; to the degree that.

Untilled, *a.* નહી ખેડેલું, પડતર. Not cultivated.

Untimely, *a.* (અન્ટાઇમ્લિ)કવખતનું, અકાલિક.Happening before the usual time ; premature.

Untiring, *a.* થાકે નહી એવું. Not becoming exhausted.

Unto, *prep.* (અન્ટુ) સુધી, તલીક ; ને. To.

Untouched, *a.* (અન્ટચ્ડ) જેને કાંઇ અડક્યું —લાગ્યું નહી હોય એવું; બિન અસરતુ Not reached ; not moved.

Untractable, મમતી, હરકત પાડે એવું. Perverse ; troublesome.

Untrained, *a.* કેળવાએલું-શિખેલું નહી. Not disciplined ; not educated.

Untrodden, *a.* (અન્ટ્રૉડન) જેના ઉપર કોઇ ચાલ્યું ગયું ન હોય તેવું; નહી ચંપાએલું. Not passed over ; not marked by the feet.

Untrue, *a.* (અન્ટ્રુ) અસત્ય, ખોટું; બેવફા; ચલિત. False; not faithful; inconstant.

Untruth, *n.* (અન્ટ્રુથ્) અસત્ય, જુઠું. Falsehood; want of veracity.

Untwine, *v.t.* (અન્ટવાઇન) ઉકેલવું, વીંટા એલું; છોડવું. To disentangle; to open.

Unusual, *a.* (અન્યુઝયુઅલ્) અસાધારણ, બે રિવાજ, અલૌકિક. Not common;

Unvanquished, *a.* (અન્વૅન્કિવસ્ડ) ન જીતા એલું, અજીત. Not conquered.

Unvaried, *a.* (અન્વેરીડ્) ફેરફાર નહી થ એલું, એક સરખું. Not diversified.

Unvarnished, *a.* રોગાન, વારનીસ ચઢાવ્યા વગરનું. Not overlaid with varnish

Unveil, *v.t.* (અન્વલ્) બુરખો-ઘુમટો કાઢવો; ભેદ બતાવવો. To remove a veil from; to disclose.

Unversed, *a.* માહિતી વગરનું. Not skilled; unacquainted. [corrupted.

Unvitiated, *a.* નહી બગાડેલું. શુદ્ધ. Not

Unwarped, *a.* અદલ-ઇનસાફી. Impartial.

Unwarrantable, *a.* સત્તા-અખત્યાર-પરવાનગી વગરનું; ગેરવાજબી. Not justifiable.

Unwarry, *a.* (અન્ઉએરિ) અસાવધ, ગાફેલ. Not cautious; not vigilant.

Unwavering, *a.* દૃઢ, સ્થિર. Firm; not flactuating.

Unweaned, *a.* ધાવણ નહી મૂકાવેલું;

Unwearied, *a.* નહી થાકેલું; અશ્રમિત; Not fatigued; indefatigable.

Unwelcome, ના ખુશકારક, નહી માન આપેલું. Not pleasing; not well received.

Unwell, *a.* જીવને કરાર-સુખ નહી હોય એવું; માંદું. Indisposed; not in good health

Unwholesome, *a.* (અન્હોલ્સમ) રોગકારક, પ્રકૃતિને બગાડે એવું; માઠું. Insalubrious; unfavourable to health.

Unwildy, *a.* (અન્ઉઇલ્ડિ) ઘણું ભારે-વજનદાર. That is moved with difficulty; bulky.

Unwilling, *a.* નાખુશ, નારાજ. Disinclined; reluctant.

Unwise, *a.* (અન્ઉઆઇઝ) ઘેલું, અવિચારી; મૂર્ખ. Defective in wisdom.

Unwittingly, *ad,* ભૂલથી, અજાણતાં; Ignorantly.

Unwonted, *a.* ધારા પ્રમાણે ન હોય એવું; અસાધારણ. Infrequent; unusual.

Unworthy, *a.* (અન્વર્ધિ) અયોગ્ય, અઘટિત. Not deserving; unbecoming

Unwrought, *a.* (અન્રૉટ્) નહી બનાવેલું, વગર આકારનું. Not manufactured.

Unyielding, *a.* (અન્યીલ્ડિંગ્) હઠીલું, વશ થાય નહી એવું. Obstinate; not giving place.

Unyoke, *v.t.* (અન્યોક) જુસરીએથી છોડવું. To free from a yoke; to disjoin.

Up, *pre. ad.* (અપ્) પર, ઉપર, ઉંચે; જાગીઉઠેલું, પાસે. (p. to, સુધી, લગી; up & down, આમ તેમ; ઉપર નીચે; અગાડી પછાડી.) Aloft; out of bed; from a lower to a higher place.

Upbraid, *v.t.* (અપ્બ્રેડ્) ઠપકો દેવો; બદનામી મુકવી. To chide; to bring reproach on.

Upheave, *v.t.* (અપ્હીવ) નીચેથી ઉંચું કરવું; To lift up from beneath.

Uphill, *a.* (અપ્હિલ્) કઠણ, મુસ્કેલ. Difficult.

Uphold, *v.t.* (અપ્હોલ્ડ) ઉંચુ ધરી રાખવું, ટેકો આપવો; બહાલ રાખવું. To lift on high; to support; to sustain.

Upholsterer, *n.* (અપ્હોલ્સ્ટરર્) બિછાના, પડદા વગેરે સામાન પુરો પાડનાર. One who furnishes houses with beds, curtains, &c.

Upland, *n.* (અપ્લૅન્ડ) ઉંચી સુકી જમીન. High land which is generally dry.

Uplift, *v.t.* (અપ્લિફ્ટ્ ઉચકવું; To raise aloft.

Upon, *prep.* (અપૉન્) પર, ઉપર; ઉપરથી; લીધે; વિષે; બાબે. On the surface of; near to; relating to.

Upper, *a.* (અપર્) ઉપરનું, ચઢતું; શ્રેષ્ટ. Higher in place; superior in dignity.

—hand, *n.* ઉપરીપણું; Ascendency.

—most, *a.* બધાંથી ઉપરનું-ઉપલું. Highest in place, rank or power.

Upright, *a.* (અપ્રાઇટ્) સીધું, ટટાર; પ્રમાણીક; વ્યાજબી. Erect; straight up; Honest; just.

Uproar, *n.* (અપ્રોર્) શોર, કલાબકોર. Violent disturbance and noise.

Upset, *v.t.* (અપ્સૅટ્) ઉંધું નાંખવું-વાળવું To set upside down; to overturn.

Upshot, *n.* (અપ્શૉટ્) પરિણામ, ફળ; છેવટ. Final issue.

Upstart, *n.* (અપ્સ્ટાર્ટ) આજ કાલનો પૈસાદાર, એકાએક શ્રીમંત થએલો. One that suddenly rises from low life to wealth, power or honour.

Upward, *a.* (અપવર્ડ) ઉંચેનું, ઉપરની તરફ; ઉંચે; કરતાં; વધારે. Toward a higher place; to the higher part; more than.

Urbane, *a.* (અરબેન) સભ્ય, વિવેકી; Polite; elegant in manners.

Urbanity, *n.* (અરૅબનિટિ) સભ્યતા, સુજનતા. Civility, elegance of deportment.

Urchin, *n.* (અર્ચિન્) પોર્યું, છોકરૂં. A child or small boy, used jocosely or in contempt.

Urge, *v.t.* (અર્જ) ફરજ પાડવી, તાકીદ કરવી; ધકેલવું; આગ્રહ કરવો. To impel, to press; to push; to press the mind or will.

Urgency *n.* (અર્જન્સિ) આગ્રહ, તાકીદ; અગત્ય. Importunity.

Urgent, *a.* (અર્જન્ટ) જરૂરનું, આગ્રહી; અગત્યનું. Importunate; pressing.

Urine, *n.* (યૂરિન) મૂત્ર, પેશાબ. *v.i.* મૂતરવું; પેશાબ કરવો. An animal fluid secreted by the kidneys.

Ureter, *n.* (યુરેટર્) જે નળીદ્વારે મૂત્ર પિંડ માંથી મૂત્રાશયમાં મૂતર જાય છે તે.

Urinal, *n.* (યુરિનલ્) મૂત્રદાની. A vessel for urine.

Urinary, *n.* (યુરિનરિ) પિશાબખાતું.

Urn, *n.* (અર્ન) પાણી ભરવાનું એક વાસણ-ચંબુ; ચિતા ભસ્મ પાત્ર. A vessel for water, like the pitcher.

Ursa Major, *n.* સપ્તઋષિ; Ursa, રીંછ.

Us, *pron.* (અસ્) આપણને, હમને.

Usage, *n.* (યૂસેજ) રિવાજ, રવૈયો; વર્તણુક. Custom; habit; behaviour.

Use, *n.* (યૂસ) ઉપયોગ, ખપ; કામ. *v.t.* કામમાં-ઉપયોગમાં લાવવું; કામે લગાડવું; સાથે વર્તવું, ચાલવું. *v.i.* બાહવરો-ચાલ હોવો. Appication; service; utility. *v.t.* to employ; to treat; to be used to.

Useful, *a.* (યુસફુલ્) ઉપયોગી, કામનું. Adapted to the purpose; advantageous.

Useless, *a.* (યુસલેસ) નિરૂપયોગી, નકામું. Worthless; being withut use.

Usher, *n.* (અશર્) ચોબદાર, નકીબ; દ્વારપાળ; ઉપશિક્ષક. *v.t.* ઓળખાણ-ભેટ કરાવવી; દાખલ કરાવવું. An inferior officer in some English court of law; an under-teacher; a door-keeper. *v.* to give entrance to.

Usual, *a.* (યુઝ્યુઅલ્) હમેશનું, શિરસ્તા-વ હિવટ પ્રમાણેનું. Customary; ordinary.

Usurp, *v.t.* (યુઝર્પ) જબર દસ્તીથી લેઇ લેવું; પચાવી-દબાવી પડવું. To seize & hold by force without right.

Usurpation, *n.* (યુઝર્પેશન્) બળાત્કારે-વિના હક છીનવી લેવું તે. Forcible illegal seizure or possession.

Usurper, *a.* (યુઝર્પર્) પચાવી-દબાવી પડનાર; અપહરણ કરનાર. One who usurps.

Usury, *n.* (યુઝ્યુઅરિ) ઘણું ભારે ગેરવ્યાજબી; વ્યાજ. Illegal and higher interest. (L. *utor* I use).

Usurer, *n.* (યુઝ્યુરર્) વ્યાજવટું કરનાર, ભારે વ્યાજ ખાનાર. One who takes exorbitant interest.

Utensil, *n.* (યુટન્સિલ્) વાસણ, વાસણ કૂસણ; ઓજાર. Vessels for the kitchen; an implement-. (L.*utor*).

Uterus, *n.* (યુટેરસ્) ગર્ભસ્થાન, કમળ. The womb.

Uterine, *a.* (યુટરાઇન્) ગર્ભસ્થાન સંબંધી; જેની મા એક ને બાપ જુદો હોય તે. Belonging to the womb; born of the same mother but of different fathers. (L. *uterus* womb).

Utility, *n.* (યુટિલિટિ) ઉપયોગ, ફાયદો; કામ. Usefulness. (L. *utor* I use).

Utilitarianism, *n.* ઉપયોગીપણું એજ નીતિ એવો જે મતછે તે. The doctrine that utility is the sole standard of morality.

Utilise, *v.t.* (યૂટિલાઇઝ્) ઉપયોગી કરવું, લાભ મેળવવો; ગુણ થાય એમ કરવું. To render useful. (L. *utor*).

Utmost, *a.* (અટ્મોસ્ટ) સૌથી છેલ્લું, ઘણું જ-બેહદ; આખરે, છેવટે. Extreme; most distant.

Utopian, *a.* (યૂટોપિઅન્) કલ્પિત, મૂળ વગરનું. Ideal; not well-founded.

Utter, *v.t.* (અટર્) બોલવું, જાહેર કરવું; વેચવું. To speak; to divulge; to vend.

Utterance, *n.* ઉચ્ચાર, બોલવાની શક્તિ-રીત, ઢબ. Pronunciation; manner of speaking.

Utter, *a.* (અટર્) અતિશય, બીલકુલ; ઘોર; કેવળ. Excessive; complete; absolute; mere.—ly, *ad.* બિલકુલ, તમામ; To the full extent; perfectly.

Uxorious, *a.* (અક્સોરિઅસ્) પ્યારથી સ્ત્રીને અતિશય આધીન થઇ રહેલો; બાયલો. Excessively fond of one's wife. (L. *uxor*, a wife).

V.

V. ઇંગ્રેજી મૂળાક્ષરનો ૨૨ મો અક્ષર. વ.

Vacancy, *n.* (વેકન્સિ) ખાલી પડેલી જગા, સુન્યતા; ફુરસદ; વકાસ. Empty space; a vacant office. (L. *vaco* I am empty).

Vacant, *a.* (વેકન્ટ) ખાલી, સૂનું. Empty; [void.

Vacate, *v.t.* (વેકેટ) ખાલી કરવું, છોડી જવું. To make void; to quit possession of. (L. *vaco*).

Vacation, *n.* (વેકેશન્) રદ-બાતલ કરવું તે, છુટી; રજા. Intermission; recess.

Vaccinate, *v.t.* (વૅક્સિનેટ) શિતળા કાઢવા. To inoculate with cow-pox. (L. *vacca* cow).

Vaccination, *n.* (વૅક્સિનેશન્) શિતળા કાઢવાતે. Inoculation with cow-pox.

Vaccinator, *n.* શિતળા કાઢનાર.

Vaccine, *n. a.* (વૅક્સિન્) ગાયનો ચેપ. Matter derived from a cow.
Vacillate, *v.i.* ઢચુંપચું હોવું. To waver.
Vacuity, } *n.* ખાલી જગા, પોકળી ; શૂન્ય-
Vacuum } તા. Emptiness; space unfilled.
Vagabond, Vagrant, *n.* (વૅગૅબૉન્ડ) ભટકનાર, રખડનાર. A wanderer. (L. *vago* I wander). [whim; freak.
Vagary, *n.* (વેગેરિ) લ્હેર, તુરંગ ; ફાંટો. A
Vagrancy, (વૅગ્રન્સિ) ભટકવું-રખડવું તે. A state of wandering.
Vagrant, *a. n.* (વેગ્રન્ટ) રખડનાર, ભટકનાર. A wanderer.
Vague, *a.* (વેગ) મોઘમ, અનિશ્ચિત. Unsettled.—ness, *n.* મોઘમપણું. (L. *vagus* vague).
Vail, *n.* (વેલ્) પડદો, આંતરો ; બુરખો. Covering; a cover to conceal the face. *v*- સંતાડવું, છુપાવવું; બુરખો નાંખવો.
Vain, *a..* (વેન્) ફોગટ, ખાલી ; નિરર્થક. Empty; worthless.—glorious, *a,* શેખીખોર;—glory, *n.* બડાઈ; પતરાજ.
Vale, *n.* (વેલ્) ખીણ, ખિંડ. A hollow between hills. [A farewell.
Valediction, *n.*(વૅલીડિકશન્) છેલ્લી સલામ.
Valet, *n.* (વૅલેટ્) ચાકર, ખીદમતદાર. A gentleman's servant.
Valetudinarian, *n.* (વૅલીટ્યુડિનેરિયન્) જન્મરોગી. Sickly. (T. *valeo* I am strong).
Valiant, *a.* (વૅલિયન્ટ) બહાદુર, પરાક્રમી. Brave; courageous. (L. *valeo* I am strong).
Valid, *a.* (વૅલિડ્) પાકું, મજબુત ; ખરૂં Strong; weighty. (L. *valeo*).
Validity, *n.* (વૅલિડિટિ) ખરાપણું, મજબુતી. Justness; strength.
Valley, *n.* (વૅલી) ખીણ, ખો ; મેદાન. A hollow between hills; lowground
Valour, *n.* (વૅલર્) પરાક્રમ ; બહાદુરી. Bravery; courage. (L. *valeo* I am strong).
Valorous, *a.* શૂરો, બહાદુર. Brave.
Valuable, *a.*(વૅલ્યુએબ્લ્) કીંમતી, મુલવાન. Having value; worthy.
Valuation, *n.* (વૅલ્યુએશન્) કિંમત કરવી; આંકવું. Estimated worth.(L. *valeo* I am strong).
Value, *n.* (વૅલ્યુ) ઉપયોગીપણું, કીંમત ; મુળ ; વજન. Worth; price; importance. *v.* કીંમત કરવી;માનવું;ગણવું; આંકવું. To esteem; to prize highly; to consider. (L. *valeo*).
Valueless, *a.* કિંમત વિનાનું. Being of no value. [folding-door.
Valve, *n.* (વૅલ્વ) બે પડવાળું બારણું. A
Vampire, *n.* (વૅમ્પાયર્) વૈતાલ ; રાક્ષસ. An imaginary demon.
Van, *n.* (વૅન્) આગલો ભાગ; મોખરો. The front of an army.—guard, *n.* લશ્કરની મોખરે જનાર ટુકડી.
Vane, *n.* (વેન) વાયુગતિ દર્શક યંત્ર.
Vanish, *v.i.* (વૅનિશ્) જતાં રહેવું, ન દેખાવું; મટી જવું. To disappear; to pass away. (L. *vanus* empty).
Vanity, *n.* (વૅનિટિ) ગર્વ, પતરાજી; છાલકાપણું. Emptiness; ostentation; idle show (L. *vanus* vain).
Vanquish, *v.t.* (વૅન્ક્વિશ્) જીતવું. હરાવવું. To defeat (L. *vinco* I conquer).
Vantage, *n.* લાભ, ફાયદો ;—ground, *n,* ગુણ થાય એવી જગ્યા-સ્થિતિ.
Vapid, *a.*(વેપિડ્) દમ-જીવ વિનાનું. Dead; spiritless.
Vapidity, *n.* દમ વિનાનું હોવું તે. Deadness.
Vapour, *n.* (વેપર્) બાફ, વરાળ ; ધુમાડો. Fume; steam; smoke *v.* ખોટી બડાઈ હાંકવી. To brag,. (L. *vapor*).
Vaporous, Vapory, *a.* બાફવાળું. Full of vapours.

Variability n, અસ્થિરપણું Inconstancy.

Variable, a, (વેરિએબલ્) ફેરફાર થવાજોગ;અસ્થિર.Changeable;inconstant. —ness,અસ્થિરપણું.(L.*varius*).

Variance, , n. (વેરિયન્સ) તફાવત, અંતર. Differenc. [tion.

Variation, n. . ફેરફાર, તફાવત Altera-

Variegate, v.t. (વેરિયેગેટ) ચિત્ર વિચિત્ર-તરેહવાર કરવું. To diversify in external appearance (L. *varius*).

Variety, n. (વેરાયેટિ)ચિત્ર વિચિત્રપણું; તરેહ ; પ્રકાર. Diversity ; difference.

Various, a. (વેરિયસ્) તરેહ તરેહનું; નાના પ્રકારનું. Several ; manifold.

Varnish, n.(વાર્નિશ્)રોગાન A glossy liquid substance. v.રોગાન લગાડવો.

Vary, v.. (વરિ) ફેરવવું-ફરવું ; બદલવું-બદલાવું. To change ; to alter ; to disagree. (L.*varius* spotted).

Vase, n. (વેઝ) વાસણ. A vessel.

Vassal, n. (વૅસલ્) રૈયત, તાબેદાર ; ગુલામ. A subject ; a slave.—age, n. તાબેદારી ; ગુલામી.

Vast, a, (વાસ્ટ) વિશાળ, મોટું; વિસ્તિર્ણ. Great ; extensive.—ly, *ad.* ઘણુંજ, અતિશય.

Vat, n. (વૅટ્) મોટું પીપ. A large vessel. [tion.(L. *vates* proper).

Vaticination, n. અગમચેતી. Predic-

Vault, n. (વૉલ્ટ) ઘુમટ, ભોંયરૂં ; કુદકો. An arch ; a cellar. v. કુદકો મારવો.

Vaunt, n. (વૉન્ટ) બડાઈ, ફિસિયારી. Boast. v.બડાઈ-ફિસિયારી કરવી.

Veal, n. (વીલ્) વાછરડાનું માંસ. The flesh of a calf.

Veer, v. (વીયર્)ફરવું,બદલાવું. To turn.

Vagetable, n. a. (વૅજીટેબલ્) વનસ્પતિ; શાકભાજી.A plant.(L.*vigeo* I grow).

Vegetate, v.i. (વેજીટેટ્) ઉગવું, ફણગો ફુટવો. To grow ; to germinate.

Vegetation, n. ઉગવું તે, ઝાડપાન ; વનસ્પતિ. Growth of plants.

Vehemence, n. (વીહીમેન્સ) જોર, બળ ; ઝપાટો. Force ; violence ; ardour.

Vehement, a. (વીહીમેન્ટ) જોર-વેગવાળું; જબરૂં. Ardent ; furious.

Vehicle, n. (વીહિકલ્) વાહન, ગાડી ; રથ. A carriage ; conveyance. (L. *veho* I carry).

Veil, n. See Vail

Vein, n, (વેન્) નસ, નાડી ; રગ ; રસ્તો ; માર્ગ ; સ્વભાવ. A vessel which receives blood from the arteries and returns it to the heart ; course ; humour. (L. *vena*).

Velocity, n. (વીલૉસિટિ) વેગ, ગતિ, ત્વરા. Swiftness ; speed. (L. *velox*).

Velvet, n. (વેલ્વેટ્) મખમલ. A rich stuff.

Venal, (વીનલ્) લાંચખાઉ, લાલચુ; વેચાણિયું. Mercenary ; purchased. (L. *venus* sale).

Vend, v.t. (વેન્ડ) વેચવું, વકરો કરવો. To sell;—or, n, વેચનાર;—ee, n,ખરીદદાર ;—ible, a. વેચાય એવું. That may be sold. (L. *venum*).

Venerable, a. (વેનેરેબલ્) પૂજ્ય, માન આપવા લાયક. Worthy of veneration.

Venerate, v.t. (વેનરેટ્) માન આપવું; પૂજવું. To revere ; to regard with respect.

Veneration, n. (વેનેરેશન્) Respect mingled with awe.

Venereal, a. (વીનીરિયલ્) સ્ત્રી સંભોગ-મૈથુન સંબંધી ; ગરમીનું. Relating to sexual intercourse. (L. *venus* the godess of love).

Venery, n. મૈથુન, સ્ત્રી સંભોગ. Sexual intercourse. [ફરેડી;

Venetian, n. (વીનીશ્યન્) (બારી-બારણાની.

Vengeance, n. (વેન્જ્યન્સ) વેર ; બદલો ;

પ્રતિકાર. Penal retribution. (L. *vindico* I avenge). [Vindictive.

Vengeful, *a.* (વેન્જફુલ્) ખારીલું, અદેખું.

Venial, *a.* (વીનિયલ્) ક્ષમા-માફી કરવા જોગ Excusable. (L. *venia* pardon).

Venison, *n.* (વેન્ઝન્) હરણનું માંસ. Flesh of deer. (L. *venor* I hunt).

Venom, *n.* (વેનમ્) ઝેર, વિખ. Poison;—ous, *a.* ઝેરી. Poisonous.

Vent, *n.* (વેન્ટ) રસ્તો, વાટ; બારણું. A passage for air; an aperture. *v.* બહાર કાઢવું; છોડી મુકવું. To discharge

Ventilate, *v.t* } (વેન્ટિલેટ્) હવા-પવ
Ventilation, *n.* } (વેન્ટિલેશન્) ન જાય તેવું કરવુ. To cause the air to pass through. (L. *ventus* wind).

Ventilator, *n.* પવન આવવા જવા સારૂં કરેલી યુક્તિ.

Venture, *v.t. v.i.* (વેન્ચ્યર્) જોખમમાં નાંખવું-પડવું; હિંમત હોવી. To hazard; to dare. *n.* જોખમ કામ માથે લેવું તે; નશીબ. Hazard; chance. (L. *venio* I come).

Venturesome } *a.* બહાદુર, સાહસિક.
Venturous } Bold; daring.

Venus, *n.* (વીનસ્) રતિ, કામદેવની સ્ત્રી; શુક્ર. Goddess of love; a planet.

Veracious, *a,* (વીરેશ્યસ્) સત્યવાદી; સાચું. Habitually disposed to speak truth. (L. *verus* true).

Veracity, *n.* (વીરૅસિટિ) સચ્ચાઇ; સાચવટ. Truthfulness.

Veranda, *n.* (વીરૅન્ડૅ) ઓટલો; ઓસરી. An open portico.

Verb, *n.* (વર્બ) ક્રિયાપદ. The word which affirms.(L. *virbum* a word)

Verbal, *n.* (વર્બલ્) મ્હોડાનું, લખેલું નહી તેવું.Oral;not written;--ly,*ad.*મ્હોડેથી

Verbatim, *ad.* શબ્દે શબ્દ. Word for word.

Verdant, *a.* (વર્ડન્ટ) લીલું, હરિયાળું. Green; fresh. (L. *vireo* to be green).

Verdict, *n,* (વર્ડિક્ટ) ફેંસલો, નિકાલ; ઠરાવ. Judgment; decision. (L. *verus* true, *dico* I say).

Verdigris, *n.* (વર્ડિગ્રિસ્) જંગાલ, મોરથુથુ. Rust of copper.

Verdure, *n.* (વર્જ્યર-વર્ડ્યુર્) લીલોતરી. Freshness.(L. *vireo* to be green)

Verge, *n.* (વર્જ) કિનાર, કોરણ; દંડ; છડી. Edge; brink; mace. *v.* ઢળવું—ઝુકી રહેવું; છેડે આવી રહેવું. To incline; to border upon.

Verification, *n.* (વેરિફિકેશન્) ખરૂં કરી આપવું તે Act of verifying.

Verify, *v.t* (વેરિફાઇ) ખરૂં કરી આપવું; સાબિત-સિદ્ધ કરવું. To prove true; to confirm. (L. *verus* true, *facio* I do).

Verily, *ad.* ખરેખર; ખચિત. Truly.

Verity, *n.* (વેરિટિ) ખરાપણું, સાચાઇ. Truth; realty. (L. *verus* true).

Vermilion, *n.* (વર્મિલિયન્) હિંગલોક. A beautiful red colour.

Vermin, (વર્મિન્) કીડીમંકોડી; જીવાત. Any small noxious animal.

Vernacular, *a.* (વર્નૅક્યુલર્) જન્મનું, સ્વદેશી. Native; natural. (*verna* home born slave).

Vernal, *a.* (વર્નલ્) વસંતરૂતુનું; તરૂણાવસ્થાનું. Belonging to spring or youth. (L. *ver* spring).

Versatile, *a.*(વર્સૅટાઇલ્) ચંચળ, અસ્થિર. Changeable; variable. (L. *verto* I turn).

Versatality, *n.* ચંચળતા; ચપળતા.

Verse, *n.* (વર્સ) કવિતા, શ્લોક; ચરણ. Poetry; stanza (L. *verto* I turn).

Versid, *a.* કાબેલ, હોંશીયાર. Skilled

Versification, *n.* (વર્સિફિકેશન્) કાવ્ય-પદ્ય રચના. Art of making verses.

Versify, *v.t.* (વર્સિફાઇ) કવિતા રચવી, પદ બાંધવાં. To make verses.
Version. *n.* (વર્શન્) તરજુમો, ભાષાંતર. Translation (L. *verto* I turn).
Versus, *pre.* સામુ.
Vertibra, *n.* (વર્ટીબ્રે) બરડાના કાંઠા, હાડકામાંનો સાંધો. A joint of the spleen. (L. *verto* I turn).
Vertex, *n.* (વર્ટેક્સ) માથું, શિખર ; ટોચ. Top of any thing; the zenith.
Vertical, *a.* (વર્ટિકલ્) શિરોબિંદુનું; માથાપરનું. Pertaining to the zenith.
Vertigo, *n.* (વર્ટીઇગો) તમ્મર; ભમરી; ચક્કર. Giddiness.
Very, *a.* (વેરિ) ખરૂં ; સત્ય ; ફક્ત ; કેવલ True; real *ad.* ઘણું, બહુ. In a great degree.
Vesicle, *n.* (વેસિકલ) ફોલ્લી; ફોલ્લો. A small bladder.(L. *vesica* bladder)
Vespers, *n.* શુક્રનોતારો; સંધ્યાકાળ.
Vessel, *n.* (વેસલ્) વાસણ; પાત્ર; નાડી; વાહાણ. A small vase; ship.(L.*vasio*).
Vest, *n.* (વેસ્ટ) પોસાક; જામો; અંગરખો. An outer garment. *v.* વસ્ત્ર-લુગડાં પહેરાવવાં; હક્ક આપવો To cloth; to put in possession.(L.*vestis* garment)
Vestibule, *n.* (વેસ્ટિબ્યુલ) દેવડી; પરસાળ; ઓરડો. The porch or entrance of a house. (L. *vestibulum*, *ve* not, *stabulum* a standing place).
Vestige, *n.* (વેસ્ટિજ) ચિન્હ; નિશાની; પગલું. A mark ; trace ; footstep. (L. *vestigo* I track).
Vestment, } *n.* જબ્ભો; લેબાશ; પોશાક;
Vesture } જામો. A garment ; a robe. (L. *vestis*).
Vetch, *n.* (વેચ્ચ) મઠ, અડદ મસુર વીગેરે. A plant. (L. *vicia*).
Veteran, *n. a.* (વેટેરન્)ઘડાઇને પાકું થયેલું; અનુભવી. Long practised or experienced. (L. *veteris* old).

Veterinary, *a.* (વેટેરિનેરિ) જનાવરના વૈદ્ય સંબંધી. Relating to the art of healing diseases in domestic animals. (L. *veho* I carry).
Veto, *n.* (વીટો) નાપાસ-નામંજુર કરવાનો અભિપ્રાય; મનાઈ. Any authoritative prohibition. *v.* નામંજુર કરવું. To disallow. (L. *veto* I forbid).
Vex, *v.t.* (વેક્સ) ચીડવવું,ખીજવવું; ઈજા કરવી. To torment; to haress. (L. *vexo*).
Vexation, *n.* (વેક્સેશન) ઇતરાજી, દુખ, ઉપદ્રવ. Annoyance; trouble.
Vexatious, *a.* (વેક્સેશ્યસ્) દુઃખ દાયક; ચીડ ચડે તેવું.Harassing;troublesome.
Via, *a.* (વાયા) રસ્તે, થઇને.
Vial, *n.* (વાયલ્) શીશી ; બાટલી. A small bottle.
Viand, *n.* (વાયન્ડ) મિષ્ટાન્ન; ખાવાનું. Food (L. *vivo* I live).
Vibrate, *v.t.* (વાઇબ્રેટ) લટકવું; ઝોલાખાવા. To oscillate. (L. *vibro*).
Vibration, *n.* (વાઇબ્રેશન્) ઝોલો; લોલ. Act of vibrating.
Vice, *n.* (વાઇસ) દુર્ગુણ ; દુર્વ્યસન; અનીતિ; એબ. Depravity ; wickedness ; immoral conduct; defect. *a.* નહાનું; ઉપ;—gerent, *n.* પ્રતિનિધિ; નાયબ.
Viceroy, *n*- (વાઇસરૉય) રાજાનો પ્રતિનિધિ; સૂબો. One who governs in place of a king.—alty, *n.* સૂબાગીરી. (L. *vicis* town, *rex* a king).
Vicinity, *n.* (વિસિનિટિ) પડોશ; પડોશની જગા. Neighbourhood (L.*vicinus*).
Vicious, *a.* (વિશ્યસ્) વ્યસની ; દુર્ગુણી. Wicked ; corrupt.
Vicissitude, *n.*(વિસિસિટયુડ)નિયમિત ફેરફાર ; અનુક્રમ ; ઉથલ પાથલ. Regular change ; revolution. (L. *vicis* change).
Victim, *n.* (વિક્ટિમ્) ભોગ ; ભક્ષ ; બળીદાન. A sacrifice. (L.*vincio* I bind)

Victor, *n.* (વિક્ટર્) જીતનાર; હરાવનાર. A conqueror. (L. *vinco* I conquer).

Victorious, *a.* (વિક્ટોરિયસ્) જય-ફતેહ મેળવનાર. Conquering.

Victory, *n.* (વિક્ટરિ) જય; ફતેહ; જીત. Conquest; success.

Victual, *n.* (વિટલ્સ) ખાણું; ખાવાનું; અન્ન. Food. (L. *vivo* I live).

Vie, *v.i.* (વાઈ) બરોબરી કરવી. To strive.

View, *v.t.* (વ્યુ) જોવું; તપાસવું; વિચારમાં લેવું. To survey; to inspect. *n.* વિચાર; નજર; અવલોકન. Servey; sight. (L. *video* I see).

Vigil, *n.* (વિજીલ્) જાગરણ; ઉજાગરો. A waking; watch. (L. *vigil* on the watch).

Vigilance, *n.* (વિજીલન્સ) હોંશીયારી; જાગરૂતી; ચોકશી. Watchfulness.

Vigilant, *a.* સાવધ, હોંશીયાર; સાવચેત. watchful. (L. *vigil*).

Vigour, *n.* (વિગર્) બળ, કૈવત; તેજ; ઉત્સાહ; હોંસ. Force; energy. (L. *vigor*). [Strong.

Vigorous, *a.*(વિગરસ્) જબરૂં, જોસ્સાવાળું.

Vile, *a.* (વાઈલ) નીચું, અધમ, ખરાબ. Base; mean; wicked.

Vilify, *x.* (વિલિફાઇ) માન ઉતારવું; ગાળ ચઢાવવું. To debase; to defame.

Villa, *n.* (વિલૅ) શેહેરના કોટની બહાર જે બાગ બંગલો હોય તે. A country seat.

Village, *n.* (વિલેજ)ગામડું, ગામ. A small collection of houses.—r. *n.* ગામડીઓ. (L. *villa*).

Villain, *n.* (વિલેન્) લુચ્ચો; ચંડાળ; લબાડ. A vile, wicked person.—ous, *a.* શઠ, ખોટો. (L. *villa* country seat).

Villainy, *n.* (વિલૅનિ) હરામખોરી; બરજાદગી. Baseness.

Vindicate, Vindication, *v. n.* (વિન્ડિકેટ-વિન્ડિકેશન્) ખરૂં કરી આપી દોષ ઉડાવવો; બચાવ કરવો. To justify; to defend. (L. *vindico*).

Vindictive, *a.* (વિન્ડિક્ટિવ) ખારીલું; વેરીલું; શિક્ષા રૂપ. Revengeful; punitory.

Vine, *n.* (વાઇન) દરાખનો વેલો; દ્રાક્ષ. The plant which produces grapes.—yard, *n.* દરાખનો માંડવો. [liquor.

Vinegar, *n.* (વિનીગર્) સરકો. An acid

Voil, *n.* (વાયૅાલ્) સારંગી, A musical instrument.

Violable, *a.* (વાયોલેબ્લ્) ભાગવા જોગ. That may be violated.

Violate, *v.t.* (વાયોલેટ) ભાંગવું; તોડવું; રદ કરવું. જોર જુલમથી સ્ત્રી સંગ કરવો. To injure; to infringe; to ravish. L. *violo*).

Violation, *n.* (વાયોલેશન્) રદ, ઉલ્લંઘન; બળાત્કાર. Infringement; rape.

Violence, *n.* (વાયોલન્સ) જોર, જુલમ, જબરદસ્તી; બળાત્કાર. Force; outrage; assault; rape.

Violent, *a.* (વાયોલન્ટ) પ્રચંડ, જબરૂં, જોશવાળું. Forcible; vehement.

Violin, See Viol.

Viper, *n.* (વાઇપર્) સર્પ, સાપ. A serpent

Virago, *n.* લડાક બઇરી; કર્કશા. A vixen.

Virgin, *n.* (વર્જીન્) કુમારિકા; કન્યા; કુંવારી. A maiden. (L. *vireo* I am green). [hood.

Virginity, *n.* કન્યાવ્રત; કૌમાર્ય. Maiden-

Virgo, *n.* (વર્ગો) કન્યારાશી.

Virility, *n*, (વિરિલિટિ) પુરૂષપણું પુરૂષત્વ. Manhood. (L. *vir* man).

Virtual, *a.*
Virtually, *adv.* } ખરૂં, ખરેખરૂં, ખરૂં જોતાં. Being in essence; in effect only.

Virtue, *n.* (વર્ચ્યુ) ગુણ, નેકી, સદાચરણ, ભલાઇ, ખુબી. Moral goodness; excellence. (L., *virtus*).

Virtuous, *a*, (વર્ચ્યુઅસ્) સદ્દગુણી; સદાચારી;પતિવ્રતા Morally good;chaste.

Virulence, *n.* (વિર્યુલન્સ) સખ્તપણું; કરૂ ડાપણું. Malignity; acrimony. (L. *virus* poison).

Virulent, *a.* (વિર્યુલન્ટ) સખત, દ્વેષ ભરેલું; કડું. Malignant.

Visage, *n.* (વિસેજ) ચહેરો, સુરત. Face; countenance. (L. *video* I see).

Vicid, Viscous, *a.* ચીકણું, ચીકાસવાળું. Glutinous; sticky.

Visibily, *n.* ખુલ્લાપણું; દેખાવવાની હાલત.

Visible, *a.*(વિઝિબ્લ્) દેખાય એવું, દ્રષ્ટીગોચર. That may be seen; apparent. (L. *video* I see).

Vision, *n.* (વિઝન્) જોવું-અવલોકન કરવું તે; નજર; દ્રષ્ટિ. Act of seeing; a phantom.—ary, *a.* મન કલ્પિત; સ્વપ્નવત. Imaginary. (L. *video* I see).

Visit, *n.* (વિઝિટ્) મુલાકાત; મેળાપ. Act of going to see. *v.* મુલાકાત કરવી; મળવા-જોવા જવું. To go or come to see.—or, *n.* મુલાકાત કરનાર.(L.*video* I see).

Visor, *n.* મ્હોડું, મુખવટો. A mask.

Vista, *n.* બંન્ને તરફ ઝાડ આવી રહ્યાં હોય તેવો રસ્તો-દેખાવ. A view through an avenue. [Pertaing to sight.

Visual, *a.* (વિઝયુઅલ્) નજર દ્રષ્ટી સંબંધી.

Vital, *a.* (વાઇટલ્) જીવનું, પ્રાણનું. Pertaing to life.—s, *n. pl.* મર્મસ્થાન. (L. *vita* life).

Vitality, *n* (વાઇટેલિટિ) પ્રાણ શક્તિ; ચૈતન્ય. Act of living; animation.

Vitiate, *v.t.* (વિશિયેટ) બગાડવું; ખરાબ-ભ્રષ્ટ કરવું. To taint; to stain. (L. *vitiam* fault). [al substance.

Vitriol, *n.* (વિટ્રિયલ્) મોરથુથુ. A miner-

Vituperate, *v.t.* (વાઇટ્યુપરેટ) દોષ-ઠપકો મુકવો. To blame. (L. *vitium* a fault).

Vituperation, *n.* દોષ મુકવો તે; ઠપકો.

Vivacity, *n.* (વાઇવૅસિટિ) ચંચળતા, ચપળતા; તેજી; જીવ. Liveliness. animation. (L. *vivo* I live).

Vivid, *v.t.* (વિવિડ્) ભભકાદાર; ચળકતું; તેજ. Lively; bright.

Viz, *ad.* એટલે, એકે.

Vizard, See Visor.

Vocable, *n.* (વોકેબ્લ્) શબ્દ; બોલ; નામ. A word. (L. *voco* I call).

Vocabulary, *n.* (વોકેબ્યુલરિ) પ્રરહંગ; શબ્દ સંગ્રહ. A collection of words. (L. *voco* I call).

Vocal, *a.*(વોકલ્) વાણીવાળું; અવાજ કરતું. Having a voice.

Vocation, *n.* (વોકેશન્) ધંધો, રોજગાર. Occupation. (L. *voco*).

Vocative, *a.* (વૉકેટિવ) સંબોધન. Relating to calling.

Vociferate, *v.t. v.i.* (વોસિફરેટ) પોકાર કરવો; બૂમ પાડવી. To cry out vehemently. (L. *vocis* voice, *fero* I carry).

Vociferation, *n.* (વોસિફરેશન્) બૂમ, પોકાર. Clamour. [Noisy.

Vociferous, *a.* (વોસિફરસ્)ઘોંઘાટ કરનાર.

Vogue, *n.* (વોગ)ચાલ; વ્યવહાર. Fashion; mode. To be in V. વ્યવહાર-ચાલતું હોવું.

Voice, *n.* (વૉઇસ) અવાજ, સ્વર, કંઠ. Sound uttered by the mouth. (L.*vox* voice).

